આ સર્વજ્ઞ ભગવંતો- તીર્થંકર ભગવંતો વંદનીય છે. ભક્તિથી ભાવવિભોર બનેલા દેવેન્દ્રો, દાનવેન્દ્રો અને નરેન્દ્રો વચનથી સ્તુતિ કરે છે અને કાયાથી નમસ્કાર કરે છે. અર્થાત્ આ ભગવંત ત્રણેય જગતને નમસ્કરણીય છે.

અહીંયા **'वंदणिज्जे सव्वे'** આ પદો દ્વારા તીર્થંકર ભગવંતોના ચાર અતિશયો બતાવ્યા છે. આ ભગવંતો સઘળા દેવોમાં શિરોમણિ છે. સંપૂર્ણ અતિશયોથી સુશોભિત છે. પ્રભુના આ ચાર અતિશયો બધી સ્વ (આત્મિક) અને પર(ભૌતિક) સંપત્તિના સર્વસ્વ જેવા છે.

પ્રભુના ચાર અતિશયઃ

સવ્વે-બધું જ જાણે તે સર્વજ્ઞ, એવી સવ્વે પદની વ્યાખ્યા કરીને ત્રણે જગતને જાણનારા પ્રભુનો **જ્ઞાનાતિશય** બતાવ્યો છે, કારણકે સઘળા વાસ્તવિક પદાર્થોના જ્ઞાનમાં કુશળ અને નિર્મળ એવા કેવળજ્ઞાન વિના સર્વજ્ઞપણું સિદ્ધ થતું નથી. પ્રભુનું સર્વજ્ઞપણું સિદ્ધ થાય એટલે અપાયાપગમાતિશય પણ સિદ્ધ થઈ જાય છે. કારણકે **અપાયાપગમાતિશય** વિના કેવળજ્ઞાન ન હોય. તે આ પ્રમાણે છે- સર્વ અપાયો-દુઃખોનું મૂળ રાગદ્વેષ આદિ છે. કેમકે અત્યંત દુઃખે સહન કરી શકાય તેવા શારીરિક માનસિક અનેકાનેક દુઃખો રાગદ્વેષના કારણે ખેંચાઈ આવે છે. રાગદ્વેષ આદિ દોષોની ઉત્પત્તિના કારણભૂત ચાર ઘાતિ કર્મોનો સંપૂર્ણ નાશ ન થાય ત્યાં સુધી કેવળજ્ઞાન પ્રાપ્ત થતું નથી અને કેવળજ્ઞાન પ્રગટ ન થાય ત્યાં સુધી સર્વજ્ઞપણું પ્રગટતું નથી. આમ, અપાયાપગમાતિશય તથા જ્ઞાનાતિશય સાથે જ રહેવાવાળા છે. તેથી સર્વજ્ઞપણું સિદ્ધ થાય એટલે અપાયાપગમાતિશય સિદ્ધ થઈ જ જાય છે.

સવ્વે-સર્વ જીવોનું હિત કરનારા હોય તેને સર્વજ્ઞ કહેવાય. સર્વ શબ્દનો આ અર્થ કરવાથી તીર્થંકરપ્રભુનો **વચનાતિશય** સ્પષ્ટ રીતે જણાઈ આવે છે. કેમકે તીર્થંકર પ્રભુ દેશના દ્વારા એક જ સમયે અનેક જીવોના સંશયો હરી લે છે. તેમની વાણી નયસમૂહાત્મક છે તથા આ ભાષા દરેક જીવોને પોતપોતાની ભાષા રૂપે પરિણમી જાય છે. પ્રભુના આવા વચનાતિશય વિના સંપૂર્ણપણે સર્વજીવોને સર્વકાળે ઉપકાર કરવો શક્ય નથી.

वंदणिज्जे- આ પદ દ્વારા શ્રીમાન અરિહંત ભગવંતોનો **પૂજાતિશય** પ્રગટ જ છે એવું બતાવવામાં આવ્યું છે. કેમકે જગત્ના સઘળા ય પ્રાણિઓના મનને આશ્ચર્ય પમાડનાર અને દેવેન્દ્ર આદિ દેવોના સમુદાયે નિર્માણ કરેલ શ્રેષ્ઠ આઠ મહાપ્રાતિહાર્ય આદિ પ્રભુભક્તિની સામગ્રી, જિનેશ્વરોની સાથે જ દિવસ-રાત હાજર હોય છે.

અહીંયા બતાવેલા આ ચારે અતિશયો પ્રભુના સુગંધી શરીર આદિ અતિશયોનું ઉપલક્ષણ છે, કારણકે સુગંધી શરીર આદિ ૩૪ અતિશય વિના ચારે અતિશયો સંભવતા નથી. આમ, ૩૪ અતિશયોથી યુક્ત એવા તીર્થંકર ભગવંતોને વંદન કરીને એવો અર્થ નીકળે છે.

અથવા **वंदित्तु वंदणिज्जे सव्वे**- અહીં વંદનીય પદ વિશેષ્ય છે. જેઓ વંદન એટલે નમસ્કાર સ્તુતિ અને ધ્યાન આદિ મનવચન કાયાના પ્રશસ્ત વ્યાપાર પૂજા ભક્તિને યોગ્ય છે. અહીં વંદનીયનો આવો અર્થ કરવાથી અરિહંત/સિદ્ધ આચાર્ય ઉપાધ્યાય અને સાધુ ભગવંતોનું ગ્રહણ થાય છે.

આ પાંચે પરમેષ્ઠીઓ વંદનાને યોગ્ય છે, કારણકે અરિહંત ભગવંતો મોક્ષમાર્ગનો ઉપદેશ આપે છે. સિદ્ધ ભગવંતો આત્મા અવિનાશી છે આવી બુદ્ધિને જાગૃત કરનારા છે, આચાર્ય ભગવંતો પાંચે આચારનું પાલન કરાવે છે, ઉપાધ્યાય ભગવંતો શિષ્યમાં જ્ઞાનનો વિનિયોગ કરે છે. અને સાધુ ભગવંતો સાધકોને સંયમ સાધનામાં સહાય કરે છે. આ પાંચ કારણને લઈને જ અરિહંત આદિ ભગવંતો વંદન યોગ્ય છે.

मग्गो १ अविप्पणासो २ आयारे ३ विणयया ४ सहायत्तं ५
पंचविहनमुक्कारं करेमि एएहिं हेउहिं ॥ १ ॥

આગમમાં પણ કહ્યું છે કે (૧) માર્ગ (૨) અવિપ્રણાશ બુદ્ધિ (૩)આચાર (૪) વિનય (૫) સહાયતા આ પાંચની પ્રાપ્તિ વંદનથી થતી હોવાથી હું પાંચે પરમેષ્ઠિને નમસ્કાર કરું છું.

અથવા જ્યારે અવ્યભિચારી વિશેષણ મૂકવામાં આવ્યું હોય અને વિશેષ્ય મૂકવામાં ન આવ્યું તો પણ વિશિષ્ટ વિશેષણ દ્વારા જ વિશેષ્ય જણાઈ આવે છે. જેમ 'ध्यानैकतानमनसो विगतप्रचाराः पश्यन्ति यं किमपि निर्मलमद्वितीयम्' ધ્યાનમાં એકાગ્રમનવાળા અને બાહ્ય ઈન્દ્રિયોના વ્યાપારથી મુક્ત બનેલા કોઈપણ નિર્મલ અદ્વિતીયને જુએ છે.અહી વિશેષ્ય યોગી ન મૂક્યું હોવા છતાં પણ **ध्यानैकतानमनसः** આ પ્રૌઢ વિશેષણ થી વિશેષ્ય યોગી જણાઈ આવે છે. તેવી જ રીતે નિર્મલ અને અદ્વિતીય વિશેષણથી વિશેષ્ય એવા પરમાત્માનું જ્ઞાન થઈ જાય છે.

આ રીતે ભાષ્યની પ્રથમ ગાથામાં વંદણિજ્જે વિશેષણ મૂક્યું છે અને વિશેષ્ય પંચપરમેષ્ઠી ન મૂક્યું હોવા છતાં પણ વંદનીય પદ દ્વારા પંચ પરમેષ્ઠીનું ગ્રહણ થઈ જાય છે.

આ વંદનીયોમાંથી કેટલા વંદનીયોને વંદન કરવાનું ? આ પ્રશ્નના ઉત્તરમાં કહે છે. **सव्वे**-બધા ક્ષેત્ર અને ત્રણે કાળના પાંચેય પરમેષ્ઠીને વંદન કરવાનું છે.

અથવા અરિહંત સિદ્ધ, સાધુ, ધર્મ અને સમ્યગ્દૃષ્ટિ દેવ આ પાંચેને વંદનીય તરીકે લેવાના છે. આ પાંચેય વંદનીય સિદ્ધિ, બોધિ અને સમાધિ આદિ આપવામાં

સક્ષમ છે. અને આથી જ તેમનું ધ્યાન કરવા જેવું છે. 'चउ वंदणिजज जिण मुणि सुय सिद्धा ईह सुरा य सरणिजजा' આ ભાષ્યની ગાથા દ્વારા જ આ પાંચેને વંદનના અધિકારી તરીકે બતાવવામાં આવશે.

આ વંદનીયોનું શાસ્ત્રમાં કહેવામાં આવેલી વિધિના અનુસારે ચૈત્યવંદન ભાષ્યની આદિમાં સ્મરણ આદિ કરવામાં આવ્યું છે.

'वंदितु वंदणिजजे सव्वे', આ ગ્રંથ-પંક્તિ દ્વારા મંગલ કરવામાં આવ્યું છે. આ મંગલ દ્વારા આરંભ કરેલ શાસ્ત્રનું અધ્યયન નિર્વિઘ્ને સમાપ્ત થાય તેમજ આ ચૈત્યવંદન ભાષ્યનું અધ્યયન અધ્યાપન શિષ્ય- પ્રશિષ્યની પરંપરામાં ચાલતું રહે માટે ગ્રંથના આરંભમાં મંગલાચરણ કરવામાં આવ્યું છે. અરિહંત આદિને કરેલા ભાવમંગલ સ્વરૂપ પ્રણામ સઘળાય અમંગલોનો સંપૂર્ણ નાશ કરે છે.

શ્રી ભગવતી સૂત્ર(વિવાહ પ્રજ્ઞપ્તિ) માં પણ કહ્યું છે કે આ પાંચ નમસ્કાર બધાં પાપોનો નાશ કરનાર છે. અને સર્વ મંગલોમાં મુખ્ય મંગલ છે.

મહાનિશીથ- ઈષ્ટદેવતાને નમસ્કાર કર્યા વગર શ્રુતજ્ઞાનના પારને કોઈ પામી શકતું નથી. હે ગૌતમ ! ઈષ્ટદેવતાનો જો નમસ્કાર હોય તો નવકાર એટલે પંચમંગલ જ છે. પંચમંગલ સિવાય બીજો કોઈ ઈષ્ટ દેવતાનો નમસ્કાર મંગલ સ્વરૂપ નથી.

આ પંચમંગલ 'नमो अरिहंताणं' થી લઈને 'पढमं हवई मंगलं' સુધી છે. અન્યત્ર પણ કહેલું છે કે અરિહંતો મંગલ સ્વરૂપે છે. સિદ્ધો મંગલ સ્વરૂપે છે. સર્વ સાધુઓ મંગલ સ્વરૂપ છે. કેવલિ ભગવંતોએ કહેલો ધર્મ મારે માટે સદા મંગલ સ્વરૂપે છે. અરિહંત ભગવંતો, સિદ્ધ ભગવંતો, સાધુ ભગવંતો અને શ્રુતજ્ઞાન મારા માટે મંગલ થાઓ. સમ્યગ્દૃષ્ટિ દેવો મને સમાધિ તથા સમ્યગ્દર્શન આપો.

અરિહંતોને કરેલ વંદના આદિ દ્વારા, વિજયરાજાની જેમ, મંગલ થાય છે.

श्री विजयनृप कथा

મહારાજાની જેમ પ્રસિદ્ધ જંબૂ નામનો દ્વીપ થાળી જેવો ગોળ (વિત્ત-વૃત્ત) છે. મોટા રાજાનું રાજ્ય જેમ સમુદ્રકાંઠા સુધી વિસ્તરેલું હોય તેમ જંબૂદ્વીપની ચારેબાજુ સમુદ્ર વીંટળાયેલ છે. રાજા જેમ જ્ઞાની હોય તેમ જંબૂદ્વીપ સુંદર વેદિકાવાળો છે. તેમજ રાજા મહાન પરાક્રમ, સુંદર પ્રાસાદ, પ્રોજ્જ્વળ નીતિમત્તા અને સુવિશાળ સેનાને ધરાવતા હોય છે તેમ જંબુદ્વીપમાં ભરત, ઐરાવત અને મહાવિદેહની ૩૨ વિજયો, હિમવંત આદિ ૬ વર્ષધર પર્વતો, બીજા મોટા પર્વતો, વિરાટ નદીઓ છે.

આ જંબૂદ્વીપમાં ભરત નામનું ક્ષેત્ર છે. જેમ સુભટનું શરીર અનેક ઘાથી યુક્ત હોય છે, તેમ આ ભરતક્ષેત્ર અનેક વનો વાળું હતું. ભરત ક્ષેત્રમાં વૈતાઢ્ય નામનો પર્વત છે. આ પર્વત ઉપર વિદ્યાધરો નિવાસ કરે છે. અહીંયા **रथनूपुर चक्रवाल** નામનું નગર છે. નગરના રાજા **ज्वलनजटी** નામના વિદ્યાધર છે. તે જાજ્વલ્યમાન

અગ્નિસમાન તેજસ્વી છે. તેની **મહાદેવી વાયુવેગા** અત્યંત સુવિવેકી છે. **અર્ક્કીર્તિ** નામનો પુત્ર છે અને **સ્વયંપ્રભા** નામની સુંદર પુત્રી છે.

એક દિવસ રથનૂપુર ચક્રવાલ નગરમાં **અભિનંદન** અને **જગનંદન** નામના ચારણશ્રમણ આવ્યાં. આ મહાત્મા ભવ્યજીવોના બધા અનર્થોને નાશ કરનારા હતા.

સાધુ ભગવંતોની પૂજા, નમસ્કાર, સત્કાર અને વિનય કરવા દ્વારા બાંધેલા અશુભ કર્મો નાશ પામે છે. આવો વિચાર આવતા જ્વલનજટી વિદ્યાધર પોતાના પુત્રાદિ પરિવાર સાથે મુનિભગવંતો પાસે આવ્યો. મહાત્માને નમસ્કાર કરીને બેઠા.

વડીલ મહાત્માએ જ્વલનજટી વિદ્યાધરના પરિવારને ઉપદેશ આપ્યો- 'આ લોકમાં ધર્મ અનેક પ્રકારની સમૃદ્ધિ, સિદ્ધિ અને સ્વર્ગાદિના સુખને આપનારો છે. મહામંગળ રૂપ વેલડીને નવપલ્લવિત કરવામાં મેઘરાજ સમાન છે. આ ધર્મ આપણી સામે સતત આવ્યાં જ કરતા વિઘ્નોના વૃંદને નાશ કરે છે. ધર્મ ઉત્કૃષ્ટ, સંપૂર્ણ, સુંદર અને મંગળનું સ્થાન છે. મોક્ષના સુખને આપવામાં સમર્થ ધર્મ જ છે. આ ધર્મના બે ભેદ છે. દેશવિરતિ અને સર્વવિરતિ. દેશવિરતિ અને સર્વવિરતિ ધર્મનો મૂળ પાયો સમ્યક્ત્વ છે.'

જ્વલનજટી રાજાની કન્યા સ્વયંપ્રભાએ મહાત્માની આ દેશના સાંભળી આ જ તત્ત્વ છે એવો નિશ્ચય કર્યો. તેણે મિથ્યાત્ત્વનો ત્યાગ કર્યો અને સમ્યક્ત્વ મૂળ દેશવિરતિ ધર્મનો સ્વીકાર કર્યો.

પરિવાર સહિત જ્વલનજટી મુનિમહાત્માના ચરણોમાં નમસ્કાર કરી સ્વસ્થાને ગયા. પાપના અંધકારને દૂર કરવામાં સૂર્ય સમાન મહાત્માએ પણ રથનૂપુર ચક્રવાલથી અન્યત્ર વિહાર કર્યો.

એકવખત પર્વ દિવસે સ્વયંપ્રભાએ પોષહ કર્યો. બીજા દિવસે પોષહ પાળી જિનાલયમાં ચૈત્યવંદન કરી પિતાની પાસે ગઈ. તેણે પિતાને કહ્યું, હે પિતાજી, જિનેશ્વર પ્રભુના નમણને ગ્રહણ કરો. આ નમણ(શેષ) કલ્યાણકારી છે. પિતાએ પણ મસ્તક નમાવીને નમણને ગ્રહણ કર્યું.

વસુદેવહિંડીના પ્રથમ ખંડના ૧૯માં લંભકમાં કહ્યું છે. ' અભિનંદન અને જગનંદન નામના ચારણ શ્રમણ પાસે ધર્મનું શ્રવણ કરી સ્વયંપ્રભાએ સમ્યક્ત્વનો સ્વીકાર કર્યો. પર્વ દિવસે પોષહ કર્યો. પોષહ પાળી સિદ્ધાયતનમાં પૂજા કરી પિતાની પાસે આવી. પિતાજી આ શેષને ગ્રહણ કરો. રાજાએ નમ્ર બની મસ્તક નમાવી શેષનો સ્વીકાર કર્યો.

સ્વયંપ્રભાના પગ સુંદર હતા. મુખ તેમજ આંખ પણ સુંદર હતી. પોતાની આવી સ્વરૂપવતી પુત્રીને દેખીને રાજાએ મંત્રીને કહ્યું - હે મંત્રીશ્વર, મને એ કહો કે મારી પુત્રીને યોગ્ય વર કોણ છે?

મંત્રીએ રાજાના પ્રશ્નનો જવાબ આપવા માટે સંભિન્નશ્રોત નામના જ્યોતિષીને કહ્યું. જ્યોતિષીએ કહ્યું- 'ઉત્તર શ્રેણિના સ્વામી પોતનપુરેશના પુત્ર અને બળદેવ અચળના ભાઈ ત્રિપૃષ્ટ વાસુદેવ કન્યા સ્વયંપ્રભાના વર તરીકે ઉચિત છે.' જ્યોતિષીએ પ્રતિવાસુદેવ અશ્વગ્રીવ આદિ શ્રેષ્ઠ હતા પણ તેમનું આયુષ્ય અલ્પ હોવાથી તેમનું નામ ન આપ્યું.

ત્રિપૃષ્ટ વાસુદેવની સમૃદ્ધિ

વાસુદેવની સેવામાં આઠ હજાર યક્ષો હોય છે. સોળ હજાર રાજાની કન્યાઓ તેમજ સોળ હજાર શ્રેષ્ઠી આદિની કન્યાઓ એમ ૩૨ હજાર રાણીઓ હોય છે. ૧૬ હજાર વારાંગના હોય છે. ૧૬ હજાર નગરો, ૧૬ હજાર દેશ, ૪૮ કરોડ સૈનિકો, ૪૨ લાખ ઘોડા, ૪૨ લાખ હાથી અને ૪૨ લાખ રથ હોય છે. ૧૨ હજાર *કર્બટ(ખરાબ નગરો), ૧૨ હજાર મડંબ, ૨૪ હજાર પટ્ટણ, ૩૬ હજાર ઉચ્ચનગરો,

---

● **કબ્બડ આદિ શબ્દોની વ્યાખ્યા :**

કબ્બડ - ખરાબ ગામ, કુત્સિત નગર (પાઈય સદ્દ મહણ્ણવો) કબ્બડ-બસો કે આઠસો ગામ વચ્ચેનું શ્રેષ્ઠ ગામ અથવા જેની આસપાસમાં સર્વમનુષ્યો આજીવિકા કરી શકે. (શબ્દરત્ન મહોદધિ-કર્બટ શબ્દ)

કબ્બડ - નાના ગઢથી વીંટળાયેલું શહેર. (સચિત્ર અર્ધ માગધી કોષ)

મડંબ - જેની ચારે દિશામાં બબ્બે ગાઉ ઉપર ગામ હોય.

મડંબ - ગ્રામ વિશેષ, જેની ચારે બાજુ એક યોજન સુધી કોઈ પણ ગામ ન હોય. (પાઈય સદ્દ મહણ્ણવો)

મડંબ - જેની ચારે બાજુ અઢી અઢી યોજનમાં કોઈ વસતી ન હોય. (સચિત્ર અર્ધ) પટ્ટણ (પતન) - જે જલમાર્ગથી યુક્ત હોય તે જલપત્તન અને સ્થલ માર્ગથી યુક્તતે સ્થલ પતન

અંતરોદક - પાણીની અંદર રહેલ દ્વીપ.

દ્રોણમુખ - જે જલમાર્ગ અને સ્થલમાર્ગ બે માર્ગ વડે યુક્ત હોય.

દ્રોણમુખ - ૪૦૦ ગામે જે એક સુંદર ગામ હોય. (શબ્દરત્ન મહોદધિ)

દ્રોણમુખ - બંદર કાંઠો, જ્યાં જલમાર્ગ અને સ્થલમાર્ગ બંને રસ્તે કરિયાણુ વગેરે આવે તે શહેર.

આકર - જ્યાં લોખંડ, તાંબુ વગેરે ધાતુઓની ઉત્પત્તિ થતી હોય એવી ખાણ.

ખેટ - જેની ચારે બાજુ ધૂળનો ગઢ હોય તે.

ખેટ-ગામ કરતા મોટી અને શહેર કરતા નાની વસ્તીનું સ્થાન તથા જેને ફરતો ધૂળનો ગઢ હોય.

સંબાહ - સંબાધ, ખેડૂતો સપાટભૂમિમાં ખેડ કરીને જ્યાં બીજાઓ મુશ્કેલીથી

જઈ શકે એવી દુર્ગભૂમિમાં ધાન્યને સ્થાપે તે ભૂમિને સંબાંધ કહેવાય છે. અહીંયા ધાન્ય સુરક્ષિત રહે છે.

સંબાહ - નગર વિશેષ જ્યાં બ્રાહ્મણ આદિ ચારે વર્ણની વસ્તી વિશેષ હોય.

સંબાહ - પર્વત આદિ વિષમ સ્થાનોમાં ધાન્ય સંઘરવાના સ્થાન.

ગામ - જ્યાં કર લેવાતો હોય અને ચારે બાજુ કાંટાની વાડ હોય.

संघाचारमां ग्राम आदिना अर्थ

ગામ - જે સ્થાન વાડથી વીંટળાયેલું હોય. નગર-મોટા ચાર દ્વારોથી જે શોભિત હોય. ખેટ-નદી તથા પર્વતથી જે સ્થાન વીંટળાયેલું હોય. કર્બટ-જેની બે બાજુમાં પર્વત હોય. મંડલ-દશગામથી યુક્ત હોય તે. પતન - જેમાં રત્નની ઉત્પત્તિ થતી હોય તે મડંબ ખાણ વિશેષ. દ્રોણ-નદીના કાંઠાથી જે સ્થાન વીંટળાયેલું હોય. સંબાધન- પર્વતના શિખર ઉપરનું ગામ.)

---

૨૮ અંતરદ્વીપ, ૨૫ ખરાબ રાજ્ય, ૩ ખંડ, ૪૮ કરોડ ગામ, ૪૯ હજાર દ્રોણમુખ, ૧૦ હજાર આકર, ૮ હજાર ખેટ, ૭ હજાર સંબાધ, ૧૬ હજાર નાટકીયા આવી અદ્‌ભૂત સામગ્રીનો સ્વામી વાસુદેવ હોય છે.

વાસુદેવ સાત રત્નના સ્વામી હોય છે. અર્ધા વૈતાઢ્યના માલિક હોય છે. લવણસમુદ્રમાં વસતા નાગદેવોના સ્વામી છે. વાસુદેવ કોટિશિલાને પોતાના મસ્તક ઉપર છત્ર બનાવે છે. દક્ષિણાર્ધ ભરતમાં પોતાનું રાજ્ય ચલાવે છે. કહ્યું છે કે - વાસુદેવને ચક્રવર્તી કરતા અડધી ઋદ્ધિ અને અડધી સ્ત્રીઓ (૩૨ હજાર) હોય છે. ચક્ર, ધનુષ્ય, ગદા, ખડ્‌ગ, શંખ, મણિ અને માલા આ સાત રત્નો છે. ગરુડ એમનું ચિન્હ છે. શરીર નીલ વર્ણનુંછે. વસ્ત્રો પીળા હોય છે.

સંભિન્નશ્રોત જ્યોતિષીની આ વાત સાંભળી જ્વલનજટી વિદ્યાધરેશ પોતનપુરમાં આવ્યો. પોતનપુર નરેશને વિવાહ માટે પ્રાર્થના કરી. **ત્રિપૃષ્ઠની** સાથે સ્વયંપ્રભાના શીઘ્ર લગ્ન લેવાયા. સ્વયંપ્રભા અને ત્રિપૃષ્ઠને **વિજય** નામનો પુત્ર થયો. કેટલાક કાળ બાદ વિજય રાજકુમારના પિતા ત્રિપૃષ્ઠ વાસુદેવ મૃત્યુ પામ્યા અને અચલ બળદેવે સંયમનો સ્વીકાર કર્યો. હવે મહાપ્રતાપી વિજય રાજ્યને ચલાવવા લાગ્યો.

એક દિવસ સવારના સમયે સ્નાનાદિ કાર્ય કર્યા બાદ હર્ષિત થયેલા વિજયરાજા પિતાની જેમ રાજ્યસભામાં પ્રજાને પોતાના દર્શન કરાવવા દ્વારા આનંદિત કરવા લાગ્યા. વાસુદેવ સમાન પરાક્રમવાળા સેનાપતિઓ તથા યાચકો રાજાના નિર્મળયશનું ગાન કરી રહ્યા હતા. તેમના યશરૂપી નિર્મળજળથી જગતરૂપી સરોવર પૂર્ણ ભરેલું હતું. અર્થાત્ એમનો યશ ત્રણે ભુવનમાં છવાઈ ગયો હતો. મહામંત્રીઓ અને સામંતો રાજાના ચરણોમાં ઉતાવળથી નમસ્કાર કરી રહ્યા છે. શ્રી વિજયરાજાએ યુદ્ધમાં ઉત્સાહિત થતાં મનુષ્યની જેમ પોતાના અંગો ઉપર ઘણા શ્રેષ્ઠ કવચોને ધારણ કર્યા

હતા. જેમ બુધ-ગુરુ આદિ નક્ષત્રો ગ્રહોના નાથ ચંદ્ર અને સૂર્યને અનુસરતા હોય છે તેમ બુદ્ધિશાળીઓ, કવિઓ, શૂરવીરો અને વડીલજનો પણ રાજાને સતત વીંટળાઈને રહ્યા છે. શ્રેષ્ઠ હાથી જેમ મદજળને વહાવે છે તેમ રાજા સતત ત્રણ પ્રકારની દાનધારાને વહાવી રહ્યા છે. ઋષિ મહાત્માનું મન જેમ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને માત્સર્ય આ છ શત્રુઓથી મુક્ત હોય છે. તેમ રાજાથી પણ આ છ શત્રુઓ દૂર ભાગતા હતા. રાજાની પાસે યુદ્ધ માટે તૈયાર સુભટો, હેષારવ કરતા ઘોડાઓ અને ગર્જારવ કરતી વિશાળ હાથી સેના હતી. રાજાએ હૃદયમાં જિનાજ્ઞાને વહન કરેલી છે અને એમના બધા અહિતકારી શત્રુઓ નાશ પામ્યા છે.

જ્યારે વિજયરાજા સભામાં બેસીને નાટકને જોઈ રહ્યા હતા એ ટાણે સહસા સુવર્ણદંડને ધારણ કરનાર દ્વારપાળ રાજ્યસભામાં આવ્યો અને તેણે રાજાને નમન કરી વિનંતિ કરી 'હે રાજન ત્રણે કાળને જાણનારા એવા એક નૈમિત્તિક દ્વારે આવીને ઊભા છે. તેમણે શ્વેત વસ્ત્ર ધારણ કરેલા છે. તેમના હાથમાં પોથી છે. આપના દર્શન કરવાની તેમને ઉત્સુકતા છે. નૈમિત્તિકને આપની પાસે મોકલું કે નહિ?'

રાજાએ કહ્યું - 'હમણા નૈમિત્તિકને રાજસભામાં ન મોકલતો. હમણા તેને મળવાનો સમય નથી. શું જ્યારે વીણા વાગતી હોય ત્યારે વેદના શબ્દો કોઈને સાંભળવા ગમે? આ સાંભળીને મંત્રીએ રાજાને વિનંતિ કરી. મહારાજા ત્રિકાલજ્ઞાની પુરુષો બહુ ઓછા જોવા મળે છે. આપની કૃપાથી આ નાટકો તો હંમેશા હોઈ શકે છે.

મંત્રીની સૂચનાને સાંભળીને રાજાએ નૈમિત્તિક રાજસભામાં આવે એવી સંમતિ દ્વારપાળને આપી. આથી નૈમિત્તિકને દ્વારપાળે રાજસભામાં મોકલ્યો. નૈમિત્તિક મંત્રોચ્ચાર પૂર્વક ઉચિત આસને બેઠા. રાજાએ તેમને આદર પૂર્વક કહ્યું કે નૈમિત્તિક, તમે અહીં કાંઈક યાચના કરવા આવ્યા છો કે કાંઈક ભવિષ્ય ભાખવા આવેલા છો?

નૈમિત્તિકે કહ્યું - 'આમ તો હું યાચના વડે જ જીવું છું. છતાં પણ તમારી પાસે હમણા યાચના કરવી યોગ્ય નથી. હું તો હમણાં જે કહી શકું એમ નથી તે કહેવા માટે આવ્યો છું. જેમ રોગ જણાયા બાદ રોગનો ઉપાય થઈ શકે છે તેમ તે જાણ્યા પછી તમે તેનો ઉપાય કરી શકો.'

રાજા તેને નિઃશંક પણે જણાવવા માટે કહે છે ત્યારે તેણે કહ્યું- 'બરાબર આજથી સાતમે દિવસે પોતનપુરેશ્વર ઉપર વિજળી પડશે. મેં મારા નિમિત્તશાસ્ત્રના બળે જાણ્યું છે?' આ સાંભળી વિજયરાજાના નાનાભાઈ યુવરાજ વિજયસેનને ગુસ્સો આવ્યો અને બોલ્યો, 'રાજા ઉપર જે દિવસે વિજળી પડશે તે દિવસે તારી ઉપર શું પડશે? જા જા અહીંથી દૂર જા. મનમાં જેમ આવે તેમ બોલનારા તારી જીભ ઉપર રાજસભામાં પણ ચળ ઉપડે છે.'

આ સાંભળી નૈમિત્તિક બોલ્યો- 'રાજકુમાર! તમે મારી ઉપર વ્યર્થ ગુસ્સો ન

કરો. મારા જ્ઞાનમાં જણાતી વસ્તુને કહેવામાં મારો કોઈ દોષ નથી. ગમે તેવો સારો જોષી પણ ભવિષ્યમાં થવા વાળા સારા કે નરસા બનાવોને કહી તો શકે છે પણ નરસા બનાવોમાંથી બચાવી શકવામાં સમર્થ થતાં નથી. વળી, તે દિવસે મારી ઉપર સત્કારપૂર્વક આભૂષણ, વસ્ત્ર, માણિક્ય અને સુવર્ણ આદિની શ્રેષ્ઠ વૃષ્ટિ થશે.'

રાજાએ પણ કુમારને સમજાવ્યો કે એક ચતુર જાસુસની જેમ આ નૈમિત્તિક સાચેસાચુ કહેનારો હોવાથી મહાઉપકારી છે. એની ઉપર તું ગુસ્સો ન કર. ત્યારબાદ રાજાએ નૈમિત્તિકને કહ્યું - આ નિમિત્તશાસ્ત્રનો અભ્યાસ તે ક્યાં કર્યો છે? કારણકે સંબંધ વિનાના વચનમાં આધાર વિના શ્રદ્ધા થતી નથી.

નૈમિત્તિકે કહ્યું- 'બળદેવ અચળે જ્યારે દીક્ષાનો સ્વીકાર કર્યો ત્યારે સાથે સાથે તેમના સારથી અને મારા પિતા શાંડિલ્યે પણ દીક્ષા અંગીકાર કરી હતી. પિતાની લાગણીના બંધને બંધાયેલા મેં પણ પિતાની સાથે સંયમ સ્વીકાર્યો હતો. સાધુપણામાં બધાં જ નિમિત્તશાસ્ત્રનો અભ્યાસ કર્યો. ખરેખર જિનેશ્વર પ્રભુના શાસ્ત્રો વિના દોષવિનાનું જ્ઞાન ક્યાંય નથી. રાજન, હું સાચે જ આઠે આઠ નિમિત્તને જાણું છું. લાભ, અલાભ, શુભ, અશુભ, જીવિત, મરણ, જય તથા વિજય આ આઠ સૂચક (૧) લક્ષણ (૨) દિવ્ય (૩) ઉત્પાત (૪) આકાશ (૫) ભૂમિ (૬) અંગ (૭) વ્યંજન (૮) સ્વર તથા (૧) પદ્મ (૨) રુદન (૩) ઉલ્કા (૪) વીજળી (૫) ધરતીકંપ (૬) અંગસ્ફુરણ (૭) તિલક (૮) શકુન આ આઠ નિમિત્ત છે.

હું યુવાન થયો. વિહાર કરતો કરતો હું **પદ્મિનીખંડ** નગરમાં આવ્યો. આ નગરમાં **હિરણ્યલોમા** નામના મારા ફઈ રહેતા હતા. તેમની **ચંદ્રયશા** નામની પુત્રીની સાથે મારો પહેલા વિવાહ થયેલો હતો. પદ્મિનીખંડ નગરમાં ચંદ્રયશાને જોતા હું રાગી બન્યો અને મેં દીક્ષાને છોડી દીધી. ચંદ્રયશા સાથે લગ્ન કર્યા. હમણાં હું સ્વકાર્યની સિદ્ધિ (આભરણ વસ્ત્ર આદિની) અને આપની પર આવતી આ આફતને નિમિત્ત દ્વારા જાણીને આવ્યો છું. હવે હે રાજન આપને જે યોગ્ય લાગે તે કરો.'

મંત્રીઓ પણ આ સમયે રાજાનું રક્ષણ શી રીતે કરવું એની ચિંતામાં આકુળવ્યાકુળ થઈ ગયા. એક મંત્રીએ કહ્યું- રાજા સાત દિવસ સુધી મહાસમુદ્રમાં નૌકામાં બેસે. બીજા મંત્રીએ કહ્યું - સમુદ્રમાં નાવડીમાં બેસે એ મને ગમતું નથી. કેમકે જો ત્યાં વીજળી પડે તો તેને કોણ અટકાવી શકે? તેથી મહારાજાને વૈતાઢ્ય પર્વતની ગુફામાં રાખીએ. કેમકે આ અવસર્પિણી કાળમાં નાગેન્દ્રે આપેલી વિદ્યાના પ્રભાવથી ત્યાં વીજળી પડતી નથી એવું સાંભળ્યું છે.

આ સાંભળી ત્રીજા મંત્રીએ કહ્યું કે જ્યાં જે કાંઈ અવશ્ય થવાનું છે ત્યાં બીજું કાઈ થઈ શકતું નથી. આ બાબતે મારે એક દૃષ્ટાંત કહેવું છે.

આ ભરતક્ષેત્રમાં **વિજયનગર** નામનું નગર છે. **રુદ્રસોમ** નામનો બ્રાહ્મણ છે.

જ્વલનશિખા પ્રિયા છે. સેંકડો ઉપાયો કર્યા બાદ તેમને પુત્ર થયો. તેનું નામ **શિખી** પાડ્યું. વિજયનગરમાં એક રાક્ષસ આવી ચઢ્યો. તેનામાં અત્યંત ક્રુરતા હતી. તે નગરમાં ઘણા માણસોને મારી નાખતો પણ તેમાંથી થોડાકને ખાતો અને બાકીનાને ફેંકી દેતો. એક દિવસ રાજાએ તેને શાંતિથી કહ્યુ, તું શા માટે ઘણા માણસોને મારી નાખે છે? ભૂખ્યા થયેલા સિંહ વગેરે પશુઓ પણ એક જીવને મારે છે. અમે તને પ્રતિદિન એક માણસ આપશું. રાક્ષસે પણ આ વાત સ્વીકારી લીધી.

રાજા પ્રતિદિન મનુષ્યના નામના ગોળાઓ બનાવે છે. કુંવારિકાના હાથે ગોળો કાઢવામાં આવે અને જેનું નામ ગોળામાંથી નીકળે તેને નગરની રક્ષા માટે રાક્ષસને ભક્ષ્ય તરીકે આપવામાં આવતો. એક દિવસ શિખી બ્રાહ્મણના નામનો જ ગોળો નીકળ્યો. શિખીનો ગોળો નીકળ્યો છે એવું જાણીને માતા જ્વલનશિખા રડવા લાગી- હે વત્સ! તારા વિના હું શું કરીશ? જ્વલનશિખા બ્રાહ્મણીનાં ઘરની નજીકમાં ભૂતોનો વિશાળ આવાસ હતો. બ્રાહ્મણીના સાંભળી ન શકાય તેવા છાતીફાટ રૂદનને સાંભળી એક દયાદ્રભૂતે શિખીની માતાને સાન્ત્વના આપી, 'તમે રડો નહિ. તમારા પુત્રને રાક્ષસ પાસેથી છોડાવીને તમારી પાસે લાવું છું. તમારા પુત્રને રાક્ષસ પાસે મોકલીને લાવવાનો છે એટલે રાજ્યની વ્યવસ્થા છે કે એક માણસ રાક્ષસને આપવો તેનો ભંગ પણ નહિ થાય.

દયાળુ ભૂતની આ વાત સાંભળી જ્વલનશિખાએ ભૂતના વખાણ કર્યા. રાજાના રક્ષકોએ બ્રાહ્મણીના પુત્રને રાક્ષસને સોંપી દીધો. રાક્ષસ તેનો કોળીયો કરે તે પહેલા જ ભૂતે તેનું અપહરણ કર્યું અને તેની માતાની પાસે લાવીને મૂકી દીધો. બ્રાહ્મણી બહુ ગભરાઈ હતી. હજી પણ તેને રાક્ષસનો ભય દેખાતો હતો. આથી પુત્ર શિખીને ગુફામાં સંતાડી દીધો. પણ ગુફામાં રહેલો અજગર તેને ગળી ગયો.

ખરેખર, માણસને ગમે ત્યાં સંતાડવામાં આવે પણ જે લેખ લલાટે લખાયા હોય તેમાં મેખ મારી શકાતો નથી. આ આપત્તિઓમાંથી બચવાનો ઉપાય અરિહંત આદિ ભગવંતોની પૂજા આદિ ધર્મ છે. આ ઉપાય જ પાપોનો નાશ કરે છે અને સુખને આપે છે.

કહ્યું છે કે- ગ્રહ, પીડા, મારી-મરકી, ખરાબ નિમિત્તો, ખરાબ સ્વપ્નો આદિ દોષોના સમૂહો અરિહંત આદિના વંદનાદિથી શીઘ્ર નાશ પામે છે.

ત્રણે ભુવનના મંગળોના આશ્રયભૂત એવા જિનેશ્વર પ્રભુને જેઓ હૃદયમાં વહન કરે છે તેમના બધા જ સ્વપ્નો, ગ્રહો, શુકનો અને નક્ષત્રો શુભ હોય છે.'

ત્રીજા મંત્રીની આ વાત સાંભળી ચોથા મંત્રીએ કહ્યું, 'જે થવાનું હોય તે થાય જ છે પરંતુ પુરુષાર્થ તો કરવો જ જોઈએ. પ્રયત્ન કરવામાં કોઈ દોષ નથી. આપણે સાત દિવસ સુધી બીજા રાજાને સ્થાપીયે. તેથી વીજળી તે રાજા ઉપર પડવાથી વિજયરાજાનો ઘાત ટળી જશે. વળી, નૈમિત્તિકે કહ્યું છે કે- વીજળી પોતનપુરના રાજા ઉપર પડશે.

પણ વિજયરાજા ઉપર પડશે એવું નથી કહ્યું.'

'હે મંત્રીશ્વર! તમારી બુદ્ધિ તો મારા કરતા પણ ચઢીયાતી છે. હવે તમે આ કામને જલ્દી કરો. આ ગાળામાં રાજા ધર્મમય સમય પસાર કરે.' નૈમિત્તિકે ચોથા મંત્રીના વખાણ કર્યા.

'પણ મંત્રીશ્વર! જેનો રાજ્ય ઉપર અભિષેક કર્યો છે તેવા નિરપરાધી જીવની હિંસાનો વિચાર મારાથી કેવી રીતે થાય? ઈન્દ્રથી લઈને કીડા સુધીના જીવોને પણ પોતાના પ્રાણનો ત્યાગ દુષ્કર લાગે છે. તો મારા માટે મનુષ્યની હત્યા કેવી રીતે ઉચિત કહેવાય? વળી, બીજા પ્રાણીઓની હત્યા નહિ કરવી એવી મોટા માણસોની દૃઢ ટેક હોય છે. તો હું પોતાના જીવને માટે કેવી રીતે બીજા જીવની હિંસા કરું ?' રાજાએ પોતાનો વિચાર રજુ કર્યો.

આ સમયે યુવરાજે કહ્યું,'ધર્મને જાણનારા પુરુષોનું કહેવું એવું છે કે આત્માનું ગમે તે રીતે રક્ષણ કરવું જોઈએ, કારણ કે ધર્મનું પહેલું સાધન શરીર છે. જે માણસ જીવે છે તે સુખ પ્રાપ્ત કરી શકે છે. પુણ્યોપાર્જન કરી શકે છે. માણસ મરણ પામે છે એટલે એનો દેહ ચાલ્યો જાય છે અને ધર્મની સાધના અટકી જાય છે.' આવી અનેક યુક્તિઓ યુવરાજે કરી, પણ રાજા માનવા તૈયાર ન થયો. ત્યારે ચાર પ્રકારની નિર્મળ બુદ્ધિરૂપ મણિના સાગર સુબુદ્ધિ મંત્રીએ રાજાને અરજ કરી, 'નાથ ! જીવની હિંસા પણ ન થાય અને આપત્તિ પણ ચાલી જાય આ બંને કરવા માંગુ છું.'

'પણ મંત્રીશ્વર ! આ બંને કેવી રીતે શક્ય બનશે ?'

'રાજન્, રાજ્યની ગાદી પર કુબેરની પ્રતિમાનો અભિષેક કરો. સાત દિવસ સુધી લોકો તેને રાજા તરીકે માનશે. કોઈક દૈવી પ્રભાવથી આપત્તિ નહિ આવે તો સારુ જ છે અને કદાચ આપત્તિ આવી પડશે તો પ્રતિમા તૂટી જશે. આમ, આપની રક્ષા થશે અને જીવનો વધ પણ નહિ થાય.' રાજાને આ ઉપાય યોગ્ય લાગ્યો.

રાજાજ્ઞા પ્રાપ્ત થતાં રાજ્યસિંહાસન ઉપર કુબેરની પ્રતિમાનો અભિષેક કરવામાં આવ્યો. જિનાલયોમાં જિનભક્તિ મહોત્સવો કરાવ્યા. રાજા કલ્યાણકારી શ્રેયાંસનાથ પ્રભુની સ્તવના અને વંદના વિશેષથી કરવા લાગ્યો.

શ્રેયાંસનાથ પ્રભુની સ્તુતિ... અસ્સેયદેવિં દલિયંબમુત્તિ ઈત્યાદિ કર્યા પછી વિજયરાજાએ કલ્યાણકારી ચૈત્યવંદનાદિને કર્યા. ચૈત્યવંદનાદિ કરી પૌષધશાળામાં ગયા. ત્યાં પૌષધશાળામાં ત્રણ પ્રકારની કલ્યાણકારી બુદ્ધિને ધારણ કરનારા રાજાએ ડાભના સંથારા ઉપર બેસીને સાત દિવસ સુધી પોષહ કર્યો.

વસુદેવહિંડી- ડાભના સંથારા ઉપર બેસીને સાત દિવસ સુધી આરંભ પરિગ્રહનો ત્યાગ કરી બ્રહ્મચર્ય વ્રતવાળા અને સંવિગ્ન એવા વિજય રાજાએ પોષહ કર્યો.

આ બાજુ મંત્રીઓ કુબેરયક્ષની પ્રતિમાને પોતાના રાજાની જેમ માનવા લાગ્યા.

બુદ્ધિમાન પુરુષો પોતાના સ્વામીના ક્ષેમકુશળ માટે બીજાને પણ નાથ તરીકે માને છે. વિજયરાજા શ્રેષ્ઠ એવા પંચપરમેષ્ઠી મંત્રના સ્મરણ આદિ ધર્મધ્યાનમાં ચિત્તની એકાગ્રતા પૂર્વક દિવસો પસાર કરે છે. સાતમે દિવસે બપોરના સમયે ઉત્તરદિશાનો પવન વાવા લાગ્યો. પહેલા કચોળાના મોઢા જેવું નાનું વાદળું આકાશમાં પ્રગટ થયું.

આ જોઈ નૈમિત્તિક બોલ્યો, ' હે નગરજનો ! ઉત્તર દિશામાં વાદળને જુઓ. આ વાદળ પ્રલયકાળના મેઘની જેમ આખાય આકાશમાં ફેલાઈ જશે.' પવન જેમજેમ વધતો ગયો તેમ વાદળું પણ ફેલાતું ગયું. ચડસાચડસીથી જાણે વાદળા આકાશમાં દોડી રહ્યા હતા. બ્રહ્માંડને ધ્રુજાવી નાખતો મેઘનો ગર્જારવ દિગ્ગજની ગર્જનાની જેમ ફેલાતો હતો. આ ગર્જારવ પર્વતની ગુફાઓને શબ્દમય બનાવતો હતો. ચારે બાજુ વીજળી થઈ રહી હતી આથી જાણે એવું લાગતું હતું કે પ્રલયકાળના અગ્નિની જ્વાળાઓ આ જગતનો કોળિયો કરી રહી હતી. આ સમયે મેઘમાંથી નીકળેલી વીજળી યમના દંડની જેમ કડકડ અવાજ કરતી રાજયના ધુરાને વહન કરતા કુબેર યક્ષ ઉપર પડી. તે વખતે રાજાની રાણીઓએ નૈમિત્તિક ઉપર આભૂષણોની વર્ષા કરી.

ત્યારબાદ વિજયરાજાએ પૌષધ પાળ્યો અને જિનાલયોમાં જિનભક્તિ મહોત્સવો કરાવ્યા. આઠમે દિવસે પારણું કરી નૈમિત્તિકને પદ્મિનીખંડ નામનું નગર આપ્યું અને તેને રજા આપી. કુબેર યક્ષની પ્રતિમા આફતના અવસરે ભાઈ જેવી બની હતી આથી રાજાએ કુબેરની મણિમય પ્રતિમા બનાવી સામંતો દ્વારા નગરમાં સુંદર મહોત્સવ કરાવ્યો.

નગરમાં જ્યારે મહોત્સવ ઉજવાઈ રહ્યો છે, ત્યારે આકાશમાં ફેલાતો અને કાનને આનંદ ઉપજાવનાર વાજિંત્રનો જય શબ્દવાળો પંચમ રાગ સંભળાવા લાગ્યો. આ શેનો અવાજ આવી રહ્યો છે એવા આશ્ચર્યમાં ડૂબેલા લોકો આકાશ તરફ જોવા લાગ્યા. આકાશમાં દશે દિશાઓને પ્રકાશિત કરતું એક વિમાન દેખાવા લાગ્યું.

ભૂમિ પર ઉતરેલા વિમાનમાંથી અમિતતેજ નામનો ખેચરેન્દ્ર બહાર આવ્યો. વિજયરાજાની માતા સ્વયંપ્રભાના ભાઈ અર્ક્કીર્તિના પુત્ર અમિતતેજ વિદ્યાધર તથા વિજયરાજાની બહેન જ્યોતિપ્રભા આ બંને જણાએ બહેન સુતારાને પ્રેમથી બોલાવી. શ્રી વિજયરાજાએ અમિતતેજને આસન આપ્યું. આનંદિત થયેલા અમિતતેજ રાજાએ શ્રી વિજયરાજાને પૂછ્યું , ' હે રાજન! હમણા વસંત આદિ કોઈ મહોત્સવ નથી. તારે ત્યાં પુત્રનો જન્મ થયો નથી. તો પછી તું શાનો મહોત્સવ કરે છે?' અમિતતેજના આ પ્રશ્નમાં શ્રી વિજયરાજાએ સઘળો વૃત્તાંત કહ્યો. આ વૃત્તાંત સાંભળી અમિતતેજ વિદ્યાધરે વસ્ત્ર આભૂષણ આદિ દ્વારા વિજયરાજાનો સત્કાર કર્યો. વિજયરાજાને ત્યાં કેટલાક દિવસ રહી અમિતતેજે પોતાના નગર તરફ પ્રયાણ કર્યું.

પોતાના નગરમાં આવી વિજયરાજાએ દેવેન્દ્રો આદિ દ્વારા નમસ્કાર કરાતા અરિહંત

ભગવંતોને, અનંત જ્ઞાન-અનંત આનંદ અને અનંત સુખ ને પામેલા સિદ્ધોને, શુભગુણોથી સમૃદ્ધ આચાર્ય ભગવંતોને, સદા સ્વસ્થ, આચાર પાલનથી સુંદર અને સ્વાધ્યાયમાં રમમાણ એવા ઉપાધ્યાય ભગવંતોને અને સંયમ ધર્મની સાધના કરતા એવા સાધુ ભગવંતોની સ્તુતિ કરી. આવી રીતે જિનેશ્વર આદિ ભગવંતોના પ્રણિધાન દ્વારા કલ્યાણને પ્રાપ્ત કર્યું અને દશમા ભવમાં શાંતિનાથ પ્રભુના ગણધર થઈને સિદ્ધિ ગતિને પામ્યા.

શ્રી વિજયરાજાને ધર્મની આરાધના દ્વારા અંતરાયો ચાલ્યા ગયા અને મંગલની પરંપરા પ્રાપ્ત થઈ છે. આ જાણી જેઓ કલ્યાણની કામના ધરાવે છે તેઓએ મંગલ સ્વરૂપ એવા જિનેશ્વર પ્રભુના વંદનમાં પ્રયત્ન કરવો જોઈએ.

★ ઈતિ શ્રી વિજયનૃપ કથા ★

શાસ્ત્રકાર શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ 'वंदित्तु वंदणिज्जे' પદ દ્વારા મંગલ કર્યું. वंदित्तु- वंदित्वा અહીં ક્ત્વા પ્રત્યય છે. એક ક્રિયા કર્યા પછી બીજી ક્રિયા કરવાની હોય તો ક્ત્વા પ્રત્યય મૂકવામાં આવે છે. આ ક્ત્વા પ્રત્યય બીજી ક્રિયાને જણાવે છે. આ બીજી ક્રિયા છે- वक्ष्यामि- કહીશ. વંદનીયોને વંદન કરીને ચૈત્યવંદનાદિ સુવિચાર કહેવાના છે.

चैत्यवंदननो अर्थ :- ચૈત્ય શબ્દ ચિત્ત પરથી બન્યો છે. અહીં ચિત્ત શબ્દથી પ્રસન્ન મન લેવાનું છે. મનની પ્રસન્નતાને ચૈત્ય કહેવાય છે. જિનેશ્વર પ્રભુના પ્રતિમાજી મનની પ્રસન્નતાનું કારણ છે આથી પ્રતિમાજીને પણ ચૈત્ય કહેવાય છે. પ્રસન્નતા કાર્ય છે અને પ્રતિમાજી કારણ છે. કારણમાં કાર્યનો ઉપચાર કર્યો છે માટે અહીં પ્રતિમાજીને ચૈત્ય કહેવાય છે. આ પ્રતિમાજીને વંદના કરવી તેને ચૈત્યવંદના કહેવાય છે.

કહ્યું છે કે चित्तं-मणो पसत्थं, तब्भावो चेइयंति तज्जणगं । जिणपडिमाओ तासिं वंदणमभिवायणं तिविहं ॥ १ ॥ પ્રશસ્ત મનને ચિત્ત કહેવાય છે. ચિત્તની પ્રસન્નતાને ચૈત્ય કહેવાય છે. આ પ્રસન્નતાને કરનાર જિન પ્રતિમા છે. આ જિનબિંબોને કરાતું વંદન અભિવાદન ત્રણ પ્રકારનું છે.

चैत्य शब्दनो बीजो अर्थ - ચૈત્યમાં ચિતિ શબ્દ છે. ચિતિ એટલે લેપ્ય આદિ વસ્તુઓને એકઠી કરવી. આ ચિતિના ભાવ અથવા કર્મને ચૈત્ય કહેવાય છે. સંજ્ઞાદિ શબ્દોમાં આપેલ આ ચૈત્ય શબ્દ દેવતાના બિંબ તરીકે પ્રસિદ્ધ છે.

ચૂર્ણિમાં ચૈત્ય શબ્દનો અર્થ આ પ્રમાણે કરવામાં આવ્યો છે. ચૈત્ય શબ્દમાં ચિતિ ધાતુ છે. 'चिति संज्ञाने' ચિતિ ધાતુ જ્ઞાનાર્થક છે. કાષ્ઠ, આરસ આદિમાં બનાવેલ પ્રતિકૃતિને જોઈ આ અરિહંત પ્રભુની પ્રતિમા છે આવો ખ્યાલ આવે છે, માટે પ્રતિમાજીને ચૈત્ય કહેવાય છે.

प्रश्नः જિનેશ્વર પ્રભુને કરાતું વંદન ભાવ અરિહંત એટલે કે સાક્ષાત્ અરિહંત ભગવંતને કરવાનું છે તો પછી આ વંદનને ચૈત્યવંદન શા માટે કહેવામાં આવે છે.

કારણકે ચૈત્યવંદન એટલે જિનેશ્વરના બિંબને વંદના.

ઉત્તરઃ અહીંયા વંદના ભાવ અરિહંતને જ કરવાની છે તો પણ આ વંદના લગભગ જિનબિંબની સામેજ કરવાની હોય છે માટે આ વંદનાને ચૈત્યવંદન કહેવામાં આવે છે.

બૃહદ્ભાષ્ય માં પણ આ જ કહેવામાં આવ્યું છે :

ભાવજિણપ્પમુહાણવિ સવ્વેસિવિ જઇવિ વંદણા તહવિ ।
ઠવણાજિણાણ પુરઓ કીરઇ ચિઇવંદણા તેણ ॥ ૧૨ ॥
જિણબિંબાભાવે પુણ ઠવણાગુરુ સક્ખિયાવિ કીરંતિ ।
ચિઇવંદણચ્ચિય ઇમા તત્થવિ પરમિટ્ઠિઠવણા વિ ॥ ૧૩ ॥
અહવા જત્થ તત્થવ પુરઓ પરિકપ્પિઉણ જિણબિંબં ।
કીરઇ બુહેહિં એસા નેયા ચિઇવંદણા તમ્હા ॥ ૧૪ ॥

(ચેઈવંદણ મહાભાસ)

જો કે ભાવજિનેશ્વર મુખ્ય છે જેમાં એવા ચારે નિક્ષેપાના સર્વ જિનેશ્વર ભગવંતની વંદના કરાય છે, છતાં પણ જિન ચૈત્યની સમક્ષ મુખ્યતયા આ વંદના કરાતી હોવાથી તેને ચૈત્યવંદના કહેવાય છે. (૧૨)

જિનબિંબના અભાવમાં ગુરુભગવંતની સાક્ષીએ કરાતી સ્થાપનાની વંદનાને પણ સૂક્ષ્મબુદ્ધિ જીવોએ ચૈત્યવંદના રૂપે જ જાણવી. (૧૩)

અથવા જ્યાં ત્યાં પણ (ગમે તે સ્થળે) જિનપ્રતિમાને નજર સમક્ષ કલ્પીને પંડિતજનો વડે આ વંદના કરાય છે, તેથી પણ તેને ચૈત્યવંદના કહેવાય છે. (૧૪)

चिईवंदणाई सुविचारं- આ ગ્રંથમાં ચૈત્યવંદનાદિના સુવિચારને કહેવાનો છે. ચૈત્યવંદનાદિ સુવિચારમાં આદિ શબ્દથી ગુરુવંદન તથા પચ્ચક્ખાણના સુવિચારને પણ કહેવાશે.

સુવિચાર એટલે શું? અહીંયા ચૈત્યવંદન આદિની વિધિના સ્વરૂપ વગેરેને કહેવું તે વિચાર છે. આ વિચાર ઘણા શાસ્ત્રોના સારભૂત અર્થ સંગ્રહ સ્વરૂપ છે તેથી જ તે શાસ્ત્રોના સારભૂત પદાર્થોનું ઝરણું છે, તેમજ આ વિચાર અત્યંત સંક્ષિપ્ત છે તેથી અલ્પબુદ્ધિવાળા જીવો પણ આ શાસ્ત્રને સરળતાથી ભણી શકે. તેમજ આ વિધિ સકળ સંઘને પ્રતિદિન કરવાની હોય છે તેથી ચૈત્યવંદનાદિનો વિચાર હરહંમેશ ઉપયોગી છે. આ કારણોથી ચૈત્યવંદનાદિના વિચારને સુવિચાર કહેવામાં આવ્યો છે.

વિષય- ચૈત્યવંદનાદિ સુવિચાર

આ ચૈત્યવંદનાદિ સુવિચાર રૂપ વિધિનો નિર્દેશ, બુદ્ધિશાળીઓ આ ગ્રન્થના શ્રવણ પઠન-પાઠનમાં પ્રવૃત્તિ કરે માટે કરવામાં આવ્યો છે.

કહ્યું છે- જો શાસ્ત્રનાં પ્રારંભમાં મોક્ષાદિ પુરુષાર્થની પ્રાપ્તિમાં ઉપકારક એવો

અભિધેયનો અર્થાત વિષયનો નિર્દેશ કરવામાં આવે તો વિદ્યાર્થીને જિજ્ઞાસા થાય છે અને જિજ્ઞાસાથી પ્રેરાયેલો વિદ્યાર્થી ગ્રંથના શ્રવણાદિમાં પ્રવૃત્ત બને છે.

પ્રયોજન - ચૈત્યવંદનાદિ સુવિચારનો બોધ

ગ્રન્થકારે ચિઈવંદણાઈ સુવિયારં- આ પદ દ્વારા પ્રયોજન પણ બતાવ્યું છે. સુવિચાર શબ્દમાં વિચાર શબ્દને સુથી વિશેષિત કરવામાં આવ્યો છે. અર્થાત્ 'સુ' વિશેષણ છે. આ ચૈત્યવંદનાદિ વિચાર ઘણા શાસ્ત્રોના સારભૂત પદાર્થોના સંગ્રહરૂપ છે એવું સુવિચાર શબ્દ જણાવે છે. (શિષ્યને આ ગ્રંથના અભ્યાસનું પ્રયોજન શાસ્ત્રોના સારભૂત પદાર્થોનાં જ્ઞાનની પ્રાપ્તિ છે.)

આ ગ્રંથના પઠનાદિ દ્વારા તેમનું પ્રયોજન પણ સરે છે. તેથી તેઓ આ ગ્રંથનો અભ્યાસ કરે છે. કોઈપણ વિવેકી માણસ ક્યારે પણ પ્રયોજન વિના પ્રવૃત્તિ કરતો નથી.

કહ્યું છે કે **પ્રયોજનમનુદ્દિશ્ય ન મન્દોઽપિ પ્રવર્તતે, એવમેવ પ્રવૃત્તિશ્ચેત્ ચૈતન્યેનાઽસ્ય કિં ભવેત્?** મંદબુદ્ધિવાળો પણ પ્રયોજન ન હોય તો પ્રવૃત્તિ કરતો નથી. પ્રયોજન વિના પણ જો તે પ્રવૃત્તિ કરવા લાગે તો તેનામાં રહેલી ચેતનાનું ફળ શુ?

શાસ્ત્રકર્તાનું પ્રયોજન અને શ્રોતાનું પ્રયોજન એમ પ્રયોજનના બે ભેદ છે. આ બે પ્રયોજનના અનંતર તથા પરંપર એમ બે ભેદ છે. શાસ્ત્રકાર મહર્ષિનું અનંતર (તરતનું) પ્રયોજન જીવો ઉપર ઉપકાર કરવો એ છે. જે જીવો મહાવિસ્તારવાળા શાસ્ત્રના અધ્યયન આદિમાં સમર્થ નથી હોતા તેવા જીવો જો શાસ્ત્ર સંક્ષિપ્ત હોય તો સુખપૂર્વક તેનું અધ્યયનાદિ કરી શકે છે.

કહ્યું છે કે - **સુય સાયરો અપારો આઉં થોવં જિઆ ય દુમ્મેહા ।**
તં કિંપિ સિક્ખિયવ્વં જં કજ્જકરં ચ થોવં ચ ॥

શ્રુતરૂપી સાગરનો અંત આવી શકે તેમ નથી. આયખુ થોડું છે અને જીવો અલ્પબુદ્ધિવાળા છે. તેથી થોડું પણ એવું કાંઈક ઉપયોગી શીખી લેવું જોઈએ.

શાસ્ત્રકારનું પરંપર પ્રયોજન મોક્ષની પ્રાપ્તિ છે. કારણકે શાસ્ત્રરચના ધર્મોપદેશ સ્વરૂપ છે અને ધર્મોપદેશ આપવાનું ફળ મોક્ષ છે. કહ્યું પણ છે - સર્વજ્ઞ ભગવાને જેનું કથન કર્યું છે તેનો ઉપદેશ આપી, જેઓ દુઃખથી પીડાતા જીવો પર ઉપકાર કરે છે તે અલ્પકાળમાં શિવવધૂને વરે છે.

આ ગ્રંથનું અધ્યયન કરનાર- શ્રવણ કરનારને અનંતરનું એટલે કે નજીકનું ફળ ચૈત્યવંદનાદિ આચાર વિધિનું જ્ઞાન થવું, તે છે. પરંપર ફળ તો તેઓને પણ મોક્ષની પ્રાપ્તિ થવી તે જ છે. કારણકે ચૈત્યવંદન આદિ વિધિઓને જેઓ સમ્યક્ રીતે જાણે છે તેઓનો ભાવ શુભ બને છે અને વિધિ પૂર્વક આચરણા કરતા સર્વ કર્મનો નાશ થવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.

કહ્યું છે- ચૈત્યવંદનાદિ વિધિને સારી રીતે સાંભળવાથી હળુકર્મી થવાય છે અને કર્મો

હળવા બનવાથી અનંતા આત્માઓ આઠે કર્મનો નાશ કરી સિદ્ધિ ગતિમાં પહોંચ્યા છે.

संबंध-बहुवित्तिभासचुण्णी सुयाणुसारेण

ચૈત્યવંદન આદિનો સુવિચાર ઘણી ટીકાઓ, ભાષ્યો, ચૂર્ણિઓ અને સૂત્રના અનુસારે કરવાનો છે. અહીંયા બહુ શબ્દ વિત્તિ સાથે મૂકેલો હોવા છતાં ભાષ્ય આદિની સાથે પણ જોડવાનો છે.

વૃત્તિ એટલે ટીકા. આ ટીકા સંસ્કૃત ભાષામાં રચવામાં આવે છે. તેમાં સૂત્ર આદિ અંગોનું વિવરણ કરવામાં આવે છે. લલિત વિસ્તરા આદિ ટીકાઓમાં ચૈત્યવંદનાદિ સૂત્રોનું વિવરણ કરવામાં આવ્યું છે.

ભાષ્યઃ- ભાષ્યની રચના ગાથાઓમાં કરવામાં આવે છે. આમાં સૂત્રની વ્યાખ્યા કરવામાં આવે છે. બૃહદ્ભાષ્ય (ચેઈવંદણ મહાભાસ) અને વ્યવહાર ભાષ્ય આદિને ભાષ્ય કહેવામાં આવે છે.

ચૂર્ણિઃ- ચૂર્ણિઓની રચના પ્રાયઃ પ્રાકૃતમાં કરવામાં આવે છે. આ રચના પણ સૂત્રના વિવરણ રૂપ છે. પક્ખીસૂત્ર તથા આવશ્યકસૂત્ર આદિની ચૂર્ણિઓ વિદ્યમાન છે..

સૂત્રઃ- સૂત્રની રચના ગણધર આદિ ભગવંતો કરે છે. પક્ખીસૂત્ર આદિનો સૂત્રમાં સમાવેશ થાય છે. આ પક્ખીસૂત્રમાં પાંચની સાક્ષીએ કરાતા ધર્મનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

પંચાંગીમાં સૂત્ર વૃત્તિ, ચૂર્ણિ, ભાષ્ય અને નિર્યુક્તિ છે. છતાં અહીં નિર્યુક્તિનો નિર્દેશ ચૈત્યવંદન ભાષ્યની પ્રથમ ગાથામાં નથી કર્યો. તેનું એક કારણ છે. નિર્યુક્તિની રચના ચૌદ પૂર્વધર મહાત્માઓ કરે છે. ચૌદ પૂર્વધર મહાત્મા જે રચના કરે છે તેને સૂત્ર કહેવાય છે. આમ, નિર્યુક્તિ સૂત્રરૂપે હોવાથી શ્રુતના ગ્રહણથી તેનું ગ્રહણ થઈ જાય છે.

કહ્યુ છે કે- सुत्तं गणहररइयं तहेव पत्तेयबुद्धरइयं च ।
सुयकेवलिणा रइयं अभिन्नदसपुव्विणा रइयं ॥ १॥

ગણધર ભગવંતો, પ્રત્યેક બુદ્ધ મહાત્મા, શ્રુતકેવલી તથા સંપૂર્ણ દશપૂર્વધર મહર્ષિઓએ રચેલા શાસ્ત્રને સૂત્ર કહેવામાં આવે છે.

આમ, નિર્યુક્તિ પણ સૂત્ર રૂપે હોવાથી સૂત્રના ગ્રહણથી તેનું ગ્રહણ થઈ જાય છે. અથવા ભાષ્યના ગ્રહણથી પણ નિર્યુક્તિનું ગ્રહણ થઈ જાય છે. કારણકે ભાષ્યમાં જેમ સુત્રનું વિવરણ ગાથામાં કરવામાં આવે છે તેમ નિર્યુક્તિમાં પણ સૂત્રનું વિવરણ ગાથામાં કરવામાં આવે છે. આમ, નિર્યુક્તિ નું ગ્રહણ ભાષ્યના ગ્રહણથી પણ ચૈત્યવંદન ભાષ્યની પ્રથમ ગાથામાં થઈ જાય છે.

બહુવિત્તિભાસચુણ્ણીસુયાણુસારેણ- વૃત્તિ, ભાષ્ય, ચૂર્ણિ અને સૂત્રોમાં જે કહેવામાં

આવ્યું છે તેના આધારે જ આ ચૈત્યવંદન ભાષ્ય આદિમાં અમે કહેવાના છીએ એવું દેવેન્દ્રસૂરિ મહારાજ જણાવે છે.

આ ગ્રંથમાં વૃત્તિઆદિના પાઠો જ્યારે અવસર આવશે ત્યારે આપવામાં આવશે. જે ગ્રંથનું નિર્માણ થતું હોય તે ગ્રંથમાં પૂર્વ મહર્ષિઓ પ્રણીત શાસ્ત્રોના પાઠ આપવામાં આવે તો નવનિર્મિત ગ્રંથનું મહત્ત્વ ઘણું જ વધી જાય છે. કારણકે જો આધારમાં ઉત્તમતા હોય તો આધેયમાં પણ એ ઉત્તમતા ખેંચાઈ આવે છે. જેમ પૃથ્વી આદિનો આધાર પ્રાપ્ત થાય તો પાણી આદિમાં સ્થિરતા નિર્મળતા આદિ ગુણોનું આધાન થાય છે.

'सुयाणुसारेण'નો બીજો અર્થ : સૂત્ર, નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ આદિમાં કહેલા ચૈત્યવંદનાદિ પદાર્થો ગુરુભગવંત પાસે જે રીતે સાંભળ્યા છે તે રીતે હું આ પદાર્થો કહીશ. પરંતુ મારી બુદ્ધિના અનુસારે નથી કહેવાના. કારણકે પોતાની મતિકલ્પનાને અનુસારે કરાતું શુદ્ધ અનુષ્ઠાન પણ કષ્ટાનુષ્ઠાન બને છે અને તેનો અજ્ઞાનતપમાં સમાવેશ થાય છે.

કહ્યું છે - अपरिच्छियसुयनिहसस्स केवलमभिन्नसुत्तचारिस्स ।
सव्वुज्जमेणवि कयं अन्नाणतवे बहुं पडइ ॥

જેમને શ્રુતજ્ઞાનરૂપી કસોટી પત્થરનું વિશેષ જ્ઞાન નથી અને જે વિશેષ અર્થને જાણ્યા વિના માત્ર શાસ્ત્રના શબ્દોને પકડી રાખે છે તે પોતાના બધાજ પ્રયત્નથી કોઈપણ અનુષ્ઠાન કરે તો પણ તેના અનુષ્ઠાનનો સમાવેશ અજ્ઞાન તપમાં જ થાય છે.

બીજું માત્ર સૂત્રમાં કહેલું જ જો પ્રમાણ માનવાનું હોય તો સૂત્રો ઉપર કરવામાં આવતી ટીકા-વ્યાખ્યા નકામી થઈ જાય.

આગમમાં પણ કહેવામાં આવ્યું છે કે-

जं जह सुत्ते भणियं तहेव तं जइ विआरणा नत्थि ।
किं कालिआणुयोगो दिट्ठो दिट्ठिपहाणेहि ॥

આગમસૂત્રોમાં જેમ કહ્યું છે તે તેમજ હોય અને ત્યાં કાંઈ વિચારણા જ ન કરવાની હોય તો દૃષ્ટિ પ્રધાન મહાપુરુષો કાલિક સૂત્રની ટીકા શા માટે કરત ?

ગ્રંથકારે ગ્રંથની રચના કરતા જણાવ્યું કે આ ગ્રંથ ગુરુભગવંત પાસેથી વૃત્તિ આદિના પદાર્થોને સાંભળીને હું રચું છે. આવું કહેવા દ્વારા ગુરુ પારતંત્ર્યની પ્રધાનતા બતાવી અને તેના દ્વારા પોતાની લઘુતા બતાવી છે.

सुयाणुसारेण થી બહુશ્રુતનું ગ્રહણ:- બહુવિતિભાસચુણ્ણીસુયાણુસારેણ અહીંયા બહુ શબ્દ શ્રુતની સાથે પણ જોડાય છે. જેથી બહુશ્રુત શબ્દ બને છે. બહુશ્રુત એટલે જેમને આગમ સૂત્રનું વિશાળ જ્ઞાન છે અને જેઓ ગીતાર્થ છે આવા પૂર્વાચાર્યો બહુશ્રુત શબ્દથી ગ્રહણ કરવાના છે.

અર્થાત્ બહુશ્રુત પૂર્વાચાર્ય ભગવંતોની પરંપરામાં ચૈત્યવંદનાદિનો વિચાર જે

રીતે આવ્યો છે તેને અનુસારે ચૈત્યવંદનાદિનો વિચાર ગ્રંથકર્તા મહાત્મા કહેશે.

વર્તમાનમાં આચરાતો આચાર બહુશ્રુતોના અનુસારે આચરવામાં આવે તો તે **જીતવ્યવહાર** સ્વરૂપે બને છે. આથી જ અહીંયા ચૈત્યવંદનાદિ વિચાર બહુશ્રુત પૂર્વાચાર્યોને અનુસારે કહેવાશે.

वत्तणुवत्तपवत्तो बहुसो आसेविओ महाणेण ।
एसो अ जीअकप्पो पंचमओ होइ ववहारो ॥ १ ॥
वत्तं नामं इक्कसि अणुवत्तो जो पुणो बिइयवारा ।
तइअट्ठाण पवत्तो सुपरिग्गहिओ महाणेण ॥ २ ॥

ગીતાર્થ પુરુષો દ્વારા સેવાતા આચારને વૃત્ત, પ્રવૃત્ત અને અનુવૃત્ત કહેવામાં આવે છે. આ આચાર જીતકલ્પ નામનો પાંચમો વ્યવહાર છે. જે આચારને ગીતાર્થ પુરુષોએ એકવાર સેવ્યો હોય તેને વૃત્ત આચાર કહેવાય, બીજીવાર સેવે તેને અનુવૃત્ત આચાર કહેવાય અને ત્રીજીવાર સેવે તે આચારને પ્રવૃત્ત આચાર કહેવાય છે.

બહુશ્રુતોએ આચરેલ આચારને **ધર્મરત્ન પ્રકરણમાં** માર્ગ કહેલો છે.

मग्गो आगमनिई अहवा संविग्गगुरुजणाईण्णो ।
उभयाणुसारिणी जा सा मग्गणुसारिणी किरिया ॥ १ ॥

સિદ્ધાંતમાં જેની પ્રરૂપણા કરવામાં આવી છે તે અથવા સંવેગી ગુરુભગવંતોએ જેનું આચરણ કર્યું છે તેને તથા ઉભયાનુસારી હોય તે ક્રિયા માર્ગાનુસારિ કહેવાય છે.

આ રીતે બહુશ્રુત આદિને અનુસારે કહેવાતો આચાર માર્ગસ્વરૂપ છે. ચૈત્યવંદનાદિ વિચાર બહુશ્રુતોને અનુસારે ન કહેવામાં આવે તો તે માર્ગ સ્વરૂપ નથી બનતો. ઉલટાનો એ સ્વચ્છંદાચાર બને છે.

<u>નિશીથસૂત્રના</u> ૧૧માં ઉદેશામાં કહ્યું છે-

उस्सुत्तमणुवइट्ठं सच्छंदविगप्पियं अणणुवाई ।
परतत्तिपवत्ते तिंतिणे य इणमो अहाछंदो ॥ ११ ॥

નિશીથ સૂત્રની ચૂર્ણિમાં આ શ્લોકનો અર્થ કરતા યથાછંદનું સ્વરૂપ કહ્યું છે- જે સૂત્ર વિરુદ્ધ પ્રરૂપણા કરતો હોય, આચાર્ય ભગવંતોની પરંપરામાં ન આવ્યું હોય તેની પ્રરૂપણા કરતો હોય, સ્વઈચ્છાનુસારે કરેલી કલ્પનાથી પ્રરૂપણા કરતો હોય. સૂત્ર અર્થ ઉભયને અનુસરતું ન હોય તેની પ્રરૂપણા કરતો હોય અને (આત્માની ચિંતા છોડી) બીજાની ચિંતામાં જ પ્રવૃત્ત હોય તથા બડબડાટ કરવાવાળો હોય તે યથાછંદ કહેવાય છે.

વંદિત્તુ વંદણિજ્જે ગાથામાં ગ્રંથકારે પ્રથમ પદથી મંગલ કર્યું. સુવિયારં દ્વારા વિષય બતાવવામાં આવ્યો અને બહુવિત્તિભાસચુણ્ણીસુયાણુસારેણ આ પદ દ્વારા સંબંધ બતાવવામાં આવ્યો.

प्रेक्षावतां प्रवृत्त्यर्थं फलादित्रितयं बुधैः ।
मंगलं चैव शास्त्रादौ वाच्यमिष्टार्थसिद्धये ॥

मंगल प्रयोजन वि. नुं महत्वः-

ग्रंथनी आदिमां मंगलादि करवानुं प्रयोजन होय छे. प्रयोजन, संबंध अने विषय बतावावामां आवे तो बुद्धिशाळी पुरुषो आ ग्रंथना अध्ययन-अध्यापनमां प्रवृत्ति करे छे. ग्रंथमां प्रवृत्ति करी, पण भणवुं-भणावुं आदि कार्य निर्विघ्न त्यारे ज पूरु थाय छे जो मंगल करवामां आव्युं होय. एटले ईष्ट देवताने नमस्कार करवामां आव्यो होय. आम प्रेक्षावाननी प्रवृत्ति थाय अने ईष्टार्थनी सिद्धि थाय ते माटे ग्रंथमां मंगलादि चारे कहेवा जोईओ.

अहींया बतावावामां आवेल संबंधना बे प्रकार छे : (१) उपाय-उपेय संबंध (२) गुरुपर्वक्रम लक्षण संबंध. जेओ तर्कवादी छे तेओने माटे उपाय-उपेय संबंध छे. आ चैत्यवंदन भाष्य ज्ञानादि प्राप्तिनो उपाय छे. ज्ञानादिनी प्राप्ति थवी ते उपेय छे.

गुरुपरंपरा द्वारा सूत्रादिनी प्राप्ति

गुरुपर्वक्रम स्वरूप संबंध मात्र श्रद्धावादि माटेनो छे. आ संबंध आ प्रमाणे छे चैत्यवंदन आदि विधिनी देशना अर्थथी श्री महावीर प्रभु आपे छे अने गणधर भगवंतो सूत्ररूपे तेने ग्रंथस्थ करे छे.

अत्थं भासइ अरिहा सुत्तं गंथंति गणहरा निउणं ।
सासणस्स हियट्ठाए तओ सुत्तं पवत्तइ ॥ १ ॥

(आवश्यक निर्युक्ति)

अरिहंत भगवंतो अर्थनी देशना आपे छे. गणधर भगवंतो सूत्ररूपे निपुणताथी गूंथे छे. शासनना हित माटे करायेल सूत्र- अर्थनी रचना बाद सूत्रनी परंपरा चाले छे.

जेम उज्जैनी अने कोशांबीनी वच्चे पुरुषोने गोठवी पुरुषोनी परंपरा द्वारा उज्जैनीमांथी कोशांबी सुधी ईंटो लावी. ते ज रीते आ चैत्यवंदनादि विचार जंबूस्वामी, प्रभवस्वामी आदि केवली भगवंतो, श्रुतकेवली भगवंतो, दशपूर्वधरो, नव पूर्वधरो आदि पूर्वाचार्योनी परंपरामां आव्यो छे. यावत् आ विचार अमारा गुरु सुधी आव्यो छे.

दुःषमकाळना अंधारामां नही देखाता एवा श्री जिनप्रवचनने प्रकाशित करवामां प्रदीप समान एवा श्री जिनभद्रगणी क्षमाश्रमणे विशेषावश्यक भाष्यमां आ गुरुपर्व क्रमसंबंधने बताव्यो छे. जिनेश्वर-गणधर आदि गुरुजनोओ उपदेश आप्यो. आ उपदेश जंबूस्वामी आदि आचार्य भगवंतो नी परंपरामां अमारा गुरु सुधी आव्यो

છે. પરંપરામાં આવેલ આ ઉપદેશ અમારા ગુરુભગવંતે ફરમાવ્યો છે. અહીં પરંપરા શબ્દનો અર્થ એ છે કે જેમ પૂર્વે ઉજ્જૈની થી ઈંટો કોશાંબીમાં આવી તે જ રીતે સૂત્ર અને અર્થ ગુરુની પરંપરામાં ચાલ્યો આવ્યો છે.

ગુરુપરંપરા પર ઈંટની પરંપરાનું દૃષ્ટાંતઃ- મુનિની જેમ શ્રેષ્ઠ વિષયો(શ્રેષ્ઠ દેશો) ને જીતી લેનારા વચ્છ દેશમાં કોશાંબી નામની નગરી છે. શત્રુઓ તો અહીંથી દૂર ભાગતા હતા. આ નગરીમાં વસતા નગરજનો સુંદર કળાઓના જ્ઞાનને મેળવવા માટે જ છે. અસત્યના ઉચ્ચારણમાં તેઓ મૂંગા રહેતા. અકાર્ય કરવાનું હોય ત્યારે આળસુ બનતા.

આવી **કોશાંબી** નગરીમાં **શતાનીક** રાજા રાજ્ય કરતા હતા. શતાનીક જિનમતના રંગે રંગાયેલા હતા. તેમનું ચારિત્ર ઉત્તમ પુરુષોને શોભે તેવું હતું. તેઓ પ્રજાના હિતમાં તત્પર રહેતા. તેમના પત્ની **મૃગાવતી** ચેટક રાજાની પુત્રી હતી. મૃગાવતી રાણી પણ જિનેશ્વર પ્રભુની પૂજામાં રત રહેતી હતી. નિર્મળ શીલ તેના અલંકારો હતા. રાણીના હાથ સુકુમાર હતા પણ બુદ્ધિ તો પ્રૌઢ હતી, કેશકલાપ કાળા ભમ્મર અને વાંકડીયા હતા પણ વાણીમાં તો સચ્ચાઈ અને સરળતા હતી. તે કાનમાં સુંદર કુંડલને ધારણ કરતી હતી પણ કોઈના દોષવાળા વચનો કાનથી નહિ સાંભળતી. મૃગાવતી રાણીને જેવું બહુમાન ગુણોમાં હતું તેવું બહુમાન રૂપ, લાવણ્ય કે જાતિમાં ન હતું.

એક દિવસ સભાના બધા કામ પૂરા થઈ ગયા બાદ રાજા સભામાં બેઠા હતા. પોતાની સમૃદ્ધિનું તેમને અભિમાન હતું. આ અભિમાન સાથે તેમણે પોતાના દૂતને કહ્યું, 'હે દેવાનુપ્રિય બીજા રાજાઓની પાસે જે સમૃદ્ધિ છે તે કઈ મારા રાજ્યમાં નથી?'

'હે સ્વામિનાથ! આપના જેવા મહાન સ્વામી, કુશળ મંત્રી, અનુરાગી મિત્રો, ભરપુર ભંડાર, વિશાળ દેશ, વિરાટ કિલ્લો, પ્રચંડ સૈન્ય આમ રાજાના સાતે અંગો આપના રાજ્યમાં છે પણ એક ચિત્ર સભાની ખોટ આપણા રાજ્યમાં વર્તાય છે.' દૂતની વાત રાજાએ સાંભળતાની સાથે જ ચિત્રકારોને બોલાવ્યા.

तो मणसा देवाणं वायाए पत्थिवाण सिज्झंति ।
अत्थेण ईसराणं दुस्सज्झाइंपि कज्जाइं ॥

ખરેખર મન દ્વારા દેવોના, વચન દ્વારા રાજાઓના અને ધન દ્વારા ધનવાનોના દુઃસાધ્ય કાર્ય પણ સુકર થાય છે.

બોલાવેલા ચિત્રકારો આવ્યા. તેઓ સભાને વહેંચીને ચીતરવા લાગ્યા. આ ચિત્રકારોમાં એક સોમ નામનો ચિત્રકાર હતો. સોમ ચિત્રકારને અંતઃપુરની નજીકમાં ચિતરવાનું આવ્યું. એકદા તેણે ગવાક્ષમાં બેઠેલી મૃગાવતી રાણીનો અંગુઠો દેખ્યો. સોમની બુદ્ધિ નિપુણ હતી. મૃગાવતીનો અંગુઠો દેખવા માત્રથી જ તેનું સુંદર ચિત્ર

બનાવ્યું, પણ તે ચિત્ર બનાવતો હતો તે સમયે આંખ મીંચાતા જ રાણીના સાથળ ઉપર રંગનો એક છાંટો પડી ગયો. સાથળ ઉપરના રંગના છાંટને આદર સહિત જ્યાં દૂર કરી અને ચિત્રને ફરી બનાવવા જાય છે ત્યાં ફરી બીજો છાંટો પડ્યો. આ રીતે ત્રીજીવાર પણ છાંટો પડ્યો. આથી તેને વિચાર આવ્યો કે આ રંગ દૂર કરવાની જરૂર નથી, કારણકે ત્યાં ચિહ્ન હોવું જ જોઈએ. ચિત્રસભા તૈયાર થઈ ગઈ. રાજાને ચિત્રકારોએ વિનંતી કરી. રાજા ચિત્રસભાને નિહાળવા માટે આવ્યો. ચિત્રોને જોતો જોતો મૃગાવતીના ચિત્ર પાસે આવ્યો. મૃગાવતી રાણીનું ચિત્ર અત્યંત સુંદર હતું. ચિત્રમાં જાંઘ ઉપરનું ચિહ્ન પણ હતું. શતાનીક રાજાએ ચિત્રને નિહાળ્યું. આ જોઈ રાજાની આંખ લાલ થઈ ગઈ. કપાળમાં રેખાઓ ખેંચાઈ ગઈ અને રાજા વિચારમાં ગરક થઈ ગયો. ચોક્કસ આ પાપી ચિત્રકાર સોમે મારી પત્નીને ભ્રષ્ટ કરી છે. જો ભ્રષ્ટ ન કરી હોય તો વસ્ત્રથી આવરેલ એવા મસાને કેવી રીતે જાણી શકે? મારા રાજ્યમાં કોઈ બીજાની પરદારાને સેવતો હોય તો ગમે તેવા અન્યાયીને હું કડકમાં કડક શિક્ષા કરું છું. તો પછી મારી પત્ની સાથે જેને વ્યભિચાર સેવ્યો હોય તેને તો હું શું ન કરું? આવું જાણીને મારાથી સહન પણ કેવી રીતે થાય?

આ વિચાર કરી રાજાએ સોમ ચિત્રકારનો વધ કરવા માટે આજ્ઞા આપી. આ આજ્ઞા સાંભળી બીજા ચિત્રકારોએ કહ્યું, 'રાજન! સોમે ચિત્રકળામાં વરદાન પ્રાપ્ત કરેલું છે, આથી તેનો વધ કરવો અમને યોગ્ય જણાતો નથી.'

રાજાએ ચિત્રકારોને પૂછ્યું, 'આ સોમ ચિત્રકારે ક્યાંથી વરદાન પ્રાપ્ત કર્યું છે?'

ચિત્રકારોએ રાજાને જણાવ્યું, 'શ્રેષ્ઠ કળાના નિવાસ સ્થાન સમાન **સાકેત** નામનું નગર છે. નગરની ઈશાન દિશામાં **સુરપ્રિય** નામના યક્ષનું મંદિર છે. સુરપ્રિયનું ત્યાં સતત સાંનિધ્ય રહેતું હતું. દર વર્ષે તેનો ઉત્સવ કરાતો અને તે તેની પ્રતિમાને રંગનાર ચિતારાને મારી નાંખતો. જો પ્રતિમાને રંગવામાં ન આવે તો સુરપ્રિય ગામમાં મારીનો ઉપદ્રવ કરતો. પોતાના પ્રાણો જોખમમાં રહેતા હોવાથી ચિત્રકારો સાકેત નગરને છોડવા લાગ્યા ત્યારે રાજાએ નગરરક્ષાના હેતુથી બધા ચિત્રકારોને પકડાવી લીધા.

त्यजेदेकं कुलस्यार्थे, ग्रामस्यार्थे कुलं त्यजेद् ।
ग्रामं जनपदस्यार्थे, आत्मार्थे पृथिवीं त्यजेद् ॥ १ ॥

કુળની રક્ષા માટે એકનો ત્યાગ કરે, ગ્રામની રક્ષા માટે કુળનો ત્યાગ કરે, જનપદની રક્ષા માટે ગામનો ત્યાગ કરે અને આત્મા માટે પૃથ્વીનો પણ ત્યાગ કરે.

હવે તો રાજા દર વર્ષે ચિત્રકારોના નામો કાગળ ઉપર લખાવી કાગળની કાપલીને ઘડામાં નખાવી દેતાં. ઘડામાંથી જેનું નામ નીકળે તે ચિત્રકાર તે વર્ષે સુરપ્રિય યક્ષને ચિતરતો.

મહારાજા! સોમના પિતા મૃત્યુ પામ્યા હતા. આથી સોમ કલા ગ્રહણ કરવા માટે

સાકેતપુરમાં એક ચિત્રકારની વૃદ્ધ પત્નીને ત્યાં રહ્યો. આ સ્ત્રીને એક નો એક જ પુત્ર હતો. તેણીએ સોમને પોતાના ઘરમાં પોતાનો પુત્ર માનીને રાખ્યો. સોમ પણ તેણીના પુત્રનો મિત્ર બની ગયો. તે જ વરસે વૃદ્ધાના પુત્રનો વારો આવ્યો. વૃદ્ધા કલ્પાંત કરવા લાગી. સોમે પૂછ્યુ કે મા! તું શા માટે રડે છે?

'બેટા ! કહ્યું પણ છે કે કુળની રક્ષા માટે એકનો ભોગ લેવાય, ગ્રામની રક્ષા માટે એક કુળનો ભોગ લેવાય, જનપદની રક્ષા માટે એક ગામનો ભોગ લેવાય અને આત્મા માટે (શીલાદિગુણોની રક્ષા માટે સીતાની જેમ) પૃથ્વીનો પણ ભોગ લેવાય. મારે એકનો એક પુત્ર છે. તે આંધળી માને લાકડી જેવો છે. મારો આ પુત્ર યક્ષના મંદિરને ચિતરશે અને યમરાજા એને ઉપાડી જશે.

સોમે દયાપૂર્વક કહ્યું, 'મા ! તમે રડો નહી. બધું સારુ થશે.' વૃદ્ધાએ સોમને રોક્યો, અને કહ્યું કે બેટા, તું પણ મારો જ પુત્ર છે. તું શા માટે આ આપત્તિમાં પડે છે. વૃદ્ધાની વાત તેણે સાંભળી નહી અને યક્ષની પ્રતિમાને ચિતરવાનું તેણે નક્કી કર્યું. તેણે વિચાર કર્યો કે વશીકરણનો મૂળમંત્ર શ્રેષ્ઠ વિનય છે. વિનયની સાથે તપ કરવામાં આવે તો તે બધું જ કરી શકે. તેથી આ ચિત્ર હું વિનય અને તપ સાથે જ કરીશ. સોમે છટ્ઠનો તપ અને બ્રહ્મચર્ય વ્રતને સ્વીકાર્યું. સ્નાન કરી શ્વેત અને દશીવાળા વસ્ત્રની જોડ પહેરી.

દેવતાની પૂજામાં અન્ય શાસ્ત્રકારોએ પણ અપવિત્ર વસ્ત્રનો નિષેધ કર્યો છે.

कटिस्पृष्टं च यद्वस्त्रं पुरीषं येन कारितं । मूत्रं च मैथुनं चापि, तद् वस्त्रं परिवर्जयेत्।।

જે વસ્ત્ર કેડ માં સ્પર્શેલું હોય અર્થાત્ અધોવસ્ત્ર હોય તથા જેના દ્વારા મળ-મૂત્રનું વિસર્જન કર્યુ હોય તથા જેનાથી મૈથુન સેવ્યું હોય તો તે વસ્ત્રનો પૂજામાં ત્યાગ કરવો.

ચંદનથી લેપાયેલા હાથવાળા સોમે અષ્ટપડો મુખકોશ બાંધ્યો. નૂતન કળશોથી સુરપ્રિય યક્ષનો અભિષેક કર્યો અને પુષ્પોથી પૂજા કરી. ત્યારબાદ પીંછી અને રંગના પાત્રો સાફ કરી નવા કર્યા અને વજ્રલેપ આદિના ચોંટેલા કચરાને દૂર કર્યો.

ઉત્તમ રંગોથી યક્ષની મૂર્તિને ચિતરવા લાગ્યો. મૂર્તિનું રંગરોગાન થયા બાદ ચિત્રકાર પરમ વિનયને ધારણ કરી સુરપ્રિયયક્ષના પગમાં પડ્યો. બહુમાન અને વિનય સાથે તેણે યક્ષને વિનંતિ કરી, 'હે સુરપ્રિય યક્ષ! ગમે તેવો મહાન ચિત્રકાર હોય તો પણ આપનું ચિત્ર બનાવવા કોણ સમર્થ છે? જ્યારે મારામાં એવી કુશળતા નથી તેથી આપની સેવામાં કાંઈ પણ ક્ષતિ થઈ હોય તો ક્ષમા આપજો. આપના જેવા મહાપુરુષો વિનયીજનો ઉપર વાત્સલ્યવાળા હોય છે.'

ચિત્રકારની વિનંતી સુરપ્રિયે સ્વીકારી, 'હે ચિત્રકાર, તારા વિનયથી હું પ્રસન્ન થયો છું. તું જે માંગીશ એ હું તને આપીશ.'

ચિત્રકાર સોમે હવે કોઈને પણ ન મારવાની માંગણી કરી ત્યારે યક્ષે તેની

વિનંતીનો સ્વીકાર કરી લીધો અને કહ્યું, 'સોમ, આ તો તે બીજા માટે માંગ્યું, પણ હવે તું તારા માટે માંગ. હું ખરેખર તારી ઉપર ખુશ થયો છું.'

કહ્યું છે કે તે तावत् कृतिनः परार्थघटकाः स्वार्थस्य नाशेन ये,
सामान्यास्तु परार्थमुद्यतधियः स्वार्थाविरोधेन ये ।
तेऽमी मानुषराक्षसाः परकृतिर्यैर्हन्यते स्वार्थतो,
ये निघ्नन्ति निरर्थकं परकृतं ते के न जानीमहे ॥

જેઓ પોતાના સ્વાર્થને જતો કરે છે અને પરકલ્યાણની પ્રવૃત્તિ કરે છે તે પંડિત છે, જેઓ પોતાનો સ્વાર્થ સચવાય એવી રીતે પરહિતની પ્રવૃત્તિ કરે છે તેઓ સામાન્ય કક્ષાના છે, જેઓ પોતાના સ્વાર્થ ખાતર બીજાને નુકશાન પહોંચાડે છે તેઓ તો મનુષ્ય હોવા છતા રાક્ષસ જેવા છે અને જેઓ કાંઈ પણ પ્રયોજન વિના બીજાનું નુકશાન જ કર્યા કરે છે તેઓ માટે કયા શબ્દો વાપરવા?

સુરપ્રિયના અત્યંત આગ્રહના કારણે સોમે વરદાન માંગ્યુ કે હું મનુષ્ય આદિના શરીરના એક ભાગને દેખુ તો પણ એના આધારે સંપૂર્ણ ચિત્રને બનાવી શકું. યક્ષે તેને આ વરદાન આપ્યું.

जो जत्तिअस्स अत्थस्स भायणं तस्स तत्तिअं होइ ।
वुट्ठेऽवि दोणमेहे न डुंगरे पाणिअं ठाइ ॥

ખરેખર જેના ભાગ્યમાં જેટલું હોય તેટલું જ પ્રાપ્ત થાય છે. ડુંગર ઉપર ધોધમાર વરસાદ વરસે પણ ત્યાં પાણી ટકી શકતું નથી.

સોમ ચિત્રકારની યક્ષ ઉપરની આવી ભક્તિથી તેને આ લોકમાં જ પાપનો ક્ષય થયો અને સિદ્ધિ પ્રાપ્ત થઈ. જ્યારે જિનેશ્વર ભગવાનની ભક્તિ તો અનંત સુખને આપનારી છે. આથી જિનેશ્વર પ્રભુની ભક્તિમાં સુંદર વિધિનું પાલન અને જિનભક્તિમાં પ્રયત્ન કરવો જોઈએ.

રાજન! આ રીતે સુરપ્રિય યક્ષે સોમને વરદાન આપી સત્કાર કર્યો. યક્ષ દ્વારા સત્કારાયેલો સોમ આપની સભામાં ચિત્રકામ કરવા માટે આવ્યો. આપ એના મળેલા વરદાનની પરીક્ષા પણ કરી શકો છો. રાજાએ પણ ચિત્રકારની આ કળા જાણવા માટે કુબડી દાસીનું મુખ બતાવ્યું. ચિત્રકારે પણ તેનું કુબડી ચિત્ર બનાવ્યું. આ ચિત્રકાર એક અંગના દેખવા માત્રથી સંપૂર્ણ ચિત્ર બનાવી શકે એવું જાણ્યું છતાં ક્રોધાંધ બનેલા રાજાએ ચિત્રકારનો જમણો અંગુઠો કાપી નાખ્યો અને તેને દેશનિકાલ કર્યો.

नाकारणरुषां संख्या, संख्याताः कारणक्रुधः ।
कारणेऽपि न कुप्यंति, ये ते जगति पंचषाः ॥

કારણ વિના ક્રોધ કરનારાની કોઈ સંખ્યા જ નથી, કારણ પ્રાપ્ત થાય અને ગુસ્સો કરે એવા લોકો પણ ઘણા હોય છે, જ્યારે કારણ હોવા છતાં પણ જેઓ કોપ ન કરે તેવા

લોકો તો આ જગતમાં બહુ ઓછા છે.

સોમ ચિત્રકારનો જમણો અંગુઠો છેદાયો અને તેનો દેશ નિકાલ થયો. સોમ પાછો સાકેત નગરમાં આવ્યો. સુરપ્રિય યક્ષની ઉપાસના કરવા લાગ્યો. પહેલા ઉપવાસે જ યક્ષ સુરપ્રિયે પ્રસન્ન થઈ જમણા હાથની જેમ તેને ડાબા હાથથી ચિતરવાનું વરદાન આપ્યું. સોમ પૂર્વની જેમ ડાબા હાથથી કલાકૃતિનું નિર્માણ કરવા લાગ્યો.

गच्छउ दूरं आरुहउ गिरिवरं विसउ विसमविवरेसु ।
आराहउ अमराई लिहिआ अहिअं न हु तहावि ॥

ખરેખર ભાગ્યમાં જે નિર્માયુ હોય તેની જ પ્રાપ્તિ થાય છે, પછી ભલેને દૂર દૂર ચાલ્યા જાવ, પર્વતની ટોચે પહોંચી જાવ, ગિરિની ગુફામાં સંતાઈ જાવ કે દેવોને પ્રસન્ન કરો.

ડાબા હાથે કલાકૃતિનું નિર્માણ કરવાનું વરદાન મળતા તેને મનમાં વિચાર આવ્યો કે હું તો નિરપરાધી હતો. છતાં પણ નિષ્કારણશત્રુ એવા શતાનીક રાજાએ મને પરેશાન કરી મૂક્યો. આ રાજાને તેની દુશ્ચેષ્ટાનું ફળ મારે બતાવવું પડશે. આવો વિચાર કરીને એક ચિત્રપટ ઉપર મૃગાવતી રાણીનું સુંદર ચિત્ર દોર્યું. આ ચિત્ર ચંડપ્રદ્યોત રાજાને બતાવ્યું. ચંડપ્રદ્યોત રાજા રાણી મૃગાવતીના રૂપને જોઈને આભો જ બની ગયો. અરે! શું આ કોઈ દેવાંગના છે કે કામદેવની પટ્ટરાણી રતિદેવી છે કે પછી કિન્નરી છે?

ચિત્રકારે રાજાને જણાવ્યું કે રાજાજી આ ચિત્ર દેવી, રતિ કે કિન્નરીનું નથી પણ આ તો માનવલોકની સ્ત્રીનું છે. રાજાએ તેની ચિત્રકળાની ઘણી પ્રશંસા કરી.

આ પ્રશંસા સાંભળી સોમે કહ્યું, 'મહારાજા! મારી કળા તો કાંઈ જ નથી. રાણીનું રૂપ તો આ ચિત્ર કરતા પણ ચઢીયાતું છે. મેં તો રાણીનું રૂપ જોયું છે અને આ ચિત્ર બનાવ્યું છે જ્યારે પ્રજાપતિ તો ખરેખર નિપુણ ચિત્રકાર છે. કારણકે વિધાતાએ તો બીજી કોઈ રૂપવતી સ્ત્રીને જોયા વિના જ આ અનુપમ સૌંદર્યવતી શતાનીક રાજાની અગ્રમહિષી મૃગાવતીનું સર્જન કર્યું.'

ચંડપ્રદ્યોતરાજા સ્ત્રીઓમાં અત્યંત આસક્ત હતો. મૃગાવતીના અનુપમ રૂપસૌંદર્યને સાંભળીને તેને પોતાના કુલનું અભિમાન વિસરાઈ ગયું. નીતિ અને મર્યાદા છોડવા તૈયાર થઈ ગયો. ચિત્રકારને સત્કારીને રજા આપી.

મૃગાવતી રાણીમાં આસક્ત બનેલા ચંડપ્રદ્યોત રાજાએ દૂતને સમજાવી કોશાંબી નગરી મોકલ્યો. દૂતે જઈને શતાનીક રાજાને ચંડપ્રદ્યોતનો આદેશ સંભળાવ્યો. ચંડપ્રદ્યોત રાજાનો આદેશ છે કે તમારી આ સુંદર પત્ની મૃગાવતી રાણીને આજે જ તમે મોકલી આપો. નહીં આપો તો યુદ્ધ માટે તૈયાર રહેજો.

દૂત દ્વારા ચંડપ્રદ્યોતનો આદેશ સાંભળી શતાનીકે કહ્યું, 'હે દુષ્ટ દૂત! તારો આ રાજા તો નીતિ ભ્રષ્ટ થયો છે અને અનુચિત બકવાટ કરે છે, તો પણ તારા માટે આ

બોલવું કેટલું યુક્ત છે ?

अप्रवृत्तिगतं भूपं, छन्दोवृत्त्या स्तुवन्ति ये।
लक्ष्मीहृतिकृतोपायाः शत्रवस्ते न मन्त्रिणः ॥
किं भिच्चो सोऽवि न जो नियपहुणो उप्पहं पवन्नस्स ।
नियबुद्धिघणरसेणं अवजसपंसुं उवसमेइ ॥

પોતાનો રાજા અનુચિત પ્રવૃત્તિ કરતો હોય, છતાં પણ તેની પીઠ થાબડીને સ્તુતિ કરવામાં આવે તો સ્તુતિ કરનારા તેના મંત્રીઓ નથી, પણ તેઓ રાજાના ધનભંડારને લૂંટી લેવા માટે કોઈક ઉપાય કરનારા શત્રુઓ છે.

પોતાના સ્વામી ઉન્માર્ગ ગામી બન્યો હોવા છતા પણ જેઓ પોતાની બુદ્ધિ રુપ મેઘજળથી સ્વામીની અપયશરૂપી ધૂળને દબાવી દેતા નથી તેઓને સેવક કહેવાય ખરા?

દૂત ! વધારે તો તને શું કહું ? અયોગ્ય રીતે બોલતા તારો વધ જ કરવો જોઈએ, પણ આમ કરવાથી મારી નૈતિકતાનો નાશ થાય, આથી જ હું તારો વધ કરતો નથી.'

શતાનીક રાજાએ આ રીતે તિરસ્કાર કર્યો. સેવકો પાસે તેને ધક્કા મરાવી નગરના ખાળમાં નખાવ્યો. ખાળમાંથી બહાર નીકળીને ચંડપ્રદ્યોત રાજા પાસે ગયો. શતાનીક રાજાએ તેની સાથે જે વર્તન કર્યું તેને એવી રીતે વધારીને કહ્યું, જેથી કરીને ચંડપ્રદ્યોતનો ક્રોધ આસમાને પહોંચવા લાગ્યો. તેણે પોતાની સેનાને સાવધાન કરી. અસંખ્ય હાથી, ઘોડા, રથ અને યોદ્ધાઓથી વિશાળ સૈન્ય તૈયાર કર્યું અને ૧૪ મુગટબદ્ધ રાજાની સાથે ચંડપ્રદ્યોતે કૌશાંબી તરફ પ્રયાણ આરંભ્યુ. કૌશાંબી તરફ ચંડપ્રદ્યોત તેજ ગતિથી આવવા લાગ્યો. યમરાજ જેવો ચંડપ્રદ્યોત આવી રહ્યો છે આવી જાણ થતાં પોતાનું સૈન્ય અલ્પ હોવાથી અતિસાર રોગને કારણે શતાનીક મૃત્યુ પામ્યો.

મારા રૂપને ધિક્કાર થાઓ. મારા રૂપને કારણે જ મારા સ્વામીનાથ મૃત્યુ પામ્યા. પુત્ર ઉદાયન હજી નાનકડો બાળક છે. આ સમયે મારી ઉપર મોત ઝળુંબી રહ્યું છે. જો હું ચંડપ્રદ્યોતનો સ્વીકાર કરું તો ચારેબાજુ મારો અપયશ ફેલાય અને અનુચિત આચરણ કરવાથી પરલોકમાં દુઃખો સહેવા પડે. આ વિકટ પરિસ્થિતિમાં કપટ કરીને મારે કાલક્ષેપ કરવો પડશે.

तो पढियं तो गुणियं तो मुणियं तो अ वेइओ अप्पा ।
आवडियपिल्लियामंतिओवि ज जइ न कुणइ अकज्जं ॥

ક્યારેક અચાનક અકાર્યનું નિમિત્ત આવી પડે, અકાર્ય કરવા માટે કોઈક પ્રેરણા કરે અથવા તો કોઈક આમંત્રણ આપે છતાં પણ અકાર્ય થાય જ નહિ તો જ ભણેલું, ગણેલું કે જાણેલું સાચું છે અને તો જ આત્મા જાણ્યો છે એમ કહી શકાય.

वरिसित्ता अमियरसं सक्करिय वत्थमाइणा धरिउं ।

तलदोरेण सकज्जं मइमं कुज्जो कुलालुव्व ॥

જેમ કુંભાર પાણી છાંટતો જાય, કપડું ફેરવતો જાય અને તળીયાની દોરીથી ચાકડા ઉપર ઘટને કાપતો જાય, આ જ રીતે બુદ્ધિશાળી મધજરતી મીઠી વાણીનો વરસાદ વરસાવી, વસ્ત્ર આદિથી સત્કાર કરી, આધાર અને આશ્વાસન આપી પોતાનું કામ કરી લે છે.

મૃગાવતી રાણીએ ઘણો વિચાર કરીને દૂત દ્વારા ચંડપ્રદ્યોતને કહેવડાવ્યું, 'મહારાજા ચંડપ્રદ્યોત! શતાનીક રાજા તો ચાલ્યા ગયા છે, હવે તો તમે જ મારા આધાર છો. બીજું તો ઠીક છે, પણ પુત્ર ઉદાયન હજુ બહુ નાનો છે. જો હું તેને મૂકીને આવી જાઉં તો સીમાડાના દેશના રાજાઓ તેને મારી નાખે અને રાજ્યનું શું થાય?'

'મૃગાવતી રાણી! તમારા પુત્રનો મારા જેવો રક્ષણહાર હોય તો પછી કોણ એવો બહાદુર તમારા પુત્રનું કાંઈ બગાડી શકે?'

'સ્વામિનાથ! તમારી વાત બિલકુલ સાચી છે પણ જ્યારે સીમાડાના રાજાઓ કૌશાંબીનગર ઉપર આક્રમણ કરશે ત્યારે તમે દૂર રહીને શું કરી શકશો? જ્યારે સાપ ઓશીકા ઉપર આવી ગયો હોય અર્થાત કરડ્યો છે ત્યારે સો યોજન દૂર બેસેલો વૈદ્ય શું કરી શકવાનો છે ?'

'તો પછી રાણી! હવે એટલું જ કહેને કે હવે મારે તને મેળવવા શું કરવાનું?'

અંતે મૃગાવતીએ દૂત દ્વારા ચંડપ્રદ્યોત રાજાને કહેવડાવ્યું કે રાજન! કોશાંબી નગરીનું સમારકામ કરાવો.

'દૂત! શું સમારકામ કરાવવું છે.'

'રાજન! ઉજ્જૈનીની ઈંટો બહુ મજબૂત છે. ઉજ્જૈનીની ઈંટો લાવીને મોટો કિલ્લો બનાવો.' દૂતની આ વાત રાજાએ સ્વીકારી લીધી.

पुरिसो मयणविहुरिओ पत्थिज्जंतो मणप्पियजणेण ।
किं किं न देइ कि किं करेइ नहु लहु असज्जंपि ॥

જ્યારે પોતાની પ્રેમપાત્ર વ્યક્તિ માંગણી કરે છે ત્યારે કામના બાણથી પીડાતો માણસ પોતાનું બધું જ આપી દે છે અને જે શક્ય ન હોય તેવું કામ પણ કરી લે છે.

મૃગાવતીની ઈચ્છા પૂરી કરવા માટે ચંડપ્રદ્યોત રાજાએ ચૌદે રાજાના સૈન્યને ઉજ્જૈનીથી કૌશાંબીનગર સુધી ગોઠવી દીધું. એક સૈનિક બીજા સૈનિકને આપે, બીજો ત્રીજાને આપે એ રીતે મનુષ્યોની પરંપરા દ્વારા ઉજ્જૈનીની ઈંટોને કૌશાંબી લાવી હિમાલય જેવો ઉત્તુંગ કિલ્લો બાંધ્યો.

કિલ્લો બંધાયા પછી ફરી મૃગાવતીએ ચંડપ્રદ્યોતને કહ્યું, 'કિલ્લો તો બંધાઈ ગયો પણ ધાનના ભંડાર વિના શું કામનો?'

ચંડપ્રદ્યોતે તરત જ ધનધાન્ય, વસ્ત્ર આદિ દ્વારા કૌશાંબીને ભરી દીધી. સાચે જ

આશાના પાશમાં સપડાયેલ જીવ શું શું નથી કરતો?

કહ્યું છે કે- નच्चंति य गायंति य चवंति दीणं कुणंति चारूणि ।
आसाविवसा जीवा विडंबणं किं न पावंति ॥
दुहखाणी सुहअगणी पावलया दोसआयरा जा सा ।
सग्गापवग्गनयरप्पवेसलोहग्गला निबिडा ॥
आसाइ जो पहुत्तं देइ स दासत्तमप्पणोऽवस्सं ।
इय सव्वऽणत्थमूला परिहरियव्वा सया आसा ॥

આશાથી બંધાયેલા જીવો નાચે છે, ગાય છે, દયામણો થઈ વિનવણી કરે છે, બીજાને સારું લગાડવા મીઠું મીઠું બોલે છે. ખરેખર આ આશાપરવશ જીવો એવી કઈ વિડંબના નથી કે જેને પામતા નથી.

આશા દુઃખની ખાણ છે, સુખ માટે અગ્નિ જેવી છે, પાપની વૃદ્ધિ કરનારી લતા સમાન છે, દોષની ખાણ છે, સ્વર્ગ અને મોક્ષનગરના પ્રવેશદ્વારની અર્ગલા સમાન છે.

જે આશાને સ્વામી બનાવે છે તે આશાના દાસ બની જાય છે. આમ બધાં જ અનર્થોની ખાણ સમાન આશાનો હરહંમેશ ત્યાગ કરવો જોઈએ.

કૌશાંબી નગરીને ચારે બાજુ મોટો કિલ્લો બની ગયો અને કિલ્લાની અંદર વિપુલ સામગ્રીનો સંગ્રહ થઈ ગયો એટલે કૌશાંબીને ઘેરો ઘાલવાથી પણ જીતી ન શકાય એવી દુર્જય નગરી બની ગઈ. મૃગાવતી રાણી ચતુર હતી. તરતજ તેણે કૌશાંબીના દ્વાર બંધ કરાવી દીધા. કિલ્લાની ઉપર સૈનિકો ગોઠવી દીધા. ચંડપ્રદ્યોત મૃગાવતીની આગળ મૂર્ખ ઠર્યો.

उशना वेद यच्छास्त्रं, यच्च वेद बृहस्पतिः ।
स्वभावादेव तत्सर्वं, स्त्रीणां बुद्धौ प्रतिष्ठितम् ॥

દાનવોના ગુરુ શુક્ર અને દેવોના ગુરુ બૃહસ્પતિની પાસે જે શાસ્ત્રોનું જ્ઞાન છે, તે સઘળુ જ્ઞાન જન્મતાની સાથે જ સ્ત્રીઓમાં રહેલું હોય છે.

ચંડપ્રદ્યોત રાજા મૂર્ખ બનવાથી વિલખો પડ્યો હતો. તેણે કૌશાંબીનગરીની ચારેબાજુ સખત ઘેરો ઘાલ્યો. સંસારના આવા સ્વરૂપથી વિરક્ત થયેલી મૃગાવતી એક રાત્રે વિચારતી હતી કે જ્યાં સૂર્ય સમા તેજસ્વી વીર પ્રભુ ભવ્યજીવો રૂપી કમળોને બોધ પમાડી રહ્યા છે એવા ગામ, આકર, નગર, ખેડ, કર્બટ, મડંબ, દ્રોણ મુખ આદિ ધન્ય બન્યા છે. તેઓ ધન્યવાદને પાત્ર છે તેઓ પુન્યશાળી છે, તેઓ કૃતાર્થ છે અરે! તેઓ તો ત્રણે જગતને પૂજનીય છે જેઓએ દુઃખમય આ સંસારનો ત્યાગ કરીને બાલ્યાવસ્થામાં જ સંયમવ્રતને સ્વીકાર્યો છે. જેઓ વૈરાગ્ય સ્વરૂપ તીખી તલવારથી મોહના બંધનને કાપી નાંખે છે અને પ્રિય વ્યક્તિને પ્રાપ્ત કર્યા વિના જ મહાસત્ત્વને

ફોરવી દીક્ષાનો અંગીકાર કરે છે તથા સતત જન્મ અને મૃત્યુની શ્રેણિથી ભયંકર ભાસતા સંસારને દેખીને જેઓ વૈષયિક સુખોને વિષની જેમ ફેંકી દે છે તેઓ ભાગ્યશાળી છે. મારો એવો પુણ્યોદય જાગે અને પ્રભુ મહાવીર પધારે તો હું પ્રભુ પાસે મોક્ષને આપનાર એવી દીક્ષાને સ્વીકારીશ.

એવું કયું વર્ષ, માસ, પખવાડીયું, દિવસ,તિથિ, નક્ષત્ર, પ્રહર કે મુહૂર્ત હશે કે જેમાં હું દીક્ષિત બનીશ? આ પ્રમાણે મૃગાવતી રાણી બાકી રહેલી રાત્રિને શ્રાવકજનને યોગ્ય એવા સુંદર મનોરથોને સેવતી પસાર કરે છે.

આફત આવી પડે તો પણ તેમાં જે મુંઝાતો નથી અને પોતાના આનંદને છોડતો નથી તેની ઉન્નતિ થાય છે એવું જાણે સૂચવતો હોય તેમ સૂર્ય ઉદય પામ્યો.

રાત્રિએ મૃગાવતી રાણીએ પ્રભુ મહાવીરના આવવાના મનોરથો સેવ્યા અને એ મનોરથો તરત જ ફળ્યા. **પ્રભુ વીર** મારી, વેર, યુદ્ધ, દુર્બુદ્ધિ, દુર્ભિક્ષ, રોગ અને ઈતિ આદિ ઉપદ્રવોને સવાસો યોજન સુધી શમાવતા કૌશાંબી નગરીમાં પધાર્યા. **ચંદ્રાવતાર** ઉદ્યાનમાં પ્રભુજી આવ્યા. જાણે દિવસના ઉદયે સૂર્યથી અનુસરાતા ન હોય તેવું ભામંડલ પ્રભુની પાછળ શોભતું હતું.

પ્રભુને સમવસરેલા જાણી મૃગાવતી રાણી નગરની બહાર નીકળી. પ્રભુને વંદન કરીને બેઠી. ચંડપ્રદ્યોત રાજા પણ આવીને પ્રભુને સ્તવવા લાગ્યો. ('જય શ્રી સર્વસિદ્ધાર્થ'. આ સ્તોત્ર દ્વારા સ્તુતિ કરી.)

રાજા દ્વારા પ્રભુની સ્તવના થયા બાદ પ્રભુની દેશનાનો પ્રારંભ થયો. એક યોજન પ્રમાણ સમવસરણની ભૂમિમાં કરોડો મનુષ્યો, દેવતાઓ અને તિર્યંચો બેઠા હતા. સહુ પોતપોતાની ભાષામાં સમજી શકે એવી તથા એક યોજન સુધી સંભળાય તેવી સુંદર વાણીથી, કર્મના નાશથી થયેલા અતિશયથી પ્રભુ દેશના આપવા લાગ્યા.

વીરપ્રભુની દેશના

"સંસારી જીવો સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દ આ પાંચે વિષયમાં આસક્તિ વાળા છે. વિષયોની આ લાલસા જીવોને વિરતિમાં આળસુ બનાવે છે અને અંતે વધ, બંધ, છેદ તથા મરણ આદિ કષ્ટોને પામે છે. આ લોકમાં પાંચ પ્રકારના વિષયસુખોની ઈચ્છાથી પરવશ જીવો વિષયની વિરતિથી પ્રાપ્ત થતાં સાચા સુખને મેળવી શકતા નથી અને સંસારમાં વારંવાર ભટક્યા જ કરે છે."

વૈરાગ્યને જગાડનારી, કર્ણને માટે અમૃતની નીક સમાન અને સ્વર્ગના માર્ગ સ્વરૂપ દેશનાનું દાન જ્યારે પ્રભુ કરી રહ્યા હતા તે જ સમયે એક માણસ ત્યાં આવ્યો. તેણે ધનુષ્યને હાથમાં ધારણ કર્યું હતુ. ધનુષ્ય ઉપર બાણ ચઢાવેલું હતું. તેની ભુજા વિશાળ હતી. ક્રોધાવેશને કારણે તેનું આખુ શરીર પરસેવાથી નીતરતું હતું. પ્રભુની પાસે આવીને મસ્તક નમાવી મનથી જ પ્રશ્ન પૂછ્યો. પ્રભુવીરે તેને કહ્યું કે ભાઈ! તું

તારો પ્રશ્ન વચનથી બોલ. તે માણસે 'યા સા' આટલો નાનો પ્રશ્ન પૂછ્યો. પ્રભુએ પણ 'સા સા' એટલો ટૂંકો જ જવાબ આપ્યો.

ગૌતમસ્વામીને સંશય તથા કૌતુક થયું. તેમણે પ્રભુને નમસ્કાર કરીને પૂછ્યું, 'પ્રભુ! ભય અને કૌતુક કરનાર આ કોણ છે? આ મનુષ્યે હાથમાં પ્રચંડ અને ભયંકર ધનુષ્યને ઉપાડ્યું છે એટલે ભયંકર લાગે છે અને વૈરાગ્ય ભાવ ધારણ કરી વિનયથી પૂછે છે ત્યારે આશ્ચર્ય ઉત્પન્ન થાય છે.'

આ સાંભળી ચંદ્ર જેવી શ્વેત દંતપંક્તિથી અંધકારને નાશ કરતા પ્રભુ બોલ્યા, 'વત્સ! આ બધો તો સંસારનો વિલાસ છે. વિષયાધીન બનેલા પુરુષોની કેવી વિડંબના થાય છે તે સાંભળ...

યા સા સા સા (અનંગસેન સોનીની કથા)

ચંપા નામે નગરી છે. અનંગસેન નામનો સોની આ નગરીમાં વસે છે. તે કોઈપણ રુપાળી કન્યાને જુએ એટલે ૫૦૦ સુવર્ણ મુદ્રાથી તેને ખરીદી લે છે. અનંગસેને પોતાની સ્ત્રીઓ માટે તિલક આદિ ૧૪ આભૂષણો બનાવ્યાં, પરંતુ તે એકવાર પણ આભરણો પહેરવા આપતો નથી. સ્ત્રીઓ પરની ઈર્ષ્યાને કારણે તે પોતાના ઘરથી બહાર ક્યાંય જતો નથી અને બીજા માણસોને પોતાના ઘરમાં આવવા પણ નથી દેતો. એક દિવસ મિત્ર તેને બળજબરીથી ઘરની બહાર લઈ ગયો. આવો અવસર મળતાની સાથે જ ૫૦૦ સ્ત્રીઓએ આભૂષણોથી શણગાર સજ્યા અને દર્પણ લઈ આનંદ પ્રમોદ કરવા લાગી. સોની ઘરે આવ્યો. તેને ખ્યાલ આવી જતા એક સ્ત્રીને ઘણોજ માર માર્યો. સ્ત્રી મરી ગઈ.

બીજી સ્ત્રીઓને વિચાર આવ્યો કે અમારો પતિ અમારી પણ આ જ હાલત કરશે. આથી બધી સ્ત્રીઓએ એકસાથે ૪૯૯ અરીસાના ઘા કર્યા અને સોનીને મારી નાખ્યો. પતિ તો મરી ગયો, પણ ૪૯૯ સ્ત્રીઓ પસ્તાવા લાગી, અરેરે પતિને મારવાથી અમારી શી દશા થશે? બીજુ તો ઠીક લોકો પણ અમારી નિંદા કરશે. બધી સ્ત્રીઓએ મહેલના બારણા બંધ કર્યા. પસ્તાવો કરતી આ સ્ત્રીઓ બળી મરી અને અકામનિર્જરાથી મરીને એક પર્વતમાં તેઓ ચોર તરીકે જન્મી. અનંગસેને પહેલા જેને મારી હતી તે તિર્યંચગતિમાં જન્મી અને પછીના ભવમાં બ્રાહ્મણપુત્ર તરીકે થઈ. અનંગસેન સોનીએ, તિર્યંચગતિમાં ભવોમાં ભટકી, બ્રાહ્મણપુત્રની બેન તરીકે ભવ મેળવ્યો.

એક દિવસ બેન રડવા લાગી. તેના ભાઈનો હાથ ગુહ્યભાગમાં અડતા તે શાંત થઈ ગઈ. પછી તો હંમેશ તે આમ કરતો જ રહ્યો. બહેન સાથેની ભાઈની આવી ચેષ્ટાઓની જાણ તેના પિતાને થતા તેને ઘરની બહાર કાઢી મૂક્યો. તે ભટક્તો ભટક્તો ચોરોના પર્વતમાં પહોંચ્યો. પલ્લીપતિ બન્યો. તેની બેન પણ સ્વચ્છંદી બની ગઈ હતી.

રખડતી રઝળતી આ બાળા એક ગામમાં આવી. ચોરોના કહેવાથી પલ્લીપતિ તે બાળાને પલ્લીમાં લઈ આવ્યો. બીજી પણ એક સ્ત્રી પલ્લીમાં લાવવામાં આવી. પલ્લીપતિની બહેન આ સ્ત્રીને મારી નાખવા માટે અવસર જોવા લાગી.

એક વખત ચોરો ધાડ પાડવા ગયા. ત્યારે પલ્લીપતિની બહેન નવી સ્ત્રીને કુવા પર લઈ ગઈ અને કહ્યું, 'અલી જો તો ખરી, આમાં શું દેખાય છે.' તે ભોળવાઈ ગઈ અને કૂવામાં જોવા લાગી. કૂવામાં જોતી તેને ધક્કો માર્યો. તે સ્ત્રી કૂવામાં પડી ગઈ.

ચોરો ધાડ પાડીને આવ્યાં. તે સ્ત્રી નહી દેખાતા ચોરોએ તેને પૂછ્યું ત્યારે તે બોલી 'તમે તમારી વ્હાલીને કેમ સાચવતા નથી?' તેણીની આ વાત સાંભળી ચોરોને ખ્યાલ આવી ગયો કે ચોક્કસ બિચારી એ સ્ત્રીને આણે જ મારી નાખી છે.

નવી સ્ત્રીને મારનારી આની આવી ખરાબ ચેષ્ટાને જોઈને આ પલ્લીપતિને મનમાં સંશય ઉત્પન્ન થયો કે આ પાપિણી મારી બહેન તો નહી હોય ને? તે પોતાની શંકાનું નિવારણ કરવા માટે મને સર્વજ્ઞ જાણીને અહીં આવ્યો છે. તે પોતાના સંશયને મને મનથી પૂછતો હતો. મેં તેને મોઢેથી પૂછવા માટે કહ્યું, તેણે શરમના માર્યા 'या सा' એવો નાનો જ પ્રશ્ન પૂછયો અને મેં પણ તેને 'सा सा' એટલો નાનો જ જવાબ આપ્યો. પ્રભુ વીરે આખી ઘટનાનું રહસ્યોદ્‌ઘાટન કર્યુ.

'હે ગૌતમ! કેવો છે આ સંસાર! સંસારમાં આસક્ત બનેલા જીવો વિરતિના આનંદને પામી શકતા નથી અને ભયંકર વિડંબના પામે છે.'

પ્રભુની આ દેશના સાંભળી સભાનો રાગ ઓગળવા લાગ્યો. પલ્લીપતિ પણ સંવેગથી ભાવિત બન્યો અને પ્રભુ પાસે દીક્ષિત બન્યો.

'વિષભક્ષણ કરતાં વિષયો ભયંકર છે. વિષ ભક્ષણ કરવાથી આ ભવમાં જ દુઃખદાયી મરણ પ્રાપ્ત થાય છે જ્યારે વિષયભોગ તો શું? પરંતુ વિષયોનું શ્રવણ, દર્શન, સ્પર્શન, સ્મરણ તથા વિષયો સામે આવવા માત્રથી અનેક ભવોમાં મરણની પીડા આપવાવાળા બને છે.' વિષયોનું આવું સ્વરૂપ સમજાવી ૪૯૯ ચોરોને મુનિ બનેલા પલ્લીપતિએ ધર્મ પમાડ્યો અને બધાએ દીક્ષા ગ્રહણ કરી.

૫૦૦ ચોરો સાધુ ભગવંત બન્યા. આ અવસરે મૃગાવતી રાણીએ પ્રભુવીરને વિનંતી કરી, 'ચંડપ્રદ્યોતરાજા મને જો અનુજ્ઞા આપે તો મારે દીક્ષા ગ્રહણ કરવી છે'. અવંતિપતિને પણ તેણે વિનંતિ કરી કે રાજન, તમે આજ્ઞા આપો તો મારે પણ દીક્ષા સ્વીકારવી છે. ચંડપ્રદ્યોત રાજા પણ સભાની શરમથી મૃગાવતીને રોકી ન શક્યો અને દીક્ષા લેવાની અનુજ્ઞા આપી. રાણીએ પોતાનો પુત્ર ઉદયન રાજાને સોંપી દીધો. મૃગાવતી રાણીએ ચંડપ્રદ્યોત રાજાની અંગારવતી આદિ આઠ અગ્રમહિષીઓ સાથે દીક્ષા સ્વીકારી.

પ્રભુજીએ નૂતનદીક્ષિતોને હિતશિક્ષા આપી અને ચંદનબાળા સાધ્વીજીને સોંપ્યા.

ત્યારબાદ ભવ્યજીવોના મનને આનંદિત કરનારા પ્રભુએ અન્યત્ર વિહાર કર્યો. પ્રભુના પ્રભાવથી રાજા ચંડપ્રદ્યોતનું વેર ચાલ્યું ગયું અને કૌશાંબી નગરીમાં બાળક ઉદાયનને રાજગાદી ઉપર બેસાડી ઉજ્જૈની તરફ રાજાએ પ્રયાણ કર્યું.

ચંડપ્રદ્યોત રાજાનું આ દૃષ્ટાંત પ્રસંગોચિત હોવાથી અહીં કહ્યુ છે, બાકી આ દૃષ્ટાંત કહેવાનું પ્રયોજન તો આચાર્ય પરંપરાના દૃષ્ટાંત ભૂત પુરુષ પરંપરા છે. જેમ પુરુષોની પરંપરાથી અવંતી નગરીમાંથી ઈંટો કૌશાંબી સુધી લાવવામાં આવી તે રીતે આચાર્ય ભગવંતોની પરંપરાથી પ્રભુવીરના મુખમાંથી નીકળેલું શ્રુતજ્ઞાન અહીં સુધી આવ્યું છે. આ આચાર્ય ભગવંતોની પરંપરા આ પ્રમાણે છે.

ભગવાન મહાવીરસ્વામીની પાટ પરંપરા

(૧) સુધર્મા સ્વામી (૨) જંબૂસ્વામી (૩) પ્રભવ સ્વામી (૪) શય્યંભવસૂરિ (૫) યશોભદ્રસૂરિ (૬) સંભૂતિ વિજય (૭) ભદ્રબાહુ સ્વામી (૮) સ્થૂલભદ્રજી (૯) આર્ય મહાગિરિ (૧૦) સુહસ્તી સૂરિ (૧૧) ગુણસુંદરસૂરિ (૧૨) કાલકગુરુ (૧૩) સ્કંદિલાચાર્ય (૧૪) રેવતીમિત્ર (૧૫) ધર્મસૂરિ (૧૬) ભદ્રગુપ્તસૂરિ (૧૭) શ્રી ગુપ્તસૂરિ (૧૮) વજ્રસ્વામી (૧૯) આર્યરક્ષિત સૂરિ (૨૦) દુર્બલિકાપુષ્યમિત્ર (૨૧) વજ્રસેન (૨૨) નાગહસ્તી (૨૩) સિંહસૂરિ (૨૪) નાગાર્જુન (૨૫) ભૂતદિન્ન (૨૬) કાલકાચાર્ય (૨૭) સત્યમિત્ર (૨૮) હારિલસૂરિ (૨૯) જિનભદ્ર ગણિ ક્ષમાશ્રમણ (૩૦) ઉમાસ્વાતિ વાચક (૩૧) પુષ્પમિત્ર (૩૨) સંભૂત (૩૩) માઢર આર્ય સંભૂત (૩૪) ધર્મઋષિ (૩૫) જ્યેષ્ઠાંગ ગણિ (૩૬) ફલ્ગુમિત્ર (૩૭) ધર્મઘોષસૂરિ ઈત્યાદિ ગણધર ભગવંતો, કેવલી ભગવંતો, ચૌદ પૂર્વધરો, નવપૂર્વધરો આદિ યુગપ્રધાન આચાર્ય ભગવંતોની પરંપરા વડે આ શાસ્ત્ર અમારા ગુરુ સુધી આવ્યું છે.

આ ચૈત્યવંદનાદિ અનુષ્ઠાન સૂત્રથી, અર્થથી અને ક્રિયાવિધિથી આચાર્ય પરંપરામાં આવ્યું એવી ઉપરોક્ત સર્વ વાત આવશ્યક ચૂર્ણિમાં કહેલી છે.

આવશ્યક ચૂર્ણિ- इयं पसंगेण वन्नियं, अत्थ इट्ठगपरंपरएण अहिगारो, एस दव्वपरंपरओ, एएण भावपरंपरओ साहिज्जइ, जहा वद्धमाणसामिणा सुहंमस्स, जंबू नाम अम्ह वायणायरिया आणुपुव्वी कमपरिवाडीए आगयं सुत्तओ अत्थओ करणओ य ।

ચંડપ્રદ્યોત રાજા તથા મૃગાવતી રાણીનું આ દૃષ્ટાંત પ્રસંગથી કહ્યું, પણ અહીં મનુષ્યની પરંપરાથી ઈંટ આવી તેનો અધિકાર છે. આ પુરુષોની પરંપરા દ્રવ્ય પરંપરા છે. આ દ્રવ્યપરંપરા કહીને ભાવ પરંપરા કહેવી છે. વર્ધમાન સ્વામીએ સુધર્માસ્વામીને, સુધર્માસ્વામીએ જંબૂસ્વામીને અને યાવત્ અમારા વાચનાચાર્ય સુધી ક્રમે કરીને ચૈત્યવંદનાદિ ચાલ્યું આવ્યું છે. આ અનુષ્ઠાન સૂત્રથી, અર્થથી અને ક્રિયાથી આવ્યું

છે. અર્થાત્ ક્રિયા પણ પરંપરામાં આવી છે.

આ દૃષ્ટાંતનો ઉપનય : ચાર પ્રકારનો શ્રમણસંઘ ચારદ્વાર વાળો કિલ્લો છે. ઉત્તમ જ્ઞાન-દર્શન-ચારિત્ર એ ધન ધાન્ય અને વસ્ત્ર સ્વરૂપ છે. ભવ્યજીવો મૃગાવતી સમાન છે. ચંડપ્રદ્યોતના ઘેરામાંથી બચાવનાર મહાવીર પ્રભુ સમાન વિશુદ્ધ ચરણનૃપ છે. મૃગાવતીના સૌભાગ્ય અને લાવણ્યના સ્થાને મૂળગુણો તથા ઉત્તરગુણો છે. ચિત્રકાર સમાન કલિયુગ છે. ચંડપ્રદ્યોત રાજા સમો મોહનૃપ છે. નવ નોકષાય, મિથ્યાત્વ અને ૪ કષાયો રાજા જેવા છે. મૃગાવતી ચંડપ્રદ્યોતના ભયથી કિલ્લામાં રહી અને પોતાનું શીલ પાળ્યુ તેમ મોહરાજાનો ભય રાખી ચાર પ્રકારના સંઘમાં રહી ધર્મની આરાધના કરો. જેમ પ્રદ્યોતરાજાની અનુજ્ઞા મળતા ઉજ્જૈનીથી ૧૦૦ યોજન દૂર આવેલ કૌશાંબી સુધી એક હાથથી બીજા હાથમાં, બીજા હાથથી ત્રીજા હાથમાં એ રીતે સૈનિકોએ ઈંટ લાવી છે તેમ પ્રભુ વીરથી યુગપ્રધાન આચાર્ય ભગવંતોએ ચૈત્યવંદનાદિ વિધિને સૂત્રથી, અર્થથી અને ક્રિયાથી લાવી છે. **ઈતિ આચાર્ય પરંપરામાં ઉજ્જયિની પુરુષેષ્ટકા દૃષ્ટાંત સમાપ્ત.**

ચૈત્યવંદન ભાષ્યના આરંભમાં જ ગ્રંથની પીઠિકા સ્વરૂપ મંગલ, વિષય આદિનો નિર્દેશ કરવામાં આવ્યો છે. શ્રોતાઓ આ પ્રસ્તુત ગ્રંથના શ્રવણ આદિમાં સ્થિરતા રાખી શકે માટે મંગલ-વિષય આદિનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

પહેલી ગાથામાં એમ કહેવામાં આવ્યું કે ચૈત્યવંદનાદિ એ કાયમ કરાતું અનુષ્ઠાન છે. આથી સંઘની આચારવિધિ સ્વરૂપ આ ચૈત્યવંદન આદિ ને કહીશ.

આ ચૈત્યવંદન-ગુરુવંદન-પચ્ચક્ખાણ આદિ વિધિમાં ચૈત્યવંદનની વિધિને શા માટે પ્રાથમિકતા આપવામાં આવે છે તેનું સમાધાન આપતા કહે છે કે -

साहूण गिहत्थाण य सव्वाणुट्ठाणमूलमक्खायं ।
चिइवंदणमेव जओ ता तम्मि वियारणा जुत्ता ॥

સાધુ ભગવંતોના તથા શ્રાવકોનાં બધાં જ અનુષ્ઠાનોના મૂળ સ્વરૂપે ચૈત્યવંદનને કહેવામાં આવ્યું છે. આ કારણેજ ચૈત્યવંદનની વિચારણા પ્રથમ કરવી તે અત્યંત ઉચિત છે.

બીજું આવશ્યક ચૂર્ણિમાં પણ કહ્યું છે કે 'सामाइयठिएहिवि चउवीसं थवेयव्वं' સામાયિકમાં પણ ચતુર્વિંશતિ સ્તવ (લોગસ્સ) બોલવો જોઈએ. આ વચનોને અનુસારે ભાષ્યકાર મહર્ષિ ચૈત્યવંદનની વિધિને પહેલા કહેવાની ઈચ્છાવાળા શાસ્ત્રના મુખ સ્વરૂપ ચાર ગાથાઓને કહે છે. આ ચાર ગાથામાં મુખ્ય ૨૪ દ્વાર બતાવવામાં આવ્યા છે.

૨૪ દ્વારની ગાથા:-

दहतिग ॥१॥ अहिगमपणगं ॥२॥ दुदिसि ॥३॥ तिहुग्गह ॥४॥ तिहा उ वंदणया

॥૫॥ પણિવાય ॥૬॥ નમુક્કારા ॥૭॥ વણ્ણા સોલસ ય સીઆલા ॥૮॥ ઇગસીઇસયં તુ પયા ॥૯॥ સગનઉઈ સંપયા ॥૧૦॥ ઉ પણ દંડા ॥૧૧॥ બાર અહિગારા ॥૧૨॥ ચઉવંદણિજ્જ ॥ ૧૩॥ સરણિજ્જ ॥૧૪॥ ચઉહ જિણા ॥૧૫॥ ચઉરો થુઇ ॥૧૬॥ નિમિત્તટ્ઠ ॥૧૭॥ બારસ હેઉ અ ॥૧૮॥ સોલ આગારા ॥૧૯॥ ગુણવીસ દોસ ॥૨૦॥ ઉસ્સગ્ગમાણ ॥૨૧॥ થુત્તં ॥૨૨॥ ચ સગવેલા ॥૨૩॥ ॥૮॥ દસ આસાયણચાઓ ॥૨૪॥ એવં ચિઇવંદણાઇ ઠાણાણિ । ચઉવીસ દુવારેહિં દુસહસા હુંતિ ચઉસયરા ॥૫॥

ગાથાર્થ :- દશત્રિક-૧, પાંચ અભિગમ-૨, બેદિશિ-૩, ત્રણ અવગ્રહ-૪, ત્રણ પ્રકારે વંદના-૫, પ્રણિપાત-૬, નમસ્કાર-૭, ૧૬૪૭ વર્ણ-૮, ૧૮૧ પદો-૯, સત્તાણું સંપદાઓ-૧૦, પાંચ દંડકો-૧૧, બાર અધિકારો-૧૨, ચાર વંદના કરવા યોગ્ય-૧૩, સ્મરણ કરવા યોગ્ય-૧૪, ચાર પ્રકારના જિનેશ્વરો-૧૫, ચાર સ્તુતિઓ-૧૬, આઠ નિમિત્તો- ૧૭, બાર હેતુઓ- ૧૮, સોળ આગારો- ૧૯, ઓગણીસ દોષો- ૨૦, કાઉસગ્ગનું પ્રમાણ- ૨૧, સ્તવન- ૨૨, સાતવેળા- ૨૩, દશ આશાતનાઓનો ત્યાગ-૨૪. આ ચોવીસ દ્વારોને આશ્રયીને ચૈત્યવંદનમાં સર્વે સ્થાનો બે હજાર ચુમ્મોતેર (૨૦૭૪)છે.

ટીકાર્થ :- (૧) દશત્રિક : આ પ્રથમ દ્વારમાં દશત્રિક સામાન્યથી બતાવ્યા છે. સાધુ અથવા શ્રાવક જ્યારે જિનાલયમાં બહુમાન પૂર્વક પ્રવેશ કરે ત્યારથી લઈને નિસીહિ ત્રિક આદિ પ્રણિધાન પર્યંતની ચૈત્યવંદનની મુખ્ય વિધિઓ આ દશત્રિક દ્વારા બતાવવામાં આવશે. **દશત્રિક** નામના પ્રથમ દ્વારમાં દશત્રિકના ૩૦ સ્થાનો છે. અર્થાત નિસીહિ ત્રિક આદિ દશત્રિકો છે. દહતિગ આદિ ગાથામાં વિભક્તિનો લોપ પ્રાકૃત વ્યાકરણના અનુસારે જાણવો.

(૨) પાંચ અભિગમ : જિનાલયમાં સમૃદ્ધ વ્યક્તિએ અને ઋદ્ધિ વિનાના શ્રાવકોએ કેવી રીતે પ્રવેશ કરવો તે આ દ્વારમાં બતાવવામાં આવશે. ચૈત્ય પ્રવેશ વિધિનું નામ જ અભિગમ છે. આ અભિગમ પાંચ પ્રકારનો છે. 'સચિત્ત દવ્વમુજ્ઝણ' આ ગાથા દ્વારા પાંચ અભિગમ બતાવવામાં આવશે.

(૩) દુદિસિ : જિનાલયમાં પ્રવેશ નિસીહિત્રિક આદિ વિધિ પૂર્વક કર્યો. ત્યારબાદ ભાવપૂજા, દ્રવ્યપૂજા આદિ કરવાની ઈચ્છાવાળા પુરુષે અથવા સ્ત્રીએ કયી દિશામાં ઉભા રહીને પૂજા કરવી? સ્ત્રીએ વંદના આદિ વિધિમાં ડાબી દિશામાં રહેવું અને પુરુષે જમણી દિશામાં રહેવું ઉચિત છે. આ વિધાન 'વંદંતિ જિણે દાહિણ' ગાથા દ્વારા બતાવવામાં આવશે.

(૪) ત્રણ પ્રકારનો અવગ્રહ: ડાબી અને જમણી દિશામાં જિનેશ્વર પ્રભુથી કેટલા દૂર ઊભા રહીને વંદન કરવું? એ સૂચવવા માટે દિશા પછી અવગ્રહ નામનું

દ્વાર કહેવામાં આવશે. આ અવગ્રહના ત્રણ પ્રકાર છે- જઘન્ય, મધ્યમ તથા ઉત્કૃષ્ટ જિનેશ્વર પ્રભુનું મૂળબિંબ અર્થાત્ મૂળનાયક અને ચૈત્યવંદનની જગ્યા આ બંને વચ્ચેના અંતરને અવગ્રહ કહેવામાં આવે છે. 'નવકર જહન્નુ સટ્ઠી કર' ગાથામાં ત્રણ પ્રકારનો અવગ્રહ બતાવવામાં આવશે.

(૫) ત્રણ પ્રકારની ચૈત્યવંદના: અવગ્રહમાં રહી કેટલા પ્રકારની ચૈત્યવંદના કરવી, તે પ્રકારને બતાવવા માટે અવગ્રહ પછી ચૈત્યવંદનાના પ્રકાર બતાવવામાં આવશે. ચૈત્યવંદનાના ત્રણ પ્રકાર છે- જઘન્ય, મધ્યમ તથા ઉત્કૃષ્ટ. ચૈત્યવંદના શબ્દને અહીંયા વંદના શબ્દથી કહેવામાં આવ્યો છે. 'ભામા સત્યભામા' જેમ સત્યભામાને ભામા કહેવાય છે તેમ ચૈત્યવંદનાને વંદના શબ્દથી કહેવાય છે. 'નવકારેણ જહન્ના' આ ગ્રંથ દ્વારા ચૈત્યવંદનાના પ્રકાર બતાવવામાં આવશે. 'તિહા ઉ વંદણયા' અહીંયા તુ શબ્દ એક વિશેષતા બતાવે છે કે ચૈત્યવંદના અન્ય ગ્રંથોમાં નવ પ્રકારે બતાવી છે. એ પ્રમાણે અવગ્રહના પણ બાર પ્રકાર અન્ય શાસ્ત્રમાં બતાવ્યા છે. આ ચૈત્યવંદનના નવ પ્રકાર અને અવગ્રહના બાર પ્રકાર આગળ બતાવવામાં આવશે.

(૬) પ્રણિપાત દ્વાર : ચૈત્યવંદના પ્રણિપાત પૂર્વક કરાય છે, આથી છટ્ઠુ દ્વાર પ્રણિપાત નામનું કહેશે. પ્રણિપાતનો અર્થ પ્રણામ થાય છે. પાંચ અંગથી કરાતો ઉત્કૃષ્ટ પ્રણામ પ્રણિપાત સ્વરૂપ છે. અષ્ટાંગ પ્રણામ પ્રણિપાત તરીકે ગ્રહણ નથી કરવાનો કારણકે આ અષ્ટાંગ પ્રણામની શાસ્ત્રમાં પ્રસિદ્ધિ નથી. 'પણિવાઓ પંચંગો' આ ગાથા દ્વારા પંચાગ પ્રણિપાતનું કથન કરવામાં આવશે.

(૭) નમસ્કાર દ્વાર : પંચાંગ પ્રણિપાત કર્યા પછી પ્રથમ નમસ્કાર કરવા જોઈએ. આથી સાતમું દ્વાર નમસ્કાર દ્વાર છે. જિનેશ્વર પ્રભુના ગુણોનું ગાન જેમાં કરવામાં આવે છે તે મંગલ શ્લોકને નમસ્કાર કહેવામાં આવે છે. પુરુષોને આશ્રયી ઉત્કૃષ્ટથી ૧૦૮ શ્લોક બોલાય છે. 'સુમહત્થ નમુક્કારા' ગાથાથી નમસ્કાર દ્વારનું વર્ણન કરવામાં આવશે.

(૮) વર્ણદ્વાર : નમસ્કાર વર્ણમય છે માટે આઠમું દ્વાર વર્ણદ્વાર છે. અથવા કોઈપણ ચૈત્યવંદનાદિ ક્રિયાઓમાં અક્ષરો ઓછા કે વધારે ન બોલવા જોઈએ. અક્ષરો ઓછા બોલાય કે વધુ બોલાય, આ બંનેમાં દોષ લાગે છે. **आगम** પણ છે- अहिए कुणालक्खणो हीणे विज्जाहरदिट्ठंता । बालाउराण भोयणभेसज्जविवज्जओ उभए॥

અક્ષરમાં અધિક્તા કરવાથી કુણાલ અંધ બન્યો અને અક્ષર ઓછા બોલવાથી વિદ્યાધર વિદ્યા ભ્રષ્ટ થવાથી આકાશમાંથી નીચે પડ્યો. હીનાતિરિક્ત ઉભય બોલવામાં બાળરોગીને આહાર ઔષધ બંનેમા વિપર્યય થયો. આ ત્રણ દૃષ્ટાંતો ઓછા, વધુ અને ઉભયના દૃષ્ટાંતો છે.

સૂત્રમાં અક્ષરો ઓછા બોલાય છે કે વધુ બોલાય છે તેનો ખ્યાલ સૂત્રોમાં કેટલા

વર્ણો છે એવું જ્ઞાન હોય તો જ સંભવે છે માટે આઠમું વર્ણદ્વાર કહેવામાં આવે છે. 'वण्णा सोल सय सियाला' ગાથાથી વર્ણની સંખ્યા બતાવશે. સામાન્યથી ચૈત્યવંદનમાં નવકાર-ખમાસમણ આદિ નવ સ્થાનોમાં બીજી વખત નહિ બોલાયેલા અને અવશ્ય કહેવા યોગ્ય ૧૬૪૭ વર્ણો છે, નવકાર, ખમાસમણ, ઈરિયાવહિયા, શક્રસ્તવ, ચૈત્યસ્તવ, નામસ્તવ, શ્રુતસ્તવ, સિદ્ધસ્તવ અને પ્રણિધાન ત્રિકમાં અનુક્રમે ૬૮,૨૮,૧૯૯,૨૯૭,૨૨૯, ૨૬૦,૨૧૬,૧૯૮ અને ૧૫૨ અક્ષરો છે. આ નવે સ્થાનના કુલવર્ણો ૧૬૪૭ છે. બધા જ ધર્મોનું મૂળ નમસ્કાર છે. આવું જણાવવા માટે નવકારમંત્ર આદિના વર્ણોની સંખ્યાની ગણતરી કરવામાં આવી છે. પદ અને સંપદાની ગણતરીમાં પણ આ રીતે જ સમજવું.

(૯) પદદ્વાર : વર્ણોના સમુદાયથી પદો બને છે માટે વર્ણ પછી પદદ્વારનું વર્ણન કરવામાં આવ્યું છે. 'ઈગસીઈ સયં તુ પયા' આ ગાથા દ્વારા પદોનું વર્ણન કરવામાં આવશે. સામાન્યથી નવકાર આદિ સાતસ્થાનોમાં ૧૮૧ પદો છે. 'ઈગસીઈ સયં તુ પયા' અહીંયા તુ શબ્દ એક વિશેષતાને જણાવે છે. અહીંયા સાત સ્થાનોમાં ૧૮૧ પદો બતાવ્યાં છે. ખમાસમણ સૂત્ર અને જે અ અઈયા સિદ્ધા ગાથામાં પણ પદો છે. તો પણ બહુશ્રુત આચાર્ય ભગવંતોએ આ પદોની ગણતરી૧૮૧માં કરી નથી. ખમાસમણ આદિના સર્વ પદ અને સંપદાઓમાં કોઈપણ કારણ વિચારીને પૂર્વાચાર્યોએ ગણ્યા નથી. તેનું અનુસરણ કરીને ગ્રંથકારે પણ અહીંયા એ પદોની ગણતરી ૧૮૧ પદોમાં કરી નથી. લઘુભાષ્યમાં પણ ૧૮૧ પદો બતાવ્યા છે. નવકાર, ઈરિયાવહિયા અને શક્રસ્તવ આદિમાં ૯,૩૨,૩૩,૪૩,૨૮,૧૬,૨૦ પદો છે. કુલ પદો ૧૮૧ છે. પદોની ગણતરી કરતી વખતે ઉપર જે કારણ બતાવ્યું તે કારણ બીજા સ્થાનોએ પણ પદોને ઓછાવત્તા ગણવામાં જાણવું. જેમકે સવ્વલોએ- સુઅસ્સ ભગવઓ- વેયાવચ્ચગરાણં સંતિગરાણં સમ્મદિટ્ઠિ સમાહિગરાણં- એ પાંચ પદોના વર્ણ ગણ્યા છે, પરંતુ સંપદાઓ ગણી નથી. માટે પદો પણ નથી ગણવાના.

(૧૦) સંપદાદ્વાર : બે ત્રણ આદિ પદોથી સંપદાઓ થાય છે. આથી પદ દ્વાર પછી સંપદાદ્વાર કહેવામાં આવ્યું છે. જ્યાં અર્થની સમાપ્તિ થાય છે તેને સંપદા કહેવાય છે અથવા જેનાં દ્વારા અર્થ સંગતિ થાય છે તેને સંપદા કહેવાય. 'સગનઉઈ સંપયાઉ' પદ દ્વારા ૯૭ સંપદા બતાવી છે. નવકાર, ઈરિયાવહિયા, શક્રસ્તવ આદિ સાત સ્થાનોમાં ૮,૮,૯,૮,૨૮,૧૬,૨૦, સંપદાઓ છે. કુલ ૯૭ સંપદાઓ છે. ઈગસીઈ સયં તુ પયા, અહીંયા તુ શબ્દ એક વિશેષ અર્થનો દ્યોતક છે. તે આ પ્રમાણે - આમ તો જ્યાં અર્થની સમાપ્તિ થતી હોય તેને સંપદા કહેવાય, પણ લોગસ્સમાં એવું નથી. અર્થાત લોગસ્સની સંપદા દ્વારા વિશેષ અર્થનું જ્ઞાન થતું નથી તો પણ સામાન્ય અર્થનો બોધ થાય છે અર્થાત સામાન્ય આકાંક્ષા શાંત થાય છે તેથી પદસંગતિ થાય છે આ

કારણથી અને બીજું 'પાયસમા ઉસાસા' સંપદાઓ પદ સમાન ગણવામાં આવી છે. આ વચનને અનુસારે લોગસ્સની સંપદામાં સંપદાપણુ ઘટી શકે છે.

(૧૧) પાંચ દંડકદ્વાર : સામાન્યથી સંપદાઓ દંડક આદિમાં રહેલી છે. આથી અગીયારમું દ્વાર પાંચ દંડક છે. પાંચે દંડકો શાસ્ત્રમાં કહેલ મુદ્રા રાખીને અસ્ખલિત પણે બોલાય છે માટે દંડ સમાન સીધા છે(તથા બીજા સૂત્રોની અપેક્ષાએ લાંબા છે) તેથી તેને દંડક કહેવાય છે. નમુત્થુણં આદિ પાંચ દંડક છે. 'પણ દંડ સક્કત્થય' આ ગાથા દ્વારા પાંચ દંડકો બતાવવામાં આવશે. અહીંયા પાંચ દંડકનો અધિકાર છે તે ચૈત્યવંદનના જ લેવાના છે. પણ અન્ય કોઈના નહી, કારણકે અહીંયા ચૈત્યવંદન ભાષ્યમાં ચૈત્યવંદનાનો જ અવસર છે. તેથી પાંચ દંડકો ચૈત્યવંદનના જ લેવાના છે. અહીંયા દંડક આદિ દ્વાર ચૈત્યવંદનના લેવામાં આવ્યા છે તે રીતે અધિકારી આદિ દ્વારો પણ ચૈત્યવંદનના જ લેવાના છે.

(૧૨) બાર અધિકાર દ્વાર : પાંચ દંડકમાં એક બે આદિ અર્થાધિકારો છે. આ અધિકારો કેટલા અને કયા કયા છે તે બાર અધિકારમાં જણાવવામાં આવશે. અધિકાર એટલે વિષય. અર્થાત્ દંડકના ઉચ્ચારણ સમયે ભાવ અરિહંત આદિ બાર વિષયોનું આલંબન લેવામાં આવે છે. આ બાર અધિકારો પાંચ દંડકમાં હોય છે. 'દો ઈગ દો દો પંચય' આદિ પદો દ્વારા બાર અધિકારોનું વર્ણન કરવામાં આવશે.

(૧૩) ચાર વંદનીય : અધિકારી હોય તો જ અધિકારો કહી શકાય. જેમ આધેય ન હોય તો આધાર પણ ન હોઈ શકે. ઘી નથી તો ઘીનો ઘડો એમ ન કહી શકાય. આમ, અધિકાર દ્વારનું વર્ણન કર્યા બાદ અધિકારી દ્વારનું વર્ણન કરવામાં આવે છે. અધિકારી એટલે વંદનાનું આલંબન. આ અધિકારીના બે ભેદ છે. વંદનીય અને સ્મરણીય. પહેલા વંદન કરવા યોગ્યનું સામાન્યથી ગ્રહણ કરવામાં આવ્યું છે. જિનેશ્વર આદિ ચારે વંદનયોગ્યને આ વંદનીય દ્વારથી ગ્રહણ કરવામાં આવ્યા છે. વંદનીય એટલે જેઓ પ્રણામ આદિ પૂજાને યોગ્ય છે, એવો અર્થ છે. 'ચઉવંદણિજ્જ જિણમુણિસુયસિદ્ધ' આ પરથી ચાર વંદનીય બતાવવામાં આવશે.

(૧૪) સ્મરણીય દ્વાર : અધિકારીમાંથી જ વંદનીય બતાવ્યા હવે સ્મરણીય નો અવસર છે. અહીંયા સરણિજ્જના ત્રણ અર્થ છે- (૧) સ્તવવા યોગ્ય (૨) સ્મરણ કરાવવા યોગ્ય (૩) સારણા યોગ્ય. (૧) જ્યારે સંઘમાં ક્ષુદ્ર ઉપદ્રવો આવી પડે છે ત્યારે દેવમાં રહેલા ગુણોની પ્રશંસા કરવાની છે, સ્તવના કરવાની છે અને તેના ગુણોના ધ્યાન દ્વારા તેમની ઉપબૃંહણા કરવાની છે. (૨) અથવા આ દેવો પ્રમાદમાં પડ્યા હોય અને તેમને કરવા જેવું વેયાવચ્ચનું કામ ભૂલાઈ ગયું હોય ત્યારે સંઘના કાર્યોનું સ્મરણ કરાવવું (૩) અથવા સારણા કરવી. જૈનશાસનની પ્રભાવના થાય તેવા કાર્યોમાં તેમને જોડવા.

સ્મરણીયદ્વારના અધિકારી તરીકે સમ્યગ્દૃષ્ટિ દેવો જ લેવા, કારણકે આ દેવોનું જ સ્મરણ યોગ્ય છે. અરિહંતોને સ્મરણીય તરીકે નથી લેવાના. તેમનો તો વંદનીય દ્વારમાં સમાવેશ થઈ ગયો છે તથા સ્મરણીયોનું સ્મરણ કરવું તેવા ઉપદેશ દ્વારા સ્મરણ કરાવનારા છે, આમ અરિહંતાદિ સ્મરણીય તરીકે ગ્રહણ નથી કરેલા. 'સુરા ય સરણિજ્જ' પદ દ્વારા દેવતા સ્મરણીય છે તેવું બતાવાશે.

(૧૫) ચાર પ્રકારના જિનેશ્વરો : વંદનીય દ્વારમાં સામાન્યથી અધિકારીઓ બતાવ્યા છે. હવે આ અધિકારીઓનું સ્વરૂપ વિશેષ પ્રકારે બતાવવાં માટે આ દ્વાર કહે છે અથવા વંદનીય તરીકે જિનઆદિનું ગ્રહણ કર્યું છે પણ આ જિનેશ્વર ભગવંતોના પ્રકાર કેટલા છે તે બતાવવા માટે આ દ્વાર બતાવ્યું છે. જેમને રાગદ્વેષ આદિ આંતરશત્રુઓને જીતી લીધા તેમને જિન કહેવાય છે. 'ચઉહ જિણા નામ' ગાથા દ્વારા નામ-સ્થાપના-દ્રવ્ય અને ભાવથી જિનના ચાર પ્રકાર બતાવાશે.

(૧૬) ચાર સ્તુતિ : જિનેશ્વર આદિની સ્તવના સ્તુતિ આદિ દ્વારા થાય છે. માટે 'જિન' દ્વાર પછી સ્તુતિ દ્વાર બતાવવામાં આવ્યું છે. સંપૂર્ણ ચૈત્યવંદનમાં ચૂલિકા રૂપ ચાર થોયો બોલવાની છે. ચૈત્યવંદનમાં અરિહંત ચેઈયાણં અને ૧ નવકારનો કાઉસગ્ગ કર્યા પછી પહેલી સ્તુતિ બોલવાની છે. ત્યારબાદ લલિત વિસ્તરા નામની ચૈત્યવંદન સૂત્રની ટીકા તથા આવશ્યક ચૂર્ણિ આદિના અનુસારે ત્રણ થોયો કહેવાની છે. આ ત્રણ સ્તુતિ લોગસ્સ ઉજ્જોગરે, પુક્ખરવર દીવઢ્ઢે અને સિદ્ધાણં બુદ્ધાણં રૂપ નામ સ્તુતિ, શ્રુત સ્તુતિ અને સિદ્ધસ્તુતિ ના ત્રણ દંડકના કાયોત્સર્ગ પછી અર્થાત એક એક કાઉસગ્ગ પછી એક એક સ્તુતિ કહેવાની છે.

'ઉસ્સગ્ગે પારિયમ્મિ થુઈ' આવા આવશ્યક નિર્યુક્તિના વિધાનને અનુસારે સ્તુતિ કાઉસ્સગ્ગ પાર્યા પછી બોલવાની છે. આ સિદ્ધાંત બરાબર પણ છે કારણકે કાઉસ્સગ્ગ ચાર છે તેમ સ્તુતિ પણ ચાર છે. તેથી કાઉસ્સગ્ગ પાર્યા પછી સ્તુતિ બોલવી. સ્તુતિમાં અરિહંતાદિના પ્રસિદ્ધ ગુણોની સ્તવના કરવામાં આવી છે.

કાઉસ્સગ્ગ પછી તરત બોલાતી આ સ્તુતિઓ ચૂલિકા રૂપે છે. આ સ્તુતિઓ ને અધ્રુવ કહેવા પાછળનું કારણ એ છે કે અત્યારના પ્રચલિત થોય જોડામાંથી બધી સ્તુતિઓનો ધ્રુવ પાઠ થતો નથી. (પરંતુ તિથિ અને ચૈત્યના અનુસારે ભિન્ન ભિન્ન બોલાય છે.) આમ, આ સ્તુતિઓ અધ્રુવ સ્તુતિ છે. વળી, સમૂહમાં સાથે ચૈત્યવંદન કરાતું હોય ત્યારે આ સ્તુતિ બધાયે બોલવાની નથી, પણ એક જ વ્યક્તિ બોલે છે માટે પણ આ સ્તુતિ અધ્રુવ છે.

આ ચાર સ્તુતિને ચૂલિકા સ્તુતિ કહેવામાં આવે છે, કારણકે 'ઉસ્સગ્ગે પારિએ નમો અરિહંતાણં' આ વચનને અનુસારે ચૈત્યસ્તવઆદિના ચારે કાઉસ્સગ્ગને પારવા માટે કાઉસ્સગ્ગને અંતે આ ચારે સ્તુતિ બોલવાની હોય છે. આ રીતે સ્તુતિઓને

ચૂલિકા સ્તુતિ કહેવાય છે. બીજા ભાષ્યોમાં પણ આ જ રીતે કહેવામાં આવ્યું છે તથા ક્રિયાવિધિમાં પણ આ જ પ્રમાણે પરંપરા ચાલી આવે છે.

'आगयं आणुपुव्वीए - कम्मपरिवाडीए सुत्तओ अत्थओ करणओ य' સૂત્રથી, અર્થથી અને ક્રિયાવિધિમાં આ જ પરંપરા ચાલી આવી છે એવું આવશ્યક ચૂર્ણિકારે પણ કહેલું છે. બહુ શ્રુત આચાર્ય ભગવંતોની આચરણમાં પણ આ પ્રમાણે છે. અહીંયા આ બધું સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારવું.

આ ચારે સ્તુતિઓ ક્રમશઃ મૂળનાયક ભગવાન, સર્વ તીર્થંકરો, આગમ અને સમ્યગ્ દેવતાની કરવી. 'अहिगय जिण पढम थुई' આ ગાથાથી તે બતાવવામાં આવશે.

(૧૭) નિમિત્તદ્વાર : કાઉસ્સગ્ગ કર્યા પછી સ્તુતિ બોલવાની હોય છે, એ સ્તુતિ દ્વારમાં કહ્યું, પણ કાઉસ્સગ્ગ શા માટે કરવાનો હોય છે. એવું તેનું ફળ બતાવવા માટે નિમિત્ત દ્વાર બતાવે છે. કાઉસ્સગ્ગના આઠ નિમિત્તો છે. અર્થાત્ ચૈત્યવંદન સંપૂર્ણ કરે તો પાપનાશ આદિ આઠ ફળોની પ્રાપ્તિ થાય છે. 'पावखवणत्थमिरियाई' પદો દ્વારા આ વાતને આગળ જણાવવામાં આવશે.

અહીંયા ઈરિયાવહિયાના કાઉસ્સગ્ગનું ફળ બતાવ્યું છે તેજ એમ જણાવે છે કે ઈરિયાવહિયા પૂર્વક જ ચૈત્યવંદન પૂર્ણ થાય છે, અન્યથા ચૈત્યવંદન અધૂરું છે. તેમજ ઈરિયાવહિયાના કાઉસ્સગ્ગના હેતુ, કાઉસ્સગ્ગનું પ્રમાણ તથા ઈરિયાવહિયાના સૂત્રોનું વર્ણન આદિ પણ તે જ જણાવે છે.

(૧૮) બાર હેતુ : આઠ ફળ મેળવવા માટે કાઉસ્સગ્ગ કરવાનો છે એ નિમિત્ત દ્વારમાં કહેવામાં આવ્યું, પણ કારણ વિના કાર્ય થતું નથી. જેમ બીજ ન હોય તો અંકુરો ફૂટતો નથી. તેમ કાઉસ્સગ્ગનું કારણ ન હોય તો કાઉસ્સગ્ગ રૂપ કાર્ય થતું નથી. આથી કાઉસ્સગ્ગના આઠ ફળ (નિમિત્ત) બતાવ્યા બાદ હવે બાર હેતુ નામનું દ્વાર બતાવવામાં આવ્યું છે. ફળની પ્રાપ્તિમાં યોગ્ય કારણોને હેતુ કહેવામાં આવે છે. તસ્સ ઉત્તરીકરણ આદિ હેતુઓ આગળ બતાવવામાં આવશે. 'बार हेउिअ' - અહીં જે ચ શબ્દ મૂક્યો છે તે જણાવે છે કે આઠ નિમિત્ત અને બાર હેતુમાંથી કેટલાક હેતુઓને કોઈક માને છે તેવી બીજી વાચના છે. આ અન્યવાચના આગળ બતાવવામાં આવશે.

(૧૯) સોળ આગારો : આઠ નિમિત્તો તથા બાર હેતુઓ દ્વારા કરાતા કાઉસ્સગ્ગમાં આગારો (છૂટ) રાખવામાં ન આવે તો કાઉસ્સગ્ગ નિરતિચાર પણે કરી ન શકાય, માટે સોળ આગારો રાખવામાં આવ્યા છે. આગાર એટલે અપવાદ. 'अन्नत्थयाई बारस' ગાથા દ્વારા આ સોળ અપવાદો બતાવવામાં આવશે.

(૨૦) ૧૯ દોષ : કાઉસ્સગ્ગમાં દોષોનું વર્જન કરવું જોઈએ. માટે કાઉસ્સગ્ગ

કરનારે ૧૯ દોષો વર્જવાના હોય છે. 'घोडग लय...' ગાથા દ્વારા આ અઢાર દોષોનું વિવરણ કરવામાં આવશે.

(૨૧) કાઉસ્સગ્ગનું પ્રમાણ : કેટલા સમયનો કાઉસ્સગ્ગ કરવો તે 'ईरि उस्सग्ग पमाणं' ગાથા દ્વારા કહેશે.

(૨૨) સ્તવ દ્વાર : સ્તુતિ બોલવી, સ્તવના કરવી આદિ ચૈત્યવંદનાનું સ્વરૂપ છે. સ્તુતિ ચૈત્યવંદનની મધ્યમાં બોલવામાં આવે છે એટલે સ્તુતિને સોળમાં દ્વારમાં લેવામાં આવી છે. જ્યારે સ્તવન તો ચૈત્યવંદનને અંતે બોલવાનું હોય છે માટે તેને બાવીસમાં દ્વારમાં લેવામાં આવ્યું છે. **आवश्यकचूर्णि**માં પણ કહ્યું છે- चेइआइं वंदिज्जंति, तओ पच्छा संतिनिमित्तं अजियसंतित्थओ परियट्टिज्जइ' - પ્રથમ ચૈત્યવંદન કરવામાં આવે છે અને ત્યારબાદ શાંતિ માટે અજિત શાંતિ સ્તવ બોલવામાં આવે છે. સકળ સંઘમાં પણ આ જ રીતે અજિત શાંતિ બોલવામાં આવે છે. **आवश्यक** વૃત્તિમાં પણ આવો જ પાઠ આપવામાં આવ્યો છે- 'चेइआइं वंदिज्जंति तओ संतिनिमितं अजियसंतित्थओ कड्ढिज्जइ' આમ, ચૈત્યવંદનામાં અંતે અજિતશાંતિ સ્તોત્ર બોલાય છે માટે બાવીશમું સ્તોત્ર દ્વાર બતાવવામાં આવ્યું છે.

ચાર શ્લોકથી વધુ શ્લોક વાળો હોય તેને સ્તોત્ર કહેવાય છે. **व्यवहारचूर्णि**માં પણ કહ્યું છે- चउसिलोगाइपरेणं थओ होइ. ચાર ગાથાથી વધુ ગાથાવાળા સ્તોત્રને સ્તવ કહેવામાં આવે છે. 'गंभीरमहुरसद्दं' પદથી સ્તવન કેવું હોવું જોઈએ તેનું સ્વરૂપ બતાવવામાં આવશે.

'थुतं च सगवेला'- બાવીશમાં દ્વાર 'थुत्तं' ની સાથે જે च જોડવામાં આવ્યો છે તે એક વિશેષતા બતાવે છે કે ભગવાનના ગુણોનું જેમાં વર્ણન કરવામાં આવ્યું હોય તેવા એક બે કે ત્રણ આદિ શ્લોકો જો ચૈત્યવંદનની પૂર્વે બોલવામાં આવે તો તેને મંગળવૃત્ત કે નમસ્કાર (સ્તુતિ) કહેવામાં આવે છે અર્થાત્ એ શ્લોકોને સ્તવન ન કહેવાય.

ભાષ્યમાં પણ કહ્યું છે-

उद्दामसरं वेयालिउव्व पढिउण सुक्इबद्धाइं ।
मंगलवित्ताइं तओ पणिवायथयं पढइ संमं ॥

મંગળપાઠકની જેમ મોટા સ્વરે મંગળવૃત્ત (સ્તુતિ) ગાઈને પ્રણિપાત અને સ્તવન ભણાય છે.

નમસ્કાર એટલે સ્તુતિ, તે ચૈત્યવંદન પહેલા બોલવામાં આવે છે. તેથી જ નમસ્કારનું સાતમું દ્વાર કહ્યું છે. ચૈત્યવંદનમાં કાઉસ્સગ્ગ પછી બોલાય છે તેને રૂઢિથી સ્તુતિ કહેવામાં આવે છે. ચૈત્યવંદનના અંતે સ્તવન બોલવામાં આવે છે. નમસ્કાર, સ્તુતિ અને સ્તવનમાં આદિમાં બોલાયતે નમસ્કાર, મધ્યમાં બોલાય તે સ્તુતિ અને અંતે બોલાય તે સ્તવન. ત્રણે વચ્ચેનો આ જ ભેદ છે. બાકી તો ત્રણેમાં ભગવાનના

ગુણોની સ્તવના જ છે. તેથી ઉપરોક્ત ભેદને કારણે ત્રણે એક સ્વરૂપ બનતા નથી.

આગમમાં પણ નમસ્કાર, સ્તુતિ અને સ્તવન અલગ બતાવ્યા છે. **ઉત્તરાધ્યયન** સૂત્રમાં કહ્યું છે- थयथुइमंगलेणं भंते! जीवे किं जणयइ? थयथुइमंगलेणं नाणदंसण-चरित्ताणि बोहिलाभं च जणयइ, नाणदंसणचरित्तसंपन्ने णं जीवे अंतकिरियं कप्पविमाणोववत्तियं आराहणं आराहेई. (૨૯ અધ્યયન) હે ભંતે! સ્તવ સ્તુતિ અને નમસ્કારથી જીવને શેની પ્રાપ્તિ થાય છે ? હે ગૌતમ! સ્તવ, સ્તુતિ અને નમસ્કાર દ્વારા જ્ઞાન, દર્શન, ચારિત્ર અને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. જ્ઞાન, દર્શન, ચારિત્રની પ્રાપ્તિ થયા બાદ જ્યાં સુધી મોક્ષ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ઉત્તમદેવપણુ પ્રાપ્ત થાય છે અને અંતે મોક્ષની પ્રાપ્તિ થાય છે. આમ, આગમથી પણ સ્તવ, સ્તુતિ અને મંગલ જુદા જુદા છે, એવું સિદ્ધ થાય છે. આ વિષયમાં સૂક્ષ્મબુદ્ધિથી વિચાર કરવો.

(૨૩) સાત વેળા : આ ચૈત્યવંદના દિવસમાં કેટલી વાર સામાન્યથી કરવી જોઈએ તે વિધાન આ દ્વાર બતાવશે. સામાન્યથી પણ દિવસની અંદર સાતવાર ચૈત્યવંદન કરવાનું હોય છે. 'पडिक्कमणे चेईय जिमण' ગાથા દ્વારા ચૈત્યવંદનની સાત વેળા બતાવવામાં આવશે.

(૨૪) દશઆશાતના ત્યાગ દ્વાર : ચૈત્યવંદના કરતી વખતે આશાતનાનો વિશેષ પ્રકારે ત્યાગ કરવો જોઈએ. 'ચેઈયવંદણ મહાભાસ'માં પાંચ આશાતના બતાવવામાં આવી છે. जिणभवणंमि अवण्णा पूयाइ अणायारो तहा भोगो । दुप्पणिहाणं अणुचियपवित्ति आसायणा पंच (૫૯) અવજ્ઞા, અનાદર, ભોગ, દુષ્પ્રણિધાન અને અનુચિત પ્રવૃત્તિ આ પાંચ જિનેશ્વર ભગવાનની આશાતના છે.

બૃહદ્ભાષ્યમાં બતાવેલ અવજ્ઞા આદિ પાંચ આશાતનાઓમાં ત્રીજો ભેદ ભોગ આશાતના છે. અહીંયા બતાવેલ દશ આશાતનાઓનો સમાવેશ ત્રીજી ભોગ આશાતનામાં થાય છે. તંબોલ, પાણી આદિ દશ આશાતનાઓનો જિનાલયમાં પરિહાર કરવો જોઈએ. 'તંબોલ પાણ ભોયણ...' ગાથા દ્વારા દશ આશાતનાનું વર્ણન કરવામાં આવશે.

આ દશ આશાતના ઉપલક્ષણ છે. એથી ૮૪ આશાતનાનું ગ્રહણ થઈ શકે છે અથવા 'तुलादंडन्याय' થી વચ્ચેનું ગ્રહણ કરવાથી આદિ અને અન્તનું પણ ગ્રહણ થાય છે. આ દશ આશાતના ભોગ આશાતનાની અંતર્ગત છે. પાંચ આશાતનામાં ભોગ આશાતના મધ્યમાં છે. આથી ભોગ આશાતનાનું ગ્રહણ કરવાથી પાંચ આશાતનાનું ગ્રહણ થઈ જાય છે. આમ, પાંચ આશાતનાના ગ્રહણથી તેના પેટાભેદ ૮૪ આશાતનાઓનું ગ્રહણ થઈ જાય છે. આ બધું આશાતના દ્વારમાં કહેવામાં આવશે.

ચૈત્યવંદનાના કુલ દ્વાર ૨૪ છે. પ્રથમ ગાથામાં ૮ દ્વાર, બીજી ગાથામાં ૭ દ્વાર, ત્રીજી ગાથામાં ૮ દ્વાર અને ચોથી ગાથામાં ૧ દ્વાર એમ કુલ ૨૪ દ્વારો છે. આ મુખ્ય

દ્વારોના ઉત્તર દ્વારો બે હજાર ને ચુમ્મોતેર છે. ચોત્રીસ દ્વારમાંથી પ્રથમદ્વારમાં ત્રીશ, બીજા દ્વારમાં પાંચ, ત્રીજા દ્વારમાં બે, ચોથા દ્વારમાં ત્રણ, પાંચમાંમાં ત્રણ, છટ્ઠામાં એક, સાતમામાં એક, આઠમામાં સોળસોને સુડતાળીશ, નવમાં દ્વારમાં એકશો એકયાશી, દશમામાં સત્તાણું, અગીયારમામાં પાંચ, બારમામાં બાર, તેરમામાં ચાર, ચૌદમામાં એક, પંદરમામાં ચાર, સોળમામાં ચાર, સત્તરમામાં આઠ, અઢારમામાં બાર, ઓગણીશમામાં સોળ, વીશમામાં ઓગણીશ, એકવીશમામાં એક, બાવીશમામાં એક, ત્રેવીશમામાં સાત તથા ચોવીશમામાં દશ પેટા દ્વારો છે. આ બધા જ દ્વારોનો સરવાળો બે હજારને ચુમ્મોતેર થાય છે.

દહતિગ... આદિ ગાથાઓમાં ૨૪ મુખ્ય દ્વારો અને તેના પેટાભેદોની સંખ્યા કહેવામાં આવી. યથોદ્દેશં નિર્દેશ : ઉદ્દેશ અનુસારે નિર્દેશ કરવામાં આવે છે. તેથી દશત્રિક આદિનો જે ક્રમથી ઉદ્દેશ કરવામાં આવ્યો હતો તે જ ક્રમથી દશત્રિક આદિનું વર્ણન કરવામાં આવશે.

પ્રથમ દશત્રિક નામનું દ્વાર છે. ગ્રંથકાર દશત્રિકના વિવરણ કરવાની ઈચ્છાથી દશત્રિકના પેટા દ્વારોને પ્રાચીન મહર્ષિ પ્રણીત ગાથાઓ દ્વારા બતાવવામાં આવ્યા છે.

દશત્રિકનું વર્ણન

તિન્નિ નિસીહિ ॥૧॥ તિન્નિ ઉ પયાહિણા ॥૨॥ તિન્નિ ચેવ ય પણામા ॥૩॥
તિવિહા પૂયા ય તહા ॥૪॥ અવત્થતિય ભાવણં ચેવ ॥ ૫ ॥ ગાથા-૬
તિદિસિ નિરિક્ખણ વિરઈ ॥૬॥ પયભૂમિપમજ્જણં ચ તિક્ખુતો ॥૭॥
વન્નાઇતિયં ॥૮॥ મુદ્દાતિયં ચ ॥૯॥ તિવિહં ચ પણિહાણં ॥ ૧૦ ॥ ગાથા-૭

(૧) નિસીહિત્રિક

નિસીહિ એટલે જિનાલયમાં ઘર આદિના વ્યાપારનો ત્યાગ કરવો. જિનમંદિર આદિ સ્થાને પ્રવેશતી વેળાએ ત્રણ નિસીહિ કરવાની છે. ગાથામાં ત્રણ નિસીહિ કહ્યું છે, પણ ત્રણ નિસીહિ કરવી એવું અધ્યાહારથી લેવામાં આવ્યું છે.

યશ્ચ નિંબં પરશુના, યશ્ચૈનં મધુસર્પિષા । યશ્ચૈનં ગંધમાલ્યાભ્યાં સર્વત્ર કટુરેવ સઃ ॥ લીમડાને કુહાડીથી છેદવામાં આવે, મધ અને ઘી થી લીંપવામાં આવે તથા સુગંધી દ્રવ્ય અને પુષ્પમાળાથી પૂજા કરવામાં આવે તો પણ લીમડો કડવો રહે છે.

જેમ આ શ્લોકમાં છેદવું, લીંપવુ તેમજ પૂજવું આ ત્રણ ક્રિયાઓ અધ્યાહારથી લેવામાં આવી છે તેમ નિસીહિ કરવી અહીંયા પણ કરવી, ક્રિયા અધ્યાહારથી લેવામાં આવી છે.

(૨) પ્રદક્ષિણા ત્રિક : જિનાલયમાં ત્રણ પ્રદક્ષિણા આપવી. જે ક્રિયામાં જ્ઞાન દર્શન અને ચારિત્ર આ ત્રણ રત્નની પ્રાપ્તિ માટે જિનાલયમાં સર્વદિશા અને વિદિશામાં પ્રકર્ષ પણે ફરતી વખતે પોતાની જમણી બાજુ મૂળનાયક ભગવાન રહે તે ક્રિયાને

પ્રદક્ષિણા કહેવાય.

(૩) પ્રણામત્રિક : મસ્તક આદિથી પૃથ્વી આદિનો સ્પર્શ કરીને નમસ્કાર કરવો. અર્થાત્ અત્યંત નમ્ર બની જવું. આ પ્રણામ અધિક ભક્તિને માટે ત્રણ વખત કરાય છે. તિન્નિ ચેવ ય પણામા - અહીં મૂકેલ एव શબ્દ પ્રણામ એક ન કરવો, પરંતુ ત્રણ પ્રણામ કરવા તેવું જણાવે છે. આગમમાં પણ કહ્યું છે : तिक्खुतो मुद्धाणं धरणितलंसि निवेसेइ : મસ્તકને ત્રણવાર પૃથ્વીમાં નમાવે છે. તેમજ च પણ બે છે. એક च સમુચ્ચયનો વાચક છે અને બીજો च વિશેષણ વાચક છે. તેથી એક અંગ આદિથી પ્રણામ કરતી વેળાએ પણ ભૂમિ, આકાશ અને મસ્તક વગેરેમાં સર્વત્ર મસ્તક, હાથ અને અંજલિ દ્વારા ત્રણ વાર પ્રણામ કરવો એવો અર્થ જાણવાનો છે.

પ્રણામ અને પ્રણિપાત દ્વાર (છઠ્ઠાદ્વાર) માં ભેદ

અહીંયા બતાવામાં આવતું પ્રણામ દ્વાર દશત્રિકમાંનુ ચોથું પેટા દ્વાર છે. પ્રણામ દ્વાર એક અંગ-આદિ દ્વારા નમસ્કાર કરવા સ્વરૂપ છે. પ્રણિપાત દ્વાર પણ નમસ્કાર કરવા સ્વરૂપ છે. તો પણ તે નમસ્કાર પાંચે અંગ નમાવીને કરવામાં આવે છે. આમ, 'पणिवाओ पंचंगो 'પદ દ્વારા કરવામાં આવતું પ્રણિપાત દ્વારનું વર્ણન અયુક્ત ઠરતું નથી.

અહીંયા પ્રણામ ત્રણ રીતે થાય છે. ઉપર બતાવ્યા પ્રમાણે ત્રણ વખત મસ્તક નમાવવું તે પણ પ્રણામ. અથવા ભૂમિમાં ગુડો સ્થાપવો, ભૂમિમાં મસ્તક નમાવીને સ્પર્શ કરવો તથા મસ્તક પર અંજલિ સ્થાપવી આ પણ ત્રણ પ્રકારના પ્રણામ છે. આ પ્રણામ શક્રસ્તવના પાઠની આદિમાં કરવામાં આવે છે. કહ્યું છે- वामं जाणुं अंचेइ ડાબાગુડાને વાળવો.

અથવા બીજી રીતે પણ અંજલિબદ્ધ, અર્ધાવનત અને પંચાંગ નમસ્કાર આ ત્રણ પ્રકારનો પ્રણામ છે. આ પ્રણામનું વર્ણન આગળ બતાવવામાં આવશે.

(૪) પૂજાત્રિક : અંગપૂજા, અગ્રપૂજા તથા ભાવપૂજા આ પૂજાના ત્રણ પ્રકારો છે. પુષ્પ આદિ દ્વારા અંગપૂજા, નૈવેદ્ય આદિ દ્વારા અગ્રપૂજા તથા સ્તુતિ આદિ દ્વારા ભાવપૂજા કરવામાં આવે છે. પૂજાના ત્રણ પ્રકારની સાથે પંચોપચારી, અષ્ટોપચારી અને સર્વોપચારી પૂજા પણ આગળ બતાવાશે.

આગમના અનુસારે આ ત્રણ પ્રકારની પૂજામાં પૂજાના બધા ભેદોનો સમાવેશ થઈ જાય છે. ચૈત્યવંદન ચૂર્ણિમા પણ કહ્યુ છે- तिविहा पूया-पुप्फेहिं निवेज्जेहिं थुईहिं य, सेसभेया इत्थं चेव पविसंति- પુષ્પ, નૈવેદ્ય અને સ્તુતિથી પૂજાના ત્રણ પ્રકાર છે. આ પૂજાના ભેદોમાં પૂજાના બધા જ પ્રકારોનો સમાવેશ થાય છે. આવો અર્થ 'तिविहा पूयाय तहा'માં તથા શબ્દ દ્વારા બતાવવામાં આવ્યો છે અથવા તો 'सयमाणयणे पढमे' ષોડશક આદિમાં અલગ અલગ રીતે પૂજાત્રિક બતાવવામાં આવ્યા છે. (૧)

પોતાના હાથથી ચૂંટીને પુષ્પો લાવવા (૨) બીજાને કહી ઉદ્યાન આદિમાંથી પુષ્પો મંગાવવા. (૩) નંદનવનમાં રહેલા કલ્પવૃક્ષ આદિ ઉત્તમવૃક્ષોના પુષ્પોને મનથી લાવીને પ્રભુજીની માનસિક પૂજા કરવી. આવા ભિન્ન ભિન્ન પૂજાત્રિક ની 'તથા' શબ્દ દ્વારા સૂચના કરવામાં આવી છે. આ પૂજાત્રિક આગળ બતાવવામાં આવશે.

(૫) અવસ્થાત્રિક : છદ્મસ્થાવસ્થા, કેવલિ અવસ્થા અને સિદ્ધાવસ્થા આ ત્રણ અવસ્થાનું પુનઃ પુનઃ ચિંતન કરવું તે અવસ્થાત્રિક છે. 'પરમજ્યોતિ સ્વરૂપ પરમાત્માનું ધ્યાન ધરવું' એ વચનને અનુસારે પિંડસ્થ, પદસ્થ અને રૂપાતીત ધ્યાન માટે આ અવસ્થાત્રિકનું ધ્યાન અવશ્ય કરવું એવો તાત્પર્યાર્થ 'અવત્થતિયભાવણં ચેવ' માં રહેલ એવ શબ્દ જણાવે છે, અને આ રીતે અવસ્થાત્રિકનું પુનઃ પુનઃ ચિંતન કરવાથી પિંડસ્થાદિ ધ્યાન સિદ્ધ થઈ જાય છે. આ પિંડસ્થાદિ ધ્યાનની સિદ્ધિ આ રીતે થાય છે અને રુપસ્થ ધ્યાન પ્રભુજીની પ્રતિમાના દર્શન કરવા માત્રથી પણ સિદ્ધ થાય છે.

કહ્યું છે કે- पश्यति प्रथमं रूपं स्तौति ध्येयं ततः पदैः । तन्मय : स्यात् ततः पिंडे, रूपातीतः क्रमाद् भवेत् ॥ ધ્યાતા પહેલા પ્રભુની પ્રતિમાના રૂપને જુએ છે, ત્યારબાદ શબ્દોથી ધ્યેય સ્વરૂપ પરમાત્માની સ્તવના કરે છે. સ્તવના કરતો કરતો ભક્ત પ્રભુના પિંડમાં એકતાન બની જાય છે અને અંતે આ ધ્યાનના ક્રમે સાધક રુપાતીત બને છે અર્થાત્ દેહાતીત બને છે.

(૫) ત્રિદિશાનિરીક્ષણ વિરતિ : જિનાલયમાં પ્રભુજીના દર્શન વેળાએ ઉપર, નીચે તથા આજુબાજુની દિશામાં જોવાનો ત્યાગ કરવાનો છે. અન્ય દિશામાં દેખવાથી વંદના સમયે અનાદર આદિ દોષો ઊભા થાય છે, આથી જે દિશામાં પ્રભુજીની પ્રતિમા હોય તે જ દિશામાં જોવું. **આગમ :** ત્રણભુવનના એક ગુરુ સમાન એવા જિનેશ્વર પ્રભુની પ્રતિમા ઉપર નયન અને મનને સ્થિર કરીને ચૈત્યવંદન કરવું.

(૭) પગની ભૂમિને ત્રણવાર પ્રમાર્જવી : ચૈત્યવંદન કરતી વેળાએ પગ મૂકતી વખતે જીવરક્ષા માટે સારી રીતે જોઈને પગ સ્થાપનની ભૂમિને ત્રણ વાર પ્રમાર્જવી.

આગમ: जह तिन्नि वाराउ चलणाणं हिट्ठगं भूमिं न पमज्जिज्जा तो पच्छित्तं- જો પગની ભૂમિને ત્રણ વખત ન પુંજવામાં આવે તો પ્રાયશ્ચિત આવે છે.

(૮) વર્ણાદિ ત્રિક : ચૈત્યવંદન કરતી વખતે મનની એકાગ્રતા જળવાઈ રહે માટે અક્ષરોનો સ્પષ્ટ ઉચ્ચાર કરવાનો, અર્થનું સારી રીતે ચિંતન કરવાનું અને પ્રતિમાદિ આલંબનમાં દૃષ્ટિને અત્યંત સ્થિર રાખવાની. વર્ણ, અર્થ અને આલંબન આ વર્ણત્રિકને પોતાના જ્ઞાનના અનુસારે સાચવવાનાં.

(૯) મુદ્રાત્રિક : ચૈત્યવંદનમાં હાથ આદિ અંગોને જે સ્થાને કહ્યા છે તે સ્થાને

રાખવા તેને મુદ્રા કહેવાય. આ મુદ્રા ત્રણ છે. (૧) યોગમુદ્રા (૨) જિનમુદ્રા (૩) મુક્તાશુક્તિ મુદ્રા. સૂત્રોનો જ્યારે ઉચ્ચાર થાય ત્યારે આ મુદ્રા કરાય છે માટે આ મુદ્રાઓ મૂળ મુદ્રા રૂપે છે. આ મુદ્રાઓ કરવાથી સઘળા વિઘ્નો નાશ પામે છે તથા સઘળા ઈચ્છિતોની પ્રાપ્તિ થાય છે.

જેમ મહામાંત્રિક મંત્રનું સ્મરણ કરતો હોય ત્યારે વજ્રમુદ્રા તથા આકૃષ્ટિ મુદ્રા આદિ મુદ્રાઓ અવશ્ય કરે છે તે રીતે ચૈત્યવંદન વેળાએ યોગમુદ્રા આદિ મુદ્રાઓ અવશ્ય કરવી, કારણકે સૂત્રોચ્ચાર અને મુદ્રા વચ્ચે અવિનાભાવ સંબંધ છે અર્થાત્ સુત્રોચ્ચાર હોય ત્યાં મુદ્રા વિના ચાલે જ નહીં. 'थयपाढो होइ जोगमुद्दाए' આ વચનને અનુસારે સ્તવપાઠ યોગમુદ્રાએ કરવાનો છે.

મંત્ર અને વેદ આદિ અન્યસ્થાને સૂત્રપાઠ મુદ્રા પૂર્વક જ કરવામાં આવે છે, તો સઘળા જિનાગમોના સૂત્રો શ્રેષ્ઠ પરમ મંત્ર અને વેદ સ્વરૂપ છે. શાસ્ત્રોમાં પણ જિનાગમને 'कम्मविसपरमंतो' કર્મરૂપી વિષને માટે પરમ મંત્ર સમાન અને 'अट्ठारसपयसहस्सिओ वेओ' 'અઢાર હજાર પદ પ્રમાણનો આગમ વેદ સ્વરૂપ' કહેલો છે. તેથી મંત્ર અને વેદ સ્વરૂપ આ સૂત્રના ઉચ્ચાર વખતે મુદ્રાઓ અવશ્ય કરવી.

અહીં મુદ્રાત્રિકમાં અંજલિ મુદ્રા તથા પંચાંગી મુદ્રા નથી લેવાની, કારણકે અંજલિ મુદ્રા આદિ મુદ્રાઓ પેટા મુદ્રાઓ છે, અનિયત છે, સૂત્રપાઠમાં ઉપયોગી નથી, સૂત્રપાઠના ઉચ્ચાર વેળાએ આ મુદ્રા કરવી એવું વિધાન નથી તથા સૂત્રપાઠની પહેલા તથા પછી બોલાતી હોવાથી માત્ર શિષ્યોને વિશેષ મુદ્રાઓનો બોધ થાય એટલા પૂરતું છે. આમ, આ મુદ્રાઓ પેટા મુદ્રા સ્વરૂપ જ છે. આ બધું જ્ઞપરિજ્ઞાથી જાણવું.

(૧૦) પ્રણિધાનત્રિક : ચૈત્યવંદન સૂત્ર, મુનિવંદન સૂત્ર અને પ્રાર્થનાસૂત્ર આ પ્રણિધાનત્રિક છે. આ પ્રણિધાનત્રિક ચૈત્યવંદનને અંતે કરાય છે.

આગમ સૂત્રમાં 'वंदई नमंसई' ની ટીકા કરતા આ જ-પ્રણિધાનત્રિક કહ્યું છે- વંદઈ એટલે ચૈત્યવંદના દ્વારા પ્રતિમાજીને વંદન કરવા અને નમંસઈ એટલે ચૈત્યવંદનને અંતે પ્રણિધાનાદિ દ્વારા નમસ્કાર કરવા.

દશત્રિકની વિસ્તારથી સમજ

નિસીહિત્રિકનું વર્ણન

घरजिणहरजिणपूयावावारच्चायओ निसीहितिगं ।
अग्गद्दारे १ मज्झे २ तइया चिइवंदणासमये ३ ॥ गाथा-८

ગાથાર્થ : મુખ્ય બારણે, વચમા અને ત્રીજી ચૈત્યવંદન વખતે (અનુક્રમે) ઘરની, જિનમંદિરની અને જિનપૂજાની (દ્રવ્ય) પ્રવૃત્તિના ત્યાગને આશ્રયીને ત્રણ નિસીહિઓ થાય છે.

ટીકાર્થ : પ્રથમ નિસીહિ કરતી વેળાએ ઘરના વ્યાપારનો ત્યાગ કરવાનો છે.

ઘરના ઉપલક્ષણથી દુકાન આદિનું ગ્રહણ કરવાનું છે.

ઘર, જિનમંદિર અને પુષ્પઆદિ દ્વારા પ્રભુની અર્ચના સ્વરૂપ જિનપૂજાનો વ્યાપાર અનુક્રમે નિસીહિત્રિક કરતા ત્યાગ કરવાનો છે. અહીંયા વ્યાપાર-ઘર, જિનમંદિર તથા જિનપૂજાના કાર્યો તથા કારણોની વિચારણા આદિ સ્વરૂપ છે. આ વિચારણા આદિનો ત્યાગ નિસીહિત્રિક કરીને કરવાનો છે.

પ્રથમ નિસીહિ જિનાલયના મુખ્ય પ્રવેશ દ્વારે કરાય છે. મુખ્યદ્વારની આગળની ચોકી- બલાનક મંડપ (જિન ચૈત્યના અગ્રભાગ)માં પ્રવેશ કરીએ ત્યારે આ પ્રથમ નિસીહિ કરીને, બીજી નિસીહિ ગભારાની આદિમાં અને ત્રીજી નિસીહિ ચૈત્યવંદન પહેલા કરવાની હોય છે.

ભાવાર્થ : પ્રથમ નિસીહિ કર્યા પછી જિનાલયની બહારનો વ્યાપાર નિષેધાઈ જાય છે. ઘર અથવા દુકાનને અર્થે કોઈપણ જાતની ખરીદી કે વેચાણ આદિ પાપ કાર્યો હવે ન થઈ શકે.

અગ્રદ્વારમાં કરાતી આ નિસીહિ આગળ કહેવાતા પાંચ અભિગમ પૂર્વક કરવાની છે. જેવી રીતે **ભુવનમલ્લરાજાએ** કરી હતી.

ભાષ્ય : પાંચ પ્રકારનો અભિગમ સાચવી હવે બહારના સંસાર સંબંધી વ્યાપાર નહિ કરીશ આવી ભાવના સાથે અગ્રદ્વારે નિસીહિ કરવી.

પ્રથમ નિસીહિ ત્રણ વખત બોલાય છે. તેના દ્વારા ઘર આદિના મન વચન અને કાયાના વ્યાપારોનો નિષેધ થાય છે. આ ત્રણ પ્રકારના વ્યાપારના નિષેધ માટે જ નિસીહિ ત્રણ વખત બોલાય છે, પરંતુ નિસીહિ એક જ ગણવાની છે.

નિસીહિત્રિકના વિષયમાં ભુવનમલ્લરાજાની કથા

કુસુમપુરી નામની નગરી છે. ઘણા ચતુર પુરુષો અને ઘણા ઈન્દ્ર જેવા પુરુષો વાળી આ નગરી છે. એક જ બૃહસ્પતિ અને એક જ ઈન્દ્રવાળી અમરાવતી કરતા આ નગરી ચઢીયાતી હતી. દેવેન્દ્ર સમા હેમપ્રભ નામના નગરીના રાજા છે. તેમને રંભા નામની રાણી અને ભુવનમલ્લ નામનો પુત્ર છે. ભુવનમલ્લ રણમાં શૂરવીર છે, નયનીતિમાં સૌમ્યતા ધરાવે છે, શત્રુઓની સામે કુટિલ પણ બને છે, શાસ્ત્રમાં પંડિત છે, બુદ્ધિમાં બૃહસ્પતિનો સમોવડીયો છે, નીતિના વિષયમાં વિદ્વાન છે, પાપમાં આળસુ છે.

એક દિવસ રાજા સભામાં બેઠા હતા. દ્વારપાળે આવીને રાજાને વિનંતી કરી, 'હે દેવ! રાજસભાની બહાર એક પુરુષ આપના દર્શન કરવા માટે ઈચ્છે છે. આ પુરુષ પોતાની ઓળખાણ પણ આપતો નથી.'

રાજાએ તે પુરુષને રાજસભામાં આવવા આજ્ઞા આપતા તે હાજર થયો. રાજાએ તેને હસતા હસતા કહ્યું, 'હે કરભ ! તું શા માટે તારી જાતને છૂપાવે છે?' કરભે

નમસ્કાર કરી કહ્યું- લાંબા સમયે દેખવા છતાં મને કેવી રીતે ઓળખી ગયા અને મારું નામ પણ આપને યાદ આવી ગયું?

'કરભ! તું તો મારો ઉપકારી છે. હું તને કેવી રીતે ભૂલી જાઉં ? તેં દિવ્યવિવાહમાં સોનાની પાદુકા સ્થાપી રંભા સાથે મારા લગ્ન કર્યા હતા.' રાજાએ કરભ સાથે વાર્તાલાપ કરી તેને અહીંયા આવવાનું પ્રયોજન પૂછ્યું.

'હે સ્વામી, ઉત્તમ ગુણોને ધારણ કરનારી રત્નમાળા નામની રાજકુમારી છે. શ્રીષેણ રાજા રત્નમાળાના પિતા છે. રત્નમાળાએ પ્રતિજ્ઞા કરી હતી કે જે રાધાવેધ કરશે તે મારો પતિ. રાજાને પોતાની બહેનના પુત્ર ભુવનમલ્લ સાથે રાજકુમારીના લગ્ન કરવાની ઈચ્છા હતી, છતા પણ રત્નમાળાના દીલને ઠેસ પહોંચે તેના માટે પણ રાજા તૈયાર નથી. શ્રીષેણ રાજા ભુવનમલ્લ કુમારની કુશળતાને જાણે છે. તેથી મને અહીંયા મોકલ્યો છે.

તેથી હેમપ્રભ મહારાજા આપ શ્રીષેણ રાજાના મન અને નયનને આનંદિત કરો.'

દૂતની વાત સાંભળી હેમપ્રભ રાજાએ રાજજોશીની સામે જોયું, ત્યારે જોશીએ રાજાને કહ્યું - રાજાજી આજનો દિવસ અતિ ઉત્તમ છે.

બધી જ અનુકૂળતા જોતા રાજા વિચારવા લાગ્યા કે ચોક્કસ ભુવનમલ્લ કુમારની કલ્યાણ પરંપરાઓ આજે સામે આવી છે.

કહ્યું છે- लधूत्थानान्यविघ्नानि, संभवत् साधनानि च।
कथयति पुरः सिद्धिं, कारणान्येव कर्मणाम् ॥ १३ ॥

જ્યારે કાર્યના કારણો સહેલાઈથી ઊભા થઈ જતા હોય, વિઘ્નોનો અભાવ હોય તેમજ કારણોની સાધન સામગ્રી ઉપસ્થિત હોય ત્યારે આ કારણે કાર્યની સિદ્ધિને પહેલાથી જ જણાવે છે.

ભુવનમલ્લને મન, પવન, શુકન તથા પરિવાર આ ચારે અનુકૂળ હોવાથી ચતુરંગસૈન્યની સાથે ચંપાપુરી તરફ પ્રયાણ આદર્યું. ભુવનમલ્લ સિદ્ધાર્થપુરની નજીકમાં પહોંચ્યો ત્યારે રાજાએ સેવકો દ્વારા જણાવ્યું કે તમે ક્ષીરશરવનમાં નિવાસ કરો. કુમારે ક્ષીરશરવનમાં પોતાનો પડાવ નાખ્યો. વનરાજીને જોઈ વિસ્મય પામેલો વનમાં ચારેબાજુ જોવા લાગ્યો. ત્યાંજ તેણે હાથી, ઘોડા, રથ અને સુભટોને પોતાની તરફ આવતા જોયા. કુમારે સિદ્ધાર્થ નગરના રાજાના સેવકોને પૂછયું કે આ શું છે?

'ભુવનમલ્લ કુમાર ! આ કોણ આવી રહ્યું છે તેનો ખ્યાલ અમને નથી, પણ એવું લાગે છે કે શ્રી મૂળદેવ રાજા આવી રહ્યા છે. રાજા મૂળદેવે તમારા આગમનના સમાચાર જ્યારથી સાંભળ્યા છે ત્યારથી તેમને એક ક્ષણ પણ એક વર્ષ જેવડી લાગે છે.' આ વાર્તાલાપ ચાલતો હતો ત્યાં તો દ્વારપાળે આવીને ભુવનમલ્લને જાણ કરી કે સ્વામી! સિદ્ધાર્થપુરના રાજા ગજરાજા ઉપરથી ઉતરીને પગેથી ચાલીને અહીં આવી રહ્યા છે.

ભુવનમલ્લ પણ રાજાની સામે ગયો. કામદેવ કરતા મનોહર રુપવાળા કુમારને દેખી રાજાને મૂર્છા આવી અને ધબ દઈને રાજા નીચે પડ્યા. રાજા મૂર્છિત થતાંની સાથે જ લોકોમાં હાહારવ થવા લાગ્યો. ચંદન આદિના શીતલ ઉપચારો કર્યા અને રાજા જાગૃત થયા. સંભ્રમ સહિત કુમારે પૂછ્યુ - આપને શું થાય છે?

રાજાએ કાંઈ જવાબ ન આપ્યો અને લજ્જાથી આંખો નીચી કરી દીધી, પછી ચંચળનેત્રથી કુમારને જોઈને ડાબા કાનને ખણવા લાગ્યા અને પગના અંગૂઠાથી ભૂમિને ખણવા લાગ્યાં.

આ જોઈને ભુવનમલ્લકુમારે શ્રી શેખરમંત્રીના પુત્ર અને પોતાના મિત્ર સિંહકુમારને પૂછ્યુ કે મિત્ર! આ બધું શું છે? કાંઈ સમજાતું નથી. સિંહે કહ્યું, 'સ્વામી! મને પણ કાંઈ સમજાતું નથી, પણ અહીંથી થોડેક જ દૂર મહાજ્ઞાની અભયઘોષ સૂરિ મહારાજા પધાર્યા છે. ત્યાં આપણે જઈએ.'

'આ અભયઘોષસૂરિ મહારાજ મેરુપર્વતની જેમ સંસારરૂપી સમુદ્રનું મંથન કરનારા છે, શૂરવીરની જેમ દુર્દમ ઈન્દ્રિયોનું દમન કરનારા છે, સૂર્યની જેમ દોષ(દોષા-રાત્રિ) નો નાશ કરવામાં રસિક છે અને જેમ હાર ઉત્તમ દોરાથી પરોવેલો હોય તેમ ઉત્તમ ગુણોના ધારક છે. આ મહાત્મા એણ-પશુઆદિના પરિગ્રહથી રહિત હતા પણ સારંગ-સારભૂત અંગ એટલે આગમોના જ્ઞાતા છે. કરોડો આંતર શત્રુઓ ઉપર વિજય મેળવેલો હોવા છતાં એક સંસારથી જ ભયભીત છે' ભુવનમલ્લકુમારે સિંહની આ વાત સાંભળી મૂળદેવ રાજાની સાથે ત્યાં જઈ આચાર્ય ભગવંતના ચરણ કમળમાં નમસ્કાર કર્યો. યોગ્યસ્થાને આસન ગ્રહણ કર્યું. આચાર્ય ભગવંતે ધર્મદેશનાનો પ્રારંભ કર્યો.

ધર્મ દેશના- 'આ સંસાર રૂપી દ્રહમાં અત્યંત દુર્લભ એવી મનુષ્યભવ આદિ સામગ્રી પ્રાપ્ત કરીને સમ્યગ્ દર્શનથી ભ્રષ્ટ થઈને *કાચબાની જેમ દુઃખને ન પામો અને ભટકો નહી. દ્રહનું પ્રમાણ પરિમિત હતું તેથી કાચબો કદાચ ચંદ્રના દર્શનને પ્રાપ્ત કરી શકે પરંતુ અનંત સંસાર સમુદ્રમાં સત્કૃત્યોની સાધના સ્વરૂપ સમ્યકત્વની પ્રાપ્તિ ફરીથી થઈ શકતી નથી. આ તત્વને સાંભળો અને અરિહંત ભગવંત મારા દેવ છે, સુસાધુ ભગવંતો મારા ગુરુ છે અને જિનેશ્વર દેવે પ્રરૂપેલો ધર્મ મારો ધર્મ છે. તથા આ

*કાચબાનું દૃષ્ટાંત :- ૧ લાખ યોજનનો મોટો દ્રહ હતો. મગર મત્સ્ય વગેરે તેમાં ઘણા પ્રાણીઓ હતા. દ્રહના પાણી ઉપર સેવાલના પડ બાજેલા. એક વખત એક કાચબાએ એ સેવાલમાં પડેલા કાણાંમાંથી જોયું. આકાશમાં એક ચંદ્ર દેખાયો. તેને દ્રહમાં જઈને બીજા કાચબાને કહ્યુ - ચાલ હું તમને નહી દેખેલી એવી વસ્તુ બતાવું, બંને કાચબા કાણા પાસે આવ્યા. ત્યાંતો કાણું પૂરાઈ ગયું હતું. પહેલા દેખેલ ચંદ્રનું દર્શન દુર્લભ થતાં કાચબો દુઃખી દુઃખી થઈ ગયો.

જ તત્વ પ્રધાન છે આવી બુદ્ધિથી ભાવિત થાઓ.

કહ્યું પણ છે કે - मुत्तुण जिणं मुत्तुण जिणमयं जिणमयट्ठिए मुत्तुं । संसारकत्तवारं चितिज्जंतं जगं सेसं ॥ જિનેશ્વર પ્રભુ, જિનેશ્વર પ્રભુનો સિદ્ધાંત તથા જિનમતના આરાધક વિના વિચારાતું સઘળું ય જગત સંસારના કૂડા કચરા જેવું છે.

સમ્યગ્ દર્શન નિર્મળ બને માટે હરહંમેશ જિનેશ્વર પરમાત્માને વંદન કરવું. જિનેશ્વર પ્રભુની વંદનાના અવસરે નિસીહિત્રિક આદિ દશત્રિકોની વિધિ મુજબ આરાધના કરવી જોઈએ.'

આચાર્ય ભગવંતની દેશનાનું શ્રવણ કરી ભુવનમલ્લે કહ્યું - 'પ્રભુ! રાજા મૂળદેવ મને દેખીને શા માટે મૂર્છા પામ્યા, વળી પુરુષ હોવા છતાં કામાતુર યુવતીની જેમ ચેષ્ટા શા માટે કરે છે?'

આચાર્ય ભગવંતે કહ્યુ, 'ભાઈ! સાંભળ, સિંહપુર નામના નગરમાં રત્નસાર નામના રાજા છે. મદનરેખા રાણી છે. તે ગંગાની જેમ પવિત્ર છે અને દયાવાળી છે. રાણીએ કાંઈક અકાર્ય કર્યું છે એવી ખોટી કલ્પના કરી રાજાને મદનરેખા ઉપર પ્રેમ ઓછો થયો. રાણીને આ અપમાનનું દુઃખ સહન ન થઈ શક્યું. રાજા ઉપર અનુરાગ હોવા છતાં પણ આ કારણે ગળે ફાંસો ખાઈને આપઘાત કર્યો. કહ્યું છે કે-

अलियाववायअभिदूमियस्स जीवस्स सुद्धहिययस्स ।
होइ दहंतस्स पुणो चंदणरससीयलोऽग्गीवि ॥

ખોટા આરોપથી વ્યથિત થયેલ અને બળી રહેલ એવા શુદ્ધ હૃદયવાળા જીવને આગ પણ ચંદનના રસ જેવી શીતળ લાગે છે અર્થાત્ પોતાની જાતને આગમાં હોમી દે છે.

મદનરેખાએ આપઘાત કર્યો પણ જિનપૂજા, દાન અને દયાના શુભ પરિણામને કારણે સિદ્ધાર્થપુરમાં મૂળનક્ષત્રમાં સુંદર રાજાની પુત્રી તરીકે જન્મ લીધો. તેનો જન્મ થતાંની સાથે જ સુંદર રાજા મૃત્યુ પામ્યા. સુમતિ મંત્રીએ સુંદર રાજાની પુત્રીને પુત્ર માની રાજ્ય ઉપર અભિષેક કર્યો.

સિંહપુર રાજાના રત્નસાર રાજાનું મૃત્યુ થયા બાદ ભુવનમલ્લ તરીકે તું ઉત્પન્ન થયો. પૂર્વભવના સંસ્કારને કારણે તને અહીંયા આવેલો દેખીને આ સુંદર રાજાની પુત્રીને તારી ઉપર પ્રેમ ઉપજ્યો છે.

મને શા માટે ભુવનમલ્લ ઉપર આટલો બધો પ્રેમ હશે આવો વિચાર કરતાં કરતાં રાજકુમારીને જાતિસ્મરણ થયું. જાતિસ્મરણ થયા પછી રાજકુમારીએ જે ચેષ્ટા કરી એના વિષયમાં તેં મને પૂછયું.' આ પ્રમાણે અભયઘોષસૂરિએ ભુવનમલ્લની શંકાનું નિરાકણ કર્યું.

આચાર્ય ભગવંતની ધર્મદેશનાથી આ મૂળદેવ રાજાએ વૈરાગ્ય વાસિત થઈ

વિચાર કર્યો કે મેં આ સંસારમાં ઘણા સુખો ભોગવ્યાં. મારા પ્રિયનો પ્રેમ પણ મને ઘણો મળ્યો છે. મેં તો ખરેખર માલવ દેશ પણ દેખી લીધો અને ત્યાંના માંડા ખાઈને ધરાઈ પણ ગયો છું.

આવો વિચાર કરી મૂળદેવ રાજાએ ભુવનમલ્લને રાજ્ય આપી પ્રવ્રજ્યા સ્વીકારી. મુનિભગવંતની પાસે ભુવનમલ્લ કુમારે પણ ચૈત્યવંદનાદિ નિયમો તથા સમ્યકત્વને ગ્રહણ કર્યું.

કરુણાવંત ગુરુભગવંતે ફરીને પણ ભુવનમલ્લને ધર્મ સમજાવતા કહ્યું- 'હે રાજન! સ્વર્ગના સુખો મળી જાય છે, સર્વોત્તમ સમૃદ્ધિ પણ પ્રાપ્ત થઈ જાય છે, પણ મિથ્યાત્વના અંધકારને હરી લેનાર સમ્યકૃત્વરુપ રત્નની પ્રાપ્તિ થતી નથી. જેમ ગ્રહ નક્ષત્ર આદિનો આધાર આકાશ છે, રત્નોનો આધાર રોહણાચલ છે, નદીઓનો આધાર સાગર છે તેમ સંપૂર્ણ ગુણ સમુદાયનો આધાર સમ્યકત્વ છે.

ઉપશમભાવ સાધુ ભગવંતોનું આભૂષણ છે, ધનવાનોનું ત્યાગ આભૂષણ છે, સ્ત્રીઓનું શીલ આભૂષણ છે તેમ ગૃહસ્થો તથા સાધુઓનું શ્રેષ્ઠ આભૂષણ સમ્યકત્વ છે.

આથી હે કુમાર! સર્વ દુઃખોને ભસ્મીભૂત કરનાર સમ્યકત્વમાં પ્રમાદ ન કર, કારણકે આ સમ્યકત્વતો જ્ઞાન, તપ, વીર્ય અને ચારિત્ર આ બધાના આધારભૂત છે.'

ભુવનમલ્લ કુમારે મુનિભગવંતની વાણીને શિરોમાન્ય કરી પોતાના આત્માને કૃતકૃત્ય માનવા લાગ્યો. ઘણા જ બહુમાન સાથે ગુરુભગવંતના ચરણકમળમાં નમસ્કાર કરી પોતાની શિબિરમાં ગયો. ત્યાંથી સિદ્ધાર્થ નગરમાં ગયો. ત્યાં જઈ અમાત્ય સુમતિને રાજ્ય ઉપર સ્થાપ્યો. આગળ વધતા કાલિંજર નામનું જંગલ આવ્યું. જેમ યુદ્ધભૂમિમાં ભાલા, બાણો અને ચક્રો આવી પડતા હોય છે તેમ આ વનમાં ક્રીડા કરતા પક્ષીઓ તથા ચકવાક પક્ષીઓ આવતા જતા હતા. વનમાં દશયોજન ચાલ્યા બાદ વરુણા નદીના કાંઠે પડાવ નાખ્યો. ભુવનમલ્લ નદીના કાંઠે રહેલ વનનિકુંજને નિહાળવા લાગ્યો. ત્યાં તે એક આદિનાથ ભગવાનનું જિનાલય દેખાયું. ત્રણ નિસીહિ કરી અને જિનાલયમાં પ્રવેશ કર્યો. જિનાલયમાં દેવીઓ ભક્તિભાવથી નમ્ર થઈને જિનેશ્વર પ્રભુની પૂજા કરતી હતી. સુવર્ણથી નિર્મિત આદિનાથ પ્રભુની પ્રતિમા અનુપમ હતી. આવા પ્રભુના દર્શન થતાં કુમારનું મુખ કમળ વિકસિત થઈ ગયું. તેણે પ્રભુને વિધિપૂર્વક વંદન કર્યું અને સ્તવના કરી.

'હે જિનેશ્વર પ્રભુ! આપ ત્રણે લોકને માટે દર્શનીય છો, ઈન્દ્રો પણ આપના ચરણ કમળમાં ઝૂકી જાય છે, આપના નેત્રો કાન સુધી લાંબા છે અર્થાત્ ભાગ્યવાન એવા હે અનંત દર્શની પ્રભુ! આપ ચિરકાળ સુધી જય પામો.

ખરેખર પૂર્વના કાળમાં જેમને સત્કૃત્યોને સેવ્યા નથી, નિર્મળ શીલધર્મનું પાલન

નથી કર્યુ અને તપધર્મ તપ્યો નથી એમને આપનું દર્શન થતું નથી.

જેમ થીજી ગયેલું ઘી અગ્નિની જ્વાળાઓથી ઓગળી જાય છે તેમ સેંકડો ભવોમાં કરેલું પાપ તારા દર્શન કરવાથી નાશ પામે છે.

તે સમય વખાણવા જેવો છે, તે ક્ષણ લક્ષણવાળી છે, તે દિવસ પ્રશંસનીય છે, તે પખવાડીયું પણ સુંદર છે જેમાં હે જગબાંધવ તમારું દર્શન થાય છે.

હે પ્રભુ! આપ જ્યારે અદૃશ્ય છો ત્યારે આપના દર્શનની તરસ હોય છે અને જ્યારે આપનો સાક્ષાત્કાર થાય છે ત્યારે આપના વિરહની વ્યથા સાલે છે. આમ, બંને રીતે પણ દુઃખ જ ઊભુ થવાનું છે તો પણ આપનું દર્શન મને મળતું રહો.

હે દીનાનાથ! આપનું દર્શન ભૂતકાળમાં આચરેલા સુકૃતોથી પ્રાપ્ત થાય છે, ભવિષ્યકાળમાં સારા ભાવોની પ્રાપ્તિ કરાવે છે અને વર્તમાનકાળમાં પાપપંકને પખાલે છે. આ રીતે પ્રભુદર્શન ત્રણ કાળમાં સુખને પ્રાપ્ત કરાવે છે.

હે સ્વામિનાથ! આપનું દર્શન મને એવું આપો કે જેથી કરીને ફરીને આપનો વિરહ ન થાય, કારણકે જન્માંધની વેદના કરતા દેખતો આંધળો થાય એની વેદના અત્યંત દુસ્સહ હોય છે.

હે નાથ! સર્વોત્તમ મંત્ર સમાન એવા આપના નામનું પણ જે કીર્તન કરે છે તેનો મિથ્યાત્વ દોષ તુરંત ચાલ્યો જાય છે, વધારે તો શું કહેવું?

હે પ્રભુ! અલ્પદર્શી એવો જે માણસ સર્વદર્શી એવા આપને નમસ્કાર કરે છે તેનું સમ્યગ્ દર્શન નિર્મળ બને છે અને અંતે તે પોતે સર્વદર્શી બની જાય છે.''

ભુવનમલ્લકુમારે આ પ્રમાણે આદિનાથ પ્રભુની સ્તવના કરી. પ્રભુની સ્તવના કર્યા બાદ કુમાર વિસ્મિત થઈને ચારેબાજુ ફરવા લાગ્યો. પશ્ચિમ દિશા તરફ એક વાવડી દેખાઈ. વાવડીમાં સુંદર કમળો હતા. પાણી મધુર, શીતળ અને નિર્મળ હતું. જેમ ગુરુના વચનથી આત્માની શુદ્ધિ કરાય છે તે રીતે તેણે પાણીથી પોતાના શરીરની શુદ્ધિ કરી. થોડીવાર આરામ કરીને જ્યાં સ્વસ્થ થયો ત્યાં એક વાંદરો આવ્યો. તેના ગળામાં ચણોઠીની માળા હતી. હળદર જેવો પીળો વર્ણ હતો.

વાંદરો એકલો ન હતો તેની સાથે વાંદરી પણ હતી. વાંદરાએ કુમારને પ્રણામ કરી મનુષ્યની ભાષામાં કહ્યું, હે કુમાર! તમે ખરેખર ભગવાન છો. શરણવિનાના માટે શરણભૂત છો, કરુણાલુ છો અને દાક્ષિણ્ય ગુણવાળા છે. તમે મારી એક અરજને સાંભળો, 'આ વનમાં હું હંમેશને માટે વાનરના ટોળાનો આજ સુધી સ્વામી હતો. આ મારી પ્રિયા મને પ્રાણથી પણ પ્યારી છે. બીજા વનમાં વસતા એક વાંદરાએ બળ વાપરીને મારા વાનરોને પડાવી લીધા છે. મારા વાનરજૂથને પાછું મેળવવા માટે હું શક્તિમાન છું પણ મારા પ્રેમમાં પાગલ બનેલી મારી પ્રિયા મને તે વાનરની સાથે યુદ્ધ કરતાં અટકાવે છે. હું પણ તેને એકલી મૂકી શકતો નથી. હે યશસ્વી કુમાર! તમે હાલ

બાંધવની જેમ મારી આંખોને માટે મહોત્સવ સરખા છો. તમે બીજા ઉપકાર માટે હરહંમેશ તત્પર હો છો. આજે તમે પુણ્યના ઉદયથી મને મળ્યા છો તો હવે જ્યાં સુધી મારા દુશ્મનને મારીને ન આવું ત્યાં સુધી મારી સ્નેહાર્દ્ર પત્નીને સાચવજો. એ તમને કોઈપણ જાતનો ઉપદ્રવ નહી કરે.'

મનુષ્યવાણી બોલતો વાનર તેની પત્નીને ભુવનમલ્લ કુમાર પાસે મુકીને ગયો. આ બધું જોઈ કુમાર મનમાં વિચારવા લાગ્યો કે આ પશુ હોવા છતાં મનુષ્યની ભાષામાં બોલે છે અને તેની પ્રવૃત્તિ પણ બુદ્ધિ પૂર્વકની છે આવું કેમ હશે?

કુમાર આવો વિચાર કરતો હતો ત્યાં વાંદરીએ કુમારને કહ્યું, 'બળવાન શત્રુ મારા પ્રિયને હણી નાખશે. મારા પ્રાણનાથ હણાઈ જાય એવા સમાચાર મારે સાંભળવા પડે એની પહેલા જ મૃત્યુ પામવું મને ઉચિત લાગે છે.' આટલું કુમારને કહીને વાંદરીએ વાવડીમાં ઝંપાપાત કર્યો.

વાંદરી મારા આશ્રયે આવી છે આથી તેના મોતની ઉપેક્ષા કરવી અયોગ્ય છે. આથી વાવડીમાંથી તેને કાઢવા માટે કુમારે પણ વાવડીમાં કૂદકો લગાવ્યો. ત્યાંતો ન દેખાઈ વાવડી, પાણી કે વાંદરી. પરંતુ સુંદર મણિમય પ્રાસાદ દેખાયો. પલંગમાં પોતે પોઢેલો હતો.

આ બાજુ કુમારની તપાસ કરતા સેવકોને કુમાર દેખાયો નહી, આથી સેવકોએ મંત્રીને આવીને વાત કરી. ચારેબાજુ કુમારની શોધખોળ થવા લાગી.

મણિમય પ્રાસાદમાં પલંગ ઉપર બેઠેલા કુમારની પાસે એક મનુષ્ય આવ્યો. તેને કુમારને કહ્યું કે કારણસર તને અહીંયા લાવ્યો છે. તું બીજું કાઈ વિચારતો નહિ.

કુમારે તેને પ્રશ્ન કર્યો કે તું કોણ છે અને મને શા માટે અહીંયા લાવ્યો છે ? તેનો ઉત્તર તે મનુષ્યે આપ્યો,

'કુમાર! સાંભળ, હું અમિતગતિ નામનો અસુર છું. આ મારુ ક્રીડા ભવન છે. એક વખત ગિરનારમાં બિરાજમાન સુમતિ કેવળીને નમસ્કાર કરવા માટે હું મારી પત્ની સાથે ગયો. માર્ગની અંદર સ્મશાનમાં એક યોગીને દેખ્યો. યોગીએ મસ્તક ઉપર રક્તચંદનનું તિલક કર્યું હતું. મૃગચર્મને શરીર ઉપર વીંટાળેલું હતું. ચિત્તાની ખાલ ઉપર બેઠા હતા. કાળા સાપનો યોગપટ્ટ હતો. યોગી મોટા મોટા હુંકાર કરતા હતા. યોગીની આગળ ધગધગતી આગનો કુંડ હતો અને તેની ડાબી બાજુએ એક કન્યા હતી. તેને પણ રક્તચંદનના તિલક કર્યા હતા. ગળામાં કણેરના પુષ્પની માળા હતી. રુદન કરતી આ કન્યાને યોગી જ્યાં અગ્નિ કુંડમાં હોમવા ગયો ત્યાં જ મે યોગીને તર્જના કરી, 'હે દુષ્ટ યોગી! આવું અનુચિત કરીને તું ક્યાં ભાગી જઈશ?'

આવું સાંભળતા ડરી ગયેલો યોગી કન્યાને છોડીને ભાગી જવા લાગ્યો. મને યોગી ઉપર દયા આવી અને યોગીને મેં જવા દીધો. એ કન્યાને મારી સાથે લીધી અને

હું રૈવતગિરિ પર્વત ઉપર ગયો. સુમતિ કેવલીના દર્શન કર્યા અને ત્યાં કેવલી ભગવંતની દેશનાનો પ્રારંભ થયો.

'ક્રોધ અપ્રીતિને કરે છે, ઉદ્વેગને કરે છે અને સદ્‌ગતિને દૂર કરે છે. ક્રોધ વેરની પરંપરાને ઊભી કરે છે. શ્રેષ્ઠ ગુણ સમુદાયરૂપી વનને બાળી નાખવામાં અગ્નિ સમાન છે. ક્રોધથી અંધ બનેલા માણસો પુત્ર, મિત્ર, ગુરુ, પત્ની, પિતા અને માતાનો વિનાશ કરે છે અને પોતાનો પણ વિનાશ કરે છે. ક્રોધથી નિર્દય બનેલા શું શું નથી કરતા?

ક્રોધની આગમાં પડેલો માણસ પોતાના જ શરીરને નથી બાળતો, પણ બીજાને પણ એ આગની દાહ લગાડે છે અને પોતાનો પરભવ પણ બગાડે છે.

આ ક્રોધ-દાવાનળને હંમેશને માટે ક્ષમાના પાણીથી ઓલવવો જોઈએ નહી તો આ દાવાનળ દુઃસહ દુઃખને આપશે. જેવા દુઃખો આ બાળાએ સહન કર્યા છે.' કેવળી ભગવંતે મને દેશના સંભળાવી.

'પ્રભુ! ક્રોધને કારણે આ બાળાએ કેવા દુઃખો સહન કર્યા છે?' મેં સુમતિ કેવળીને પૂછયું અને કેવળી ભગવંતે આ બાળાનું ચરિત્ર મને કહ્યું,

''કૃતમંગલા નગરી છે. ત્યાં ધન શેઠની પુત્રી બાલ્યાવસ્થામાં વૈધવ્યને પામી હતી. જયસુંદરી તેનું નામ હતું. તેના પાંચે ભાઈને જયસુંદરી ઉપર ઘણો જ સ્નેહ હતો, પણ મોટાભાઈની પત્નીને તેની ઉપર સદ્‌ભાવ ન હતો. આથી માત્સર્યને ધારણ કરતી જયસુંદરીએ મોટાભાઈની સાથે બીજી કન્યાને પરણાવી. આ કન્યા કોઈ પણ કામ કરે છે તો તેના ઉપર પણ દોષ દેવા લાગી અને ખરાબ શબ્દો ઉચ્ચારીને ભાભીને દુઃખી કરવા લાગી. નિર્લજ્જ બનેલી તેની ભાભી પણ હવે જયસુંદરીની સામે બોલવા લાગી.

જિનાલયમાં પણ તેઓ એકબીજા ઉપર ખોટા આરોપ આપવા લાગ્યા તેમના આ કલહથી બીજાની નિસીહિનો પણ ભંગ થવા લાગ્યો.

કહ્યું છે કે- जो कोइ निसिद्धप्पा निसीहिया भावओ तस्स होइ ।
अनिसिद्धस्स निसीहिय केवलमित्तं हवइ सद्दो ॥

જે આત્મા પાપથી વિરામ પામેલો છે તેની નિસીહિ ભાવથી છે. પાપથી નિવૃત્ત ન થયો હોય અને નિસીહિ બોલે તો તે નિસીહિ શબ્દ માત્ર જ છે.

मिहो कहाउ सव्वाओ, जो वज्जेइ जिणालए ।
तस्स निसीहिया होइ, ईई केवलिभासियं ॥

જેઓ જિનાલયમાં બધાજ પ્રકારની કથાનો ત્યાગ કરે છે તેમની જ નિસીહિ સાર્થક છે. આવું કેવલી ભગવંતોનું વચન છે.

એક દિવસ દુર્ધ્યાનમાં ફસાયેલા ભાભી-નણંદ બંને કલહ કરતા હતા અને તેમની ઉપર વીજળી પડી. કાયા ભસ્મીભૂત થઈ જતાં બંને મૃત્યુ પામીને વાઘણ બની.

પૂર્વભવના સંસ્કારના કારણે એકબીજાને દેખવા માત્રથી ક્રોધે ભરાઈને યુદ્ધ કરવા લાગ્યા. યુદ્ધ કરતા કરતા મૃત્યુ પામીને ત્રીજી નરકમાં પહોંચ્યા.

પૂર્વભવમાં કોઈક સુકૃત કર્યુ હશે તેથી નરકમાંથી નીકળીને ભાભીનો જીવ શ્રીશૂર રાજાની પત્ની બન્યો. નણંદ જયસુંદરી તેના ગર્ભમાં ઉત્પન્ન થઈ. નણંદ જયસુંદરી આ ભવમાં ભાભીની પુત્રી બની.

આ ગર્ભ અત્યંત ભારે અરતિ, માનસિક સંતાપ અને ઉદ્વેગ કરવા લાગ્યો. ગર્ભપાત કરવા માટે સેંકડો ઉપાયો કર્યા પણ ગર્ભ પડ્યો નહિ. જ્યારે તેનો જન્મ થયો ત્યારે ગર્ભ મરેલો આવ્યો છે એવું જાહેર કરીને દાસી પાસે ગર્ભને ફેંકાવી દીધો. દાસીની પુત્રીએ પણ એ દિવસે પ્રસવ કર્યો હતો. ફેંકી દીધેલા ગર્ભને દાસીએ પોતાની પુત્રીને સોંપી દીધો. ત્યાં તેનું લાલન પાલન થવા લાગ્યું.

એક દિવસ બાળકોની સાથે આ બાળા રમતી હતી. એક યોગીએ આ બાળાના ભોળપણનો લાભ ઉઠાવ્યો. અતિભયંકર મંત્રની સાધના માટે આ બાળાને યોગી સ્મશાનમાં લઈ ગયો. જ્યારે યોગી અગ્નિમાં નાખવા જતો હતો ત્યારે ત્યાંથી ભુવનમલ્લ! તે આ કન્યાને છોડાવીને અહીંયા લાવી છે. જયસુંદરીના વૃત્તાંતને સાંભળી આત્મામાં અલ્પ કષાય પણ ન કરવો જોઈએ.

કહ્યું છે- अणथोवं वणथोवं अग्गीथोवं कसायथोवं च ।
नहु भे वीससिअव्वं थेवंपि हु तं बहु होइ ॥

થોડુ ઋણ, નાનો ઘા, થોડોક અગ્નિ કે અલ્પ કષાયનો વિશ્વાસ ન કરવો જોઈએ, કારણકે ઋણ આદિ થોડાક પણ સમય જતાં મોટા સ્વરૂપને ધારણ કરે છે.''

दासत्तं देइ अणं अइरा मरणं वणो विसप्पंतो ।
सव्वस्स दाहमग्गी दिंति कसाया भवमणंतं ॥

વધતું ઋણ દાસ બનાવી દે છે. વધતો ઘા તરત મરણ આપે છે, અગ્નિ બધાને બાળી નાખે છે, તેમ વૃદ્ધિ પામતા કષાયો અનંતા ભવોનું દાન કરી દે છે.

કેવળજ્ઞાનીની આ દેશના સાંભળી જયસુંદરીને જાતિસ્મરણ થયું. જાતિસ્મરણ થતાં તેને કહ્યું, હે ભગવન્, આપે જે પ્રકાશ્યું છે તે બધું જ મારે અનુભવવું પડ્યું છે. પ્રભુ! હવે અમારી ઉપર કૃપા કરો. આ કૃપાથી અમે દ્રવ્ય અને ભાવ બંને પ્રકારના પરિગ્રહ વિનાના બનીયે.

કેવલી ભગવંતે કહ્યું, 'તમારે હમણાં ગૃહસ્થ ધર્મનું પાલન કરવું યોગ્ય છે, કારણકે પૂર્વભવોમાં તમે દેવપૂજા આદિ સત્કૃત્યો સેવ્યા છે, આ સુકૃતોથી ઉપાર્જેલા ભોગફળો બાકી છે.'

देवच्चणेण रज्जं भोगा दाणेण रुवमभएणं ।
सोहग्गं सीलेणं तवेण मणवंछिया सिद्धी ॥

'દેવપૂજાથી રાજ્યની પ્રાપ્તિ, દાન દ્વારા ભોગોની પ્રાપ્તિ, અભયદાન દ્વારા રુપની પ્રાપ્તિ, શીલપાલન દ્વારા સૌભાગ્યની પ્રાપ્તિ અને તપથી મન ઈચ્છિતની પ્રાપ્તિ થાય છે.'

'પ્રભુ! આપ તો બધુ જ જાણો છો, પરંતુ અવિરત દેવોની વચમાં હું ગૃહસ્થ ધર્મનું પાલન કેવી રીતે કરીશ?'

જયસુંદરીના આ પ્રશ્નનો જવાબ આપતા કેવલી ભગવંતે કહ્યું, 'જયસુંદરી! કાલિંજરા નામની અટવીમાં શ્રી આદિનાથ પ્રભુના જિનાલયમાં તું જ્યારે પૂજા કરતી હોઈશ ત્યારે હેમપ્રભ રાજાનો પુત્ર પ્રભુદર્શન માટે અહીંયા આવશે. નિસીહિત્રિક કરશે. તું આ ભુવનમલ્લની સાથે રાજ્યસુખ ભોગવીશ અને ગૃહસ્થ ધર્મનું પાલન કરી પ્રવ્રજ્યાને પ્રાપ્ત કરીશ.'

જયસુંદરીએ ગૃહસ્થ ધર્મનો સ્વીકાર કર્યો. એ સમયે હું કેવલી ભગવંતની પાસે ગયો. વંદન કર્યુ અને મેં જયસુંદરીનું નામ વિજયપતાકા રાખ્યું.

આ વિજયપતાકા જ્યારે જિનાલયમાં પૂજા માટે ગઈ ત્યારે ભુવનમલ્લ તું પણ નિસીહિત્રિકને કરીને જિનદર્શન કરવા માટે જતો હતો. નિસીહિત્રિકને કરતા તને જોઈને દેવીઓએ વિજયપતાકાને કહ્યું, 'કેવલી ભગવંતે કહ્યું હતું એ જ આ ભુવનમલ્લ દેખાય છે.'

આ દેવીઓએ વાવડી આદિ પ્રપંચને રચીને ભુવનમલ્લ તને અહીં લાવ્યો છે. તું હવે વિજયપતાકા સાથે લગ્ન કર, જેથી મારી પ્રાર્થના સફળ થાય.' અમિતગતિ અસુરે ભુવનમલ્લને કહ્યુ.

ભુવનમલ્લ કુમારે કહ્યું, હે અમિતગતિ! તમારો આદેશ મને પ્રમાણ છે, પરંતુ મારા વિરહથી વ્યાકુળ બનેલ મારો પરિવાર વનમાં ક્ષણને પણ દુઃખથી પસાર કરતો હશે. ચાલો આપણે વનમાં'. અસુર અમિતગતિએ કુમારને વિમાનમાં બેસાડી વિમાનને શિબિર તરફ હંકાર્યુ. આકાશમાં ચમકારો દેખાતા મંત્રી આદિ બોલવા લાગ્યા કે જેમણે કુમારનું અપહરણ કર્યું હતું તે જ કોઈક અહીં આવી રહ્યું છે, હવે ક્ષોભને દૂર કરો અને તૈયાર થાવ. સાહસની સામે દેવને પણ નમવું પડે છે.

सत्त्वैकतानमनसां स्फूर्जदूर्जस्वितेजसाम् ।
दैवोऽपि शंकते तेषां, किं पुनर्मानवो जनः ॥

કહ્યું છે- જેઓ સત્ત્વશાળી છે, જેમનું બળ અને તેજ જગારા મારી રહ્યું છે તેમનાથી તો દૈવ પણ શંક્તિ થાય છે, સામાન્ય માણસનું તો શું ગજુ હોય?

મંત્રી પ્રમુખ બધાં જ સામનો કરવા માટે તૈયાર બન્યા ત્યારે આકાશમાંથી દેવોની વાણી સંભળાવા લાગી, 'શ્રી ભુવનમલ્લ કુમારનો જય થાવ. હે ભુવનમલ્લ કુમાર! તું સત્ત્વશાળી છે, નામ પ્રમાણે તારામાં ગુણો છે, પરોપકારમાં પરાયણ પુરુષોમાં તારું જ નામ આપવામાં આવે છે. પશુના હિત માટે પણ તું તારા પ્રાણને તૃણ સમાન માને

છે.'

દેવોની વાણી સાંભળી મંત્રી આદિક અત્યધિક હર્ષવાળા થયા. વિમાનમાંથી ઉતરેલા કુમાર તથા દેવીથી પરિવરેલા અસુરને તેઓએ પ્રસન્ન થઈને નમસ્કાર કર્યા. આથી પ્રસન્ન થયેલા અસુરે કુમારની સાથે વિજયપતાકાના લગ્ન કરાવ્યા. અત્યંત પ્રેમ સાથે તેને વિજયપતાકાને શીખ આપી,

निर्व्याजा दयिते ननान्दृषु नता श्वश्रूषु नम्रा भवेः ।
स्निग्धा बन्धुषु वत्सला परिजने स्मेरा सपत्नीष्वपि ॥
पत्युर्मित्रजने सनर्मवचना खिन्ना च तद्द्वेषिषु ।
स्त्रीणां संवननं नतभ्रु ! तदिदं वीतोषधं भर्तृषु ॥

બેટા! તું તારા પતિની સાથે માયાનું સેવન ન કરજે. નણંદ ઉપર વાત્સલ્ય ધારણ કરજે. સાસુ આગળ નમ્ર બનજે. ભાઈઓ સાથે સ્નેહભાવ અને પરિવાર સાથે પ્રેમભાવથી વર્તજે. શૌક્યની સાથે પણ પ્રસન્નતાથી રહેજે. પતિના મિત્રોની સાથે મીઠા વચનનો ઉપયોગ કરજે. પતિના શત્રુઓ ઉપર ખિન્નતા બતાવજે. નારીનું આવું વર્તન જ કામણ વિના સ્વામિનાથનું વશીકરણ કરે છે.

અમિતગતિ અસુરની આ શીખ વિજયપતાકાએ હૈયે ધરી. અમિતગતિ વિજયપતાકા સહિત ભુવનમલ્લને વસ્ત્ર આભરણ આદિ ઘણું આપીને સ્વસ્થાને ગયો. કુમાર પણ ત્યાંથી પ્રસ્થાન કરી ચંપાનગરીમાં પહોંચ્યો. કુમારના મુખથી આ વૃત્તાંત સાંભળીને શ્રીષેણ રાજા હરખઘેલા થઈ હૈયામાં વિચારવા લાગ્યા કે ભુવનમલ્લ કુમારની ઉત્તમ કુળમાં ઉત્પત્તિ થઈ છે. આવો તેનો ઉત્તમ વિનય છે, સર્વકળાઓમાં કુશળતા છે તેથી નક્કી છે કે કુમારને કોક મહાપુણ્યનો ઉદય છે. આ કારણે જ તે રમતા રમતા રાધાવેધને કરી લેશે.'

હવે શ્રીષેણરાજાનું હૃદય હળવું પડ્યું. રાજા શ્રીષેણે શ્રેષ્ઠ ભુવનમાં કુમારને સ્થાપ્યો. ત્યારબાદ શ્રીષેણ રાજાએ રાધાવેધનો મંડપ સ્થાપ્યો. રત્નોના થાંભલાથી મંડપને સુશોભિત બનાવ્યો. મંચ ઉપર ઉત્તમ સિંહાસનોમાં રાજાઓને બેસાડવામાં આવ્યા. ભુવનમલ્લકુમારે અસુર દેવે આપેલા ઉત્તમ વસ્ત્ર તથા આભૂષણો પોતાના શરીર ઉપર ધારણ કર્યા અને મંડપમાં આવ્યો. પ્રતિહારીએ બતાવેલા રમ્ય સિંહાસન ઉપર આસન ગ્રહણ કર્યું.

કુમારી રત્નમાળાએ શ્વેત વસ્ત્રો અને શ્રેષ્ઠ અલંકારો ધારણ કરી, શિબિકારુઢ થઈ, મંડપમાં પ્રવેશી, પિતાના ખોળામાં સ્થાન ગ્રહણ કર્યું.

અંતે શ્રીષેણ રાજાએ કહ્યું, 'હે રાજાઓ! સાંભળો જે આ રાધાવેધ કરશે તેને આ કન્યા આપવામાં આવશે. મંડપની મધ્યમાં સ્તંભ સ્થાપવામાં આવ્યો છે. સ્તંભ ઉપર નીચા મુખવાળી અને ઉત્તમ સુવર્ણની પુતળી સ્થાપી છે. પુતળીની નીચે ચાર ચક્રો

જમણી બાજુ અને ચાર ચકો ડાબી બાજુ ફરે છે. તે ભૂમિતળમાં તેલની કુંડી ભરેલી છે. તેલમાં પડતા પ્રતિબિંબને જોઈને અત્યંત સાવધાની પૂર્વક ડાબી આંખની કીકીને વીંધવાની છે. અહીંયા આવેલા બધાં જ ક્ષત્રિયોના નામો ભૂર્જપત્ર ઉપર લખાવીને માટીના ગોળામાં નખાવેલા છે. આ સુવર્ણના ઘડામાં નાખેલા માટીના ગોળાને અમારા પુરોહિતજી કાઢશે. જેના નામનો ગોળો નીકળશે તે રાધાવેધ કરવામાં પ્રયાસને કરી શકશે આ અમારી ગોઠવણ છે.

પુરોહિતજીએ પ્રથમ ગોળો કાઢ્યો. નામ વાંચતા અયોધ્યા નગરીના રાજાના પુત્ર મકરધ્વજ કુમારે પોતાના હાથમાં બાણને ગ્રહણ કર્યું. શ્રીષેણ રાજાએ વર્ણવેલા રાધાવેધની વિધિ પ્રમાણે બાણને છોડ્યું, પણ જેમ સચ્ચારિત્રી મુનિના હૃદયમાં કામના બાણ નાશ પામે છે તેમ મકરધ્વજ રાજકુમારનું બાણ વચ્ચે ટકરાઈ તૂટી ગયું.

આ પ્રમાણે બીજા રાજાઓ પણ રાધાવેધ સાધી ન શક્યા ત્યારે અવસર મળતા ભુવનમલ્લ કુમાર ઊભો થયો.

જેમ ભવ્યજીવ ધર્મગુણમાં તત્પર બની, અંતર કરણ કરી અપૂર્વકરણનું બાણ મારી ગ્રંથિભેદને કરે છે તેમ ભુવનમલ્લ કુમારે ધનુષ્યની દોરી ખેંચી, અવસર મેળવીને પ્રચંડ બાણથી રાધાવેધ કર્યો.

રાધાવેધ થતાં લોકો જયજયારાવ કરવા લાગ્યા અને તાળી પાડવા લાગ્યા. શ્રીષેણરાજાનું મન હર્ષિત થઈ ગયુ. ભુવનમલ્લની સાથે રત્નમાલાને પરણાવી. બીજા રાજાઓનું સન્માન કરી પોતાના સ્થાને જવા માટે શ્રીષેણ રાજાએ રજા આપી. કુમાર પણ કેટલાક દિવસ ત્યાં સુખપૂર્વક રહીને શ્રીષેણ રાજાની આજ્ઞા લઈ ઘણા પરિવાર અને પત્નીઓની સાથે પોતાના નગરમાં જઈ પહોંચ્યો. ત્યાં જઈને પિતાના ચરણોમાં નમસ્કાર કર્યા. ભોજન કર્યું. પછી કુમારના મિત્ર સિંહ કુમાર અહીં આવ્યો ત્યાં સુધીનું સઘળુ વૃત્તાંત શ્રી હેમપ્રભ રાજાને જણાવ્યું.

એક દિવસ ધર્મને જાણવાની ઈચ્છાથી શ્રી હેમપ્રભ રાજાએ બધાં જ ધર્મગુરુઓને બોલાવ્યા. તેઓએ પોતપોતાનો ધર્મ રાજાને જણાવ્યો. આ ધર્મોના વિષયમાં વિચારતા રાજાએ જણાવ્યું કે જ્યાં ઈન્દ્રિયોના વિષયોથી વિરક્તિ નથી, પરિગ્રહનો ત્યાગ નથી કર્યો અને જીવોની હિંસા કરવામાં આવે છે તેને ધર્મ કેવી રીતે કહેવો. આવો વિચાર કરીને રાજાએ ધર્મગુરુઓને વિદાય આપી.

'હે પિતાજી! આપ જો ધર્મને ઈચ્છો છો તો પ્રાણીની રક્ષા કરનારા, પરિગ્રહ વિનાના અને કામવાસનાથી મૂકાયેલા એવા મુનિભગવંતોની પાસે ધર્મની પૃચ્છા કરો. રાજાએ દ્વારપાળને આદેશ કર્યો અને દ્વારપાળ એક ક્ષુલ્લક મુનિને રાજાની પાસે લાવ્યો. હેમપ્રભ રાજાએ ક્ષુલ્લક મુનિને કહ્યુ, 'ક્ષુલ્લક મુનિ! જો તમે ધર્મને જાણો છો તો મને ધર્મનો બોધ આપો.' રાજાની આ વાતથી ક્ષુલ્લક મુનિનું મન અક્ષુબ્ધ રહ્યું. તેમણે

ધર્મના રહસ્યને સમજાવવા માટે સુકા અને ભીના એમ માટીના બે ગોળા રાજાની સામે જ ભીંત ઉપર નાખ્યા. 'ક્ષુલ્લક મુનિ! આ ગોળા ભીંત ઉપર નાખવાથી મને ધર્મનું રહસ્ય સમજાતું નથી.' રાજા બોલી ઉઠ્યા.

'તો રાજન! જો તમને ધર્મનું રહસ્ય ન સમજાયું હોય તો આ ગોળાઓ જે કહે છે તે મનની એકાગ્રતા પૂર્વક તમે સાંભળો. મેં ભીના અને સુકા એમ માટીના બે ગોળા નાખ્યા. બંને ભીંત ઉપર પડ્યા. ભીનો હતો તે ભીંત ઉપર ચોંટી ગયો. આ પ્રમાણે જીવો પણ બે પ્રકારના છે એક બુદ્ધિ વિનાના કામાસક્ત જીવો અને બીજા સંસાર ભાવથી વિરક્ત થયેલા. કામાસક્તજીવો ભીના ગોળાની જેમ સંસારમાં ચોંટી જાય છે અને સુકા ગોળાની જેમ વિરક્ત જીવો સંસારમાં ચોંટતા નથી.' ક્ષુલ્લક મુનિના મુખથી ધર્મનું રહસ્ય સાંભળી રાજા હેમપ્રભનું મન વિસ્મયને અનુભવવા લાગ્યું, 'હે મુનિશ્રેષ્ઠ! મારુ અજ્ઞાન રૂપ અંધકાર નાશ પામ્યુ છે. આપે બહુ મજાનો ઉપદેશ આપ્યો છે.' આ પ્રમાણે રાજાએ મુનિની સ્તુતિ કરી અને નમસ્કાર કર્યો. ત્યારબાદ મહાત્માને વિદાય આપી.

બીજે દિવસે રાજાએ ભુવનમલ્લને રાજ્ય આપી શ્રી અભયઘોષસૂરિ મહારાજની પાસે પ્રવ્રજ્યાને ગ્રહણ કરી. રાજર્ષિ હેમપ્રભમુનિએ દ્વાદશાંગીનું જ્ઞાન પ્રાપ્ત કર્યું અને આચાર્ય પદારૂઢ થયા. પૃથ્વીરુપ તળાવડીમાં ભવ્યરૂપી કમળોને પ્રતિબોધ પમાડવા લાગ્યા.

ભુવનમલ્લ રાજાના તેજથી શત્રુ રુપ મલ્લો જીતાવા લાગ્યા. સાધર્મિક વાત્સલ્ય, જિનેશ્વર પ્રભુને વંદન તથા પ્રવચનની પ્રભાવનામાં તત્પર બનવા લાગ્યા. નિસીહિત્રિક આદિ વિધિપૂર્વક જિનાલયોમાં પ્રવેશ કરીને જિનપૂજા કરવા લાગ્યા. જિનેશ્વર પ્રભુની રથયાત્રા દ્વારા રાજયની શોભામાં ઘણી વૃદ્ધિ થઈ. અષ્ટાહ્નિકા મહોત્સવ દ્વારા લોકોની મોહમલિનતા પણ દૂર થવા લાગી. ભુવનમલ્લ એવું રાજ્ય પાળવા લાગ્યા કે જેથી દેવો પણ આશ્ચર્યની અનુભૂતિ કરવા લાગ્યા.

એક દિવસ મહામુનિ હેમપ્રભની ત્યાં પધરામણી થઈ. ભુવનમલ્લ રાજાએ તેમના મુખેથી દેશના સાંભળી. પોતાના પુત્રને રાજ્ય ઉપર સ્થાપી વિજયપતાકા આદિ રાણીઓ સાથે દીક્ષા ગ્રહણ કરી. સર્વ પ્રકારના સાવદ્ય યોગોનો ત્રણે પ્રકારે ત્યાગ કર્યો. મુનિઓમાં સિંહ સમાન એવા ભુવનમલ્લ મુનિ ગ્રહણ શિક્ષા તથા આસેવન શિક્ષાનો અભ્યાસ કરવા લાગ્યા. ઈચ્છાકાર, મિથ્યાકાર, તથાકાર, આવસ્સહી, નૈષિધિકી, આપૃચ્છા, પ્રતિપૃચ્છા, છંદના, નિમંત્રણા તથા ઉપસંપદા આ દશ સામાચારીનું પાલન કરવા લાગ્યા. પ્રાંતે સઘળાય આંતરશત્રુઓનો નાશ કરી, ક્રિયાઓમાંથી મુક્ત થઈ વિજયપતાકાની સાથે ભુવનમલ્લ મુનિ સિદ્ધિગતિને પામ્યા.

અખૂટ પુણ્યની હાટ સમા ભુવનમલ્લ રાજાના વૃત્તાંતને સાંભળીને સર્વજ્ઞ એવા

જિનેશ્વર પ્રભુના જિનાલયમાં નિસીહિત્રિક કરવામાં હે ચતુર પુરુષો! પ્રયત્ન કરો.

નિસીહિત્રિકના વિષયમાં ભુવનમલ્લ નરેશ્વર કથા સમાપ્ત.

प्रदक्षिणात्रिकः-

જિનાલયમાં પ્રવેશતી વેળાએ દ્વારમાં ત્રણ નિસીહિ કરી લીધા પછી જિનેશ્વર પ્રભુના દર્શન થતાં 'નમો જિણાણં' કહી પ્રણામ કરવાના છે. પ્રણામ કર્યા પછી જ્ઞાન દર્શન અને ચારિત્રની આરાધના કરવા માટે ત્રણ પ્રદક્ષિણા આપવાની છે. પ્રદક્ષિણા કરનારના જમણા હાથે મૂળનાયક પ્રભુજીના પ્રતિમાજી આવે તે રીતે પ્રદક્ષિણા કરવાની છે. કારણકે જેમને કલ્યાણની કામના હોય તેમણે ઉત્કૃષ્ટ વસ્તુ જમણી બાજુ કરવી જોઈએ. આથી પ્રદક્ષિણા કરતી વખતે શ્રેષ્ઠતમ એવા પરમાત્મા જમણા હાથે રહે તે રીતે પ્રદક્ષિણા કરવી.

'चेईयवंदण महाभास'માં પ્રદક્ષિણાત્રિકનું વિધાન

तत्तो नमो जिणाणंति भणिय अद्धोणयं पणामं च ।
काउ पंचंगं वा भत्तिभरनिब्भरमणेण ॥ १ ॥
पूअंग पाणिपरिवारगओ गहिरमहुरघोसेण ।
पढमाणो जिणगुणगणनिबद्धमंगल्लथुत्ताइं ॥ २ ॥
करधरियजोगमुद्दो पए पए पाणिरक्खणाउत्तो ।
दिज्जा पयाहिण तिगं एगग्गमणो जिणगुणेसु ॥ ३ ।

બલાનક મંડપમાં (જિનચૈત્યના અગ્રભાગમાં) નિસીહિત્રિક કર્યા બાદ ભક્તિના સમૂહથી ભરપૂર મનવડે પ્રભુજીને 'નમો જિણાણં' કહી અર્દ્ધાવનત પ્રણામ કરે અથવા પંચાગ પ્રણિપાત નમસ્કાર કરીને પૂજાની સામગ્રી હાથમાં ગ્રહણ કરીને આવેલા પરિવારથી પરિવરેલો ગંભીર અને સુમધુર સ્વરે જિનેશ્વર દેવના ગુણસમૂહથી સંબંદ્ધ માંગલિક એવા પવિત્ર શ્લોકોને બોલતો, હાથમાં યોગમુદ્રાને ધારણ કરતો, પગલે પગલે જીવોની રક્ષા માટે દત્તચિત્ત, તથા જિનેશ્વર દેવોના ગુણોમાં એકાગ્ર મનવાળો થઈ ત્રણ પ્રદક્ષિણા આપે.

પ્રદક્ષિણાના અવસરે ચિત્તની એકાગ્રતા રાખવી. કહ્યું પણ છે- જિનેશ્વર પ્રભુની ભક્તિને છોડીને બીજી કોઈ પણ વિચારણા ન કરી શકાય. જિનાલયમાં સ્ત્રીકથા, ભક્તકથા, દેશકથા તથા રાજકથાનો ત્યાગ કરવાનો છે. મર્મવેધી વાક્યનો ત્યાગ કરવો. જન્મ અને કર્મને આશ્રયી વિરુદ્ધ વાક્ય ન ઉચ્ચારવા. અસત્ય, ચાડી તથા કઠોર વાણી પણ ન બોલવી. બોલવું હોય તો પણ અલ્પ, હિતકારક અને ધર્મ પરક શબ્દો ઉચ્ચારવા.

प्रदक्षिणा न थाय त्यारे पण प्रदक्षिणाना परिणाम न छोडवा

ગૃહમંદિરમાં પ્રદક્ષિણાત્રિક કરી શકાતું નથી તથા ગૃહમંદિર સિવાયના સંઘ ચૈત્યો

આદિમાં (નીલકુગઆદિના) કારણે પ્રદક્ષિણા કરી ન શકે તો પણ બુદ્ધિશાળી પુરુષે પ્રદક્ષિણાના પરિણામ સદા માટે છોડવા ન જોઈએ.

ભાવ અરિહંતની કલ્પના કરી પ્રદક્ષિણા આપવીઃ જ્યારે જિનચૈત્યમાં પ્રભુજીની પ્રતિમામાં ભાવ અરિહંતનો આરોપ કરી નમુત્થુણં સૂત્ર ભણવામાં આવે છે, સચિત્ત દ્રવ્યનો ત્યાગ આદિ પાંચ પ્રકારના અભિગમ કરવામાં આવે છે અને આ પ્રમાણે ભાવ અરિહંતપ્રભુની પૂજા કરવામાં આવે છે. પ્રદક્ષિણાના અવસરે પણ પ્રભુજીની પ્રતિમામાં ભાવ અરિહંતનો આરોપ કરી પ્રતિમાને ત્રણ પ્રદક્ષિણા કરવી.

પ્રદક્ષિણાત્રિકની શાસ્ત્રીયતાઃ વિજય નામના દેવે પોતાની રાજધાનીમાં રહેલા સિદ્ધાયતનમાં ત્રણ પ્રદક્ષિણા કરી હતી. હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ પણ ત્રીજા ઉપાંગ જીવાજીવાભિગમના વિવરણમાં ઉપરોક્ત શાસ્ત્રપાઠની વ્યાખ્યા કરી છે.

તેમજ **વસુદેવ હિંડિમાં** પણ પ્રદક્ષિણાત્રિકનો ઉલ્લેખ છે. વિદ્યાધરાધિપતિ અમિતતેજ ના ચૈત્યગૃહમાં બે ચારણ શ્રમણોએ પ્રદક્ષિણા આપી હતી. બાળચંદ્રા નામની વિદ્યાધરીએ વૈતાઢ્ય પર્વત સ્થિત સિદ્ધાયતનમાં ત્રણ પ્રદક્ષિણા આપી હતી.

વસુદેવ હિંડિમાં બતાવેલા આ પ્રસંગો અહીંયા અવસરે પ્રતિપાદન કરવામાં આવશે.

પ્રદક્ષિણાત્રિક પર હરિકુટ પર્વતનો સંબંધઃ વૈતાઢ્ય પર્વતના એક નગરમાં દેવઋષભ નામના વિદ્યાધર વસતા હતા. એમને ત્યાં વસતા વસુદેવને એક દિવસ તેની પ્રિયા બાલચંદ્રાએ કહ્યું અને તે હરિકૂટ પર્વત ઉપર યાત્રા માટે ગયો. હરિકૂટ પર્વત ઉપર તેને તેના મિત્ર મદનને કહ્યુ, 'મિત્ર! એવું કારણ શું હશે કે જેથી કરીને બધાં જ વિદ્યાધરો અહીંયા આવી રહ્યા છે?

મદને કહ્યુ- સ્વામી! દક્ષિણશ્રેણિમાં અંબરતિલક નામનું નગર છે. આ અંબરતિલકનગરમાં ચિત્રવેગ નામના વિદ્યાધર ચક્રવર્તી હતા. નાના ભાઈનું નામ વિચિત્રવેગ હતું. લોકો તેને હરિના નામથી સંબોધતા હતા. વિમલગુપ્ત નામના મુનિભગવંત પાસે હરિએ ધર્મોપદેશનું શ્રવણ કર્યુ.

મુનિભગવંતની ધર્મદેશનાઃ જેમ ચિંતામણિ રત્ન ઘણા કષ્ટોની પરંપરા બાદ પ્રાપ્ત થાય છે તેમ માનવભવ પણ અત્યંત કષ્ટ સાધ્ય છે. આ મનુષ્ય ભવની પ્રાપ્તિ કર્યા બાદ પ્રમાદમાં ફસાઈ જઈને માનવભવને હારીને ભઈઅની જેમ તમે ભટકો નહિ.

ભઈઅનું વૃત્તાંત : રત્નપુર નામના નગરમાં એક દુઃખીઓ માણસ હતો. લોકોએ તેનું નામ ભઈઅ પાડ્યું હતુ. ભઈઅ જ્યારે ગર્ભમાં હતો ત્યારે પિતા ચાલ્યા ગયા અને જન્મ્યો ત્યારે માતા ચાલી ગઈ. આ નિર્ભાગ્ય શિરોમણિને તેના સ્વજનોએ નાની વયમાં તરછોડી દીધો હતો, પણ તેનું આયુષ્ય બળવાન હતું. આથી તે ગમે તે

રીતે મોટો થયો. એ જ્યારે તરૂણ અવસ્થાએ પહોંચ્યો ત્યારે કામક્રીડામાં રત નગરજનોને દેખીને વિચારવા લાગ્યો મારા જીવનને ધિક્કાર થાવ, કારણકે હું ધન અને કામ બંનેથી પાંગળો છું.

ભઈઅના હૃદયમાં વિષયવાસના પ્રગટ થઈ, પણ વિષયો ધન વિના પ્રાપ્ત થતા નથી આવો વિચાર કરીને ભઈઅ કોઈના વહાણમાં રત્નદ્વીપમાં પહોંચી ગયો. રોહણાચલને વિનંતી કરવા લાગ્યો, 'હે રોહણાચલ! આકાશમાંથી આવી પડ્યો છું અને પૃથ્વીએ મને ઝીલી દીધો છે. તો હવે મને તારા વિના કોઈ આધાર નથી.' આવું બોલીને તેને રોહણાચલની પૂજા કરી કોદાળાને હાથમાં ઉપાડ્યો. કછોટો લગાવ્યો અને પોતાના વાળને છૂટા મૂક્યા. રત્નોની ખાણને ખોદવા તો લાગ્યો પણ, તેને લાગ્યું કે હું તો નિર્ભાગ્ય શિરોમણિ છું. અખૂટ ખજાના સમાન ચિંતામણિ રત્ન જો મને ન મળે તો મને મળી ગયેલા ઉત્તમ રત્નોનો પણ ક્ષય થઈ જશે. હવે મારે ઉત્તમ રત્નો પણ નથી જોઈતા, આવો તેણે નિશ્ચય કર્યો. હવે ચિંતામણિમાં પાગલ બનેલો વજરત્ન જેવા રત્નોને પણ ફેંકી દે છે, કેટલાક દિવસો બાદ સાર્થજનોએ કહ્યું- 'ચાલો હવે આપણે જઈએ.' ત્યારે ભઈએ કહ્યુ- 'મને આજ સુધી કાંઈ પણ મળ્યુ નથી, હું કેવી રીતે આવી શકું?'

હવે તો સાર્થજનો પણ દયાન્વિત બન્યા. તેઓએ કહ્યું કે આ બિચારો આપણી સાથે આવ્યો છે, હવે આ બિચારાને એકલો મૂકીને આપણે કેમ જઈએ? તેઓએ ફરીને તેને કહ્યુ- તું અમારી સાથે ચાલ. અમે તને અમારા રત્નોમાંથી ભાગ આપશું.

'હું તો ચિંતામણિ રત્ન વિના ગમે તેવા સારા રત્નોને પણ ગ્રહણ નહી કરું.' ભઈએ સાર્થજનોને કહ્યુ.

'અરે! આના મનમાં ચિંતા છે એજ એને માટે ચિંતામણિ છે.' આમ મશ્કરી કરતા સાર્થજનો તેને છોડીને પોતાના નગર ભણી ચાલ્યા ગયા.

આ દુ:ખીયારો તો ઠંડી, ગરમી, ભૂખ આદિ ઘણા કષ્ટોને સહન કરવા લાગ્યો. છ માસ વીતી ગયા. એક દિવસ રોહણાચલના અધિપતિ દેવે તેને સ્વપ્નમાં કહ્યું, 'અરે! ભઈઅ! તું રત્નોને ગ્રહણ કરી સાર્થજનો સાથે કેમ ચાલ્યો ન ગયો ?'

દ્રમક- 'મને ચિંતામણિ રત્ન ન મળ્યો એટલે હું ગયો નથી.'

દેવ- 'તું ચિંતામણિ રત્ન નહી મેળવી શકે.'

દ્રમક- શું પર્વતમાં ચિંતામણિ રત્ન નથી ?

દેવ- ભઈઅ! ચિંતામણિ રત્નો તો અહીંયા અઢળક છે, પણ અભાગીયાઓને ચિંતામણિ રત્નો અહીંયા ન મળે.

દ્રમક- ચિંતામણિ રત્ન મેળવવા માટે તો હું આખા પર્વતને ખણી નાખીશ, પછી તું ચિંતામણિને ક્યાં સંતાડીશ?

દેવ પોતાના સ્થાને ગયો. દ્રમક સવારે ઊઠીને રોહણાચલને ખણવા લાગ્યો. કેટલાક દિવસો વિતી ગયા પછી દેવ ફરી આવ્યો અને કહ્યું, 'અરે ભાઈ! હજું પણ તું ગયો નથી ?'

'ના, હું ચિંતામણી રત્નને ગ્રહણ કર્યા વિના જવાનો નથી.' આ સાંભળી દ્રમકને દેવે કહ્યું, 'જો ભાઈ ! તારે જોઈએ જ છે તો તું સવારે આવી ચિંતામણી રત્ન ગ્રહણ કર અને સુખી થા.'

આટલું કહીને દેવે ત્યાંથી વિદાય લીધી. ભઈઅ સવારે જાગ્યો. આજે તો ચોક્કસ ચિંતામણિ રત્ન મળી જ જશે, એવી ઈચ્છાથી રોહણાચલ પર્વતને ખોદવા લાગ્યો. ત્યાં તો દશે દિશાને પ્રકાશિત કરતા ચિંતામણિ રત્નને જોયો. રત્નને ગ્રહણ કરવા માટે સ્નાન કર્યું અને પૂજા કરી. તેણે ચિંતામણિ રત્નને નમસ્કાર કરી કહ્યું કે તમે સાચે જ ચિંતામણી હો તો ૫૦૦ સુવર્ણ મુદ્રા ઉપર બિરાજમાન થાવ. આટલું બોલી ભઈઅ સૂઈ ગયો.

બીજે દિવસે સવારે તે જાગ્યો. ૫૦૦ સુવર્ણમુદ્રા ઉપર ચિંતામણિ રત્નને જોઈ તે પોતાની જાતને કૃતાર્થ માનવા લાગ્યો. હવે મારા દેશમાં જઈ આ ઋદ્ધિના ફળને હું ભોગવું એવી ચિંતનધારામાં ચઢ્યો.

કહ્યું પણ છે- તે સંપત્તિને શું કરવાની કે જે પરદેશમાં હોય અથવા જેના ભોગવટાના સમયે મિત્રોનો સંગાથ ન હોય અને શત્રુઓ જેને દેખી શકતા ન હોય.

ભઈએ સ્વદેશ જવા માટે એક વાંસની ટોચે ઘાસના પૂળાને બાંધ્યો. આ બાજુ ત્યાંથી એક વણિક સાર્થવાહ પસાર થતો હતો. વણિકે ભઈઅને બોલાવીને પૂછયું, 'ભાઈ, તું કોણ છે અને અહીં શા માટે આવ્યો છે?

ભઈએ કહ્યુ- સાર્થજનો મને ભોજન વિના ટળવળતો મૂકી ચાલ્યા ગયા છે.

'સારુ ભાઈ! તું કિનારા સુધી આવ. હું તને ત્યાં ભોજન આપીશ' સાર્થવાહે તેને જમવાનું આપ્યું. ભઈઅ તેના વહાણમાં ચઢી ગયો. પોતાના દેશ તરફ આવી રહેલા ભઈઅ એક દિવસ રાત્રે નિદ્રામાંથી જાગૃત થયો અને અચાનક પૂર્ણિમાનો ચંદ્ર તેને દેખાયો. દિશામંડલને ઉદ્યોતિત કરતા ચંદ્રમાને જોઈને વિચાર આવ્યો કે ચંદ્ર જેવી બીજી કોઈ વસ્તુ છે કે નહિ? ત્યાં તો તેને પોતાના મણિની સ્મૃતિ થઈ ગઈ. ચંદ્ર તથા ચિંતામણિ રત્ન બંનેમાં સુંદર કોણ છે એવું જોવા માટે વિસ્મય પામીને ચિંતામણીને હાથમાં લઈને જોવા લાગ્યો. ત્યાં વહાણમાં આંચકો આવતા મણિ હાથમાંથી સરી પડ્યો.

ચિંતામણિ રત્ન સાગરના જળમાં પડી ગયો છે એવો ખ્યાલ આવતા ભઈઅ વહાણમાં પટકાઈ પડ્યો.

'અરેરે! હું લુંટાઈ ગયો, લુંટાઈ ગયો.' ભઈઅ વિલાપ કરવા લાગ્યો. વહાણના

સ્વામીએ વિલાપ કરતા ભઈઅને આશ્વાસન આપીને પૂછયું, 'ભાઈ! શું થયું, કહે તો ખરી'.

ભઈએ રડતા રડતા પોતાની વીતક કથા વહાણના માલિકને સંભળાવી, 'મેં ઘણા કષ્ટ વેઠ્યા પછી આ મણિને મેળવ્યો ખરી પણ અભાગીયો હું પ્રમાદમાં પડીને મણિને હારી ગયો. હવે મારી ઉપર કૃપા કરો અને મને મણિ પાછો અપાવો.'

'અરે ગાંડા ! આ અગાધ સાગરમાં સમાઈ ગયેલો મણિ કેવી રીતે તને પાછો મળવાનો છે. સમુદ્રમાંથી મણિને પાછો મેળવવામાં આપણી બુદ્ધિ પહોંચતી નથી, આપણી પાસે એવો કોઈ વૈભવ નથી કે એવું કોઈ સામર્થ્ય નથી.'

આ દુઃખીયારો ભઈઅ પ્રાપ્ત કરેલા ચિંતામણિને ખોયા બાદ જેમ દુઃખીઓ થયો તેમ જીવ પણ પ્રમાદી બનીને મનુષ્યપણું હારી જાય છે અને લાંબાકાળ સુધી દુઃખોનું ભાજન થાય છે. કદાચિત્ દેવની કૃપા ફરીને પ્રાપ્ત થાય અને ચિંતામણિને પ્રાપ્ત કરીને ભઈઅ સુખી થઈ જાય પરંતુ મનુષ્ય જો પ્રમાદી બને તો અનેક સુકૃતોથી પ્રાપ્ત થતો માનવભવ પુનઃ પ્રાપ્ત થઈ શક્તો નથી.

જેમ આ લોકમાં પૂજન પૂર્વક ચિંતામણિ રત્નની આરાધના સફળ બને છે તેમ પૂજનરસિક એવા મનુષ્યનો આ માનવભવ સુખનું કારણ બને છે.

તેથી ઈચ્છિત ફળને આપનાર એવા જિનેશ્વર પ્રભુની સદૈવ પૂજા કરવી જોઈએ. દ્રવ્યપૂજા અને ભાવપૂજા એમ પૂજાના બે પ્રકાર છે.

महानिशीथ सूत्र : દેશવિરતિધર શ્રાવક જે પૂજા, સત્કાર તેમજ દાનશીલ આદિ ધર્મનું સેવન કરે છે તે દ્રવ્યપૂજા છે અને ચારિત્રાનુષ્ઠાન અને કષ્ટવાળા ઘોર તપનું આસેવન તે ભાવપૂજા છે.

ભાવઅર્ચન એ ઉત્કૃષ્ટ ચારિત્રપાલન રૂપ છે, જ્યારે દ્રવ્યઅર્ચન એ જિનપૂજા રૂપ છે. મુનિઓને માટે ભાવપૂજા છે અને શ્રાવકો માટે દ્રવ્ય અર્ચા છે. દ્રવ્યપૂજા અને ભાવપૂજામાં ભાવપૂજા શ્રેષ્ઠ છે.

કારણ કે કોઈ ભાવિક સુવર્ણ અને મણિના પગથિયાવાળું, હજારો થાંભલા વાળું અને સોનાની ફરસવાળું જિનાલય બનાવે છે તેના કરતા તપ સંયમ અનેક ગુણવાળો છે.

આ તપસંયમ દ્વારા ઘણા ભવોમાં ઉપાર્જેલા પાપકર્મના મળરૂપ લેપને સાફ કરીને થોડાંક જ કાળમાં અનંત સુખરૂપ મોક્ષને પ્રાપ્ત કરી શકાય છે.

સમગ્ર પૃથ્વી પટને જિનાલયોથી શોભાયમાન કરનાર અને દાનાદિક ચારે પ્રકારના સુંદર ધર્મને સેવનાર શ્રાવક વધારેમાં વધારે સારી ગતિ પામે તો પણ બારમાં દેવલોકથી આગળ જઈ શકતો નથી. અર્થાત્ અચ્યુત નામના બારમા દેવલોક સુધી જ જાય છે.

જે જિનેશ્વર પ્રભુની પૂજા નથી કરતો અને માત્ર શરીરના સુખની લાલસા જ

રાખે છે તેને સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી નથી તેમજ સદ્ગતિ પણ મળતી નથી.'

વિચિત્રવેગે આ પ્રમાણે વિમલગુપ્તાચાર્ય પાસે દેશના સાંભળીને પ્રવ્રજ્યાનો સ્વીકાર કર્યો. મુનિ વિચિત્રવેગ પોતાના મનને હરહંમેશ ભાવનાથી ભાવિત કરવા લાગ્યા.

'હે જીવ! તને દીક્ષા અને ગુરુની શિક્ષા બંને પ્રાપ્ત થઈ છે. હવે તું શરીરની ઉપેક્ષા કર. ઉગ્ર તપ ધર્મની આરાધના કર. જેથી શુભંકર એવી દીક્ષાના પાલનથી મોક્ષના સુખો તારી નિકટમાં આવી જશે.'

વિચિત્રવેગ મુનિ આ પ્રમાણે પોતાના આત્માને પુનઃપુનઃ ભાવિત કરવા લાગ્યા. અંતે નિર્દોષ ભિક્ષાનો પણ ત્યાગ કરી અરિહંતાદિની ભગવંતોની સાક્ષીએ અણસણ કર્યું. કાળ કરી સૌધર્મ દેવલોકમાં ઈન્દ્ર થયા.

વિચિત્રવેગ મુનિએ જ્યાં કાળ કર્યો હતો ત્યાં રહેલા દેવોએ અણસણ ભૂમિની પૂજા કરી. આ મહાત્માને નમસ્કાર કરવા માટે વિદ્યાધરોમાં ચતુર એવો ચિત્રવેગ પણ ત્યાં આવ્યો હતો. આ મહાત્માના નિષ્પ્રાણ દેહને દેખીને ભાઈ ઉપરના સ્નેહરાગને કારણે ચિત્રવેગ વિદ્યાધર મૂર્છા પામ્યો. અનેક ઉપાયો બાદ મૂર્છા દૂર થઈ ત્યારે વિમલ નામના ગુરુભગવંતે તેને બોધ આપ્યો,

"ભાગ્યશાળી તું શોક ન કર. શોક કોનો કરાય તે તું સાંભળ,

न हु होइ सोइयव्वो जो कालगओ दढो चरित्तंमि ।

सो होइ सोइयव्वो जो संजमदुब्बलो विहरे ॥

જે મહાત્માઓનું ચારિત્ર નિરતિચાર છે તેઓ કાલ કરે તો પણ તેમનો શોક ન કરવો જોઈએ, પરંતુ તેઓનો જ શોક કરવા જેવો છે કે જેઓ સંયમ પાલનમાં નિર્બળ થઈને સંયમ જીવનને પૂરું કરે છે.

सोच्चा ते जियलोए जिणवयणं जे नरा न याणंति ।

सोच्चाणवि ते सोच्चा जे नाऊण नवि करंति ॥

ખરેખર તેઓનો શોક કરવો જોઈએ કે જેઓ આ લોકમાં જિનવચનને જાણતા નથી, વળી તેઓ તો અતિશય શોચનીય છે જેઓ જિનવચનને જાણવા છતાં પણ આચરણમાં મૂકતા નથી.

दावेऊण धणनिहिं तेसिं उप्पाडिआणि अच्छीणि ।

नाऊणवि जिणवयणं जे इह विहलंति धम्मधणं ॥

જેઓ જિનવચનને જાણવા છતાં પણ પોતાનું ધર્મધન નિષ્ફળ બનાવે છે તેઓ પૈસા આપીને પોતાની આંખોને ઉખાડાવે છે.

ભાઈ ચિત્રવેગ! આ વિચિત્રમુનિની સદ્ગતિ નિશ્ચિત છે, એમનું જીવન સંયમપૂર્વકનું હતું. તપધર્મની સુંદર આરાધના કરનાર અને ગુણવાન એવા મહાત્માનો

શોક કેવી રીતે કરાય અર્થાત્ શોક ન જ કરવો જોઈએ.'

વિમલગુરુએ આ પ્રમાણે ચિત્રવેગ વિદ્યાધરને બોધ આપ્યો. ચિત્રવેગે તૃણના ત્યાગની જેમ ચક્રવર્તીપણાનો ત્યાગ કરી સંપૂર્ણ દુઃખના નાશ માટે તરત જ સંયમ સ્વીકાર્યો. પૂર્વભવમાં અધ્યયન કરેલ શ્રુતસાગર(પૂર્વશ્રુત)નું સ્મરણ થઈ આવ્યું અને તે જ ક્ષણે શુક્લધ્યાનની ધારામાં ચઢેલ એ મહાત્માને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ.

કેવલજ્ઞાનની પ્રાપ્તિ થતાં ઈન્દ્ર મહારાજા તેમને વંદન કરવા માટે આવી પહોંચ્યા. વંદનાર્થે આવેલા ઈન્દ્ર મહારાજાને ચિત્રવેગ કેવલી ભગવંતે ધર્મદેશના આપી અને તે જ દિવસે શિવલક્ષ્મીને પ્રાપ્ત કરી. ઈન્દ્રે તેમનો આશ્ચર્ય ઉપજાવે તેવો નિર્વાણ મહોત્સવ કર્યો.

ત્યારબાદ આ જ સ્થાને ઈન્દ્ર મહારાજાએ એક જિનાયતનનું નિર્માણ કર્યું. જિનાલયની મધ્યમાં આ સૌધર્મેન્દ્રે આદિનાથ પ્રભુ અને પોતાના ભાઈ ચિત્રવેગ કેવલીની સુવર્ણની પ્રતિમાને સ્થાપન કરી. ચક્રવર્તીના ચક્રરત્નની જેમ આ ધર્મચક્રને અહીં પધરાવ્યું. જિનાલયની બહાર ભદ્રાસન બનાવ્યું, તેની ઉપર મંડપનું નિર્માણ કર્યું.

વસુદેવહિંડીમાં પણ કહ્યું છેઃ દેવેન્દ્રે હરિકૂટ પર્વત ઉપર અવર્ણનીય, અનુપમ અને અત્યંત સુશોભિત એવું જિનાલય બનાવ્યું. આ જિનાલયમાં આદિનાથ પ્રભુ અને પોતાના ભાઈ ચિત્રવેગ કેવલીની સુવર્ણમયી પ્રતિમાને સ્થાપી ચક્રરત્નની જેમ ધર્મચક્ર પણ સ્થાપ્યું. બહાર સ્થાપેલ ભદ્રાસન ઉપર રત્નના મંડપનું નિર્માણ કરવામાં આવ્યું.

જિનાલયના નિર્માણ બાદ ઈન્દ્ર મહારાજાએ ઘોષિત કર્યું કે હરિકૂટ પર્વતના ઉપરના આ જિનાલયના દ્વાર બંધ રહેશે. મારી આજ્ઞા અનુસારે જિનાલયની અંદર રહેલી પ્રભુપ્રતિમાને દેવો સદૈવ પૂજશે.

વૈતાઢ્ય પર્વતની ઉત્તરશ્રેણિ તથા દક્ષિણશ્રેણિના વિદ્યાધરોએ પ્રતિવર્ષે જિનાલયની બહાર વાર્ષિકમહોત્સવ કરવાનો છે. જે વિદ્યાધર આ વાર્ષિકોત્સવને નહિ કરે તો તેની વિદ્યા ભ્રષ્ટ થશે.

અહીં કારણથી આવેલ ચક્રવર્તી, ચરમ શરીરી, વિદ્યાધર ચક્રવર્તી, જે ખેચરચક્રી દ્વારા પીડાય નહિ અને જે સમ્યગ્ દૃષ્ટિ હોય તે તથા એનો પિતા કે પુત્ર આ વનમાં આ ચૈત્યને પોતે ઉઘાડશે અને તે આ સિંહાસન ઉપર બેસશે.

આ પુણ્યશાળીની સાથે જે હશે તે જનસમુદાય પણ આ પ્રભુજીની પ્રતિમાના વંદન કરી શકશે.

આ મારી આજ્ઞા છે એ પ્રમાણે કહીને દેવેન્દ્ર દેવલોકમાં ગયા.

સૌધર્મેન્દ્રના બંને ભવોમાં હરિ નામ હતું આથી સ્તૂપના નિર્માણ બાદ તે હરિકૂટ

તરીકે પ્રસિદ્ધ થયો. ઈન્દ્રે સ્થાપેલી આ મર્યાદા પ્રમાણે સઘળા વિદ્યાધરો હરિકૂટ પર્વત ઉપર એકત્ર થઈ મહોત્સવને ઉજવે છે. આ પ્રમાણે ઈન્દ્રના અનેક યુગાંતરો પસાર થઈ ગયા.

પરંપરામાં એવું સાંભળવામાં આવે છે કે કેટલાક ઉત્તમ વિદ્યાધર પુરુષોએ ક્યારેક ક્યારેક આ જિનાલય ઉઘાડ્યું છે. હજુ પણ ઘણા વિદ્યાધરો પોતે ઉત્તમ છે એવી બુદ્ધિથી દરેક વર્ષે આ જિનાલયને ઉઘાડવા માટે તેમજ ભદ્રાસન ઉપર બેસવા માટે પ્રયત્ન કરે છે.

હરિકૂટ પર્વત ઉપર વિદ્યાધર શા માટે આવે છે એવા પ્રશ્નના ઉત્તરમાં વસુદેવના મિત્ર મદને વસુદેવને સઘળી હકીકત કહી. આ સાંભળીને વસુદેવ જિનાલય તરફ જાય છે. જિનાલયને ત્રણ પ્રદક્ષિણા આપી પ્રણામ કરે છે.

वसुदेवहिंडी: 'જિનાલયને ત્રણ પ્રદક્ષિણા આપી. ભક્તિપૂર્વક વંદન કર્યું અને એક બાજુ ઊભો રહ્યો.'

જિનાયતનમાં ઉત્તમ ગંધર્વના ગીતો દ્વારા ઉત્તમ મહોત્સવ થઈ રહ્યો હતો. વિદ્યાધરો વૈર વિનાના બની સ્તુતિ ગાઈ રહ્યા હતા.

(सज्ज्ञानलक्ष्म्याः स्तुतिपाठ द्वारा स्तुति)

वसुदेवहिंडी: ભક્તિથી ભાવિત થયેલા વિદ્યાધરોએ શ્રેષ્ઠ નાટકો, સંગીત અને ગંભીર અર્થવાળી લયબદ્ધ ઘણી બધી સ્તુતિના ગાનમાં પરાયણ થઈ અપૂર્વ જિનભક્તિથી મહોત્સવ કર્યો.

જિનાલયમાં ઉભેલા વસુદેવને તેના સસરા દેવઋષભ આદિ વિદ્યાધરોએ કહ્યું, 'હે મહાનુભાવ! આ સઘળા વિદ્યાધરોમાંથી કોઈપણ આ જિનાલયને ઉઘાડવા માટે શક્તિમાન નથી. તમે જિનાલયના દ્વાર ઉઘાડો, જેથી આ વિદ્યાધર સમૂહ આદિનાથ પ્રભુના મુખનું દર્શન કરે અને પ્રભુની પ્રતિમાને પૂજે.'

વસુદેવે સ્નાન કરી શરીર ઉપર વિલેપન કર્યું, નવા વસ્ત્રોની જોડ પહેરીને દેવઋષભઆદિ વિદ્યાધરોની સાથે જિનાલયમાં પહોંચ્યો. જાણે સાક્ષાત્ સ્વર્ગની સંપત્તિના સ્વામી વસુદેવે વિનયથી નતમસ્તકવાળા બની દક્ષિણાવર્ત પદ્ધતિથી પ્રદક્ષિણા આપી. મુલાયમ મોરપીંછીથી સિદ્ધાયતનના દ્વારની પ્રમાર્જના કરી. પાણીથી અભિષેક કર્યો. સુગંધી પુષ્પોની માળા બાંધી. ધૂપઘટા પ્રગટાવી અને અવનવા અશન-પાન-ખાદિમ-સ્વાદિમ આદિથી યુક્ત બલિ સ્થાપન કર્યો.

वसुदेवहिंडीमां बलिनुं विधान: વસુદેવે ધૂપઘંટા પ્રગટાવી, સુગંધી પુષ્પોથી યુક્ત, વિવિધ પ્રકારના ભક્ષ્ય તથા પાણીથી પૂર્ણ અને પુષ્પથી મિશ્રિત ધાન્યથી વિભૂષિત સુંદર બલિને ધર્યો.

વસુદેવે બલિને ધર્યા પછી પુનઃ ધૂપને ધરી બે હાથ જોડી અંજલિ કરી, વિનયથી

મસ્તકને નમાવ્યું અને સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરી બોલ્યો, 'વાસુદેવનો પિતા એવો હું સાચે જ ભવ્ય હોઉ અથવા તો ઉત્તમ પુરુષ હોઉ તો સમ્યગ્દૃષ્ટિ દેવો આ સિદ્ધાયતનના દ્વારને ખોલી નાખો.'

વસુદેવ આ પ્રમાણે કહેતો હતો ત્યાં તો જિનાલયનું દ્વાર સ્વયં જ ઉઘડી ગયું. પ્રભુની પ્રતિમાના દર્શન થતાં વસુદેવે 'નમો જિણાણં' કહી પ્રણામ કર્યા, ત્યારબાદ પ્રક્ષાલ કરી વિધિપૂર્વક પૂજા કરી. પૂજા બાદ ચૈત્યવંદન કર્યું. બીજા વિદ્યાધરોએ પણ આ પ્રમાણે જ જિનભક્તિ મહોત્સવ કર્યો.

આમ, વસુદેવે જિનેશ્વર પ્રભુના સફળ દર્શનની સાથે દરેક ક્ષણે પ્રદક્ષિણામાં તત્પર બની દક્ષિણાવર્તે વિધિ પૂર્વક પ્રદક્ષિણા આપી. ત્યારબાદ દેવો આદિ જેની પાછળ જઈ રહ્યા છે એવો વસુદેવ જ્યાં ભદ્રાસનમાં બેસે છે ત્યાં આકાશવાણી થાય છે.

'આ દિવ્ય ભદ્રાસન ઉપર બિરાજમાન વસુદેવ, બળદેવ અને વાસુદેવના પિતા છે. તેમને પૂર્વભવમાં કરેલા સુકૃતોનું ફળ હમણાં પ્રાપ્ત થયું છે. સાધુઓ પ્રત્યે તેઓ વિનયી છે. પૂર્વભવમાં વસુદેવે સુસાધુ ભગવંતોની ઘણી જ વૈયાવચ્ચ કરી છે તેનું જ ફળ તેમને હમણા પ્રાપ્ત થયું છે, જેથી એ જિનાલયને ઉઘાડી શક્યા અને ભદ્રાસન ઉપર બેસી શક્યા.'

વસુદેવે ફરીને ચૈત્યોને વાંદ્યા અને તાયપુર તરફ પ્રયાણ કર્યું. ત્યાં જઈને દોગુંદક દેવની જેમ પોતાનો સમય સુખમાં પસાર કરવા લાગ્યા.

હે ભવ્યજીવો! વસુદેવનું આ દૃષ્ટાંત સારી રીતે સાંભળીને જ્ઞાનાદિત્રિકની આરાધના કરવા માટે ત્રણ પ્રદક્ષિણા આપીને ચૈત્યોને વાંદવા.

પ્રદક્ષિણાત્રિકમાં હરિકૂટ પર્વતનો સંબંધ સમાપ્ત.

જિનાલયને ત્રણ પ્રદક્ષિણા આપ્યા બાદ મુખ્ય મંડપની આદિમાં દેરાસરની અંદર બીજી નિસીહિ કરવાની છે. આ નિસીહિ કરવાથી જિનાલયનો હિસાબકિતાબ, પત્થર ઘડાવવા આદિ તેમજ નોકર- ચાકર આદિની સારસંભાળ આદિ વ્યાપારનો નિષેધ થઈ જાય છે. બીજી નિસીહિ કર્યા બાદ મૂળનાયક પ્રભુની સન્મુખ થઈને પ્રણામત્રિક કરવાનું છે.

ચેઈયવંદણ મહાભાસઃ

तत्तो निसीहियाए पविसित्ता मंडवंसि जिणपुरओ ।
महीनिहियजाणुपाणी करेइ विहिणा पणामतियं ॥

(ચૈત્યવંદન મહાભાસ - ૧૯૩)

બીજી નિસીહિ બોલવા પૂર્વક મંડપમાં પ્રવેશ કરીને મૂળનાયક પ્રભુના બિંબની સામે ગુડા અને મસ્તકને પૃથ્વી ઉપર સ્થાપી પ્રણામત્રિક વિધિપૂર્વક કરવાના છે.

પ્રણામત્રિક કર્યા પછી હર્ષોલ્લાસવાળો ભાવિક મુખકોષ બાંધી જિનપ્રતિમાના

રાતના વાસી નિર્માલ્ય મોરપીંછીથી દૂર કરે. નિર્માલ્ય ઉતાર્યા પછી જિનાલયનો કાજો સ્વયં કાઢે અથવા બીજા પાસે કઢાવરાવે. પછી પોતાના સામર્થ્યને અનુસારે જિનેશ્વર પ્રભુની પૂજા કરે.

विशिष्ट आंगी आदिने दूर करी शकाय? : પ્રભુની પૂજા કરતા પહેલા કોઈએ જો મોટા ઠાઠમાઠથી પૂજા કરેલી હોય તો એ વિશેષ અંગરચના આદિ પ્રભુ પૂજાને પોતાની પાસે તેનાથી વધારે સારી પૂજાની સામગ્રી ન હોય તો દૂર કરી ન શકાય, કારણકે તે વિશિષ્ટ પ્રભુપૂજાને દૂર કરવામાં આવે તો તેના દર્શનથી થવાવાળા પુણ્યાનુબંધી પુણ્યના અનુબંધનો અંતરાય થાય. પરંતુ તે અંગરચના આદિમાં વધુ શોભાની અભિવૃદ્ધિ થાય તેવો પ્રયત્ન કરી શકાય.

सुंदर वैभवथी करेली पूजाने निर्माल्य कहेवाय? આ અંગરચના આદિ પૂજાને નિર્માલ્ય કહી ન શકાય, કારણકે એમાં નિર્માલ્ય લક્ષણ ઘટતું નથી.

निर्माल्यनुं लक्षणः भोगविणट्ठं दव्वं निम्मल्लं बिंति गियत्था- જે દ્રવ્યને ફરીથી વાપરી ન શકાય તે દ્રવ્યને નિર્માલ્ય કહેવાય છે. જિનેશ્વર પ્રભુની પ્રતિમા ઉપર ચઢાવેલુ પુષ્પ આદિ જે કરમાઈ ગયું હોય, દુર્ગંધ નીકળતી હોય અથવા જે પહેલાની જેમ સુશોભિત ન હોય તેમજ જેના દર્શન થતાં ભવ્યજીવોના મનમાં આનંદ ઊભો ન થતો હોય તેને બહુશ્રુતો નિર્માલ્ય કહે છે.

आभरण आदिने निर्माल्य कहेवाय? આગમ ગ્રંથોમાં નિર્માલ્ય કોને કહેવાય અને કોને ન કહેવાય તેવું વિધાન મળતું નથી. પણ ગીતાર્થોએ નિર્માલ્યની જે વ્યાખ્યા કરી છે તેને અનુસારે વસ્ત્રો, આભરણો, યુગલ, કુંડલ આદિ જિનેશ્વરોને ફરીથી ઉપયોગમાં ન લઈ શકાય તો શાસ્ત્રમાં જ વર્ણન મળે છે કે વિજય આદિ દેવ એક કષાઈ વસ્ત્રથી ૧૦૮ જિનપ્રતિમાને લૂંછતા વર્ણવેલા છે તે કેવી રીતે ઘટી શકે?

નિર્માલ્યને દૂર કર્યા બાદ અંગપૂજા તથા અગ્રપૂજા કરવાની છે. આ અંગપૂજા તથા અગ્રપૂજાનું સ્વરૂપ આગળ બતાવાશે. ત્યારબાદ ચૈત્યવંદન કરવાની ઈચ્છાવાળો પોતપોતાની મર્યાદાના અનુસારે અવગ્રહમાં રહી ત્રીજી નિસીહિ કરે છે. આ નિસીહિથી જિનપૂજા સંબંધી વ્યાપારનો ત્યાગ થઈ જાય છે. આથી પૂજા માટે ફુલ લાવવા સ્વરૂપ સાવદ્ય વ્યાપાર ચૈત્યવંદનની વેળાએ નિષિદ્ધ થઈ જાય છે.

प्रणामत्रिकनुं वर्णनः-

બીજી નિસીહિ બાદ પ્રણામત્રિક વિધિપૂર્વક કરવાનું કહ્યું હતું. આ પ્રણામત્રિકના સ્વરૂપનું નિરૂપણ કરનાર ગાથાનું વર્ણન કરે છે.

ગાથા :- अंजलिबद्धो अद्धोणओ अ पंचंगओ य तिपणामा ।
सव्वत्थ वा तिवारं सिराइनमणे पणामतियं ॥ ९ ॥

गाथार्थ :- અંજલિ સહિત પ્રણામ, અર્ધાવનત પ્રણામ અને પંચાગ પ્રણામ એ

ત્રણ પ્રણામ છે, અથવા (ભૂમિ આદિ સર્વ સ્થાનોમાં) ત્રણવાર મસ્તક વગેરે નમાવવાથી પણ ત્રણ પ્રકારના પ્રણામ થાય છે.

ટીકાઃ- આ ગાથા ચૈત્યવંદન ભાષ્યમાં પાછળથી પ્રક્ષેપવામાં આવી છે, છતાં પણ અહીં ઉપયોગી છે આથી તેની અહી ટીકા કરવામાં આવે છે.

૧. અંજલિબદ્ધ પ્રણામઃ- જિનેશ્વર પ્રભુનું દર્શન કરીયે અથવા પ્રભુજીને વિનંતી કરતા હોઈયે ત્યારે મસ્તકમાં ભક્તિ પૂર્વક બે હાથ જોડવા.

અંજલિબદ્ધ પ્રણામમાં જ્યારે પ્રભુને વિનંતી કરવાની હોય ત્યારે બે હાથને આવર્તાકારે ભમાવી મુખ ઉપર રાખવાના છે. (મુખાદિમાં આદિ શબ્દથી કપાળ વગેરેને પણ લઈ શકાય અર્થાત્ બે હાથને કપાળ ઉપર જોડવા)

શાસ્ત્રમાં અંજલિ બદ્ધ પ્રણામઃ

આગમઃ चक्खुफासे अंजलिपग्गहेणं- જિનપ્રતિમા કે જિનમંદિરના દર્શન થતા બે હાથ જોડવા.

કલ્પસૂત્રઃ अंजलिमउलियग्गहत्थे तित्थयराभिमुहे सत्तट्ठ पयाइं अभिगच्छइ- ઈન્દ્ર મહારાજા બે હાથ દ્વારા અંજલિ કરીને તીર્થંકર પ્રભુની સન્મુખ થઈને સાત આઠ પગલા જાય છે.

सिरसावत्तं दसनहं मत्थए अंजलिं कट्टु एवं वयासी, सिरसावत्तं दसनहं मत्थए अंजलिं कट्टु जएणं विजएणं वद्धाविता एवं वयासी- મસ્તક સન્મુખ દક્ષિણાવર્ત(જમણી પદ્ધતિએ) મંડલાકાર કરી દશ આંગળીઓ ભેગી કરી બે હાથ જોડી આ પ્રમાણે બોલે છે, મસ્તક સન્મુખ દક્ષિણાવર્ત મંડલાકાર કરી દશ આંગળીઓ ભેગી કરી બે હાથ જોડી આપનો જય થાવ, વિજય થાવ, એ પ્રમાણે બોલે છે.

આમ, શાસ્ત્રમાં અંજલિબદ્ધ નમસ્કારનું વર્ણન મળે છે. બે હાથ જોડીને કરાતો અંજલિબદ્ધ નમસ્કાર બીજા નમસ્કારોનું ઉપલક્ષણ છે, અર્થાત્ અન્ય નમસ્કાર પણ આ નમસ્કારમાં લઈ શકાય છે. એક હાથ મસ્તકની આગળ લાવીને કરાતો નમસ્કાર પણ અંજલિબદ્ધ નમસ્કાર તરીકે ગણવામાં આવે છે. કારણકે આ નમસ્કાર દ્વારા ગૌરવાર્હ (વંદનીય)ની ભક્તિ થાય છે. લોકોમાં પણ ગૌરવાર્હની ભક્તિ માટે એક હાથને પણ મસ્તક આગળ લાવીને અંજલિબદ્ધ નમસ્કાર કરાતો દેખાય છે.

(૨) અર્ધાવનત પ્રણામઃ ઊભા રહીને કિંચિત્ મસ્તક નમાવવું, અથવા મસ્તક અને હાથ વડે ભૂમિસ્પર્શ અથવા ચરણ સ્પર્શ કરવો, ઈત્યાદિ સ્વરૂપ વાળો આ બીજો અર્ધાવનત પ્રણામ છે.

આગમમાં અર્ધાવનત પ્રણામઃ आलोए जिणपडिमाणं पणामं करेइ જિનેશ્વર પ્રભુના દર્શન થાય ત્યારે પ્રણામ કરવા.

ચૈત્યવંદન મહાભાષ્યઃ तत्तो नमो जिणाणं ति भणिय अद्धोणयं पणामं

चा ભક્તિભાવથી ભરપુર હૈયે 'નમો જિણાણં' કહી અર્ધાવનત પ્રણામ અને પંચાંગ પ્રણામ કરવો.

અર્ધાવનત પ્રણામના ઉપલક્ષણથી પાંચ અંગમાંથી કોઈપણ એક અંગ ન્યૂન સુધીનો (૧-૨-૩-૪ અંગ વડે) કરાતા પ્રણામ પણ લઈ શકાય છે, પણ પાંચે અંગો નમેલા હોય તેને અર્ધાવનત પ્રણામ ન કહી શકાય.

અર્ધાવનત પ્રણામની વ્યુત્પત્તિ પણ આજ અર્થ બતાવે છે. अर्द्धानि न सर्वाणि प्रकृताऽङ्गमध्याद् अङ्गानि अवनतानि यत्र प्रणामे सोऽर्द्धावनतः - જે પ્રણામમાં બધા અંગો નમેલા ન હોય પરંતુ અર્ધા નમેલા હોય તેને અર્ધાવનત પ્રણામ કહેવાય છે.

(૩) પંચાંગ પ્રણામઃ- જાનુ આદિ પાંચે અંગ વડે ભૂમિ સ્પર્શ થાય તે રીતે જે પ્રણામ કરાય તે પંચાંગ પ્રણામ કહેવાય છે.

કહ્યું છે- दो जाणु दुन्नि करा पंचमंगं होइ तु उत्तमंगं तु।
संमं संपडिवाओ नेओ पंचंगपणिवाओ ॥
(ચૈત્યવંદન મહાભાસ-૨૩૩)

બે જાનુ, બે હાથ અને મસ્તક એ પાંચ અંગને વિધિપૂર્વક એકી સાથે નમાવવાથી પંચાંગ પ્રણિપાત નમસ્કાર થાય છે.

આમ, અંજલિબદ્ધ અર્ધાવનત અને પંચાંગ પ્રણિપાત આ ત્રણ પ્રણામ થાય છે.

બીજી રીતે પણ ત્રણ પ્રકારે પ્રણામઃ ભૂમિ, આકાશ, મસ્તક આદિ ત્રણ પ્રકાર સ્થાનમાં ત્રણવાર મસ્તક અને બે હાથ જોડી નમસ્કાર કરવાથી ત્રણ પ્રકારના પ્રણામ થાય છે.

અથવા તો અંજલિબદ્ધ આદિ ત્રણ પ્રણામમાંથી કોઈ પણ એક પ્રણામ કરતી વખતે મસ્તકને નમાવવા પૂર્વક મસ્તક સન્મુખ રહેલી અંજલીને મસ્તક સન્મુખ દક્ષિણાવર્ત (જમણી પદ્ધતિએ) મંડલાકારે ભમાવવી. આમ, ત્રણ અંજલિ ભ્રમણ સહિત ત્રણવાર મસ્તક નમાવવાથી પ્રણામત્રિક થાય છે.

પંચાંગ પ્રણિપાતનો વિશેષ વિષય પંચાંગપ્રણિપાત નામના દ્વારની વ્યાખ્યાથી જાણી શકાશે અથવા તો આ વિષયના જાણકાર બહુશ્રુત ગુરુભગવંત પાસેથી જાણી શકાશે.

પ્રમાણત્રિક વિજયદેવની જેમ કરવું જોઈએ.

પ્રણામત્રિક ઉપર વિજયદેવની કથાઃ જંબૂદ્વીપના વિજયદ્વારથી પૂર્વ દિશામાં અસંખ્ય દ્વીપ સમુદ્રો પછી આવતા બીજા જંબૂદ્વીપમાં બાર હજાર યોજન ગયા બાદ વિજયા નામની રાજધાની આવે છે. બાર હજાર યોજન તેની લંબાઈ પહોળાઈ છે. તેનો કિલ્લો ૩૭॥ યોજન ઉંચો છે. આ કિલ્લો સુવર્ણમય છે. તે અંદરથી ચતુષ્કોણ છે

અને બહારથી ગોળ છે. તેનો આકાર ઊભા કરેલા ગાયના પૂંછડા જેવો છે. તે મૂળમાં ૧૨॥ યોજન, મધ્યમાં ૬। યોજન અને ઉપર ૩ યોજન ને અડધો ગાઉ પહોળો છે. તે પાંચ વર્ણના મણિમય કાંગરાથી શોભે છે. આ કાંગરા ૫૦૦ ધનુષ્યના વિસ્તારવાળા, એક ગાઉ લાંબા અને કાંઈક ન્યૂન અડધો ગાઉ ઊંચા છે. કિલ્લાની ચારે દિશાએ ૧૨૫-૧૨૫ દ્વાર છે. આ દ્વારો શ્વેત છે, તેની ઉપર ઉત્તમ સુવર્ણના શિખરો છે, વળી તેઓ તોરણ છત્ર અને ધ્વજથી યુક્ત છે. તેની પૂર્વઆદિ ચારે દિશાઓમાં બધી જ ઋતુના પુષ્પ અને ફળ આપનારા અશોક વન, સપ્ત પર્ણવન, ચંપકવન અને આંબાના વનો છે. આ વનોમાં ઘણા વ્યંતર દેવો હર્ષપૂર્વક સૂવું, બેસવું, પડખા ફેરવવા, આનંદ કરવો, ક્રીડા કરવી આદિ ક્રિયાઓ કરે છે. આ દેવો પૂર્વે આદરપૂર્વક કરેલા સુકૃતોના કલ્યાણકારી ફળ વિશેષને અનુભવે છે.

આ વિજ્યાનગરીના બરાબર મધ્યભાગમાં વિજય દેવનો પ્રાસાદ છે. પ્રાસાદમાં લાગેલા ઉત્તમ મણિ અને રત્નોના કિરણ સમૂહથી આકાશમાં ઈન્દ્રધનુષ્યની રચના થતી હતી. જેમ સૌધર્માવતંસક વિમાન ચારે દિકૂપાલના વિમાનોથી શોભે છે તેમ વિજયદેવનો આ પ્રાસાદ ચારે દિશામાં રહેલા નાના પ્રાસાદોથી પરિવરેલો શોભે છે. આ ચાર નાના પ્રાસાદો પણ જેમ મેરુપર્વત ૪ ગજદંત પર્વતોથી શોભે છે તેમ બીજા ચાર નાના પ્રાસાદોથી રમણીય લાગે છે.

આ બધાં જ પ્રાસાદો મણિ, તોરણ, ચંદન ઘડા, પુતળીઓ, છત્રો અને ધ્વજાઓથી અત્યંત સુંદર લાગે છે.

આ વિજયદેવના પ્રાસાદની ઈશાનદિશામાં સુધર્મા સભા, ઉપપાતસભા, અભિષેક સભા, અલંકાર સભા અને વ્યવસાય સભા આ પાંચ સભા છે. આ પાંચ સભામાં સહસ્ર સ્તંભો, છ મુખ મંડપો તથા ત્રણ દ્વાર છે.

આ પાંચ સભામાંથી ઉપપાત સભામાં દેવશય્યાની અંદર ચાદરની નીચે વિજય નામના દેવનો ઉપપાત થયો.

ઉત્પન્ન થયેલ દેવ વિચારવા લાગ્યો, 'અત્યારે મારે શું કલ્યાણકારી છે અને પછી શું કલ્યાણકારી છે? અત્યારે શું કરવા જેવું છે અને પછી શું કરવા જેવું છે? પૂર્વમાં પરિણામે શું સુંદર છે, હિત માટે છે, સુખ માટે છે, નિશ્ચિત કલ્યાણ માટે છે અને પરંપરાએ શુભ અનુબંધ વાળા સુખ માટે થશે તથા પછી શું પરિણામે સુંદર હિતાદિ માટે થશે ?'

વિજયદેવના આવા મનોગત સંકલ્પને જાણીને સામાનિક દેવો ત્યાં આવ્યા. તેઓએ શિરસાવર્ત નમસ્કાર કરી વિજયદેવને જય-વિજય દ્વારા વધાવ્યા અને બોલ્યા, 'હે પ્રભુ! સુધર્મા સભાની ઈશાન દિશામાં ત્રણ દ્વારવાળું, નવ યોજનની ઉંચાઈવાળું, ૧૨॥ યોજન લાંબુ અને ૬। યોજન પહોળાઈવાળુ સિદ્ધાયતન છે.

સિદ્ધાયતનના દરેક દ્વારની આગળ મુખમંડપ છે. મુખમંડપની આગળ પ્રેક્ષા મંડપ (રંગમંડપ) છે, રંગમંડપની મધ્યમાં અક્ષપાટક છે, અક્ષપાટકની મધ્યમાં મણિ પીઠિકા છે, મણિ પીઠિકાની ઉપર ચૈત્ય સ્તૂપ છે, ચૈત્યસ્તૂપની આગળ એક મણિ પીઠિકા છે. મણિપીઠિકાની ઉપર ચૈત્યવૃક્ષ છે, ચૈત્યવૃક્ષની આગળ મણિ પીઠિકાની ઉપર મહેન્દ્ર ધ્વજ છે, મહેન્દ્ર ધ્વજ પછી વાવડી છે.

સિદ્ધાયતનની મધ્યમાં મણિપીઠિકા છે. મણિપીઠિકા ઉપર દેવછંદામાં ૧૦૮ પ્રતિમાજી બિરાજમાન છે. આ પ્રતિમાજી ૫૦૦ ધનુષ્યના છે. આ પ્રભુજી સિંહાસન ઉપર પર્યંકાસને બિરાજમાન છે.

અધોલોકમાં અને ઊર્ધ્વલોકમાં સર્વે શાશ્વત પ્રતિમાઓ ઉત્સેધાંગુલથી સાત હાથ પ્રમાણ છે. અને તિર્છાલોકમાં ૫૦૦ ધનુષ્ય પ્રમાણના પ્રતિમાજી છે.

જિનપ્રતિમાના સ્વરૂપનું વર્ણનઃ હાથનું તળીયું તપનીય સોનાનું છે. નખ અંકરત્નના છે. નખનો મધ્યભાગ લોહિતાક્ષ રત્નોની લાલિમાવાળો છે. પગ-એડી જંઘા-ઘુંટણ-સાથળ અને ધડ સુવર્ણના બનેલા છે. નાભિ તપનીય સુવર્ણની છે. રોમરાજી રિષ્ટ રત્નોની છે. સ્તનનો અગ્રભાગ તપનીય સોનાનો છે. ભુજા, પાંસળી અને ગ્રીવા સોનાના છે. મૂંછ રિષ્ટ રત્નની છે. હોઠ પરવાળાના છે. દાંત સ્ફટિક રત્નના છે. જીભ અને તાળવું તપનીય સોનાનું છે. નાક સોનાનું છે. નાકના મધ્યભાગમાં લોહિતાક્ષ રત્નની લાલિમા છે. કીકી પાંપણ અને ભવા રિષ્ટ રત્નના છે. ગાલ કાન અને લલાટ સોનાના છે. ખોપરી વજ્ર રત્નની છે. કેશની ભૂમિ તપનીય સોનાની છે અને કેશ રિષ્ટ રત્નના છે.

આ જિનપ્રતિમાની પાછળ બે-બે છત્રધારિણી પ્રતિમા હોય છે. બંને પડખે ચામરધારીઓ હોય છે. પ્રભુજીની આગળ બે બે નાગદેવ, ભૂતદેવ, યક્ષ અને કુંડધારકની પ્રતિમા હોય છે.

સિદ્ધાયતનમાં ઘંટાઓ, ચંદનના ઘડા, ઝારી, દર્પણ, બાજોઠ, પુષ્પાદિ ફુલની ચંગેરી, તેલના દાબડા તથા છત્ર આદિ હોય છે.

સુધર્મા સભામાં માણવક ચૈત્યના સ્તંભ ઉપર વજ્રના દાબડાઓમાં જિનેશ્વર પ્રભુના અસ્થિ છે.

હે સ્વામી! આ પ્રતિમાજી અને પ્રભુના અસ્થિ આપના માટે તથા વિજયા રાજધાનીમાં રહેવાવાળા ઘણાજ દેવદેવીઓને માટે ગંધ આદિથી અર્ચના યોગ્ય છે. પ્રભુના ગુણોની સ્તવના દ્વારા વંદન કરવા યોગ્ય છે, પુષ્પ આદિથી પૂજવા યોગ્ય છે, વસ્ત્રાદિથી સત્કારવા યોગ્ય છે, અંજલિબદ્ધ આદિ પ્રણામો દ્વારા સદૈવ સન્માનવા યોગ્ય છે. કલ્યાણરૂપ, મંગળરૂપ, દેવરૂપ અને ચૈત્યસ્વરૂપ આ પ્રતિમાજી આદિ પર્યુપાસના કરવા યોગ્ય છે.

આ આપ દેવાનુપ્રિય માટે પૂર્વમાં તથા પછી પણ કલ્યાણકારી છે, કરણીય છે.

પરિજન સ્વજન અને શરીર આદિ સર્વનો પણ જો આદર કરવામાં આવશે તો તે સંસારની વૃદ્ધિ માટે થાય છે જ્યારે વીતરાગ પરમાત્માની ભક્તિ તો સંસારના નાશનું કારણ બને છે.

સામાનિક દેવોના મુખેથી આ સાંભળીને વિજયદેવ હર્ષ અને તોષને પામ્યા. હર્ષથી તેમના ચક્ષુ અને ચિત્ત વિકસિત થયા. ત્યારબાદ વિજયદેવ શય્યામાંથી ઊઠી પૂર્વ દિશામાં જાય છે. વાવડીમાં જઈ જલથી સ્નાન કર્યું. આમ, અત્યંત પવિત્ર અને શૂચિભૂત થયેલા વિજયદેવનો સામાનિક દેવોએ અભિષેક કર્યો, પછી અલંકાર સભામાં જઈને સંપૂર્ણ શરીરને સુગંધિત ગંધકાષાયિક વસ્ત્રથી લૂછયું. ગોશીર્ષ ચંદનથી શરીરનું વિલેપન કર્યું. દેવદૂષ્ય યુગલનું પરિધાન કર્યું. હાર તથા અર્ધહારથી શરીરને શણગારી વ્યવસાય સભામાં વિજયદેવ ગયા.

પુસ્તક રત્નનું વર્ણન: વ્યવસાય સભામાં જઈને પુસ્તક રત્નને ગ્રહણ કરે છે. આ પુસ્તકનું પુંઠુ રિષ્ટરત્નનું છે. પાના ચાંદીના છે, રિષ્ટરત્નના અક્ષરો છે, પાનામાં પરોવેલો દોરો તપનીય સોનાનો છે. એ દોરાની ગાંઠે વિવિધ પ્રકારના મણિ લગાવેલા છે.

સ્યાહીનો ખડીયો વૈડૂર્ય રત્નનો છે, ખડીયાની સાંકળ તપનીય સુવર્ણની છે, ખડીયાનું ઢક્કણ રિષ્ટરત્નનું છે. સ્યાહી રિષ્ટરત્નની છે, લેખિની ચાંદીની છે.

વિજય દેવે ધાર્મિક પુસ્તકમાંથી ધાર્મિક વ્યવહારને વાંચીને ગ્રહણ કર્યો અને ત્યારબાદ નંદા વાવડીમાં ગયા. ત્યાં જઈને હાથ પગ ધોયા અને નીલકમળને ગ્રહણ કર્યા. નિર્મળ પાણીથી એક રુપાની ઝારીને પૂર્ણભરીને દેવોથી પરિવરેલા સિદ્ધાયતન તરફ ગયા. તેમની સાથે ચાર હજાર સામાનિક દેવો, પરિવાર સહિત ચાર અગ્ર મહિષીઓ, ત્રણ પર્ષદા, સાત પ્રકારનું સૈન્ય, સાત સેનાધિપતિ, ૧૬ હજાર આત્મરક્ષક દેવો તથા બીજા પણ ઘણા વિજયા રાજધાનીમાં વસતા વાણવ્યંતર દેવો તથા દેવીઓ હતી.

સર્વ પ્રકારની ઋદ્ધિ, સર્વકાંતિ, સર્વ બળ, સર્વ પ્રયત્ન, સંપૂર્ણ આદર, સર્વ વિભૂતિ સંપૂર્ણ ઉત્સાહ, જાતજાતના પુષ્પો ગંધ માળા તથા અલંકારો, સઘળા વાજિંત્રોના શબ્દોના પ્રતિધ્વનિ આદિથી યુક્ત થયેલો આ દેવસમૂહ શંખ, ડંકો, નગારુ, મુરજ, મૃદંગ અને દંદુભિના નાદ સાથે સિદ્ધાયતનમાં પહોંચ્યો.

સિદ્ધાયતનમાં પ્રવેશીને ત્રણ પ્રદક્ષિણા આપી. પ્રદક્ષિણા આપીને પૂર્વના દ્વારે પ્રવેશ કર્યો. જ્યાં દેવછંદામાં રહેલી જિનપ્રતિમા છે તે બાજુ આવ્યા. પ્રતિમાના દર્શન થતાં જ પ્રણામ કર્યા. મોરપીંછીથી પ્રમાર્જના કરી. પ્રથમ ગંધોદકથી પ્રક્ષાલ કરી શુદ્ધ પાણીથી પ્રક્ષાલ કર્યો.

દિવ્ય ગંધકાષાયિક વસ્ત્રોથી પ્રભુની પ્રતિમાને લુંછી. સરસ ગોશીર્ષ ચંદન વડે વિલેપન કર્યું. જિનેશ્વર પ્રભુની બધી જ પ્રતિમાઓને અખંડ અને શ્વેત દિવ્ય દેવદૂષ્ય યુગલ પહેરાવ્યા. ઉત્તમ ગંધ અને પુષ્પ દ્વારા પૂજા કરી. પુષ્પ, માળા, ગંધ, વર્ણક (કેશરાદિ) ચૂર્ણ, આભરણ અને વસ્ત્ર આદિ પણ ચઢાવ્યા. ત્યારબાદ ઉપરથી ભૂમિ સુધી લાંબા, વિશાળ, ગોળાકારના અને લટકતા પુષ્પ માળાના સમૂહ ચઢાવે છે.

પ્રભુની અંગપૂજા કર્યા બાદ અગ્રપૂજા કરે છે.

વિજયદેવે અગ્રપૂજા કરવાની ઈચ્છાથી રત્નના નિર્મળ, સફેદ અને પતળા ચમકદાર ચોખાથી પ્રતિમાની આગળ સ્વસ્તિક, શ્રી વત્સ, નંદાવર્ત, શરાવસંપુટ, ભદ્રાસન, શ્રેષ્ઠ કળશ, મત્સ્ય અને દર્પણ આ આઠ મંગલ આલેખ્યા. અષ્ટમંગલ આલેખીને હાથ દ્વારા ગ્રહણ કરેલા પાંચ વર્ણના પુષ્પોનો રાશિ કર્યો.

ચંદ્રકાંતમણિ, વજ્ર રત્ન અને વૈડૂર્ય રત્નના નિર્મળ દંડવાળા, સુવર્ણ, મણિ અને રત્નની ગોઠવણથી સુંદર, અગરુ, ઊંચી જાતનો કિંદુ, સેલારસ અને બળી રહેલા દશાંગાદિ કાળો ધૂપ એ બધા પદાર્થોની મહેંક મારી રહેલી અને ચારે તરફ ફેલાઈ રહેલી ઉત્તમ ગંધથી યુક્ત ધૂપઘટાવાળા વૈડૂર્યમય ધૂપીયાને ગ્રહણ કરી ધૂપપૂજા કરી.

અંગપૂજા-અને અગ્રપૂજા કર્યા પછી ભાવપૂજા કરવાની ઈચ્છાવાળા વિજયદેવે શુદ્ધ (કાવ્યદોષ થી રહિત), અર્થ ગંભીર અને પુનરુક્તિ દોષ વિનાના અને મહિમાશાળી ૧૦૮ છંદોમાં તેવા પ્રકારની દૈવી લબ્ધિથી સ્તુતિ કરી.

શ્રસ્તાશમર્વૃત સ્તોત્રથી સ્તુતિ કરી

પ્રભુની સ્તવના કરી સાત-આઠ ડગલા પાછળ આવ્યા. ત્યાં આવીને ડાબા ઢીંચણને ઊંચો કર્યો અને જમણા ઢીંચણને ભૂમિ ઉપર રાખ્યો. મસ્તકને ભૂમિ ઉપર ત્રણ વખત નમાવ્યું. આ પ્રમાણે ચાર અંગથી નમસ્કાર કરી અંજલિબદ્ધ પ્રણામ કરવા માટે પોતાના શરીરને જરા નમાવે છે, ભુજાઓને જરાવાળીને ઊંચી કરે છે. બે હાથ જોડી, દશનખ ભેગા કરી, આવર્ત કરી અને મસ્તકે અંજલી કરી અને શક્રસ્તવનો પાઠ કરે.

વિજયદેવ આ પ્રમાણે અંજલિ જોડવા દ્વારા ભક્તિ વિશેષને સાચવીને શાસ્ત્ર પ્રસિદ્ધ વિધિથી શક્રસ્તવને ભણે છે.

મહાનિશીથમાં શક્રસ્તવ પાઠનો વિધિ : ત્રણ ભુવનના એક ગુરુ એવી જિન પ્રતિમામાં આંખ અને મનને પરોવીને હસ્ત કમલ દ્વારા અંજલિ કરી, ત્રસ બીજ અને વનસ્પતિકાય આદિ જંતુથી રહિત એવા સ્થળમાં શક્રસ્તવ આદિ દ્વારા ચૈત્યવંદન કરવું.

નમુત્થુણંનો પાઠ 'નમોત્થુણં અરિહંતાણં ભગવંતાણં'થી લઈને 'સિદ્ધિગઈ નામધેયં ઠાણં સપત્તાણં નમો જિણાણં જિઅભયાણં.' આ સૂત્ર બોલી વિજયદેવ વંદન

કરે છે અને નમસ્કાર કરે છે.

નમુત્થુણં સૂત્રનો અર્થ ચૈત્યવંદન સૂત્રોનું જેમાં વિવરણ કરવામાં આવ્યું છે એવી **ललितविस्तरा** ટીકાથી જાણી લેવું. નમુત્થુણં આદિ સૂત્રો દ્વારા વંદન અને નમસ્કાર કરવાનું કહ્યું છે. તેમાં પ્રતિમાજીને પ્રસિદ્ધ ચૈત્યવંદન વિધિ દ્વારા નમસ્કાર કરે છે અને પ્રણિધાન આદિ દ્વારા નમસ્કાર કરે છે.

વિજયદેવ વંદન અને નમસ્કાર બાદ સિદ્ધાયતનના મધ્યભાગમાં આવે છે. ત્યાં આવીને તેમણે દિવ્ય જલધારાથી અભિષેક કર્યો, સરસ ગોશીર્ષ ચંદનથી હાથ દ્વારા થાપા લગાવ્યા. કેશરથી પૂજા કરી, પાંચ વર્ણના પુષ્પોને બે હાથથી ગ્રહણ કરી પુષ્પનો રાશિ કર્યો. ધૂપ ઘટા પ્રગટાવી.

હવે દક્ષિણદિશાના દ્વારથી નીકળીને ચૈત્યસ્તૂપની પશ્ચિમ દિશામાં જિનપ્રતિમાના દર્શન કર્યા. ત્યાં પણ પૂર્વોક્ત વિધિથી પ્રણામ આદિ કર્યા. આ પ્રમાણે ત્યાં પ્રણામ, પ્રમાર્જન, પ્રક્ષાલ, અંગલૂંછન, વિલેપન, વસ્ત્રનું પરિધાપન, ફુલનો હાર, પુષ્પનો હાર, પુષ્પનો રાશિ, મંગલસ્ત્રોત્ર, પ્રભુના ગુણોની પ્રશંસા આદિ જિનભક્તિ કરે છે.

આજ પ્રમાણે ઉત્તર, પૂર્વ તથા દક્ષિણદિશામાં રહેલા જિનબિંબોની અર્ચના કરી. ત્યારપછી સુધર્મા સભામાં આવીને જિનેશ્વરપ્રભુના અસ્થિના દર્શન થતાં પ્રણામ કર્યા. દાબડાને ઉઘાડ્યો મોરપીંછીથી પ્રમાર્જના કરી સુગંધી પાણીથી એકવીશ વાર પ્રક્ષાલ કરી, ગોશીર્ષ ચંદનથી વિલેપન કર્યું. કુસુમ આદિથી પૂજા કરી. પછી પાંચે સભાના દ્વારની પ્રતિમાનું પૂજન પૂર્વવિધિ પ્રમાણે કર્યું. ત્યારબાદ વિજયદેવ દ્વારા કરાતી દ્વાર પૂજા આદિનું વર્ણન જીવાજીવાભિગમ નામના ત્રીજા ઉપાંગથી જાણી લેવું.

આ પ્રમાણે ત્રણ પ્રદક્ષિણા ત્રણ પ્રણામ પૂર્વક જિનેશ્વર પ્રભુની પૂજા અને વંદનમાં તત્પર એવો વિજયદેવ દૈવી સુખને ભોગવતો સુખ પૂર્વક વિહરે છે.

હે ભવ્યજીવો! વિજયદેવના આ વૃત્તાંતને સાંભળીને જિનાલયમાં ત્રણ પ્રદક્ષિણા આપીને પૂજાત્રિક તથા પ્રણામત્રિકને નિત્ય કરો.

પ્રદક્ષિણાત્રિક, પૂજાત્રિક અને પ્રણામત્રિક ઉપર વિજયદેવ કથા સમાપ્ત

અત્યાર સુધી નિસીહિત્રિક, પ્રદક્ષિણાત્રિક અને પ્રણામત્રિકનું વિવરણ કરવામાં આવ્યું. હવે **પૂજાત્રિકની** અનેક રીત વિચારણા કરતા ગ્રંથકાર કહે છે-

ગાથા - अंगग्गभावभेया पुप्फाहारत्थुईहिं पूयतिगं ।
पंचोवयार अट्ठोवयार सव्वोवयारा वा ॥ १० ॥

ગાથાર્થ : પૂજાના ત્રણ પ્રકાર છે. અંગપૂજા, અગ્રપૂજા અને ભાવપૂજા. પુષ્પદ્વારા અંગપૂજા, આહાર દ્વારા અગ્રપૂજા તથા સ્તુતિ દ્વારા ભાવપૂજા થાય છે. અથવા પંચોપચારી, અષ્ટોપચારી અને સર્વોપચારી એમ પૂજાના ત્રણ પ્રકાર છે.

ટીકાર્થ : અંગપૂજામાં અંગ શબ્દથી જિનપ્રતિમાને, અગ્રપૂજામાં અગ્ર શબ્દથી

જિનપ્રતિમાની આગળનો ભાગ અને ભાવપૂજામાં ભાવશબ્દથી ચૈત્યવંદન કરતા ઉત્પન્ન થતો આત્માનો પરિણામ વિશેષ ગ્રહણ કરવાનો છે.

આ પૂજાત્રિક અનુક્રમે પુષ્પ, આહાર અને સ્તુતિ દ્વારા કરવાની છે.

अंगंमि पुप्फपूया आमिसपूया जिणग्गओ बीया ।
तइया थुत्तगया जा तासि सरूवं इमं होइ ॥

પ્રભુના અંગે પુષ્પપૂજા કરાય છે, પ્રભુની આગળ આહારફળ આદિ મૂકવા દ્વારા બીજી અગ્રપૂજા કરાય છે અને સ્તોત્ર દ્વારા ત્રીજી ભાવપૂજા કરાય છે.

चैत्यवंदन चूर्णि : तिविहा पूआ- पुप्फेहिं नेवेज्जेहिं थुईहि य, सेसभेया इत्थ चेव पविसंति.

પુષ્પ, નૈવેદ્ય તથા સ્તુતિ દ્વારા ત્રણ પ્રકારે પૂજા થાય છે. પૂજાના બીજા ભેદોનો પણ આ ત્રણ પ્રકારની પૂજામાં સમાવેશ થાય છે.

उत्तराध्ययन : तित्थयरा भगवंतो तस्स चेव भत्ति कायव्वा, सा पुआवंदणाईहिं हवइ । पूयंपि पुप्फामिसथुइपडिवत्तिभेयं चउव्विहंपि जहासत्तीए कुज्जा ।

તીર્થંકર ભગવંતોની ભક્તિ કરવી જોઈએ. પ્રભુ પૂજા અને વંદનઆદિથી ભક્તિ થાય છે. પ્રભુને કરાતી પૂજાના ચાર પ્રકાર છે. પુષ્પ, આહાર, સ્તુતિ અને પ્રતિપત્તિ. પોતાની શક્તિને અનુસારે આ ચાર પ્રકારની પૂજા કરવી જોઈએ.

ललितविस्तराः पुष्पामिषस्तोत्रप्रतिपत्तिपूजानां यथोत्तरं प्राधान्यम् । પુષ્પ, આહાર, સ્તોત્ર અને પ્રતિપત્તિ એમ પૂજાના ચાર પ્રકાર બતાવ્યા છે. આ ચાર પ્રકારની પૂજામાં પછી પછીની પૂજા પ્રધાન છે. પ્રતિપત્તિ પૂજા એટલે તીર્થંકરોની આજ્ઞાને સંપૂર્ણ પણે પાળવી.

प्रथम अंगपूजा (पुष्प पूजा) : ઉત્તમ પ્રકારના પુષ્પો દ્વારા અંગપૂજા થાય છે. **प्रश्नः** આ અંગપૂજામાં પુષ્પનું ગ્રહણ શા માટે કરવામાં આવ્યું છે? **समाधानः** અંગ પૂજા જો કે પત્ર જલ ગંધ વસ્ત્ર તથા આભરણ આદિ દ્વારા થાય છે તો પણ અહીં પુષ્પનું ગ્રહણ કરવામાં આવ્યું છે તેનું કારણ એ છે કે પુષ્પ પૂજાના આરંભમાં કુસુમાંજલિ કરે ત્યારે, મધ્યમાં પુષ્પોથી પૂજા કરે ત્યારે અને પૂજાના અંતે પુષ્પનો પ્રકર કરવામાં વપરાય છે. આમ પુષ્પ, પૂજામાં ઘણું ઉપયોગી છે અને શોભામાં ઘણો જ વધારે કરે છે તેથી અંગપૂજામાં પુષ્પ શબ્દનું ગ્રહણ કરવામાં આવ્યું છે.

બીજુ અહીં ગ્રહણ કરવામાં આવેલ પુષ્પ એ તો ઉપલક્ષણ છે. તેથી નિર્માલ્ય દૂર કરવું, પ્રમાર્જન કરવું, પ્રભુના અંગે પ્રક્ષાલ કરવો, ત્યારબાદ હંમેશા અથવા વિશેષથી પર્વ દિવસોમાં કુસુમાંજલિ નાખવા પૂર્વક નદીઓના પાણી, કપુર મિશ્રિત પાણી આદિ, ચંદન કેસર આદિથી મિશ્રિત પાણી, સારા ઘરનું પાણી કે બીજા કોઈ સુગંધી પાણીથી

પ્રભુજીનો પ્રક્ષાલ કરવો, સુગંધી તથા સુંવાળા વસ્ત્રથી પ્રભુના અંગોને લૂછવા, ઘનસાર (કપુર) કેશર આદિથી વિલેપન દ્વારા અંગરચના કરવી, ગોરોચના કસ્તુરી આદિના તિલક કરવા, ઉત્તમ રત્નો સુવર્ણ મુક્તાભરણ આદિ દ્વારા પ્રભુને શણગારવા, સુંદર વસ્ત્રો પહેરાવવા, ગ્રંથિમ(ગુંથેલા) વેષ્ટિમ (ફુલની માળાના ગોટા) પૂરિમ (પુષ્પની ટોપલી) સંઘાતિમ (પુષ્પ સમુહ) આ ચાર પ્રકારના વિકસિત પુષ્પો વડે માળા ટોડર (પુષ્પની કલગી), મુગટ, પાઘડી, પુષ્પઘર આદિની રચના કરવી, જિનેશ્વર પ્રભુના હાથમાં નાળિયેર, બીજોરુ, સોપારી, નાગરવેલના પાન આદિ મૂકવા. ભગવાનના દેહને ધૂપવો, સુગંધી વાસક્ષેપ નાખવો આદિ સર્વનો પણ અંગપૂજામાં સમાવેશ થાય છે.

આગમઃ જિણપડિમાઓ લોમહત્થએણ પમજ્જઇ ઇત્યાદિ જાવ વિઉલવટ્ટ વગ્ઘારિયમલ્લદામ કલાવં કરેઇ- જિનપ્રતિમાઓને મોરપીંછીથી પ્રમાર્જવાથી માંડીને વિશાળ ગોળ આકારનો અને લટકી રહેલો આવા પ્રકારના પુષ્પમાળાના સમૂહને કરે છે. આ બધી પૂજાનો અંગપૂજામાં સમાવેશ થાય છે.

બૃહદ્ભાષ્ય (ચેઈયવંદણ મહાભાસ) માં પણ કહ્યું છે કે

ण્હવણવિલેપનઆહરણવત્થફુલગંધધૂવપુપ્ફેહિં ।

કિરઇ જિણંગપુઆ તત્થવિહિ એસ નાયવ્વા ॥

સ્નાન, વિલેપન, આભરણ, વસ્ત્ર, ફલ, ગંધ, ધૂપ અને પુષ્પ દ્વારા જિનેશ્વરની અંગપૂજા કરવામાં આવે છે.

જિનપૂજાનો વિધિઃ વત્થેણ બંધિઊણ નાસં અહવા જહા સમાહીએ। વજ્જેયવ્વં તુ સયા દેહંમિવિ કંડુયણમાઈ ॥

પ્રભુપૂજા કરતી વખતે વસ્ત્ર વડે નાક સુધી મોઢું બાંધવું અથવા (ઘણી જ અકળામણ થતી હોય તો) સમાધિ સચવાય તેમ મોંઢુ બાંધવું. શરીરમાં ઉપડેલી ખણજને ખણવી નહિ.

(ચેઈયવંદણ મહાભાસ - ૨૦૧)

અન્ય સ્થાને પણ કહેલું છે કે જિનેશ્વર પ્રભુને પૂજતા શરીરની ખણજ વર્જવીં. સળેખમનો ત્યાગ ન કરવો અને સ્તુતિ-સ્તોત્રોને બોલવા.

પૂજામાં ધ્યાન રાખવા જેવી બાબતઃ જિનાલયમાં મૂળ નાયકના બિંબની વિશેષ પૂજા કરવી એ અત્યંત ઉચિત છે. મૂળનાયકની વિશેષ પૂજા કરવાનું કારણ એ છે કે જિનાલયમાં આવનારા પ્રત્યેક માણસની પ્રથમ દૃષ્ટિ મૂળનાયક ઉપર પડે છે. અને મન પણ ત્યાં જ વધુ કેન્દ્રિત થાય છે. (આમ, પ્રત્યેક દર્શનાર્થીને વિશેષ રીતે પૂજિત મૂળનાયક ઉપર દૃષ્ટિ પડતા ભાવોલ્લાસ વધે છે.)

શિષ્યઃ ગુરુદેવ! એક મૂળનાયકના પ્રતિમાજીની પ્રથમ પૂજાદિ કર્યા બાદ બીજા

પ્રતિમાજીની પૂજા કરવામાં આવે તો સમગ્ર લોકના નાથ પ્રભુજીમાં પણ સ્વામી અને સેવક ભાવ ઊભો થતો દેખાય છે. વળી, મૂળનાયકની અત્યંત આદર સહિત શ્રેષ્ઠ પૂજા કરાય છે અને બીજા જિનેશ્વરોની સામાન્યથી પૂજા કરાય છે. તેથી અહીં નિપુણબુદ્ધિથી વિચાર કરવામાં આવે તો પ્રભુની અવજ્ઞા થતી દેખાય છે.

आचार्य : ભાઈ આ તારી વાત બરાબર નથી, કારણકે દરેક તીર્થંકરો ના સમાન પરિવાર અને પ્રતિહાર્યાદિની સમૃદ્ધિ જોતા જાણકાર માણસને આ મૂળનાયક સ્વામી છે અને બીજા સેવકો છે તેવો ભાવ જાગતો નથી.

તથા જે જિનેશ્વરની પ્રતિષ્ઠા પ્રથમ કરવામાં આવે છે તે મૂળનાયક તરીકે ગણાય છે એવો વ્યવહાર છે, પરંતુ આ વ્યવહારને કારણે બીજા પરમાત્માનો સ્વામીભાવ દૂર થઈ જતો નથી.

જેની પ્રવૃત્તિઓ ઔચિત્યથી ગર્ભિત છે તે મનુષ્ય જો એક પરમાત્માની જ વિશેષથી વંદનપૂજા કરે, નૈવેદ્ય ચઢાવે તેમાં કાંઈ પણ આશાતના નથી.

વળી, જ્યાં જે ઉચિત હોય તે જ કરાય. જેમ માટીની પ્રતિમાની પુષ્પાદિથી પૂજા કરવી ઉચિત છે, અને સોના વગેરેથી બનાવેલી પ્રતિમાની પ્રક્ષાલાદિથી પણ પૂજા કરવી યોગ્ય છે.

કલ્યાણકની આરાધના વિગેરે કાર્યથી એક જિનબિંબની વિશિષ્ટ પૂજા કરવા છતાં બાકીના પરમાત્માઓ પ્રત્યે ધાર્મિક જનોને અવજ્ઞાનો ભાવ નથી.

આમ, માટીથી નિર્મિત પ્રતિમાની પ્રક્ષાલ પૂજા ઉચિત નથી, જે ભગવાનનું કલ્યાણ હોય તે ભગવાનની વિશેષ પૂજા કરવી એ વધુ ઉચિત છે, પરંતુ તેમાં અવજ્ઞા નથી, તેમ મૂળનાયક ભગવાનની વિશેષ પૂજા કરવામાં કોઈ પણ જાતની અવજ્ઞા નથી.

જિનાલયોમાં જિનપ્રતિમાની પૂજા ભગવાન માટે નથી કરાતી, પરંતુ પોતાનામાં શુભભાવ ઉત્પન્ન થાય અને બીજા પંડિત જીવો તે જોઈને બોધ પામે તે માટે કરાય છે.

કહ્યું પણ છે, કેટલાક નયનરમ્ય જિનાલયને જોઈને, કેટલાક જિનબિંબની પ્રશાંત મુદ્રાથી, કેટલાક અતિશય સુંદર પૂજા જોઈને અને કેટલાક ઉપદેશ સાંભળીને બોધ પામે છે.

પુષ્પ આદિ દ્વારા કરાતી અંગપૂજા વિવેચન પૂર્ણ થયું.

बीजी अग्रपूजा : અગ્રપૂજા ઉત્તમપ્રકારના આહારથી કરવામાં આવે છે. આહારનું બીજું નામ આમિષ પણ છે.

गौडः उत्कोचे पलले न स्त्री, आमिषं भोज्यवस्तुनि । આમિષ શબ્દ લાંચ અને માંસ અર્થમાં નપુંસકલિંગ અને સ્ત્રીલિંગ છે, જ્યારે ભોજ્ય વસ્તુનો વાચક આમિષ શબ્દ નપુંસકલિંગે છે.

આ આહાર ચાર પ્રકારનો છે. અશન, પાન, ખાદિમ, સ્વાદિમ. આ ચારે

અશનાદિથી પૂજા થાય છે.

(૧) અશન પૂજા

ઇહ હોઇ અસણપૂયા વરખજ્જગ મોયગાઇભક્ખેહિં ? દુદ્ધદહિઘયાઇ ભાયણેહિં ૨ તહ ઓયણાઈહિં ૩

અહીં અશનપૂજા ત્રણ રીતે બતાવવામાં આવી છેઃ

૧. ઉત્તમ પ્રકારના ખાજા, લાડુ આદિ મિષ્ટાન પ્રભુ આગળ ધરવા.

૨. દૂધ, દહી, ઘી આદિના પાત્ર મૂકવા.

૩. ઓદન આદિ (રાંધેલા ભાત આદિ અનાજ) પ્રભુને ધરવા.

વિવિધ ગ્રંથોમાં અશનપૂજાનું વિધાન

નિશીથચૂર્ણિ : સંપઇ રાયા રહગ્ગઓ અ વિવિહફલ ખજ્જગે ય કવડ્ડુગવત્થમાઈ ઉક્કિરણે કિરઇ

રથમાં રહેલો સંપ્રતિ રાજા વિવિધ પ્રકારના ફળો, ખાજા વગેરે ભોજ્ય પદાર્થો, કોડા(નાણુ) તથા વસ્ત્ર આદિને વધામણા રૂપે ઉછાળે છે.

અન્યત્ર પણ કહેલું છે- 'નાણાફલેહિં વ ઘણેહિ નિચ્ચં' વિવિધ ફળો તથા ઘી આદિ ધરવા પૂર્વક હરહંમેશ અગ્રપૂજા કરવી.

વસુદેવ હિંડી : મૃગબ્રાહ્મણની કથામાં પ્રભુભક્તિ માટે ભોજન તૈયાર કરવામાં આવ્યું. તે અવસરે સાધુઓ ગોચરી માટે આવ્યાં. 'સાધુ ભગવંતને વહોરાવીએ' એવો ત્રણે જણાને વિચાર આવ્યો.

દેવ માટેનું નિર્મિત ભોજનાદિ સાધુને ખપે :

સાહમ્મિઓ ન સત્થા તસ્સ કયં તેણ કપ્પઇ જઈણં
જં પુણ પડિમાણ કએ તસ્સ કહા કા અજીવત્તા ? ॥
સંવટ્ટિમેહપુપ્ફા સત્થનિમિત્તં કયા જઇ જઈણં ।
ન હુ લબ્ભઇ પડિસેહં કિં પુણ પડિમટ્ઠમારદ્ધં ૯॥

(બૃહત્ કલ્પ-૨ ગાથા નં-૧૭૮૨, ૧૭૭૯)

તીર્થંકર ભગવાનને સાધર્મિક ન કહેવાય, (કારણકે સાધર્મિક પ્રવચનથી અને લિંગથી કહેવાય છે. તીર્થંકરો ચાર પ્રકારના સંઘમાં નથી આવતા તેથી તીર્થંકરો પ્રવચનથી સાધર્મિક નથી. તીર્થંકરો લીંગથી પણ સાધર્મિક નથી, કારણકે રજોહરણાદિ લિંગ પણ તીર્થંકરને નથી હોતા) આમ, તીર્થંકર સાધર્મિક નથી માટે તીર્થંકર માટે બનાવેલુ સાધુઓને કલ્પે છે. તીર્થંકર માટે બનાવેલુ સાધુને ખપતું હોય તો પ્રતિમા માટે બનાવેલું તો સાધુને ખપેજ છે કારણકે પ્રતિમા અજીવ છે. અર્થાત્ જીવને માટે બનાવેલું ખપે છે તો અજીવ માટે બનાવેલું તો સુતરાં ખપે છે.

પ્રતિમાજી માટે બનાવેલુ ખપે છે એનો બીજો તર્ક આપે છે. દેવો તીર્થંકર

ભગવંતના નિમિત્તે સમવસરણની ભૂમિમાં સંવર્તક મેઘની વૃષ્ટિ તથા પુષ્પની વૃષ્ટિ કરે છે. છતાં સાધુભગવંતોને ત્યાં રહેવું કલ્પે છે. તો અજીવ એવી પ્રતિમા માટે બનાવેલું તો ખપી જ શકે છે.

વસુદેવહિંડી તૃતીય ખંડ: વિવિહભક્ખપાણગપડિપુન્ના નિવેઇયા વિચિત્તા બલી-

હરિકૂટ પર્વતના વર્ણનમાં વિવિધ પ્રકારના ભક્ષ્યો અને વિવિધ પ્રકારના પાણીથી પ્રતિપૂર્ણ વિચિત્ર બલિ પ્રભુને ધર્યો.

બલિનું વિધાન:-

નિશીથસૂત્ર: પભાવઈએ દેવીએ સવ્વંપિ બલિમાइं કાउ ભણિયં ઈત્યાદિ- પ્રભાવતી દેવીએ સર્વ પ્રકારના બલિને પ્રભુની આગળ ધર્યો અને વિનંતી કરી- દેવાધિદેવ વર્ધમાન સ્વામીની પ્રતિમા પ્રગટ થાઓ, કુહાડો ચલાવ્યો અને બે ટૂકડા થઈ ગયા. સર્વ અલંકારથી વિભૂષિત એવી પ્રતિમાના દર્શન થયા.

નિશીથ પીઠ: બલિત્તિ અસિવોસમનનિમિત્તં કૂરો કિજ્જઇ- ઉપદ્રવોની ઉપશાંતિ માટે કૂર (રાંધેલા ચોખા) મૂકવામાં આવે છે તેને બલિ કહેવામાં આવે છે.

આવશ્યકસૂત્રની ટીકા:- કીરઇ બલિત્તિ તં આઢગં તંદુલાણં સિદ્ધં, તઓ જસ્સ મત્થએ સિત્થં વુજ્ઝઇ તસ્સ પુવ્વુપ્પન્નો વાહિ ઉવસમઇ એક આઢક એટલે કે ૪ શેર પ્રમાણ રાંધેલા ચોખા પ્રભુને ધરવા તેને બલિ કહેવામાં આવે છે. આ બલિમાંથી એક દાણો પણ જેના મસ્તક ઉપર નાખવામાં આવે તેને પૂર્વમાં થયેલો રોગ નાશ પામે છે.

(૨) જલપૂજા, (૩) ખાદિમપૂજા, (૪) સ્વાદિમપૂજા

અગ્રપૂજાનો બીજો પ્રકાર છે જલપૂજા. આ જલપૂજા પ્રભુની આગળ જલપાત્ર મૂકવાથી કે જલની ધારાવણી કરવાથી થાય છે.

અન્યગ્રંથોમાં જલપૂજાનું વિધાન: જલપૂયા જલભાયણધારાદાણાઇ ખાइમચ્ચણયા ફલદાણા અક્ખયસરિસવાइણા-

જલપૂજા : જલનું ભોજન તથા જલની ધારાવણી પ્રભુની આગળ કરવાથી થાય છે.

ખાદિમપૂજા: ફળાદિ તથા અક્ષત સરસવ આદિ પ્રભુને ધરવાથી મંગળ વિધાન થાય છે.

જીવાજીવાભિગમ: જેણેવ સિદ્ધાયયણસ્સ બહુમજ્ઝ દેસભાએ તેણેવ ઉવાગચ્છઇ ૨ દિવ્વાએ ઉદગધારાએ અબ્ભુક્ખેઇ ।

વિજયદેવ સિદ્ધાયતનના મધ્યભાગમાં આવે છે અને ત્યાં આવીને દિવ્ય જલધારાથી અભિષેક કરે છે.

अन्यत्र પણ કહ્યું છે- पाणियपुन्नेहि य भायणेहिं- જળ પૂજા પાણીથી ભરેલું પાત્ર પ્રભુ આગળ ધરીને કરવી.

वसुदेवहिंडी : विविहभक्खपाणगपडिपुन्ना निवेइया विचित्ता बली- વિવિધ પ્રકારના ભક્ષ્યો તથા પાનથી પૂર્ણ સુંદર બલી ધરી.

ફલપૂજા शास्त्रोमां :

आवश्यक चूर्णि : पत्तपुप्फफलबीयमल्लगंधवण्ण जाव चुण्णवासं वासंति- પત્ર પુષ્પ ફળ બીજ માળા ગંધ કુંકુમ યાવત્ ચૂર્ણની વૃષ્ટિ કરે.

निशीथः रहग्गओ विविहफलखज्जग- संप्रति राजा વિવિધ પ્રકારના ફળ તથા ખાજા આદિ લઈને રથમાં બેઠા.

चेईयवंदण महाभासः जो पंचवन्नसत्थियबहुविहफलसलिलभक्खदीयाई। उवहारो जिणपुरओ कीरइ नेवेज्जपूआ सा (आमिससपज्जा)

જિનેશ્વર પ્રભુની આગળ પાંચ વર્ણનો સ્વસ્તિક, વિવિધ ફળો, વિવિધ જળ, ભક્ષ્ય પદાર્થો દીપક આદિ જે ઉપહાર પ્રભુની આગળ ધરવામાં આવે છે તેને નૈવેદ્ય પૂજા કહેવામાં આવે છે, આમિષપૂજા તેનું બીજું નામ છે.

स्वादिमपूजा : સોપારી, પત્ર, ગોળ પ્રમુખ ધરવાથી થાય છે. પાંચ આંગળી પડે એ રીતે થાપા લગાવવા, પુષ્પનો પગર કરવો, દીવો પ્રગટાવવો આદિ પણ અગ્રપૂજા ગણાય છે. અહીં અગ્રપૂજામાં ગ્રહણ કરવામાં આવેલ દીપક એ ઉપલક્ષણ છે. જેથી કરીને મંગળદીવો, આરતી તથા નૃત્ય આદિનો પણ અગ્રપૂજામાં સમાવેશ થાય છે.

चेईयवंदण महाभासः गंधव्वनट्टवाइयलवणजलारत्तयाइ दीवाई । जं किच्चं तं सव्वंपि ओयरई अग्गपूआए (२०५)

નૃત્યયુક્ત ગીત, નાટક, વાજિંત્ર, લૂણ ઉતારવું તથા આરતી વગેરે જે કાંઈ પણ બાહ્ય કૃત્ય છે તે બધાનો અગ્રપૂજામાં સમાવેશ થાય છે.

थापा लगावावा आदि आगम समर्थितः સરસ ગોશીર્ષ ચંદન દ્વારા હાથના તળીયાથી થાપા લગાવે છે. થાપા બાદ ચંદન પૂજા, ધૂપપૂજા કરી પાંચ વર્ણના પુષ્પનો પગર કર્યો અને ધૂપઘટા પ્રગટાવી વાતાવરણને ધૂપિત કર્યું.

અહીંયા વર્ણન કરવામાં આવેલ પુષ્પ, પત્ર તથા ગંધ આદિનો ઉપયોગ થાય છે તેમ અગ્રપૂજામાં પ્રભુની આગળ ચારે પ્રકારનો આહાર પણ ધરી શકાય છે. અશનપૂજામાં દૂધ, દહીં આદિ દ્રવ્યો, પાનપૂજામાં જળ તથા સ્વાદિષ્ટ રસ (ફળાદિના), ખાદિમપૂજામાં ફળ તથા ચોખા આદિ અને સ્વાદિમ પૂજામાં પત્ર, સોપારી તથા કપૂર આદિ દ્રવ્યો ધરી શકાય છે.

(૩) भावपूजाः તીર્થંકર ભગવંતોના લોકોત્તર તેમજ યથાર્થ ગુણોની રાશિનું જેમાં વર્ણન કરવામાં આવ્યું હોય તેવી સ્તુતિઓ દ્વારા ભાવપૂજા થાય છે.

કહ્યું છે- तइया उ भावपूया ठाउं चियवंदणोचियदेसे ।
जहसत्ति चित्तथुइथुत्तमाइणा देववंदणयं ॥

જિનાલયમાં ચૈત્યવંદનને યોગ્ય સ્થાનમાં બેસી પોતાનામાં જેટલી પણ શક્તિ હોય તે પ્રમાણે આશ્ચર્ય ઉપજાવે તેવી સ્તુતિઓ અને સ્તોત્રો દ્વારા દેવવંદન કરવું.

નિશીથસૂત્રમાં કહ્યું છે- ગિરિની ગુફામાં સંપૂર્ણ રાત્રિ અને દિવસ પર્યંત ગંધાર શ્રાવકે સ્તુતિ અને સ્તોત્રનું ગાન કરી પોતાનો આખો દિવસ વિતાવ્યો હતો.

વસુદેવહિંડી: એક સમયે ભાનુશેઠે તેમની પત્ની સાથે જિનપૂજા કરીને દીવો પ્રગટાવ્યો, ત્યારબાદ પૌષધને ગ્રહણ કરી ડાભના સંથારામાં બેસી **સ્તવ સ્તુતિના** મંગલ પાઠમાં પરાયણ હતા તે સમયે ભગવાન ચારુ નામના ગગનમાર્ગે વિહાર કરનારા અણગાર ત્યાં પધાર્યા.

ચારુદત્ત નામનો ભાવિક અંગમંદિર નામના ઉદ્યાનમાં પ્રવેશ્યો. **સ્તુતિઓ** ગાઈને પ્રભુને વંદના કરી. ત્યારબાદ જિનાલયની બહાર નિકળ્યો.

વસુદેવે પ્રાતઃકાળે શ્રાવકને કરવા યોગ્ય સામાયિક આદિ નિયમોનું પાલન કર્યું, પચ્ચકખાણ કર્યું તેમજ કાઉસ્સગ્ગ **સ્તુતિ** તથા વંદન આદિ કર્યા અને પુષ્પોને ચૂંટવા માટે સરોવરમાં ઉતર્યો.

વસુદેવ હિંડીના ઉપરોક્ત ત્રણ પાઠ દ્વારા ભાવપૂજા રૂપ સ્તુતિ સ્તોત્ર વિધાન બતાવવામાં આવ્યું.

વસુદેવહિંડી તૃતીયખંડ: વિદ્યાધરીઓ દ્વારા સતત ચાલતા સેંકડો સ્તુતિઓના ગુંજનથી યુક્ત ત્રણ પ્રદક્ષિણાના ભ્રમણથી વ્યાપ્ત એવા મહોત્સવને જોયો.

'गया मो सिद्धायययणं, थुईहिं वंदणं कयं' - અમે સિદ્ધાયતનમાં ગયા તથા સ્તુતિઓ દ્વારા વંદન કર્યું.

અન્યત્ર પણ કહ્યું છે- 'वंदइ उभओ कालंपि चेइआइं थयत्थुइपरमो' સ્તવ સ્તુતિ પૂર્વક ઉભયકાળ ચૈત્યવંદન કરે છે.

આમ, અનેક સ્થાનોએ શ્રાવક આદિએ પણ કાઉસગ્ગ સ્તુતિ આદિ દ્વારા ચૈત્યવંદના કરી છે તેનો ઉલ્લેખો પ્રાપ્ત થાય છે.

અંગપૂજા, અગ્રપૂજા તથા ભાવપૂજાના ત્રણ પ્રકાર બતાવ્યા. હવે પંચોપચારી, અષ્ટોપચારી તથા સર્વોપચારી એમ પૂજાના બીજા ત્રણ પ્રકાર બનાવે છે.

ચૈત્યવંદન મહાભાસમાં આ ત્રણ પ્રકારની પૂજા બતાવવામાં આવી છે. પંચોપચારી, અષ્ટોપચારી તથા સર્વોપચારી. ઋદ્ધિ વિશેષથી કરાતી પૂજા સર્વોપચારી જાણવી. (૨૦૯)

પૂજાષોડશકમાં હરિભદ્રસૂરિ મહારાજે આ જ વિધાન કર્યું છે.

पंचोपचारयुक्ता काचिच्चाष्टोपचारयुक्ता स्यात् ।

ऋद्धि-विशेषादन्या प्रोक्ता सर्वोपचारा ॥

(१) पंचोपचारी पूजाः આ પૂજા પ્રાયઃ અંગપૂજા વિષયક છે, એટલે કે પાંચ પ્રકારે કરાતી પ્રભુની અંગપૂજા એ પંચોપચારી પૂજા છે.

प्रशमरति ग्रंथमां શ્રી ઉમાસ્વાતિવાચક મહારાજાએ આ પંચોપચારી પૂજાને આ પ્રમાણે વર્ણવી છે.

चैत्यायतनप्रस्थापनानि कृत्वा च शक्तितः प्रयतः ।
पूजाश्च गंधमाल्याधिवासधूपप्रदीपाद्यैः ॥

સ્વશક્તિને અનુસારે ચૈત્યાલયોની પ્રતિષ્ઠા કરે અને પ્રયત્નપૂર્વક ગંધ, પુષ્પ, અધિવાસ, ધૂપ અને દીપક વગેરેથી પૂજા કરે.

अधिवासो गंधमाल्यादिभिः संस्कारविशेषः કસ્તુરી કેશર ચંદન તથા પુષ્પોનો સંસ્કાર કરવો અર્થાત્ મિશ્રણ કરવું તેને અધિવાસ કહેવામાં આવે છે (કુસુમાંજલિને અધિવાસ કહી શકાય)

અધિવાસ પૂજા, ગંધપૂજા અને પુષ્પપૂજાથી જુદી છે તથા ગંધ અને પુષ્પ બંનેનું મિશ્રણ કરવાથી થાય છે. અધિવાસપૂજા સ્વતંત્ર પૂજા છે એવો ઉલ્લેખ આગમમાં મળે છે.

રાજપ્રશ્નીય ઉપાંગમાં સૂર્યાભદેવની વક્તવ્યતામાં કહ્યું છે કે अग्गेहिं वरेहि य गंधेहि मल्लेहिं अच्चेइ- (પ્રશમરતિ ટીકા- આ.વિ. હીરસૂરીશ્વરજી મ.) અધિવાસનો પટવાસાદિ અર્થ કરેલ છે. પટવાસ એટલે વસ્ત્રમાં નંખાતું સુગંધી ચૂર્ણ. અધિવાસ પૂજા એટલે વાસક્ષેપ પૂજા લઈ શકાય.

રાયપસેણી સૂત્રમાં गंधारुहणं माल्यारुहणं અલગ પાઠ આપેલ છે તેથી अग्गेहिं वरेहियનો ઉપરોક્ત પાઠ ગંધ અને પુષ્પના સંસ્કાર વિશેષથી થતી અધિવાસ પૂજાનું સમર્થન કરે છે.

अन्य मतना अनुसारे पंचोपचारी पूजाः ચેઈયવંદણ મહાભાસ તથા શ્રી હરિભદ્રસૂરિ મહારાજા કૃત ષોડશકમાં આ પંચોપચારી પૂજા આ પ્રમાણે બતાવવામાં આવી છે.- तहियं पंचुवयारा कुसुमऽक्खयगंधधूपदीवेहिं- પંચોપચારી પૂજા પુષ્પ, અક્ષત, ચંદન, ધૂપ અને દીપ વડે કરવામાં આવે છે.

અન્ય સ્થાને પણ આ જ પ્રમાણે પંચોપચારી પૂજાનું વર્ણન મળે છે. પુષ્પ, ચંદન, સુગંધી ધૂપ, દીપ તથા અક્ષત દ્વારા પંચોપચારી પૂજા થાય છે.

(२) अष्टोपचारी पूजाः આ પૂજા અંગપૂજા તથા અગ્રપૂજા સ્વરૂપ છે.

कुसुमक्खयगंधपईवधूपनेवेज्जफलजलेहिं पुणो ।
अट्ठविहकम्ममहणी अट्ठुवयारा हवइ पूया ॥

પુષ્પ, અક્ષત, ચંદન, પ્રદીપ, ધૂપ, નૈવેદ્ય, ફળ અને જલથી અષ્ટોપચારી પૂજા

કરવામાં આવે છે. આ અષ્ટોપચારી પૂજા આઠ કર્મોનો નાશ કરનારી છે.

પૂજા પંચાશકમાં અષ્ટપ્રકારી પૂજાનું વિધાન :

વરગંધધૂપઅક્ખેહિં પવરકુસુમેહિં પવરદીવેહિં ।
નેવેજ્જફલજલેહિ ય જિણપૂયા અટ્ઠહા હોઇ ॥
નિચ્ચં ચિય સંપુન્ના જઇવિ હુ એસા ન તીરએ કાઉં ।
તહવિ અણુચિટ્ઠિયવ્વા અક્ખયદીવાઇદાણેણં ॥

ઉત્તમ ચંદન, ધૂપ, ચોખા, સુગંધી પુષ્પો, દીપક, નૈવેદ્ય, ફળ અને જલ વડે જિનેશ્વર પ્રભુની અષ્ટપ્રકારી પૂજા થાય છે. આ અષ્ટોપચારી પૂજા પ્રતિદિન પૂરેપૂરી ન કરી શકાય તો અક્ષત પૂજા, દીપકપૂજા આદિ કરવા દ્વારા પણ કરી શકાય છે.

પંચોપચારી પૂજાનું વિધાન શા માટે? પ્રક્ષાલપૂજા આદિ વિના કરાતી પંચોપચારી પૂજાનો ઉપન્યાસ કરવાનું પ્રયોજન એ છે કે માટીથી નિર્માણ કરેલી પ્રતિમા તથા જે પ્રતિમાને લેપ કે ઓપ કરવામાં આવ્યો હોય તો તે પ્રક્ષાલપૂજા આદિ કરવાથી પ્રતિમાને નુકશાન શક્ય છે માટે માટી આદિની પ્રતિમાને તથા જે પ્રતિમાની અષ્ટપ્રકારી પૂજા કરી લેવામાં આવી છે તે પ્રતિમાની બીજી-ત્રીજી આદિ વખત પંચોપચારી પૂજા કરવી જોઈએ તેવું જણાવ્યું છે તથા પ્રાતઃકાલની, સંધ્યાકાલની અને સાયંકાલની સંધ્યાએ પણ આ પંચોપચારી પૂજા કરવી જોઈએ એવું જણાવવા માટે પંચોપચારી પૂજાનું વિધાન છે. આમ, આ પૂજા ત્રણે સંધ્યા આદિ સર્વ કાળે તથા બધાને માટે ઉપયોગી છે.

પંચોપચારી પૂજામાં ઉપરોક્ત કારણથી પ્રક્ષાલપૂજાનું ગ્રહણ નથી કર્યું તેમજ આ પ્રક્ષાલપૂજાનો સર્વોપચારી પૂજામાં સમાવેશ થઈ જાય છે માટે પંચોપચારીમાં તેનું ગ્રહણ નથી કરવામાં આવ્યું.

છેદગ્રંથોમાં પૂજાનું વર્ણનઃ બલિ પ્રદીપ આદિ પૂજાઓનું વર્ણન છેદ ગ્રંથોમાં પણ કરવામાં આવ્યું છે.

મહાનિશીથ સૂત્રઃ ત્રીજા અધ્યયનમાં પંચમંગલ મહાશ્રુત સ્કંધની વ્યાખ્યાના અવસરમાં શ્રી પ્રભુ મહાવીરના કથનને અનુસરીને શ્રી વજ્રસ્વામીએ કહ્યું છે,

जहा किल अरहंताणं भगवंताणं गंधमल्लपइव- संमज्जणोवलेवणविचित्त बलि-वत्थ-धूवाइएहिं पूयासक्कारेहिं पइदिणमब्भच्चणं पकुव्वाणा तित्थुस्सप्पणं करेमो ।

અરિહંત ભગવંતોને ચંદન, પુષ્પ, પ્રદીપ, પ્રક્ષાલ, લેપ, વિચિત્ર બલિ, વસ્ત્ર અને ધૂપ આદિ પૂજા સત્કાર કરવાથી જિન શાસનની ઉન્નતિ થાય છે.

વસુદેવહિંડીમાં દીપપૂજાનું વિધાનઃ એક સમયે ભાનુશેઠે પોતાની ગૃહિણી સાથે જિનપૂજા કરી અને દીવો પ્રગટાવીને પૌષધ ગ્રહણ કર્યો, ડાભના સંથારામાં બેસી

પ્રભુના સ્તવ તથા સ્તુતિરૂપ મંગલમાં એકતાન બન્યા.

આ ભાનુશેઠની કથા ચૈત્યસ્તવ (અરિહંત ચેઈયાણં) દંડકની વ્યાખ્યાના પ્રસંગે કહેવામાં આવશે.

તથા **सीमनगपर्वत** ઉપર વિદ્યાધરોએ જિનાલયમાં દીપકોને પ્રગટાવ્યા, એવો ઉલ્લેખ **वसुदेवहिंडी** દ્વિતીયખંડમાં વૈડૂર્યમાલા નામના ૮મા લંભકમાં કરવામાં આવ્યો છે.

સૂર્યનો અસ્ત થયો. સંધ્યા શોભાયમાન થવા લાગી. જિનાયતનને પ્રકાશમાન કરતી દીપશ્રેણિને પ્રગટાવી. લાખો દીવડાઓથી સીમનગ પર્વત જાજવલ્યમાન થયો હોય તેમ ચમકવા લાગ્યો.

(૩) सर्वोपचारी पूजाः સર્વોપચારી પૂજા અંગ, અગ્ર તથા ભાવપૂજા સ્વરૂપ છે.

કહ્યું પણ છે- આ સર્વોપચારી પૂજા પ્રક્ષાલ, અર્ચના, વસ્ત્ર, આભૂષણ આદિથી ફલ, બલિ તથા દીપ આદિથી તેમજ નાટ્ય, ગીત તથા આરતી આદિ દ્વારા થાય છે.

पंचवस्तुकमां: विविहनिवेयण आरत्तिगाइ धुवयमाइयं विहिणा ।
जहसत्ति गीयवाईयनच्चण दाणाइयं चेव ॥

વિવિધ પ્રકારના નૈવેદ્ય ધરવા, આરતી ઉતારવી આદિ, ધૂપાદિ પૂજા, ગીત વાજીંત્ર નૃત્ય તથા દાનાદિક સ્વશક્તિને અનુસારે કરવા.

बलि आरती आदिनुं शास्त्रोक्त विधान

प्रतिष्ठाप्राभृत આદિ ગ્રંથોમાં સર્વોપચારી પૂજામાં કરાતા આરાત્રિક (આરતી) નો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે એવું વિધાન પાદલિપ્ત સૂરીશ્વરજી મહારાજાએ પ્રતિષ્ઠા પ્રાભૃતમાંથી ઉદ્ધરીને રચેલા સ્વનિર્મિત પ્રતિષ્ઠા પદ્ધતિ નામના ગ્રંથમાં કરેલ છે.

આરતી આદિનો ઉલ્લેખ આગમ ગ્રંથમાં પણ પ્રાપ્ત થાય છે. **आगमः** મંગલદીપ આદિ પ્રગટાવવા, ઘી સાકરથી ભરેલી ઈક્ષુ આદિ ફળ મૂકીને સુવર્ણ વર્ણવાળા ચોખાની ગહુંલી કરવી, વિવિધ ધાન્યો, ફળો, વસ્ત્રો, સુવર્ણ રત્ન મુક્તાફળ આદિ લાવવા, અત્યંત સુંદર દેખાતા દિવ્ય તથા નિર્મળ બીજા પદાર્થો પણ મૂકવા, વિચિત્ર બલિ, ગંધ, માળા, વિવિધ પ્રકારના પુષ્પો, સુંદર વસ્ત્રો, તથા વિવિધ પ્રકારના શુભ અને સુંદર ધાન્યો પ્રભુજીને ધરવા લાવવા. પ્રભુજીની આરતી અને મંગળદીવો ઉતારવો. ત્યારબાદ ચાર નારીઓએ ભેગી થઈને વલોણાની જેમ વિધિ કરવી.

મહાપુરુષ ચરિત્રઃ નેમિનાથ પ્રભુના જન્મ ઉદેશકમાં કહ્યું છે કે -

तो देविंदेहिं बलिं काउं आरत्तियं भमाडेवि ।
वंदिता जयनाहं पिच्छणयाइं च कारेन्ति ॥

દેવેન્દ્રોએ પ્રભુને બલિ ધરીને આરતી ઉતારી અને વંદન કર્યું. ત્રણે જગતનાં

પ્રભુને વાંદીને નાટક આદિને કરાવ્યા.

આ પ્રમાણે બૃહદ્ભાષ્ય આદિમાં કહેલા બીજા પાઠો તથા પૂર્વ કહેલા પાઠો બલિ આરતી આદિનું વિધાન કરે છે.

પ્રશ્નઃ પુષ્પ પૂજા (અંગપૂજા), આમિષપૂજા (અગ્રપૂજા) તથા સ્તુતિ (ભાવપૂજા) આ પૂજાત્રિકનું વિધાન કરવામાં આવ્યું છતાં પંચોપચારી આદિ પૂજાત્રિક કેમ અલગ બતાવવામાં આવ્યું છે?

સમાધાનઃ અંગઆદિ ત્રણ પૂજાઓ સ્વતંત્ર બતાવવામાં આવી હતી જ્યારે *પંચોપચારી પૂજા અંગપૂજારૂપ છે. અષ્ટોપચારી પૂજા અંગ તથા અગ્રપૂજા રૂપ છે તથા સર્વોપચારી પૂજા અંગ, અગ્ર અને ભાવપૂજા રૂપ છે અર્થાત્ પંચોપચારી પૂજાનો એક પ્રકાર છે, અષ્ટોપચારીના બે પ્રકાર અને સર્વોપચારી પૂજાના ત્રણ ભેદ છે.

આ પંચોપચારી આદિ ત્રણ પ્રકાર બૃહદ્ભાષ્યમાં આગળ બતાવવામાં આવેલી ૨૦૯મી ગાથા 'पंचोपचार जुत्ता' તેમજ પૂજા ષોડશકની 'पंचोपचार युक्ता' ગાથા દ્વારા બતાવવામાં આવ્યાં છે.

अन्यत्र बतावेल पूजात्रिकनो अंगादिक पूजामां अंतर्भाव

सयमाणयणे पढमा बीआ आणावणेण अन्नेहिं ।
तइया मणसा संपाडणेण वरपुप्फमाईणं ॥

પૂજા પંશાશકમાં એક અલગ રીતે પૂજાત્રિક બતાવવામાં આવ્યું છે. તે આ પ્રમાણે છે. પુષ્પોને પોતાની જાતે જ લાવવા તે પ્રથમ પૂજા છે. બીજાઓથી પુષ્પો લવરાવવા તે બીજી પૂજા અને મનથી શ્રેષ્ઠ ફુલોનું સંપાદન કરવું એ ત્રીજી પૂજા છે.

આ બતાવેલા પૂજાત્રિકમાં પ્રથમ પૂજા કાયમી કરવા સ્વરૂપ છે, બીજી પૂજા વચનથી કરાવવા સ્વરૂપ છે અને ત્રીજી પૂજા મનથી અનુમોદવા સ્વરૂપ છે, અને આથીજ આ પૂજાત્રિક સર્વોપચારી પૂજાની અંદર સમાઈ જાય છે. આમ, સ્વયં લાવવું આદિ પૂજાના ત્રણ પ્રકારને અહીં ગણવામાં આવ્યા નથી.

तथा- विग्घोवसामिगेगा अब्भुदयपसाहिणी भवे ।
निव्वुइकरणी तइया फलया उ जहत्थनामेहिं ॥

બીજા પણ પૂજાના ત્રણ પ્રકાર છે. (૧) વિઘ્નોપશામિકા (૨) અભ્યુદયપ્રસાધિની (૩) નિવૃત્તિ કરણી. યથાર્થ નામવાળુ આ પૂજાત્રિક પોતાના નામને અનુસારે ફળ આપનારું છે. અર્થાત્ વિઘ્નોપશામિકા પૂજા વિઘ્નોનું ઉપશમન કરે છે, અભ્યુદય પ્રસાધિની પૂજા

*अहीया सा च प्रायः अंगपूजाविषयेत्येकात्मिका- અહીયા બતાવેલી પાંચભેદની પંચોપચારી પ્રાયઃ અંગપૂજા કહી છે તેથી સમજાય છે કે તે એક અંગપૂજા રૂપે નથી પણ મોટાભાગે અંગપૂજા રૂપ હોવાથી તેને અંગપૂજા રૂપે કહી એક પ્રકારની કહી છે.

અભ્યુદય કરાવનારી છે અને નિવૃત્તિકરણી પૂજા મોક્ષ ફળને આપનારી છે.

આ પૂજાત્રિક ક્રમે કરીને અંગપૂજા, અગ્રપૂજા તથા ભાવપૂજાના ફળ સ્વરૂપ છે, અર્થાત્ આ પૂજા અંગપૂજાદિકનું કાર્ય છે. વિઘ્નોપશામિકા આદિ પૂજાત્રિક કાર્ય છે અને અંગપૂજા આદિ કારણ છે. એક એવો નિયમ છે કે કાર્ય અને કારણનો કથંચિદ્ અભેદ છે. તેથી અંગપૂજા આદિમા આ વિઘ્નોપશામિકા આદિ પૂજાત્રિકનો અંતર્ભાવ થઈ જાય છે. માટે આ વિઘ્નોપશામિકા આદિ પૂજાત્રિક અલગ ગણવામાં આવ્યું નથી.

આમ, પ્રક્ષાલપૂજા કરવી, પુષ્પપૂજા કરવી આદિ બધા સર્વ પણ પૂજાના ભેદો અંગાદિ પૂજામાં તે તે રીતે સમાવી લેવા પરંતુ એ પૂજાના ભેદો અલગ ન ગણવા, કારણકે જો આ રીતે પૂજાના પ્રકારો અનેક હોવાથી પૂજાના પ્રકારો અનેક સ્વીકારવામાં તો અહીંયા જે પૂજાના ભેદો બતાવવામાં આવ્યા છે તેની સંખ્યા સચવાશે નહીં. બીજું આ રીતે જો પૂજાના ભેદો ગણવામાં આવશે તો અનવસ્થાની આપત્તિ આવશે. અર્થાત્ પોતાની ઈચ્છાને અનુસારે સૌ અલગ અલગ પૂજાના ભેદો ગણવા લાગશે અને આ રીતે આવું જે કરશે તે નિહ્નવમાર્ગનો અનુયાયી બની જશે.

સૂત્રકૃતાંગ નિર્યુક્તિ :आयरियपरंपरएण आगयं जो य अप्प (छेय) बुद्धिए । कोवेइ छेयवाई जमालिनासं स नासिहिइ ॥ १२५ ॥

સુધર્મા સ્વામી, પ્રભવ સ્વામી અને આર્યરક્ષિતસૂરિ આદિ આચાર્ય ભગવંતોની પરંપરામાં આવેલ સૂત્રના અભિપ્રાયને (જેમકે વ્યવહાર નયના અભિપ્રાયથી કરાતું એ કર્યું ગણાય છે એવા અભિપ્રાયને) જે કુતર્કવાદી હું બુદ્ધિશાળી છું એવું માની દૂષિત કરે છે અર્થાત્ અન્યથા કરે છે. (અર્થાત્ કરાતું એ કર્યું ન ગણાય પણ કરેલું એ જ કર્યું ગણાય એમ ખંડન કરે છે,) તે હું જ બુદ્ધિશાળી છુ એવું પાંડિત્યનું પ્રદર્શન કરતા નિહ્નવ જમાલિની જેમ સર્વજ્ઞના મતને અપલાપ કરનારો તે સંસારમાં ભટકશે.

આ પૂજાભેદોના વિષયમાં કદાગ્રહ મુક્ત થઈને વિચારવું જોઈએ.

કારણકે- जं बहु खायं दीसइ न य दीसइ कहवि भासियं सुत्ते । (बहुसूत्रस्य विच्छेदात्, संक्षिप्तत्वाच्च) पडिसेहो ऽवि न दीसइ माणं चिय तत्थ गीयाणं ॥

કદાગ્રહથી મુક્ત એટલા માટે થવાનું છે, કારણકે ઘણા સૂત્રો વિચ્છેદ પામ્યા છે અને જે છે એ સંક્ષિપ્ત છે, તેથી કરીને જે વસ્તુ પ્રસિદ્ધ દેખાય છે તેનું શાસ્ત્રમાં વિધાન પણ દેખાતું નથી. તેમજ પ્રતિષેધ પણ દેખાતો નથી. માટે એ બધા વિષયોમાં ગીતાર્થ ગુરુભગવંતો જ પ્રમાણ છે.

વસુદેવહિંડીના સોળમા લંભકમાં આહારપૂજાના ફળ ઉપર મૃગબ્રાહ્મણનું દૃષ્ટાંત બતાવવામાં આવ્યું છે. આવશ્યક સૂત્ર, બૃહત્કલ્પ, નિશીથસૂત્ર, ઉત્તરાધ્યયન ચૂર્ણિ આદિ માં બતાવવામાં આવેલ ફળ, બલિ, નૈવેદ્ય અને અન્ન આદિ પૂજાનું જે વર્ણન

કરવામાં આવ્યું છે તેનું વર્ણન આ મૃગબ્રાહ્મણના દૃષ્ટાંતમાં ગ્રંથકાર કરે છે.

મૃગબ્રાહ્મણની કથાઃ ભરતક્ષેત્રમાં રહેલા વૈતાઢ્ય પર્વતની ઉત્તરશ્રેણિમાં શ્રી ગગન વલ્લભ નામનું શ્રેષ્ઠ નગર હતું. સુશોભિત આ નગર દેવોને પણ પ્રિય હતું. અનેક વિદ્યાઓના સ્વામી વિદ્યુદ્દંષ્ટ્ર નામના આ નગરના રાજાને ઉત્તર તથા દક્ષિણ બંને શ્રેણિના વિદ્યાધરો પ્રણામ કરતા હતા.

એક દિવસ વિદ્યુદ્દંષ્ટ્ર વિદ્યાધરેન્દ્રે પશ્ચિમ મહાવિદેહમાંથી પ્રતિમા સ્વીકારેલ એક સાધુ મહાત્માનું વિદ્યાબળથી અપહરણ કરી ગગનવલ્લભ નગરમાં લાવ્યા અને વિદ્યાધરોને કહ્યું- 'હે વિદ્યાધરો! ઉત્પાતની જેમ વૃદ્ધિ પામતો આ સાધુ આપણા વધ માટે થશે. માટે આ સાધુ આપણને વિઘ્ન ન કરનારો બને તે રીતે જરાય વિલંબ કર્યા વિના હણી નાખો.

વિદ્યાધરેન્દ્રની આજ્ઞા સાંભળી નિર્દય વિદ્યાધરો વિદ્યાથી પોતાની રક્ષા કરી મુનિની હત્યા માટે ઉગ્ર ખડ્ગને લઈને એકી સાથે ઉભા થઈ ગયા.

આ જ સમયે ધરણેન્દ્ર નાગરાજ અષ્ટાપદ પર્વતમાં બિરાજમાન જિનેશ્વરોને વંદન કરવા જતાં હતાં. મુનિની હત્યા માટે ખડ્ગને ઉગામી તૈયાર થયેલા વિદ્યાધરોને જોઈને ધરણેન્દ્ર નાગરાજ રોષાયમાન થયા. નાગરાજે દાંત કચકચાવીને કહ્યું, 'હે દુષ્ટ પાપાત્માઓ! હવે તમારો નાશ સમજો. તમારા ઈષ્ટદેવનું શરણ સ્વીકારી લો.'

ધરણેન્દ્રે આ પ્રમાણે તેમની તર્જના કરી સહુને વિદ્યા વિનાના કર્યા. તેમની વિદ્યા હરાઈ જવાથી તેમના કંઠ રુંધાઈ ગયા અને વિનીત બનીને ધરણેન્દ્ર નાગરાજનું શરણ સ્વીકાર્યું. તેઓએ વિનંતી કરતા કહ્યું, 'હે સ્વામી! અમે તો કાંઈ જાણતા નથી, પણ રાજા વિદ્યુદ્દંષ્ટ્રની આજ્ઞાથી આવી પ્રવૃત્તિ અમારે કરવી પડી છે. અમને ક્ષમા આપો, આપ પ્રસન્ન બનો અને કહો કે આ મુનીન્દ્ર કોણ છે?'

ધરણેન્દ્ર નાગરાજનો રોષ ઓગળી ગયો હતો તેથી તેમને કહ્યું, 'હે વિદ્યાધરો! જેમનું ચરિત્ર પણ પાપનો નાશ કરનાર છે એવા આ રાજર્ષિનું ચરિત્ર સાંભળો.'

'પશ્ચિમ વિદેહમાં મધુર પાણીવાળી સલિલાવતી વિજયમાં વીતશોકા નામની નગરી છે. શત્રુઓને જીતી વિજયી બનતો વૈજયંત નામનો રાજા અહીં રાજ્ય કરે છે. રાજાની પત્ની સત્યશ્રી નામ પ્રમાણે ગુણોવાળી હતી. સત્યશ્રીને સંજયંત તથા જયંત નામના બે પુત્રો છે.

એક દિવસ વીતશોકા નગરીમાં સ્વયંભુ નામના તીર્થંકર ભગવંત પધાર્યા. રાજા પોતાની બધી ઋદ્ધિ સાથે પ્રભુને નમસ્કાર કરવા માટે ગયા. સહુએ પ્રભુને નમસ્કાર કર્યા અને પ્રભુના શરણે બેઠા.

શ્રી સ્વયંભુ પ્રભુએ દેશનાનો પ્રારંભ કર્યો, 'હે ભવ્યો! તમે મોક્ષને ઈચ્છો છો તથા ભવાટવીને ઓળંગી જવા ઈચ્છો છો તો વિશુદ્ધ જ્ઞાનાદિ મોક્ષમાર્ગમાં લાગી જાઓ.

नाणं पयासगं सोहओ तवो संजमो य गुत्तिकरो ।
तिण्हंपि समायोगे मोक्खो जिणसासणे भणिओ ॥

જ્ઞાન માર્ગમાં પ્રકાશ પાથરનારો છે, તપ શુદ્ધિ કરનારો છે. અને સંયમ રક્ષા કરનારો છે. જ્ઞાન તપ અને સંયમ જ્યારે એકત્રિત થાય છે ત્યારે મોક્ષની પ્રાપ્તિ થઈ જ જાય છે એવું જિનશાસનમાં કહેલું છે.

તીર્થંકર પ્રભુની દેશના સાંભળી વૈજયંત રાજાએ રાજ્યનો ત્યાગ કર્યો અને સંજયંત-જયંત સાથે દીક્ષાનો સ્વીકાર કર્યો. સ્વયંભુ પ્રભુએ ત્રિપદીપૂર્વક રાજર્ષિ વૈજયંતને ગણધર પદ અર્પણ કર્યું.

સમવસરણમાં કરાતા બલિનું સ્વરૂપ: પોણો પહોર પસાર થઈ ગયા પછી ભગવાન બિરાજમાન હતા તે સમયે બલિ આવે છે. ઉપદ્રવોના ઉપશમ માટે આ બલિ કરવામાં આવે છે. એવું કહેવામાં આવે છે. આવશ્યક સૂત્ર, બૃહતકલ્પ આદિમાં (૧) આ બલિ કોણ કરે (૨) બલિનું સ્વરૂપ (૩) બલિનું પરિમાણ (૪) બલિનો વિધિ (૫) બલિનું ફળ-આ પાંચ દ્વાર કહેવામાં આવેલા છે તે અહીં બતાવવામાં આવે છે.

(૧) બલિના કરનાર- ચક્રવર્તી, વાસુદેવ કે માંડલિક આદિ રાજા તથા રાજ્યના મંત્રી, રાજા કે મંત્રી ન હોય તો નગરજનો બલિને તૈયાર કરે છે. **(૨) બલિનું સ્વરૂપ:** બલિમાં ૧ આઢક પ્રમાણ ચોખા લેવામાં આવે છે. (એક આઢક=ચાર પ્રસ્થ અથવા ૧૦૨૪ મુઠ્ઠી અથવા ૨૫૬ પલ) આ ચોખા કલમશાલી એટલે કે એક પ્રકારના ઉત્તમ ચોખા લેવાના છે. ચોખાને તૈયાર કરતા તેની ડાંગરને દુર્બળ સ્ત્રી ખાંડે છે અને બળવાન સ્ત્રી છાંડે છે. અર્થાત્ છોતરા ફોતરા દૂર કરે છે.

(૩-૪) બલિનું પરિમાણ તથા વિધિ: રાજા આદિના ઘરમાં ચોખા વીણવા આપે છે. ફલક ઉપર વીણેલા અખંડ અને કાળી રેખા વગરના આ ચોખાનો બલિ કરાય છે. તૈયાર થયેલા આ બલિમાં દેવતાઓ દિવ્ય સુગંધી દ્રવ્યો નાંખે છે. રાંધેલા આઢક પ્રમાણ ચોખાને દેવપાત્રમાં ગ્રહણ કરી રાજા, મંત્રી, નગરજનો અથવા ગ્રામ કે જનપદના લોકો વાજિંત્રના મોટા શબ્દો, સર્વ પ્રકારની ઋદ્ધિ તેમજ દેવતાઓથી પરિવરેલા પૂર્વદિશાથી સમવસરણમાં પ્રવેશે છે. બલિનો સમવસરણમાં અભ્યંતરગઢમાં પ્રવેશ થાય છે. તે જ સમયે તીર્થંકર પ્રભુ દેશનાથી વિરમે છે. બલિને હાથમાં ગ્રહણ કરી દેવોથી પરિવરેલા રાજા આદિ સર્વે પ્રભુને ત્રણ પ્રદક્ષિણા આપે છે. ત્યારબાદ પ્રભુની પાસે આવીને બલિને ઉછાળે છે.

હવે બલિ નીચે પડે તે પહેલાં જ વચ્ચેથી અડધો ભાગ દેવો લઈ લે છે. બાકી રહેલા અર્ધા ભાગનો અર્ધો રાજા આદિ લઈ લે છે. તેમાંથી પણ બાકી રહેલ ભાગ જેના ભાગે જે રીતે આવે તે રીતે લઈ લે.

(५) બલિનું ફળઃ આ બલિનો એક કણ પણ માથે રાખવાથી પૂર્વોત્પન્ન થયેલા રોગો શાંત થઈ જાય છે અને છ માસ સુધી કોઈ નવા રોગો ઉત્પન્ન થતાં નથી.

ગણધરપદને પ્રાપ્ત કરી વૈજયંત મુનિ લાંબા કાળ સુધી પૃથ્વીમાં વિચર્યા. ઉત્તમ ચારિત્રના ધારક વૈજયંત ગણધર કેવળજ્ઞાન કેવળદર્શનને પ્રાપ્ત કરી મોક્ષ સુખને વર્યા. જયંતમુનિ ચારિત્રમાં અતિચારોને સેવીને ધરણેન્દ્ર દેવ બન્યા. તે જ હું છું. સંજયંત મુનિએ નવ પૂર્વનો અભ્યાસ કર્યો. તપ, સત્ત્વ, સૂત્ર, એકત્વ અને બળ આ પાંચ તુલના દ્વારા જિનકલ્પ કરવા માટે પોતાના શરીરની તુલના કરે છે. આ મહાત્મા ત્રણ પ્રકારના ઉપસર્ગોને સહન કરે છે, દુઃસહ પરિષહના બળને હણે છે, શુભ ધ્યાનમાં સદૈવ લીન રહે છે, પોતાના શરીરની મૂર્છાનો ત્યાગ કરી ઉજિઝત પાન ભોજનને ગ્રહણ કરે છે. વિચિત્ર પ્રતિમા તથા આસન વગેરેને કરતા શૂન્યગૃહ અને સ્મશાનમાં વિચરે છે.

પ્રતિમામાં રહેલા મારા મોટા ભાઈ આ સંજયંત મુનિને આ ખેચરાધમ વિદ્યુદ્દંષ્ટ્ર અહીંયા ઉપાડી લાવ્યો છે.'

ધરણેન્દ્ર નાગરાજ આ પ્રમાણે જ્યારે કહેતા હતા તે સમયે કાનમાં સુખ ઉપજાવનારી ઘંટડીઓનો ટનટન અવાજ આકાશમાં સંભળાવા લાગ્યો. આ અવાજ સાંભળી ખેચરોએ ધરણેન્દ્રને પ્રશ્ન કર્યો કે હે પ્રભુ! આ ઘંટડી શેની સંભળાય છે?

ધરણેન્દ્રે તેઓને જણાવ્યું કે આ સંજયંતમુનિને કેવળજ્ઞાન ઉપજ્યું છે. કેવળજ્ઞાનના મહોત્સવને કરવા માટે દેવતાઓ અને વિદ્યાધરો અહીં આવી રહ્યા છે. ફરીથી વિદ્યાધરોએ ધરણેન્દ્રને પૂછયું, 'વિદ્યાધરેન્દ્ર આ મહાત્માને અહીં શા માટે લઈ આવ્યો હશે?'

'ચાલો, આપણે આ સર્વજ્ઞ પ્રભુને જ પૂછીએ. તેઓ આપણી શંકાનું સમાધાન કરશે.' આમ કહી નાગરાજ વિદ્યાધરોની સાથે સંજયંત કેવલીની પાસે ગયા. કેવલીપ્રભુને ત્રણ પ્રદક્ષિણા આપી.

'હે પ્રભો! આપ વિશ્વવત્સલ છો, છતાંય આ વિદ્યુદ્દંષ્ટ્ર આપની ઉપર કેમ ઈર્ષ્યા ધારણ કરતો હશે?' ધરણેન્દ્રે પૂછયું.

'ભાગ્યશાળીઓ! આ રોષ અને તોષ પૂર્વભવના અભ્યાસને કારણે પ્રાયઃ સંસારી જીવોમાં હોય છે.

કહ્યું છે-

लोयस्स लोयणाइं नूणं जाइसराइं एयाइं ।
मउलिज्जंति अणिट्ठे दिट्ठे इट्ठे वा वियसंति ॥

ખરેખર લોકોના લોચન જ પૂર્વભવનું સ્મરણ કરાવે છે અથવા તો માલતીના પુષ્પોનું સ્મરણ કરાવે છે કારણકે માલતીના પુષ્પની જેમ લોકોના લોચન પોતાને

ગમતી વસ્તુ સામે આવતા વિકસિત થાય છે અને અણગમતી વસ્તુ સામે આવતા કરમાઈ જાય છે.

વચ્ચે ધરણેન્દ્રે પ્રભુને પૂછી લીધું કે પ્રભુ! વિદ્યુદ્દંષ્ટ્રને આપની ઉપર કેમ આવો દ્વેષ ઉભો થયો હશે?

'હા, ભાઈ એજ કહુ છું, સાંભળ, આ જ ભરતક્ષેત્રમાં શ્રેષ્ઠનગરોમાં પણ આગળ પડતું સિંહપુર નામનું નગર છે. નગરજનો જેમ નિર્મળશીલથી યુક્ત છે તેમ તેમની પાસે ધન પણ પ્રચુર છે. આ નાગરિકો પારકી સ્ત્રીઓ ઉપર દૃષ્ટિપાત માત્ર પણ નથી કરતા.

સિંહપુરનો રાજા સિંહસેન પ્રચંડ સેંકડો સૈનિકો રૂપી હાથીઓના કુંભસ્થળનું વિદારણ કરવામાં કુશળ સિંહ સમાન હતો. રાણીનું નામ રામકૃષ્ણા હતું. રામકૃષ્ણા, પોતનપુરેશ પૂર્ણભદ્ર મહારાજાના શ્રીમતી મહારાણીના પુત્રી હતા. ચાર બુદ્ધિથી નિર્મળ સાગર સમા સુબુદ્ધિ નામના મંત્રી છે અને મહાવિભૂતિના સ્વામી શ્રીભૂતિ નામના પુરોહિત છે.

એક સમયે પદ્મિનીખેટ નામના નગરથી ભદ્રમિત્ર સાર્થવાહ સિંહપુર નગરમાં આવ્યો. તેનું મન વહાણવટામાં લાગેલ હોવાથી તેને વિચાર આવ્યો કે આ સાગર હરહંમેશ આવી પડતી મોટી આપત્તિઓની ખાણ સમાન છે. આ વહાણ જરૂરી સાંધા તથા છિદ્ર વગરનું છે. આ સંપત્તિ, પવનથી હાલકડોલક થતા કમળના દલ ઉપર લાગેલ પાણીના બિંદુની પેઠે ચંચળ છે. આ નિર્દય વિધાતા સુવ્યવસ્થાને નાશ કરવામાં અપૂર્વ સામર્થ્ય ધરાવે છે. વળી આપણે એવું કાઈ મહાન પુણ્યને ઉપાજર્યું નથી કે જેથી હું સમુદ્રમાંથી પાછો ફરીશ ત્યારે મારી અવસ્થા સારી હોય. આથી મારે બધું જ ધન સાથે લઈ લેવું તે ઉચિત નથી. પરંતુ કોઈક જાણીતા અને વિશ્વાસવાળા કુટુંબમાં કાંઈક ધનને રાખવું જોઈએ.

આ પ્રમાણે ભદ્રમિત્રે વિચારીને પુરોહિત શ્રીભૂતિને પ્રાર્થના કરી. શ્રીભૂતિ ઉપર વિશ્વાસને ધારણ કરતાં ભદ્રમિત્રે પોતાની મુદ્રા લગાવીને પોટલીને શ્રીભૂતિના આવાસમાં સ્થાપી. ત્યારબાદ સમુદ્રના કાંઠા ઉપર પહોંચી વહાણને તૈયાર કર્યુ, સમુદ્રની પૂજા કરી. અને શુભદિવસે ભદ્રમિત્ર સાર્થવાહે પ્રયાણ કર્યું.

એક દિવસ સમુદ્રમાં મોજાં ઉછળવા લાગ્યા. સાગરના પાણીમાં આવર્તો થવા લાગ્યા. જાણે કે ભદ્રમિત્રના પાપના પ્રસાર સ્વરૂપ એવો તોફાની વાયુ ફુંકાવા લાગ્યો. નીલગાય અને કાજળ જેવી કાળી વાદળાની હારમાળાઓથી આકાશતળ ક્ષણમાંતો ઢંકાઈ ગયું, જેમ કુપુરુષનો અપયશ ક્ષણવારમાંતો ચારેબાજુ છવાઈ જાય છે.

જેનાથી પોતાનું અસ્તિત્વ ઊભું થયું હોય તેને જ તરછોડી દે એવા અધીરપુરુષના ચારિત્રની જેમ ધીરતાની ધૂરાને એક બાજુ મૂકીને લુચ્ચા પુરુષોની જેમ ગરજતી

મેઘપંક્તિ આકાશમાં ઉન્નતિ પામી ઉંચે પહોંચી.

ક્ષણમાં દેખાય તથા ક્ષણમાં અલોપ થઈ જતી અત્યંત ચંચળ વીજળી બધીજ દિશાઓને પ્રકાશિત કરતી ઠગારા પુન્યવાળાની સમૃદ્ધિની જેમ આકાશમાં ચમકી રહી છે. સમુદ્રના પાણી દરેક ક્ષણે આકાશમાં ઉછળે છે અને નીચે પડે છે. નટપુત્રીની જેમ જહાજ નૃત્યકળાને જાણે શીખી રહ્યું છે. અચાનક ફુટી રહેલા બ્રહ્માંડની જેમ અતિ કરુણ રુદનને એકબીજાના ગળામાં બાઝી પડેલા લોકો કરતા હતા.

'હા પિતા, હમણા અમારી રક્ષા કરો. હા માતા, અમારું શું થશે? હે કુળદેવતા! તમે પણ હમણા ક્યાં ચાલ્યા ગયા છો? શું કરુણાભીના હૈયાવાળો કોઈ દેવ, દાનવ કે પરોપકાર કરનારો એવો કોઈ માણસ અહીંયા નથી કે જે અમારા આ સંકટને દૂર કરે.'

જ્યારે ભાગ્ય જ અવળું હોય ત્યારે દયામણા શબ્દો, રુદન, મનનો સંતાપ કે પોકાર કરવાથી પણ કોઈ રક્ષણ કરવા માટે આવતું નથી, એવું જણાવતું જહાજ જાણે શોકના શબ્દોને સાંભળવા અસમર્થ ન બન્યું હોય તેમ અભાગીયા માણસના મનોરથની જેમ તરત નાશ પામ્યું.

પાણીમાં ડુબી ગયેલા, જેનો નાશ અત્યંત દુઃખદ છે, જેના રાઢવા તૂટી ગયા છે એવા વહાણને કુભાર્યાની જેમ ભદ્રમિત્ર સાર્થવાહે છોડી દીધું.

ભદ્રમિત્રના હાથમાં એક પાટીયું આવી જતા તે તરીને સિંહપુર નગરમાં પહોંચ્યો. પુરોહિતના ઘરે આવી તેણે પોતાના ધનની માંગણી કરી. ઘણીવાર આજીજી કરવા છતાં પણ કલુષિત બુદ્ધિવાળા શ્રીભૂતિએ કડવી વાણીથી તેનો તિરસ્કાર કર્યો કે તું વળી કોણ છે? તું અહીંયા ક્યારે ધન મૂકી ગયો હતો?

ભદ્રમિત્ર રાજમંદિરમાં પહોંચ્યો, પણ ત્યાં એને પ્રવેશ મળ્યો નહી. આથી તે રાજમંદિરના દ્વાર ઉપર ઊભો ઊભો જ કહેવા લાગ્યો, 'પુરોહિત શ્રીભૂતિ મારી થાપણ ચોરી ગયો છે.'

સિંહસેન રાજાએ ભદ્રમિત્રના શબ્દોને સાંભળીને શ્રીભૂતિને પૂછતા તેને જવાબ આપ્યો, 'નાથ આ તો ગાંડો માણસ છે. નામના ભ્રમને કારણે મનમાં જેમ આવે તેમ તે બરાડા પાડે છે.

ભદ્રમિત્ર રડતો હતો, 'હે નાથ બચાવો. અનાથ એવા મને આ શ્રીભૂતિ લૂંટી ગયો છે' ભદ્રમિત્રના આ કરુણ વિલાપને સાંભળી રાજાના હૈયામાં કરુણા ઉપજી. રાજાએ સુબુદ્ધિમંત્રીને બોલાવીને કહ્યુ, 'મંત્રીશ્વર! આ શ્રીભૂતિ પાસેથી કેવી રીતે આ સાર્થવાહનું ધન પાછું મેળવી શકાય?'

આ જાણવા માટે સુબુદ્ધિ મંત્રી ભદ્રમિત્રને પોતાના આવાસમાં લઈ ગયો. થાપણનો સાક્ષી તથા દિવસ ભદ્રમિત્રને પૂછ્યો. તેની જાણ થતા સુબુદ્ધિએ રાજાને

કહ્યુ, 'રાજન, હવે શ્રીભૂતિનો ભાંડો ફુટી જશે.'

સુબુદ્ધિના કહેવા પ્રમાણે ગુપ્ત રમત રમતા સિંહસેન રાજાએ પુરોહિત પાસેથી તેની મુદ્રા ગ્રહણ કરી. આ મુદ્રા એક બુદ્ધિશાળી દ્વારપાળને આપી. દ્વારપાળ પુરોહિતના ઘરે ગયો. ત્યાં જઈને તેને શ્રીભૂતિની પત્નીને કહ્યું, 'પુરોહિતજીએ આ મુદ્રા આપી છે અને ભદ્રમિત્રની ધનગ્રંથીને આપો. દ્વારપાળે ધનગ્રંથીને લઈને રાજાને અર્પણ કરી, 'લો સાર્થવાહ આ તમારી ધનની પોટલી', રાજાએ પોટલી ભદ્રમિત્રને આપી.

'આપની કૃપા' આટલું બોલીને ભદ્રમિત્રે પ્રસન્નતા સાથે પોતાની ધનગ્રંથીને ગ્રહણ કરી. રાજાએ રાજપુરોહિતને પોતાના નગરની હદ બહાર કર્યો.

ભદ્રમિત્ર થાપણને ગ્રહણ કરી પોતાના નગર તરફ જવા લાગ્યો. માર્ગમાં તેને વિચાર આવ્યો કે સમુદ્રમાંથી કેમે કરીને જીવતો બચ્યો છું. હવે મારે આ ધંધો કરવો નથી. મારા ધનને સારા ક્ષેત્રમાં વાપરી હું સંયમનો અંગીકાર કરીશ. આવો વિચાર કરતો કરતો તે અરણ્યમાં સુઈ ગયો.

આ બાજુ ભદ્રમિત્રની માતા પ્રવાસે ગયેલા ભદ્રમિત્રના વિયોગને કારણે રાતદિવસ રડતી હતી. ભોજનમાં અરૂચિ થવાને કારણે તે માંદી પડી અને આર્તધ્યાન કરવા લાગી.

'આ ભદ્રમિત્ર પુત્રરુપે થઈ મારી ઉપર વેર વાળે છે તો પણ પુત્રને નહિ દેખીને અસમર્થ બનેલી પરવશ બનેલી હું મરી જઈશ' આ પ્રમાણે આર્તધ્યાનમાં ડૂબેલી ભદ્રમિત્રની મા મરી ગઈ અને જ્યાં ભદ્રમિત્ર સૂતો હતો ત્યાં જ વાઘણ રૂપે ઉત્પન્ન થઈ હતી. વનમાં સુતેલા પુત્ર ભદ્રમિત્રને વાઘણ બનેલી માતાએ ફાડી નાખ્યો. ત્યાંથી મરીને ભદ્રમિત્ર સિંહપુરમાં સિંહસેન રાજાના પુત્ર સિંહચંદ્ર તરીકે ઉત્પન્ન થયાં. સિંહચંદ્રના જન્મ બાદ સિંહસેન રાજાને ત્યાં પૂર્ણચંદ્ર નામના બીજા પુત્રનો પણ જન્મ થયો.

એક સમયે સિંહસેન રાજા પોતાના ધનભંડારમાં પ્રવેશ્યા. ત્યાં એક રોષાયમાન થયેલો નાગ અત્યંત નિષ્ઠુર બનીને રાજાને કરડ્યો. વિષ એવું તીવ્ર હતું કે રાજા ભૂમિ ઉપર પડ્યા. અનેક ઉપાયો આદર્યા પણ એકે ય ઉપાય કારગત નીવડ્યો નહિ.

અંતે એક શ્રેષ્ઠ વાદી આવ્યા. તેને બધાં સાપને ત્યાં બોલાવ્યા. જે નાગ નિર્દોષ હતા તેને છોડી દીધા. એક અગંધનકુળનો નાગ રહ્યો. વાદીએ તેને વિદ્યાના બળથી કહ્યું, 'હે અગંધન નાગ! આ ઝેરને તું પાછું લઈ લે અથવા ન પીએ તો બળબળતા અગ્નિમાં પડ.'

આ સાંભળીને અભિમાનને ધન માનનારા એવા નાગે અગનજવાળાથી વ્યાપ્ત અગ્નિમાં પ્રવેશ કર્યો, પરંતુ વમેલા ઝેરને પાછું પીધુ નહી.

दशवैकालिक : पक्खंदे जलियं जोइं, धुमकेउं दुरासयं ।

नेच्छंति वंतयं भोत्तुं, कुले जाया अगंधणे ॥

અગંધન કુળમાં ઉપજેલા સર્પો (તિર્યંચ છતા એવા અભિમાની હોય છે કે કોઈને દંશ દેવા દ્વારા) વમેલા વિષને પુનઃચૂસવા માટે ઈચ્છા પણ કરતા નથી. પણ (કોઈ ગારુડી મંત્ર દ્વારા તે વિષને ચૂસાવવા પ્રયત્ન કરે તો) અતિસખત દુઃખે બચી શકાય એવા ધુમાડાવાળા અને જ્વાળાઓથી સળગતા હોય તેવા અગ્નિને ભેટવા (બળી મરી જવાનું) ઈચ્છે છે, પણ વમેલું વિષ પાછું ચૂસવા ઈચ્છતા નથી.

અગંધન નાગનું વિષ અંગેઅંગમાં વ્યાપી જતા રાજા મૃત્યુ પામ્યો. ત્યારબાદ સિંહસેન રાજાના મોટા પુત્ર સિંહચંદ્રનો રાજ્ય ઉપર અભિષેક કરવામાં આવ્યો.

શોકમાં ડુબેલી પોતાની પુત્રી રાણી રામકૃષ્ણાને ધર્મતરફ વાળવા માટે પ્રવર્તિની સાધ્વીજી શ્રી હ્રીમતી ત્યાં આવ્યા.

પ્રવર્તિની સાધ્વીજી શ્રી હ્રીમતીજીની છ ઋતુ સાથે તુલનાઃ

જેમ વર્ષાઋતુ ઘનઘોર મેઘથી છવાઈ જાય છે (सुमेहा), મેઘની ઘટાટોપ પંક્તિથી ઢંકાયેલો હોવાના કારણે દોષાકર (ચંદ્રમા) રાત્રે દેખાતો નથી (अदिट्ठदोसायरा), તેમજ ઉડતી ધૂળ બેસી જાય છે (પાણીથી જમીન સાથે ચોંટી જાય છે) તેમ હ્રીમતી સાધ્વીજી મહામેઘાવિની હતા(सुमेहा), તેમનું ચારિત્ર જીવન દોષથી કલંકિત ન હતું (अदिट्ठ दोसायरा), તેમજ કર્મશત્રુઓ તેમનાથી દૂર ભાગતા હતા(अरयसंगा)

હ્રીમતીશ્રીજી શરદઋતુના ચંદ્ર અને શ્વેત આકાશની જેમ સ્વચ્છ મનને ધારણ કરતા હતા. જેમ હેમંતઋતુમાં તેનો મહિમા (ઠંડીરૂપ) બીજા ઉપર છવાઈ જાય છે (अंगीकय परमहिमा) અને કમળનો સમૂહ કરમાઈ જાય છે (विउडियकमलायरा) તેમ હ્રીમતી સાધ્વીજીનો મહિમા ચોમેર ફેલાયેલો હતો (अंगीकय परमहिमा) તથા તેમને લક્ષ્મી ઉપરનો આદર પણ ન હતો. (विउडियकमलायरा)

વસંતઋતુની જેમ કોયલના ટહુકા જેવા મધુર સ્વરોથી લોકોને તેમણે રંજિત કર્યા હતા.

ગ્રીષ્મઋતુ પોતાની ગરમીથી સહુને પરસેવાથી રેબઝેબ કરે (कयबणबहुसेया) તેમજ તેના પ્રચંડ તાપથી લોકો તપવા લાગે (उग्गतवनाहा) તેમ આ સાધ્વીજી મહાત્મા અનેકજીવોના કલ્યાણ કરનારા બન્યા હતા.(कयबणबहु सेया) તેમજ ઉગ્ર તપ દ્વારા કાયાને તપાવવા લાગ્યા હતા. (उग्गतवनाहा)

આ પ્રમાણે સર્વઋતુઓના સમાન સ્વભાવવાળા સાધ્વીજીને વાંદવા માટે રાણી રામકૃષ્ણા પોતાના પુત્ર સાથે ત્યાં આવી. કોયલના કંઠમાંથી નીકળતા મધુરસ્વર જેવી વાણીથી સાધ્વીજી શ્રી હ્રીમતીએ ધર્મદેશનાનું દાન કર્યું,

'હે વત્સે, સ્વચ્છ આશયવાળા અને મહાનસુખને આપનાર એવા ધર્મમાં પ્રમાદ કરી આપાતમધુર એવા અતિતુચ્છ સુખોમાં આસક્ત ન બન.

કારણકે- संसारीण शरीरं कयलीकोमलकरीरनिस्सारं ।
रूवं संझुब्भवअब्भरागसमं नस्सरसरूवं ॥

આ સંસારી જીવોનું શરીર કેળની કોમળ છાલની જેમ સાર વિનાનું છે. (અર્થાત્ છાલને ફેંકી દેવામાં આવે છે તેમ શરીર પણ નકામું છે.) શરીરનું રૂપ સંધ્યાના રંગ જેવું નાશવંત સ્વરૂપવાળું છે.

આ યુવાની મદોન્મત્ત ગજરાજના કર્ણ જેવી ચંચળ છે. પવનથી ચલાયમાન થતી દીવાની જ્યોતની જેમ આ જીવન ક્ષણિક છે. વ્હાલાના સંયોગનો પણ એક સમયે વિયોગ થાય છે. આ વૈષયિક સુખો ભોગવતા મીઠા લાગે છે અને પરિણામે આ જ મીઠા સુખો કડવા થઈ જાય છે. વધારે તો શું કહેવું? આ ભૌતિક સુખો તો ભયંકર હાલાહલ વિષ સરખા છે.

હે પુત્રી! જ્યાં સુધી મૃત્યુ આલિંગન કરતું નથી, શરીર નિરોગી છે, ઈન્દ્રિયો એના વિષયોને સારી રીતે ગ્રહણ કરી શકે છે અને ઘડપણ દૂર છે ત્યાં સુધી તું પણ તારા આત્માનું કલ્યાણ કરવા માટે ઉદ્યમી બન.

પોતાના સંસારી સંબંધે માતા એવા પ્રવર્તિની સાધ્વીજી શ્રી હ્રીમતીનો ધર્મોપદેશ સાંભળી રાણી રામકૃષ્ણાએ સંસારનો ત્યાગ કરી પ્રવ્રજ્યાનો સ્વીકાર કર્યો. પુત્ર સિંહચંદ્રે પણ નાનાભાઈ પૂર્ણચંદ્ર ઉપર રાજ્યનો ભાર નાખી સંયમનો સ્વીકાર કર્યો. સૂત્રાર્થને ગ્રહણ કર્યા બાદ સાધ્વીજી રામકૃષ્ણાને પ્રવર્તિની પદે સ્થાપી સાધ્વીજી હ્રીમતી સદ્ગતિને પામ્યા.

પ્રવર્તિની સાધ્વીજીએ પ્રચંડ તપધર્મની આરાધના દ્વારા ઘાતિકર્મનો નાશ કર્યો અને કેવળજ્ઞાનને પ્રાપ્ત કર્યું. તેઓ વિચરતા વિચરતા એક સમયે સિંહપુર નગરમાં આવી પહોંચ્યા. રાજા પૂર્ણચંદ્રના કોઠારમાં સાધ્વીજી રોકાયા. હર્ષોલ્લાસથી રોમાંચિત થયેલા રાજા પૂર્ણચંદ્રે સાધ્વીજી મહારાજને પ્રણામ કર્યા અને બોલ્યો, 'હે ભગવતી! આપ ભવિષ્યકાળ, વર્તમાન કાળ તથા ભૂતકાળને જાણો છો, તેથી આપ મને કહો કે પૂર્વભવમાં આપણા એવા કયા સંબંધો હતા કે જેથી કરીને મને આપની ઉપર ઘણો જ સ્નેહ ઉભરાય છે.'

'હે રાજા! સંસારમાં પરિભ્રમણ કરતા જીવે ભૂતકાળમાં બધાં જ સંબંધો વારંવાર પ્રાપ્ત કર્યા છે. દરેક જીવોએ સઘળાય જીવોના માતાપિતા, ભાઈ, બહેન, પત્ની , પુત્ર પુત્રી, મિત્ર સ્વજન આદિ સંબંધોને પ્રાપ્ત કરેલા છે. તને મારા ઉપર ઘણો સ્નેહ છે એનું કારણ નિકટના ભવોમાં આપણો ગાઢ પરિચય છે. સાંભળ,

કોશલા નામનું જનપદ છે. ત્યાંના લોકો જૈનધર્મમાં અત્યંત અનુરાગી છે. કોશલા જનપદમાં સંગમક નામના નિવેશના લોકો ચુસ્ત ધાર્મિક છે. આ સંગમક નિવેશમાં મૃગ નામનો બ્રાહ્મણ છે. તેના હૈયામાં જૈનધર્મ પ્રત્યે રાગ છે. જૈનધર્મથી બીજો કોઈ

ધર્મ શ્રેષ્ઠ નથી એવી તેની દૃઢ માન્યતા હતી, તે વિવિધ શાસ્ત્રોમાં કુશળ છે. દયાળુતા, આરંભત્યાગ અને ધનમાં નિર્મમત્વ આદિ ગુણો વાળો મૃગબ્રાહ્મણ સુવા માટેની ચાદર અને એક દિવસના ભોજન માટેના અન્ન સિવાય બીજો કોઈ પરિગ્રહ રાખતો ન હતો.

મૃગબ્રાહ્મણની પ્રિયાનું નામ મદિરા છે. તે ઉત્તમવંશમાં ઉત્પન્ન થયેલી હતી. તે મેરુપર્વતની જેમ સુવર્ણ અને રત્નથી પણ અધિક ઉજ્જવળ છે. વારુણી નામની તેમની પુત્રી સાહજિક વિનય અને કોમળતાને કારણે માતાપિતાને જીવ કરતા પણ વ્હાલી હતી.

એક દિવસ મૃગબ્રાહ્મણે પત્ની મદિરાને કહ્યું કે મદિરા! આજે પ્રભુપૂજા માટે ભોજન બનાવ.

નીચે બતાવેલા આગમના પાઠમાં ચાર પ્રકારની પૂજા બતાવેલી છે.

તથા 'तित्थयरो अरहंतो'... ઉત્તરાધ્યયનો પાઠ તથા 'पुष्पामिष...' પ્રશમરતિનો પાઠ આગળ 'अंगग्ग भाव भेया' આ ગાથાના વર્ણનમાં બતાવવામાં આવ્યા છે.

મૃગબ્રાહ્મણની પત્ની મદિરાને પુષ્પપૂજાથી પણ વિશેષ આનંદ નૈવેદ્યપૂજામાં આવતો હોવાથી તેને પણ પ્રભુપૂજા માટે ભોજન રાંધ્યું. એ સમયે મલિનગાત્રવાળા અને પાંચ મહાવ્રતથી યુક્ત બે સાધુ ભગવંતો ત્યાં પધાર્યા.

वसुदेवहिंडी: कयाइ य देवकज्जे सज्जियं भोयणं, साहवो य उवगया, तिण्हवि जणाण समवाओ पडिलाभेमो ।

દેવકાર્ય (પ્રભુપૂજા) માટે ભોજન તૈયાર કર્યું. ત્યાં સાધુ ભગવંતો પધાર્યા. મૃગ બ્રાહ્મણ, મદિરા અને વારુણી એ ત્રણે વિચાર્યું કે આપણે બધા વહોરાવીએ.

સાધુભગવંતોને દેખીને ત્રણેના હૈયા હર્ષિત થયા. તેઓ વિચારવા લાગ્યા કે એક તો અમારી પાસે આજે ઉત્તમ સામગ્રી છે, બીજુ મહાત્માઓ પધાર્યા તથા અમને મહાત્માને વહોરાવવાની ભાવના થઈ આથી અમે આજે બહુ ભાગ્યશાળી છીએ.

કહ્યું છે કે- केसिंचि होइ वित्तं चित्तं केसिंचि केसि उभयंपि ।
चित्तं वित्तं पत्तं तिन्निवि केसिंचि धन्नाण ॥

કેટલાકની પાસે ધન હોય છે તો કેટલાકની પાસે ભાવના હોય છે તો કેટલાકની પાસે ધન તથા ભાવના બંને હોય છે, પરંતુ ભાવના, ધન અને સુપાત્રનો સંયોગ આ ત્રણ તો કેટલાક ભાગ્યશાળી જીવોને જ પ્રાપ્ત થાય છે.

મૃગબ્રાહ્મણ તથા મદિરા બ્રાહ્મણીએ પુત્ર વારુણીને કહ્યું, 'બેટા તું સાધુ ભગવંતોને વહોરાવ.' વારુણીને એ સમયે અત્યંત સુંદર ભાવ ઉત્પન્ન થયો.

બંને મુનિ મહાત્માએ પણ સાહમ્મિઓ ન સત્થા, (પૂર્વમાં અનુવાદ કરેલ છે.) બૃહત્ કલ્પમાં આવતા આ અધિકારમાં ઉપયોગ મૂકીને પ્રભુ માટે બનાવેલ ભોજનનો થોડોક અંશ ગ્રહણ કર્યો.

બ્રાહ્મણ કુટુંબે એ સમયે રાજકુળમાં ભોગફલક જન્મ પ્રાપ્ત થાય તેવો પુણ્યબંધ કર્યો. કેવું છે પૂજાનું માહાત્મ્ય!

કહ્યું છે- तवनियमेण य मुक्खो दाणेण य हुंति उत्तमा भोगा ।
देवच्चणेण रज्जं अणसणमरणेण इंदत्तं ॥

તપ અને નિયમો આચરવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે, દાન દ્વારા ઉત્તમ ભોગસુખની પ્રાપ્તિ થાય છે, દેવપૂજા દ્વારા રાજ્યસુખ મળે છે અને અનશન કરવાથી દેવેન્દ્રની પદવી પ્રાપ્ત થાય છે.

शिवधर्मोत्तरमां પણ કહેલું છે-

पूजया विपुलं राज्यमग्निकार्येण संपद : ।
तपः पापविशुद्ध्यर्थं, ज्ञानं ध्यानं च मुक्तिदम् ॥

પૂજાથી વિપુલ રાજ્ય, અગ્નિકાર્યથી (યજ્ઞાદિથી) સંપત્તિ, તપથી પાપની વિશુદ્ધિ અને જ્ઞાન ધ્યાનથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.

આ બ્રાહ્મણ પરિવારમાંથી મૃગબ્રાહ્મણની પત્ની મદિરા પહેલી મૃત્યુ પામી. તેણીનીએ મરીને પ્રતિષ્ઠ નામના નગરમાં અતિબલ રાજા અને સુમતિ રાણીની હ્રીમતી નામની પુત્રી તરીકે જન્મ પ્રાપ્ત કર્યો. યુવાવસ્થાને પામેલી, પૂર્ણિમાના ચંદ્ર જેવા મુખકમળવાળી હ્રીમતીની સાથે પોતનપુરેશ પૂર્ણભદ્રના લગ્ન કરવામાં આવ્યા.

આ બાજુ મદિરા મૃત્યુ પામતા પુત્રી વારુણીનો પણ વિયોગ થશે એવા ભયથી સંગમક સંનિવેશમાંજ પ્રતિરૂપ નામના બ્રાહ્મણ સાથે વારુણીના લગ્ન કર્યા. વારુણી ઉપરના અત્યંત રાગને કારણે મૃગબ્રાહ્મણ લોકોને ઠગીને ધનાદિ મેળવી દીકરીને આપે છે. આ પ્રમાણે મૃગે માયા કરવાથી સ્ત્રીપણુ બાંધ્યું.

जो चवलो सढभावो मायाकवडेहिं वंचए सयणं ।
न य कस्सइ वीसत्थो सो पुरिसो महिलिया होइ ॥

જે પુરુષમાં ચંચળતા છે, લુચ્ચાઈ છે, જે માયા કપટ દ્વારા સ્વજનોને ઠગે છે, જે કોઈને વિશ્વસનીય નથી તે પુરુષ સ્ત્રીનો અવતાર પ્રાપ્ત કરે છે.

મૃગબ્રાહ્મણે સાધુપણું ન પાળ્યું હોવા છતાં પણ વિષયોની ભાવના તેમનામાં ન હતી, આથી તે મૃત્યુ પામીને રાજા પૂર્ણભદ્ર અને રાણી હ્રીમતીની પુત્રી તરીકે જન્મ ગ્રહણ કર્યો. તે જ હું રામકૃષ્ણા છુ. વારુણી મૃત્યુ પામીને મારા પુત્ર પૂર્ણચંદ્ર તરીકે જન્મી. પૂર્ણચંદ્ર! પૂર્વભવમાં તું મારી પુત્રી હતી અને આ ભવમાં પુત્ર છે, આ મારા ઉપર તારા સ્નેહનું કારણ છે.'

રામકૃષ્ણા સાધ્વીના મુખથી પોતાનો પૂર્વભવ સાંભળી પૂર્ણચંદ્ર રાજાએ રામકૃષ્ણા સાધ્વીજીના ચરણોમાં પડી નમસ્કાર કર્યો અને પૂછ્યું, 'ભગવતી, સિંહસેન રાજા મરીને ક્યાં ઉત્પન્ન થયા છે?'

'સાંભળ, પેલા શ્રીભૂતિ પુરોહિતે ભદ્રમિત્ર સાર્થવાહની થાપણને દબાવી દીધી હતી. તારા પિતા સિંહસેન રાજાએ પુરોહિતને વિડંબના કરી અને દેશનિકાલ કર્યો. આર્તધ્યાન કરતો શ્રીભૂતિ રાજા ઉપરના રોષરૂપ વિષને નહી છોડતો મૃત્યુ પામીને રાજાના ધનભંડારમાં અગંધન નાગ થયો. આ અગંધન નાગ જ સિંહસેન રાજાને કરડ્યો. ત્યાંજ મૃત્યુ પામેલા રાજા વનમાં અશનિવેગ નામના હાથી બન્યા છે. તેનું અશનિવેગ નામ પાડ્યું હતું.'

જેમ રાજા સપ્તાંગ રાજ્યથી યુક્ત હોય, ઉત્તમ જાતિના હોય, અચિંતિત દાનની વૃષ્ટિ કરનારા હોય તેમ અશનિવેગના સાતે અંગ મજબૂત તથા સુંદર હતા, ઉત્તમજાતિનો હતો તેમજ તે ઘણા મદજળને વહાવતો હતો. ઈન્દ્રિયને દમન કરનારા મુનિની જેમ તે સુંદર દાંત વાળો હતો. (સુદંત-સારા દાંત, ઈન્દ્રિય દમન), જેમ સેવક પોતાના માથા ઉપર ઘડો ધારણ કરે તેમ અશનિવેગંનું મસ્તક કુંભસ્થળથી શોભતું હતું. તેના ઘાટા કૃષ્ણવર્ણને કારણે જાણે એવું લાગતું કે અંજન ગિરિ પર્વત જંગમભાવને પામેલો શોભી રહ્યો છે.

આ બાજુ સતત સ્વાધ્યાયમાં રત, અપ્રતિબદ્ધ પણે વિહાર કરનાર, પાંચ સમિતિઓનું પાલન કરનાર, સ્વગુરુની અનુજ્ઞાથી એકાકી પ્રતિમાને સ્વીકારનાર સિંહચંદ્ર રાજર્ષિ કોઈક સાર્થની સાથે એક વનમાં ગયા.

જેમ લંકા નગરી વિશાળ કિલ્લાથી યુક્ત છે, શ્રેષ્ઠ વાણિજ્ય વ્યાપાર અહીંયા છે, કુલીન પુરુષો અહીં વસે છે તેમજ અહીં રાક્ષસો દિવસે પણ પ્રગટ પણે ફરે છે. આથી સુશોભિત છે. તેમ આ વન પણ વિશાળ શાલવૃક્ષોથી યુક્ત છે, આ વનમાંથી શ્રેષ્ઠ વણિકો પસાર થાય છે તેમજ રાક્ષસ જેવા લાગતા ખાખરાના વૃક્ષો અહીં પ્રગટ દેખાય છે.

આ વનમાં એક વિશાળ સરોવર હતું. સરોવરનો કિનારો અખંડ વનખંડથી સુશોભિત હતો. મહામુનિના મનની જેમ સરોવરનું પાણી નિર્મળ હતું.

આ સરોવરની નિકટમાં ભોજનનો સમય થતાં સાર્થે પડાવ નાખ્યો. સહુ ત્યાં આગળ નિર્ભીક પણે રાંધવું પકાવું આદિ કરવા લાગ્યા. કેટલાક ઈંધણા માટે, કેટલાક પાણી માટે, કેટલાક તૃણ માટે તથા કેટલાક રસોઈ આદિના કામમાં લાગી ગયા હતા.

આ બાજુ પેલો અશનિવેગ હાથી પોતાની હાથિણીઓ સાથે સરોવરમાં પાણી પીવા માટે અને જલક્રીડા કરવા માટે આવ્યો. આજે અહીં સાર્થને દેખતા તે કોપાયમાન થઈ ગયો. તેની આંખો લાલઘૂમ થઈ ગઈ. પાણીથી ભરેલા વાદળાની જેમ તે ગર્જના કરવા લાગ્યો. તેના ગંડસ્થળમાંથી મદજળ વહેવા લાગ્યું. પવનને પણ જીતી લે એવા વેગથી તે સાર્થની સામે દોડ્યો. ક્રોધથી મુખરૂપી ગુફાને ફાડીને જમની જેમ ખાવા માટે ઉન્માર્ગે ઘસી આવતા આ હાથીને સાર્થે દેખ્યો.

પૂર્વમાં કરેલા સુકૃતોનું પુણ્ય જ્યારે ઓછું થઈ જાય છે ત્યારે માણસ ફેંકાઈ જાય છે તેમ લોકો જીવ લઈને ભાગંભાગ કરવા લાગ્યા, કારણ સહુને પોતાનો જીવ વ્હાલો હોય છે. હાથી મોટા ગાડાઓનો તડતડ કરીને ભુક્કો બોલાવવા લાગ્યો. માલની ગુણોના તળીયાને તોડવા લાગ્યો, બળદોને ચીસો પડાવવા લાગ્યો. કરીયાણાને સૂંઢથી ઉપાડી ઉપાડીને ચારે બાજુ ફેંકવા લાગ્યો.

આમ, તોફાન મચાવતા આ હાથીને સિંહ સમાન સિંહચંદ્ર રાજર્ષિએ દેખ્યો, પણ ઉપસર્ગ પરિષહને સહન કરવામાં સમર્થ, ધ્યાનમાં નિશ્ચળ, ઉત્તમ સત્ત્વવાળા, મેરુપર્વતની જેમ સ્થિરગાત્રવાળા, નિર્ભય અને જેમનું મન સહેજ પણ ખળભળ્યું નથી એવા મહાત્મા એક સ્થાનમાં કાઉસ્સગ્ગ કરીને ઊભા રહ્યા છે.

અત્યંત ક્રોધે ભરાઈ પોતાની ઈચ્છા મુજબ સાર્થને છિન્નભિન્ન કરી નાંખતા હાથીએ પડાવમાં ભમતાં ભમતાં સિંહચંદ્ર ઋષિને દેખ્યા. મુનિને દેખતાની સાથે તેને તેની વિશાળ અને પ્રચંડ સૂંઢને કુંડળની જેમ વાળી અત્યંત ભયંકર બનાવી. શરદઋતુની જેમ સૂંઢનો અગ્રભાગ લાલ થઈ ગયો. પ્રલયકાળનો પવન જેમ પર્વતોના શિખરોને ફેંકતો હોય તેવા આડંબરને પૃથ્વી ઉપર ધારણ કર્યો. ભયંકર ક્રોધને કારણ મોટા ચિત્કારને કરવા લાગ્યો. ચણોઠી જેવી લાલ આંખો કરી અશનિવેગ હાથી સાધુ ભગવંત તરફ દોડ્યો. ત્યારે લોકોએ હાહાકાર મચાવી દીધો.

'અરે! આ સિંહચંદ્ર રાજર્ષિનું રક્ષણ કરો, રક્ષણ કરો. આ દુષ્ટ હાથી આ મહાત્માને યમરાજાના ઘરમાં લઈ જાય છે.'

હાથીએ આ ઉત્તમ મહાત્માના દર્શન કર્યા. આજ સુધી નહિ દેખેલ એવા ઉત્કૃષ્ટ મહાત્માના દર્શન થવાથી હાથી જાણે સ્તંભિત થઈ ગયો હોય તે રીતે અચાનક તેના પગ ઉપર સ્થિર થઈ ગયો. ઉપશમ નિતરતી આંખોવાળા મહાત્માને જોતાં તેનું હૃદય તથા વદન વિકસિત થઈ ગયું. નાગરાજે (હાથીએ) પોતાની સૂંઢને મોટા અને નિર્મળ બે દાંત વચ્ચે રાખીને મુનિને એકીટશ આંખે જોતો વિચારવા લાગ્યો કે મેં આ મહાત્માને પૂર્વમાં ક્યાંક જોયેલા છે.

આવો વિચાર કરતા કરતા હાથીને જાણે આગળનું બધું પણ યાદ આવી જાય તે માટે જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વજન્મની સ્મૃતિ થતાં તે આંસુથી ભૂમિને ભીની કરતો મહાત્માના ચરણોમાં એકાએક આળોટવા લાગ્યો. મહાત્માએ ઉપયોગ મૂક્યો અને જાણ્યું કે હાથીને જાતિસ્મરણ થતાં તે સંવેગભાવથી ભાવિત બન્યો છે. મહાત્માએ પ્રતિમા પારીને કોમલ વાણીથી ઉપદેશ આપ્યો,

'હે સિંહસેન! તમે વિષાદગ્રસ્ત ન બનો. તમે દાન અને શીલ ધર્મની સુંદર આરાધના કરી છે જેથી તમે નરકમાં તો નથી ગયા. ગત ભવમાં ધનપરની મૂર્છાને કારણે આ ભવમાં તમને તિર્યંચપણુ પ્રાપ્ત થયું છે. અશનિવેગ હાથી વિસ્મયને પામ્યો.

અને વિચારવા લાગ્યો, 'અરે! આ મહાનુભાવ તો મારા પુત્ર હતા. આજે મારા મનમાં રહેલા ભાવોને પણ જાણે છે.'

અશનિવેગે સિંહચંદ્ર રાજર્ષિને વિનંતી કરી, 'હે મહાત્મા મને હવે તમે ધર્મનો ઉપદેશ આપો. આપના જેવા મહાત્માઓ તો દયા કરવામાં અત્યંત રસિક હોય છે.'

મુનિએ હાથીને જ્યારે ધર્મ સમજાવ્યો ત્યારે હાથી મહાત્માને અપલકનેત્રે જોવા લાગ્યો. તેનું મુખ વિકસ્વર થઈ ગયું. તેના શરીરના રુંવાડા ખડા થઈ ગયા. કાન દઈને મુનિ ભગવંતની દેશનાને સાંભળવા લાગ્યો. 'હે હાથી! તે આ ભવસાગરમાં અનેક વિડંબનાઓને સ્વયં અનુભવી છે. એ વિડંબનાને તે જાતે જ અનુભવી છે તો તને મારે શો ઉપદેશ આપવો? છતાં પણ મારે તને કંઈક કહેવું છે.

તું હાથીના ભવને પામ્યો છે તે તું દેખે છે છતાં પણ તને સંદેહ થાય છે કે શું હું હાથી છું, કારણકે પહેલા તો હું હાથી ન હતો. તું પૂર્વમાં રાજા હતો અને હવે તું નાગરાજ બન્યો છે એવું તું કોઈને કહે, તો પણ તારી વાત સ્વીકારવા તૈયાર ન થાય અને પૂર્વમાં તે રાજ્ય સુખો અનુભવ્યા હતા તેમાનું હમણા કાંઈ દેખાતું નથી. આ બધી માયા જાદુગર જેવા કર્મરાજાની છે, કારણકે કર્મરાજાને ન માનીએ તો પહેલા ક્યાંથી તું રાજા હોય અને હમણા ક્યાંથી તિર્યંચ હોય?

પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે લાખો દુઃખોનો જ્યાં સુકાળ છે એવા સંસારમાં તું દુઃખોની વચ્ચે દુઃખી થઈ રહ્યો છે. ભાઈ! હવે તું શોકને તિલાંજલિ આપ અને જિનેશ્વર પ્રભુએ પ્રરૂપેલા ધર્મને સ્વીકાર.

આ સંસારમાં લોકોના ચિત્તને આહ્લાદ ઉપજાવનારી ચપળનેત્રવાળી નારી પ્રાપ્ત થાય છે, પણ આ સંસારમાં ક્લેશ ઉપજાવનારા કર્મનો ચૂરો કરી નાખવામાં સમર્થ એવો આ જિનધર્મ પ્રાપ્ત થતો નથી.

લાખો શત્રુઓ પરાજિત થઈ જાય, રાજસુખો પ્રાપ્ત થાય, પણ અંધારીયા કુવા જેવા આ સંસારમાંથી પડેલા જીવને ડૂબતો બચાવવામાં સમર્થ એવો જિનધર્મ પ્રાપ્ત થતો નથી.

વિનય કરવામાં ચતુર એવી સુરસુંદરીઓ જેને નમસ્કાર કરે છે એવા દેવેન્દ્રોની પદવી પ્રાપ્ત થાય છે, પરંતુ મોક્ષસુખોના ફળ આપનાર આ ધર્મ પ્રાપ્ત થતો નથી.'

અશનિવેગ હાથીએ મહાત્માની દેશના સાંભળીને સમ્યકત્વ મૂળ બારવ્રતનો સ્વીકાર કર્યો, જીવન પર્યંત અબ્રહ્મનો ત્યાગ કર્યો અને છઠ્ઠને પારણે છઠ્ઠ કરવાનો પણ જીવન પર્યંતનો અભિગ્રહ સ્વીકાર્યો.

અવ્રતીમાંથી વ્રતી બનેલા હસ્તીરાજને મહાત્મા સિંહચંદ્ર મુનિએ હિતશિક્ષા આપી :

'ભાઈ! અરિહંત પરમાત્મા જ દેવ છે, બ્રહ્મચર્યવ્રતને ધારણ કરનારા જ ગુરુઓ

છે અને જીવદયા એ જ ધર્મ છે, આવી ભાવનાથી તારા ચિત્તને સદૈવ ભાવિત કરજે. દુઃખના દાવાનળને ઓલવવામાં શ્રેષ્ઠ વૃષ્ટિ સમાન, સઘળી જીવરાશિને મનઃતુષ્ટિ કરનાર પાંચે પરમેષ્ઠી પરમાત્માનું એકાગ્રતા પૂર્વક મંત્રની જેમ સ્મરણ કરજે. કષાય પરવશ થતાં તારાથી જો કોઈ દુષ્પ્રવૃત્તિ થાય તો તરત જ એ અશુભ પ્રવૃત્તિઓને છોડી દેજે. શ્રદ્ધા અને જ્ઞાન ગર્ભિત ભાવનાઓને ભાવજે.

મહાત્માની હિતશિક્ષા સાંભળી હાથી પ્રસન્ન થયો અને મહાત્માને પ્રણામ કરી હાથી જ્યાંથી આવ્યો હતો ત્યાં ચાલ્યો ગયો.

મહાત્માના મુખથી હાથીનું વૃત્તાંત સાંભળી સાર્થજનોએ પોતાના સામર્થ્યને અનુસારે સમ્યક્ત્વ આદિ વ્રતનિયમોનો સ્વીકાર કર્યો.

વૈરાગ્ય વાસિત બનેલો હાથી જયણાપૂર્વક પોતાના સ્થાને પહોંચ્યો. છઠ્ઠના પારણે હાથી સુકાઈ ગયેલા, પીળા, રસ વિનાના, નીચે પડેલા તેમજ કરમાઈ ગયેલા, વૃક્ષના પાનને વાપરે છે અને પારણુ કરે છે. આમ, તે દુષ્કર તપ તપવા લાગ્યો. આતાપના લેવા લાગ્યો. એક દિવસ તે ઉનાળામાં એક તળાવમાં પાણી પીવા માટે ગયો. તળાવમાં પાણી ઓછું હતું અને કાદવ ઘણો હતો. સરોવરમાં તેને પીવા માટે પાણી તો ન મળ્યું પણ તે કાદવમાં ખુંપવા લાગ્યો. તપથી અશક્ત થઈ ગયેલા હાથીને લાગ્યું કે હવે પોતે આ સરોવરની બહાર નીકળી શકશે નહી, આથી તેણે ચારે આહારનો ત્યાગ કર્યો.

આ બાજુ નાગ બનેલો શ્રીભૂતિ અગ્નિમાં બળી મર્યો અને મરીને કોલવનમાં ચમરી ગાય બન્યો. ચમરીના ભવમાં પણ તે અગ્નિનો ભોગ બન્યો અને સલ્લકી વનમાં કુક્કુટ નામનો સાપ બન્યો. અણસણ કરી ઉભેલા આ હાથી ઉપર કુક્કુટ સાપને ગુસ્સો આવ્યો અને તેણે હાથીના કુંભસ્થળમાં દંશ દીધો. ઝેર વ્યાપી જવાથી તેના સર્વાંગ ઢીલા પડી ગયા. હાથીએ પોતે કરેલા બધા પાપસ્થાનકોને વોસિરાવ્યા. સર્વજીવરાશિને ખમાવી, મારો આત્મા ભિન્ન છે અને મારું શરીર જૂદું છે, આવા શુભધ્યાનને કરવા લાગ્યો. નવકારમંત્રનો જાપ ચાલુ કરી દીધો. અંતે મૃત્યુ પામી શુક્કલ્પમાં નિલવિમાનમાં સત્તર સાગરોપમના આયુષ્યવાળા દેવ થયો.

આ હાથીના દાંત તથા મુક્તાફળને શ્રૃગાલદત્ત નામના પારધીએ ગ્રહણ કર્યા, આ પારધીને ધનમિત્ર શેઠનો પરિચય હતો તથા તેમના ગુણોના અનુરાગી હોવાથી ધનમિત્રને દાંત તથા મુક્તાફળ આપ્યા. ધનમિત્ર તારો મિત્ર હોવાથી તેણે તે દાંત આદિ તને આપ્યા.

આ દાંત લક્ષણવાળા હોવાથી તે હાથીદાંતને સિંહાસનમાં જડાવ્યા અને મોતીને ચૂડામણિમાં રાખ્યો.

ખરેખર! સંસારનો કેવો સ્વભાવ છે કે જે શોકનું નિમિત્ત છે ત્યાં જ હર્ષ ઉભો થાય છે. પૂર્વજન્મના પિતાના દેહના અવયવોને ભોગવવા એ શોકનું સ્થાન છે છતાં

પણ તને તેમાં હર્ષ થાય છે.

અશનિવેગ હાથીના મૃત્યુબાદ એક વાનરે આ કુક્કુટ સર્પને મારી નાખ્યો. દુઃખ પૂર્વક મરણ પામેલ આ સાપ પાંચમી નરકમાં સત્તર સાગરોપમ આયુષ્યવાળો નારક થયો.

પૂર્ણચંદ્ર! તારા મોટાભાઈ સિંહચંદ્ર રાજર્ષિ કાળધર્મ પામી નવમા ગ્રૈવેયકમાં પ્રીતિકર વિમાનમાં ૩૧ સાગરોપમના આયુષ્યવાળા દેવ થશે. પ્રીતિકર વિમાનમાં પોષહધારી શ્રાવકની જેમ બધા પ્રકારના વ્યાપારનો ત્યાગ કરશે. ઉત્તમ સાધુની જેમ નિદ્રા પ્રમાદ વિનાના થશે. વીતરાગીની જેમ પ્રિયાથી વિરહિત થઈને રહેશે.

નવમા ગ્રૈવેયકમાંથી ચ્યવીને સિંહચંદ્રદેવ ચક્રપુર નગરમાં ચક્રાયુધ રાજા થશે. પિહિતાશ્રવ મુનિ પાસે પ્રવ્રજ્યા સ્વીકારી મોક્ષ પ્રાપ્ત કરશે.

આ પ્રમાણે તારા મોટા ભાઈ સિંહચંદ્ર પ્રથમભવમાં સાર્થવાહ ભદ્રમિત્ર, બીજા ભવમાં સિંહચંદ્ર, ત્રીજા ભવમાં નવમા ગ્રૈવેયકમાં દેવ અને ચોથા ભવમાં ચક્રાયુધ રાજા થઈ રાજ્યનો ત્યાગ કરી મોક્ષને પ્રાપ્ત કરશે.'

પૂર્ણચંદ્ર રાજા કેવલી રામકૃષ્ણાના મુખથી કેવલી રામકૃષ્ણા ઉપર સ્નેહ થવામાં કારણભૂત એવા ભવોની પરંપરા સાંભળી સંવેગભાવનાથી ભાવિત બન્યા. બારવ્રતને સ્વીકાર કરી કેવલીને વંદન કરી પોતાના પ્રાસાદમાં આવ્યા.

શ્રાવક ધર્મને પામેલા રાજા પૂર્ણચંદ્ર પ્રાતઃકાળમાં પંચોપચારી પૂજા, મધ્યાહ્નમાં અષ્ટપ્રકારી પૂજા અને પર્વ દિવસોમાં સર્વોપચારી પૂજા કરવા લાગ્યા. પોતાની શક્તિને અનુસારે સામાયિક- પૌષધ આદિની આરાધના અને શ્રમણોને અન્નપાનના દાન પૂર્વક નીતિના અનુસારે રાજ્યનું પાલન કરવા લાગ્યા.

પૂર્ણચંદ્ર રાજાએ જ્યારે અંતકાળ આવ્યો ત્યારે અણસણનો સ્વીકાર કરી મહાશુક્ર દેવલોકમાં અને વૈડૂર્ય વિમાનમાં દેશોન સત્તર સાગરોપમની સ્થિતિવાળા દેવ થયા.

સાધ્વીજી રામકૃષ્ણા કેવલી પર્યાયને ઘણા વર્ષો સુધી પાળી અચળ, નિરોગી, અક્ષય અને જ્યાંથી પાછું ફરવાનું નથી એવી મોક્ષગતિને પામ્યા.

મહાશુક્ર દેવલોકના દેવ પૂર્ણચંદ્રનું આયુષ્ય પુરુ થતાં ભરતક્ષેત્રમાં વૈતાઢ્ય પર્વત ઉપરની ઉત્તર શ્રેણિમાં મણિની પ્રભાને કારણે નિત્ય પ્રકાશિત રહેતા નિત્યાલોક નામના શ્રેષ્ઠ નગરમાં અરિસિંહ રાજા અને શ્રીધરા રાણીની પુત્રી તરીકે પૂર્ણચંદ્ર દેવે જન્મ ધારણ કર્યો. પુત્રીનું નામ યશોધરા પાડ્યું. યુવાવસ્થામાં પ્રવેશેલી યશોધરાના પ્રભંકરાપુરીના સ્વામી શૂરાવર્ત સાથે લગ્ન થયા.

યશોધરા પોતાના શ્વશુર ગૃહમાં પુષ્પ અને નૈવેદ્ય દ્વારા પ્રભુપૂજા કરવા લાગી અને સ્તુતિઓ દ્વારા વંદનાદિમાં તત્પર થઈ.

સિરિવિજ્જાણંદપરા... આદિ સ્તુતિઓ દ્વારા યશોધરાએ પ્રભુની સ્તવના કરી.

હાથી બનેલો સિંહસેન રાજાનો જીવ શુક્રદેવલોકમાંથી ચ્યવીને યશોધરાની કુક્ષિમાં ઉત્પન્ન થયો. યશોધરાના આ પુત્રનું નામ રશ્મિવેગ રાખવામાં આવ્યું. એક દિવસ નિત્યાલોક નગરમાં ધર્મરતિ અને ધર્માનંદ નામના ચારણ શ્રમણો પધાર્યા. અરિસિંહ રાજાએ પરિવાર સહિત મહાત્માઓની પાસે જઈને ચારણ મુનિઓને વંદન કર્યા.

ત્યારબાદ તેઓ આ મુનિઓની દેશનાનું પાન કરવા લાગ્યા, 'જેમ દરિદ્ર મનુષ્ય રોહણાચલ પર્વતને પ્રાપ્ત કરી રત્ન પ્રાપ્ત કરે છે તેમ બુદ્ધિમાને દુર્લભ મનુષ્ય જન્મને પ્રાપ્ત કરી લીધા પછી ધર્માચરણ રૂપી રત્નોને ગ્રહણ કરવા જોઈએ. જે જીવો માંગવામાં આળસુ હોય છે તેઓની પાસે ભલે ચિંતામણિ રત્ન હોય તો પણ તેઓ ધનાદિઋદ્ધિને પ્રાપ્ત કરી શકતા નથી. બસ, તો આ પ્રમાણે જેઓ ધર્મનું આચરણ કરવામાં આળસુ છે તેઓએ પ્રાપ્ત કરેલ મનુષ્ય જન્મ પણ નિષ્ફળ જાય છે.'

ચારણશ્રમણ ભગવંતની આ દેશના સાંભળી શૂરાવર્ત રાજા રાજ્યગાદી ઉપર પુત્ર રશ્મિવેગનો રાજ્યાભિષેક કરી પ્રવ્રજ્યાને સ્વીકારી અને સઘળા કર્મોનો નાશ કરી શિવલક્ષ્મીને વર્યા. રાણી યશોધરા આર્યા ગુણવતી પાસે દીક્ષાનો અંગીકાર કરી લાંતક નામના છઠ્ઠા દેવલોકમાં રુચકનામના વિમાનમાં ચૌદ સાગરોપમના આયુષ્યવાળા દેવ થયા.

રાજા રશ્મિવેગ રાજ્યના પાલનની સાથે સાથે શ્રાવક ધર્મની આરાધના સુંદર રીતે કરવા લાગ્યા. એક દિવસ હરિ અને મુનિચંદ્ર નામના બે ચારણ શ્રમણો રશ્મિવેગ રાજાના નિત્યાલોક નગરમાં આવી પહોંચ્યા. રાજાએ વિનયપૂર્વક પ્રણામ કરી મહાત્માની દેશના સાંભળી,

'રશ્મિવેગ! આ આખો ય સંસાર અસાર છે, તેમાં પણ વિશેષતઃ આ લક્ષ્મી, દેહ, સ્નેહ, યૌવન અને જીવન અસાર છે. લક્ષ્મી પાણીમાં ઉછળતા તરંગોની જેમ ચંચળ છે. દેહ વૃદ્ધાવસ્થા આવતા જર્જરિત થઈ જાય છે. આ સ્નેહ નરકગતિ આદિના દુઃખની વેલડીનો વિસ્તાર કરવામાં નવા મેઘ સમાન છે. આ જીવન પવનના ઝપાટાથી હાલક ડોલક થતી દીપજ્યોતિની જેમ અત્યંત ચંચળ છે. આ યૌવન મદથી ભરેલા નવયુવાન હાથીના કાન જેવું અતીવ ચપળ છે. મહાપુણ્યોદયે મનુષ્ય જન્મરૂપી નાવ પ્રાપ્ત થઈ છે. આ નાવ જ્યાં સુધી ભવસમુદ્રમાં હેમખેમ તરી રહી છે ત્યાં સુધી ભવસમુદ્ર પાર ઉતરવા માટે ઉતાવળો થા.'

ચારણશ્રમણનો આવો ઉપદેશ સાંભળી રશ્મિવેગ રાજાએ રાજ્યનો ત્યાગ કર્યો અને સંયમ સ્વીકાર્યો. નવપૂર્વનો અભ્યાસ કર્યો. નવપૂર્વનો અભ્યાસ કરી રાજર્ષિએ એકાકી પ્રતિમા ગ્રહણ કરી. એક દિવસ કંચનગુફામાં પ્રતિમાધ્યાનમાં ઊભા હતા ત્યાં ધૂમપ્રભા નરકથી આવેલો શ્રીભૂતિ પુરોહિતનો જીવ અજગર આવીને મહાત્માને ગળી ગયો. આવી અવસ્થામાં પણ શુભ ધ્યાનની શ્રેણિમાં આરુઢ થયેલા રશ્મિવેગ

રાજર્ષિ કાળધર્મ પામી લાંતક દેવલોકમાં સુપ્રભ નામના વિમાનમાં ૧૪ સાગરોપમની સ્થિતિવાળા દેવ થયા. મહાત્માના કાળધર્મ બાદ તીવ્રક્રોધ કષાયના પરિણામવાળો અજગર અશુભવેદનીય કર્મનું ઉપાર્જન કરી પુનઃ ધૂમપ્રભા નારકીમાં નારક બન્યો.

આ બાજુ સિંહસેન રાજાનો જીવ લાંતક કલ્પમાંથી ચ્યવીને ચક્રપુરમાં ચક્રાયુધ રાજાના પુત્ર તરીકે જન્મ્યો. તેનું નામ વજ્રાયુધ રાખવામાં આવ્યું. વજ્રાયુધની રાણીનું નામ રત્નમાલા હતું. પૂર્ણચંદ્રનો જીવ વજ્રાયુધ અને રત્નમાલાના પુત્ર તરીકે અવતર્યો. વજ્રાયુધ રાજાએ રત્નાયુધને રાજગાદી સોંપી વજ્રદત્તમુનિ પાસે પ્રવ્રજ્યા સ્વીકારી. વજ્રાયુધ મુનિએ ૧૪પૂર્વનો અભ્યાસ કર્યો. શ્રુતધર હોવાથી સર્વભાવોને જાણવાવાળા આ મુનીશ્વર કેવલી ન હોવા છતાં કેવલી ની જેમ વિચરવા લાગ્યા. વિચરતા વિચરતા વજ્રાયુધ રાજર્ષિ એક દિવસ ચક્રપુર નગરમાં પધાર્યા. વજ્રાયુધ રાજર્ષિને પધારેલા જાણી માતા રત્નમાલાની સાથે રત્નાયુધ વંદન કરવા માટે આવ્યો. વંદન કરીને દેશના સાંભળવા લાગ્યા,

'ભાગ્યશાળીઓ! જે વર્તન પોતાને પ્રતિકૂળ થતું હોય છે તેવું વર્તન બીજાની આગળ ન આચરવું જોઈએ. પોતાને પ્રતિકૂળ આચરણ બીજાને ન કરવું એ જ ધર્મનો સાર છે, સંક્ષેપ છે. આને જ લક્ષ્યમાં લઈને ધર્મક્રિયાનો વિસ્તાર ઈચ્છાનુસારે થાય છે.

જેમ હાથીના પગલામાં બીજા જીવોના પગલાં સમાઈ જાય છે, તે પ્રમાણે બીજાને પ્રતિકૂળ આચરણ ન કરવા રુપ ધર્મના સારમાં સર્વે ધર્મો સમાઈ જાય છે,કારણ કે સર્વ ધર્મમાં દયાની પ્રધાનતા છે.

ભીષ્મ : હે કૃષ્ણ ! બ્રહ્મજ્ઞાનીઓએ અહિંસાના ચાર પ્રકાર બતાવ્યાં છે. આ ચાર પ્રકારની અહિંસામાંથી એકનું પણ જો પાલન ન થાય તો અહિંસા ટકતી નથી. જેમ ચારપગવાળા પશુઓ ત્રણ પગ ઉપર ઊભા રહી શકતા નથી તે રીતે હે રાજન- આ ચાર કારણોમાંથી એકપણ કારણ ન હોય એટલે કે ત્રણ કારણ હોય તોપણ અહિંસા રહી શકતી નથી એવું કહેવાય છે.

આ અહિંસાના ચાર પ્રકાર અથવા ચાર કારણો આ રીતે બતાવ્યા છે- (૧) મનથી કોઈ જીવનો વધ ન કરવો (૨) વચનથી કોઈ જીવનો વધ ન કરવો (૩) કાયાથી કોઈ જીવનો વધ ન કરવો (૪) કોઈપણ જીવનું માંસ ન ખાવું. આ ચાર કારણોથી જે અહિંસાનું પાલન કરે છે તે ત્રણ પ્રકારે એટલે કે મન, વચન તથા કાયાથી મુક્ત થાય છે.

બ્રહ્મજ્ઞાનીઓએ બતાવેલા ત્રણ પ્રકાર આ પ્રમાણે છે. અહિંસાનું પાલન કરનાર મન તથા વચનના અશુભ યોગો અને આસ્વાદથી મુક્ત થાય છે. આ ત્રણથી મુક્ત થાય તે દોષોથી પણ મુક્ત થાય છે કારણકે આ ત્રણમાં જ બધા દોષો રહેલાં છે.

જીભથી આસ્વાદ માણી શકાય છે આ જેમ પ્રસિદ્ધ છે તેમ શાસ્ત્રમાં આ વાત પ્રસિદ્ધ છે કે રસના આસ્વાદથી રાગનો ઉદ્‌ભવ થાય છે.

રાગ આસ્વાદથી ઉભો થાય છે માટે રસાસ્વાદનો ત્યાગ કરી અહિંસા ધર્મ પાળવાની ઈચ્છાથી માંસનો સદા ત્યાગ કરવો જોઈએ, કારણ કે માંસભક્ષણ એ હિંસાનું મૂળ કારણ છે.

આ માંસનું ભક્ષણ એ દોષરૂપ છે, કારણ કે માંસની ઉત્પત્તિ ઘાસમાંથી, લાકડામાંથી કે પથ્થરમાંથી થતી નથી. માંસની પ્રાપ્તિ જીવની હત્યા કરીને જ થાય છે.

માર્કંડેય ઋષિએ પણ કહ્યું છે - 'પોતાના જીવનને ઈચ્છી રહેલા એવા હણાયેલા અથવા મરેલા પ્રાણીઓના માંસને જે મનુષ્ય ખાય છે તેને પણ પ્રાણીઓના વધ કરનારની જેમ હિંસા કરનારો જાણવો, કારણ કે માંસને ખાનાર જ ન હોત તો ઘાતક પણ ન હોત. હિંસક માણસ જીવનો વધ માંસભોજીઓના અર્થે જ કરે છે, જો તેને માંસ ખાનારા ન મળે તો તે હિંસક જીવોનો વધ કરે નહિ.

કોઈક એમ કહે કે માંસ તો અભક્ષ્ય છે માટે હિંસક માંસભોજન માટે હિંસા કરતો નથી, આ કથન તો અમને ઈષ્ટાપત્તિરૂપ છે. કારણ કે જીવવધ તો માંસભક્ષણ માટે કરાશે નહી અને તેથી હવે પ્રાણીઓનો વધ પણ થશે જ નહિ.

માંસની ખરીદી કરનાર ધન આપીને જીવનો વધ કરે છે. માંસભક્ષણ કરનાર માંસ ભક્ષણ કરી જીવની હિંસા કરે છે અને જીવની હિંસા કરનાર વધ અને બંધ દ્વારા જીવનો ઘાતક બને છે.

માંસ લાવનાર, માંસ ભક્ષણની અનુમતિ આપનાર, જીવવધ કરનાર, માંસની ખરીદી કરનાર, માંસનું વેચાણ કરનાર, માંસને સંસ્કારિત કરનાર તથા માંસ ભક્ષણ કરનાર આ બધાં જ જીવનો વધ કરનારા કહેલા છે.

આ પ્રમાણે મહારાજ કૃષ્ણ ! ચાર પ્રકારે બતાવેલી આ અહિંસા પ્રત્યેક ધર્મોના સાર સ્વરૂપ છે.'

વજાયુધ રાજર્ષિના મુખથી રત્નાયુધ રાજાએ દેશના સાંભળી દયામય એવા ગૃહસ્થ ધર્મનો સ્વીકાર કર્યો અને માંસ ત્યાગનો નિયમ ગ્રહણ કર્યો. ત્યાર બાદ માતા રત્નમાલા અને રત્નાયુધ રાજા મહાત્માને નમસ્કાર કરી પોતાના આવાસે ગયા.

આ બાજુ વજાયુધ રાજર્ષિ પોતાના શરીર ઉપર પણ મમત્વ વિનાના બની એકાંત પ્રદેશમાં અહોરાત્રિક પ્રતિમાને સ્વીકારીને રહ્યાં. પેલા અજગરના જીવે ધૂમપ્રભા નરકમાંથી નીકળીને ચક્રપુરમાં દારુણ નામના કસાઈને ત્યાં જન્મ લીધો. તેનું નામ અતિકષ્ટ પાડવામાં આવ્યું. એક સમયે તે જઈ રહ્યો હતો ત્યાં તેણે પ્રચંડ તપસાધનામાં નિરત વજાયુધ મહાત્માને જોયા. તલવારના ઘા લગાવી મહાત્માના દેહના ખંડખંડ કરી નાખ્યા, છતાં પણ મહાત્મા ધ્યાનથી વિચલિત ન થયા અને કાળ કરી સર્વાર્થસિદ્ધ

વિમાનમાં ઉત્પન્ન થયા.

આ બાજુ કસાઈપુત્ર અતિકષ્ટ દાવાનળમાં બળી જતાં મરીને અપ્રતિષ્ઠાન નરકમાં ઉત્પન્ન થયો.

શ્રાવકધર્મની પ્રાપ્તિ બાદ રત્નાયુધ રાજાએ પોતાના રાજ્યમાં ચારે બાજુ અમારી પ્રવર્તાવી. રથયાત્રા તથા ખાજા, લાડું, દૂધ, દહીં, ઘી તથા ઓદન આદિથી અશનપૂજા, જલપાત્ર અથવા જલધારાથી જલપૂજા, ફળો શેરડી આદિથી ખાદિમ પૂજા તથા સોપારી, નાગરવેલના પાન અને ગોળ આદિથી કુંકુમના થાપા પુષ્પનો રાશિ આદિથી સ્વાદિમ પૂજા કરી ચારે પ્રકારના આહારથી પૂજા કરવા લાગ્યાં.

માતા રત્નમાલા અને રત્નાયુધ રાજાએ પોતે સ્વીકારેલ શ્રાવક ધર્મનું ઉત્તમ પાલન કર્યું. ઘણા જીવોને અભયદાન આપી અને અંતે ચારે પ્રકારના આહારનો ત્યાગ કરી અચ્યુત નામના બારમાં દેવલોકમાં પુષ્પક અને નલિનીગુલ્મ નામના વિમાનમાં બાવીશ સાગરોપમના આયુષ્યવાળા મહાઋદ્ધિવાળાદેવ તરીકે ઉત્પન્ન થયા.

આ બાજુ ધાતકી ખંડમાં પશ્ચિમ મહાવિદેહમાં પૂર્વવિભાગમાં સીતાનદીની દક્ષિણ દિશામાં ઉત્તમ નીલકમળોથી સુશોભિત નલિન વિજય છે. અશોકા નામની નગરી છે. નગરીનારાજા **અરિંજય** છે. **સુવ્રતા** અને **જિનદતા** નામની શીલવતી તેમની રાણી છે. સુવ્રતાની કુક્ષીએ **વીતભય** નામનો પુત્ર થયો અને જિનદત્તાની કુક્ષીએ **વિભીષણ** નામનો પુત્ર થયો. વીતભય બળદેવ હતો અને વિભીષણ વાસુદેવ હતો.. રત્નમાલા અને રત્નાયુધના જીવો દેવલોકમાંથી આવીને આ ભવમાં બળદેવ અને વાસુદેવ બન્યાં.

બંને ભાઈઓએ અર્ધા વિજયને સાધી લીધું. વિશુદ્ધ શ્રદ્ધા, અપાર સુખ-સમૃદ્ધિ તેમને વરેલી હતી. વિરોધી લોકોને દબાવી લીધા હતા. તેઓ એક બીજાની સાથે સ્નેહના તંતુથી બંધાયેલા હતા. અંતે વાસુદેવ વિભીષણ મૃત્યુ પામીને શર્કરાપ્રભા નારકીમાં એક સાગરોપમના આયુષ્યવાળો નારક થયો અને બળદેવ વીતભયે સુવિહિત સાધુ મહાત્માની પાસે પ્રવ્રજ્યા સ્વીકારી. પ્રાંતે પાદપોપગમન અનશન સ્વીકારી લાંતક કલ્પમાં આદિત્યાભ નામના વિમાનમાં સાધિક અગિયાર સાગરોપમના આયુષ્યવાળા દેવ થયા.

વિભીષણ વંશા નારકીમાં પોતાનું આયુષ્ય પૂરું કરીને જંબૂદ્વીપના ઐરાવતમાં અયોધ્યા નગરીમાં **શ્રીવર્મ** રાજાનો **શ્રીદામ** નામે પુત્ર થયો. શ્રીદામ એક દિવસ ફરી રહ્યો હતો ત્યારે વીતભય દેવે તેને પૂર્વભવના ભાઈના સ્નેહને કારણે પ્રતિબોધ આપ્યો. પ્રતિબોધ પામેલા શ્રીદામે **અનંતકી** જિન પાસે સંયમ ગ્રહણ કર્યું. ઉત્કૃષ્ટ પણે ચારિત્રનું પાલન કરી બ્રહ્મલોક દેવલોકમાં ચંદ્રાભ નામના વિમાનમાં કાંઈક ન્યૂન દશ સાગરોપમના આયુષ્ય વાળો દેવ બન્યો.

કસાઈપુત્ર અતિકષ્ટ સાતમી નરકમાંથી નીકળીને ઘણા ભવો સુધી ભટક્યો.

તિર્યંચના ભવોમાં ઘણા દુઃખોને સહન કરી ઘણાં કર્મોને ખપાવી નાખ્યાં.

ત્યાર બાદ તે નદીના કાંઠે રહેતા **ગોશૃંગ** તપસ્વીના પુત્ર તરીકે ઉત્પન્ન થયો. તેનું નામ **મૃગશૃંગ** પાડવામાં આવ્યું. તે અજ્ઞાનકષ્ટમાં જ મસ્ત રહેતો હતો. એક દિવસ એક વિદ્યાધર વિમાનમાં બેસીને જતો હતો. મૃગશૃંગે આ જોઈને નિયાણુ કર્યું. મૃગશૃંગ મૃત્યુ પામીને વજ્રદંષ્ટ્ર તથા વિદ્યુદ્જિહ્વાના પુત્ર તરીકે ઉત્પન્ન થયો. તેનું નામ **વિદ્યુદ્દંષ્ટ્ર** પાડવામાં આવ્યું.

વજ્રાયુધ દેવ સર્વાર્થસિદ્ધ વિમાનથી ચ્યવીને વીતશોકા નગરીમાં **વિજયંત** રાજાના **સંજયંત** પુત્ર તરીકે ઉત્પન્ન થયા. એ સંજયંત તે જ હું છું. **શ્રીદામનો** જીવ પણ **બ્રહ્મલોક** નામના પાંચમાં દેવલોકથી આવીને **જયંત** નામનો મારો ભાઈ થયો. તેણે ચારિત્રને ગ્રહણ કર્યું પણ કાંઈક વિરાધના કરી આથી તે કાળ કરી ધરણેન્દ્ર દેવ બન્યો. વિદ્યુદ્દંષ્ટ્રને મારા ઉપરનું વેર ઓછું થયું ન હતું આથી તે મને અહીં ઉપાડીને લાવ્યો.

આ વિદ્યુદ્દંષ્ટ્રે જો પુરોહિતના ભવમાં કષાયનો ત્યાગ કરી મનમાં વિચાર્યું હોત કે મારા જ દોષને કારણે અત્યંત દુઃસહ એવું દુઃખ આવી પડ્યું છે તો તેને નાગ, ચમર, સાપ, ધૂમપ્રભા, અજગર, અતિકષ્ટ તથા માઘવતી નરક આદિ ભવોમાં દારુણ દુઃખો સહન કરવાનો વારો ન આવત.

"દુઃખો પોતાના જ દોષોને કારણે આવી પડે છે. માટે મોહ વિનાના એવા મોક્ષના સુખની ઈચ્છા હોય તો હરહંમેશ ક્રોધને જીતી લેવો. લોભ અને મોહને છોડી દેવા. આ જ રીતે ભવસાગરનો પાર પામી શકાશે."

વિદ્યુદ્દંષ્ટ્ર આપની ઉપર કેમ વેર રાખે છે આવી શંકાનું સમાધાન સંજયંત કેવલીએ કહ્યું.

ત્યાર બાદ ધરણેન્દ્રની સાથે આવેલા વિદ્યાધરોએ કેવલી ભગવંતને પૂછયું કે હે પ્રભુ ! ભૂતકાળમાં કેટલા તીર્થંકરો થઈ ગયા અને ભવિષ્યમાં કરેલા તીર્થંકરો થશે ?

'આદિનાથ પ્રભુ આદિ ૧૨ તીર્થંકર ભગવંતો ભૂતકાળમાં થઈ ગયા છે અને હવે વિમલનાથ આદિ૧૨ તીર્થંકર ભગવંતો થશે.' સંજયંત કેવલીએ જવાબ આપ્યો.

વીતભય દેવ તથા ધરણેન્દ્ર નાગરાજે કેવલી ભગવંતને વિનંતી કરી, 'પ્રભુ ! અમને આપ એ જણાવો કે હવે પછી અમે બંને ભેગા થઈશું કે નહિ? તેમજ અમને સમ્યગ્ દર્શન સુલભ થશે કે નહીં ?'

'ભાગ્યશાળી ! તમે બંને મથુરામાં જન્મ લેશો. મથુરાના રાજા મેરૂમાલી અને રાણી અનંતશ્રી તથા અમિતગતિના તમે પુત્ર થશો. તમારું નામ મંદર અને સુમેરૂ પાડવામાં આવશે. મેરૂમાલી રાજા તમને બંનેને રાજ્ય આપી શ્રી વિમલનાથ પ્રભુ પાસે પ્રવ્રજ્યા સ્વીકારશે અને પ્રભુજીના ગણધર થશે. એક દિવસ તમને બંનેને પણ

જાતિસ્મરણ જ્ઞાન થશે, રાજ્યલક્ષ્મીનો ત્યાગ કરશો અને વિમલનાથ પ્રભુની પાસે ચારિત્ર સ્વીકારી સિદ્ધિપદને પ્રાપ્ત કરશો.

હે વીતભય દેવ ! તથા ધરણેન્દ્ર નાગરાજ ! તમારા બંનેના ભવો આ પ્રમાણે અનુક્રમે છેઃ

વીતભય દેવના ભવ- (૧) વારુણી (૨) પૂર્ણચંદ્ર રાજા (૩) શુક્રદેવલોક (૪) યશોધરા (૫) લાંતક દેવ (૬) રત્નાયુધ (૭) અચ્યુત કલ્પ (૮) વીતભય (૯) લાંતક દેવલોક (૧૦) મંદર-મોક્ષ

ધરણેન્દ્રના ભવ- (૧) રત્નમાલા દેવી (૨) અચ્યુત દેવલોક (૩) વિભીષણ (૪) વંશાનારકીમાં નારક (૫) શ્રીદામ રાજા (૬) વ્યંતર (૭) જયંત (૮) ધરણેન્દ્ર (૯) સુમેરૂ-મોક્ષ.

ધરણેન્દ્ર નાગરાજ અને વિદ્યાધરની શંકા સંજયંત કેવલી પ્રભુની દેશના સાંભળીને શમી ગઈ. સર્વેએ કેવલી ભગવંતને વંદના કરી. કેવલી ભગવંત પણ એ સમયે યોગ નિરોધ કરી સિદ્ધિ સુખના ભોક્તા બન્યા.

સંજયંત કેવલીના ભવો- (૧) સિંહસેન રાજા (૨) શુક્રદેવલોક (૩) રશ્મીવેગ રાજા-(૪) લાંતકદેવલોક (૫) વજાયુધરાજા (૬) સર્વાર્થસિદ્ધ દેવલોક (૭) સંજયંત મુનિ- આજ ભવમાં મોક્ષ.

સંજયંત કેવલી ભગવંત નિર્વાણ પામ્યા.દેવો પણ નિર્વાણ મહોત્સવ મનાવવા માટે પાંચ નદીઓનો જ્યાં સંગમ થતો હતો ત્યાં આવ્યા અને નિર્વાણ મહોત્સવ ઉજવ્યો. સીમનગ પર્વતની શોભામાં અભિવૃદ્ધિ કરતુ સંજયંત કેવલીનું જિનાલય દેવોએ નિર્માણ કર્યું.

ત્યાર બાદ બધાં જ વિદ્યાધરોએ એકત્રિત થઈ ધરણેન્દ્રના ચરણમાં પડી નમસ્કાર કર્યો અને કહ્યું, 'હે સ્વામી આપનો કોપ તો દેખ્યો, હવે અમારી ઉપર કૃપા વરસાવો અને અમારી વિદ્યા અમને પાછી આપો.'

ધરણેન્દ્ર નાગરાજે કહ્યું, 'હે વિદ્યાધરો ! તમને વિદ્યા મળશે ખરી પણ હવે પછી આ વિદ્યાઓની સાધના બાદ જ તેનો ઉપયોગ કરી શકાશે. પરંતુ આ દુષ્ટ વિદ્યાધર વિદ્યુદ્દંષ્ટ્રના વંશમાં તો કોઈપણ પુરુષોને મહાવિદ્યા કેમે કરીને પ્રાપ્ત નહિ થાય. વિદ્યાધરની સ્ત્રીઓને વિદ્યાઓ ઉપસર્ગપૂર્વક દુઃખે કરીને પ્રાપ્ત થશે. દેવ, મહામુનિ કે મહાપુરુષના જો દર્શન કરવામાં આવશે તો આ વિદ્યાઓ અત્યંત સરળતાથી પ્રાપ્ત થઈ જશે.

તમારે આ સીમનગ પર્વતના જિનાલયમાં પ્રત્યેક વર્ષે અષ્ટાહ્નિકા મહોત્સવ કરવાનો છે.

ધરણેન્દ્ર નાગરાજને સાંભળીને વિદ્યાધરો પણ પ્રતિવર્ષે અષ્ટાહ્નિકા મહોત્સવ

કરવા લાગ્યા.

વસુદેવહિંડી તૃતીયખંડઃ ધરણેન્દ્ર નાગરાજે વિદ્યાધરોની સમક્ષ તેમના આચારની સ્થાપના કરી. 'વિદ્યાધર હવે પછી તમારે પાંચ નદીઓના સંગમસ્થાને આઠમથી લઈને સંજયંતકેવળી અને નાગરાજાનો અટ્ઠાઈ મહોત્સવ કરવો. અહીંયા વૈતાઢય પર્વતની બંને શ્રેણીઓના વિદ્યાધરોએ અવશ્ય ભેગા થવાનું છે.'

આ પ્રમાણે વિદ્યાધરોનો આચાર સ્થાપી ધરણેન્દ્ર નાગરાજ દેવોની સાથે પોતાના સ્થાનમાં પહોંચ્યા.

આ દૃષ્ટાંતમાં ભવ્યજીવોના પ્રતિબોધ માટે સંજયંત મુનિની સિદ્ધ પ્રતિમાની પૂજા આદિ કહ્યાં, પણ અહીંયા તો પ્રભુની પૂજા માટે ભોજન બનાવનાર મૃગબ્રાહ્મણનું દૃષ્ટાંત પ્રસ્તુત છે. અર્થાત્ એનો અહીંયા મુખ્ય અધિકાર છે.

મૃગબ્રાહ્મણના દૃષ્ટાંતમાં અગ્રપૂજાનું ફળ સાંભળી મોક્ષ પર્યંતના સુખોને આપનાર અગ્રપૂજા ઉત્તમભોજન, નૈવેદ્ય તથા ફળ આદિથી સદૈવ કરવી જોઈએ.

ફળ નૈવેદ્ય તથા આહારપૂજામાં મૃગબ્રાહ્મણનું દૃષ્ટાંત સમાપ્ત.

હવે ભવ્યજીવો ઉપર વિશેષ ઉપકાર થઈ શકે એટલા માટે રાત્રિની સિદ્ધ પૂજા, સ્તુતિ અને પ્રદીપાદિ પૂજાને બતાવવા માટે સીમનગ પર્વતનો સંબંધ બતાવવામાં આવે છે.

રાત્રિની સિદ્ધ પૂજા આદિના વિષયમાં સીમનગ પર્વતનો અધિકારઃ

વાયુરથ નામનો વિદ્યાધર છે. તેની બહેન **અનિલયશા** છે. એક દિવસ અનિલયશાએ **વસુદેવને લલિતપુરમાંથી** લાવીને એક પર્વત ઉપર મૂક્યો.

વસુદેવે અનિલયશાને પ્રશ્ન કર્યો, 'હે કોમલાંગિની ! તું મને શા માટે અહીંયા લાવી છે ?'

અનિલયશાએ કહ્યું, 'આ સીમનગ પર્વત **હ્રીમાનના** નામથી ઓળખાય છે. **હ્રીમાન** પર્વતની ટોચે ધરણેન્દ્ર નાગરાજે **આદિનાથ** પ્રભુનું જિનાલય બનાવ્યું છે. આ જિનાલયનું નામ **ધરણોદ્ભેદ** છે. આ સ્થાને પ્રતિમામાં રહેલા આદિનાથ પ્રભુની સામે **નમિ** અને **વિનમિને** ધરણેન્દ્ર નાગરાજે પ્રથમવાર વિદ્યા આપી હતી.

વળી, આ પવિત્ર સ્થળે ધરણેન્દ્રે એક નિયમ પણ બનાવેલો છે કે આ સ્થાને રહેલા પોતાના શત્રુને પણ જે કદર્થના કરશે તો તરત જ તેનો કુળ સહ વિનાશ થશે.

આ સીમનગ પર્વત ઉપર **અચળ** તથા **બળભદ્રને** જ્યાં કેવળજ્ઞાન ઉત્પન્ન થયું હતું ત્યાં શ્રી **વિજયરાજાએ** પણ જિનાલય બનાવ્યું છે અને આ ત્રીજુ જિનમંદિર **અમિતતેજે** બનાવ્યું છે. શત્રુઓ સીમનગ પર્વત ઉપર આવી શકે તેમ ન હોવાથી તમને અહીં લાવ્યા છે.

વસુદેવ આ સઘળી હકીકત જાણી દ્રહમાં સ્નાન કરવા માટે ગયો. સ્નાન કરી

જિનાલયમાં જઈ પ્રભુજીની વિધિપૂર્વક પૂજા કરી. ઘણા કાળ સુધી પ્રભુભક્તિ કરી સાંજના સમયે બહાર નીકળ્યો. ગાંધર્વવિધિથી અનિલયશા સાથે લગ્ન કરી રાત્રિ પસાર કરી. પ્રાતઃકાળમાં પાણી અને ભૂમિમાં ઉત્પન્ન થનારા પુષ્પો લાવ્યા. કમલિનીના પત્રમાં નિર્મળ પાણી લાવ્યું અને જિનાલયમાં આવીને દ્વારને ઉઘાડ્યું. નિસીહિ આદિ વિધિપૂર્વક જિનાલયમાં પ્રવેશ કર્યો. જિનાલયની પ્રમાર્જના કરી. જિનેશ્વર પ્રભુની પ્રતિમાનો પ્રક્ષાલ કર્યો અને ચંદનાદિથી વિલેપન કર્યું.અરણીકાષ્ઠથી અગ્નિ પ્રગટાવ્યો. ધૂપઘટા પ્રગટાવી. ચૈત્યવંદન કરી લાંબાકાળ સુધી પ્રભુભક્તિ કરી જિનાલયનું બારણું અટકાવી પ્રિયા અનિલયશા સાથે જિનાલયમાંથી બહાર નીકળ્યો.

વસુદેવ તથા તેની પ્રિયા અનિલયશા આ પ્રમાણે પ્રતિદિન પ્રભુની પૂજા કરવા લાગ્યા. વ્યંતર દેવોની જેમ વિચરણ કરતો વસુદેવ પ્રિયાની સાથે ગિરિકંદરાઓમાં પોતાના કાળને આનંદપૂર્વક પસારકરવા લાગ્યો.

એક દિવસ આકાશ ઘોડા, હાથી, રથ અને વિદ્યાધરોથી વ્યાપ્ત થઈ ગયું. આ જોઈ વસુદેવે અનિલયશાને કહ્યું, 'પ્રિયે ! આજે વિદ્યાધર સમૂહ શા માટે ત્વરાથી અહીંયા આવી રહેલ છે ?'

'સ્વામિનાથ, સીમનગ પર્વતની આ ભૂમિ ઉપર એક દિવસનો રાત્રિ મહોત્સવ અને બીજો અટ્ઠાઈ મહોત્સવ આવ્યો છે.

વસુદેવહિંડીઃ અનિલયશાએ વસુદેવને કહ્યું, 'હે આર્યપુત્ર ! વિદ્યાપ્રદાનની આ પ્રથમ ભૂમિમાં જિનાલયનો એકરાત્રિ વાર્ષિક ઉત્સવ તથા બીજો અટ્ઠાઈ મહોત્સવ ઉજવાશે.

વસુદેવહિંડી પ્રથમખંડઃ વિદ્યાધરો ત્રણ મહોત્સવ કરી પોતાના સમયને આનંદપૂર્વક પસાર કરે છે.

ઉત્તરાધ્યયન વૃત્તિઃ બે શાશ્વતયાત્રાઓ છે. એક અટ્ઠાઈ મહોત્સવ ચૈત્ર માસમાં તથા બીજો અટ્ઠાઈ મહોત્સવ આસો મહિનામાં આવે છે.

હે સ્વામિનાથ ! આ મહોત્સવને નિમિત્તે વિદ્યાનો જાપ અને પૂજા કરવા માટે બધાય વિદ્યાધરો અહીંયા એકત્રિત થાય છે.'

વિદ્યાધરોએ સીમનગ પર્વત ઉપર ઉતરીને જિનાલયને પ્રણામ કર્યાં. સહુએ પોતપોતાને ઉચિત આવાસને શોધી લીધો. મહોત્સવના પહેલા દિવસે જિનાલયોમાં દીવડાઓ પ્રગટાવ્યા.

વસુદેવહિંડીઃ વિદ્યાધરોએ ધરણોદ્ભેદ જિનાલયની ચારેબાજુ સુશોભન કર્યું. આ રીતે મહોત્સવનો એક દિવસ પસાર થઈ ગયો. સૂર્ય અસ્ત થતાની સાથે પ્રકાશ પાથરતાં દીવડાઓની પંક્તિને સ્થાપી ત્યારે લાખો દીવડાઓથી સીમનગ પર્વત સળગી રહ્યો હોય તેમ ઝળહળવા લાગ્યો.

પ્રિયા અનિલયશાની સાથે વસુદેવે જિનેશ્વર પ્રભુને પ્રણામ-વંદન આદિ કરી ત્યાં વિદ્યાધરોને ખ્યાલ ન આવે તે રીતે તેમના મહોત્સવને જોવા લાગ્યો. એક જગ્યાએ શામળી વૈડૂર્યમાલા નામની વિદ્યાધરીને જોઈ. આ વૈડૂર્યમાલા મુક્તિને આપનાર જિનેશ્વર પ્રભુની ભક્તિથી ભાવવિભોર થઈને આખી રાત નૃત્ય કરી રહી હતી.

वसुदेवहिंडी: ત્યાં શુભ્ર અને કોમળ વસ્ત્રોનું પરિધાન કરીને આવેલી વિદ્યાધરોની કુલવૃદ્ધા પ્રિયદર્શનાએ કહ્યું, 'બેટી વૈડૂર્યમાલા! આજે તારે નિશ્ચયે ઉપવાસ કરવાનો છે. ઉપવાસ કરીને આજે ત્રણે જગતમાં ઉત્તમોત્તમ આદિનાથ પ્રભુ અને નાગરાજની સામે મન મૂકીને તારે નાચવાનું છે, માટે ઔદાર્યગુણથી યુક્ત હે પુત્રી! તું હવે નર્તન કરવા માટે તૈયાર થા. ત્યાર બાદ દાસીએ વિનંતી કરતા મનને હરનારી મહાકન્યા બહાર આવી. મયુરનો કંઠ અને નીલ મરકત મણિ સરખા વર્ણવાળી, ચંદ્ર જેવા સૌમ્ય મુખ મંડળવાળી વૈડૂર્યમાલા મનોહર રંગભૂમિમાં આવીને નૃત્ય માટે સજ્જ થઈ. જિનેશ્વર પ્રભુના બિંબને બે હાથ જોડી શિર ઝૂકાવી નમસ્કાર કર્યો. પ્રભુની આગળ જ ગીત અને સંગીતના તાલની સાથે તેના ચરણ નાચવા લાગ્યા. નૃત્યના મદ અને કરણ નામના પ્રકારો વડે ૩૨ પ્રકારના નૃત્ય તેણીએ પ્રભુની સામે કર્યા.

વૈડૂર્યમાલાના નૃત્યમાં સમગ્ર રાત્રિ વ્યતીત થઈ ગઈ.દિનકરનો ઉદય થતા, વિદ્યાધરોના સમૂહે આ મહોત્સવને ઉજવીને પોતાના નગર તરફ પ્રયાણ કર્યું.

વસુદેવ પ્રાતઃકાળે ઊઠીને શ્રાવકને અવશ્ય કરવા યોગ્ય સામાયિક તથા પચ્ચક્ખાણ આદિ કરીને જિનાલયમાં ગયો.

देवेन्द्रवन्द्यो जिनसर्वविद्यानंद ઈત્યાદિ સ્તુતિઓ દ્વારા તેણે પ્રભુની સ્તુતિ કરી.

वसुदेवहिंडीमां पण कह्युं छे: વસુદેવે પ્રાતઃકાળે શ્રાવકોચિત સામાયિક આદિ આરાધનાને સમ્યક પ્રકારે કરી, પચ્ચક્ખાણને ગ્રહણ કર્યું અને ત્યાર બાદ કાઉસ્સગ્ગ, સ્તુતિ તથા વંદના કરીને પુષ્પો ચુંટવા માટે સરોવરમાં ઉતર્યો.

अन्यग्रंथमां पण कह्युं छे: શ્રાવક પ્રાતઃકાળ તથા સાયંકાળ આ બંને સમયે સ્તવન અને સ્તુતિની પ્રધાનતાવાળુ ચૈત્યવંદન કરે.

હાલમાં આ ચૈત્યવંદના દેવસી પ્રતિક્રમણમાં આદિમાં ચાર થોય દ્વારા અને રાઈ પ્રતિક્રમણમાં અંતે ચાર થોય આદિથી કરવામાં આવે છે.

महानिशीथ: ચિયવંદણપડિકમણં-ગાથામાં પણ સવારના પ્રતિક્રમણમાં અંતે અને દેવસી પ્રતિક્રમણમાં આદિમાં થોયનું વિધાન છે.

मूलावश्यक टीका: પૂર્વમાં ત્રણ સ્તુતિ કરવી. આ સ્તુતિઓ ઊંચા શબ્દથી ન બોલવી, કારણ કે મોટેથી બોલવાથી ગરોળી આદી જીવો જાગી જાય. સ્તુતિ બાદ દેવ વાંદે અને પછી "બહુવેલં સંદિસાવંતિ" આદેશ માંગે.

સીમનગ પર્વતમાંથી નીકળવાનો સમય આવી ગયો ત્યારે વસુદેવે જિનમંદિરમાં પ્રભુની પુષ્પપૂજા કરી અને વંદન કરી ત્યાંથી પ્રયાણ આરંભ્યુ. વૈડૂર્યમાલાના પિતાના નગર માતંગપુરમાં જઈને વૈડૂર્યમાલાની સાથે લગ્ન કર્યા.

વિદ્યાધરોએ આ પ્રમાણે સ્તુતિ, પ્રદીપ આદિથી કરેલી અદ્‌ભૂત પૂજાને સાંભળી વિઘ્નોનો નાશ, મોક્ષ તથા અભ્યુદય કરનારી તીર્થંકર પ્રભુની પ્રદીપ પૂજાને કરો.

આ પ્રમાણે સીમનગ પર્વતના ચૈત્યમાં પ્રદીપપૂજા, રાત્રિપૂજા તથા કાઉસ્સગ્ગ સ્તુતિ આદિનો પ્રબંધ કહ્યો.

આ સાથે ચોથુ પૂજાત્રિક પૂરું થયું.

અવતરણઃ પૂજા કરતાં કરતાં તીર્થંકર પ્રભુની ત્રણે અવસ્થાઓને ભાવવી જોઈએ માટે હવે પાંચમું અવસ્થાત્રિક ગ્રંથકાર બતાવે છે.

(૫) પાંચમું અવસ્થાત્રિક

भाविज्ज अवत्थतियं पिंडत्थपयत्थरुवरहियत्तं ।
छउमत्थकेवलित्तं सिद्धत्थं चेव तस्सत्थो ॥ ११ ॥

ગાથાર્થ :- પિંડસ્થપણું, પદસ્થપણું અને રૂપરહિતપણું એ ત્રણ અવસ્થા ભાવવી. આ ત્રણે અવસ્થાનો અર્થ ક્રમે કરીને છદ્મસ્થપણું, કેવલીપણું અને સિદ્ધપણું છે.

ટીકાર્થઃ ગાથાના અર્થ દ્વારા જ અવસ્થા ત્રિક સમજાઈ જાય છે. શાસ્ત્રમાં ચાર પ્રકારનું ધ્યાન કહેવામાં આવ્યું છે.

કહ્યું છે- पश्यति प्रथमं रुपं, स्तौति ध्येयं ततः पदैः ।
तन्मयः स्यात् ततः पिण्डे, रुपातीतः क्रमाद् भवेत् ॥

આ ગાથામાં પ્રથમ રુપસ્થ ધ્યાન બતાવવામાં આવ્યું છે.

પશ્યતિ પ્રથમં રુપં- પ્રભુના બિંબની સન્મુખ જતા પ્રથમ પ્રભુના રુપનું દર્શન થાય છે. પ્રભુના દર્શન થતાં સ્તુતિ આદિના પદો દ્વારા ધ્યેય એવા પ્રભુની સ્તવના કરવામાં આવે છે. સ્તવના કરતો કરતો ભક્ત પ્રભુમાં તન્મય બની જાય છે અને તન્મયતા આવતા અંતે રુપાતીત બની જાય છે. દેહમુક્ત બની જાય છે.

અષ્ટપ્રાતિહાર્યાદિથી યુક્ત પ્રભુના બિંબનાં રૂપનું દર્શન કરવું તે રૂપસ્થ ધ્યાન, સ્તુતિ આદિ પદો દ્વારા ધ્યેય એવા પરમાત્માનું ધ્યાન કરવું તે પદસ્થ ધ્યાન, પ્રભુની પ્રતિમા રૂપ પિંડમાં તન્મય બની જવું અર્થાત્ પ્રભુની અનેક અવસ્થામાં મગ્ન થવું તે પિંડસ્થ ધ્યાન છે અને રૂપાતીત પ્રભુજીના ધ્યાનમાં મગ્ન બનવું તે રૂપાતીત ધ્યાન છે.

આ પ્રમાણે સંક્ષેપમાં રૂપસ્થ આદિ ધ્યાનનો ક્રમ બતાવ્યો.

પિંડસ્થ આદિ ચાર પ્રકારના ધ્યાનને સરળતાથી સમજાવી ભવ્ય જીવો પર ઉપકાર કરવાની દૃષ્ટિથી ગ્રંથકાર ચાર ધ્યાનનું સ્વરૂપ સમજાવે છે.

(૧) પિંડસ્થઃ पूजादिषु देहस्थं यथास्थमूर्तिं जिनादिकं मनसा ।

तद्रुपं चात्मानं यद् ध्यायेत् तदिह पिण्डस्थम् ॥

પ્રભુની પૂજા તથા દર્શન કરતી વેળાએ જિનેશ્વર પ્રભુજીની પ્રતિમામાં વિભિન્ન અંગ રચના કરીને જિનેશ્વર પ્રભુના વિભિન્ન રુપો જેવા કે જન્માભિષેક, રાજ્યાભિષેક તથા તેમની આત્માની શક્તિ જેવી કે મેરૂ પર્વતને અંગૂઠાથી કંપાવી દેવો આદિનું ધ્યાન કરવું તેને પિંડસ્થ ધ્યાન કહેવામાં આવે છે.

(२) पदस्थ ध्यानः मंत्रादिषु गुरुदेवस्तुतौ तथा पावनापरपदेषु ।
हृत्पद्मादिपदेषु च यद् ध्यानं तत्पदस्थमिह ॥

મંત્ર આદિના પદોમાં, ગુરુ તથા દેવની સ્તુતિના પદોમાં તથા બીજા પણ ઉત્તમ પદોમાં તેમજ હૃદયકમળ આદિ પદો-સ્થાનો માં જે ધ્યાન કરવામાં આવે છે તેને પદસ્થ ધ્યાન કહેવામાં આવે છે.

पदस्थ ध्यानमां विभिन्न विभिन्न कार्योमां भिन्न भिन्न वर्णना मंत्राक्षरोनुं ध्यान :

(१) વિઘ્નનો નાશ, વિષનું મારણ, કલ્યાણ, શાંતિ, પુષ્ટિ, કવિત્વ શક્તિ, ચારિત્રની નિર્મળતા આદિ માટે મંત્રાક્ષરોને શ્વેતવર્ણના કલ્પીને, (૨) ક્ષોભ-ખળભળાટના સમયમાં વિદ્રુમ વર્ણ એટલે કે પરવાળા જેવા લાલ વર્ણના મંત્રાક્ષરોનું, (૩) આકર્ષણ કરવામાં અરુણ વર્ણના એટલે સૂર્યોદય સમય જેવા લાલવર્ણના અક્ષરોનું, (૪) વશીકરણ કરવામાં લાલવર્ણનાં મંત્રાક્ષરોનું, (૫) મારણમાં કાળાવર્ણના, (૬) મોહ પમાડવામાં લીલા વર્ણના, (૭) સ્તંભિત કરવામાં પીળા વર્ણના, (૮) શત્રુ માટે અર્ધો લીલો તથા અર્ધા લાલ વર્ણના (કથ્થાઈ વર્ણના), (૯) ઉચ્ચાટન કરવામાં ઘૂમાડીયા વર્ણના, (૧૦) બીજા ઉપર વિજય મેળવવામાં રાજાવર્તક રત્ન જેવા વાદળી વર્ણના, (૧૧) ભયને દૂર કરવામાં મરકત મણિના વર્ણના મંત્રાક્ષરોનું ધ્યાન ધરવાનું હોય છે.

(३) रुपस्थ ध्यानः स्वर्णादिप्रतिमास्थितमर्हद्रुपं यथास्थितं पश्येत् ।
सप्रातिहार्यशोभं यत् तद् ध्यानमिह रुपस्थम् ॥

સુવર્ણ આદિથી નિર્માયેલ પ્રભુની પ્રતિમામાં આઠ મહાપ્રતિહાર્યથી શોભી રહેલા અરિહંત પ્રભુના રુપના દર્શન કરવા તે રુપસ્થ ધ્યાન.

(४) रुपातीत ध्यानः-

सिद्धममूर्त्तमलेपं सदा चिदानंदमयनाधारम् ।
परमात्मानं ध्यायेद् यद्रुपातीतमिह तदिदम् ॥

સિદ્ધિગતિને પામેલા, અરૂપી, નિર્લેપ, ચિદાનંદમાં નિમગ્ન અને કોઈના પણ આધારની અપેક્ષા વિનાના એવા પરમાત્માનું ધ્યાન કરવું તે રુપાતીત ધ્યાન છે.

સુવર્ણ આદિ ઉત્તમ ધાતુઓથી પ્રતિમાજીનું નિર્માણ કરવામાં આવે છે. પ્રતિમાજી બની ગયા પછી પોલાણમાં ભરેલા મીણને દૂર કરવામાં આવે છે. પ્રભુજીનું રૂપ ઝગારા મારવા લાગે છે. આ ઝગારા મારતા રૂપમાં રુપાતીત પ્રભુની કલ્પના કરવાની છે. પ્રભુનું સ્વરૂપ જ્યોતિર્મય છે અને રુપ (પ્રતિમાનું રુપ) જ્યોતિર્મય છે. આમ, પ્રભુનાં રુપમાં રુપાતીતની કલ્પના છે.

બહિરાત્મા તથા અંતરાત્મા :

विभवश्च शरीरं च बहिरात्मा निगद्यते ।
तदधिष्ठायको जीवस्त्वन्तरात्मा सकर्मकः ॥

સમૃદ્ધિ તથા શરીરમાં મારાપણાના અનુભવને બહિરાત્મા કહેવામાં આવે છે. આત્મા શરીરનો અધિષ્ઠાતા છે. અર્થાત્ શરીર આધાર છે અને આત્મા આધેય છે તેમજ કર્મને જ કારણે જીવને શરીરમાં રહેવું પડે છે. આવી માન્યતા અંતરાત્માની છે.

परमात्माः निरातंको निराकांक्षो निर्विकल्पो निरञ्जनः ।
परमात्माऽक्षयोऽत्यक्षो, ज्ञेयोऽनंतगुणोऽव्ययः ॥

જેમની સામે ક્યારે આતંકો આવતા નથી, જેમની આકાંક્ષાઓ નાશ પામી છે, જેઓ શુભાશુભ વિકલ્પ વિનાના બન્યા છે, જેમનો આત્મા રાગદ્વેષથી લેપાયેલો નથી, જેમનો આત્મા અવિનાશી તથા ઈન્દ્રિયથી અગમ્ય છે, અનંત ગુણોનો સ્વામી અને જેમના જ્ઞાનાદિ ગુણોનો ક્યારેય વિનાશ નથી તેનો આત્મા પરમાત્મા છે.

यथा लोहं सुवर्णत्वं प्राप्नोत्यौषधियोगतः ।
आत्मध्यानात् तथैवात्मा परमात्मत्वमश्नुते ॥

તેવા પ્રકારની ઔષધિઓનો સંયોગ થાય અને લોખંડ સુવર્ણ બની જાય છે તેમ આત્મધ્યાનમાં નિમગ્ન થયેલો આત્મા પરમાત્મા બની જાય છે.

આ પરમાત્મા પુરુષલિંગ આદિ ત્રણે લિંગ વિનાનો છે, એના સર્વે કાર્યો સિદ્ધ થઈ ગયા છે, તે હવે એક જ છે. રાગાદિ અંજન વિનાનો છે, આહારથી મુક્ત બન્યો છે એવું પરમાત્માના સ્વરુપનું ચિંતન પંડિત પુરુષોએ કરતા રહેવું જોઈએ.

'પ્રભુની છદ્મસ્થાવસ્થા કેવી રીતે વિચારવી' તે જણાવવા માટે આચાર્ય ભગવંત મૂળગ્રંથની ગાથાના આદ્યપદને કહે છે.

एहवच्चगेहिं छउमत्थवत्थति ॥ ગાથા-૧૨

पूर्वार्ध आद्यपद गाथार्थ :- જિનેશ્વર પ્રભુની પ્રતિમાના પરિકરમાં સ્નાન કરાવનારા દેવો તથા પૂજા કરનારાઓ વડે પ્રભુની છદ્મસ્થાવસ્થા

વિચારવાની છે.

ટીકાર્થ: પ્રતિમાજીના પરિકરમાં હાથીની અંબાડીમાં દેવો બેઠેલા હોય છે, તેમના હાથમાં કળશ હોય છે, આ કળશ દ્વારા પ્રભુને તેઓ સ્નાન કરાવે છે. કેટલાક દેવો પુષ્પોની માળાને પોતાના હાથમાં ધારણ કરીને ઊભા હોય છે. આ દેવો પ્રભુના પૂજકો છે.

આ સ્નાન કરાવનારા અને પૂજા કરનારા દેવો વડે પ્રભુની છદ્મસ્થાવસ્થા ભાવવાની છે.

છદ્મસ્થાવસ્થાના ત્રણ પ્રકાર: (૧) જન્માવસ્થા (૨) રાજ્યાવસ્થા (૩) શ્રમણાવસ્થા.

ચેઈયવંદણ મહાભાસમાં છદ્મસ્થાવસ્થાના ત્રણે પ્રકારની વિચારણા કરવામાં આવી છે:

(૧) જન્માવસ્થા: પરિકરમાં દેવસમૂહનું નિર્માણ કરવામાં આવે છે. આ દેવોએ પોતાના બંને હાથમાં કળશને ધારણ કર્યા હોય છે. આ દેવવૃંદમાં મોખરે ઐરાવણ હાથી ઉપર દેવેન્દ્ર બેઠેલા હોય છે. દેવો ગીતો ગાઈ રહ્યાં હોય છે, વાજીંત્રો વગાડી રહ્યાં હોયછે.

મેરુપર્વતના ઉન્નત શિખર ઉપર જન્માભિષેકની ઉજવણી કરવામાં ઉતાવળા થયેલા કરોડો દેવતાઓ (૧) ઉત્તમ રત્નોના (૨) ચાંદીના (૩) સોનાના તથા મિશ્ર (૪) સોનારૂપાના (૫) સોના રત્નનાં (૬) રૂપારત્નના (૭) સોનારૂપા રત્નના (૮) સુગંધીદાર માટીના- આ આઠ પ્રકારના ઉત્તમ કળશો વડે તરત જન્મેલા પ્રભુને સ્નાન કરાવી પ્રભુનો જન્મ મહોત્સવ અતિ આનંદભેર ઊજવે છે. આવી જન્માવસ્થાની ભાવના પરિકરમાં રહેલા કળશધારી દેવોને જોઈને મનમાં કરવામાં આવે છે. (ચે.મ.૨૧૮-૨૧૯)

(૨) રાજ્યાવસ્થા: પ્રભુના પરિકરમાં પુષ્પમાળાને હાથમાં ધારણ કરીને રહેલા દેવો તથા વસ્ત્ર, આભૂષણ, વિલેપન તથા પુષ્પોથી પૂજાયેલા પ્રભુજીને દેખીને પુષ્પમાળા તથા આભૂષણ આદિ રાજભૂષણોથી શોભતા અને રાજ્યલક્ષ્મીને ભોગવતા જિનેશ્વર પ્રભુને ભાવવામાં આવે છે. આ રીતે તીર્થંકર પ્રભુની રાજ્યાવસ્થા ભાવવામાં આવે છે. (ચેઈય.મહાભાસ-૨૨૦)

(૩) શ્રમણાવસ્થા: પ્રભુના મસ્તક ઉપર તેમજ દાઢી-મૂછના વાળ નથી તે જોઈને પ્રભુની શ્રમણાવસ્થાની ભાવના કરાય છે. સંયમ સ્વીકારીને પ્રભુ પંચ મુષ્ટિ લોચ કરે છે અને પછી પ્રભુને કેશ ફરીને ઉગતા નથી. આથી પ્રભુના મુખને જોઈને શ્રમણાવસ્થા સરળતાથી જણાઈ જાય છે.

ચેઈયવંદણમહાભાસમાં પણ કહ્યું છે- अवगयकेसं सीसं च मुहं च

दिट्ठंपि भुवणनाहस्स । साहेइ समणभावं छउमत्थो एस पिंडत्थो ॥२२१॥

કેશ વિનાનું મસ્તક તથા મુખને દેખવા માત્રથી જ પ્રભુની શ્રમણાવસ્થા જણાઈ આવે છે.

આ રીતે છદ્મસ્થાવસ્થાની ત્રણ અવસ્થા-જન્માવસ્થા, રાજ્યાવસ્થા તથા શ્રમણાવસ્થાની ભાવના કરવી એજ પિંડસ્થાવસ્થા છે.

છદ્મસ્થાવસ્થામાં શ્રમણાવસ્થાની જ ભાવના કરવી એવો અન્ય મતઃ પ્રભુની પ્રતિમા જોઈને છદ્મસ્થાવસ્થામાં માત્ર શ્રમણાવસ્થાની જ ભાવના કરવી. આવો કેટલાક આચાર્ય ભગવંતનો મત છે.

શંકાઃ આ વ્યાખ્યા પ્રમાણે 'ण्हवच्चगेहिं छउमत्थ'_ સ્નાન કરાવનારા તથા પૂજકો દ્વારા પ્રભુની છદ્મસ્થા ભાવવી એ કેવી રીતે સંગત થશે ? કારણ કે સ્નાન કરાવનારા તેમજ પુષ્પ દ્વારા પૂજા કરનારા દેવોને દેખીને પ્રભુની શ્રમણાવસ્થા કેવી રીતે ભાવી શકાય ?

સમાધાનઃ છદ્મસ્થકાળમાં આદિનાથ પ્રભુની પાસે રહીને નમિવિનમિ પ્રભુની ઉપાસના-પૂજા આદિ કરે છે. તેમજ જ્યારે પ્રભુજી દીક્ષા ગ્રહણ કરે ત્યારે દેવેન્દ્રો અસુરેન્દ્રો તથા રાજેન્દ્રો આવીને પ્રભુને સ્નાન કરાવે છે, પ્રભુને પૂજે છે આવી છદ્મસ્થાવસ્થાની વિચારણા શ્રમણાવસ્થામાં કરવાની છે, અર્થાત્ પરિકરમાં રહેલા સ્નાન કરાવનારા તેમજ પૂજકોને દેખીને એવો વિચાર કરવાનો છે કે દેવો પ્રભુનો દીક્ષા મહોત્સવ ઊજવી રહ્યાં છે, નમિવિનમિ આદિ શ્રમણ બનેલા પ્રભુની ઉપાસના કરી રહેલ છે.

નમુત્થૂણં સૂત્રમાં 'જે ય અઈયા સિદ્ધા' આ ગાથામાં પ્રભુની છદ્મસ્થાવસ્થા ભાવવામાં આવી છે.

જે ય અઈયા સિદ્ધા દ્વારા દ્રવ્ય અરિહંત ભગવંતોને વંદના કરવામાં આવી છે. તીર્થંકરના જીવને જ્યાં સુધી કેવળજ્ઞાન ન પ્રાપ્ત થાય ત્યાં સુધી દ્રવ્ય અરિહંત કહેવાય છે. દ્રવ્ય અરિહંતોને વંદના તે પ્રભુની છદ્મસ્થાવસ્થાને વંદન છે.

નમિ-વિનમિનો સંબંધઃ દોરી બાંધેલા ધનુષ્ય જેવા ભરત ક્ષેત્રમાં કોશલા નામની નગરી છે.જેમ અમરાવતી અશ્વિનીકુમાર (નાસત્ય) તથા સુંદર રત્નોથી યુક્ત છે તેમ કોશલામાં અસત્ય અને જુગાર જેવા વ્યસનો નથી તથા સુંદર રત્નોથી સુશોભિત છે.

કોશલા નગરીમાં વ્યસનો (વસણ) ક્યાંય જોવા મળતા ન હતા. માત્ર વસણ (વસ્ત્ર) શબ્દનો પ્રયોગ વણકરોની શાળામાં જ થતો હતો. પરિવર્તન વૃક્ષોની છાયામાં થતું હતું, માર શબ્દ કામદેવ માટે જ વપરાતો હતો. મગ્ગણ (માર્ગણ) શબ્દ બાણ માટે જ વપરાતો હતો. (અર્થાત્ માંગણો નગરમાં ન

હતા) વજ્ર(વયર) શબ્દ રત્નમાં જ ઉપયોગી થતો હતો પણ વયર (વૈર) નગરના મનુષ્યોમાં પરસ્પર ન હતું. કલહ (કલભ) શબ્દ હાથીના બચ્ચા તરીકે વપરાતો હતો પણ કલહ ઝઘડા અર્થમાં વપરાતો ન હતો. અર્થાત્ ત્યાં કલહ થતો ન હતો.

કોશલા (અયોધ્યા) નગરીના રાજા ઋષભદેવ હતાં. ઋષભદેવનો રાજ્યાભિષેક ઈન્દ્રમહારાજાએ સ્વહસ્તમાં રહેલા સોનાના કળશો દ્વારા કર્યો હતો. મંત્રોમાં પ્રણવ (ૐ) પ્રથમ છે તેમ ઋષભરાજા રાજાઓમાં પ્રથમ હતાં.

તેમને કરેલી મંત્રીમંડળની રચના માત્ર એક રાજનીતિ જ હતી, કારણ કે આ પ્રથમ રાજાએ પોતે જાતે જ સઘળી વિદ્યાઓ, કળાઓ, વિજ્ઞાન તથા શિલ્પોનું જ્ઞાન લોકોને આપ્યું હતું.

ત્રણેય જગતના જીવોના રક્ષણ કરવામાં સમર્થ એવા પ્રભુની અંગરક્ષા સેવકોની નમ્રતા બતાવતી હતી. જેમના ચરણોની સેવા દેવેન્દ્રો, દાનવેન્દ્રો તથા નરેન્દ્રો કરી રહ્યાં હતાં, તેવાં નાથને ઘોડા, હાથી, રથ, શ્રેષ્ઠ સૈનિકો તથા રાજાઓ માત્ર રાજ્યની વ્યવસ્થા માટે હતા. ત્રણે ભુવનના પિતા ઋષભદેવના તલવાર, ચક્ર, બાણ, બર્છી, ભાલો અને બાવલ્લ (શસ્ત્ર વિશેષ) આદિ શસ્ત્રો માત્ર સૈનિકોના આડંબર સ્વરૂપ હતાં.

ઋષભદેવે ૨૦ લાખ પૂર્વ કુમારાવસ્થામાં પસાર કર્યા. ૬૩ લાખ પૂર્વ સુધી રાજ્યને પાળ્યું.અંતે પોતાનો દીક્ષા સમય જાણી બધાંજ સામંતોની સમક્ષ ભરતને પોતાના પદ ઉપર સ્થાપ્યો. બાહુબલી આદિ રાજકુમારોને ૧૦૦ દેશ વહેંચીને આપ્યાં.

આ સમયે વૈમાનિક નિકાયના પાંચમા દેવલોકના ત્રીજા પ્રતરમાં આઠ કૃષ્ણરાજીમાં ઈશાન આદિ દિશામાં રહેલા લોકાંતિક વિમાનોમાંથી લોકાંતિક દેવો આવે છે.

આ નવ લોકાંતિક વિમાનના નામ આ પ્રમાણે છે. (૧) અર્ચિ વિમાન (૨) અર્ચિમાલી વિમાન (૩) વૈરોચન વિમાન (૪) પ્રભંકર વિમાન (૫) ચંદ્રાભ વિમાન (૬) સૂરાભ વિમાન (૭) શુક્રાભ વિમાન (૮) સુપ્રતિષ્ઠાભ વિમાન (૯) રિષ્ઠાભ વિમાન. આ નવ વિમાનમાં અનુક્રમે સારસ્વત, આદિત્ય, વહ્નિ, વરૂણ,ગર્દતોય, તુષિત, અવ્યાબાધ, અગ્નિ અને રિષ્ઠ એ પ્રમાણે દેવોના નામ છે. આ દેવોના પરિવારમાં ક્રમે કરીને ૭૦૭, ૭૦૭, ૧૪૦૧૪, ૧૪૦૧૪, ૭૦૦૭, ૭૦૦૭, ૯૦૯, ૯૦૯ અને ૯૦૯ દેવો છે. આ લોકાંતિક દેવોનું આયુષ્ય આઠ સાગરોપમનું છે. તેઓ એકાવતારી હોય છે.

સ્તુતિપાઠક જેવા આ લોકાંતિકદેવો પોતાના પરિવાર સાથે આવીને બે હાથ

જોડી માથુ નમાવી પ્રભુને વિનંતી કરે છે, 'बुज्झाहि नाह ! तित्थं पयट्ट जगजियहिअट्ठाय' 'હે ત્રિભુવન નાથ ! આપ બોધ પામો અને આ ત્રણે લોકના જીવોના કલ્યાણને માટે આપ ધર્મતીર્થ પ્રવર્તાવો.'

લોકાંતિક દેવો આદિનાથ પ્રભુને વિનંતી કરે છે અને નમસ્કાર કરીને દેવલોકમાં ચાલ્યા જાય છે. જિનેશ્વર પ્રભુને નમવાથી જીવોને દેવલોકની પ્રાપ્તિ થાય જ છે એમાં શું આશ્ચર્ય છે ?

ઈન્દ્ર મહારાજાએ નિયુક્ત કરેલ કુબેર દેવ તિયગજૃંભક નામના દેવોને પ્રેરણા કરે છે અને આ દેવો મણિ રત્ન સુવર્ણ આદિ અનેક પ્રકારની સમૃદ્ધિનો ભંડાર આદિનાથ પ્રભુની પાસે લઈ આવ્યા.

સિંઘોડાના ફળ જેવા ત્રિકોણ ચોકમાં, ત્રણ રસ્તે, ચાર રસ્તે જ્યા ઘણા માર્ગો ભેગા થાય તેવા સ્થાને, મંદિરની છત્રી આદિ સ્થાને તેમજ મોટા માર્ગોમાં, નાના માર્ગોમાં, ગોચર પ્રદેશ અને શેરી આદિ સ્થાનોમાં પ્રભુ વરસીદાન આપશે એવી ઘોષણા કરવામાં આવી.

આદિનાથ પ્રભુ પ્રતિદિન સૂર્યોદયથી માંડી પ્રાતઃકાલના ભોજન સુધી ૧ કરોડને ૮ લાખ સુવર્ણમુદ્રાનું દાન કરવા લાગ્યા. ત્રણે જગત ઉપર વાત્સલ્યવાળા અને ભુવનત્રયના સ્વામી પ્રભુજીએ એક જ વર્ષમાં ૩૮૮ કરોડ ૮૦ લાખ સુવર્ણમુદ્રાનું દાન કર્યું. જેમ નૂતન મેઘ પોતાના જળ દ્વારા પૃથ્વીના તાપને હટાવે છે તેમ પૃથ્વીના સ્વામી એવા પ્રભુએ જગતના દરિદ્રતા રૂપ સંતાપનો નાશ કર્યો.

પ્રભુજીએ એક વર્ષ પર્યંત વરસીદાન કર્યું. ત્યાર બાદ દેવેન્દ્રોના સિંહાસન ચલાયમાન થયા અને તેઓ પોતાની સઘળી ઋદ્ધિ અને પર્ષદા સાથે ત્યાં આવ્યા. જળથી ભરેલા સુવર્ણના કુંભો દ્વારા પ્રભુનો દીક્ષાભિષેક કર્યો. સ્નાન બાદ પ્રભુ સુદર્શન નામની શિબિકામાં બેઠા. રોમાંચિત થયેલા ગાત્રવાળા મનુષ્યોએ શિબિકાને આગળથી ઉપાડી અને અસુરેન્દ્રો, સુરેન્દ્રો તથા નાગેન્દ્રોએ શિબિકાને પાછળથી ઉપાડી.

ચૈત્ર વદ આઠમના દિવસે સાંજે દેવ-મનુષ્યોથી પરિવરેલા આદિનાથ પ્રભુ સિદ્ધાર્થ વનમાં ગયા. આજે પ્રભુને ચોવીહારો છઠ્ઠ હતો. ઈન્દ્રે પ્રભુને પ્રાર્થના કરી. ઈન્દ્રની પ્રાર્થનાથી આદિનાથ ભગવાને ચતુર્મુષ્ટિ લોચ કર્યો. સિદ્ધભગવંતોને નમસ્કાર કર્યા અને 'मम सव्वमकरणिज्जं पावं' મારે બધાં જ પાપો હવે અકરણીય છે એવી પ્રતિજ્ઞા કરી સંયમનો સ્વીકાર કર્યો.

પ્રભુએ જે ચારિત્રનો સ્વીકાર કર્યો છે તે દુઃખે વહન કરી શકાય તેવું છે અને તેથી જ ભારરુપ હોવાથી મનઃપર્યવ જ્ઞાન જાણે હું પ્રભુને સહાય કરું એવો

વિચાર કરી દીક્ષા ગ્રહણ કરતી વેળાએ જ ઉત્પન્ન થયું. કચ્છ, મહાકચ્છ આદિ ૪ હજાર રાજાઓએ પણ પોતાની જાતે જ લોચ કરી પ્રભુ ઉપરની ભક્તિને કારણે પ્રભુની સાથે જ વ્રતને સ્વીકાર કર્યો.

જેમ હાથીનું બચ્ચું હાથીની પાછળ પાછળ જાય છે તેમ કચ્છ-મહાકચ્છ આદિ મુનિઓ પણ પ્રભુને પગલે-પગલે ચાલવા લાગ્યા.

સાગર જેમ પોતાના પેટાળમાં અસંખ્ય જીવોને (સત્ત્વોને) સમાવી શકે છે તેમ મહાન સત્ત્વશાળી આદિનાથ પ્રભુ મૌન ધારણ કરી વિચરવા લાગ્યા. પ્રભુ જ્યારે ભિક્ષા માટે જાય છે ત્યારે સ્વામી પ્રત્યેની ભક્તિને કારણે હાથી, ઘોડા, કન્યા, વસ્ત્રો, આભૂષણો તથા આસન આદિ આપવા લાગ્યા, પરંતુ તેઓ ભિક્ષાના આચારને જાણતા ન હતા આથી પ્રભુને ભિક્ષા આપતા ન હતા. પ્રભુની સાથે કચ્છ, મહાકચ્છ આદિ મુનિને પણ ભિક્ષા ન મળી. તેઓ પણ ક્ષુધાથી અભિભૂત થયા. કુસેવકોની જેમ આ મુનિઓ સ્વામીને એકલા મૂકીને ચાલ્યા ગયા. ગંગા કાંઠાના વનમાં જઈને કંદમૂળ આદિનો આહાર કરવા લાગ્યા.

પૂર્વે પ્રભુની આજ્ઞાથી કચ્છ-મહાકચ્છના પુત્રો નમિ વિનમિ દૂર-દેશાંતર ગયાં હતાં. તેઓ કચ્છ-મહાકચ્છ જ્યાં નિવાસ કરતા હતા તે જ માર્ગેથી પાછા ફરી રહ્યાં હતાં. પોતાના પિતામુનિને જોઈને તેઓ વિષાદગ્રસ્ત બન્યા અને કહ્યું કે, આદિનાથ જેવા નાથ હોવા છતાં તમે શા માટે અનાથ જેવા દેખાવો છો ? તેઓએ પણ પોતાનું વૃત્તાંત જણાવીને કહ્યું, 'પુત્રો! જેમ પાણીમાં ઉત્પન્ન થયેલા દેડકા પાણી વિના રહી શકતા નથી તથા કીડાઓ અન્ન વિના રહી શકતા નથી એમ અમે પણ પાણી અને અન્ન વિના પ્રભુ સાથે રહી શકીએ એમ નથી. તમે અયોધ્યામાં જઈને ભરતની સેવા કરો. ભરત તમને સહાય કરશે.' નમિ અને વિનમિએ કચ્છ-મહાકચ્છ મુનિની વાતને અવગણી આદિનાથ પ્રભુ પાસે આવ્યા. આદિનાથ પ્રભુ સીમનગ પર્વત ઉપર પ્રતિમા ધારણ કરીને રહ્યાં હતાં. નમિ-વિનમિએ પ્રભુની પાસે આવીને વિનયપૂર્વક નમસ્કાર કર્યો અને કહ્યું, 'હે નાથ ! આપે આપના ભરત આદિ પુત્રોને રાજ્ય આપ્યું, હવે અમને પણ આપ રાજ્ય આપો. આપે અમારો એવો કયો અવિનય દેખ્યો છે જેથી અપ્રસન્ન થઈને આપ અમારા પ્રશ્નોનો પ્રત્યુત્તર પણ આપતા નથી. જો આપ નહીં બોલોને તો પણ અમારી ગતિ પણ આપ છો અને અમારી મતિ પણ આપ જ છો.'

નમિ-વિનમિ બંને જણા આ પ્રમાણેનો નિશ્ચય કરીને ઋષભદેવ પ્રભુને જ સેવવા લાગ્યા. કમલિનીના પાંદડામાં સરોવરમાંથી પાણી લાવીને પોતાના પાપપુંજનો નાશ કરવા માટે પ્રતિદિન પ્રભુની આગળ ભૂમિ ઉપર પાણી છાંટે છે. પ્રસન્નતા પૂર્વક પ્રભુની આગળ પુષ્પનો રાશિ થાપે છે. પુષ્પોની સુગંધથી

ભમરાઓનો સમુદાય ત્યાં આવીને ગુંજારવ કરી રહ્યો છે. જેમ ચંદ્ર અને સૂર્ય મેરુપર્વતની સેવા કરે છે તેમ નમિ-વિનમિ પોતાના હાથમાં ખુલ્લી તલવાર લઈને પ્રભુના બંને પડખે ઊભા રહીને રાત અને દિવસ પ્રભુની સેવા કરે છે. ત્રણે સંધ્યાએ પ્રભુને નમી દરરોજ એક વિનંતી કરે છે, 'સ્વામી ! આપને છોડીને અમારો બીજો કોઈ સ્વામી નથી. આપ જ અમને રાજ્ય આપો.'

એક દિવસ ત્યાં ધરણેન્દ્ર નાગરાજ પ્રભુના ચરણોમાં વંદન કરવા માટે આવી પહોંચ્યાં. પ્રભુની પાસે નમિ-વિનમિને માંગતા જોઈ તેમને કૌતુક થયું અને કહ્યું, 'હે ભાગ્યશાળીઓ ! તમે કોણ છો ? તમે પ્રભુ પાસે શું માંગી રહ્યાં છો ? જ્યારે પ્રભુ આપતા હતા ત્યારે તમે ક્યાં ગયા હતા ? પ્રભુ તો દરેકને ઈચ્છાનુસાર દાન આપતા હતા. હવે તો સ્વામીનાથ નિષ્પરિગ્રહી બની ગયા છે. પોતાના શરીર ઉપર પણ પ્રભુને હવે મમત્વ રહ્યું નથી. વાંસલાથી છેદવામાં આવે કે ચંદનનું વિલેપન કરવામાં આવે તો પણ પ્રભુ પ્રસન્ન થતા નથી કે નારાજ થતા નથી. પ્રભુ છદ્મસ્થ છે તો પણ છદ્મ એટલે માયા વિનાના છે. હવે તો આ પ્રભુ મૌન ધારણ કરી અનિયત પણે વિહાર કરી રહ્યાં છે.'

ધરણેન્દ્રના આ પ્રશ્નોથી નમિ-વિનમિને લાગ્યું કે જરૂર આપણા પ્રભુનો આ કોઈક સેવક લાગે છે. આ જ અમારી ઈચ્છા પૂરી કરશે. નમિ-વિનમિએ આવો વિચાર કરી ગૌરવ સાચવવા પૂર્વક ધરણેન્દ્રને કહ્યું, 'અમે આ જ પ્રભુના દાસ છીએ. પ્રભુના જ આદેશથી અમે દૂર દેશમાં ગયાં હતાં. અમે અહીંયા હતા નહિ ને પ્રભુએ તો પોતાના બધા પુત્રોને રાજ્ય આપી દીધું !'

'જો કે પ્રભુએ પોતાની પાસે રહેલું બધું જ આપી દીધું છે તો પણ મહાપુરુષોની ઉપાસના ક્યારેય નિષ્ફળ જતી નથી.

पहुणो अत्थि न अत्थि व इय चिंता नो कयावि कायव्वा ।
किंतु विहेया सेवा सयकालं सेवगजणेण ॥

પોતાના પ્રભુની પાસે છે કે નહિ તેની ચિંતા ક્યારેય પણ દાસે કરવી ન જોઈએ, પરંતુ સેવકે હરહંમેશ પોતાના સ્વામીનો વિનય કરતા જ રહેવાનો છે.'

નમિ અને વિનમિની આ ઈચ્છા સાંભળી ધરણેન્દ્રે તેમને કહ્યું, 'ભાઈ! તમારે જો રાજ્ય જોઈએ છે તો તમે ચક્રવર્તી ભરતની સેવા કરો. સ્વામીનો પુત્ર પણ સ્વામી જેવો જ ગણાય છે.'

નમિ અને વિનમિને ફરીથી આ પ્રમાણે કહેતા ધરણેન્દ્રને તેઓએ પ્રત્યુત્તર આપ્યો, 'પ્રભુએ છેલ્લે સાંવત્સરિક મહાદાન આપી બધા લોકોની આશાને પૂરી કરી, પગે લાગેલી ધૂળની જેમ રમતા રમતા રાજ્યના ભારને છોડી દીધો છે. પ્રભુ છદ્મસ્થ હોવા છતાં માયા વિનાના છે છતાં પણ દીનદુઃખીયાઓની ઈચ્છાને પૂરી કરવા માટે

ચિંતામણિ રત્ન જેવા છે.

ચિંતામણિ રત્ન સદેશ નાથને મેળવીને શા માટે અમે બીજા સ્વામીને કરીએ ? એવો કોણ હોય કે જે કલ્પવૃક્ષને મેળવીને પણ કેરડાના વૃક્ષને સેવે ? અમે તો ત્રણે જગતના નાથ એવા પ્રભુને છોડીને હવે બીજાને પ્રાર્થના પણ નથી કરવાના. શું ચાતક ક્યારેય પણ વરસાદના વરસતા પાણીને છોડીને અન્ય જળની ઈચ્છા કરે છે ખરા ? ભરત આદિનું કલ્યાણ થાય, પણ તમે શા માટે અમારી ચિંતા કરો છો ? અમને જે મળવાનું છે તે પ્રભુ પાસેથી જ મળે. શા માટે અમારે બીજા પાસે માગવાની જરૂર ?

અમે જિનેશ્વર પ્રભુના વચનો સાંભળ્યા છે કે જે સ્થિર હોય છે તેને સંપત્તિ મળી જ જાય છે. તેથી અમે ઉત્સુક નહિ થઈએ, જેમ ઉત્સુક થયેલા પેલા મુગ્ધ માણસે મોરનો કાગડો બનાવી દીધો.

ઉત્સુકતા ઉપર મુગ્ધ પુરુષનું દૃષ્ટાંતઃ એક પુરુષ હતો. તે જન્મથી જ નિર્ધન હતો. બાલ્યવયમાં જ તેનાં માતાપિતા મૃત્યુ પામ્યા હતાં. તે સંપત્તિ માટે ઘણા સ્થાને ભટક્યો, પણ તેને સંપત્તિ મળી નહી.

કહ્યું છે- दूरं वच्चइ पुरिसो हियए धरिऊण सयलसुक्खाइं ।
तत्थवि पुव्वकयाइं पुव्वगयाइं पडिक्खंति ॥

માનવ પોતાના હૃદયમાં સઘળા સુખોને મેળવવાની ઈચ્છા રાખી દૂર દૂર જાય છે, પણ તે સ્થાને તેની પહેલા પહોંચી ગયેલા અને પૂર્વભવમાં ઉપાર્જેલાં કર્મો તેની પ્રતીક્ષા કરતા હોય છે.

આ નિર્ધન પુરુષ એક દિવસ એક જંગલમાં પહોંચી ગયો. ત્યાં એક પ્રાચીન દેવાલયમાં ઘણા ઉપવાસ કરી એક યક્ષરાજને પ્રસન્ન કર્યાં. પ્રસન્ન યક્ષરાજે તેને સ્વપ્નમાં કહ્યું- 'ભાઈ, અહીં દરરોજ એક મોર એક એક સોનાના પીંછાને મૂકીને જશે. તું આ પીંછાને એક એક કરીને ગ્રહણ કરજે. તું તેથી ધનાઢય થઈને સુખી થઈશ.'

તે સ્વપ્ન દેખીને બેઠો થઈગયો. અરે ! આ શું ? એવો વિચાર કરતો હતો ત્યાં પેલો મોર આવી પહોંચ્યો. ઘણીવાર સુધી મોરે નૃત્ય કર્યું અને એક પીંછાને મૂકીને તે ગયો. આવું ઘણા દિવસ સુધી ચાલ્યું. એક દિવસ પેલા પુરુષને વિચાર આવ્યો કે અહીં કેટલા સમય સુધી રહેવું? એના કરતા તો મોરના આ પીંછાઓને એક સાથે જ લઈ લઉં. આવો વિચાર કરી આ ગાંડાએ બીજે દિવસે મોર નાચી રહ્યાં બાદ જ્યાં બધાં જ પીછાં લેવા ગયો ત્યાં મોર કાગડો બનીને ઊડી ગયો.

કહ્યું છે- अत्वरा सर्वकार्येषु त्वरा कार्यविनाशिनी । त्वरमाणेन मूर्खेण मयूरो वायसीकृतः॥

બધા જ કામ શાંતિથી કરવા, કારણ કે ઉતાવળ કાર્યને બગાડે છે. પેલો મૂર્ખો રઘવાયો બન્યો અને સોનાના પીંછા આપનારો મોર કાગડો બની ગયો.

મોર કાગડો બનીને ઊડી ગયો, આથી મૂર્ખ માણસ વિલખો પડ્યો. ક્રોધે ભરાયેલા યક્ષે પણ પૂર્વે આપેલા સોનાના પીંછાને હરીને, તેને દૂર ફેંકી દીધો. મોરના પીંછા હરાઈ જતા તે પાછો દુઃખી દુઃખી બની ગયો.'

નમિ અને વિનમિની આ વાત સાંભળી ધરણેન્દ્ર નાગરાજ સ્તબ્ધ બની ગયાં અને તેમણે કહ્યું, 'ભાઈ, હું પ્રભુનો સેવક ધરણેન્દ્ર નાગરાજ છું. આ જ સ્વામી સેવવા યોગ્ય છે અને બીજાની સેવા અમે નહિ કરીએ એવી તમારી પ્રતિજ્ઞા ધ્રુવ તારાની જેમ નિશ્ચળ છે.ખરેખર તમને ધન્યવાદ છે.

તમે જેમ આ પ્રભુના સેવક છો તેમ હું પણ આ જ પ્રભુનો સેવક છું. તમે જે પ્રભુની સેવા કરી છે તેના જ ફળ તરીકે હું તમને વિદ્યાધરાધિપતિપણું આપું છું. આ ફળ તમને પ્રભુની સેવાથી જ મળ્યું છે તેમ ગણજો પણ બીજાની સેવાથી નથી મળ્યું એવું સમજજો. આ વાત સાચી છે. **કારણ કે અરુણોદયને કારણે થયેલો પ્રકાશ પણ સૂર્યનો જ માનવામાં આવે છે.**

નમિ વિનમિને ધરણેન્દ્રે આ પ્રમાણે સમજાવી પાઠ માત્રથી સિદ્ધિ થવા વાળી ગૌરી-પ્રજ્ઞપ્તિ આદિ અડતાલીસ હજાર વિદ્યાઓ આપી અને કહ્યું, 'વૈતાઢ્ય પર્વત ઉપર જઈ બંને શ્રેણિમાં ઉત્તમનગરોને સ્થાપી નિષ્કંટક પણે રાજ્ય કરો.'

નમિ અને વિનમિએ આદિનાથ પ્રભુને નમસ્કાર કરી પુષ્પક નામનું વિમાન વિકુર્વ્યું. ધરણેન્દ્રની સાથે બેસીને તેઓ વૈતાઢ્ય ગિરિ તરફ ચાલ્યા. તેઓએ પણ માતાપિતાની પાસે તેમજ અયોધ્યામાં જઈને ભરત મહારાજાને જણાવ્યું કે અમને આ સમૃદ્ધિ પ્રભુની સેવાથી પ્રાપ્ત થઈ છે. ત્યાં જઈ હરખઘેલા બનેલા નમિ વિનમિએ પોતાના સ્વજનોને પરિવાર સહિત વિમાનમાં બેસાડ્યા અને ક્ષણવારમાં તેઓ વૈતાઢ્ય પર્વત ઉપર પહોંચ્યા.

*૨૫ યોજન ઉંચા, ૫૦ યોજન વિસ્તારવાળા, રજતમય, ચાર શ્રેણિવાળા, સિદ્ધાયતનથી શોભતા, નવ કૂટવાળા આ વૈતાઢ્ય પર્વત ઉપર ભૂમિતલથી દશયોજનની ઉંચાઈ ઉપર દશયોજન વિસ્તારવાળી ઉત્તર શ્રેણિમાં ૫૦ નગરો અને દક્ષિણ શ્રેણિમાં ૬૦ નગરો વસાવ્યા. રથનૂપુર ચક્રવાલમાં નમિએ નિવાસ કર્યો. વિનમિએ ગગનવલ્લભ નગરમાં નિવાસ કર્યો.

ભક્તિથી ભરેલા નમિવિનમિએ શ્રી આદિનાથ પ્રભુ અને ધરણેન્દ્ર નાંગરાજની

*દક્ષિણ શ્રેણિમાં ૫૦ નગર નમિએ વસાવ્યાં અને રથનૂપુર ચક્રવાલમાં નિવાસ કર્યો. ઉત્તરશ્રેણિમાં ૬૦ નગર વિનમિએ વસાવ્યાં અને ગગનવલ્લભ નગરમાં નિવાસ કર્યો. (ત્રિષષ્ટિ શલાકા-પર્વ-૧-સર્ગ-૩)

પ્રતિમા સ્થાપી.

आवश्यक चूर्णि : पुरेसु भयवं उसभसामी देवयं ठाविउं- નગરોમાં આદિનાથ પ્રભુ અને દેવતાની પ્રતિમા સ્થાપી.

નમિ-વિનમિ ત્રણે સંધ્યાએ છદ્મસ્થાવસ્થામાં રહ્યાં છતાં વિરાગી એવા પ્રભુની પૂજા કરવા લાગ્યા અને ધ્યાન ધરવા લાગ્યા તથા सुइक्सिण चउत्थीए સ્તોત્ર દ્વારા સ્તુતિ કરવા લાગ્યા.

આદિનાથ પ્રભુએ સર્વવિરતિ અંગીકાર કર્યાને ૧ વર્ષ વીતી ગયું. ત્યારબાદ પ્રભુજી ગજપુરી નગરીમાં પધાર્યા.

ગજપુરીનગરીમાં બાહુબલીના પુત્ર સોમપ્રભ તથા ધારિણીનો પુત્ર શ્રેયાંસ કુમારાવસ્થામાં હતો. આ શ્રેયાંસ કુમારે આદિનાથ પ્રભુના આગમન પહેલા સ્વપ્ન દેખ્યું કે ઘડાના પાણીથી મેરુપર્વત ધોઈને ઉજ્જવળ બનાવ્યો. રાજા સોમયશાએ પણ એક સ્વપ્ન દેખ્યું કે શ્રેયાંસની સહાયથી સૈનિકોએ શત્રુઓના સૈન્યને જીતી લીધું તથા સુબુદ્ધિ શેઠે સ્વપ્ન જોયું કે સૂર્યથી છૂટા પડેલા સૂર્યના હજારો કિરણોને પાછા સૂર્યમાં આરોપતા સૂર્યનું મંડલ પ્રકાશિત બન્યું. શ્રેયાંસકુમાર, રાજા તથા સુબુદ્ધિ શેઠે પોતપોતાના સ્વપ્ન એકબીજાને કહ્યાં. સ્વપ્નનો અર્થ તેઓ સારી રીતે જાણતા ન હોવાથી તેઓએ કહ્યું કે મેરૂની ઉજ્જવળતા, શત્રુઓનો જય અને પ્રકાશ કુમારે કર્યો છે માટે આ ફળ કુમારને જ પ્રાપ્ત થશે, એમ કહી તેઓ સહુ સ્વસ્થાને ગયાં.

આદિનાથ પ્રભુ શ્રેયાંસકુમારના ઘર તરફ આવતા હતા. ત્રણે જગતનું રક્ષણ કરનાર, ડાબા ખભા ઉપર સ્થાપેલા તીર્થંકરના વેષભૂત દેવદૂષ્યથી વિભૂષિત તથા બીજા આભૂષણોથી રહિત પ્રભુને જોઈ શ્રેયાંસ કુમારને વિચાર આવ્યો કે આવા આકારવાળા પ્રભુ મેં ક્યાંક જોયા છે. આવો ઉહાપોહ કરતા તેને જાતિસ્મરણ થયું.

'પૂર્વ મહાવિદેહમાં પુષ્કલાવતી વિજયમાં પુંડરિકિણી નગરીમાં રાજા વજ્રસેને રાજ્યનો ત્યાગ કર્યો. સંયમને ગ્રહણ કરી તીર્થંકર થયા. તેમણે ફરમાવ્યું કે વજ્રનાભ, બાહુ, સુબાહુ, પીઠ અને મહાપીઠ સર્વાર્થસિદ્ધમાં જઈ ભરતક્ષેત્રમાં જન્મ લઈ અનુક્રમે જિનેશ્વર, ચક્રવર્તી, બાહુબલી અને બે જણા સ્ત્રીરૂપે થશે.'

શ્રેયાંસકુમારે જાતિસ્મરણજ્ઞાનથી જાણી ઘણા હર્ષને વહન કરતો અત્યંત ઉતાવળો થઈને પ્રાસાદ ઉપરથી ઉતર્યો. નગરજનો જેના ગુણગાન કરી રહ્યા છે એવા શ્રેયાંસે સર્વોત્તમ અને ત્રણે જગતના નાથ આદિનાથ પ્રભુને ત્રણ પ્રદક્ષિણા આપવા પૂર્વક પ્રણામ કર્યા.

કુશળ શ્રેયાંસે અયોધ્યાથી આવેલા અમૃત સરખા મીઠા શેરડીના રસથી પ્રભુને પારણુ કરાવ્યું. આ અવસરે પંચદિવ્ય પ્રગટ થયા.

એજ સમયે શ્રેયાંસના પિતા સોમપ્રભરાજા આવી પહોંચ્યા. તેમણે શ્રેયાંસને

પૂછયું, 'હે શ્રેયાંસ! તને પ્રભુને ઈક્ષુરસ અપાય તે કેવી રીતે ખ્યાલ આવ્યો ? ત્યારે શ્રેયાંસે પિતાને જવાબ આપ્યો, 'પિતાજી, મેં આઠ ભવ પ્રભુની સાથે વિતાવ્યા છે.

શ્રેયાંસકુમાર અને આદિનાથ પ્રભુના ભવોઃ

ઘાતકીખંડ દ્વીપમાં પૂર્વ મહાવિદેહમાં અને તેમાં પણ મંગલાવતી વિજયમાં પૂર્વકાળે નંદિ નામનું ગ્રામ છે. ત્યાં નાગિલ અને નાગશ્રી નામના પતિ પત્ની છે. તેને સાત દીકરીઓ છે. સુલક્ષણા, સુમંગલા, ધન્ની, સુબ્ભી, ઉબ્ભી, છાડિ અને નિર્નામિકા તેમના નામ છે.

એક દિવસ નિર્નામિકાએ પાડોશીના બાળકોના હાથમાં ઘણા લાડુ દેખ્યા. તેને માતા પાસે લાડુની માંગણી કરી. લાડુ માટે માતાએ તેને લાકડા લાવવા માટે કહ્યું. તે અંબરતિલક નામના પર્વત ઉપર ચઢી નિર્નામિકાએ ત્યાં પધારેલા યુગંધર નામના કેવળી ભગવંતને પોતાના દુઃખનું કારણ પૂછયું. પ્રભુએ તેને ચારે ગતિના દુઃખો સમજાવ્યા અને કહ્યું કે પૂર્વભવમાં તેં ધર્મ નથી આરાધ્યો તેથી તને આ ભવમાં દુઃખ મળ્યું છે. પ્રભુની દેશના સાંભળી સમ્યકત્વ અને શ્રાવકધર્મને સ્વીકાર્યો. અંતે તેણે અણસણ કર્યું. લલિતાંગ નામના દેવે સ્વપ્નમાં આવી તેને નિયાણું કરાવ્યું.

નિર્નામિકા અણસણ કરી ઈશાન દેવલોકમાં શ્રી પ્રભ નામના વિમાનમાં ઉત્પન્ન થઈ.

ત્યાંથી ચ્યવીને પુંડરિકિણી નગરીમાં વજ્રસેન ચક્રીની શ્રીમતી નામે પુત્રી થઈ. ઉદ્યાનમાં કેવળજ્ઞાન ઉત્પન્ન થતાં કેવળ મહોત્સવ કરવા માટે દેવો આવવા લાગ્યા. દેવોને આવતા દેખી શ્રીમતીને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. મારો પતિ લલિતાંગ હમણાં ક્યાં હશે એવું જ્ઞાન ન હોવાથી શોકાકુળ નિર્નામિકાએ મૌન ધારણ કર્યું. તેના મૌનના રહસ્યને સમજવા માટે પંડિતા નામની દાસી ચિત્રપટ લઈને વજ્રસેન ચક્રીના વરસગાંઠના દિવસે રાજાઓ આવતા હતા ત્યારે માર્ગમાં ઊભી રહી. લોહાર્ગલના રાજા વજ્રજંઘને આ ચિત્રપટને જોઈ જાતિસ્મરણ થયું. વજ્રજંઘની સાથે શ્રીમતીના લગ્ન થયા. વજ્રસેન રાજાના પુત્ર પુષ્કરપાલે પોતાના જ વિરોધી સામંતોને દબાવવા માટે વજ્રજંઘને વિનંતી કરી. વજ્રજંઘે સૈન્ય સાથે જઈને શરવણવનમાં પુષ્કરપાલના સામંતોને દબાવી દીધા. ત્યાંથી પાછા ફરતા માર્ગમાં કેવળી ભગવંતને અન્નાદિનું દાન કર્યું અને તેને દીક્ષાના મનોરથ જાગ્યા. એક દિવસ વજ્રજંઘ તથા શ્રીમતીએ વિચાર કર્યો કે આપણે હવે પુત્રને રાજગાદી ઉપર બેસાડી દઈએ. પણ પુત્રે તો એ જ રાતે વિષનો ધૂમાડો કર્યો અને વજ્રજંઘ તથા શ્રીમતી સુતેલી અવસ્થામાં મૃત્યુ પામ્યા. ત્યાંથી તેઓ ઉત્તરકુરુમાં યુગલિક બન્યા. ત્યાંથી સૌધર્મ દેવલોકમાં દેવ બન્યા. ત્યારબાદ જંબૂદ્વીપના વિદેહમાં ક્ષિતિપ્રતિષ્ઠિત નામના નગરમાં સુવિધિ નામના વૈદ્યના પુત્ર જીવાનંદ તરીકે લલિતાંગનો જીવ ઉત્પન્ન થયો. સ્વયંપ્રભાદેવીનો જીવ કેશવદત્ત

નામે શ્રેષ્ઠિપુત્ર થયો. જીવાનંદ તથા કેશવદત્ત આદિ છયે મિત્રોએ દીક્ષાનો સ્વીકાર કર્યો. છયે મિત્રો અચ્યુતમાં દેવપણે સાથે જ ઉત્પન્ન થયા. ત્યાંથી લલિતાંગનો જીવ જંબુદ્વીપના પૂર્વવિદેહમાં પુંડરિકિણી નગરીમાં વજ્રનાભ તરીકે ઉત્પન્ન થયા અને સ્વયંપ્રભાનો જીવ તેમના સારથી તરીકે ઉત્પન્ન થયો. બંને જણાએ તીર્થંકર શ્રી વજ્રસેન ભગવાન પાસે દીક્ષા સ્વીકારી અને સર્વાર્થસિદ્ધમાં દેવ બન્યા.

પિતાજી! તીર્થંકરપ્રભુ વજ્રસેન પાસે મેં સાંભળેલું કે વજ્રનાભ ભરતક્ષેત્રમાં પ્રથમ તીર્થંકર થશે. આ જ પ્રભુ ઋષભદેવને જોતા મને જાતિસ્મરણ થયું અને જાણ્યું કે બધાં જ તીર્થંકરો એક દેવદૂષ્યને ધારણ કરનારા હોય છે. તેઓ જિનલિંગમાં તીર્થંકર થાય છે. પરંતુ અન્યલિંગ, સાધુલિંગ કે ગૃહસ્થલિંગમાં તીર્થંકર થતાં નથી.

મારા અને આદિનાથ પ્રભુના આ પ્રમાણે ભવો થયા છે. (૧) નિર્નામિકા (૨) લલિતાંગ- સ્વયંપ્રભા (૩) શ્રીમતી-વજ્રજંઘ (૪) યુગલિક-મનુષ્ય (૫) સૌધર્મ દેવમાં દેવ (૬) કેશવ-જીવાનંદ (૭) અચ્યુતમાં દેવ (૮) વજ્રનાભ-સારથી (૯) સર્વાથસિદ્ધ (૧૦) આદિનાથ- શ્રેયાંસ.

શ્રેયાંસે પોતાના પિતા સોમપ્રભને આ વાત જણાવી. શ્રેયાંસની વાત સાંભળી પિતા તથા તેના પરિવારજનો પણ ભક્તિથી હવે ભાતપાણી વહોરાવા લાગ્યા. શ્રેયાંસ દ્વારા જ્યાં પ્રભુને ઈક્ષુરસથી પારણું કરાવ્યું ત્યાં પીઠ બનાવવામાં આવ્યું. ત્યારથી આદિકર મંડલની પ્રસિદ્ધિ થઈ.

ધરણેન્દ્ર નાગરાજાના વચનથી નમિએ દક્ષિણ દિશામાં રથનૂપુર ચક્રવાલ નગરમાં અને ઉત્તરદિશામાં વિનમિએ શ્રી ગગનવલ્લભ નગરમાં નિવાસ કર્યો.

પ્રભુ પ્રત્યે ભક્તિવંત બનેલા નમિ વિનમિએ પોતાના બધાં જ નગરોમાં આદિનાથ પ્રભુ અને ધરણેન્દ્રનાગરાજની સ્થાપના કરી. ધરણેન્દ્ર નાગરાજે પણ આ વિદ્યાધરો વિદ્યાબળના અભિમાનથી અંધ બની અન્યાય અનીતિ ન કરે માટે એક મર્યાદા સ્થાપી.

'શ્રી જિનેશ્વર ભગવંતો, જિનચૈત્યો, મહામુનિઓ, તદ્ભવ મોક્ષગામી અને યુગલ (મિથુન)નો જે પરાભવ કરશે તે તરત જ વિદ્યાભ્રષ્ટ થશે.' આ મર્યાદાને રત્નની ભીંત ઉપર લખીને નમિ-વિનમિને વિદ્યાધરપતિ તરીકે સ્થાપીને ધરણેન્દ્ર શીઘ્ર અંતર્ધ્યાન થયા.

શુદ્ધઆશયવાળા નમિ-વિનમિ છદ્મસ્થાવસ્થામાં રહેલા પ્રભુનું ધ્યાન ધરતાં ધરતાં અને આ રાજ્યાદિ પ્રભુની ચરણસેવાની ઉપાસનાનું ફળ છે એવું વિચારતા વિચારતા અવશ્ય ફળદાયક આદિનાથ પ્રભુની ત્રણે સંધ્યાએ પૂજા કરવા લાગ્યા. અને પોતાના સમયને દોગુંદક દેવની જેમ પસાર કરવા લાગ્યા.

આદિનાથ પ્રભુએ દીક્ષા લીધા બાદ એક વરસને અંતે પ્રભુને બાહુબલીના પુત્ર સોમપ્રભ અને સોમપ્રભના પુત્ર શ્રેયાંસે ગજપુરમાં ઈક્ષુરસથી પારણુ કરાવ્યું. ત્યારબાદ

પ્રભુ બહલીદેશ, અંડ બઈલ્લ, યોનક વિષય, પલ્લક દેશ અને સુવર્ણ ભૂમિમાં છદ્મસ્થાવસ્થામાં વિચરીને તે તે દેશોને ભાવિત કરવા લાગ્યા.

એક હજાર વર્ષ પસાર થયા બાદ ફાગણ વદ ૧૧ ના દિવસે પુરિમતાલ નગરમાં શકટમુખવનમાં આદિનાથ પ્રભુને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. પ્રભુએ જેમ રાજ્યઅવસ્થામાં નયમાર્ગને પ્રવર્તાવ્યો હતો તેમ હવે સમ્યગ્ ધર્મમાર્ગને પ્રકાશતા પ્રભુ પોતાના ચરણારવિંદથી વસુધાતલને પવિત્ર કરતા વિચરવા લાગ્યા.

એક દિવસ નમિ-વિનમિ વિદ્યાધરોએ પોતાના રાજ્યના ભારને પોતાના પુત્રો ઉપર નાખીને આદિનાથ પ્રભુની પાસે સંયમધર્મનો સ્વીકાર કર્યો. ચરણસીત્તરી અને કરણસીત્તરીનું સુંદર પાલન કરી અંતે અણસણને સ્વીકાર્યું. પુંડરિક પર્વતમાં બે ક્રોડ મુનિભગવંતોની સાથે મોક્ષગતિને પામ્યા.

હે ભાવુકજીવો! વિદ્યાધરેન્દ્ર નમિ-વિનમિના ચરિત્રને સાંભળી હરહંમેશ ચૈત્યવંદનાના કાળે પ્રભુની છદ્મસ્થાવસ્થાનું સ્મરણ કરવું.

નમિ વિનમિ વિદ્યાધરેન્દ્રનો સંબંધ સમાપ્ત.

કેવલી અવસ્થા

પડિહારંગેહિ કેવલિયં - ગાથા-૧૨ પૂર્વાર્ધ દ્વિતીય પાદ :- આઠ પ્રતિહાર્ય દેખી પ્રભુની કેવલી અવસ્થા ભાવવી.

ટીકા: જિનેશ્વર પ્રભુની પ્રતિમાના પરિકરમાં નિર્માણ કરવામાં આવેલ પ્રાતિહાર્યો દ્વારા જિનેશ્વર પ્રભુની કેવલી અવસ્થાને મંત્રિપુત્ર દેવદત્તની જેમ ભાવવી.

પ્રાતિહાર્ય : દેવેન્દ્રો દ્વારા નિયુક્ત કરાયેલા દેવો પ્રભુની આગળ સદૈવ પ્રતિહારીની જેમ રહે છે માટે આ દેવોને પ્રતિહાર કહેવાય છે. આ દેવો જેનું નિર્માણ કરે છે તે અશોકવૃક્ષ આદિને પ્રાતિહાર્ય કહેવામાં આવે છે.

આઠ પ્રાતિહાર્ય- જિણ અટ્ઠ પાડિહેરા અસોગતરુ કુસુમવુટ્ઠિ દિવ્વઝુણી ।
ચમરાઇં સિંહાસણ ભામંડલ ભેરિ છત્તતયં ॥

(૧) અશોક વૃક્ષ (૨) કુસુમવૃષ્ટિ (૩) દિવ્યધ્વનિ (૪) ચામર (૫) સિંહાસન (૬) ભામંડલ (૭) ભેરી (૮) ત્રણછત્ર

(૧) અશોકવૃક્ષ: પરિકરમાં ઉપર કળશ હોય છે. આ કળશમાં ઉપર અશોક વૃક્ષ (આસોપાલવ)ના પાન હોય છે. આ પાન દ્વારા સદાય વિકસિત, ઘેઘૂર વૃક્ષ લાલ પર્ણોથી શોભતા, સવાયોજનના વિસ્તારવાળું અને વિશાળ સાલવૃક્ષથી યુક્ત અશોકવૃક્ષની વિચારણા કરાય છે. કેવળજ્ઞાનની પ્રાપ્તિ થયા બાદ જિનેશ્વર પ્રભુની ઉપર પ્રભુના શરીરથી બારગણી ઉંચાઈવાળા અશોકવૃક્ષનું નિર્માણ દેવો દ્વારા કરવામાં આવે છે.

કહ્યું છે- સમહિય જોયણપિહુલો બત્તીસધણૂસિઓ ઉ વીરસ્સ ।

सेसाण चेइयदुमा ससरीरा बारसगुणा उ ॥

અશોક વૃક્ષ સવાયોજનના વિસ્તારવાળું હોય છે. પ્રભુવીરનું અશોકવૃક્ષ બત્રીશ ધનુષ્ય ઊંચુ હોય છે. બાકીના તીર્થંકરોને પોતાના શરીરથી બાર ગણુ ઉંચુ હોય છે.

(૨) પુષ્પવૃષ્ટિ : પરિકરમાં માળા ધારકો ઘડવામાં આવેલ હોય છે. તેના દ્વારા વિકુર્વેલા તથા જળ-સ્થળમાં ઉત્પન્ન થયેલા ઊંધા બીંટડાવાળા, સુગંધી તથા પાંચવર્ણના પુષ્પોની સમવસરણની ભૂમિમાં કરેલા જાનુ પ્રમાણ વૃષ્ટિની વિચારણા કરાય છે.

શંકા : સચિત્તના સંઘટ્ટાનો પણ ત્યાગ કર્યો છે તેવા સાધુ ભગવંતોને તાજા પુષ્પોના રાશિ ઉપરથી ચાલવું કેવી રીતે યોગ્ય ગણાય?

ઉત્તરઃ આ શંકાનું સમાધાન કરતા કેટલાક એવો જવાબ આપે છે કે જ્યાં સાધુ ભગવંતો હોય ત્યાં દેવતાઓ પુષ્પની વૃષ્ટિ કરતા નથી. કેટલાક કહે છે કે આ સમાધાન બરાબર નથી કારણકે સાધુ ભગવંતો જ્યાં હોય ત્યાં પુષ્પવૃષ્ટિ ન કરે પરંતુ અન્યત્ર સર્વત્ર કરતા હોવાથી સાધુ ભગવંતો તે તે સ્થાને ગમનનો અભાવ થઈ જશે. આવી આપત્તિ ન આવે તેટલા માટે તેઓ કહે છે કે સાધુ ભગવંતો જ્યાં હોય ત્યાં પુષ્પો વિકુર્વેલા હોવાથી સચિત્તનો સંઘટ્ટો થતો નથી. આ સમાધાન પણ બરાબર નથી કારણકે સમવસરણમાં કરાતી પુષ્પવૃષ્ટિમાં તે પુષ્પો એકલા વિકુર્વેલા જ નથી પણ જળ તથા સ્થળમાં ઉત્પન્ન થયેલા પણ હોય છે.

આગમમાં પણ કહ્યું છે : बिंटट्ठाइं सुरहिं जलथलयं दिव्वंकुसुमनीहारिं ।
पइरंति समंतेणं दसद्धवण्णं कुसुमवासं ॥

આભિયોગ્ય દેવો સર્વદિશા અને વિદિશામાં પાંચવર્ણના જલ અને સ્થળમાં ઉત્પન્ન થયેલા પુષ્પની વૃષ્ટિ કરે છે. આ ફુલોના બીંટ નીચેના ભાગમાં હોય છે અને પાંદડી ઉપર હોય છે. આ પુષ્પોની ગંધ પ્રધાન અને પ્રબળ હોય છે.

આ બધા સમાધાનોમાં અંતે બહુશ્રુત પુરુષોએ આ પ્રમાણે સમાધાન કર્યુ છે- જેમ પરમાત્માના અચિંત્ય પ્રભાવથી સમવસરણના એક યોજન પ્રમાણ ક્ષેત્રમાં પણ અપરિમિત દેવો તથા મનુષ્યોની ભીડ હોવા છતાં પણ એકબીજાને કોઈપણ જાતની પીડા થતી નથી તેમ સાધુ ભગવંતો પુષ્પો ઉપર ચાલે છતાં પુષ્પોને કાંઈપણ પીડા થતી નથી. तत्त्वं तु केवली गम्यं - ખરું રહસ્ય કેવલી ભગવંતો જાણે.

(૨) દિવ્યધ્વનિ : પ્રભુજીની પ્રતિમાના ઉભય પડખે વીણાધારકોની મૂર્તિ હોય છે. આ મૂર્તિ દ્વારા ભક્તિથી ભાવવિભોર બનેલા દેવવૃંદ દ્વારા વેણુ વીણા આદિ વાદ્યને અનુસરનારું, માલકોષ આદિ ગ્રામરાગથી મનોહર, અમૃતના રસ નિતરતા હોય તેવા તથા સઘળાય લોકોને આનંદ આપનાર દિવ્યધ્વનિનું સ્મરણ થાય છે.

બહુશ્રુત આચાર્ય ભગવંતો આ વિષયમાં એક વાત કહે છેઃ જોકે પ્રભુજીનો ધ્વનિ અનુપમ છે તો પણ પ્રભુજી જ્યારે દેશના આપે છે ત્યારે અત્યંત બહુમાનથી પ્રેરાયેલા

અને પ્રભુજીના પડખે રહેલા દેવો તીર્થંકરના સર્વોત્તમ પુણ્યને કારણે અતિ મનોહર વેણુવીણા આદિ વાદ્યોથી પ્રભુની વાણીમાં સૂર પૂરે છે. આમ, પ્રભુનો ધ્વનિ તો દિવ્ય જ છે તો પણ એમાં દેવતાઓ સુર પૂરે છે તે ગૌણ છે અને ભગવાનના પ્રાતિહાર્ય પણામાં વિરોધ નથી આવતો.

(૪) ભામંડલ : જિનેશ્વર પ્રભુના મસ્તકની પાછળ ચમકતો, ઉજ્જવળ અખંડ અને સૂર્યના મંડલ જેવો આકાર હોય છે. આ આકાર દેખી પ્રકૃતિથી દેદીપ્યમાન પ્રભુના શરીરમાંથી નીકળતા તેજના રાશિને દેવો એકત્રિત કરે છે એવી કલ્પના કરાય છે. આ એકત્રિત કરેલા તેજ પુંજથી દેવો પ્રભુના મસ્તકની પાછળ તેજનાવલય જેવું ભામંડલ બનાવે છે જેથી પ્રભુજીનું રૂપ સુખપૂર્વક જોઈ શકાય છે અને રાત્રિમાં અંધકારનો નાશ થાય છે. આવા ભામંડલની વિચારણા પ્રભુના મસ્તકની પાછળ રહેલા તેજોવલય જોઈને કરવામાં આવે છે.

(૫) ભેરી: ત્રણ છત્રની ઉપર શરણાઈ વાદકો પરિકરમાં બનાવવામાં આવેલા હોય છે. આ શરણાઈવાદકોને દેખીને દેવદંદુભિનું સ્મરણ થાય છે. આ દેવદંદુભિને દેવતાઓ વગાડે છે. આ દંદુભિના મધુરા ધ્વનિથી ગગનમંડલને સંગીતમય બનાવવામાં આવે છે. દેવતાઓ આ દિવ્ય ભેરી પ્રભુજીની આગળ વગાડે છે.

(૬) ચામર (૭) સિંહાસન (૮) છત્રત્રય. આ ત્રણ અતિશયોનો અર્થ પ્રગટ છે.

તીર્થંકરપ્રભુ શિવલક્ષ્મીને વરી ગયા છે તો પણ તીર્થંકર પ્રભુની પ્રતિમા આઠ મહાપ્રાતિહાર્યથી યુક્ત બનાવવામાં આવે છે તેનું કારણ પ્રતિમાજીના દર્શન કરીને પ્રભુજીની પ્રાતિહાર્યની ઋદ્ધિને સ્મરણ કરવું એ છે.

ચૈત્યવંદન મહાભાસમાં આજ વાત રજુ કરવામાં આવી છે.

इय पाडिहेररिद्धी अणन्न साहारणा पुरा आसि ।
केवलियनाणलंभे तित्थयरपयंमि पत्तस्स ॥ २२३॥

કેવળજ્ઞાન પ્રાપ્ત થયા બાદ તીર્થંકર પદવીને પ્રાપ્ત થવાથી બીજા કોઈને પ્રાપ્ત નહી થયેલી એવી અનન્ય પ્રાતિહાર્યની સમૃદ્ધિ પરમાત્માને (સિદ્ધિગતિને પામતા પહેલા તીર્થંકરપણામાં) હતી.

जिणरिद्धिदंसणत्थं एवं कारेइ कोइ भत्तिजुत्तो ।
पायडियपाडिहेरं देवागमसोहियं बिंबं ॥२७॥

જિનેશ્વર પ્રભુની ઋદ્ધિનું દર્શન કરાવવા માટે ભક્તિ સભર આત્માએ પ્રાતિહાર્યોથી યુક્ત અને દેવોના આગમનથી શોભિત જિનેશ્વર પ્રભુનું જિનબિંબ બનાવવું.

मुत्तिपयसंठियाणवि परिवारो पाडिहेरपामुक्खो ॥

पडिमाण निम्मविज्जइ अवत्थतिगभावणनिमित्तं ॥ ८२ ॥

મોક્ષમા ગયેલ પરમાત્માઓની પ્રતિમાની આગળ આઠ મહાપ્રાતિહાર્યાદિ પરિવાર અવસ્થાત્રિકની ભાવના માટે બનાવવામાં આવે છે.

ભરત ચક્રવર્તીએ અષ્ટાપદ પર્વત ઉપર શ્રી આદિનાથ પ્રભુના સ્તૂપની ઉપર અષ્ટમહાપ્રાતિહાર્યથી યુક્ત પ્રતિમાનું નિર્માણ કર્યુ.

મહાપુરુષગ્રંથ : આદિનાથ પ્રભુના નિર્વાણ ઉદેશમાં પણ આ ઉલ્લેખ કરવામાં આવ્યો છે- ભરત મહારાજાએ વર્ધકીરત્નને આદેશ કર્યો કે આ ઉત્તુંગ ગિરિરાજ ઉપર મણિ સુવર્ણ અને રત્નથી યુક્ત અને સોનાની પ્રતિમાથી સંપૂર્ણ સો સ્તૂપનું નિર્માણ કરો. એક એક સ્તુપમાં મણિરત્નથી વિભૂષિત ૫૦૦ ધનુષ્ય પ્રમાણની એક એક પ્રતિમા આઠ પ્રાતિહાર્યથી સહિત બનાવવી. બાકીના સ્તૂપમાં ક્રમે કરીને કેવલી ભગવંતની પ્રતિમા સ્થાપવી.

પ્રથમસ્તૂપમાં બિરાજમાન કરેલ, ૫૦૦ ધનુષ્ય પ્રમાણની તથા આઠ મહાપ્રતિહાર્યથી યુક્ત આદિનાથ પ્રભુની પ્રતિમાને ભરતરાજાએ નમસ્કાર કર્યો.

આ પાઠો દ્વારા પ્રભુજીની પ્રતિમા પ્રાતિહાર્યવાળી સિદ્ધ થાય છે.

પ્રભુની કેવલી અવસ્થાને ભાવનાર મંત્રિપુત્ર દેવદત્તની કથા :

અનેક વિજયના સમૂહ રૂપ જંબુદ્વીપ નામનો દ્વીપ છે. ચંદ્રની સોળમી કલાના આકારવાળું ભરતક્ષેત્ર છે. આ ભરતક્ષેત્રમાં લોકના પ્રભાવથી સુંદર કાળ નામનો અરઘટ્ટ છે. બાર આરા રૂપ તેના દૃઢ ચક્ર છે. આ કાળ અરઘટ્ટની સાથે ઉત્સર્પિણી અને અવસર્પિણી નામના ગર્દભની અતિદીર્ઘ પંક્તિ જોડાયેલી છે. દિવસ અને રાત્રિ રૂપી નિબિડ ઘટમાળા મનુષ્યોના આયુષ્ય રૂપી જળને ભરી ભરીને ખાલી કરે છે. પાણી પીધા વિના અને ચારો ખાધા વિના જ ચંદ્ર અને સૂર્ય રૂપી બળદો આ ઘટમાળાને ભમાડ્યા કરે છે. કર્મપરિણામ નામનો કુટુંબી સંસારી જીવોનો સમય પસાર થાય તે માટે કાળ અરઘટ્ટને ભમાવી રહ્યો છે અને ક્ષણવાર માટે પણ વિરામ નથી લેતો.

આ ભરતક્ષેત્રમાં ક્યારા જેવી ચંપાનગરી છે. જિતારી નામનો રાજા છે તેને શિવદત્ત નામનો શ્રેષ્ઠમંત્રી છે. વસંતસેના નામની મંત્રીની પત્ની છે. એક દિવસ વસંતસેના પોતાના આંગણે પુત્ર ન હોવાથી દુઃખી થઈ ગઈ. ત્યારે શિવદત્તે તેને કહ્યું, 'હે પ્રિયે! તું હમણા કેમ દુઃખી દેખાય છે? તે શા માટે ભોજનને પણ છોડી દીધુ છે?'

'સ્વામિનાથ! પુત્રના અભાવ વિના બીજું મને કાંઈ દુઃખ નથી. પાણીમાં પડેલી નાની ઘડુલી (જ્યાં સુધી ઘડુલીમાં પાણી ન ભરાય ત્યાં સુધી) ક્ષણ વાર માટે દેખાય છે પરંતુ પુત્ર વિનાનું કુળ તો થોડાક સમય સુધી પણ રહેતું નથી.'

મંત્રી વસંતસેનાને સાંભળી દુઃખી થઈ ગયો અને કહ્યું, 'હે પ્રિયે! પુરુષ જે કાર્ય પુરુષાર્થ સાધ્ય તથા મતિસાધ્ય હોય તેને તો કોઈપણ રીતે સાધી શકે છે, પરંતુ જે

ભાગ્યાધીન છે તે કાર્ય તો કેવી રીતે કરી શકાય? છતાં પણ તું વિષાદ નહી કર. હું કુળદેવીની આરાધના કરીને તારી ઈચ્છા પુરી કરી લઈશ. મંત્રીપત્ની વસંતસેનાને આ વાત ગમી ગઈ. મંત્રી ત્યાર બાદ રાજાની પાસે ગયો અને પોતાના ઘરનું વૃત્તાંત રાજાને જણાવ્યું. રાજાની પાસે દશ દિવસની અનુજ્ઞા લીધી. રાજાની આજ્ઞા મેળવી લીધા બાદ પોતાના ઘરે આવી અલંકાર ભોજન આદિનો ત્યાગ કરી ઘરના એક ખુણામાં કુશના આસન ઉપર બેસી મંત્રી કુળદેવતાનું સ્મરણ કરવા લાગ્યા.

સાતમા દિવસે કુળદેવીએ મંત્રીના સત્ત્વની પરીક્ષા કરવા માટે ઘણા ભયંકર દૃશ્યો બતાવ્યા. મંત્રીનું મન ક્ષોભાયમાન નહી થયેલું જાણી કુળદેવી હર્ષિત થઈ. પ્રત્યક્ષ થઈને મંત્રીને દર્શન આપ્યું.

'મંત્રીશ્વર! તમને ગમે તે માંગો'.

'હે દેવી! તમે શું મને જાણતા નથી જેથી કરીને તમે મને એમ કહો છો કે ગમે તે વરદાન માંગ. દેવી, મને તમે મારુ ઈષ્ટ આપી દો.'

'મંત્રી! મારુ મન અશાંતિથી ઘેરાયેલું છે તેથી મને ખ્યાલ નથી આવતો કે મારે તને શું આપવું'

'દેવી! તમારા મનની આ મુંઝવણનું કારણ શું છે?'

'મંત્રી! મારી મુંઝવણનું કારણ એ છે કે તને સંતાનની ઈચ્છા છે પણ મોટો થયેલો તારો પુત્ર તને ઘણો દરિદ્ર બનાવશે. તારુ સત્ત્વ જોઈને હું એક ગડમથલમાં પડી છું કે તને પુત્ર આપવો અથવાં બીજું કાઈ આપું. આથી જ મેં તને કહ્યું કે તને ગમે તે માંગ'

કુળદેવીની આ વાત સાંભળી મંત્રી ભયભીત બની ગયા અને વિચારવા લાગ્યા કે આ કેવી ગરીબાઈ! આ ગરીબાઈ વગર મોતે મોત છે. આ ગરીબાઈ દુષ્કાળ ન હોવા છતાં ય ભૂખમરો છે, હવે મારે શું કરવું? આવા વિચારમાં પડેલા શિવદત્ત મંત્રીને ફરીથી દેવીએ કહ્યુ, 'વત્સ! તને ગમે તે માંગીલે.'

શિવદત્તમંત્રીએ તરત જ પુત્રની માંગણી કરી દીધી. કુળદેવીએ પણ 'તથાસ્તુ' કહીને તેની ઈચ્છા પૂરી કરીને મંત્રીને કહ્યુ, 'વત્સ! તને પુત્રપ્રાપ્તિ થઈ જ જશે. તેમાં તું શંકા રાખતો નહીં, પણ હવેથી તું ધર્મમાં વિશેષતઃ પ્રવૃત્તિ કરજે.'

દેવી મંત્રીને વરદાન આપી અદૃશ્ય થઈ ગયા. મંત્રીએ પણ કુળદેવીને પૂજ્યા અને ત્યારબાદ ભોજન કર્યુ. વસંતસેના પાસે આવીને કહ્યુ, 'પ્રિયા! દેવીથી અપાયેલો પુત્ર તારે થશે. વસંતસેનાએ પણ પોતાના સ્વામીની વાણીને સ્વીકારી લીધી.

રાત્રિમાં વસંતસેનાએ સ્વપ્નમાં ખાલી કળશને દેખ્યો. પોતાના સ્વામિનાથને પોતાનું સ્વપ્ન કહ્યું. શિવદત્ત મંત્રીએ કહ્યુ કે આપણા ઘરે પુત્રનો જન્મ થશે. વસંતસેનાએ પૂછયું, 'પુત્રનો જન્મ તો બરાબર છે પણ સ્વપ્નમાં ખાલી કળશ કેમ દેખાયો.

ત્યારે શિવદત્ત મંત્રીએ કહ્યું કે તેમાં ચિંતા કરવા જેવું નથી. તે સાંભળીને વસંતસેનાનું મન પ્રસન્ન થઈ ગયું. પોતાના ગર્ભને સુખેથી વહન કરવા લાગી. સમય પુરો થતાં તેને પુત્રનો જન્મ આપ્યો. બાર દિવસ થયા બાદ પુત્રનો જન્મ મહોત્સવ કર્યો. માતાપિતાએ બાળકનું નામ દેવદત્ત પાડ્યું. યુવાન થયેલા દેવદત્તના ચંદ્રશેઠની પુત્રી સોમા સાથે લગ્ન મંત્રીએ કરાવ્યા.

એક દિવસ રાજાએ કાંઈક અપરાધ બતાવી મંત્રીની મંત્રીમુદ્રા જપ્ત કરી અને મંત્રીને જેલમાં નાખ્યા. જેલમાં મંત્રીની ઘણા પ્રકારે તર્જના કરાવી. ઘણા દિવસ મંત્રીને ભોજન પણ ન આપ્યું. રાજાથી કરાતા આ પરાભવ રૂપી અગ્નિથી બળેલા મંત્રી વિચારમાં પડી ગયા, 'અરે! શત્રુના ઘરમાંથી ભિક્ષા દ્વારા પ્રાણવૃત્તિ ચલાવી ઘણી સારી, જંગલમાં વસવું પડે તે પણ સારુ, ખેડુત બનવું પડે તે પણ સારુ, પોતાની સમાન ન હોય તેને ત્યાં નોકર બનવું પણ સારુ, પરંતુ રાજા પાસેથી હક્કપૂર્વક મેળવાતી લક્ષ્મી સારી નહી.

अधिकाधयोऽधिकारा कारा एवाग्रतः प्रवर्तन्ते ।
प्रथमं न बंधनं तदनु बंधनं नृपतियोगजुषाम् ॥

ખરેખર, અધિકારો અધિક ચિંતાને ઊભી કરે છે, અધિકારમાં સપડાયેલાઓને આગળ જતાં કારા (જેલ) ભેગા થવું જ પડે છે. રાજાઓના સંબંધોમાં જેઓ આવે છે તેઓને શરૂઆતમાં બંધન વિના જીવન મળે છે પરંતુ પાછળથી તો તેઓને બંધનમાં સપડાવું જ પડે છે.

અંતિમ સમયે આવી જ્યારે મહાન આપત્તિ આવી પડે છે ત્યારે લાભ, ભોગ, દાન, પુત્ર અથવા ધન પણ શું કામના?

ખરેખર રાજા જ્યારે પ્રથમ સન્માન આપે છે ત્યારે તે સન્માન ખાંડ શેરડી અને સાકરના રસથી પણ મીઠું લાગે છે. અંતે આ જ સન્માન તાલપુટના ઝેરથી પણ ભયંકર લાગે છે.

મંત્રી શિવદત્તના વિષમ દિવસો પસાર થયાં. એક દિવસ દિવ્યથી મંત્રી શુદ્ધ સાબિત થયા. મંત્રીએ પોતાનું સર્વસ્વ આપી દીધા બાદ રાજા દ્વારા મુક્ત કરવામાં આવ્યા. જેલમાંથી મુક્ત થયેલા મંત્રી પોતાના ઘરે ગયા.

વ્યથિત થયેલા શિવદત્તને વસંતસેનાએ કહ્યું, 'તમે શા માટે મનમાં સંતાપ કરો છો. જેમ ભમતી અરઘટ્ટની ઘડી જેમ ભરાય છે અને ખાલી થાય છે તેમ ધનવાન નિર્ધન બને છે અને નિર્ધન ધનવાન બને છે.

'વળી, સ્વામિનાથ! સંપત્તિ કોની સ્થિર થઈને રહી છે? કોના બધાં જ મનોરથો પૂર્ણ થયા છે?રાજાઓને કોણ વ્હાલો હોય છે? તથા આલોકમાં હરહંમેશ સુખ કોને હોય છે ?

'પ્રિયે! અચાનક આવી પડતા દુઃખોમાં પણ જો ચિત્તમાં સંતાપ ઉભો થતો હોય તો પછી જે દુઃખનો પૂર્વમાં નિશ્ચય જ હોય તેમાં ચિત્ત આકુળ વ્યાકુળ કેમ ન બને?'

'સ્વામિનાથ! હમણા આવી પડેલા દુઃખનો નિશ્ચય તમને કેવી રીતે થયો હતો?'

'દેવી! આપણી કુળદેવીએ આ આપત્તિ પહેલીથીજ જણાવેલી હતી.'

'આર્યપુત્ર! દેવીએ પુત્રવિના બીજું કાંઈ આપવાનું કહ્યું ન હતું.'

'વસંતસેના! કહ્યુ તો હતું જ, પણ જે ભાગ્યમાં લખાયું હોય તે થાય જ છે.'

जं जेण पावियव्वं इट्ठमणिट्ठं पहुत्तमपहुत्तं
तं पुण होइ अवस्सं निमित्तमित्तं परो होइ ॥

આપણા ભાગ્યમાં જે લખાયેલું હોય તે ગમતું હોય કે અણગમતું હોય, સ્વામીપણુ કે સેવકપણુ હોય, તે અવશ્ય પ્રાપ્ત થાય જ છે. આ પ્રાપ્તિમાં બીજા તો માત્ર નિમિત્તભૂત જ બનતા હોય છે.

जंपइ अणिट्ठहेउं जणस्स सव्वोवि अट्ठमं चंदं ।
राहुगिलणंमि तस्सेव अट्ठमे कहसु को अवरो ॥

સઘળો ય લોક એમ કહે છે કે આઠમે ચંદ્ર અશુભનું કારણ બને છે, પણ જ્યારે એ ચંદ્રને રાહુ જો ગળી જતો હોય તો એ ચંદ્ર માટે અનિષ્ટનું કારણ કોણ બન્યું કહેવાય?

બસ આજ રીતે ગરીબાઈ અવશ્ય મારે લલાટે લખાયેલી જ હતી. અને મને તે પ્રાપ્ત થઈ છે એમાં પુત્રનો શું દોષ છે?'

વસંતસેનાએ પોતાના સ્વામીની વાત સાંભળી અને બોલી, 'સ્વામીનાથ! આપની વાત સાવ સાચી છે.'

નિર્ધન થયેલા મંત્રી, પુત્ર, પત્ની તથા પુત્રવધૂ ચારે જણા એક ગામમાં ગયા. પિતા અને પુત્ર મહામુશ્કેલીથી પોતાના પેટનો ખાડો ભરવા લાગ્યા. પોતાની ઉપર આવી પડેલ આવું દુઃખ દેખીને તેઓ વૈરાગ્યવાસિત બન્યા. એક દિવસ તેઓએ એક મુનીશ્વરના દર્શન કર્યા. તેમને નમસ્કાર કરીને તેઓએ પૂછ્યું, 'હે ભગવાન, અમે પૂર્વભવમાં એવા શું દુષ્કૃત કર્યા હશે?'

'ભાગ્યશાળીઓ! સાંભળો. ભદ્રિલપુર નગરમાં નંદ નામના શેઠ છે. સુંદરી તેમની પત્ની છે અને સ્કંદ નામનો તેમને પુત્ર છે. પુત્રવધૂનું નામ શીલવતી છે. એક સમય એવો આવ્યો કે નંદશેઠને પૂર્વે ઉપાર્જેલા અશુભ કર્મોના પવન ફુંકાવાથી પુણ્ય રૂપી વાદળા વિખરાઈ ગયા અને નદીના પુરની જેમ તેમનો વૈભવ નાશ પામ્યો. નંદશેઠ અને સ્કંદ પોતાના કુટુંબને વ્યવસ્થિત કરી કાંઈક કરિયાણુ ગ્રહણ કરી ગોલ દેશ તરફ ચાલ્યા. માર્ગમાં તેમને દેવશર્મા નામનો સાર્થવાહ મળ્યો. વાર્તાલાપ આદિ દ્વારા તેઓ એકબીજા ઉપર પ્રીતિવાળા બન્યા. તેઓએ કેટલીક ભૂમિ વટાવી ત્યાંતો મોટી ચીચીયારી પાડતા ચિલાત જાતિના ભિલ્લોની ધાડ પડી. ભયભીત થયેલા

સાર્થવાહ દેવશર્મા, નંદશેઠ તથા સ્કંદ એક દિશામાં ઝટપટ ભાગી ગયા. ત્રણે જણા નાશી જતા સાર્થ નાયક વિનાનો બની જવાથી ઘણા ભીલ્લોએ સાર્થને લૂંટ્યો. ત્રણે જણા નંદીપુર નામના નગરમાં પહોંચ્યા. આ નગરમાં પહોંચી તેઓ પારકા ઘરોમાં કામકાજ કરી પોતાનું પેટ ભરવા લાગ્યા. એક દિવસ નંદિપુરમાં સાર્થવાહને ધનની સંખ્યા, નિશાની અને નકશા સાથે નિધાનનો કલ્પ મળ્યો. દેવશર્માનું હૃદય સરળ હતું. તેણે નંદશેઠને આ બધું બતાવી દીધું અને કહ્યું, તમારી મદદથી હું આ ધનનિધિને ગ્રહણ કરવા ઈચ્છું છું.'

પિતાપુત્રે આ કાર્યમાં સંમતિ આપી. શુભદિવસે બલિવિધાન કરી તેઓ ભૂમિને જાણવા લાગ્યા. કળશનો કાંઠલો બહાર આવ્યો. બરાબર એ જ સમયે આ બધું ધન એકલાએ જ ગ્રહણ કરવા ઈચ્છાથી ઘણી માયા અને કપટબુદ્ધિ વાળો સ્કંદ મૂર્છા પામ્યો હોય તેમ આંખો બંધ કરી ધસ દઈને પૃથ્વીમાં પડ્યો. નંદ અને સાર્થવાહ બંને નિધિને મૂકી તરત જ પવનાદિ નાખવા લાગ્યા. ઉપાયો કરવા છતાં પણ સ્કંદની મૂર્છામાં કોઈ ફેરફાર ન થયો. નંદ તથા સાર્થવાહને પણ એવું લાગ્યું કે ધનભંડારના અધિષ્ઠાયક દેવે જ આ નિધિના ગ્રહણમાં વિઘ્ન આપ્યું છે. તેઓએ અધિષ્ઠાયકની ક્ષમાયાચના કરી નિધિ સ્થાનને ઢાંકી દીધું. નિધિસ્થાન ઢાંકી દીધા બાદ સ્કંદ સ્વસ્થ બની ગયો.

સાર્થવાહ દેવશર્માએ સ્કંધને પૂછયું, 'હે ભાઈ! તને શું થયું?'

કપટી સ્કંદે કહ્યું, 'જ્યારે આપણે નિધિ ખણતા હતા ત્યારે મને કોઈક મારવા લાગ્યો. એ સમયે મેં આ પ્રમાણે સાંભળ્યુ કે નિરપરાધી આ સ્કંદને તમે શા માટે હણો છો? જો હણવો હોય તો જેણે ખણવાનો આરંભ કર્યો છે તે સાર્થવાહને જ હણોને.'

આ સાંભળીને સાર્થવાહ ડરી ગયો. નિધિસ્થાનને છોડીને સાર્થવાહ પોતાના ઘરે જઈને સૂઈ ગયો. આ નાટક સ્કંદે કર્યુ છે એવું જાણીને નંદશેઠ આનંદિત થઈ ગયા. સાર્થવાહને સુતેલા જાણી બંને બાપબેટો તે ઉત્તમ રત્નનાભંડારને ગ્રહણ કરીને પોતાના ગામમાં ચાલ્યા ગયા. સંપત્તિને લઈને આવેલા બાપબેટાને સ્વજનો અને નગરજનો મળવા આવ્યા.

संपदि सपदि घटन्ते कुतोऽपि संपत्तिसहभुवो लोकाः ।
वर्षाभुनिवहा इव काले कोलाहलं कृत्वा ॥

જેમ ચોમાસાના સમયમાં દેડકાઓ ક્યાંયથી પણ આવીને કોલાહલ કરવા લાગે છે. તેમ સંપત્તિનું આગમન થતાં સંપત્તિની સાથે રહેનારા લોકો કોલાહલ કરતાં ક્યાંય થી પણ આવીને ટપકી પડે છે.

પિતાપુત્ર બંને પોતાના ગામમાં ગયા. આ બાજુ સવારે સાર્થવાહ જાગ્યો અને જોયું તો બાપબેટો બંને દેખાયા નહિ.

'જરૂર લોભથી ચંચળ મનવાળા આ બંને જણા ધનને ચોરીને નાસી ગયા લાગે

છે' આવો વિચાર કરતો સાર્થવાહ નિધાનના સ્થાન પાસે આવ્યો. નિધાનનું સ્થાન પૂજેલું હતું તથા ખાલી હતું. આ જોઈ સાર્થવાહ રુદન કરવા લાગ્યો. રડતો રડતો સાર્થવાહ બંને બાપબેટાની પાછળ દોડ્યો. ઘણી મુશ્કેલીથી તે ભદ્રિલપુરમાં પહોંચ્યો. નંદ અને સ્કંદ બંનેએ માયાથી તેની ઉચિત ભક્તિ કરી. વસ્ત્ર આદિનું દાન કર્યું.

પિતાપુત્રે બંનેએ સાર્થવાહને કહ્યું, ભાઈ! અમને એ જ રાત્રે વિચાર આવ્યો કે આ નિધિને કોઈ ગ્રહણ નહી કરે એ માટે અમે રાત્રે નિધિ પાસે ગયા. ત્યાં તો નિધિને લઈને કોઈક નાસતું અમને દેખાયું. અમે પણ તેઓને પકડવા માટે ઘણા દૂર સુધી પાછળ ગયા. પણ તેઓ અમને મળ્યા નહિ. આગળ જતાં અમે માર્ગ ભૂલી પડ્યા. દુઃખમાં પડેલા અમે કેમે કરીને અમે અમારા ગામમાં આવ્યા.'

પિતાપુત્રની આ વાત સાંભળી સાર્થવાહે પોતાને આપેલ નાસ્તો ગ્રહણ કરી પાછો પોતાના ઘરે આવ્યો.

સાર્થવાહની સાથે ઠગાઈ કરી દત્તનો આખો પરિવાર નિધિસ્થાનમાંથી લાવેલા ધનથી સાંસારિક સુખને અનુભવવા લાગ્યો.

તમે આટલી સંપત્તિ ક્યાંથી મેળવી એવા પ્રશ્ન પૂછનારને ઉત્તર આપવામાં કૂટ, કપટ અને માયામાં મસ્ત આ પરિવાર મૃત્યુ પામ્યા બાદ અનેક દુર્ગતિઓમાં ભટકવા લાગ્યો.

મિત્રની વંચના અને દ્રવ્ય ગ્રહણનો આનંદ આ બંને કારણથી આ પરિવારે ભારે અંતરાય કર્મ બાંધ્યું. દત્ત આદિનો જ્યાં જ્યાં જન્મ થયો ત્યાં તેમને ભોજન આદિ પણ ન મળ્યા. ઘણી જ મહેનતે ભોજન મળ્યું તો પણ થોડુંક જ મળ્યું. ખરેખર, લોભાંધ ચિત્તવાળા જીવો જે પાપકર્મ આચરે છે તેનું પરિણામ અત્યંત દુઃખદાયી હોય છે. અરેરે! આ મૂઢાત્માઓ સરસવ જેટલા સુખના અર્થે થોડાક દિવસ માટે અકાર્ય આચરી નાખે છે. અને તેથી લાંબા કાળનું અને અત્યંત ભારે દુઃખ પ્રાપ્ત કરે છે.

નંદ આદિ ચારે જીવોએ ચારે ગતિમાં પરિભ્રમણ કરી કુણાળા નગરીમાં વિનયંધર શેઠને ત્યાં જન્મ લીધો. નંદ-સ્કંદ બંને વિનયંધરના પુત્રો થયા અને સુંદરી અને શીલવતી બંને પુત્રીઓ થઈ. ચારે જણાએ બાલ્યવયમાં સંયમ ગ્રહણ કર્યું. કઠીન તપસ્યા કરીને ચારિત્ર દ્વારા ઘણા કર્મો ખપાવી નાખ્યા. અન્યમુનિઓની વેયાવચ્ચ પણ સુંદર કરી. અંતે કાળ કરીને તેઓ સૌધર્મ દેવલોકમાં દેવ થયા.

ત્યાંથી ચ્યવીને તમે ચારે જણા પિતાપુત્ર પત્ની તથા પુત્રવધૂ થયા. તમે પાપ પણ સમુદાયમાં કર્યું હતુ અને આથી ફલ પણ તમને સમુદાયમાં જ મળ્યું. મંત્રી! તમારા પુત્ર દેવદત્ત સિવાય તમારા પાપો ઘણા નાશ પામ્યા છે.'

મુનિભગવંતે કહેલ પોતાનો પૂર્વભવ સાંભળીને મંત્રીને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. મંત્રીની સ્ત્રીને પણ જાતિસ્મરણ થયું. મુનિની દેશના સાંભળી અને માતાપિતાને

જાતિસ્મરણ ઉત્પન્ન થયું. આથી દેવદત્તે મુનિભગવંતને કહ્યું, હે પ્રભુ! મારા આવા પાપો ક્યારે નાશ પામશે?

'દેવદત્ત! તારા પાપનાશનો પ્રયોગ આ પ્રમાણે તું કર. જિનેશ્વર પ્રભુના મુખકમળને તું એકીટશે જો. મનને એકાગ્ર કર. પ્રભુની કેવલી અવસ્થાની ભાવનામાં તારી રૂચિને જગાડ. આમ, તું જિનેશ્વર પ્રભુનું મનમાં ચિંતવન કરતાં કરતાં તારા પાપ કર્મનો નાશ કર.'

પ્રભુની કેવલીઅવસ્થાની ભાવના :-

સમવસરણ સ્તવઃ અમે કેવલી અવસ્થામાં રહેલા તથા શ્રેષ્ઠ જ્ઞાન, આનંદ, ધર્મ અને કીર્તિમાં સ્થિર, દેવેન્દ્રો દ્વારા નમસ્કાર કરાયેલ અને સમવસરણમાં બિરાજિત તીર્થંકર પ્રભુની સ્તુતિ કરીએ છીએ (૧)

'સંઘાચાર ભાષ્યના કર્તા ધર્મઘોષ સૂરિએ (મુનિ અવસ્થામાં ધર્મકીર્તિ વિજયે સમવસરણ સ્તવ નામના ગ્રંથની રચના કરી છે. પ્રથમ શ્લોકમાં વિજ્જાણંદધમ્મકિત્તિ શબ્દો દ્વારા, પોતાના જયેષ્ઠ ગુરુભ્રાતા વિદ્યાનંદસૂરિનું નામ તેમજ ધર્મકીર્તિ પદથી ઉપાધ્યાય પદસ્થિત પોતાના નામનો પણ સંકેત કર્યો છે. દેવિંદ પદથી પોતાના ગુરુ દેવેન્દ્રસૂરિ મ.ના નામનો સંકેત પણ કર્યો છે.)'

જિનેશ્વર ભગવંતોને ત્રણે લોકના સમસ્ત ભાવોને જાણનાર કેવળજ્ઞાનની ઉત્પત્તિ જ્યાં થાય તે સ્થળે વાયુકુમાર દેવો એક યોજનની ભૂમિને શુદ્ધ કરે છે. મેઘકુમારો સુગંધી જળનો વરસાદ કરે છે. ઋતુના અધિષ્ઠાતા વ્યંતર દેવો પુષ્પોનો રાશિ કરે છે. વાણવ્યંતર દેવો ચંદ્રકાંતાદિ મણિ, ઈન્દ્રનીલ આદિ રત્ન અને સુવર્ણથી પીઠબંધની રચના કરે છે. (૨-૩)

અભ્યંતર ગઢ રત્નનો, મધ્ય ગઢ સોનાનો અને બાહ્ય ગઢ ચાંદીનો હોય છે. પહેલા ગઢના કાંગરા મણિના, બીજા ગઢના કાંગરા રત્નના અને ત્રીજા ગઢના કાંગરા સોનાના હોય છે. પહેલા ગઢની રચના વૈમાનિક દેવો, બીજા ગઢની રચના જ્યોતિષ દેવો તથા ત્રીજા ગઢની રચના ભવનપતિ દેવો કરે છે. (૪)

ગોળ સમવસરણનું પ્રમાણઃ સમવસરણ બે પ્રકારના હોય છે. ગોળ તથા ચોરસ. ગોળ સમવસરણના ત્રણેય ગઢની પ્રત્યેક દિવાલોની જાડાઈ ૩૩ ધનુષ્ય અને ૩૨અંગુલ હોય છે. ઉંચાઈ ૫૦૦ ધનુષ્યની હોય છે.

પૂર્વદિશાના પ્રથમ ગઢની દીવાલથી લઈ બીજા ગઢની દીવાલ સુધી ૧૩૦૦ ધનુષ્ય. આ જ રીતે પશ્ચિમ દિશાના પ્રથમ ગઢથી બીજા ગઢનું અંતર ૧૩૦૦ ધનુષ્ય. પ્રથમ ગઢનું કુલ= ૨૬૦૦ ધનુષ્ય. એટલેકે ૧ ગાઉ ૬૦૦ ધનુષ્ય. આજ રીતે બીજાથી ત્રીજા ગઢનું બે પડખાનું આંતરુ મેળવતા ૨૬૦૦ ધનુષ્ય થાય છે. ત્રીજા ગઢનું પીઠિકા સુધીનું બંને બાજુનું પણ ૨૬૦૦ ધનુષ્ય છે. ત્રણે ગઢના આંતરા મળી કુલ ૭૮૦૦

ધનુષ્ય થાય છે. પૂર્વદિશાના ત્રણે ગઢની દીવાલો ૩૩ ધનુષ્ય અને ૩૨ અંગુલને ત્રણે ગણતા ૧૦૦ ધનુષ્ય થાય. પશ્ચિમની ત્રણે ગઢની દીવાલોનું માપ પણ ૧૦૦ ધનુષ્ય છે. ૭૮૦૦+૨૦૦ = ૮૦૦૦ ધનુષ્ય = સમવસરણનું ૧ યોજન પ્રમાણ થાય છે.

બીજી રીતે ગોળ સમવસરણનું ૧ યોજન પ્રમાણ :

પહેલા ગઢના ૧૦ હજાર પગથીયાનું માપ ૧ યોજનમાં ગણાતું નથી. પહેલા ગઢમાં પ્રથમ ૫૦ ધનુષ્યનું પ્રતર આવે ત્યારબાદ એક હાથના એક એવા ૫૦૦૦ પગથીયા આવે તેનું કુલ પ્રમાણ ૧૨૫૦ ધનુષ્ય. ત્યારપછી બીજા ગઢમાં ૫૦ ધનુષ્યનું પ્રતર. પછી ૫૦૦૦ પગથીયાના ૧૨૫૦ ધનુષ્ય. ત્રીજા ગઢના ૧૩૦૦ ધનુષ્ય (પીઠના મધ્યભાગ સુધી) આમ, કુલ ૫૦+૧૨૫૦+૫૦+૧૨૫૦+૧૩૦૦+ ૧૦૦ (ત્રણે ગઢની દીવાલનું માપ) =૪૦૦૦ ધનુષ્ય(૨ ગાઉ). ગઢની પૂર્વની બાજુના ૨ ગાઉ તથા પશ્ચિમની બાજુના બે ગાઉ કુલ ૧ યોજન થાય છે. (૫)

ચોરસ સમવસરણનું પ્રમાણ :

ચોરસ સમવસરણમાં ત્રણે ગઢની પ્રત્યેક ભીંતનું ૧૦૦ ધનુષ્ય પ્રમાણ છે. પહેલા અને બીજા ગઢનું આંતરુ ડોઢ કોશ છે અર્થાત્ પૂર્વના ગઢનું પોણો ગાઉ (૧૫૦૦ ધનુષ્ય) છે તથા પશ્ચિમના પહેલા બીજા ગઢનું આંતરુ પણ ડોઢ કોશ છે. પૂર્વના બીજા અને ત્રીજા ગઢનું આંતરુ ૧૦૦૦ ધનુષ્ય અને પશ્ચિમનું પણ ૧૦૦૦ ધનુષ્ય કુલ ૧ ગાઉ. ત્રીજા ગઢની પૂર્વ દીવાલ અને પશ્ચિમ દીવાલનું આંતરુ ૧ ગાઉ અને ૬૦૦ ધનુષ્ય છે.

આમ, ડોઢ ગાઉ(૩૦૦૦ ધ.) + ૧ગાઉ(૨૦૦૦ ધ.) + ૧ગાઉ ૬૦૦ ધનુષ્ય (૨૬૦૦ ધ.)+ બીજા તેમજ ત્રીજા ગઢની પૂર્વ અને પશ્ચિમ દીવાલોનું ૧૦૦+૧૦૦ ગણતા કુલ ૪૦૦ = ૮૦૦૦ ધનુષ્ય. અહીં પહેલા ગઢની ભીંતનો વિસ્તાર ગણવાનો નથી. આ રીતે ચોરસ સમવસરણનું કુલ પ્રમાણ ૧ યોજન થાય છે.

ત્રણે ગઢની દીવાલ પૂર્વની જેમ ૫૦૦ ધનુષ્ય ઊંચી છે.

બીજી રીતે પહેલા ગઢથી બીજા ગઢનું ૧૫૦૦ ધનુષ્ય છે. બીજા ગઢની ભીંતનું ૧૦૦ ધનુષ્ય છે. બીજા ગઢથી ત્રીજા ગઢનું અંતર ૧૦૦૦ ધનુષ્ય છે. ત્રીજા ગઢની ભીંતનું ૧૦૦ ધનુષ્ય પ્રમાણ છે. ત્રીજા ગઢથી પીઠના મધ્યભાગ સુધી ૧૩૦૦ ધનુષ્ય છે. આમ, ૧૫૦૦+૧૦૦+૧૦૦૦+૧૦૦+૧૩૦૦ = ૪૦૦૦ધનુષ્ય એકબાજુ બે ગાઉ તેવી જ રીતે બીજી બાજુના પણ બે ગાઉ. કુલ =૧યોજન થાય છે. (૬)

સમવસરણમાં જતાં પહેલા દશ હજાર પગથીયા છે. પગથીયાની પહોળાઈ અને ઉંચાઈ ૧ હાથની છે. દશ હજાર પગથીયા પતી ગયા બાદ પ્રથમ ગઢ આવે છે. પ્રથમ ગઢમાં ૫૦ ધનુષ્યનું પ્રતર છે. ત્યાર પછી ૫૦૦૦ પગથીયા છે. પગથીયા પૂરા થયા પછી બીજો ગઢ છે. બીજા ગઢમાં ૫૦ ધનુષ્યનું પ્રતર છે. ત્યારબાદ ૫૦૦૦ પગથીયા

છે. તેના પછી ત્રીજો ગઢ છે. ત્રીજા ગઢમાં એક ગાઉ અને ૬૦૦ ધનુષ્ય બાદ પીઠ છે. (૭-૮)

સમવસરણમાં પીઠ ઉપર ચાર દ્વાર છે અને ચારે બાજુ ત્રણ પગથીયા છે. મધ્યમાં જિનેશ્વર પ્રભુના શરીરના પ્રમાણની ઊંચાઈવાળી મણિ પીઠિકા છે. આ પીઠિકા ૨૦૦ ધનુષ્યના વિસ્તારની છે અને પૃથ્વીતલથી અઢી ગાઉની ઉંચાઈએ છે. (૯)

ચૈત્યવૃક્ષ જિનેશ્વર પ્રભુથી ૧૨ ગણુ ઊંચુ હોય છે. અશોકવૃક્ષ એક યોજન વિસ્તારવાળું છે. સમવસરણમાં રહેલ દેવછંદામાં પાદપીઠ સહિત ચાર સિંહાસન હોય છે. (૧૦)

(આદિનાથ પ્રભુનું ચૈત્યવૃક્ષ ત્રણ ગાઉ ઊંચુ છે અને મહાવીર સ્વામીનું ચૈત્યવૃક્ષ ૩૨ ધનુષ્ય છે. બાકીના પણ બધાં તીર્થંકરોનું ચૈત્યવૃક્ષ ૧૨ ગણુ ઉંચુ હોય છે. આમ, તો મહાવીર પ્રભુનું અશોકવૃક્ષ મહાવીર પ્રભુથી ૧૨ ગણુ ઉંચુ છે તેથી અશોકવૃક્ષની ઉંચાઈ ૨૧ ધનુષ્યની છે. છતાં અહીંયા મહાવીર પ્રભુના અશોકવૃક્ષની ઉંચાઈ ૩૨ ધનુષ્યની તે અશોકવૃક્ષની ૨૧ ધનુષ્યની ઉંચાઈમાં ૧૧ ધનુષ્યની સાલવૃક્ષની ઉંચાઈ ભેળવતા ૩૨ ધનુષ્ય થાય છે. ગ્રંથકાર ધર્મઘોષસૂરિ મહારાજે અશોકવૃક્ષ તથા ચૈત્યવૃક્ષ બંનેને એકની વિવક્ષા કરી અશોકવૃક્ષની ૩૨ ધનુષ્યની ઉંચાઈ કહી છે. અશોકવૃક્ષ દરેક તીર્થંકર ભગવંતોને હોય છે, પણ ચૈત્યવૃક્ષ (જે વૃક્ષ નીચે ભગવાનને કેવળજ્ઞાન થયું હોય) દરેક પ્રભુજીના અલગ અલગ હોય છે. સમવસરણ સ્તવ નામના આ ગ્રંથમાં ચૈત્યવૃક્ષ તથા અશોકવૃક્ષની એક તરીકે વિવક્ષા કરી છે. અન્યથા બાર ગણું ઊંચુ અશોક વૃક્ષ એક યોજન વિસ્તારવાળું ન જ હોઈ શકે. અહીં ચૈત્યવૃક્ષ ઘણુ ઊંચુ હોય છે તેથી તેનો એક યોજનનો વિસ્તાર સંભવી શકે છે.

વીરપ્રભુનું ૨૧ ધનુષ્યનું અશોકવૃક્ષ અને ૧૧ ધનુષ્યનું ચૈત્યવૃક્ષ હોય છે એવો સંપ્રદાય છે.)

દેવછંદામાં રહેલા સિંહાસન ઉપર ચાર છત્રત્રિક હોય છે. પૂર્વદિશામાં રહેલ પરમાત્મા સિવાય ત્રણે દિશામાં ત્રણ પ્રતિબિંબ છે. પ્રભુના રુપ સમાન જ પ્રતિમાની રચના પ્રભુના પ્રભાવથી વ્યંતર દેવો રચે છે. પ્રભુના ચારે રુપની આગળ બે-બે ચામરધારી હોય છે. કુલ આઠ ચામરધારી હોય છે. સિંહાસનની આગળ સુવર્ણના કમળ ઉપર સ્ફટિકના ચાર ધર્મચક્ર હોય છે. (૧૧)

ગઢના દરેક દ્વારે ધ્વજ, છત્ર, મગરનું મુખ, મંગળ, પુતળી, પુષ્પમાળા, વેદિકા, પૂર્ણકળશ, મણિમય ત્રણ તોરણ અને ધુપઘટીઓને વાણવ્યંતર દેવો રચે છે. (૧૨)

સમવસરણમાં ચારે દિશામાં ૧૦૦૦ યોજન ઉંચા દંડવાળા ચાર ધ્વજ હોય છે. તેમના નામ ધર્મધ્વજ, માનધ્વજ, ગજધ્વજ અને સિંહધ્વજ છે. આ ધ્વજ નાની ઘંટડીઓ અને ધજાઓથી યુક્ત હોય છે. ધ્વજ દંડનું ૧ હજાર યોજન પ્રમાણ દરેક

પ્રભુના હાથ પ્રમાણે હોય છે. (૧૩)

પ્રભુ સમવસરણમાં પૂર્વદિશામાંથી પ્રવેશ કરે છે. પ્રભુ ચૈત્યવૃક્ષને પ્રદક્ષિણા કરી પૂર્વસન્મુખ આસનમાં બેસી પાદપીઠ ઉપર પગ સ્થાપી નમોતિત્થસ્સ જિતમર્યાદાથી કહી ધર્મનો ઉપદેશ આપે છે. (૧૪)

સમવસરણમાં અગ્નિવિદિશામાં સાધુ, વૈમાનિક દેવી, સાધ્વી આ ત્રણ પર્ષદા બિરાજે છે. ભવનપતિ દેવી, જ્યોતિષ દેવી, વ્યંતર દેવી આ ત્રણ પર્ષદા વાયવ્ય દિશામા ભવનપતિદેવ, જ્યોતિષ દેવ તથા વ્યંતર દેવ નૈઋત્ય દિશામાં, વૈમાનિક દેવ મનુષ્ય અને સ્ત્રી ઈશાન દિશામાં બિરાજે છે. આમ, આ રીતે બાર પર્ષદા બિરાજે છે. (૧૫)

વૈમાનિક દેવી ભવનપતિદેવી જ્યોતિષ દેવી વ્યંતરદેવી અને સાધ્વી આ પાંચ પર્ષદા ઊભા ઊભા દેશના સાંભળે છે તથા મનુષ્ય દેવ સાધુ અને સ્ત્રીની સાત પર્ષદા બેસીને દેશના સાંભળે છે. (૧૬)

ઉપરના શ્લોકમાં જે વાત જણાવી છે તે આવશ્યક ટીકાના અનુસારે બતાવ્યું છે. પરંતુ ચૂર્ણિમાંતો સાધુઓ ઉત્કટિક આસને બેસીને, વૈમાનિક દેવી તથા સાધ્વી આ બે પર્ષદા ઉભા ઉભા અને બાકીની નવ પર્ષદાની હાજરી કહી છે પણ ચૂર્ણિકારે બેસવું કે ઊભા રહેવાની સ્પષ્ટતા નથી કરી આવો ઉલ્લેખ મળે છે. (૧૭)

બીજા ગઢમાં પશુ હોય છે. ઈશાન ખૂણામાં દેવછંદો છે. ત્રીજા ગઢમાં વાહનો હોય છે. ચોરસ સમવસરણના દરેક ખૂણામાં બે બે વાવડી છે અને ગોળ સમવસરણમાં ખૂણામાં એક-એક વાવડી હોય છે. (૧૮)

રત્નના પ્રથમ ગઢના પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર દિશાના દ્વાર આગળ અનુક્રમે પીળા વર્ણના વૈમાનિક દેવોનું યુગલ (બે દેવો), શ્વેતવર્ણના વાણવ્યંતરદેવો, લાલ વર્ણના બે જ્યોતિષદેવો તથા શ્યામ વર્ણના ભવનપતિ ના બે દેવો હોય છે. તેમના હાથમાં ધનુષ્ય, દંડ, પાશ (રસ્સી) અને ગદા હોય છે. તેમના નામ અનુક્રમે સોમ, યમ, વરૂણ અને ધનદ હોય છે (૧૯)

સોનાના બીજા ગઢમાં જયા, વિજયા, અજિતા અને અપરાજિતા નામના દેવી યુગલો છે. તેમનો વર્ણ અનુક્રમે સફેદ, લાલ, પીળો અને ઘાટો લીલો હોય છે. તેઓ એક હાથમાં અભયદાનની મુદ્રા, બીજા હાથમાં અંકુશ, ત્રીજા હાથમાં પાશ અને ચોથા હાથમાં મકર લઈને પૂર્વાદિ દ્વારે ઉભેલા હોય છે. (૨૦)

ચાંદીના ત્રીજા ગઢમાં પૂર્વાદિ દ્વારે ઉભેલા બેબે દેવો તુંબરુ (વીણા અથવા કમંડલ જેવું), ખાટલાની ઈસ (પાયાને જોડતું લાંબુ લાકડું), કપાલ અને જટામુકુટને ધારણ કરીને ઊભા રહેલા હોય છે. (૨૧)

ઉપરોક્ત ગાથામાં બતાવેલ વિધિ સામાન્ય સમવસરણમાં હોય છે. પ્રભુની પાસે જો કોઈક મહાઋદ્ધિવાળો દેવ આવે તો તે એકલો પણ સમવસરણની રચના કરી શકે

છે. જ્યારે ઈન્દ્રો આવે નહિ ત્યારે ભવનપતિ આદિ દેવોમાં ભજના છે. અર્થાત્ તેઓ સમવસરણની રચના કરે અથવા ન પણ કરે. (૨૨)

જ્યાં પહેલા સમવસરણની રચના ન થઈ હોય અને જ્યાં મહાસમૃદ્ધિશાળી મઘવા આદિ દેવેન્દ્રો આવે ત્યાં નિશ્ચયથી સમવસરણની રચના કરવામાં આવે છે. સમવસરણ હોય કે ન હોય પણ તીર્થંકર પરમાત્માની સાથે આઠ મહાપ્રાતિહાર્ય સતત રહેતા હોય છે. (૨૩)

દુઃખી અને સમસ્ત યાચકોના સઘળા વાંછિતોને પૂરવામાં સમર્થ અને ઉપરોક્ત રીતે સ્તુતિ કરાયેલ ભગવાન ભવ્ય જીવોને મોક્ષ પદ અથવા પોતાનું તીર્થંકર પદ આપો. (૨૪)

समवसरण स्तव समाप्त

अन्यग्रंथोमां समवसरण विचार :-

कल्पविशेष चूर्णि : ચાર ખૂણાવાળા ત્રણ ગઢની સમવસરણ તરીકે રચના કરવામાં આવે છે. અભ્યંતર ગઢ લાલવર્ણના ચંદનક (કોડા)થી, મધ્યગઢ પીળા વર્ણના કોડા તથા બાહ્ય ગઢ સફેદ વર્ણના કોડાથી બનાવવામાં આવે છે.

जीर्णोद्धार प्रकीर्णक : સમવસરણમાં ત્રણ ગઢની ઉંચાઈ ૫૦૦ ધનુષ્યની હોય છે. પ્રત્યેક ગઢનો વિસ્તાર ૧ ગાઉ અને ૬૦૦ ધનુષ્ય હોય છે.

ચોરસ સમવસરણમાં ગઢની જાડાઈ ૧૦૦ ધનુષ્યની હોય છે અને ત્રણે ગઢનો વિસ્તાર ક્રમે કરીને ૧ ગાઉ ૬૦૦ ધનુષ્ય, ડોઢ ગાઉ અને એક ગાઉ હોય છે. અન્ય પ્રમાણ ગોળ સમવસરણ પ્રમાણે જાણવું.

जीर्णोद्धार प्रकीर्णक : સમવસરણમાં રહેલ ૨૦ હજાર પગથીયાની ઉંચાઈ ૧ હાથ પ્રમાણની જાણવી.

ત્રીજા ગઢમાં ૨૦૦ ધનુષ્યના વિસ્તારવાળી પીઠિકા છે. આ પીઠિકા જિનેશ્વર પ્રભુની જેટલી ઊંચી છે. પીઠિકા ઉપર વિશાળ સિંહાસન છે મણિપીઠિકા ઉપર ચાર દ્વાર છે. આ મણિપીઠિકા પૃથ્વીતલથી ૫૦૦૦ ધનુષ્યની ઉંચાઈએ છે.

तत्त्वामृत तथा ज्ञानार्णवमां मतांतर : પૃથ્વીતલથી ૫૦૦૦ ધનુષ્ય મણિપીઠિકા છે. મણિપીઠિકા ઉપર મણિપીઠ છે. મણિપીઠનો વિસ્તાર ૨૦૦ ધનુષ્ય છે. મણિપીઠ ઉપર જિનેશ્વર પ્રભુની ઉંચાઈ જેટલું સિંહાસન છે.

आवश्यक चूर्णि तथा आवश्यक वृत्तिमां बार पर्षदा :

चूर्णि : અવશેષ રહેલ અતિશય વિનાના સાધુ ભગવંતો પૂર્વદ્વારેથી પ્રવેશીને જિનેશ્વર પ્રભુને ત્રણ પ્રદક્ષિણા આપીને વંદન કરીને અને 'નમો તિત્થસ્સ' અને 'નમો એઈસેસિયાણં' એ પ્રમાણે બોલીને અતિશયવાળા સાધુ ભગવંતોની પાછળ બેસે છે. વૈમાનિક દેવીઓ પૂર્વદ્વારથી પ્રવેશી પ્રભુને ત્રણ પ્રદક્ષિણા કરી, વંદન કરી, 'નમો

તિત્થસ્સ' 'નમો અઈસેસિયાણં' અને 'નમો સાહૂણં' કહીને અતિશય વિનાના સાધુ ભગવંતોની પાછળ ઊભી રહે છે. સાધ્વીજીઓ પૂર્વદ્વારથી પ્રવેશીને તીર્થંકરને નમસ્કાર કરી, ત્રણ પ્રદક્ષિણા કરી, વંદન કરી, 'નમો તિત્થસ્સ' 'નમોઅઈસેસિયાણં' અને 'નમો સાહૂણં' કહીને વૈમાનિક દેવીઓની પાછળ ઊભા રહે છે પણ બેસતા નથી. એ પ્રમાણે ભુવનવાસી દેવીઓ જ્યોતિષી દેવીઓ અને વ્યંતર દેવીઓ દક્ષિણદ્વારથી પ્રવેશી તીર્થંકરને ત્રણ પ્રદક્ષિણા આપી વંદન કરે છે અને દક્ષિણ પશ્ચિમ (નૈઋત્ય ખુણા)માં રહે છે. ભુવનવાસી દેવીની પાછળ જ્યોતિષી દેવી અને તેઓની પાછળ વ્યંતર દેવીઓ રહે છે. ભુવનવાસી દેવો, જ્યોતિષ દેવો તથા વાણવ્યંતર દેવો પશ્ચિમ દ્વારથી પ્રવેશે છે પૂર્વોક્ત વિધિ કરીને ઉત્તર પશ્ચિમ (વાયવ્ય વિદિશા)માં ક્રમે કરીને એકબીજા અને પાછળ પાછળ રહે છે. વૈમાનિક દેવો, મનુષ્યો અને મનુષ્યની સ્ત્રીઓ ઉત્તરના દ્વારેથી આવીને ઉત્તરપૂર્વ (ઈશાન વિદિશા)માં અનુક્રમે એકબીજાની પાછળ રહે છે.

આવશ્યક સૂત્રની ટીકા: આવશ્યક સૂત્ર ઉપરની મૂળટીકામાં પણ ટીકાકારે દેવીઓ માટે બેસવા કે ઊભા રહેવાનું સ્પષ્ટ કહ્યું નથી પરંતુ માત્ર તેમની ઉપસ્થિતિ જ જણાવી છે. છતાં પણ કેટલાક આચાર્ય ભગવંતો સર્વ પણ દેવીઓ સમવસરણમાં બેસતી નથી તથા ચાર પ્રકારના દેવો, પુરુષો અને સ્ત્રીઓ બેસીને દેશના સાંભળે છે, એવું કહે છે. આ વિધાન આચાર્ય ભગવંતો પૂર્વાચાર્યોની પ્રેરણાથી રચાયેલા ચિત્રપટોના આધારે કરે છે.

આવા પ્રકારના જાનુ પ્રમાણ, સુગંધી અને પાંચવર્ણના કુસુમથી વ્યાપ્ત સમવસરણમાં વાણવ્યંતરોએ રચેલા હજાર પત્રવાળા અને સોનાના નવકમળમાં ચરણકમળને પ્રભુ સ્થાપે છે. ઈંદ્રો હર્ષ સાથે મનોહર અને દેદીપ્યમાન સુંદર ચાર ચામરોને હાથમાં ધારણ કરે છે. પાછળ સૂર્યના મંડલને પણ તેજથી જીતતા ભામંડલથી પ્રભુ અધિક શોભે છે. દેવતાઓ દુંદુભિ વગાડીને તેના સ્વરથી પ્રભુના અંતરંગ શત્રુઓનો જય સૂચવે છે. દેવતાઓ, અસુરો, ખેચરો, કિન્નરો અને મનુષ્યો પ્રભુનો જયજયારાવ કરી રહ્યાં છે. તેની સાથે પ્રભુ સમવસરણમાં પૂર્વાભિમુખ પ્રવેશે છે અને ત્રણ છત્ર અને અશોકવૃક્ષની નીચે બેસે છે.

ત્યારબાદ પ્રભુ ઉપ ગુણોથી યુક્ત, યોજન પ્રમાણ વિસ્તાર વાળી, બધા જીવોને પોતપોતાની ભાષામાં સમજાતી વાણી વડે રત્નત્રયનો ઉપદેશ આપે છે.

ત્રણલોકને આનંદ કરનાર, ત્રણ લોક માટે ચિંતામણિ સમાન, ત્રણ લોકના ગુરુ, ત્રણે લોકના પ્રભુ ઉપદેશેલા ધર્મની કીર્તિના સમૂહથી ત્રણે લોકોને ધવલ કરનાર છે. આ પ્રમાણે ત્રણે સંધ્યાએ ધ્યાન કરાયેલા જિનેશ્વર પ્રભુ મિથ્યાત્વરૂપ અંધકારથી જીવે પૂર્વે બાંધેલા પાપસમૂહનો નાશ કરે છે.

તથા ત્રણેલોકના જીવોને શિવસુખ આપનાર, ત્રણે લોકની બધીજ સંપત્તિનું મૂળ,

કર્મની ગ્રંથીનો ભેદ કરનાર, સંપૂર્ણ દોષો માટે ઔષધ સમાન અને અવશ્ય ફળ આપનાર જિનેશ્વર પ્રભુને તેવી રીતે ધ્યાવો જેથી જિનેશ્વર પ્રભુ આપણી સામે જ ઉપસ્થિત હોય તેવું લાગે.

આ રીતે હરહંમેશ અભ્યાસ કરવાથી જિનેશ્વરપ્રભુના રૂપનો પ્રતિભાસ થશે, તેમના સ્વરૂપનો સાક્ષાત્કાર થશે, સંવેગ થવાથી કર્મનો ક્ષય થશે, ક્ષુદ્ર જીવોથી અલંઘનીય પણ, પ્રતિઘાત ન થાય તેવું વચન, રોગાદિ શત્રુઓનું ઉપશમન, અર્થનો લાભ, પરમ સૌભાગ્યાદિ કીર્તિ અને મોક્ષ સુખ પણ શીઘ્ર હસ્તગત થશે. હે પ્રભુ! દુઃખનો ક્ષય, કર્મનો ક્ષય, સમાધિમરણ, સમ્યકત્વનો લાભ અને સંસાર સાગરનો પાર પણ તારા પ્રભાવથી થાય છે.

આ પ્રમાણે ચૈત્યવંદનને અંતે પ્રણિધાન કરવું.

હે દેવદત્ત! આવી રીતે તું જો પ્રણિધાન કરીશ તો પૂર્વે કરેલા તારા પાપો શીઘ્ર નાશ પામશે.'

મંત્રીપુત્ર દેવદત્તે 'ઈચ્છં' કહી ગૃહસ્થ ધર્મનો સ્વીકાર કર્યો. મુનિ મહાત્માને નમસ્કાર કરી પોતાના પરિવાર સહિત પોતાના ઘરે ગયો અને ધર્મારાધના કરવા લાગ્યો. ધર્મના પ્રભાવથી તેને પૂર્વની જેમ રાજસન્માન આદિ પ્રાપ્ત થયા. ઘણા કાળસુધી તેણે ધર્મનું પાલન કર્યું. એક દિવસ પિતાની આજ્ઞા લઈને દેવદત્તે સંયમ સ્વીકાર કર્યો. અંતે કાળ કરી કલ્પાધિપ સમાન ઋદ્ધિ વાળો દેવ થયો. ત્યાંથી ચ્યવીને ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં રાજાની રાણી રેવતીની કુક્ષિએ સૌમ્યગુણ વાળો સોમ નામનો પુત્ર થયો. સોમ રાજપુત્રે કેવલી અવસ્થાને સાંભળી ૫૦૦ રાજપુત્રોની સાથે પાર્શ્વપ્રભુની પાસે દીક્ષા ગ્રહણ કરી. પાર્શ્વનાથ પ્રભુએ આપેલ ત્રિપદીના પ્રભાવે સોમમુનિને દ્વાદશાંગરૂપ પુત્રનો જન્મ થયો. અંતે આ પાંચમા સોમ નામના ગણધર મોક્ષાદિને પામ્યા.

ચિત્તને ચમત્કૃત કરનાર મંત્રીપુત્ર દેવદત્તના ચારિત્રને સાંભળીને ભવ્યજીવોએ અન્ય વિનોદમાંથી પોતાના મનને ખેંચીને સુંદર રીતે જિનેશ્વર પ્રભુની કેવળી અવસ્થા ને ભાવવી. આ અવસ્થા અનુપમ સુખના સંચયને કરનાર છે અને દુષ્કર્મ રૂપ પર્વતને ભેદવા માટે વજ્ર સમાન છે.

ઈતિ કેવલી અવસ્થામાં દેવદત્તની કથા -

સિદ્ધાવસ્થાની ભાવના -

पलियंकुस्सग्गेहि अ जिणस्स भाविज्ज सिद्धत्तं ॥ ગાથા-૧૨ उत्तरार्ध

પર્યંકાસન અને કાઉસગ્ગ દ્વારા જિનેશ્વર પ્રભુની સિદ્ધાવસ્થાની ભાવના કરવી. આ ભાવના સુમતિ મહામંત્રીની જેમ વિચારવી.

પ્રશ્નઃ જિનેશ્વર પ્રભુની સિદ્ધાવસ્થા શા માટે પર્યંકાસન તથા કાઉસ્સગ્ગ દ્વારા જ ભાવવી.

ઉત્તરઃ સિદ્ધાવસ્થામાં જિનેશ્વર પ્રભુ પર્યંકાસન તથા કાઉસ્સગ્ગ મુદ્રાએ જ બિરાજમાન હોય છે માટે સિદ્ધાવસ્થાની ભાવના પર્યંકાસન તથા કાઉસ્સગ્ગ મુદ્રામાં રહેલી પ્રતિમા દ્વારા કરાય છે.

ચૈત્યવંદન ભાષ્યઃ **उसभो अरिट्ठनेमी वीरो पलियंकसंठिया सिद्धा ।**
अवसेसा तित्थयरा उद्धट्ठाणेण उवयंति ॥ ८० ॥

આદિનાથ પ્રભુ, નેમનાથ પ્રભુ અને વીરપ્રભુ પર્યંકાસને સિદ્ધિગતિને પામ્યા છે અને અન્ય તીર્થંકર ભગવંતો કાઉસ્સગ્ગ મુદ્રાએ સિદ્ધિગતિને પામ્યા છે.

ભવનો ત્યાગ કરતી વખતે અંતિમકાળે જે સંસ્થાન હોય તે જ સંસ્થાન મોક્ષમાં હોય છે. આ સંસ્થાન શરીરના પ્રમાણથી ત્રીજા ભાગનું ન્યૂન હોય છે. આ સંસ્થાનમાં આત્મપ્રદેશો ઘન થઈ જાય છે.

મોક્ષમાં બિરાજમાન સિદ્ધભગવંતોની જઘન્ય અવગાહના ૩૬ આંગુલની છે. જીનેશ્વર ભગવંતોની જઘન્ય અવગાહના પાંચ હાથ પ્રમાણની છે. સિદ્ધ તથા જિનેશ્વર ભગવંતો બંનેની ઉત્કૃષ્ટ અવગાહના ૩૩૩ - ૧/૩ ધનુષ્ય હોય છે.

(મોક્ષમાં જતી વખતે શરીરની જેટલી ઉંચાઈ હોય તેનો ત્રીજો ભાગ તેમાંથી ઓછો કરવામાં આવે તેટલી ઉંચાઈવાળો આત્મા મોક્ષમાં બિરાજમાન થાય છે. ૫૪ અંગુલ (૨। હાથ- સવા બે હાથ)ની અવગાહનાથી લઈને ૫૦૦ ધનુષ્ય અવગાહનાવાળા અરિહંત પદને પામી શકે છે. ત્રીજો ભાગ ન્યૂન કરતા ૫૪ અંગુલના ૩૬ અંગુલ, ૭ હાથના ૫ હાથ અને ૫૦૦ ધનુષ્યના ૩૩૩ - ૧/૩ ધનુષ્ય થાય છે.)

પ્રશ્ન : સિદ્ધિપદને પામેલા જીવને ભિન્ન આકાર કેમ નથી હોતો? અર્થાત્ (સિદ્ધિગતિ પામતી વખતે જે આકાર હોય તેનાથી જુદો આકાર મોક્ષમાં કેમ નથી હોતો?)

ઉત્તર : આ ભવમાં જે આકાર હોય તેનાથી ભિન્ન આકાર કર્મને કારણે હોય છે. સિદ્ધના જીવને કર્મ નથી હોતા માટે આ ભવમાં જે આકાર છે તેનાથી જુદો આકાર આ ભવમાં નથી હોતો.

સુમતિ મહામાત્ય ની કથા

ભદ્રિલપુર નગર છે. ચક્રાયુધ રાજા છે. તેમણે મદોન્મત્ત શત્રુરાજાઓને જીતીને પોતાના દાસ બનાવી દીધા હતાં. તેમને સુમતિ નામના મંત્રી હતાં. ઘણા ઉપાયો કર્યા બાદ મંત્રીને ત્યાં પુત્ર રત્નનો જન્મ થયો. બાળકને જન્મ થતાંની સાથે જ ઉગ્ર રોગો ઉત્પન્ન થયા. ઘણા પ્રકારના ઔષધોપચાર કર્યા તો પણ રોગો શાંત ન થયા. બાળકને રોગોને કારણે નારકી જેવી ભયંકર વેદના હતી. આથી મંત્રી દુઃખી દુઃખી થઈ ગયા. ખસ, ખાંસી, શ્વાસ, જ્વર, દાહ આદિ રોગોની વેદનાથી દુઃખી થયેલા

બાળક સદા રડ્યા કરે છે.

એક દિવસ પ્રબળ અને ભયંકર રોગો તથા દુઃખોના સમૂહરૂપ તાપને શાંત કરવામાં નૂતન મેઘ સમાન ચોત્રીશ અતિશયોના સ્વામી પાર્શ્વનાથ પ્રભુ ભદ્રિલપુરમાં સમવસર્યા. 'હું પ્રભુજીને પહેલા વંદન કરુ હું પ્રભુજીને પહેલા વંદન કરુ' એવી ભાવનાથી નગરજનોનો સકળ સમુદાય પોતપોતાની સમૃદ્ધિ બળ આદિ સહિત થઈ પ્રભુ પાર્શ્વના ચરણારવિંદને વાંદવા માટે જવા લાગ્યો. દરેક પ્રકારના આધિ વ્યાધિ તથા વિષધરના વિષથી વ્યાપ્ત મનુષ્યો માટે પાર્શ્વનાથ પ્રભુ અમૃતસમાન છે, આવું સાંભળીને મંત્રીએ પણ પોતાના બાળકને હાથમાં ગ્રહણ કરી જાતવાન ઘોડા ઉપર સવાર થઈને ઘણા જ મહાત્મ્યના કુળભુવન સમાન પ્રભુના ચરણોમાં વંદન કરાવ્યું. જેમ બળતા અગ્નિથી ઠંડી નાસી જાય છે અને ગરુડના દર્શનથી સાપનો સમુદાય ભાગી જાય છે તેમ પ્રભુના પ્રભાવથી બાળકનો રોગ સમુદાય નાસી ગયો. આ દેખી મંત્રીશ્વરને મોટું આશ્ચર્ય થયું. સુમતિ મંત્રી પોતાના બાળકને આગળ બેસાડી મનની એકાગ્રતા પૂર્વક પ્રભુની દેશના સાંભળવા લાગ્યો.

પ્રભુની દેશના : દુષ્ટ વ્યાપારવાળા આ દુષ્ટ જીવને અનાદિકાળથી કાર્મણ શરીર લાગેલું હોવાથી તે સત્કૃત્ય કરી શકતો નથી અને નરકગતિમાં અનેક દુસ્સહ દુઃખોને સહન કરે છે. તિર્યંચગતિના જીવો ભાર વહન કરવો, ઠંડી, ગરમી, વરસાદની ધારા અને મરણ પ્રમુખ દુઃખોને સહન કરતા પ્રત્યક્ષ જ દેખાય છે. ઘણી ચિંતાઓ, માન, અપમાન અને ગરીબાઈ થી દુઃખિત મનવાળા અને વિષયની ઈચ્છાથી નાચી રહેલા મનુષ્યોને સુખ ક્યાંથી જ હોય?

કોઈ ગતિમાં ન હોય એવા અમર્ષ, ઈર્ષ્યા, વિષાદ અને હાસ્યાદિ દોષોની ખાણ સમાન દેવગતિમાં અકલ્પનીય દુઃખ પ્રગટ દેખાય છે.

તિર્યંચ, મનુષ્ય અને દેવના ભવમાં વિષયના આ સેવનથી થતી સુખની કલ્પના અપથ્ય સ્વરૂપ છે અને પાછળથી અસહ્ય દુઃખોને આપનાર બને છે.

કહ્યું છે- कहं तं भन्नइ सुक्खं सुचिरेणावि जस्स दुक्खमल्लियइ ।
जं च मरणावसाणे भवसंसाराणुबंधि च ॥

તેને કેવી રીતે સુખથી સંબોધી શકાય, કે જે સુખની પાછળ દુઃખ જોડાયેલું હોય છે અને જે સુખ આ ભવમાં મરણબાદ ભવોની પરંપરાને વધારનારું છે.

આથી ચારગતિ સ્વરૂપ સંસારના દુઃખરૂપ કાષ્ઠને ભસ્મસાત્ કરવા માટે અગ્નિ સમાન અને કર્મરોગને માટે ઔષધ સમાન જિનેશ્વર ભગવાને પ્રરૂપેલા બંને પ્રકારના ધર્મોને પોતાના સામર્થ્યને અનુસારે સેવવા.'

પાર્શ્વનાથ પ્રભુની દેશના સાંભળી સુમતિ મંત્રીનું મન સંતુષ્ટ થઈ ગયું. પ્રભુ પાસે શ્રાવક ધર્મનો તેમણે સ્વીકાર કર્યો. તેઓ પોતાના બાળકને પણ પ્રભુજીના

ચરણોમાં વારંવાર નમસ્કાર કરાવી પોતાના આવાસે ગયા.

પાર્શ્વનાથ પ્રભુના દર્શન થવાથી આ બાળકના રોગો નાશ પામ્યા આથી નગરજનો બાળકને સુદર્શનના નામથી બોલાવા લાગ્યા.

પાર્શ્વનાથ પ્રભુએ લોકત્રયના જીવોનું કલ્યાણ કરતાં કરતાં ભદ્રહાથી જેવી ગતિથી ભદ્રિલપુર નગરથી અન્યત્ર વિહાર કર્યો. મંત્રી સુમતિ અને મંત્રીપુત્ર સુદર્શને ઘણા સાધુ ભગવંતોના પરિચયમાં આવી જિન પ્રવચનના રહસ્યાર્થ ને પ્રાપ્ત કર્યો, ગ્રહણ કર્યો અને એમાં નિશ્ચય બુદ્ધિવાળા થયા.

એક દિવસ સુદર્શને પિતાનું મન અત્યંત ઉદ્વિગ્ન દેખ્યું. આ જોઈ તેણે પિતાને પૂછયું, 'પિતાજી! તમે કેમ આટલા ઉદ્વિગ્ન દેખાવ છો ?'

'વત્સ! જગત વત્સલ, સંપૂર્ણ પાપનો નાશ કરનાર, અને જેમના પ્રભાવથી તું નિરોગી બન્યો છે, વિનયી જનની ઈચ્છાઓને પુરી કરનાર, ભવ્ય જીવોથી નમાયેલા, જેમની કૃપાથી મને મોક્ષસુખને આપનાર દર્શનાદિ રત્નત્રય પ્રાપ્ત થયા છે, એવા પાર્શ્વપ્રભુ ઘણા કાળસુધી ચંદ્રની જેમ દેશના રૂપી ચાંદની દ્વારા જીવોને બોધ પમાડી ઘણા જીવોને સુખ પમાડી સંમેતશિખર ગિરિરાજ ઉપર બંને હાથને લાંબા કરી એક માસ સુધી અણસણ કરી આ દેહનો ત્યાગ કર્યો છે. દેહનો ત્યાગ કરી પ્રભુ સર્વાર્થસિદ્ધ વિમાનથી પણ ઉપર બાર યોજન ઓળંગી ૪૫ લાખ યોજન પ્રમાણવાળી, મધ્યમાં આઠ યોજનની જાડાઈ વાળી, પ્રાંતે માખીની પાંખ કરતા પાતળી, ઊંધા કરેલા છત્ર જેવી, ચંદ્ર જેવી શ્વેત, ૧ ક્રોડ ૪૨ લાખ ૩૦ હજાર ૨૩૯ યોજનની પરિધિવાળી સિદ્ધશિલા ઉપર એક યોજનના ૨૪માં ભાગે ૬ હાથની અવગાહનામાં સિદ્ધ થઈને બિરાજમાન થયા છે.

બેટા! પ્રભુ સિદ્ધ થયા છે આવા સમાચાર આજે મેં સાંભળ્યા છે. ઘણા સમયથી મેં પ્રભુના ચરણારવિંદમાં નમસ્કાર નથી કર્યા. અરે! મેં તેમની અમૃતના ઝરણા જેવી મધુર દેશના પણ નથી સાંભળી એટલે મારું મન ઉદ્વિગ્ન થયું છે.

પિતાના મનની ઉદ્વિગ્નતાનું કારણ જાણી શુદ્ધ સમ્યકત્વના ધારક સુદર્શને અંજલિ જોડી પિતાજીને કહ્યું, 'હે પિતાજી! આપ આપના મનને ઉદ્વિગ્ન ન કરો. પરંતુ શ્રેષ્ઠ જ્ઞાન દર્શન વિપુલ આનંદ અને વીર્યમય સિદ્ધાવસ્થાને પામેલા પાર્શ્વનાથ પ્રભુનું સદા સંસ્મરણ કરો. સંસ્થાનાદિથી રહિત, જરા મરણ સંગ અને શરીરથી મુક્ત તથા અધ્યાત્મવિદ્ વડે અગમ્ય એવી પ્રભુની સિદ્ધાવસ્થાને યાદ કરો. સંપૂર્ણ કર્મથી મૂકાયેલા જિનેશ્વર પ્રભુની સિદ્ધાવસ્થાનું રૂપાતીત ધ્યાન બધા પ્રકારના ધ્યાનમાં સર્વોત્તમ છે.

અન્ય દર્શનકારો પણ કહે છે : सिद्धममूर्तमलेपं सदाचिदानंदमयमनाधारं। परमात्मानं ध्यायेत् यद्रूपातीतमिह तदिदम् ॥ निरातंको निराकांक्षो निर्विकल्पो निरंजन : । परमात्माऽक्षयो ऽत्यक्षो, ज्ञेयोऽनन्तगुणोऽव्ययः ॥

સિદ્ધ, અમૂર્ત, નિર્લેપ, સત્ ચિદ્ અને આનંદમાં નિમગ્ન તથા આનંદસ્વરૂપ પરમાત્માનું ધ્યાન કરવું તે રૂપાતીત ધ્યાન છે. આ રૂપાતીત પરમાત્મા રોગ વિનાના, આકાંક્ષા વિનાના, વિકલ્પ વિનાના, રાગ વિનાના, અક્ષય, ઈન્દ્રિયાતીત, અનંતગુણવાળા અને અવ્યય જાણવા.

योगतत्व रत्नसार : पिंडे मुक्ताः पदे मुक्ता, रुपे मुक्ता : षडानन! ।
रुपातीते तु ये मुक्तास्ते मुक्ता नात्र संशय : ॥

પિંડ, પદ અને રૂપથી મુક્ત થયેલામાં મુક્ત શબ્દનો પ્રયોગ થાય છે પણ રૂપાતીતમાં જે મુક્ત શબ્દનો પ્રયોગ થાય છે તે જ વાસ્તવમાં મુક્ત છે તેમની મુક્તિમાં કોઈ સંશય નથી.

પિતાજી! પાર્શ્વપ્રભુની સિદ્ધાવસ્થાના સ્મરણ માટે ઉત્તમ પાર્શ્વનાથના જિનાલયને બનાવો. તેમને નમસ્કાર કરો, પૂજા કરો, સ્મરણ કરો અને ધ્યાન ધરો.

કહ્યું છે : अरहंता भगवंतो अशरीरा निम्मला शिवं पत्ता ।
तेसिं संभरणत्थं पडिमाओ इत्थ कीरंति ॥

નિર્મલ અરિહંત ભગવંતો દેહથી મુક્ત બની શિવપદને પામી ગયા છે. અહીંયા પ્રભુજીના સ્મરણ માટે પ્રતિમાઓનું નિર્માણ કરાય છે.

ऊद्धट्ठाणठियाओ अहवा पलियंकसंठिया ताओ ।
सिद्धिगयाणं तेसिं हु जं तइयं नत्थि संठाणं ॥

અરિહંત પ્રભુજીના પ્રતિમાજી કાઉસ્સગ્ગમુદ્રા તથા પર્યંકાસન મુદ્રામાં બિરાજમાન કરવામાં આવે છે, તેનું કારણ એ છે કે સિદ્ધિગતિને પામેલા તે ભગવંતો આ બે જ સંસ્થાનમાં બિરાજમાન હોય છે પરંતુ ત્રીજું કોઈ સંસ્થાન હોતું નથી.

અન્ય શાસ્ત્રકારો પણ કહે છે : स्वर्णादिबिंबनिष्पत्तौ. कृते निर्मदनेतरा । ज्योतिष्पूर्णे च संस्थाने रुपातीतस्य कल्पना - સુવર્ણ આદિ ઉત્તમ ધાતુથી પ્રતિમાજીનું નિર્માણ કરવામાં આવે છે. પ્રતિમાજી બની ગયા પછી પોલાણમાં ભરેલા મીણને દૂર કરવામાં આવે છે. પ્રતિમાજીનું રુપ ઝગારા મારવા લાગે છે. આ જગારા મારતા રુપમાં રુપાતીત અવસ્થાની કલ્પના કરવાની છે. પ્રભુનું સ્વરૂપ જ્યોતિર્મય છે અને રુપ (પ્રતિમાનું રુપ) પણ જ્યોતિર્મય છે. આમ, પ્રભુના રુપમાં રુપાતીતની કલ્પના કરાય છે.

પુત્ર સુદર્શનની આવી વાતો સાંભળી મંત્રીને ઘણો જ હર્ષ થયો. મંત્રીએ ત્રણે ભુવનની લક્ષ્મીના સ્થાનરૂપ જિનભવનનું નિર્માણ કરાવ્યું. જિનાલયમાં વિધિ પુરસ્સર પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા સ્થાપીને ભક્તિથી પૂજવા લાગ્યો. અવસ્થાત્રિકની વિચારણા કરી, વંદના કરી નીચે પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો.

સુમતિ મંત્રી દ્વારા પ્રભુ સ્તુતિ :-

જેમના સમગ્ર કર્મો નાશ પામ્યા છે, નિર્મળ જ્ઞાનના ધારક, નિર્મળ દર્શનવાળા, પ્રકાશમય, રુપ રસ અને ગંધ વિનાના, સ્પર્શાદિ વિનાના, સિદ્ધાવસ્થાને પામેલા, અતુલ સુખવાળા, ઉત્તમ વીર્યવાન, નિઃસીમ અતિશય અને પ્રભાવનાના સ્વામી એવા પાર્શ્વનાથ પ્રભુની હું સ્તુતિ કરું છું.

હે જિનેશ્વર! ચંદ્રમાના કિરણો જેવી મનોહર તમારી સ્તવના ક્યાં અને પ્રતિભારૂપ સુગંધીથી સ્ફુરાયમાન વિશાળ પ્રજ્ઞાથી રહિત હું ક્યાં? તો પણ તમારા ગુણોના રાશિથી રંજિત થયેલા હૃદયવાળો હું તમારી સ્તુતિ કરવામાં પ્રવૃત થયો છું, કારણકે રાગી માણસ શું શક્ય છે અને શું અશક્ય છે એવી વિચારણા કરતો નથી હોતો.

જેમના રોગો નાશ પામ્યા છે, ઈંદ્રિયરૂપ અશ્વ જેમણે જીતી લીધો છે, જેમના સઘળા કર્મો નાશ થયા છે, જેઓ જ્ઞાનાદિ લક્ષ્મીના સ્થાન છે, જેમણે કામદેવને જીતી લીધો છે, જેઓ સ્યાદ્વાદ વિદ્યા સ્વરૂપ છે, જેમનું મિથ્યાત્વ નાશ પામ્યું છે, જેમનો વિષયાનંદ નાશ પામ્યો છે, ત્રણે લોક પર દયાવાળા, કામ અને ક્રોધ રૂપી દોષના અન્યાયને નાશ કરનારા એવા પાર્શ્વનાથ તમે સદા જય પામો.

શું આ પ્રતિમા કરુણામયી છે? શું ઉત્સવમયી છે? વિશ્વ ઉપર મૈત્રીવાળી છે? શું આનંદથી ભરેલી છે? શું ઉન્નતિમયી છે કે શું સુખમયી છે? આવી વિચારણા જે પ્રભુની પ્રતિમાના દર્શન બાદ મનમાં ઊભી થાય છે એવા પાર્શ્વનાથ પ્રભુ! અમારું ઘણું કલ્યાણ કરનારા થાય.

'પાર્શ્વનાથ' એ પ્રમાણેના ચાર અક્ષરવાળા અને મોક્ષ તથા સ્વર્ગને આપનારા પાઠ સિદ્ધ મંત્રને જેઓ ધ્યાવે છે તેમને આધિ વ્યાધિ, વિરોધિ, સમુદ્ર, યુદ્ધ, ઉન્મત્ત હાથી, ફેણ ચઢાવેલ નાગ, ભૂત, પ્રેત અને ચોર આદિના ભયો પણ થતાં નથી.

હે પાર્શ્વનાથ પ્રભુ! તમે જ મારા દેવ છે, તમે જ મારા શરણ છે, તમે જ મારા પિતા છો, તમે જ મારા નાયક છો, તમે જ મારા ગુરુ છે, તમે જ મારા ભાઈ છો, તમે જ મારી ગતિ છો અને તમે જ મારી મતિ છો તો પછી હે પ્રભુ! તમારી સામે આવેલા એવા મને હજુ સુધી પણ દયા નીતરતી દૃષ્ટિ વડે કેમ જોતાં નથી?

તે સમય પ્રશંસનીય છે, એ ક્ષણ પ્રશસ્ત છે, એ રાત્રિ પવિત્ર છે, એ દિવસ વખાણવા જેવો છે, એ ઘડી નિર્દોષ છે, એ પખવાડીયું પૂજવા જેવું છે, એ માસ મારો ઉજળો છે, મારું એ વર્ષ સફળ છે જેમાં હે પ્રભુ! સઘળાય સુખોને આપનારું આપના મુખનું દર્શન થયું છે.

હે પાર્શ્વનાથ પ્રભુ! સદાકાળ માટે ત્રણ જગતના વિશ્રામ ભૂમિ સમાન આપ મારા મનરૂપી માનસ સરોવરમાં હંસની જેમ સ્થિતિ કરો છો તેથી પ્રભુ હું ધન્ય છું, મારો આ ભવ સફળ છે, આ ભવસાગર તરાઈ ગયો છે, આંતરિક શત્રુઓ હણાઈ

ગયા છે અને ત્રણ જગતમાં મહોત્સવ મળ્યો છે.

ઉજ્જવલ ધર્મ અને કીર્તિના ભવન સ્વરૂપ હે પ્રભુ આપને આ પ્રમાણે સ્તુતિ કરીને હું એક પ્રાર્થના કરું છુ કે, હે પાર્શ્વનાથ! તમે જેના માટે વિશાળ રાજ્ય, ઉત્તમ લક્ષ્મી, અંતઃપુર અને બંધુજનો આદિનો સદા માટે ત્યાગ કર્યો છે તે જ્ઞાન અને આનંદ મય પદ માટે મારું મન સસ્પૃહ બને' માટે.

મહામાત્ય સુમતિ આવી રીતે ભક્તિ કરી પાર્શ્વનાથ પ્રભુની વારંવાર સ્તવના અને ધ્યાન કરતાં કરતાં અમૃત સમાન દિવસો પસાર કરવા લાગ્યા. એક દિવસ અનેક શિષ્યોથી પરિવરેલા મહાજ્ઞાની જ્ઞાનભાનુ આચાર્ય નંદનઉદ્યાનમાં સમવસર્યા. સુર તથા વિદ્યાધરો પણ તેમના ચરણોમાં નમસ્કાર કરતાં હતાં. સુમતિમંત્રી સુદર્શનની સાથે ત્યાં વંદન કરવા માટે ગયો. વૃક્ષ જેવા સંસારને છેદવા માટે હાથી સમા ગુરુભગવંતે તેઓને ધર્મનો ઉપદેશ આપ્યો.

'આ ભવસાગર જન્મ જરા અને મરણ રૂપ પાણીથી ભરેલો છે, પાર વિનાનો છે. વ્યાધિ રૂપ દુઃખે નાશ કરાય એવા જળચરો વાળો છે અને સેંકડો કુયોનિથી પૂર્ણ હોવાથી તેનો પાર પામવો અશક્ય છે. આ ભવસાગરના ભયંકર રાગરૂપ કાદવમાં ખુંપી ગયેલો અને માયારૂપી લતાવનમાં ફસાઈ ગયેલો પ્રાણી પુણ્યોદયથી કેમે કરીને મનુષ્યભવરૂપી વહાણને પ્રાપ્ત કરે છે.

<u>ભવસાગરમાં મનુષ્યભવને વહાણની ઉપમા</u> :

આ મનુષ્યભવરૂપી વહાણમાં સમ્યગ્ દર્શન પ્રતિષ્ઠાન છે, સારીજાતિ સારુકુળ આદિ શ્રેષ્ઠ ફલક છે, આ વહાણ સંવરભાવને કારણે છિદ્રવિનાનું છે, વાહણને જ્ઞાનરૂપી દોરી લાગેલી છે, વિવેકરૂપી વૃક્ષે બંધાયેલું છે, સંવેગરૂપી સઢ છે, નિર્વેદરૂપી પવનથી વહાણં વેગીલું બન્યું છે, સ્વાધ્યાય તથા ધ્યાનરૂપી નાવિકો મનુષ્ય ભવરૂપી આ વહાણને હંકારી રહ્યા છે, સુનિયમ રૂપી ભિલ્લજાતિના સુભટો આ વહાણની રક્ષા કરી રહ્યા છે, શુભભાવ રૂપ ખલાસી છે. આ શુભભાવ રુપ ખલાસી ભવસાગરનો પાર પમાડવા માટે પ્રમાદરૂપ અપાયોના સમૂહથી રક્ષણ કરાયેલા મનુષ્યરુપ વાહણને રત્નદ્વિપમાં લઈ જાય છે. (અર્થાત્ શુભભાવ સંયમની પ્રાપ્તિ કરાવે છે) આ શુભભાવ દ્વારા મહાવ્રતો રૂપી ઉત્તમરત્નો દ્વારા આ વહાણ પરિપૂર્ણ થાય છે. રત્ન દ્વીપરુપ સંયમમાં સર્વસાવદ્યની વિરતિ સ્વરુપ પર્વત છે. દશ પ્રકારના યતિધર્મ સ્વરૂપ કલ્પવૃક્ષ છે. તેની શુભ છાયા છે. અઢાર હજાર શીલાંગ તેના ફળો છે. ભવસાગરના તટ સમાન કેવળજ્ઞાન છે. આ તટની ઉપર સિદ્ધિપુરી રહેલ છે. તટ ઉપર પહોંચી ગયેલા મનુષ્ય રૂપ વહાણ સિદ્ધિપુરીની પ્રાપ્તિ કરે છે. આ સિદ્ધિપુરીમાં જન્મ નથી, જરા નથી, મરણ નથી, ભૂખ-તરસ પણ નથી, રાગનો રોગ અને શોક પણ નથી તેમજ આધિ અને વ્યાધિ પણ નથી. મોક્ષપુરીમાં પ્રવેશેલો જીવ જ્ઞાનાદિ અનંત ચતુષ્ટયને પ્રાપ્ત કરી લે

છે. નિરંજન અને નિત્ય બની જાય છે. રત્નના દીવાની જેમ તે ત્રણે જગતને પ્રકાશિત કરતો ત્યાં રહે છે.'

જ્ઞાનભાનુ નામના આ જ્ઞાની ભગવંતના વચનો સાંભળી પોતે કરેલા દુષ્કૃતોના મિચ્છામિ દુક્કડં કરી સુમતિ મંત્રીએ રાજાની અનુજ્ઞા લઈ પોતાના કુટુંબનો ભાર પુત્ર સુદર્શન ઉપર નાખ્યો. જિનશાસનની પ્રભાવના કરવા પૂર્વક દેવતાઓ દ્વારા સ્તુતિ કરાતા સુમતિ મંત્રીએ જ્ઞાનભાનુ કેવળી ભગવંતની પાસે સંયમનો સ્વીકાર કર્યો. સિદ્ધાંતનું અધ્યયન કર્યું. અંતે સિદ્ધાવસ્થાની ભાવના ભાવતાં ભાવતાં સંસાર અને મોક્ષમાં સમાન બુદ્ધિવાળા થઈ શ્રી સુમતિમુનિ સિદ્ધિગતિને પામ્યા.

હે ભવ્ય જીવો! વિકસિત મોગરાની વેલડીના ફુલ જેવું ઉજ્જવળ અને જ્ઞાનથી સુંદર સુમતિ મંત્રીના ચરિત્રને સારી રીતે સાંભળી ચૈત્યવંદન ના અવસરે સકળ સુખની પરિપક્વતાના સ્થાનભૂત સિદ્ધાવસ્થાનું સતત સ્મરણ કરતા રહો.

સિદ્ધાવસ્થા ઉપર સુમતિમંત્રીની કથા પૂર્ણ.

સુમતિમંત્રીના દૃષ્ટાંતની સાથે સિદ્ધાવસ્થાનું વર્ણન પુરું થયું. સિદ્ધાવસ્થાની પ્રરૂપણાથી અવસ્થાત્રિકની ભાવના નામનું પાંચમું ત્રિક પૂરું થયુ. આ પાંચમાત્રિકની વિચારણા અર્થાત્ અવસ્થાત્રિકનું ભાવન સારી રીતે કરવું હોય તો ત્રણે દિશાના અવલોકનને વર્જવું જોઈએ. આથી 'ત્રિદિસિનિરિક્ખણ વિરઈ' નામનું છઠ્ઠું ત્રિક બતાવવા માટે ગાથા કહેવામાં આવે છે.

<u>છઠ્ઠું ત્રિક-દિશાત્રિક નિરીક્ષણ વર્જન :</u>

उड्ढाहो तिरियाणं तिदिसाण निरिक्खणं चइज्जऽहवा ।
पच्छिमदाहिणवामाण जिणमुहन्नत्थदिट्ठिजुओः ॥ १३ ॥

ગાથાર્થ : જિનેશ્વર ભગવંતના મુખ ઉપર દૃષ્ટિ સ્થાપીને ઉપર નીચે અને આજુબાજુ અથવા પાછળ જમણી અને ડાબી એ ત્રણ દિશાઓ તરફ જોવાનો ત્યાગ કરવો.

ટીકાર્થ : ઉઢ્ઢાહો... આ ગાથાનો ગ્રંથમાં પ્રક્ષેપ કરવામાં આવેલો છે. તેમજ આ ગાથામાં સરળ હોવાથી માત્રા ચોથા પદની જ અહીં વિચારણા કરવામાં આવી છે.

જિણમુહન્નત્થદિટ્ઠિજુઓ : દર્શન કરતી વખતે આંખો પ્રભુના મુખ ઉપર સ્થાપવાની છે.

કહ્યું છે- आलोयचलं चक्खुं अणिउत्तं दुक्करं थिरं काउं ।
रुवेहिं तहिं खिप्पइ सभावओ वा सयं चलइ ॥

દર્શનનો વિષય મળતાં આંખો ચંચળ બની જાય છે. ચંચળ બનેલી આંખોને નિયમમાં લાવી શકાય એમ નથી તેમજ સ્થિર કરવી પણ દુષ્કર છે. દર્શનનો વિષય રૂપ મળતા આંખો ત્યાં ખેંચાઈ જાય છે અથવા સ્વભાવથી જ એ આંખો ત્યાં પહોંચી જાય છે.

દર્શન કરતી વેળાએ ગ્રીવાને વિશેષ વાળીને અર્થાત્ મસ્તકને વિશેષથી પ્રભુ તરફ વાળીને દિશાત્રિકને જોવું નહિ, કારણકે દર્શનવેળાએ જો ઉપયોગ ન હોય તો પ્રભુદર્શનના પરિણામ પણ નબળા પડી જાય છે.

મહાનિશીથ : ભુવનત્રયના એક ગુરુ સમાન જિનેશ્વર પ્રભુની પ્રતિમામાં નેત્રને સ્થિર કરી હું ધન્ય છું, પુણ્યશાળી છું, જિનેશ્વર પ્રભુને વંદન કરવા દ્વારા મારો જન્મ સફળ છે. એ પ્રમાણે વિચારતો બંને હાથ દ્વારા અંજલિ રચે, લીલી વનસ્પતિ બીજ અને જંતુ વિનાની ભૂમિમાં બંને ગુડાને સ્થાપી, અત્યંત સ્પષ્ટ અક્ષરવાળા, અત્યંત પરિચિત કરેલ, સંશય વિનાના અને યથાર્થ સૂત્ર તથા અર્થ આ બંનેને પદે પદે ભાવના કરતો ચૈત્યવંદન કરે.

ગંધાર શ્રાવકે આવી રીતે ચૈત્યવંદના કરી હતી.

ગંધારશ્રાવકનું દૃષ્ટાંત :

. વૈતાઢ્ય પર્વતની નિકટમાં ગંધાર નામનું જનપદ છે. ત્યાં ગંધસમૃદ્ધ નામનું નગર છે. ગંધસમૃદ્ધ નગરમાં ગંધાર નામનો શ્રાવક છે. તેને સંયમ ગ્રહણ કરવાની તીવ્ર તમન્ના હતી. સંયમ ગ્રહણ કર્યા પછી તીર્થવંદના સરળતાથી નહિ થાય આથી તેને બધાં જ તીર્થંકર પ્રભુની જન્મ, પ્રવ્રજ્યા, કેવળજ્ઞાન અને નિર્વાણભૂમિના દર્શન કરવા માટે પરિભ્રમણ કરવા માંડ્યું. આદિનાથ પ્રભુની જન્મભૂમિ વિનીતા, અજિતનાથની અયોધ્યા, સંભવનાથની શ્રાવસ્તી, અભિનંદન પ્રભુની અયોધ્યા, સુમતિનાથની અયોધ્યા, પદ્મપ્રભ સ્વામીની કોશાંબી, સુપાર્શ્વનાથ પ્રભુની વારાણસી, ચંદ્રપ્રભ સ્વામીની ચંદ્રપુરી, સુવિધિનાથની કાકંદી, શીતલનાથની ભદ્રિલપુર, શ્રેયાંસનાથની સિંહપુરી, વાસુપૂજ્ય સ્વામીની ચંપાપુરી, વિમલનાથ ની કંપિલપુર, અનંતનાથની અયોધ્યા, ધર્મનાથની રત્નપુરી, શાંતિનાથ કુંથુનાથ તથા અરનાથ પ્રભુની ગજપુર (હસ્તિનાપુર), મલ્લિનાથ પ્રભુની મિથિલા, મુનિસુવ્રત સ્વામીની રાજગૃહ, નમિનાથની મિથિલા, નેમિનાથની શૌરીપુરી, પાર્શ્વનાથની વારાણસી, અને મહાવીર પ્રભુની જન્મ કલ્યાણકની ભૂમિ ક્ષત્રિયકુંડ, ઋષભદેવ પ્રભુના કેવળજ્ઞાન કલ્યાણકની ભૂમિ પુરિમતાલ (પ્રયાગરાજ), વીર પ્રભુની જૃંભિકાનગરીની બહાર, નેમિનાથની ગિરનાર અને શેષ તીર્થંકર ભગવંતોની કેવળજ્ઞાન કલ્યાણભૂમિ જન્મ કલ્યાણક ભૂમિમાં છે.

આદિનાથ પ્રભુની મોક્ષ કલ્યાણક ભૂમિ અષ્ટાપદ, વીરપ્રભુની પાવાપુરી, નેમિનાથની ગિરનાર, વાસુપૂજ્ય સ્વામીની ચંપાપુરી અને શેષ જિનેશ્વરોની સમ્મેતશિખર પર્વતમાં છે.

ગંધારશ્રાવકે આ સર્વકલ્યાણક ભૂમિઓના દર્શન કર્યાં. હું પ્રવ્રજ્યા લઉં એવો વિચાર કરતો હતો ત્યાં તેને સાંભળ્યું કે વૈતાઢ્યગિરિની ગુફામાં આદિનાથ આદિ

ચોવીશે તીર્થંકર પ્રભુઓની સર્વરત્નોથી વિભૂષિત સુવર્ણની પ્રતિમા છે. સાધુ ભગવંતોની પાસે આ સાંભળીને દર્શન કરવાની ભાવનાથી તે ત્યાં ગયો. ગંધારે દેવતાની આરાધના કરી અને પ્રભુના પ્રતિમાજી પ્રગટ થયા. દર્શન થતાંની સાથે આખી રાત અને આખો દિવસ પ્રભુની સ્તવના અને સ્તુતિ ગાતા ગાતા વિતાવ્યો.

स्तोत्र : नम्राखण्डल मौलिमण्डन... ઈત્યાદિ.

વર્તમાન ચોવીશીમાં થયેલા, નમ્રઈન્દ્રોના મુગુટમંડલમાં રહેલી કલ્પવૃક્ષના ફુલોની માળામાંથી ઉછળતા મધુના સમૂહથી સુગંધિત થયેલા ચરણવાળા અને સુખને અર્પનારા ચોવીશ તીર્થંકર ભગવંતોની હું સ્તુતિ કરું છું. (૧)

સંસારના પારને પામેલા અને દેવેન્દ્રો જેમને નમસ્કાર કરે છે એવા આદિનાથ પ્રભુ અમને આનંદ આપો. ક્રોધ આદિથી નહી જીતાયેલા અને ત્રિલોકથી પૂજાયેલા એવા અજિતનાથ પ્રભુની હું સ્તુતિ કરું છું. સેનામાતાની કુક્ષિમાં ઉત્પન્ન થયેલા, સંસારની મુક્તિને પામેલા અને લક્ષ્મીના હેતુભૂત એવા સંભવનાથ અમને પવિત્ર કરો. મનુષ્યોને આનંદિત કરનારા, સુંદર વદનવાળા અભિનંદન સ્વામિ મારું રક્ષણ કરો. (૨)

ત્રણે લોકના સ્વામી અને સુબુદ્ધિના સ્વામી સુમતિનાથ અમને મોક્ષ લક્ષ્મી આપો. દંભરૂપી વૃક્ષને માટે હસ્તી સમાન અને મદરૂપી હસ્તી માટે અષ્ટાપદ સમાન એવા પદ્મપ્રભ સ્વામીની હું સ્તવના કરું છુ. પૃથ્વીમાતાના પુત્ર, ભયમુક્ત થયેલા અને નિરોગી એવા શ્રી સુપાર્શ્વનાથની હું સ્તુતિ કરું છુ. જે ચંદ્ર સમાન ચંદ્રપ્રભ સ્વામીની સ્તુતિ કરે છે, તેને મોક્ષ દુર્લભ નથી. (૩)

કર્મરૂપી વૃક્ષના સમૂહ માટે કુહાડા સમાન અને મદરૂપી હાથી માટે અષ્ટાપદ સમા પદ્મપ્રભ સ્વામીની હું સ્તુતિ કરું છું. જેમના ચરણ કમળ જેવા કોમળ છે એવા શીતલનાથ પ્રભુ જય પામો. સ્ફુરાયમાન ગુણોના સમૂહરૂપ કલ્યાણકારી લક્ષ્મીના આશ્રય એવા શ્રી શ્રેયાંસનાથ જય પામો, જગતને પૂજ્ય એવા વાસુપૂજ્ય સ્વામી જીવોને મોક્ષ લક્ષ્મી આપો. (૪)

મોહરૂપી વાદળા માટે પવનસમાન તથા નિર્મળ એવા વિમલનાથ અમને મોક્ષ આપો. હવે જેમને હંમેશને માટે કર્મશત્રુઓ સાથે યુદ્ધ નથી કરવાનું એવા અનંતગુણના સ્વામી અનંતનાથ કર્મના ક્ષયને કરો. ધર્મનાથ પ્રભુ સુખના એક સ્થાનભૂત એવા શિવપદનું દાન મને કરો અને મારી વિપત્તિનો નાશ કરો. હાથી જેવી ગતિવાળા અને યમરાજાનો જેણે ક્ષય કર્યો છે એવા શાંતિનાથ પ્રભુ શાંતિને કરો. (૫)

માનરૂપી હાથી માટે સિંહ સમાન અને મેઘ સમાન ધ્વનિવાળા કુંથુનાથ તમારું ભવથી રક્ષણ કરો. જેમણે કામનું ખંડન કર્યું છે અને જેમને દેવતાઓ ભક્તિભાવથી નમસ્કાર કરે છે એવા અરનાથ જિનેશ્વરને હું નમસ્કાર કરું છું. શોભાવાળા દેવતાઓથી નમાયેલા ચરણકમળવાળા અને અજ્ઞાનરૂપી અંધકાર વિનાના હે મલ્લિનાથ! તમને

નમસ્કાર હો. આખાયે જગતને પૂજનીય, સુંદરવ્રતોના ધારક એવા શ્રી મુનિસુવ્રત પ્રભુ સંસારથી તમારું રક્ષણ કરો. (૬)

લોભરૂપ કમળને માટે ચંદ્રની ઉપમાવાળા હે નેમિનાથ પ્રભુ! મને ધર્મબુદ્ધિ આપો. વૃષભ જેવી ગતિ અને પ્રશમભાવને પામેલા એવા શ્રી નેમિનાથ સ્વામીને હું વંદન કરું છું. જેમના પાપનાશ પામ્યા છે અને જેમને ઈન્દ્રિયરૂપી અશ્વોનું દમન કર્યું છે એવા પાર્શ્વનાથ પ્રભુને હું નમું છું. રોગ વિનાના, માયારૂપી લતાને ઉખાડવામાં ગજસમાન અને ત્રિશલાપુત્ર એવા મહાવીર સ્વામીને હું નમન કરું છું.

જે મનુષ્ય આ પ્રમાણે સદ્‌ધર્મરૂપી વૃક્ષના સિંચન માટે વૃષ્ટિ કરનાર એવા જીનેશ્વરોની ભક્તિથી વિશેષગુણોથી યુક્ત વચનના સમૂહથી રચિત અને કલ્યાણ તથા કીર્તિને કરનાર એવા ઉત્તમ સ્તવને હરખઘેલો થયેલો કરે છે, તેના દુઃખો નાશ પામે છે અને તે સંસારને છેદી પરમપદમાં લાંબાકાળ માટે અનંત સુખ પ્રાપ્ત કરે છે.

<u>કર્તાના નામથી ગર્ભિત અષ્ટદલ કમલ સ્તુતિ</u> :- જિન તવ ગુણકીર્તે... આદિ (આ ચમત્કૃત કરે એવી પ્રત્યેક સ્તુતિમાં એક શબ્દ આઠ વાર આવે છે તેમજ એક એક સ્તુતિનું આઠ પાખંડીવાળુ કમલ બનાવી શકાય છે.)

પ્રભુની સ્તુતિમાં મગ્ન બનેલા ગંધાર શ્રાવકનું મન પ્રતિમામાં જડેલા રત્નોમાં ન લોભાણું. આ દેખી દેવને વિચાર આવ્યો કે વાહ! આ મનુષ્યતો નિર્લોભી છે. દેવ પ્રસન્ન થયા. ત્યાં પ્રત્યક્ષ થઈને કહ્યું કે ગંધાર શ્રાવક! તું માંગ, હું તને જે માંગે તે આપું. ગંધાર શ્રાવકે કહ્યુ, 'ભાઈ, મારું મન મનુષ્ય ભવના પશુ જેવા આ કામભોગોથી ઉબકી ગયું છે. વળી, મારે આ ભોગો ભોગવીને શું કામ છે?

ગંધાર શ્રાવક નિસ્પૃહ હતો, છતાં પણ અમોઘં દેવદર્શનં દેવતાનું દર્શન ક્યારેય નિષ્ફળ જતું નથી. આથી દેવે વિચાર માત્રથી મનોરથો પૂર્ણ કરનારી ૧૦૮ ગુટિકા ગંધારને આપી. ગુટિકા ગ્રહણ કરી તે આગળ વધ્યો. આગળ જતા તેને સાંભળ્યું કે વીતભય નગરમાં દેવે આપેલી સર્વ અલંકારોથી ભૂષિત પ્રતિમા છે.

વીતભયનગરમાં સર્વઅલંકારોથી શોભિત પ્રતિમા :

સર્વઆભૂષણોથી ભૂષિત પ્રતિમાજીને વંદન કરવા માટે ગંધાર વીતભય નગરમાં પહોંચ્યો. પ્રભુજીને વાંદ્યા. દર્શનવંદન માટે રોકાયેલો ગંધાર એક દિવસ માંદો પડ્યો. કુબ્જા દાસીએ તેની સારી એવી સંભાળ રાખી. સ્વસ્થ થયા બાદ ગંધારે ૧૦૮ ગુટિકા દાસીને આપી દીધી અને તેણે પ્રવ્રજ્યાનો સ્વીકાર કર્યો.

એક દિવસ કુબ્જા દાસીએ એક ગુટિકાને પોતાના મોઢામાં નાખી. ગુટિકાના પ્રભાવથી તેની કાયા કંચનવર્ણી થઈ ગઈ. ત્યારથી માંડીને સુવર્ણગુલિકાના નામથી પ્રસિદ્ધ થઈ. બીજી ગુટિકાને મોઢામાં નાખી તેણે વિચાર કર્યો કે ઉદાયન રાજા મારા પિતા સમાન છે. બાકીના રાજાઓ ગામના મુખી જેવા છે. આથી ચંડપ્રદ્યોત રાજા

મારા સ્વામી બનો. દેવતાના પ્રભાવથી ચંડપ્રદ્યોત રાજાના હૃદયમાં સુવર્ણગુલિકા ઉપર પ્રેમના અંકુરા ફુટ્યા અને પોતાનો દૂત સુવર્ણગુલિકા પાસે મોકલ્યો. દૂતે જઈને આ સમાચાર આપતા રાજા નલગિરિ હાથી ઉપર બેસી રાત્રે ત્યાં આવી પહોંચ્યો.

સુવર્ણગુલિકાને પ્રદ્યોતરાજા ગમી ગયો. સુવર્ણગુલિકાએ પ્રદ્યોતને કહ્યું કે તમે જો જીવિતસ્વામીની પ્રતિમા આપણી સાથે લો તો જ હું સાથે આવીશ અને ભગવાન નહી આવે તો હું પણ નહી આવું. આથી રાજાએ નગરમાં પાછો જઈને જીવિત સ્વામીના જેવા જ એક પ્રતિમાજી ભરાવ્યા. પ્રતિમાજી લઈને ત્યાં આવ્યો. જીવિત સ્વામીની પ્રતિમાના સ્થાને નૂતન પ્રતિમાજીને બિરાજમાન કરી પ્રતિમાજી તથા સુવર્ણગુલિકા બંનેને પોતાના નગરમાં લઈ ગયો.

પ્રાતઃકાળે ઉદાયન રાજાએ સમાચાર સાંભળ્યા કે પોતાના હાથીઓના મદ ઝરી ગયા છે અને દાસીનું અપહરણ કરાયું છે. આથી ઉદાયન રાજા કોપાયમાન થયા અને પ્રતિમાજીની તપાસ કરાવી. પ્રભુજીની પ્રતિમા ઉપર રહેલી માળા આજે કરમાઈ ગઈ હતી. આથી ઉદયને ઉનાળામાં જ પ્રદ્યોત રાજા ઉપર ચઢાઈ કરવા માટે દશમુકુટ બદ્ધ રાજાઓ સાથે પ્રયાણ આદર્યું. સૈન્ય મરૂભૂમિમાં પહોંચ્યું. મરૂસ્થળમાં આવી પહોંચેલી સેના તરસથી પીડાવા લાગી. આથી ઉદાયને પ્રભાવતી દેવનું સ્મરણ કર્યું. દેવે ત્રણ સ્થાને વાવડી બનાવી. તૃષાતુર સૈન્યે જ્યાં જ્યાં વાવડી હતી ત્યાં પાણી પી લીધા બાદ પ્રભાવતી દેવ પોતાના વિમાનમાં ગયો. સતત પ્રયાણ કરતા ઉદાયન પણ ક્રમે કરીને ઉજ્જૈનીપુરમાં પહોંચ્યા. ઉદાયને પ્રદ્યોતની પાસે પોતાના દૂતને મોકલ્યો અને દૂત દ્વારા બંને રાજાએ પ્રતિજ્ઞા કરી કે આપણે બંનેએ રથ દ્વારા સંગ્રામ કરવો. પ્રતિજ્ઞા કરીને ધનુર્ધરોમાં પ્રસિદ્ધ એવા ઉદાયન રાજા રથમાં આરૂઢ થઈને સમરાંગણની ભૂમિમાં આવી પહોંચ્યા. યુદ્ધભૂમિમાં આવીને રાજાએ ધનુષ્યનો ટંકાર કર્યો. આ ટંકાર સાંભળીને પ્રદ્યોતને લાગ્યું કે ઉદાયન રથયુદ્ધથી જીતી નહી શકાય. આથી નલગિરિ હાથી ઉપર બેસીને સમરભૂમિમાં પ્રદ્યોતરાજા આવી પહોંચ્યા. બળવાન શત્રુ હોય ત્યારે પ્રતિજ્ઞા શું કરવાની?

ચંડપ્રદ્યોત રાજા ગજરાજ ઉપર બિરાજમાન હતા. આ જોઈને ઉદાયને તેને કહ્યું, 'હે મહાપાપી! તે પ્રતિજ્ઞાનો ભંગ કર્યો છે, તારી આવી ધીઠ્ઠાઈને કારણે તારો હવે નાશ જ સમજ.'

આમ બોલીને ઉદાયન પોતાનો રથ અત્યંત વેગથી નલગિરિ હાથીની ચારેબાજુ ઘુમાવા લાગ્યા. તીક્ષ્ણ બાણોથી હાથીના પગના તળીયા ચારે બાજુથી વીંધી નાખ્યાં. ચારે પગે વીંધાઈ જતા હાથી નીચે પડ્યો. હાથીના પડવાની સાથે જ ઉદાયન રાજાએ તરત જ પ્રદ્યોત રાજાને ઉપાડી લીધા. પકડેલા પ્રદ્યોતના મસ્તક ઉપર ક્રોધાયમાન થયેલા રાજાએ 'મમ દાસીપતિ' આવા શબ્દો કોતરાવ્યા. ત્યાંથી તે રાજા વિદિશામાં

ગયો અને દેવાધિદેવની પ્રતિમાને ઉપાડવા લાગ્યો, ત્યાં તો દેવે કહ્યું કે રાજન! આ જીવિત સ્વામીની પ્રતિમાને તું વીતભયનગરમાં ન લઈ જા. વીતભય નગરમાં ધૂળનો વરસાદ થવાનો છે. રાજા દેવવાણીથી આ ઉપદ્રવને જાણીને વિષાદયુક્ત બન્યાં. ત્યારબાદ પ્રતિમાજીને નમસ્કાર કરી વીતભયનગરી તરફ પ્રયાણ ચાલુ કર્યુ. ચોમાસા કાળમાં શિવનદીના કિનારે રોકાઈ જંવું પડ્યું. ત્યાં જ તેમને તેમનો આવાસ કર્યો. દશરાજાઓએ પણ ઉદાયન રાજાની રક્ષા માટે ધૂળનો કિલ્લો બનાવીને ત્યાં જ રહ્યા.

પર્યુષણના પર્વ આવી પહોંચતા ઉદાયન રાજાએ ઉપવાસ ક્યોં. આથી રસોઈયો પ્રદ્યોતરાજાને પૂછવા આવ્યો કે મહારાજ! આપના માટે કઈ રસોઈ બનાવું? આ સાંભળી રાજા વિચારમાં પડી ગયો - ચોક્કસ આજે મને ઝેર આદિ આપીને મારી નાખવાની ઈચ્છા લાગે છે. તેમણે રસોઈયાને પૂછયું કે રસોઈયા! આજે જ શા માટે મારી રસોઈ અલગ બનાવો છો?

'મહારાજા! આજે અમારા સ્વામી પોતાના અંતેપુરની સાથે ઉપવાસ કરવાના છે. કારણકે આજે પર્યુષણા છે. તેથી જ હું આપને રસોઈનું પૂછવા આવ્યો છું.'

'ભાઈ રસોઈયા! તેં આજે મને આ પર્વની યાદ અપાવીને ઘણું સારુ કર્યુ છે. હું પણ આજે ઉપવાસ કરવાનો છું કારણકે મારા માતાપિતા પણ શ્રાવકધર્મના પરમ આરાધક હતાં.' ચંડપ્રદ્યોત રાજાની આ વાત સાંભળીને રસોઈયાએ ઉદાયનરાજાને આ વૃત્તાંત જણાવ્યું.

રસોઈયાના મોંઢાથી આ વાત સાંભળીને ઉદાયને કહ્યુ, 'પ્રદ્યોત કેવો શ્રાવક છે એ હું જાણુ છું. આ લુચ્ચો કાંઈક હોંશીયારી કરવા માંગે છે. થોડીક-વાર પછી તેમની વિચારધારામાં પરિવર્તન આવ્યું. પ્રદ્યોત ગમે તેવો હોય પણ એ કારાગારમાં હોય તો મારા પર્યુષણા શુદ્ધ નહી થાય.' આવો વિચાર કરી પોતાનું પર્યુષણા પર્વ શુદ્ધ થાય તે માટે રાજાએ પ્રદ્યોતને કારાગારમાંથી મુક્ત કર્યો. મુક્ત કરીને રાજાએ પ્રદ્યોતને અવંતી દેશ આપ્યો અને આ મહાત્મા રાજાએ તેની સાથે ક્ષમાપના પણ કરી લીધી. પ્રદ્યોતના કપાલ પર કોતરાવેલા અક્ષરોને ઢાંકવા માટે તેમને એક સુવર્ણનો પટ્ટ પણ આપ્યો.

પ્રદ્યોત રાજાને ઉદાયન રાજાએ સોનાનો પાટો આપ્યો ત્યારથી લઈને મુગુટબદ્ધરાજા પટ્ટબદ્ધ થયા. ચોમાસાનો કાળ સમાપ્ત થતાં ઉદાયન રાજા વીતભય નગર પહોંચ્યા. શિવનદીના કિનારે ઉદાયન રાજાની શિબિરમાં જે વણિકો પોતાનો વ્યાપાર કરી લાભ મેળવવા માટે આવ્યા હતાં તેઓ ત્યાં જ રહ્યાં અને તે સ્થાન દશપુર નગરના નામથી પ્રસિદ્ધ થયું.

જીવિતસ્વામીનું તીર્થ હાલ મિથ્યાત્વીઓના હાથમાં :-

આ જીવિતસ્વામીને અવંતીનગરીમાં ભાઈલનામનો રાજા પૂજતો હતો. આ ભાઈલ સ્વામી ધર્માદિત્ય રાજા પછી થયા છે.

કહ્યું છે- 'હે ગૌતમ ! મારા નિર્વાણની રાત્રિએ ઉદાયીરાજાનું પુત્ર વિના જ મરણ થશે અને અવંતીનો રાજા પાલક પાટલીપુત્રનો સ્વામી થશે. આ પાલક રાજા સાઈઠ વર્ષ રાજ્ય પાળશે. તેમની પછી નવનંદો ૧૫૫ વર્ષ, નવમોર્યવંશીઓ ૧૦૮વર્ષ, પુષ્પમિત્ર ૩૦ વર્ષ, બલમિત્ર અને ભાનુમિત્ર ૬૦ વર્ષ, નરવાહન ૪૦ વર્ષ, ગર્દભિલ્લરાજા ૧૩ વર્ષ, કાલકસૂરિએ લાવેલા યવનરાજાઓ ૭૪ વર્ષ રાજ્ય કરશે. મારા પછી ૪૭૦ વર્ષબાદ વિક્રમરાજા ૬૦ વર્ષ રાજ્ય કરશે. ધર્માદિત્ય ૪૦ વર્ષ, ભાઈલરાજા ૨૩ વર્ષ, નાહડ આઠ વર્ષ, ધુંધુમાર ૩૦ વર્ષ, લઘુવિક્રમાદિત્ય ૧૨ વર્ષ, બુદ્ધિમિત્ર ૧૦ વર્ષ અને અંધહૈહયવંશના અંધ ભોજ રાજા ૮૦ વર્ષ રાજ્ય કરશે.'

આ ભાઈલરાજા એક દિવસ જીવિતસ્વામીની પ્રતિમાને રાત્રે પૂજતો હતો. બહાર આવેલા દેવોને જોવા માટે પૂજા કરતો કરતો ઉત્સુક્તાથી છુપી રીતે બહાર આવ્યો. બહાર આવેલા ભાઈલ રાજાને દેવે કહ્યું કે રાજન! માંગો, તમે માંગો તે આપું. ભાઈલ રાજાએ માંગણી કરી કે હું અહીંયા સદા પ્રસિદ્ધ થાઉં. દેવે ભાઈલરાજાની ઈચ્છાને પુરી કરી પણ તેને કહ્યું કે આ જીવિત સ્વામીનું તીર્થ મિથ્યાત્વી થશે, કારણકે તારી પૂજા તો હજી અધુરી હતી અને તું બહાર આવી ગયો.

દેવો તો આટલું બોલીને તરતજ નીકળી ગયા. પોતાનાથી બહું ખોટું કરાયું છે. એવું વિચારીને રાજા ઝૂરવા લાગ્યો. ત્યારબાદ ભાઈલસ્વામી તરીકે આ તીર્થ અવંતીમાં પ્રસિદ્ધ થયું. અને તે આજે પણ અવંતીમાં છે.

શેષ દૃષ્ટાંત **જીવિત પ્રતિમા ઉત્પત્તિ પ્રકીર્ણકથી** જાણવું.

ગંધાર શ્રાવકના આ દૃષ્ટાંત દ્વારા ગંધાર દ્વારા રાત્રે પણ સ્તુતિ દ્વારા કરાયેલ વંદન, દેવતાએ ગંધારને આપેલ વરદાન, સુવર્ણગુલિકાને રાજ્યની પ્રાપ્તિ આદિનું વર્ણન કરવામાં આવ્યું પણ આ દૃષ્ટાંતમાં ત્રિદિશામાં નિરીક્ષણનું વર્જન કરવું તે પ્રસ્તુત છે.

એકાગ્રતા મેળવવા માટેના નિમિત્તભૂત એવું ગંધાર શ્રાવકનું પ્રસિદ્ધ દૃષ્ટાંત સાંભળીને હે ભવ્યજીવો ! ઉત્તમભાવના પૂર્વક ત્રણે દિશામાં જોવાનો ત્યાગ કરી પ્રભુને વંદના કરવી.

ઈતિ ત્રિદિક્‌નિરીક્ષણના વર્જનમાં ગંધારશ્રાવકનો સંબંધ :-

ત્રિદિશિનિરીક્ષણ વિરતિ નામનું છટ્ઠુત્રિક ઉપર વિચારવામાં આવ્યું. હવે સાતમુ ત્રિક-પયભૂમિ પમજ્જણં ચ તિક્ખુત્તો - ત્રણવાર પગની ભૂમિને પ્રમાર્જવી નામનું ત્રિક અહીંયા વિચારાય છે.

(૭) ત્રણવાર પગની ભૂમિની પ્રમાર્જના :-

કોઈપણ ધર્માનુષ્ઠાનમાં દયાની પ્રધાનતા રાખવામાં આવે તો જ તે ધર્માનુષ્ઠાન સફળ બને છે.

કહ્યું છે- पठितं श्रुतं च शास्त्रं गुरुपरिचरणं च गुरुतपश्चरणम् ।
घनगर्जितमिव विजलं विफलं सकलं दयाविकलम् ॥

શાસ્ત્રનું અધ્યયન, શાસ્ત્રનું શ્રવણ, ગુરુભગવંતોની વેયાવચ્ચ તથા મહાતપના સેવનમાં દયા ભળેલી ન હોય તો નિર્જળ વાદળાના ગડગડાટની જેમ શાસ્ત્રના અધ્યયન આદિ નિષ્ફળ છે.

जयणा उ धम्मजणणी, जयणा धम्मस्स पालणी चेव ।
तह वुड्ढिकरी जयणा, एगंतसुहावहा जयणा ॥

જયણા ધર્મને જન્મ આપનારી માતા છે, જયણા ધર્મનું રક્ષણ કરે છે, જયણા ધર્મની વૃદ્ધિ કરે છે તથા જયણા એકાંતે સુખ આપનારી છે.

મહાનિશીથ સૂત્રમાં પણ કહ્યું છે- હે ભગવન! કયા કારણથી એમ કહેવાય છે કે પંચમંગલ મહાશ્રુત સ્કંધને ભણ્યા પછી ઈરિયાવહિયા સૂત્ર ભણવું જોઈએ?

હે ગૌતમ! આપણો આ આત્મા જ્યારે જવા આવવા વગેરેની ક્રિયાના પરિણામમાં પરિણત થયો હોય તથા અનેક જીવો, પ્રાણો, ભૂતો અને સત્ત્વોને અનુપયોગ કે પ્રમાદથી સંઘટ્ટના, ઉપદ્રવ કે કિલામણા કરીને પછી તેનું આલોચન પ્રતિક્રમણ કરવામાં ન આવે તો સમગ્ર કર્મના ક્ષય માટે ચૈત્યવંદન સ્વાધ્યાય, ધ્યાન આદિ કોઈપણ અનુષ્ઠાન કરવામાં આવે તો તે સમયે એકાગ્રચિત્તવાળી સમાધિ થાય કે ન પણ થાય, કારણકે ગમનાગમન આદિ અનેક પ્રકારે અન્ય વ્યાપારનાં પરિણામમાં આસક્ત થયેલા ચિત્તથી કેટલાક પ્રાણીઓ તે પૂર્વના પરિણામને નહી છોડતા આર્તરૌદ્ર અધ્યવસાયવાળા પરિણામમાં કેટલોક કાળવર્તે છે. ત્યારે તેના ફળમાં વિસંવાદ થાય છે. જ્યારે વળી કોઈ પ્રકારે અજ્ઞાન, મોહ, પ્રમાદ આદિના દોષથી એકેન્દ્રિયાદિક જીવોના સંઘટ્ટન કે પરિતાપન થઈ ગયા હોય અને ત્યારપછી અરેરે! આ અમારાથી ખોટું કાર્ય બની ગયું. અમો સજ્જડ રાગ દ્વેષ મોહ મિથ્યાત્વ અને અજ્ઞાનથી અંધ બની ગયા છીએ. પરલોકમાં આ કાર્યના કેવા કડક ફળ ભોગવવાં પડશે. એનો વિચાર પણ આવતો નથી. ખરેખર અમે ક્રૂરકર્મ અને નિર્દય વર્તન કરનારા છીએ. આ પ્રમાણે પશ્ચાત્તાપ કરતા અને અતિ સંવેગ પામેલા આત્માઓ સારી રીતે પ્રગટ પણે ઈરિયાવહિય સૂત્રથી દોષોની આલોચના કરીને, નિંદા કરીને, ગુરુની સાક્ષીએ ગર્હા કરીને, પ્રાયશ્ચિતનું સેવન કરીને શલ્ય વગરના થાય છે. ચિત્તની સ્થિરતાવાળો અશુભકર્મના ક્ષય માટે જે કાંઈ આત્મહિત માટે ચૈત્યવંદનાદિ અનુષ્ઠાનોમાં ઉપયોગવાળો થાય. ત્યારે તેને પરમ એકાગ્રચિત્તવાળી સમાધિ પ્રાપ્ત થાય. તેનાથી જ સર્વ જગતના જીવ, પ્રાણી, ભૂત અને સત્ત્વોને જે ઈષ્ટ ફલ હોય તેવી ઈષ્ટ ફળની પ્રાપ્તિ થાય. તે કારણે હે ગૌતમ! ઈરિયાવહિયા પ્રતિક્રમણ કર્યા સિવાય ચૈત્યવંદન સ્વાધ્યાયાદિક કોઈપણ અનુષ્ઠાન ન કરવું જોઈએ. જો યથાર્થ ફળની અભિલાષા રાખતા હોતો આ કારણે હે ગૌતમ!

એમ કહેવાય છે કે પંચમંગલ મહાશ્રુત સ્કંધ નવકાર સૂત્ર, અર્થ અને તદુભય સહિત સ્થિર પરિચિત કરીને પછી ઈરિયાવહિયં સૂત્ર ભણવું.

दशवैकालिक सूत्र ની બીજી ચૂલિકાની ટીકામાં પણ કહ્યું છે- ईर्यापथिक्या : प्रतिक्रमणं विना न कल्पते किमपि कर्तुम्- ઈરિયાવહિયા પડિક્કમ્યાં વિના કોઈ પણ અનુષ્ઠાન કરવું ન કલ્પે.

આમ, ઉપરોક્ત આગમપાઠના આધારે ધર્મના સઘળાં અનુષ્ઠાનો ઈરિયાવહિયા પૂર્વક જ કરવા. ઈરિયાવહિયા કરવાથી અનુષ્ઠાનમાં ચિત્ત એકાગ્રતાવાળું બને છે અને તેથી જ અનુષ્ઠાન સફળ થાય છે. ઈરિયાવહિયા કરવામાં ન આવેતો ઈરિયાવહિયા કરવા રૂપ પ્રતિક્રમણ પ્રાયશ્ચિત દ્વારા થતી એકાગ્રતા પ્રાપ્ત ન થાય. તથા ઈરિયાવહિયાનું વિધાન શાસ્ત્રોક્ત છે કારણકે પુષ્કલીએ શંખશ્રાવકને વંદન કરતા પહેલા ઈરિયાવહિયા કરેલા એવો ઉલ્લેખ મળે છે.

આમ, અનુષ્ઠાન સફળ થાય છે, એકાગ્રતા પ્રાપ્ત થાય છે અને શાસ્ત્રમાં વિધાન કરવામાં આવ્યું છે માટે ઈરિયાવહિયા કરવા.

ભગવતી સૂત્રના બારમા ઉદેશાના પહેલા શતકમાં :

गमणागमणाए पडिक्कमइ, संखं समणोवासयं वंदइ नमंसइ, वंदित्ता नमंसित्ता एवं वयासी- ગમનાગમનમાં લાગેલા પાપોનું પુષ્કલી શ્રાવકે પ્રતિક્રમણ કર્યું, પ્રતિક્રમણ કરીને શ્રમણોપાસક શંખને વંદન અને નમસ્કાર કર્યા, વંદન અને નમસ્કાર કરીને શંખને આ પ્રમાણે કહ્યું,

ઈરિયાવહિયા પડિક્કમવા પૂર્વે ત્રણવાર પગની ભૂમિને પૂંજવી.

મહાનિશીથમાં પણ કહ્યું છે- इरियं पडिक्कमिउकामे जइ तिन्नि वाराउ चलणमाणं हिट्ठिमं भूमिभागं न पमज्जिज्जा तो पायच्छित्तं-

ઈરિયાવહિયા કરવાની ઈચ્છા કરનાર જો પગની ભૂમિની ત્રણવાર પ્રમાર્જના ન કરે તો તેને પ્રાયશ્ચિત આવે છે.

પુષ્કલી શ્રાવકનું દૃષ્ટાંત :

શ્રાવસ્તી નામની નગરી હતી. આ નગરી આપત્તિ વિનાની હતી. શ્રાવકોની સારી વસતિ અહીંયા હતી. શ્રાવકોમાં શંખ નામનો શ્રેષ્ઠ શ્રાવક હતો. તેને ઉત્પલા નામની પ્રિયા હતી. તે પણ જિનેશ્વર પ્રભુના ચરણકમળની ઉપાસિકા હતી. આ નગરમાં પુષ્કલી નામનો એક શ્રાવક પણ વસતો હતો. તે પણ સંસારમાં કમલની જેમ નિર્લેપ હતો. આ નગરમાં બીજા પણ ઘણા શ્રાવકો વસતા હતાં. તેઓ જીવાદિ તત્ત્વોના જાણકાર હતાં, ઘણી સમૃદ્ધિવાળા હતાં, તેમના સ્વજનો પણ ઘણા હતાં અને તેઓ ઘણી કુશાગ્રબુદ્ધિવાળા હતાં.

શ્રાવસ્તીમાં શ્રેષ્ઠ જ્ઞાનરૂપી ધાન્યના કોઠાર સમાન કોષ્ઠક નામનું ચૈત્ય હતું. એક દિવસ કોષ્ઠક ચૈત્યમાં વીરપ્રભુ સમવસર્યા. શંખ, પુષ્કલી આદિ શ્રાવકો પ્રભુને નમીને પ્રભુના વચનો સાંભળવા લાગ્યા. ગૌતમ સ્વામીએ પ્રભુને પૂછયું, 'પ્રભુ! જૈનશાસનમાં કઈ વિધિથી ભણાતું સૂત્ર ધર્માનુષ્ઠાન તરીકે કહેવાય છે.'

'હે ગૌતમ! વિઘ્નનો નાશ, મંગલ, હિત તથા આરબ્ધ કાર્યની પરિસમાપ્તિ માટે પ્રથમ પંચમંગલ મહાશ્રુત સ્કંધનો પાઠ કરાય છે અને ત્યારબાદ ઈરિયાવહિયા સૂત્ર બોલવાનું.

હે ગૌતમ! ઈરિયાવહિયા સૂત્ર બોલ્યા વિના અનુષ્ઠાનના ફળના અભિલાષી જીવને ચૈત્યવંદનાદિ કોઈપણ અનુષ્ઠાન કરવું ન કલ્પે. કારણકે ગમનાગમનમાં લાગેલા પાપોની આલોચના કર્યા વગર મનમાં એકાગ્રતા આવતી નથી અને જો એકાગ્રતા જ ન હોય તો સુંદર ધર્મનું ફળ પણ ક્યાંથી મળી શકે ?

તેથી પ્રથમ ગમનાગમનમાં લાગેલા પાપોની આલોચના, નિંદા અને ગર્હા કરીને હા! મેં દુષ્ટ કર્યુ છે એ પ્રમાણે મિચ્છામિ દુક્કડં કહે. ત્યાર બાદ કાઉસ્સગ્ગ દ્વારા પોતાના પાપને અનુરૂપ પ્રાયશ્ચિત કરીને જે પોતાના આત્મકલ્યાણ માટે ઉપયોગ પૂર્વક ચૈત્યવંદનાદિ કરે તેને પરમ એકાગ્રતાવાળી મન સમાધિ થાય છે અને પછી ઈષ્ટ ફળની પ્રાપ્તિ થાય છે. આમ, ઈરિયાવહિયાથી ઈષ્ટફળની પ્રાપ્તિસુધીના ફળો પ્રાપ્ત થાય છે માટે ચૈત્યવંદનાદિ અનુષ્ઠાનની પૂર્વમાં ઈરિયાવહિયા કરવા.

કહ્યું પણ છે-

देवच्चणं पवित्तं करेइ जह काउ बज्झतणुसुद्धिं ।
भावच्चणंपि हुज्जा तह इरियाए विमलचित्ते ॥

જેમ શરીરની બાહ્ય શુદ્ધિ કરીને પવિત્ર એવી દેવપૂજા કરવામાં આવે છે તેમ ઈરિયાવહિયા દ્વારા ચિત્તમાં નિર્મળતા લાવીને ભાવપૂજા કરવી.

આમ, પંચમંગલનો પાઠ અને ઈરિયાવહિયા કરીને ચૈત્યવંદન, કરેમિભંતે આદિ શેષ પણ સૂત્રનો પાઠ કરવો. (આવા પ્રકારની વિધિ પુરસ્સર કરાતો સૂત્ર પાઠ ધર્માનુષ્ઠાન બને) કારણકે ધાર્મિક જીવ દેવ અને ધર્મમાં જ રત હોય છે અને આ જ પ્રસિદ્ધિ હોય છે.'

પ્રભુની આ દેશના સાંભળીને, પ્રભુ આપે જે કહ્યું તે પ્રમાણે છે એમ કહીને ગૌતમ સ્વામીએ પ્રભુને નમસ્કાર કર્યા. શ્રાવકો પણ પ્રભુવીરને વાંદીને પોતાના સ્થાને પાછા ફર્યા.

પોતાના સ્થાને આવીને નિસ્પૃહ શંખે કહ્યું, હે શ્રાવકો આજે વિપુલ માત્રામાં રસોઈ બનાવો. ભોજન કરીને આપણે સહુ પાક્ષિક પોષહને લઈએ. શ્રાવકોએ શંખની વાત માન્ય રાખી પોતાના સ્થાને ગયા. શ્રાવકો ગયા પછી શંખને વિચાર આવ્યો કે મેં

શ્રાવકોને વિપુલ આહારાદિ બનાવવાનું કહ્યુ તો ખરી, પણ મારે તે આહારને વાપરવો કલ્પશે નહી. પરંતુ હું અલંકારનો સમૂહ અને પુષ્પનો ત્યાગ કરીશ, બ્રહ્મચર્યને ધારણ કરીશ અને એકલો પોષણ ગ્રહણ કરીશ. આ વિચાર કરીને શંખે ઉત્પલાને પૂછીને પોસહ ગ્રહણ કર્યો.

આ બાજુ શ્રાવકોએ તરત જ એકઠા થઈને ભોજનને રાંધ્યું. પછી તેઓ કહેવા લાગ્યા કે શંખે તો આપણને એમ કહ્યું હતું કે આપણે ભોજન કરીને પાક્ષિક પોષહને ગ્રહણ કરશું, પણ શંખ શ્રાવક તો હજુ આવતા નથી. આ સાંભળીને પુષ્કલીએ કહ્યુ, 'તમે ત્યાં સુધી રાહ જોજો, હું શંખને ત્યાં જઈને તેને જમવા માટે આમંત્રણ આપી આવું છું.'

પુષ્કલી આ પ્રમાણે શ્રાવકોને કહીને શંખના ઘરે પહોંચ્યો. શંખની પત્ની ઉત્પલા પોતાના ઘરે આવી રહેલા પુષ્કલીને જોઈને ઊભી થઈ અને તેની સામે સાત-આઠ પગલા ગઈ. બે હાથ જોડી પુષ્કલીને પ્રણામ કર્યા. ઘરે લાવીને આસન ઉપર બેસાડ્યા અને તેમને અહીંયા આવવાનું પ્રયોજન પૂછયું.

'ઉત્પલા! શંખ જેવો નિરાગી મિત્ર શંખ ક્યાં છે?' પુષ્કલીએ પૂછયું.

ઉત્પલાએ જ્યારે કહ્યું કે તેઓ પોષહશાળામાં છે ત્યારે પુષ્કલી પોષહશાળામાં ગયો. ત્યાં જઈને ત્રણ વાર પગની ભૂમિને પ્રમાર્જી અને ઈરિયાવહિયા કર્યા. બે હાથ જોડી આપને હું વંદન કરું છું, એ પ્રમાણે બોલીને પુષ્કલીએ પોતાના મસ્તકને નમાવીને શંખને વંદન કર્યુ. નમસ્કાર કરી ઘણા જ પ્રમોદને વહન કરતો પુષ્કલી બોલ્યો,

ભગવતી સૂત્ર - બારમું શતક - પ્રથમ ઉદ્દેશો : गमणागमणाए पडिक्कमइ, संखं समणोवासयं वंदेइ नमंसइ, वंदित्ता नमंसित्ता एवं वयासी

પુષ્કલીએ પોષહશાળામાં આવીને ઈરિયાવહિયા કર્યા. ઈરિયાવહિયા કરીને શ્રમણોપાસક શંખને વંદન નમસ્કાર કર્યા. વંદન અને નમસ્કાર કરીને આ પ્રમાણે બોલ્યા :

'મિત્ર શંખ! તમે જે પ્રમાણે ભોજન બનાવવાનું કહ્યું હતું તે તૈયાર થઈ ગયું છે. હવે તમે જમવા માટે જલ્દી આવો. આટલું કહીને તે શંખને ઊભો કરવા લાગ્યો. આથી શંખે કહ્યું, ભાઈ મેં પોષહ ગ્રહણ કર્યો. તેથી તમે તમારી ઈચ્છાને અનુસાર કરો. '

આ સાંભળીને પુષ્કલીએ શંખનું વૃત્તાંત શ્રાવકોને કહ્યું. આ વૃત્તાંત સાંભળી તેઓ કાંઈક ક્રોધે ભરાઈને જમ્યા.

આ બાજુ શંખે રાત્રિના **છેલ્લા પ્રહરમાં** વિચાર કર્યો, 'પ્રાતઃ કાળે હું પરમાત્માને પ્રણામ કરીને ધર્મ સાંભળીશ. ધર્મ સાંભળીને ઘરે પાછા આવીને હું પોષહ પાળીશ. મારા માટે આ જ શ્રેયસ્કર છે.

आगमः શ્રમણોપાસક શંખને મધ્યરાત્રિમાં ધર્મજાગરિકાને કરતી વેળાએ આવા પ્રકારનો આધ્યાત્મિક ચિંતિત પ્રાર્થિત મનમાં સંકલ્પ થયો કે રાત્રિ પસાર થઈ ગયા બાદ કાલે વિકસિત નીલકમલથી મનોહર પ્રભાતમાં લાલ અશોક વૃક્ષ, કેસુડાનો અગ્રભાગ અને ચણોઠીના જેવા લાલ અને કમળના સમુદાયને વિકસિત કરતો સૂર્ય ઊગે છતે પ્રભુ મહાવીરને નમીશ અને વંદન કરીશ ત્યારબાદ ઘરે આવીને પોષહ પાળીશ.

પ્રાતઃકાળ થયે છતે શંખ સવારે પોતાના ઘરે ગયો અને માંગલિક વસ્ત્રો પહેર્યા. ત્યારબાદ પગે ચાલે પાંચ અભિગમ કર્યા વિના સમવસરણમાં પ્રવેશ કરીને પ્રભુને નમસ્કાર કર્યો.

आगमः શંખશ્રાવક પગે ચાલીને શ્રાવસ્તી નગરીની મધ્યમાં ગયો અને પ્રભુ વીરની પર્યુપાસના કરી. આ પર્યુપાસનામાં અભિગમ નથી કરવાનો હોતો.

તે શ્રાવકોએ પણ સ્નાન કરીને એક સ્થાને ભેગા થયા. ભેગા થઈને પ્રભુવીરને નમસ્કાર કરીને તેઓએ શંખને કહ્યું, કાલે તમે પોતે જ અમને ભોજન બનાવવાનું કહ્યું હતું, પરંતુ પછી તમે જમ્યા વિના જ પોષહને ગ્રહણ કર્યો. આ રીતે તમે અમારી હીલના કરી છે, નિંદા કરી છે, ખિંસા કરી છે, ગર્હા કરી છે અને અવજ્ઞા કરી છે.

જાતિ દ્વારા નિંદા કરવી તે હીલના, મનથી નિંદા કરવી તે નિંદા, વ્યક્તિની પરોક્ષમાં નિંદા કરવી તે ખિંસા, વ્યક્તિની સામે નિંદા કરવી તે ગર્હા અને અબહુમાન ભાવ રાખવો તેને અવજ્ઞા કહેવાય છે.

શંખની શ્રાવકો દ્વારા કરાતી અવજ્ઞાને પ્રભુ જાણી ગયા. પ્રભુએ તેમને કહ્યું, 'ભાઈ! તમને શંખની હીલના ન કરો, કારણકે આ દેઢધર્મી અને પ્રિયધર્મી શંખે ગઈકાલે રાત્રે સુદક્ષ જાગરિકા કરી છે.'

આ સમયે ગૌતમસ્વામીએ પ્રભુને નમન અને વંદન કરીને પ્રશ્ન કર્યો, ' પ્રભુ આ જાગરિકાના કેટલા પ્રકાર છે?'

'ગૌતમ! જાગરિકા ત્રણ પ્રકારની બતાવવામાં આવી છે. બુદ્ધ જાગરિકા, અબુદ્ધ જાગરિકા અને સુદક્ષ જાગરિકા.

'ભગવંત! આ ત્રણેને જાગરિકા શબ્દથી કેમ કહેવામાં આવે છે, જેમકે બુદ્ધ જાગરિકા.

'હે ગૌતમ! અરિહંત ભગવંત, તેમજ જેમને જ્ઞાન અને દર્શનની પ્રાપ્તિ થઈ છે, એવા સ્કંદ મુનિ આદિ સર્વજ્ઞ અને સર્વદર્શી ભગવંતો બુદ્ધ કહેવાય છે. આ બુદ્ધ પુરુષો બુદ્ધ જાગરિકા કરે છે.

જે સાધુ ભગવંતો ઈર્યા સમિતિવાળા, મનઃ સમિતિવાળા, મનોગુપ્તિવાળા ઈન્દ્રિયોને સંયમિત કરનારા અને બ્રહ્મચારી હોય તેમને અબુદ્ધ કહેવાય. આવા

ભગવંતોની જાગરિકા તે અબુદ્ધ જાગરિકા.

જીવાજીવાદિ તત્ત્વોનો જાણકાર શ્રાવકોને સુદક્ષ કહેવાય છે. આવા સુદક્ષ જીવોની જાગરિકા તે સુદક્ષ જાગરિકા છે.

પ્રભુની દેશના સાંભળીને શંખ જેવા મધુરસ્વરવાળા શંખે પ્રભુને પૂછયું, 'ભગવંત! ક્રોધ આદિને વશ થયેલો જીવ કેટલા કર્મ બાંધે છે.'

'શંખ! ક્રોધાદિને વશ થયેલો જીવ સાત કે આઠ કર્મ બાંધે છે.'

આગમ : પ્રભુની દેશના બાદ શંખે પ્રભુને વંદન અને નમસ્કાર કર્યા અને પૂછયું, પ્રભુ ક્રોધ પરવશજીવો કયા કર્મોને બાંધે છે? કેવા પ્રકૃષ્ટ કર્મનો બંધ કરે છે? કેવા કર્મ એકઠા કરે છે અને એકઠા કરેલા કર્મોને કેવા પુષ્ટ કરે?

'શંખ! ક્રોધ પરવશ જીવ શિથિલબંધને બાંધેલી આયુષ્યને વર્જીને સાતકર્મની પ્રકૃતિને દૃઢબંધનવાળી કરે છે, જઘન્ય સ્થિતિવાળીને દીર્ઘ સ્થિતિવાળી કરે છે. મંદરસવાળીને તિવ્રરસવાળી કરે છે. અલ્પપ્રદેશવાળીને બહુ પ્રદેશવાળી કરે છે. આયુષ્યકર્મ ક્યારેક બાંધે અને આયુષ્યકર્મ ક્યારેક ન બાંધે. તથા અશાતનાવેદનીય કર્મ તો વારંવાર બાંધે છે. આમ, ક્રોધ પરવશ જીવ અનાદિ, અનંત અને દીર્ઘકાળવાળા ચાર ગતિરૂપ સંસારમાં રખડ્યા કરે છે. માન, માયા અને લોભ વશ પડેલા જીવોની પણ આ જ હાલત થાય છે.'

પ્રભુની આ દેશના સાંભળીને તે શ્રાવકો ભય પામ્યા. તેમનો કદાગ્રહ ચાલ્યો ગયો. તેઓએ શંખને વંદન અને નમસ્કાર કર્યા. અત્યંત વિનયવાન બની શંખ જેવા અત્યંત પવિત્ર શંખની ક્ષમા માંગી.

ત્યારબાદ પ્રભુને નમસ્કાર કરી ક્ષોભ વિનાનો શંખ પોતાના સ્થાને પાછો ફર્યો અને સ્વસ્થાને આવીને તેણે પોષહ પાર્યો. તે શ્રાવકો પણ પોતપોતાના સ્થાને ગયા. સર્વે ગયા પછી ગૌતમે પ્રભુને પૂછયું કે પ્રભુ આ શંખ દીક્ષાને સ્વીકારશે કે નહિ ? ત્યારે પ્રભુએ કહ્યું કે ના તે સંયમ નહિ સ્વીકારે. ફરીથી પ્રભુને ગૌતમસ્વામીએ પૂછયું કે તે ક્યારે મોક્ષમાં જશે ? ત્યારે પ્રભુએ કહ્યું કે તે ચાર પલ્યોપમની સ્થિતિવાળો સૌધર્મ દેવલોકમાં અરૂણાભ સુર નામના વિમાનમાં દેવ થઈને શંખ અસંખ્ય કર્મો ખપાવીને મહાવિદેહમાં સિદ્ધિપદને પામશે. પુષ્કલી આદિ બીજા શ્રાવકો પણ શુદ્ધઅનુષ્ઠાનને કરીને મોક્ષના સુખને અનુક્રમે અનુભવીને નિર્વાણપદને પામશે.

આ શંખ પુષ્પકલીના દૃષ્ટાંતમાં પુષ્કલીએ શંખશ્રાવકને વંદન કરવા રૂપ નાનુ અનુષ્ઠાન પણ ઈરિયાવહિયા કરવા પૂર્વક કર્યું તેમ સામાયિકાદિ કોઈપણ અનુષ્ઠાન ઈરિયાવહિયા કરવા પૂર્વક કરવું. ઈરિયાવહિયા અને એ અનુષ્ઠાનની પૂર્વે ત્રણવાર પગ પ્રમાર્જવાના હોય છે.

આ પ્રમાણે ઈરિયાવહિયાની પૂર્વમાં ત્રણવાર પગ પ્રમાર્જવા આ વિષયને

અનુલક્ષીને કહેવાતું પુષ્કલી શ્રાવકનું દૃષ્ટાંત પૂરું થયું.

'पयभूमि पमज्जणं च तिक्खुत्तो' આ સાતમાત્રિકનો ભાવાર્થ અહીં પૂરો થાય છે. હવે વર્ણાદિત્રિક નામનું આઠમું ત્રિક અહીં વર્ણવવામાં આવે છે. આ ત્રિક ગાથાના પૂર્વાર્દ્ધ દ્વારા ભાષ્યકાર મહાત્મા વર્ણવે છે.

वर्णादित्रिक :-

वन्नतियं वन्नत्थालंबणमालंबणं तु पडिमाई । गाथा-१४ पूर्वार्ध

गाथार्थ : વર્ણાત્રિકના ત્રણ પ્રકાર આ પ્રમાણે છે વર્ણ, અર્થ અને આલંબન. આલંબન એટલે પ્રતિમાદિ લેવાના છે.

टीकार्थ : સ્તુતિ અને દંડકઆદિના અક્ષરોને વર્ણ કહેવામાં આવે છે. આ વર્ણોનો ઉચ્ચાર સ્પષ્ટ કરવો. સંપદાની સમાપ્તિએ અટકવું, અત્યંત વિશુદ્ધિપૂર્વક બોલવું અને વર્ણો ન્યૂન નહિ તેમજ વધારે પણ નહિ બોલવા.

थुइदंडाई वन्ना उच्चरियव्वा फुडा सुपरिसुद्धा ।
सरवंजणाइभिन्ना सपयच्छेया उचियघोषा ॥ २३३ ॥ (चेइय वंदण महाभासः)

સ્તોત્રાદિના વર્ણો સ્પષ્ટ રીતે, અત્યંત શુદ્ધ, સ્વર વ્યંજનમાં સ્પષ્ટ ભેદ પડે તે રીતે, પદચ્છેદ સાથે (શબ્દ પૂર્ણ થાય ત્યાં અટકી અટકીને) અને ઉચિતઘોષ વાળા બોલવા.

અર્થ એટલે સ્તુતિ દંડકાદિનો પદાર્થ. આ અર્થ પણ પોતાના જ્ઞાનને અનુસારે વિચારવો.

चिंतेयव्वो समं तेसिं अत्थो जहापरिन्नाणं ।
सुन्नहियत्तमिहरहा उत्तमफलसाहगं न भवे ॥ २३३ ॥

જે રીતે (ગુરુભગવંત પાસેથી કે બીજા પાસેથી) સૂત્રાર્થનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય તે રીતે સૂત્રાદિનો અર્થ સૂત્રના ઉચ્ચારની સાથે જ વિચારવો, કારણકે સૂત્રની સાથે જો વિચાર ન કરવામાં આવે તો સૂત્રોચ્ચાર વખતે થયેલી હૃદયની શૂન્યતા ઉત્તમફળને સાધનારી ન બને.

આલંબનની વ્યાખ્યા તો ગાથામાં જ ભાષ્યકારે કરી છે. આલંબન પ્રતિમા આદિનું લેવાનું છે. અર્થાત્ પ્રતિમા આદિમાં એ રીતે ધ્યાનને પરોવવાનું છે કે જે રીતે ચંદ્રરાજાએ ચૈત્યવંદનમાં પ્રતિમાદિના આલંબનમાં ચિત્તની એકાગ્રતા કરી હતી. અહીં ગાથામાં પડિમાઈ શબ્દ મૂક્યો છે. તેથી આલંબન તરીકે પ્રભુના પ્રતિમાજી ઉપરાંત ભાવ અરિહંત આદિનું પણ આલંબન લેવાનું છે.

કહ્યું છે- भावारिहंतपमुहं सरिज्ज आलंबणंपि दंडेसु ।
अहवा जिणबिंबाइ जस्स पुरो वंदणारद्धं ॥
(ચઈયવંદણ મહાભાસ-૨૩૪)

ચૈત્યવંદનની વેળાએ નમુત્થુણં આદિ દંડકના ઉચ્ચારણ વખતે ભાવ અરિહંત આદિ આલંબનનું સ્મરણ કરવું. અથવા જે પ્રભુજીની સામે ચૈત્યવંદન કરીએ છીએ તે પ્રભુજીની પ્રતિમાને આપણું આલંબન બનાવવું.

આલંબનના વિષયમાં ચંદ્રરાજાનું દૃષ્ટાંત :

કનકપુર નામનું નગર છે. નગરની ચારેબાજુ મેરુપર્વત જેવો ઉત્તુંગ સુંદર કીલ્લો છે. કુવલય (પૃથ્વી)ને આનંદિત કરતા આ નગરના મહારાજા ચંદ્ર ખરેખર ચંદ્ર જેવા જ હતા. એક દિવસ કનકપુર નગરમાં દેવોનું આગમન થવા લાગ્યું, આથી રાજાને ખ્યાલ આવ્યો કે પોતાના નગરમાં કોઈક મહાત્માને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે. આ કેવલજ્ઞાની પ્રભુને વંદન કરવા માટે રાજા ત્યાં પહોંચ્યો. રાજાએ પ્રભુના અનુપમ રૂપને ધારી ધારીને જોયું. વિસ્મિત થયેલા રાજાએ આવા રુપવાન આપે શા માટે વ્રતને ગ્રહણ કર્યું હશે, તથા આપના વૈરાગ્યનું કારણ શું છે એવો પ્રશ્ન પ્રભુજીને કર્યો.

કેવલજ્ઞાની મુનિભગવંતે કહ્યું, 'કુસુમપુર નામનું નગર હતું. રાજાનું નામ સુલસ હતું. તે જિનશાસ્ત્રમાં કુશળ અને મનોહર ચિત્તવાળો હતો. ન્યાયમાર્ગથી તે પ્રજાનું સુંદર રીતે પાલન કરતો હતો. એક દિવસ રાજા સુલસનું શરીર દાહની પીડાથી બળવા લાગ્યું. એ સમયે રાજાને વિચાર આવ્યો કે 'અરેરે! આ કારાગાર રૂપી શરીરમાં બંધાયેલા જીવો ઘણા જ દુઃખ સહન કરે છે. આ શરીર એ જેલ છે. વિષયની તૃષ્ણાએ ખીલી છે. દર્શનાવરણીય અને જ્ઞાનાવરણીય કર્મ એ અંધારુ છે. વેદનીયકર્મ યાતનાગૃહ છે. હાસ્યાદિ પરિવારથી પરિવરેલા કષાયો જાગૃત રહેલા દ્વારપાળ સમાન છે. રાગ અને દ્વેષ એ બારણા છે. અંતરાય કર્મ ભોગાદિને રોકનાર છે. નામ અને ગોત્ર કર્મ હલકા માણસોને શોભે એવા રુપ આદિને કરવામાં નિપુણ છે. માંકણ અને જુ સમાન વ્યાધિઓ છે. મિથ્યાત્વ દુષ્ટ જંતુસમાન છે.

આ શરીરરૂપી જેલમાંથી દીન નાસી ન જાય માટે ચારે બાજુ અજ્ઞાનરૂપી કિલ્લાથી બહાર નીકળવાના રસ્તા ઢાંકી દીધા છે. ગૃહવાસરૂપ બંધનો વડે અને પત્ની રુપ બેડીથી બાંધીને તથા ગળામાં પુત્રરૂપ સાંકળ નાખીને જીવને રોષ સહિત જેલમાં કર્મપરિણામ રાજાએ નાખી દીધો છે. પોતપોતાને યોગ્ય વર્ગણામાંથી જીવન ચલાવવા વાળા આ જીવો લોકસમૂહથી ભરેલા ચૌદરાજ રૂપી જેલમાં નખાયેલા છે.

જેમ ચંદ્રદ્વારા અંધકાર સમૂહનો નાશ થાય તેમ જો મારો આ દાહરોગ શાંત થશે તો હું નિર્મમત્વરૂપ શસ્ત્રથી સર્વ બંધનોને છેદી નાખીશ. અરિહંત પ્રભુની દીક્ષા રૂપ કુહાડી દ્વારા રાગદ્વેષ રુપ કમાડને તોડી નાખીશ. શુભભાવને પામીને કષાય રૂપી દ્વારપાળને અવસ્વાપિની નિદ્રા આપી દઈશ. સુવિવેક રુપ દીપથી માર્ગને પ્રકાશિત કરીને હું મોહનિદ્રા વિનાનો બનીશ. ગુણસ્થાનકની સીડી દ્વારા ચઢીને અજ્ઞાનના કિલ્લાને ઓળંગી દઈશ. આ પ્રમાણે ચારિત્રના બળથી પરિવરેલો હું જેલમાંથી નીકળી

જઈશ અને મોહરાજા ન પ્રવેશી શકે એવા મોક્ષરૂપ કિલ્લામાં પ્રવેશ કરીશ.'

સુલસરાજા આવા વિચારમાં આગળ વધ્યા. તેમની શુદ્ધ ભાવના રૂપ અમૃત દ્વારા તરત જ દાહની પ્રચંડવેદના શાંત થઈ. સુલસરાજાએ પોતાના પુત્રને રાજ્ય ઉપર સ્થાપીને શ્રી ધર્મઘોષસૂરિની પાસે દીક્ષા અંગીકાર કરી. ગ્રહણશીક્ષા અને આસેવન શિક્ષા શીખીને તેમણે આચાર્યપદને પણ પ્રાપ્ત કર્યું. તેઓ વિહરતા વિહરતા આ નગરમાં આવ્યા અને શુક્લધ્યાનમાં આરૂઢ થયેલા તેમના સઘળા કર્મો નાશ થયા. કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ.

'હે ચંદ્રરાજા ! તે સુલસરાજા હું પોતે છું.'

કેવળીભગવંતના મુખથી જ તેમનું જીવનચરિત્ર સાંભળીને ચંદ્રરાજા પ્રમોદભાવથી આનંદિત થઈ ગયો અને બોલ્યો, 'પ્રભુ ! મને આવું કેવળજ્ઞાન ક્યારે પ્રાપ્ત થશે ?'

'સાંભળ ભાઈ ! આ ભરતમાં મિથિલા નગરી છે. તેના રાજા કુંભ અને રાણી પ્રભાવતી થશે. પ્રભાવતી રાણીની કુક્ષિરુપી મેઘજલમાં મૌક્તિક મણિ સમાન મલ્લિનાથ પ્રભુનો જન્મ થશે. સ્ત્રીવેદ કર્મના ઉદયથી તેઓ સ્ત્રી રૂપે ઉત્પન્ન થશે. તેમનું લાંછન કુંભ હશે. તેમની કાયાની કાંતિ નીલરત્ન સમાન હશે. તેમના શરીરની ઉંચાઈ ૨૫ ધનુષ્યની હશે. આ મલ્લિનાથ લગ્ન કર્યા વિના જ ૩૦૦ રાજાઓની સાથે પ્રવ્રજ્યા સ્વીકારશે અને થોડાક જ સમયમાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ થશે. હે ચંદ્રરાજા તારો જીવ મિથિલા નગરીમાં મલ્લિનાથ પ્રભુની દેશના સાંભળીને દીક્ષા લેવા તૈયાર થશે. પિતાની આજ્ઞા લઈને તે મલ્લિનાથ પ્રભુની પાસે સંયમ સ્વીકારશે. એક દિવસ મલ્લિનાથ પ્રભુનું આલંબન લઈને અનાલંબન ધ્યાન કરતા કરતા તમને તરતજ કેવળજ્ઞાન પ્રગટ થશે.'

સુલસ કેવળીના મુખથી સાંભળીને પોતાના સ્થાને ગયો. કેવલી ભગવંતે પણ અન્યત્ર વિહાર કર્યો.

શ્રી ચંદ્રરાજાએ પોતાના પ્રાસાદમાં જિનેશ્વર પ્રભુનું જિનાલય બનાવ્યું. મનના આલંબન માટે જિનાલયમાં મલ્લિનાથ પ્રભુની પ્રતિમા પધરાવી. રાજા પ્રભુની અષ્ટપ્રકારી પૂજા કરવા લાગ્યો. પ્રતિદિન ત્રિકાળપૂજા કરીને આત્માને કૃતાર્થ માનતો પ્રભુની સ્તવના લાગ્યો.

स्तुति अष्टक : श्रीकुंभभूपाल..... मे मनसः प्रयच्छत. ૨૭ થી ૩૫ શ્લોક.

શ્રી ચંદ્રરાજા સ્તવનમાં, મૌનમાં, લોકસમુદાયની મધ્યમાં, વનમાં, રાત્રિમાં, દિવસમાં, બહારમાં કે ઘરમાં સર્વત્ર મલ્લિનાથ પ્રભુના ધ્યાનના આલંબનમાં સતત રત રહે છે. એક દિવસ રાજાએ પોતાના પુત્ર ઉપર નીતિપૂર્વક રાજ્યનો ભાર સ્થાપ્યો. સંયમનો સ્વીકાર કરી સૌધર્મ દેવલોકમાં પહોંચ્યા. દેવલોકમાંથી ચ્યવીને મિથિલા

નગરીમાં હરીનંદન નામના અતિધનાઢ્ય શેઠ ને ત્યાં જન્મ લીધો. લોકોના હૃદયને આનંદિત કરનાર પુત્રનું નામ આનંદ પાડ્યું. હરિનંદનશેઠે પુત્ર આનંદના ધનાઢ્ય શ્રેષ્ઠીની આઠ કન્યાઓની સાથે લગ્ન કર્યા. આનંદ પણ પોતાની આઠ પત્નીઓની સાથે ધર્મને બાધ ન આવે તે રીતે પાંચે પ્રકારના વિષયસુખોને ભોગવે છે.

એક દિવસ તેને મલ્લીનાથ પ્રભુની દેશનારુપી અમૃતપાનનો ઘૂંટડો કર્ણરૂપી પુટથી પીધો. દેશનાના અમૃત પાનથી તેનું મોહવિષ તરત જ ઉતરી ગયું. વૈરાગ્યભાવ ઉછાળા મારવા લાગ્યો. મહામુસીબતે માતાપિતાની અનુજ્ઞા લઈને મલ્લિનાથ પ્રભુની પાસે મહાસમૃદ્ધિથી તેણે પ્રવ્રજ્યા સ્વીકારી. પ્રવ્રજ્યા લીધા પછી તે આજ્ઞા વિચય, વિપાક વિચય, સંસ્થાન વિચય અને અપાય વિચય, આ ચાર પ્રકાર સાલંબન ધર્મધ્યાન નું ધ્યાન કરવા લાગ્યા.

ત્યારબાદ આનંદ મુનિએ શુકલધ્યાનના પ્રથમ બે ભેદને ધ્યાયા.

पृथकत्व वितर्क सविचार : આ ધ્યાનમાં એક પદાર્થથી બીજા પદાર્થમાં, એક શબ્દથી બીજા શબ્દમાં અને એક યોગથી બીજા યોગમાં ચિંતનનું સંક્રમણ ચાલ્યા કરે છે. ભાંગાવાળા શ્રુતમાં ત્રણયોગથી સ્વાધ્યાય કરનારને આ ધ્યાન હોય છે.

એકત્વ વિતર્ક અવિચાર : પદાર્થ, શબ્દ અને યોગનો ફેરફાર નથી હોતો. અર્થાત્ આ ધ્યાનને કરનાર એક પદાર્થ, વર્ણ કે યોગમાંથી બીજા પદાર્થાદિમાં નથી જતો.

શુક્લધ્યાનના બે પ્રકારનું ધ્યાન કરીને *ધ્યાનાંતરિકામાં આનંદમુનિએ પ્રવેશ કર્યો. એ સમયે શુક્લલેશ્યામાં વર્તતા આ મહાત્માના ૬૩ કર્મ ખપી ગયા. કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. કેવળજ્ઞાનને પ્રાપ્ત કરીને આનંદ કેવળી વિચરવા લાગ્યા. જ્યારે તેમનો મોક્ષ અંતમુહૂર્ત કાળમાં જ થવાનો હતો ત્યારે તેમને સ્વભાવથી અથવા સમુદ્‌ઘાતથી ચારે ઘાતિકર્મોને આયુષ્યની સમાન સ્થિતિવાળા કર્યા.

પ્રથમ મનોયોગનું રુંધન ત્યારબાદ વાગ્‌યોગનું અને પછી બાદર કાય યોગનો નિરોધ કરી સૂક્ષ્મક્રિયા નિવૃત્તિ નામનું ત્રીજુ શુક્લ ધ્યાન ધર્યું. ત્રીજા ધ્યાન પછી સૂક્ષ્મ કાયયોગનો પણ રોધ કરી શૈલીશી અવસ્થામાં આવી ગયા. ત્યારે આલંબન વિનાનું ચોથું ઉપરત ક્રિયા અપ્રતિપાતિ નામનું ચોથુ શુક્લ ધ્યાન ધ્યાવા લાગ્યા. અ ઈ ઉ ઋ લૃ આ પાંચ હ્રસ્વાક્ષર બોલતા જેટલો સમય થાય ત્યાં સુધી શૈલીશી અવસ્થામાં રહે

*ધ્યાનાંતરિકા સ્થાનાંગ ૯ સ્થાનક - ધ્યાનયોઃ શુક્લધ્યાનદ્વિતિયતૃતીય-ભેદભક્ષણયોરનન્તરં મધ્યં - ધ્યાનાન્તરમ્, તદેવ ધ્યાનાન્તરિકા।

(भ.५ श. ४३) अन्तरस्य विच्छेदस्य करणम् अन्तरिका ध्यानस्य ध्यानान्तरिका બીજા અને ત્રીજા શુક્લધ્યાનનો મધ્યભાગને ધ્યાનાંતરિકા કહેવાય અથવા ધ્યાનમાં આંતરુ પાડવું તે ધ્યાનાંતરિકા.

છે. દરેક સમયે અસંખ્યગુણ શ્રેણિથી કર્મને ખપાવતા ખપાવતા દ્વિચરમ સમયે ૭૨ પ્રકૃતિ અને ચરમ સમયે શેષ ૧૩ પ્રકૃતિને પણ ખપાવી દે છે.

અંતે ઋજુશ્રેણિથી આકાશ પ્રદેશને તથા સમયાંતરને સ્પર્શ્યા વિના જ જ્ઞાનાદિ ચારે અનંત સાથે સાકાર ઉપયોગમાં વર્તતા એકજ સમયમાં આનંદમુનિ સિદ્ધિ ગતિમાં પહોંચ્યા.

હે ભવ્યજીવો ! ચંદ્રરાજાનું આ વૃત્તાંત સાંભળીને નિરાલંબનપદ-મોક્ષપદમાં બિરાજમાન થવા માટે અત્યંત દૃઢ આલંબન ભૂત એવી જિનેશ્વર પ્રભુની પ્રતિમાનું ધ્યાન ધરવું.

આ પ્રમાણે આઠમું વર્ણાદિત્રિક વર્ણવ્યું. હવે નવમું મુદ્રાત્રિક ૧૧મી ગાથાના ઉત્તરાર્ધ દ્વારા તેના નામ બતાવીને કહે છે.

नवमुंत्रिक मुद्रात्रिकः

जोग १ जिण २ मुत्तासुत्ती ३ मुद्दाभेएण मुद्दतियं ॥ १४ ॥

મુદ્રાના ત્રણ નામ છે. (૧) યોગમુદ્રા (૨) જિનમુદ્રા (૩) મુક્તાશુક્તિ મુદ્રા

મુદ્રાત્રિકનું સ્વરૂપ

अन्नुनंतरी अंगुली कोसागारेहिं दोहिं हत्थेहिं ।
पिट्ठोवरिकुप्परसंठिएहिं तह जोगमुद्दत्ति ॥ १५ ॥
चत्तारि अंगुलाइं पुरओ ऊणाइं जत्थ पच्छिमओ
पायाणं उस्सग्गो एसा पुण होइ जिणमुद्दा ॥ १६ ॥
मुत्तासुत्ती मुद्दा जत्थ समा दोवि गब्भिआ हत्था ।
ते पुण निलाड देसे लग्गा अन्ने अलग्गत्ति ॥ १७ ॥

गाथार्थ :

योगमुद्रा : પરસ્પરના આંતરાઓમાં આંગળીઓ ગોઠવી ડોડાના આકારે બનાવી પેટ ઉપર કોણી રાખેલા બે હાથ વડે થયેલા આકારવાળી મુદ્રા, તે યોગમુદ્રા છે. ૧૨.

जिनमुद्रा : જેમાં બે પગનું અંતર આગળ ચાર આંગળ અને પાછળ કંઈક ઓછું હોય, એ જિનમુદ્રા છે. ૧૩

मुक्ताशुक्ति मुद्रा : જેમાં સરખા બંનેય હાથ ગર્ભિત રાખી અને તે લલાટ પ્રદેશને અડાડેલા હોય. કોઈ આચાર્ય કહે છે - "અડાડેલા ન હોય" તે મુક્તાશુક્તિમુદ્રા. ૧૪

टीकार्थ : ગાથાર્થથી ખાસ વિશેષ નથી.

યોગમુદ્રામાં બે હાથના યોજન વિશેષની પ્રધાનતા છે. અર્થાત્ આ મુદ્રામાં બે હાથને જોડવાની મુખ્યતા છે.

પાયાણં ઉસ્સગ્ગો- અહીંયા ઉત્સર્ગનો અર્થ પરસ્પરના સંસર્ગનો ત્યાગ છે. એટલે જીનમુદ્રામાં બે પગના સંસર્ગનો ત્યાગ કરવાનો છે, બે પગ વચ્ચે આગળમાં ચાર આંગળનું અંતર રાખવાનું અને પાછળ કાંઈક ન્યૂન અંતર રાખવાનું છે. આ જિનમુદ્રાના બે અર્થ છે. કાઉસગ્ગ કરતા જિનની મુદ્રા અથવા જિના એ મુદ્રાનું વિશેષણ છે. જિનાનો અર્થ થાય છે વિઘ્નને જીતનારી. જિનમુદ્રા વિઘ્નને જીતનારી મુદ્રા છે.

મુક્તાશુક્તિ મુદ્રા - આ મુદ્રામાં હાથનો આકાર મોતીની છીપ જેવો બનાવવાનો છે. બંને હાથની આંગળીઓ એકબીજાની સામસામે રાખવાની છે. બે ભેગા કરેલા હાથ પણ વચમા પોલા રાખવાના છે.

કઈ મુદ્રામાં કયા કયા સૂત્રો બોલવાના ?

पंचंगो पणिवाओ थयपाढो होइ जोगमुद्दाए ।
वंदण जिणमुद्दाए पणिहांणं मुत्तसुत्तीए ॥ १८ ॥

ગાથાર્થ - પંચાગ પ્રણિપાત અને સ્તવપાઠ યોગમુદ્રાએ, વંદન જિનમુદ્રાએ, અને પ્રણિધાન મુક્તાશક્તિ મુદ્રાએ થાય છે.

ટીકાર્થ - જે નમસ્કારમાં જાનુ આદિ પાંચે અંગો દ્વારા નમસ્કાર કરવામાં આવે છે તેને પંચાગ પ્રણિપાત કહેવામાં આવે છે.

નમુત્થુણંને પ્રણિપાત દંડક કહેવામાં આવે છે, કારણ કે નમુત્થુણંની આદિમાં અને અંતમાં પ્રણિપાત-પ્રણામ કરવામાં આવે છે. નમુત્થુણં માં કરાતા આ પ્રણામ પાંચે અંગથી કરવાના છે.

આચારાંગચૂર્ણિમાં પણ કહ્યું છેઃ कहं नमंत्ति ? सिरपंचमेणं काएणं । આ પ્રણિપાત પ્રણામ કઈ રીતે કરવો ? મસ્તક આદિ પાંચે અંગ નમાવી કાયા દ્વારા આ નમસ્કાર કરવો.

શંકા : वामं जाणुं अंचेइ- કલ્પસૂત્રાદિમાં શક્રેન્દ્ર જ્યારે શક્રસ્તવ દ્વારા નમસ્કાર કરે છે ત્યારે ડાબા ગુડાને ઊંચો કરે છે અને જમણા ગુડાને વાળે છે એવું જે કહ્યું છે ત્યાં આ પંચાંગ પ્રણિપાત નમસ્કારનો બાધ થશે ને ?

સમાધાન : वामं जाणुं अंचेइ- આ રીતે કરાતો પ્રણિપાત નમસ્કાર પ્રભુત્વ આદિ કારણનો આશ્રય લઈને કરાય છે. અર્થાત્ ઈન્દ્રની જે પ્રભુતા છે એ કારણે કરાય છે તેથી તે વિધિ વિધિવાદનો બાધક થતો નથી.

તેમ वामं जाणुं अंचेइ- આ ચરિતાનુવાદમાં છે. ચરિતાનુવાદમાં કરાયેલી વિધિ વિધિમાર્ગનો-મૂળમાર્ગનો બાધક બનતો નથી.

ગાથામાં શક્રસ્તવના પાઠમાં પંચાંગ પ્રણિપાત કરવો તેવું કહ્યું છે એનો અર્થ એવો કરવો કે આ પ્રણિપાત નમસ્કાર પંચાંગી મુદ્રાએ કરવો, કારણકે હમણા અહીં મુદ્રાનો અધિકાર આવે છે. તથા આ પંચાંગી પ્રણિપાતમાં મુદ્રાપણું પણ કહેલું છે.

અર્થાત્ પંચાંગી પ્રણિપાત પણ મુદ્રા છે.

पञ्चाङ्ग्यामपि मुद्रात्वं - अङ्गविन्यासविशेषरूपत्वात् योगमुद्रावद्

પંચાંગી નમસ્કારમાં મુદ્રાપણું અનુમાનથી સિદ્ધ થાય છે. તે અનુમાન ઉપર પ્રમાણે છે. પંચાંગી પણ મુદ્રા છે કારણકે તેમાં પણ અંગ વિન્યાસ વિશેષ કરવામાં આવે છે. જેમ યોગમુદ્રામાં અંગવિન્યાસ કરવામાં આવે છે તેથી તે મુદ્રા તરીકે પ્રસિદ્ધ છે તેમ પંચાંગી પણ અંગવિન્યાસને કારણે અર્થાત્ અંગની રચના વિશેષને કારણે મુદ્રા કહેવાય છે.

शंका- તમે જો આ રીતે પંચાંગીને પણ મુદ્રા કહેશો તો અહીંયા જેનો અધિકાર છે તે મુદ્રાત્રિક ત્રણ હોવાથી સંખ્યાનો વિઘાત થશે. એટલે મુદ્રાની કહેલી ત્રણ સંખ્યા ઘટશે નહિ, કારણકે પંચાંગી મુદ્રા આ મુદ્રાત્રિકમાં ઉમેરાતા મુદ્રાઓ ચાર થશે.

समाधान : પંચાંગીને મુદ્રા ગણતા અહીંયા મુદ્રાની સંખ્યાનો વિઘાત નથી, કારણકે તમને અભિપ્રાયનું જ્ઞાન નથી. અહીંયા જે મુદ્રાની ત્રણ સંખ્યા ગણવામાં આવી છે તે સૂત્રના ઉચ્ચારણ વખતે કરવામાં આવતી મુદ્રાની છે. આ જ મુદ્રાને મૂળ મુદ્રા તરીકે ગણવામાં આવેલી છે. મુકુટ મુદ્રા, અંજલિ મુદ્રા અને પંચાંગીમુદ્રા તે મૂળ મુદ્રા રૂપે નથી પરંતુ તે પ્રણામ સમયે કરાતી મુદ્રા છે. આથી જ મૂળમુદ્રાની સંખ્યામાં વ્યાઘાત નથી આવતો.

બીજુ करयलपरिग्गहियं सिरसावत्तं दसनहं मत्थए अंजलिं कट्टु एवं वयासी- "બે હાથ જોડી, દશ નખ ભેગા કરી, આવર્ત કરીને મસ્તક ઉપર અંજલિ સ્થાપીને આ પ્રમાણે બોલે છે. " આવું જે કહેવામાં આવ્યું છે ત્યાં એવું સમજવાનું છે કે સંપૂર્ણ સૂત્રનો ઉચ્ચાર મસ્તક પર અંજલિ રાખીને નથી કરાતો. પરંતુ સૂત્રોચ્ચારની આદિમાં વિનયવિશેષને બતાવવા માટે મસ્તક પર અંજલિ સ્થાપવામાં આવે છે. રાજાઆદિને પણ જ્યારે વિનંતી કરવામાં આવે છે ત્યારે આદિમાં મસ્તકે અંજલિ જોડવામાં આવે છે પરંતુ તેવીજ રીતે હાથ રાખીને રાજાને વિનંતી નથી કરવામાં આવતી.

તેમજ अंजलिं कट्टु एवं वयासी- અહીં कृत्वा માં कृत्वा પ્રત્યય હોવાથી અંજલિ નમસ્કારની ક્રિયા તથા સૂત્રોચ્ચારણની ક્રિયા પણ ભિન્ન ભિન્ન જણાય છે, કારણકે कृत्वा પ્રત્યય અહીંયા પૂર્વ કાળમાં થવાવાળી નમસ્કારની ક્રિયાનો વાચક છે અને આ જ कृत्वा પ્રત્યય ઉત્તરકાળમાં થવાવાળી સૂત્રોચ્ચારની ક્રિયાનો સૂચક છે. આમ, આ રીતે અંજલિ નમસ્કારની ક્રિયા સૂત્રોચ્ચાર સમયે સિદ્ધ થતી નથી.

અંજલિ નમસ્કારની ક્રિયા તથા સૂત્રોચ્ચારની ક્રિયા બંને ભિન્ન કાળે થવા વાળી છે, તેનું બીજું પ્રમાણ એ છે કે अक्षिणी निमील्य हसति ની જેમ સમાન કાલીક તુલ્ય કર્તા અહીં નથી. અર્થાત્ अक्षिणी निमील्य हसति માં આંખ બંધ કરવાની અને હસવાની ક્રિયા બંને એક જ કાળે થાય છે અને તેને निमील्यादि मेङस्तुल्य कर्तृके(चेइय वंदण

महाभासः) पू । ४ ॥४६॥ સિદ્ધહેમ શબ્દાનુશાસનથી क्त्वा પ્રત્યય આવ્યો છે. આ સૂત્રમાં कृग् ધાતુનું ગ્રહણ નથી કર્યું. कृग् ધાતુનું આ જ અગ્રહણ બતાવે છે કે નમસ્કારની ક્રિયા અને સૂત્રપાઠની ક્રિયા બંને ભિન્ન કાળ વાળી છે.

બીજું, ભાલ ઉપર જ હાથ રાખીને સૂત્રપાઠ કરાયતો મુહપત્તિ મોંઢા ઉપર નહિ રહેવાથી ધર્મરુચિ આદિ અણગાર ભગવંતોને સાવદ્યભાષા પ્રયોગની આપત્તિ આવી જાય. તેથી કરીને અંજલિમુદ્રા સૂત્રપાઠ સમયે નથી હોતી.

તથા ભગવતી સૂત્રમાં પણ કહ્યું છે કે - હે ભગવાન ! દેવરાજા ઈન્દ્ર શું સાવદ્ય ભાષા બોલે કે અનવદ્ય બોલે ? હે ગૌતમ ! દેવેન્દ્ર સાવદ્ય ભાષા પણ બોલે અને નિરવદ્ય ભાષા પણ બોલે. હે ભંતે ! એવું શા માટે કહો છો કે મહારાજા દેવેન્દ્ર સાવદ્ય ભાષા બોલે છે અને અનવદ્ય ભાષા પણ ? હે ગૌતમ ! શક્રેન્દ્ર મુખને *સૂક્ષ્મકાય એટલે હાથ કે વસ્ત્ર વડે ઢાંક્યા વિના બોલે તો સાવદ્ય ભાષા છે અને ઢાંકીને બોલે તો નિરવદ્ય ભાષા બોલે છે અને અનવદ્ય ભાષા બોલે છે. આથી કહેવાય છે કે દેવન્દ્ર શક્ર સાવદ્ય ભાષા પણ બોલે છે અને અનવદ્ય ભાષા પણ બોલે છે. આમ, મુખ ઉપર મુહપત્તિ ન રાખવામાં આવે તો સાવદ્યભાષાની આપત્તિ આવી જ રહે છે.

આમ, અંજલિમુદ્રા કરવાથી સાવદ્યભાષાની આપત્તિ આવતી હોવાથી સૂત્રોચ્ચાર સમયે અંજલિમુદ્રા નથી કરવાની. પરંતુ આ અંજલિમુદ્રા, મુકુટ આદિ મુદ્રાઓ વિનયવિશેષને માટે સૂત્રોચ્ચારની પૂર્વે અથવા પછી કરવામાં આવે છે અને તેથી જ તે મૂળમુદ્રા સ્વરૂપે નથી. આ રીતે અંજલિમુદ્રા આદિ યોગમુદ્રાની જેમ મૂળમુદ્રા સ્વરૂપ ન હોવાથી મુદ્રાત્રિક ની સંખ્યામાં વિરોધ ઊભો થતો નથી. આ વિષયમાં બહુશ્રુત ભગવંતોની પાસેથી અધિક જાણી લેવું.

એકાંગ અને ચતુરંગ પ્રણામ પણ યોગમુદ્રાએ કરવો.

જીવાભિગમ આદિ આગમોમાં ચરિતાનુવાદમાં વિજયદેવ આદિએ એકાંગ તથા ચતુરંગ પ્રણામ કરેલો દેખવામાં આવે છે.

आलोए जिणपडिमाणं पणामं करेइ- જિનેશ્વર પ્રભુના પ્રતિમાજીના દર્શન થતાંની સાથે પ્રણામ કરે છે. वामं जाणुं अञ्चेइ दाहिणं जाणुं धरणितलंसि निहट्टु तिक्खुतो मुद्धाणं धरणियलंसि निवेसेइ - ડાબા ગુડાને ઉભો કરે છે અને જમણા ગુડાને ભૂમિમાં વાળે છે, ભૂમિમાં વાળીને મસ્તકને ભૂમિમાં ત્રણ વાર અડાડે છે.

આ પ્રણામ મધ્યમ પ્રણામ સ્વરૂપ છે, તેથી અર્દ્ધાવનત નામના પ્રણામમાં એનો સમાવેશ થઈ જાય છે. આ વિચાર પ્રણામત્રિકની વ્યાખ્યાના અવસરે કરી દેવામાં આવ્યો છે.

---

*સૂક્ષ્મકાય એટલે સૂક્ષ્મકાયના રક્ષણ માટે બોલતી વખતે મુખ પાસે હાથમાં વસ્ત્ર રખાય તે (આગમસદ્દ કોસો)

આ એકાંગ તથા ચતુરંગ સ્વરૂપ અર્ધાવનત પ્રણામ પણ યોગમુદ્રાએ સંભવે છે.

પંચાંગ પ્રણિપાત તથા શક્રસ્તવ પાઠ યોગમુદ્રાએ :

થયપાઢો હોइ जोगमुद्दाए - યોગમુદ્રાથી શક્રસ્તવ આદિનો પાઠ કરવાનો હોય છે. તેનો વિધિ આ પ્રમાણે બતાવ્યો છે- સાધુ અથવા શ્રાવકો જિનાલયમાં એકાંત સ્થાને અન્ય કર્તવ્યનો ત્યાગ કરીને સઘળા જીવોને જ્યાં પીડા ન થાય એવી ભૂમિને જોઈને જિનેશ્વર પ્રભુએ પ્રરૂપેલા વિધિના અનુસારે ત્રણવાર પ્રમાર્જીને બંને જાનુઓને સ્થાપીને બે હાથથી યોગમુદ્રા કરીને શક્રસ્તવ દંડકનો પાઠ કરે.

મહાનિશીથ સૂત્રના તૃતીય અધ્યયનમાં પણ કહ્યું છે : ત્રણે ભુવનના એક ગુરુ સમાન જિનેશ્વરની પ્રતિમામાં આંખ અને મનને સ્થાપીને હું ધન્ય છું, હું પુણ્યશાળી છું, એ પ્રમાણે જિનવંદનાથી મારો જન્મ સફળ છે એ પ્રમાણે માનતો કરકમળ દ્વારા અંજલિ રચીને લીલી વનસ્પતિ, બીજ અને જંતુ વિનાની ભૂમિમાં બંને જાનુને સ્થાપી અત્યંત સુવ્યક્ત, ચિરપરિચિત કરેલા, શંકાથી રહિત અને યથાર્થ સૂત્ર અર્થ અને તદુભયને પદે પદે ભાવતો ચૈત્યવંદન કરે. આ ચૈત્યવંદન શક્રસ્તવ આદિવાળું છે.

પર્યંકાસને શક્રસ્તવ બોલવું તે અપવાદિક આચરણા છે- જ્ઞાતાધર્મ કથા આદિમાં **धर्मरुचि साधु** આદિના ચરિતાનુવાદમાં કહ્યું છે કે पुरत्थाभिमुहे संपलिअंक निसन्ने करयले- પૂર્વદિશાની સન્મુખ પર્યંકાસનમાં બેસી બે હાથ જોડી આ પાઠમાં 'પર્યંકાસને બેસી શક્રસ્તવનો પાઠ કર્યો.' એવો જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે અશક્તિ આદિના કારણે છે. આ અપવાદિક વિધિ 'ભૂમિમાં જાનુયુગલ સ્થાપીને ચૈત્યવંદન કરવું તેવી ઉત્કૃષ્ટ વિધિનો બાધક બનતી નથી. તેનું કારણ એ છે આ અપવાદિક વિધિ ચરિતાનુવાદ વિહિત છે તેથી તે ઉત્સર્ગવિધિનો બાધક નથી બનતી. કહ્યું પણ છે કે ચરિતાનુવાદમાં કહેલ વિધાન ઉત્સર્ગવિધિના બાધક પણ નથી બનતા તેમજ સાધક પણ નથી બનતા. આ ચરિતાનુવાદનો વિધિ કારણે કરાતો હોવાથી દ્વિતીયપદ અર્થાત્ અપવાદિક વિધિમાં સમાવિષ્ટ થઈ જાય છે. તેથી તે ઉત્સર્ગનો સાધક બાધક નથી બનતો. અથવા બુદ્ધિશાળી પુરુષે બીજી પણ કોઈ આમ્નાયના અનુસારે આ અપવાદ ઉત્સર્ગનો બાધક નથી બનતો તેવું સમાધાન કરી લેવું.

વંદણ જિણમુદ્દાએ : અરિહંત ચેઈઆણં આદિ દંડકો દ્વારા જિનેશ્વર પ્રભુને જિનમુદ્રાથી વંદન કરવું. વિઘ્નને જીતનારી આ જિનમુદ્રાથી દ્રૌપદીની જેમ વંદન કરવું.

ભગવતી સૂત્ર : ત્યારે રાજાની કન્યા દ્રૌપદીએ ધૂપને પ્રગટાવ્યું, ડાબા ગુડાને ઊંચો કર્યો, યાવત્ બે હાથ જોડી આ પ્રમાણે બોલી, નમુત્થુણં યાવત્ સંપત્તાણં આ સૂત્ર બોલી વંદન કર્યા અને નમસ્કાર કર્યા.

આમ, નમુત્થુણં માં બે જાનુ સ્થાપીને, પર્યંકાસને અથવા ડાબો ગુડો ઊંચો કરીને જમણો ગુડો વાળીને સ્તવપાઠ કરાય છે. આ રીતે નમુત્થુણંના પાઠમાં વિવિધ વિધિ

દેખાય છે. તથા વિવિધ વિધિ પ્રમાણિક ગ્રંથોમાં મળે છે અને વિનય વિશેષ તેનું ફળ છે. માટે આ વિવિધ વિધિનો નિષેધ કરી શકાય નહિ. તેમાં કારણ મુનિભગવંતોના વિચિત્રમતો દેખાય છે. તેમજ આ બધાં મતો પરસ્પર અત્યંત વિરુદ્ધ નથી. કારણકે સર્વ રીતે પણ પ્રભુનો વિનય કરવો એ જ ફળ છે.

મૂળ તો નમુત્થુણંમાં વિવિધ વિધિમાં યોગમુદ્રાથી શક્રસ્તવનો પાઠ કરવામાં ક્યાંય વાંધો નથી આવતો.

वंदण जिणमुद्दाए - અરિહંત ચેઈઆણં ઈત્યાદિ દંડકો દ્વારા વિઘ્નોને જીતનારી જિનમુદ્રાથી જિનેશ્વરપ્રભુની પ્રતિમાને વંદન કરવાનું છે. જિનમુદ્રા ઊભા થઈને પગ દ્વારા કરવાની છે, અર્થાત્ આ મુદ્રાનો આશ્રય પગમાં હોય છે.

બીજું જ્યારે અરિહંત ચેઈયાણંનો પાઠ કરાય ત્યારે જિનમુદ્રા તો હોય જ પણ સાથે યોગમુદ્રા પણ ઘટે છે, કારણકે યોગમુદ્રા હાથ દ્વારા કરવાની હોય છે. અરિહંત ચેઈઆણં સ્તવરૂપે પણ છે 'થયપાઢો હોઈ જોગમુદ્દાએ' સ્તવપાઠ યોગમુદ્રાએ થાય છે. આમ, અરિહંત ચેઈઆણંમાં બંને મુદ્રાનો પણ ઉપયોગ થાય છે. (કાઉસ્સગ્ગમાં યોગમુદ્રા નહિ થાય)

पणिहाणं मुतसुत्तीए - પ્રણિધાન મુક્તાશુક્તિ મુદ્રાએ કરવાનું છે. પ્રણિધાન એટલે જય વીયરાય આદિ શબ્દોથી કરાતી ઈષ્ટ માંગણી. આવી માંગણી કરવાથી પ્રાર્થના કરનારને આ માંગણી તિવ્રમોક્ષાભિલાષનું કારણ બને છે. જ્યારે તિવ્રમોક્ષાભિલાષ પ્રગટ થાય છે ત્યારે તરત જ વિશુદ્ધ યોગોની પ્રાપ્તિ થાય છે.

આ ઈષ્ટ પ્રાર્થના સ્વરૂપ પ્રણિધાન મુક્તાશુક્તિ મુદ્રાએ કરવાનું છે.

पर्यंकासने नमुत्थुणंना पाठमां धर्मरुचि कथानकनो अधिकार :

સર્વ નગરીઓમાં શ્રેષ્ઠ ચંપા નામની નગરી છે. ચંપા નગરીના નગરજનો સૂર્યની જેમ કમલોપકારી હોવા છતાં પણ કમલોપકારી ન હતા અર્થાત્ સૂર્ય જેમ કમળને વિકસાવે છે તેમ તેઓ કમળ (શરીરના મળ)ને દૂર કરવા વાળા હતા, પણ કમલા - લક્ષ્મી ઉપર આદરભાવ વાળા ન હતા.

ચંપાનગરીમાં ચૌદે વિદ્યાના પારગામી, સુપ્રસિદ્ધ અને એકબીજામાં સ્નેહભાવવાળા ત્રણ બ્રાહ્મણ ભાઈઓ હતા. સોમ, સોમદત્ત અને સોમભૂતિ તેમનું નામ હતું. તેમની પત્નીઓના નામ ક્રમે કરી નાગશ્રી, ભૂતશ્રી અને યક્ષશ્રી હતું.

એક દિવસ આખો પરિવાર એકઠો થયો. તેઓએ એકબીજાને કહ્યું કે આપણે આપણી સાત પેઢી સુધી પુષ્કળ ધન વાપરીએ તો પણ આપણું ધન ખૂટે તેમ નથી. આથી હવે આપણે એકબીજાના ઘરે કુટુંબ સાથે આનંદ, પ્રમોદ અને ભોજન કરી આપણો સમય પસાર કરવો.

આ વાતનો સહુએ સ્વીકાર કર્યો. ત્રણે ભાઈઓ એક એક દિવસ એકબીજાના

ઘરે ભોજન કરી પોતાનો ઘણો સમય આનંદથી પસાર કરવા લાગ્યા.

એક દિવસ નાગશ્રી બ્રાહ્મણીનો વારો આવ્યો. તેણીની ભોજનની ઘણી સામગ્રીને અતિત્વરાથી રાંધવા લાગી. શાક બનાવતા એક મોટુ શરદઋતુનું કડવું અને તીખું તુંબડુ આવી ગયું. કપૂર અને એલચી નાંખી ઘણા તેલથી તેણે વઘાર્યું. શાક બની ગયા પછી થોડુંક શાક તેને હાથથી ચાખ્યું. તુંબડુ કડવું કડવું વખ જેવું લાગ્યું. આ તુંબડાને અખાદ્ય અને અભક્ષ્ય જાણીને તેણે વિચાર્યું કે અભાગણી અને સમજણ વગરની મને ધિક્કાર થાવો. અરેરે ! મેં ઘણું તેલ બગાડીને આ શાક બનાવ્યું અને મારી દેરાણીને આ ખબર પડશે એટલે તેઓ મારી નિંદા કરશે.

આવો વિચાર કરીને નાગશ્રીએ તુંબડાને છુપી જગ્યાએ છુપાવી દીધું. બીજા મીઠા તુંબડાને તરત રાંધ્યું. ત્રણે ભાઈઓએ પોતપોતાની પત્ની સાથે ભોજન લઈને પોતપોતાના કાર્યમાં લાગી ગયા.

આ બાજુ નગરમાં સુંદરભૂમિવાળા ઉદ્યાનમાં પૂર્વધર ધર્મઘોષસૂરિ નામના આચાર્ય ભગંવત ઘણા સાધુઓ સાથે પધાર્યા. આ આચાર્ય ભગવંતને ધર્મરૂચિ નામના શિષ્ય હતા. તેઓ સમિતિ ગુપ્તિથી પવિત્ર થયેલા હતા. પરમ ગુરુભક્ત હતા. ક્ષમાવાન, દાંત, શાંત, રોષ વિનાના, નિર્મમ, નિરહંકારી, માત્સર્ય વિનાના, લડાઈ નહિ કરનાર, સંમોહ વિનાના, નિયાણુ નહિ કરનાર, શુભ ધ્યાનવાળા, વાંસલા અને ચંદનની અંદર સમાન મનવાળા આ ધર્મરુચિ અણગાર માસખમણના પારણે ઊંચનીચ અને મધ્યમ કુળોમાં ગોચરી માટે નીકળ્યાં. ધર્મરુચિ સાધુ નાગશ્રીના ઘરમાં ભિક્ષા માટે પ્રવેશ્યા. મહાત્માને જોઈને પાપિષ્ઠ અને અત્યંત ભ્રષ્ટ થયેલ નાગશ્રી ખુશ થઈ ગઈ. તેણે ઊઠીને કડવા તુંબડાનું બધું શાક મુનિને વહોરાવી દીધું. મુનિએ તુંબડું લાવીને ગુરુજીને બતાવ્યું. ગંધથી ગુરુભગવંતે તુંબડાને વિષમય જાણી લીધું અને ધર્મરુચિને કહ્યું, 'વત્સ! આ તુંબડાને પરઠવી દે. અન્ય આહાર લાવીને વાપર. પરંતુ આ વાપરીને તું મરણ પ્રાપ્ત નહિ કર. ધર્મરુચિ પરઠવા માટે સ્થંડિલભૂમિમાં ગયા. તુંબડીનું એક બિંદુ પરઠવતાની સાથે તેની ગંધથી હજારો કીડીયો ખેંચાઈને આવી ગઈ. કીડીઓ જેમ જેમ તેને ખાતી ગઈ તેમ તેમ તે તરત જ મરતી ગઈ. આ જોઈને ધર્મમાં શુદ્ધ રુચિવાળા ધર્મરુચિને વિચાર આવ્યો કે એક બિંદુથી જો આટલા જીવોનું મૃત્યું થાય છે તો પછી આખું તુંબડું જો પરઠવામાં આવશે તો આ બધા જીવોનું શું થશે ? તેથી હવે આ આહારથી મારા શરીરનો ભલે વિનાશ થાઓ. નાશ પામવાના સ્વભાવવાળું આ શરીર પહેલા કે પછી છોડવાનું જ છે.'

कृमयो भस्म विष्ठा वा निष्ठा यस्येयमिदृशी ।
स कायः परपीडाभिः पाल्यते ननु को नयः ॥

વળી, જેનું શરીર અંતે કરમીયા, રાખ અને વિષ્ઠામાં રૂપાંતર થાય છે તે શરીરને

બીજાને પીડા આપી પોષવામાં આવે તે શું નીતિયુક્ત છે?

निरर्थका ये चपलस्वभावा यास्यन्त्यवश्यं स्वयमेव नाशम् । ते एव यांति क्रिययोपयोगं, प्राणा : परार्थे यदि किं न लब्धं ? ॥

જે પ્રાણો નિરર્થક છે, ચપલ સ્વભાવવાળા છે અને સ્વયં નાશ પામવાના છે તે પ્રાણો પરકલ્યાણ માટે ઉપયોગી થાય તો આપણે શું નથી મેળવ્યું ?

इक्कंचिय इत्थ वयं निद्दिट्ठं जिणवरेहिं सव्वेहिं ।
तिविहेण पाणिरक्खणमवसेसा तस्स रक्खटठा ॥

મન, વચન અને કાયાથી પ્રાણીની રક્ષા કરવા સ્વરૂપ એક જ પ્રાણાતિપાત વિરમણવ્રત સર્વ તીર્થંકર ભગવંતોએ પ્રરુપેલું છે અને બીજા વ્રતો તો તેની રક્ષા માટે છે.

સમગ્ર પ્રાણિગણના રક્ષણમાં તત્પર થયેલા, પોતાના જીવનની પણ અપેક્ષા વિનાના મહાસત્ત્વશાળી ધર્મરુચિ અણગારે આવો વિચાર કરીને આખું ય તુંબડુ વાપરી લીધું.

કહ્યું છે : नियपाणे परपाणेहिं पाणिणो पालयंति सव्वेवि ।
परपाणं नियपाणेहिं कोइ विरलुच्चिय जियंति ॥

આ જગતના લગભગ બધા જ જીવો બીજાના પ્રાણોનો વધ કરીને પોતાના પ્રાણની રક્ષા કરે છે. એવા જીવો તો થોડાક જ છે જેઓ પોતાના પ્રાણના ભોગે બીજાના પ્રાણની રક્ષા કરે છે.

કડવા તુંબડાના ભક્ષણ પછી ક્ષણમાત્રમાં ઝેર તેમના શરીરમાં ફેલાઈ ગયું. તેમના શરીરમાં કડવાશ કડવાશ ફેલાઈ ગઈ. દુઃખે સહન કરાય તેવી તીવ્ર વેદના ઊભી થઈ. આથી ધર્મરુચિ અણગાર અક્ષમ, નિર્બળ, નિર્વીર્ય બની ગયા. પુરુષાર્થ અને પરાક્રમ વિનાના બની ગયા. તેમને લાગ્યું કે હવે પાત્રાદિ ઉપકરણો હાથમાં પકડી શકાશે નહિ. આમ સમજીને એકાંત સ્થાનમાં પાત્રાદિને મૂક્યા. ભૂમિની પડિલેહણા કરીને ડાભનો સંથારો પાથર્યો. સંથારા ઉપર બેઠા.

पूर्वाभिमुख थईने पद्मासनमां बेसीने बे हाथ जोडी दशनख भेगा करी आवर्त करीने मस्तक उपर अंजलि जोडीने धर्मरुचिए आ प्रमाणे नमुत्थुणंथी सिद्धिगई नामधेयं ठाणं सपत्ताणं सुधीनो पाठ कर्यो. અરિહંત પ્રભુની સ્તવના પછી તેમને તેમના ગુરુની સ્તુતિ કરી, મારા ધર્માચાર્ય અને ધર્મોપદેશ દાતા સ્થવીર ધર્મઘોષ સૂરિને મારો નમસ્કાર થાવ. પૂર્વમાં મેં મારા ગુરુદેવ સ્થવીર ધર્મઘોષાચાર્ય પાસે પ્રાણાતિપાતાદિથી પરિગ્રહ પર્યંતના યાવજ્જીવ પચ્ચક્ખાણ કર્યા હતાં. હમણાં પણ તેજ ભગવંતની પાસે પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહનો સર્વથી ત્યાગ કરું છું. ક્રોધ માન માયા લોભ પ્રેમ દ્વેષ કલહ

અભ્યાખ્યાન પૈશુન્ય અરતિ રતિ પરપરિવાદ માયામૃષાવાદ અને મિથ્યાત્વ શલ્યનો સર્વથી યાવજજીવ હું ત્યાગ કરું છું. અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આ ચાર પ્રકારના આહારનો પણ હું સર્વથા ત્યાગ કરું છું.

આ ઈષ્ટ, પ્રિય, કાંત, મનોજ્ઞ, મનોહર, વિશ્વસનીય, સંમત, બહુમત, અનુમત, પાત્રના કરંડીયા સમાન, રત્નના કરંડીયા સમાન અને ઉપધિની જેમ સુરક્ષિત રખાયેલા શરીરને ઠંડી, ગરમી, ભૂખ, તરસ, બાળા, ચોર, દંશમશક, વાત, પિત્ત, શ્લેષ્મ, સંનિપાત આદિ વિવિધ રોગો આતંકો પરિષહો કે ઉપસર્ગો ન સ્પર્શો એ પ્રમાણે બોલીને અંતિમ ઉચ્છ્વાસ અને નિશ્વાસે પણ આ શરીરને હું વોસીરાવું છું. ધર્મરુચિ અણગારે આ પ્રમાણે શરીરને વોસીરાવીને આલોચના અને પ્રતિક્રમણ કરીને કાલધર્મ પામ્યાં.

ધર્મરુચિ અણગાર હજી સુધી તુંબડું પરઠવીને આવ્યા નહિ. તેમને ગયે ઘણો સમય થઈ ગયો હોવાથી ગુરુદેવે તેમની તપાસ કરવા માટે સાધુ ભગવંતોને મોકલ્યાં. ધર્મરુચિ કાળધર્મ પામ્યા છે એમ જાણીને તેઓએ આવીને ગુરૂદેવને કહ્યું, તેમને પૂર્વગત શ્રુતમાં ઉપયોગ મૂકીને તેમણે શ્રમણ સંઘને એકઠો કર્યો. સઘળો વૃત્તાંત સંઘની સમક્ષ કહ્યો. તેમના વૃત્તાંતને કહીને ધર્મરુચિની ગતિ કહી, 'હે આર્ય! આ મમત્વ વિનાના, શત્રુમિત્રમાં સમાન ચિત્તવાળા, બીજાની નિંદાથી વિરામ પામેલા, તત્વના જાણકાર મહાસત્ત્વશાળી, જિનવચનના અનુરાગી અને દયામાં એક રસવાળા ધર્મરુચિ કાળ કરીને સર્વાર્થસિદ્ધ દેવલોકમાં ઉત્પન્ન થયાં છે. ત્યાંથી ચ્યવીને મહાવિદેહમાં જન્મ લઈ મોક્ષ પામશે. મુનિઓ ! નાગશ્રીએ તો આવુ કૃત્ય કર્યું પણ બીજુ કોઈ આવું કૃત્ય ન કરે એટલા માટે તમે નગરમાં જાવ અને માણસોની સામે આ પ્રમાણે બોલો કે અરેરે! આ નાગશ્રી બ્રાહ્મણીએ ઘણું ખરાબ કામ કર્યું છે. આ નાગશ્રીએ કડવી તુંબડી વહોરાવીને મહાત્માને મારી નાખ્યા છે.

મુનિ મહાત્માઓએ આ વાત જનસમક્ષ કરી. નાગશ્રીના પતિ અને તેમના બંને ભાઈઓ લોકોના મોંઢેથી આ વાત સાંભળી તરત જ ઘણા રોષાયમાન થયા. રોષ તથા કોપથી ભયંકર આકારને ધારણ કરતા તેઓ નાગશ્રી પાસે આવ્યાં. તેમણે નાગશ્રીને કહ્યું, 'નાગશ્રી ! તું મૃત્યુની ઈચ્છા કરવાવાળી છે, દુષ્ટ - અશુભ લક્ષણવાળી છે, નિકૃષ્ટ કૃષ્ણા ચૌદશે જન્મેલી (ચૌદસીયણ) છે તથા શોભા, લજ્જા અને ધીરજ વિનાની છે. તને ધિક્કાર થાવ. તારા જેવી અધન્યા, પાપિણી, કુભાગણી અને લીંબોળી જેવી કડવી સ્ત્રીએ મહાતપસ્વી સાધુને માસખમણને પારણે કડવી તુંબડી વહોરાવીને મારી નાખ્યા. તેથી હે કુલને કલંકિત કરનારી સ્ત્રી ! તું મરી જા, ઘરમાંથી બહાર નીકળ, વસ્ત્રોને છોડી દે. આનું ફળ તને મળવાનું છે.'

આ પ્રમાણે બોલીને તેઓ બ્રાહ્મણીને મારવા લાગ્યા. આક્રોશ કરવા લાગ્યા, ગાળો દેવા લાગ્યા, ભર્ત્સના કરવા લાગ્યા, ધમકાવવા લાગ્યા, તાડના કરવા લાગ્યા

અને તર્જના કરવા લાગ્યા. આ રીતે કરીને તેઓએ નાગશ્રીને ઘરની બહાર કાઢી મૂકી. નાગશ્રી ત્રિકોણ રસ્તે ત્રણ રસ્તે, ચાર રસ્તે, ચોકમાં, ચાર દ્વારવાળા મહામાર્ગમાં, ભટકવા લાગી, પણ તેને ક્યાંય સ્થાન ન મળ્યું કે ન આવાસ મળ્યો. જ્યાં જાય ત્યાં કોઈ એને જાતિથી હીલના કરવા લાગ્યા, કોઈ મનથી નિંદા કરવા લાગ્યા, કોઈ પરોક્ષમાં ખિંસા (નિંદા) કરવા લાગ્યા, કોઈ લોકોની સમક્ષ જ ગર્હા કરવા લાગ્યા, કોઈ આંગળીથી બતાવીને તર્જના કરવા લાગ્યા અને કોઈ દંડ આદિથી હણવા લાગ્યા. નગરના નરનારીઓના વૃંદથી ધિક્કારાતી નાગશ્રીનું માથું મારને કારણે ઘણું ફૂટી ગયું હતું. રીંછની જેમ તેના શરીરે માખીઓના ઝુંડ ચોંટી ગયા હતાં. નાનકડા ટૂકડાથી તેને પોતાનું શરીર ઓઢ્યું હતું. નાનકડી ઘડાની ઠીકરી હાથમાં ગ્રહણ કરીને પોતાની ભૂખ ભાંગવા માટે એક ઘરેથી બીજા ઘરે ભટકવા લાગી. આ ભવમાં જ નાગશ્રી નારકી જેવા ભયંકર દુઃખોને સહન કરવા લાગી. આ પ્રમાણે શારીરિક - માનસિક દુઃખોના સાગરમાં ડુબેલી બ્રાહ્મણીને દાજ્યા ઉપર દામ જેવા સોળ રોગો એના શરીરમાં ઉત્પન્ન થયાં. ખાંસી, શ્વાસ, જ્વર, દાહ, પેટનું શૂળ, ભગંદર, મસા, અજીર્ણ, આંખ આવવી, આંખમાં શૂળ, અરુચિ, ખણજ, જળોદર, મસ્તકની વેદના, કર્ણપીડા અને કુષ્ટરોગ આ રોગોથી તેના પ્રાણ જાણે ડરી ગયા હોય તેમ તેના દેહને છોડીને ચાલ્યાં ગયાં. આર્તરૌદ્ર ધ્યાનનું ધ્યાન કરતી નાગશ્રી મૃત્યુ પામીને છઠ્ઠી નરકમાં ૨૨ સાગરોપમની સ્થિતિવાળી નારકી તરીકે ઉત્પન્ન થઈ. ત્યાં ભયંકર દુઃખોને સહન કર્યા બાદ માછલીનો ભવ મળ્યો. ત્યાં શસ્ત્રોથી હણાયેલી માછલીએ સાતમી નરકમાં જન્મ લીધો. ત્યારપછી ફરી માછલીનો ભવ અને છઠ્ઠી નરકમાં ઉત્પન્ન થઈ આ પ્રમાણે સાતે નરકમાં બે બે વખત ઉત્પન્ન થઈ. ગોશાળાની જેમ અનંતકાળ સુધી ભવસાગરમાં તે ભટકતી રહી. દરેક ભવોમાં શસ્ત્ર અને અગ્નિ દ્વારા મૃત્યુ પામીને લાંબા કાળ સુધી ચારગતિવાળા સંસારરૂપી વનમાં રખડતી રહી.

ઘણા પરિભ્રમણને અંતે નાગશ્રી બ્રાહ્મણીનો જીવ સુકુમાલિકાના ભવમાં આવ્યો. ચંપાનામની નગરીમાં સાગરદત્ત નામના શેઠ છે અને ભદ્રા તેમની પ્રિયા છે. ભદ્રાની કુક્ષિએ નાગશ્રીનો જીવ આવ્યો. જન્મ થતાં તેનું નામ સુકુમાલિકા પાડવામાં આવ્યું. જન્મતાની સાથે જ પૂર્વકર્મને કારણે તે ઘણી જ કમભાગી હતી. જિનદત્તના પુત્ર સાગર સાથે સુકુમાલિકાના લગ્ન કરી સાગરને ઘરજમાઈ બનાવ્યો. સાગરે સુકુમાલિકાના હાથ આદિનો સ્પર્શ કરતા અગ્નિ કરતા પણ વધુ ગરમ સ્પર્શ જાણ્યો. આથી સાગરે પરણીને તરત જ સુકુમાલિકાનો ત્યાગ કર્યો. સાગરદત્તે સાગરના પિતા જિનદત્તને આ વાત કરી. જિનદત્તે પુત્રને પૂછયું, 'વત્સ ! સુકુમાલિકા નિર્દોષ છે અને પતિવ્રતા છે, તો પછી તે શા માટે તેનો ત્યાગ કર્યો ?'

'પિતાજી ! હું મરી જવા તૈયાર છું, પણ ત્યાં તો હવે હું જઈશ જ નહિ.' સાગરે

પિતાને આ વાત જણાવી.

સાગરનો આવો નિશ્ચય જાણી સાગરદત્તે તેને છોડી દીધો. પુત્રી સુકુમાલિકાને એક દ્રમક સાથે પરણાવી દીધી. તે દરિદ્ર પણ સુકુમાલિકાના સ્પર્શને સહન કરવા સમર્થ ન હતો. આથી સુતેલી સુકુમાલિકાને છોડીને અને પોતાના ફાંટેલા વસ્ત્રો તથા ઠીકરાને લઈને નાસી ગયો. પિતા સાગરદત્તે સુકુમાલિકાને સમજાવ્યું, 'બેટી ! આ પૂર્વે કરેલા કર્મોનું ફળ છે તું ખેદ ન કર.'

પિતાએ સમજાવતા શાંત થયેલી સુકુમાલિકા સાધુ સાધ્વીને વહોરાવવા લાગી. ગોચરી વહોરવા માટે આવતાં સાધ્વીજીઓને તે મંત્રતંત્રના પ્રયોગો પૂછવા લાગી. એક દિવસ ગોપાલિકા નામના પ્રવર્તિની સાધ્વીએ પ્રથમ તેને શ્રાવક ધર્મ આપ્યો અને પછી સાધુધર્મ આપ્યો. સાધ્વીજીએ સાધ્વી બનેલ સુકુમાલિકાને સમજાવ્યું કે ઉપાશ્રયમાં અથવા અંગાશીમાં આતાપના લેવી કલ્પે. આ રીતે સુકુમાલિકાને સમજાવવા છતાં પણ તે ઉપાશ્રયની બહાર ઉદ્યાન આદિમાં જ કાઉસ્સગ્ગ આદિ કરવા લાગી.

એક દિવસ શિબિકાની અંદર પાંચ મનુષ્યોની સાથે આદર પૂર્વક ક્રીડા કરતી દેવદત્તાને જોઈને સુકુમાલિકા વિચારવા લાગી, ખરેખર આ સ્ત્રીનું કેવું સુંદર લાવણ્ય છે, તે કેવી સૌભાગ્યશાળી છે, અરે ! હું અભાગણી એકને પણ અણગમતી હતી. છટ્ઠ અટ્ઠમાદિક તપ કરીને હું પણ આ સ્ત્રી જેવી થાવું.' આ પ્રમાણે વિચાર કરી સુકુમાલિકા સાધ્વીજીએ ખરાબ નિયાણું કર્યું.

સુકુમાલિકા સાધ્વી હવે હાથ આદિનું પ્રક્ષાલન કરવા લાગ્યા ત્યારે સાધ્વીજીએ તેમને સમજાવ્યું કે ત્રણ ગુપ્તિનું પાલન કરનાર બ્રહ્મચારીઓને આ પ્રકારનું સ્નાન કરવું યુક્ત નથી. ગુરુણી એને વારંવાર આ પ્રમાણે કહેવા લાગ્યા ત્યારે તે અલગ ઉપાશ્રયમાં રહેવા લાગ્યા. પોતાને મન ફાવે તેમ કરવા લાગ્યા. અંતે ૧૫ દિવસના ઉપવાસ કરી કાળધર્મ પામ્યા. કાળ કરી તેઓ બીજા કલ્પમાં નવ પલ્યોપમના આયુષ્યવાળા અપરિગૃહિતા દેવી થયા. ત્યાંથી ચ્યવીને કાંપિલ્યપુરમાં દ્રુપદરાજા અને ચુલની રાણીની પુત્રી દ્રૌપદી તરીકે જન્મ પામ્યા. દ્રૌપદી રાજકુમારીએ સ્વયંવરમાં પાંચપાંડવોને સ્વામી તરીકે સ્વીકાર કર્યો.

પાંચ પાંડવને વરતાં પહેલા દ્રૌપદીએ જિનેશ્વર પ્રભુની ભક્તિ કરી હતી.

ज्ञाताधर्मकथा : આ અવસરે રાજકન્યા દ્રૌપદીએ સ્નાનઘરમાં સ્નાન કર્યું. સ્નાન કરીને તેણે જિનાલયમાં પ્રવેશ કર્યો. જિનેશ્વર પ્રભુની પ્રતિમાજીને પ્રણામ કર્યા. પ્રભુજીને પ્રણામ કરીને મોરપીંછી કરીને સૂર્યાભદેવની જેમ દ્રૌપદીએ પ્રતિમાજીને પૂજ્યા. યાવત્ ધૂપપૂજા પણ કરી. ડાબા ગુડાને ઊંચો કરીને બે હાથ જોડીને નમુત્થુણં નો સંપત્તાણં સુધી પાઠ કર્યો. વંદન કર્યા અને નમસ્કાર કર્યો.

દ્રૌપદીએ જિનપ્રતિમાને વંદન કર્યા એ વિષયમાં **जीवाभिगमजी**

लघुविवरणमां विवरण કરવામાં આવ્યું છે - દ્રોપદીએ વિધિપૂર્વક પ્રણામ કરીને પ્રણિપાત દંડકનો પાઠ કર્યો. નમુત્થુણં અરિહંતાણં.. નમો જિણાણં જિયભયાણં.

वंदन अने नमस्कारनो अर्थ - अविरतिने संपूर्ण चैत्यवंदन असंभवः

દ્રોપદીએ જિનપ્રતિમાને વંદન તથા નમસ્કાર કર્યા. અહીં વૃદ્ધ પુરુષોએ વંદન તથા નમસ્કારનો અર્થ આ પ્રમાણે કર્યો છે. પ્રસિદ્ધ ચૈત્યવંદન વિધિ દ્વારા પ્રણામ કરવા તેને વંદન કહેવાય છે અને પ્રણિધાન કરવું તેને નમસ્કાર કહેવાય છે.

દ્રૌપદીએ પ્રભુની પ્રતિમાને વંદન નમસ્કાર કર્યો છે તેથી અર્થ એ થયો કે અવિરતને સામાન્ય ચૈત્યવંદન સંભવે છે. આની સિદ્ધિ કરવા માટે વંદઈ- નમંસઈ પદમાં કેટલાક આચાર્ય ભગવંતોએ નીચે પ્રમાણે અર્થ કર્યો છે.

આમ, તો પ્રસિદ્ધ ચૈત્યવંદન વિરતિધારીઓને જ હોય છે, કારણકે અવિરતિને ઠાણેણં મોણેણં ઝાણેણં ના અભ્યુપગમ સ્વીકાર પૂર્વક કાઉસ્સગ્ગ સંભવતો નથી. આ અવિરતિ જીવો કોઈપણ વસ્તુનો સાચો ત્યાગ નથી કરી શકતા.

આથી, અવિરતિઓને કાઉસ્સગ્ગ સુધીની સંપૂર્ણ ચૈત્યવંદન વિધિ નથી સંભવતી. આ અવિરત જીવોને સામાન્યથી વંદન સંભવે છે અને પ્રભુ પરની અત્યંત પ્રીતિ જાગૃત થવાથી જે પ્રણામ કરે છે તે નમસ્કાર પણ સંભવે છે.

આમ, અહીં એ સિદ્ધ થાય છે કે અવિરતિને નમુત્થુણં પાઠ કરવા સ્વરૂપ સામાન્ય વંદન સંભવે છે પણ કાઉસ્સગ્ગ સહિતનું સંપૂર્ણ ચૈત્યવંદન સંભવતું નથી.

तत्त्वं तु केवली गम्यं । આ વિષયમાં શું તત્ત્વ છે એ તો પરમઋષિ સમા કેવલી ભગવંતો જાણે છે. દ્રૌપદી સમ્યકત્વી હતી, આથી તેણે નારદને અસંયત અને અવિરત જાણી વંદન ન કર્યું. નારદે ક્રોધે ભરાઈને નારદવેડા કર્યા અને દ્રૌપદીનું અપરકંકામાં અપહરણ થયું, એ છટ્ઠા અંગથી જાણવુ. દ્રૌપદીની કુક્ષિએ જ્યારે પાંડુસેનનો જન્મ થયો ત્યારબાદ દ્રૌપદીએ સંયમનો સ્વીકાર કર્યો. શત્રુંજય ઉપર જઈ અણસણનો સ્વીકાર કર્યો. કાળ કરી લાંતક દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થઈ. ત્યાંથી ચ્યવીને મહાવિદેહમાં સિદ્ધિગતિને પામશે.

धर्मरुचिनी कथानो उपनय : જેમ ધર્મરુચિ અણગારે પોતાના પ્રાણનો પણ ત્યાગ કરીને બીજા જીવોના પ્રાણોની રક્ષા કરી હતી તેમ સદાને માટે પ્રથમ બીજા જીવોની રક્ષા કરવી જોઈએ, તથા જે મરણાંત કાળે પણ પોતે ગ્રહણ કરેલા નિયમનું મનથી પણ ખંડન કરતો નથી તે ધર્મરુચિની જેમ સ્વર્ગાદિને પ્રાપ્ત કરે છે. સુપાત્રને વિશે ભક્તિ વિના અમનોજ્ઞ પદાર્થ આપવાથી અનર્થ માટે થાય છે. જેમ નાગશ્રીએ ધર્મરુચિને કડવું તુંબડું વહોરાવીને તેનો સંસાર લંબાવી દીધો.

श्री भगवती सूत्र : જીવો ત્રણ સ્થાનદ્વારા અશુભ અને દીર્ઘ આયુષ્યવાળા કર્મને બાંધે છે. (૧) જીવોનો વધ કરવો (૨) મૃષાવાદ કરવો અને (૩) તેવા પ્રકારના

શ્રમણ કે માહણની હીલના કરવી, નિંદા ખિંસા ગર્હા કે અવજ્ઞા કરવી, અમનોજ્ઞ તથા અપ્રીતિ ઉપજાવે તેવા અશન પાન ખાદિમ સ્વાદિમ વહોરાવવા આ ત્રણ સ્થાનો સેવવાથી અશુભ અને દીર્ઘ આયુષ્યવાળા કર્મનો બંધ થાય છે.

હીલના આદિના અર્થમાં ભેદ : જાતિ આદિથી કરાતી નિંદાને હીલના કહેવાય, મન વડે કરાય તો નિંદા કહેવાય, પરોક્ષમાં કરવામાં આવે તો ખિંસા કહેવાય અને પરાભવ કરવામાં આવે તો અવજ્ઞા કહેવાય છે.

હે ભવ્યજીવો ! દુષ્કર્મરૂપી લતાને છેદનાર ધર્મરુચિ અણગારના આ ચરિત્રને સાંભળીને બંધન વિનાના સુખને માટે તંદ્રા-આળસનો ત્યાગ કરી શાસ્ત્રોક્ત મુદ્રા પ્રમાણે ચૈત્યવંદન કરવું.

ઈતિ મુદ્રાત્રિકમાં ધર્મરુચિ અને દ્રૌપદીનો સંબંધ સંપૂર્ણ.

નવમું મુદ્રાત્રિક કહ્યું. હવે ત્રિવિધ પ્રણિધાન નામના દશમા ત્રિકને નીચે કહેવાતી ગાથાના આદ્ય ત્રણ પાદથી કહેવામાં આવે છે.

દશમું પ્રણિધાનત્રિક :

पणिहाणतिगं चेइयमुणिवंदणपत्थणासरुवं वा । मणवयकाएगत्ते-ગાથા-૧૯ પૂર્વાર્ધ

ગાથાર્થ : પ્રણિધાનનાં ત્રણ પ્રકાર છે. (૧) ચૈત્યવંદન (૨) મુનિવંદન (૩) પ્રાર્થના સ્વરૂપ, અથવા પ્રણિધાનના બીજા પણ ત્રણ પ્રકાર છે (૧) મનની એકાગ્રતા (૨) વચનની એકાગ્રતા (૩) કાયાની એકાગ્રતા

ટીકાર્થ : મુક્તાશુક્તિમુદ્રા દ્વારા જે ચૈત્યવંદનાદિ કરવામાં આવે છે તેને પ્રણિધાન કહેવામાં આવે છે. આ પ્રણિધાન ગાથામાં બતાવ્યા પ્રમાણે ત્રણ પ્રકારનું છે. ગાથામાં चेईयमुणि वंदण - અહીં આપેલ વંદણ શબ્દ ચૈત્યની સાથે પણ જોડવાનો છે. ચૈત્યવંદન સ્વરૂપ પ્રથમ પ્રણિધાન जावंति चेईआई સૂત્રથી, મુનિવંદન સ્વરૂપ બીજું પ્રણિધાન जावंत केवि साहू સૂત્રથી અને પ્રાર્થના સ્વરૂપ ત્રીજું પ્રણિધાન जय वीयराय સૂત્રથી કરવાનું હોય છે.

બૃહદ્ભાષ્યમાં કહ્યું છે :

अन्नंपि तिप्पयारं वंदणपेरंतभावि पणिहाणं ।
जंमि कए संपुन्ना उक्कोसा वंदणा होइ ॥
चेइयगय १ साहुगय २ नेयव्वं तत्थ पत्थणारूवं ।
एयस्स पुण सरूवं सविसेसं उवरि वुच्छामि ॥ (चे.भ.२५३-२५४)

ચૈત્યવંદનના અંતમાં કરાતું બીજું પણ ત્રણ પ્રકારનું પ્રણિધાન છે. આ પ્રણિધાન કરવામાં આવે તો જ ઉત્કૃષ્ટ ચૈત્યવંદના સંપૂર્ણ થાય છે. ચૈત્ય સંબંધી સાધુ સંબંધી અને પ્રાર્થના સ્વરૂપ આ પ્રણિધાનના ત્રણ પ્રકાર છે. આ પ્રણિધાનનું સ્વરૂપ વિશેષથી

આગળ કહેવામાં આવશે.

શંકા : બૃહદ્‌ભાષ્યમાં 'अन्नंपि तिप्पयारं वंदणपेरंतभावि' ત્રણ પ્રકારનું પ્રણિધાન ચૈત્યવંદનને અંતે કરવામાં આવે છે. અર્થાત્ જાવંતિ, જાવંત અને જય વીયરાય સૂત્ર દ્વારા કરાતા ચૈત્યવંદન, મુનિવંદન અને પ્રાર્થના સ્વરૂપ પ્રણિધાન ચૈત્યવંદનને અંતે કરવામાં આવે છે તો પછી અન્ય ચૈત્યવંદન પ્રણિધાન વિનાના બની જશે.

સમાધાન : પ્રણિધાનનાં બીજા પણ ત્રણ પ્રકાર છે જેથી શેષ ચૈત્યવંદનમાં પ્રણિધાનના અભાવની આપત્તિ નહિ આવે. ચૈત્યવંદન ભાષ્યની મૂળગાથામાં વા શબ્દ મૂકી પ્રણિધાનના અન્ય પણ ત્રણ પ્રકાર બતાવવામાં આવ્યા છે. (૧) મનની એકાગ્રતા (૨) વચનની એકાગ્રતા (૩) કાયાની એકાગ્રતા. આ પ્રકારનું પ્રણિધાન તો આખાંય ચૈત્યવંદનમાં કરવાનું છે.

પ્રણિધાનનો અર્થ : પ્રણિધાન એટલે મન વચન કાયાની એકાગ્રતા. પ્રણિધાન એટલે અકુશળ મન વચન કાયાને અટકાવવા. પ્રણિધાન એટલે રાગદ્વેષના અભાવ રૂપ સમાધિમાં આવવું અને પ્રણિધાન એટલે ચૈત્યવંદન વિનાના કોઈપણ ઉપયોગનો ત્યાગ કરવો અર્થાત્ પ્રભુના વંદનમાં એકાકાર બનવું.

કહ્યું પણ છે,

इह पणिहाणं तिविहं मणवइकायाण जं समाहाणं ।
रागद्दोसाभावो उवओगित्तं न अन्नत्थ ॥
एवं पुण तिविहंपि हु वंदंतेणाइओ हु कायव्वं ।
चिइवंदणमुणिवंदणपत्थणरूवं तु पज्जंते ॥

મન, વચન, કાયાની એકાગ્રતા, રાગદ્વેષનો અભાવ અને અન્ય સ્થાને ઉપયોગ ન રાખવો આ ત્રણ પ્રકારનું પ્રણિધાન ચૈત્યવંદનના પ્રારંભથીજ કરવાનું હોય છે. ચૈત્યવંદન, મુનિવંદન અને પ્રાર્થના સ્વરૂપ આ ત્રણ પ્રકારનું બીજું પ્રણિધાન ચૈત્યવંદનના પર્યંત ભાગમાં કરવાનું છે.

ભાષ્યમાં પ્રણિધાનની વિચારણા :

મનઃપ્રણિધાનઃ ચૈત્યવંદનમાં કોઈપણ પ્રકારના બીજા કાર્યનો વિચાર પણ ન કરવો, આર્તરૌદ્ર ધ્યાનનો ત્યાગ કરવો અને સૂત્રના અર્થ અને આલંબન સ્વરૂપ પ્રતિમાજીમાં એકાગ્ર થવું તેને મનઃ પ્રણિધાન કહેવામાં આવે છે.

વચન પ્રણિધાન : વિકથા અને વિવાદનો ત્યાગ કરવો. મુંગા મુંગા પણ ન બોલવું અને મોટા શબ્દે પણ ન બોલવું. પદચ્છેદ કરવા પૂર્વક ચૈત્યવંદનના સૂત્રો બોલવા.

કાયાપ્રણિધાન : ચૈત્યવંદનમાં ઊઠવા બેસવાની ક્રિયામાં ભૂમિને જોવાની અને પૂંજવાની ક્રિયા કરવી અને ચૈત્યવંદન સિવાયની કોઈપણ ક્રિયાનો ત્યાગ કરવો.

વંદનપંચાશકમાં પણ કહ્યું છે : सव्वत्थवि पणिहाणं तग्गयकिरियाभिहाण

वन्नेसु । अत्थे विसए य तहा दिट्ठंतो छिन्नजालाए ॥

ચૈત્યવંદન કરતી વખતે મુખ ઉપર મુહપત્તિ રાખવી, મુદ્રા કરવી આદિ ક્રિયાઓ, ચૈત્યવંદનના પદો, અક્ષરો, અર્થ, ચૈત્યવંદનના વિષય ભૂત ભાવ અરિહંત આદિ અથવા જેમની સન્મુખ ચૈત્યવંદન કરીએ છીએ તે જિનેશ્વર પ્રભુની પ્રતિમા તથા પ્રાર્થના સ્વરૂપ જયવીરાય સૂત્રમાં પ્રણિધાન કરવું. આ પ્રણિધાનમાં છિન્નજાલાવાળા અગ્નિ (ઉંબાડીયા)નું દૃષ્ટાંત છે.

પ્રણિધાનમાં ઉંબાડીયાનું દૃષ્ટાંત :

શિષ્ય : ચૈત્યવંદનના અવસરે વર્ણ અર્થ આલંબન આદિમાં એક સમયમાં એક સાથે ઉપયોગ કેવી રીતે રહે ? 'જુગવં દો નત્થિ ઉવઓગા' કેવલિ પ્રભુને પણ એક સાથે બે ઉપયોગ નથી હોતા તો પછી આપણને વર્ણ આદિમાં એક સાથે ઉપયોગમાં કેવી રીતે હોય?

આચાર્ય ભગવંત : સૂત્રોના અક્ષર આદિમાં ઉપયોગ ક્રમશઃ હોય છે તથા પૃથક્ પૃથક્ હોય છે, છતાં ચિત્ત અત્યંત ઝડપથી ફરતું હોવાથી આ ઉપયોગ ક્રમશઃ છે એવું જણાતું નથી. અહીંયા ઉંબાડીયાનું દૃષ્ટાંત પ્રસિદ્ધ છે. જેમ છિન્ન જાળાવાળું ઉંબાડીયું અત્યંત ઝડપથી ભમાવવામાં આવે ત્યારે અગ્નિ ચક્રના આકારની જેમ ગોળ લાગે છે. અર્થાત્ વર્તુળાકારે દેખાતાં અગ્નિમાં અગ્નિની જાળા તો છેદાયેલી છે છતાં અગ્નિ વર્તુળમાં પૂર્ણ દેખાય છે.

અથવા આ તારા પ્રશ્નનું બીજું પણ સમાધાન છે, જેમ કેવળજ્ઞાનીનો ઉપયોગ સમસ્ત જ્ઞેય પદાર્થનું એક સાથે જ્ઞાન કરે છે તે રીતે ઘણી ક્રિયાઓ એક વિષયવાળી હોય તો છદ્મસ્થને પણ એક સાથે તેને ઉપયોગમાં હોય છે.

આગમમાં પણ કહ્યું છે : એકી સાથે જુદા જુદા વિષયવાળી બે ક્રિયાઓનો નિષેધ છે પણ એક સાથે એક જ વિષયમાં બે ક્રિયાઓનો નિષેધ નથી, કારણકે ભાંગાવાળા સૂત્રમાં મન, વચન અને કાયા આ ત્રણે યોગ નો વ્યાપાર એક સમયે એક સાથે જ કહેલો છે. જેમ કે ભાંગાનો મનથી વિચાર કરે છે, વચનથી બોલે છે અને કાયાથી લખે છે. અહીંયા ભાંગાનો વિષય એક જ છે, તેથી મનની વિચારવાની ક્રિયા, વચનથી બોલવાની ક્રિયા અને કાયાથી ભાંગા લખવાની ક્રિયા આ ત્રણે ક્રિયા જુદી પણ એક સાથે થઈ શકે છે.

તે પ્રમાણે ચૈત્યવંદનની ક્રિયા એક છે તેથી વર્ણો બોલવા, અર્થ વિચારવો અને પ્રભુની પ્રતિમા જોવી એ વચન મન અને કાયાની ક્રિયા ભિન્ન હોવા છતાં પણ એક સાથે થઈ શકે છે.

આ સમસ્ત ચૈત્યવંદનમાં મન વચન કાયાનું પ્રણિધાન નરવાહન નરેન્દ્રની જેમ કરવું જોઈએ.

नरवाहन नरेन्द्रनुं दृष्टांत :

विदिशा नामनी नगरी छे. विदिशा अद्‌भुत सौंदर्यने कारणे अमरापुरी जेवी लागती हती. नगरीनो राजा नरवाहन कपटी, मूर्ख अने अभिमानी हतो. राजाने प्रियदर्शना नामनी पतिव्रता स्त्री हती. प्रियदर्शना राणीमां नाम प्रमाणे गुणो हता. तेमनुं दर्शन सहुने प्रिय लागतुं. प्रियदर्शना जिनेश्वर प्रभुनां प्रणिधानमां तत्पर रहेती. पुत्रनुं नाम अमोघरथ हतुं. अमोघरथ गुरुजनोना विनयने मनथी ईच्छतो हतो.

एक दिवस नगरजनो उत्तम वस्त्रोने धारण करीने एक दिशा तरफ जई रह्यां हतां. आ जोईने राजाने कौतुक थयुं. तेमणे प्रतिहारीने पूछ्युं के भाई, शुं आजे पर्वनो दिवस छे ?

'महाराजा ! आजे नगरमां सुव्रतसूरि नामना आचार्य भगवंत पधार्या छे. तेओओ कोपने देशवटो आपेल छे, प्रसन्नवाणीवाळा छे अने क्षमा आदि गुणोनी खाण छे. आ आचार्य भगवंतने वंदन करवा माटे लोको जई रह्या छे.'

प्रतिहारीनी वात सांभळी राजाने कौतुक थयुं के ते आचार्य भगवंत केवा हशे? राजा पण त्यां गयो. नमस्कार करीने बेसेली सभाने आचार्य भगवंते देशना आपी,

'पर्वतनो पत्थर जेम नदीमां पडीने गोळ थाय छे तेम आ स्थावर जीव अकाम निर्जरारूपी नदीमां तेना कर्मने खपावीने त्रसपणुं प्राप्त करे छे. त्रस थईने तेईन्द्रिय चउरिंद्रिय आदि थाय छे. त्यारपछी मनुष्यपणुं, आर्यक्षेत्र, उत्तमगोत्र, निरोगी शरीर, संपूर्ण आयुष्य, धर्मज्ञान अने सद्‌गुरु भगवंतो पासे धर्म सांभळवा पण मळे छे. परंतु तत्वनी रुचि दुर्लभ होवाथी मळती नथी.'

आगममां कह्युं छे - आहच्च सवणं लद्धुं, सद्धा परम दुल्लहा ।
सुच्चा नेयाउअं मग्गं, बहवे परिभस्सई ॥

कदाचित् धर्म सांभळवा मळी जाय छे, पण श्रद्धा अत्यंत दुर्लभ छे. (आ श्रद्धा न होवाना कारणे) तर्कसंगत धर्ममार्ग सांभळवा मळे तो पण घणा जीवो भ्रष्ट थई जाय छे.

धर्ममार्गथी भ्रष्ट न थवाय माटे धर्ममार्गमां शुद्ध श्रद्धा प्राप्त करीने श्रद्धामां वृद्धि थती ज रहे ते माटे प्रणिधानत्रिकनी प्रधानतावाळुं उत्कृष्ट चैत्यवंदन करवुं जोईओ.

कह्युं छे- वड्ढइ धम्मज्झाणं फुरंति हियए गुणा जिणाइणं ।
उल्लसइ सुहो भावो वंदंताणं सुपणिहाणं ॥
पणिहाणं पुण तिविहं मणवइकायाण जं समाहाणं ।
रागद्दोसाभावो उवओगित्तं न अन्नत्थ ॥
एवं पुण तिविहं पि हु वंदंतेणाइओ उ कायव्वं ।

चिइवंदणमुणिवंदण पत्थणरूवं तु पज्जंते ॥

ચૈત્યવંદનમાં પ્રણિધાન કરવામાં આવે તો ધર્મધ્યાનની વૃદ્ધિ થાય છે. જિનેશ્વર પ્રભુ આદિના ગુણો હૃદયમાં સ્ફુરાયમાન થાય છે અને શુભ ભાવો વિકસતા જાય છે.

આ પ્રણિધાનના ત્રણ પ્રકાર છે મન વચન કાયાની એકાગ્રતા, રાગ દ્વેષનો અભાવ અને ચૈત્યવંદનથી ભિન્ન વિષયમાં એકાગ્ર ન બનવું.

આ ત્રણ પ્રકારનું પ્રણિધાન ચૈત્યવંદન કરનારે શરૂઆતથી જ કરવાનું હોય છે. ચૈત્યવંદન મુનિવંદન અને પ્રાર્થના સ્વરૂપ ત્રણ પ્રકારનું પ્રણિધાન તો ચૈત્યવંદનને અંતે કરવાનું હોય છે.'

નરવાહન રાજાના ત્રણ પ્રશ્નો :

નરવાહન રાજાએ આચાર્ય ભગવંત સુવ્રત સૂરિની દેશના સાંભળીને પ્રશ્ન કર્યો, 'મહારાજ ! ગુણ વિનાની અને આપણી બુદ્ધિની કલ્પનાથી સ્થાપિત કરેલ આ પ્રતિમાઓમાં નમસ્કાર કરવા જેવું શું છે ? શરીરની શુદ્ધિ વિનાના, ગમે ત્યાં ભટકતા રહેનારા અને ભીખ દ્વારા પોતાની ઉદરપૂર્તિ કરતા આ સાધુઓને નમીને શું કરવાનું ?

વળી, આ જિન ક્યારેય પ્રસન્ન થવાના નથી તો પછી તેમને પ્રાર્થના કરવાથી શું ફળ મળવાનું છે ? પંડિત પુરુષો ક્યારેય નિષ્ફળ ભક્તિ કરતા નથી.'

પ્રથમ પ્રશ્નનો પ્રત્યુત્તર :

'હે નરેન્દ્ર ! સાંભળ, તું કહે છે કે પ્રતિમા ગુણ વિનાની છે, તે બરાબર નથી. કારણ કે, પ્રભુની પ્રતિમામાં જિનેશ્વરના અનંતા ગુણોની સ્થાપના કરી પ્રભુનું ધ્યાન કરવામાં આવે છે અને નમસ્કાર કરાય છે.'

પ્રભુની પ્રતિમામાં ગુણોની સ્થાપના કરવાથી રુપસ્થ ધ્યાન અને પિંડસ્થ ધ્યાન આ બે ધ્યાન કરવાનો અવસર મળે છે.

રુપસ્થધ્યાન : स्वर्णादिप्रतिमास्थितमर्हद्रुपं यथास्थितं पश्येत् ।
सत्प्रातिहार्यशोभं यत् तद्ध्यानमिह रूपस्थम् ॥

પ્રભુના વર્ણ પ્રમાણેની બનાવેલી સોનાની પ્રતિમામાં પ્રભુના રુપને જોવું, પ્રભુની પ્રતિમાના પરિકર માં રહેલાં પ્રાતિહાર્યોની શોભાને જોવી અને ધ્યાન ધરવું તે રુપસ્થ ધ્યાન છે.

પિંડસ્થ ધ્યાન : प्रतिमादिषु देहस्थं यथास्थमूर्तिं जिनादिकं मनसा ।
तद्रूपं चात्मानं यद् ध्यायेत् तदिह रूपस्थम् ॥

પ્રભુની કાયાના વર્ણઆદિનું, મૂર્તિના સ્વરૂપ પ્રમાણે જિનાદિકનું તથા પ્રભુના સ્વરૂપવાળો પોતાનો આત્મા છે એવું મનથી ચિંતવવું તે રુપસ્થ ધ્યાન છે.

રાજન ! પ્રભુની પ્રતિમામાં ગુણોનું સ્થાપન મનથી કરવાનું છે, આમ આપણા મનનો સંકલ્પ જ સર્વત્ર કાર્ય કરનારો થાય છે. આ મનનો સંકલ્પ ક્ષણ વારમાં સાતમી

નરકમાં લઈ જાય છે અને ક્ષણવારમાં મોક્ષમાં લઈ જાય છે.

આ મનના પરિણામોની વિશુદ્ધિની જો ઈચ્છા હોય તો શુભ આલંબન લઈને હરહંમેશ જિનેશ્વર પ્રભુની પૂજા કરવી જોઈએ. આ જિનપૂજાથી ભવ્યજીવો પણ બોધ પામે છે. આ હેતુથી પણ જિન પૂજા કરવી જોઈએ.

અનુમાન પ્રમાણથી પણ જિનપૂજા સિદ્ધ થાય છે. પ્રયોગ- જિનપૂજા કરવી જોઈએ. હેતુ- કારણકે જિનપૂજા કરવાથી હરહંમેશ પરિણામની વિશુદ્ધિ થાય છે.

આમ, હે નરવાહન રાજા ! ગુણવિનાના પ્રતિમાજી અવંદનીય છે તેવું તારું કહેવું સંગત નથી.

બીજા પ્રશ્નનો પ્રત્યુત્તર :-

વળી, તું કહે છે કે શૌચ વિનાના સાધુઓને વાંદવાથી શું ? તે પણ બરાબર નથી. સાધુઓ સદા પવિત્ર છે.

કહ્યું છે- शुद्धमणवयणतणुणो शुद्धाचारा सुबंभचेरा य ।
कयदुद्दमकरणदमा इसिणो सुइणो सया नेया ॥

સાધુ ભગવંતોના મન વચન અને કાયા શુદ્ધ હોય છે. તેઓ શુદ્ધ આચારના ધારક હોય છે. અત્યંત શુદ્ધ બ્રહ્મચર્ય વ્રતવાળા છે. દુઃખે કરીને દમી શકાય એવી ઈન્દ્રિયોને તેમણે જીતી લીધી છે. આવા સાધુ ભગવંત હંમેશ પવિત્ર છે.

વ્યાસઋષિએ પણ કહ્યું છે :

चित्तं क्षमादिभिः शुद्धं, वचनं सत्यभाषणैः ।
ब्रह्मचर्यादिभिः कायः, शुद्धो गङ्गां विनाप्यसौ ॥

જેમનું મન ક્ષમા આદિ દ્વારા શુદ્ધ છે, મુખ સત્ય બોલવા દ્વારા શુદ્ધ છે અને શરીર બ્રહ્મચર્ય આદિ દ્વારા શુદ્ધ છે. ગંગામાં સ્નાન કર્યા વિના પણ એમની કાયા શુદ્ધ છે.

चित्तं रागादिभिः किलष्टमलिकवचनैर्मुखम् ।
जीवाहिंसादिभिः कायो गङ्गाप्यस्य पराङमुखी ॥

જેમનું મન રાગ આદિથી કલુષિત થયેલું છે, મુખ અસત્ય વચનોથી કલુષિત થયેલું છે અને કાયા જીવહિંસા આદિથી કલુષિત થયેલી છે તેને ગંગા પણ શુદ્ધ કરી શકતી નથી.

न शरीरमलत्यागात् नरो भवति निर्म्मलः ।
मानसैस्तु मलैर्मुक्तो, भवत्येव हि निर्मलः ॥

શરીરના મેલનો ત્યાગ કરવાથી મનુષ્ય નિર્મળ બનતો નથી, પરંતુ મનનો મેલ દૂર કરવાથી જ નિર્મળ થવાય છે.

विषयेषु भृशं रागो, मानसं मलमुच्यते ।
विरागो हि पुनस्तेषु निर्मलत्वमुदाहृतम् ॥

શબ્દાદિ વિષયોમાં ઘણો રાગ કરવો તે મનનો મેલ છે અને વિષયોમાં વિરાગ ધારણ કરવો તેને નિર્મળતા કહેલી છે.

मृदो भारसहस्त्रेण, जलकुंभशतेन च ।
न शुद्ध्यंति दुराचाराः , स्नातास्तीर्थशतैरपि ॥

હજારો ભાર માટીથી, સેંકડો પાણીના ઘડાથી અને સેંકડો તીર્થોમાં સ્નાન કરવાથી પણ દુરાચારીઓ શુદ્ધ થતાં નથી.

आचारवस्त्रांतरगालितेन सत्यप्रसन्नक्षमशीतलेन ।
ज्ञानांबुना स्नाति च यो हि नित्यं किं तस्यं भूयात् सलिलेन कृत्यम् ॥

જે મનુષ્ય આચાર રૂપી વસ્ત્રથી ગળેલા અને સત્ય, પ્રસન્નતા તથા ક્ષમાથી શીતલ એવા જ્ઞાનરૂપી જલધારા વડે જે સદા સ્નાન કરે છે, તે જ હંમેશા પવિત્ર છે. તેને શરીરને જલથી શુદ્ધ કરવાનું શું કામ છે ?

शुचिर्भूमिगतं तोयं शुचिर्नारी पतिव्रता ।
शुचिर्धर्मपरो राजा ब्रह्मचारी सदा शुचिः ॥

ભૂમિમાં રહેલું પાણી શુદ્ધ છે, પતિવ્રતા સ્ત્રી પવિત્ર છે, ધર્મમય જીવન જીવનારો રાજા પવિત્ર છે અને બ્રહ્મચારી તો સદા માટે પવિત્ર છે.

श्रुङ्गारमदनोत्पादं, यस्मात् स्नानं प्रकीर्तितं ।
तस्मात् स्नानं परित्यक्तं, नैष्ठिकैर्बह्मचारिभिः ॥

શરીરને શુદ્ધ કરનારું સ્નાન શ્રૃંગાર અને વિકારોને ઊભા કરે છે. માટે જ તો અખંડ બ્રહ્મચારીઓએ તો સ્નાનનો ત્યાગ કરેલ છે.

कामरागमदोन्मत्ता ये च स्त्रीवशवर्तिन : ।
न ते जलेन शुद्ध्यंति, स्नातास्तीर्थशतैरपि ॥

જેઓ કામરાગ અને મદથી ઉન્મત્ત થયેલાં છે તથા સ્ત્રીઓમાં ફસાયેલા છે તેઓ સેંકડો તીર્થોમાં જઈ જલથી સ્નાન કરે તો પણ શુદ્ધ થતાં નથી.

स्नानमुद्वर्तनाभ्यङ्गौ, ताम्बूलं दंतधावनम् ।
गंधमाल्यं प्रदीपं च त्यजंति ब्रह्मचारिणः ॥

બ્રહ્મચારી સ્નાન, ચંદનાદિનો લેપ, તેલની માલિશ, પાન, દાંતણ, સુગંધી પુષ્પ અને પ્રદીપનો ત્યાગ કરે છે.

नोदकक्लिन्नगात्रो हि स्नात इत्यभिधीयते ।
स स्नातो यो दमस्नातः स बाह्याभ्यंतरः शुचिः ॥

પાણી રેડીને શરીર પલાડ્યું હોય તેને સ્નાન ન કહેવાય, પરંતુ જેણે ઈન્દ્રિયોના દમ રૂપી જલથી સ્નાન કર્યું છે, તેને જ સ્નાન કહેવાય છે. આ સ્નાન કરનારો જ બાહ્ય અને આંતરિકવૃત્તિથી શુદ્ધ છે.

यो लुब्धः, पिशुनः क्रूरो, दांभिको विषयात्मकः ।
सर्वतीर्थेष्वपि स्नातः पापाद्धि मलिनश्च सः ॥

લોભી, ચાડીયો, ક્રૂર, દંભી અને વિષયલોલુપ જીવ બધાં જ તીર્થોમાં જઈને સ્નાન કરે તો પણ પાપ સ્વરૂપ મળને કારણે તે મલિન જ રહે છે.

ज्ञानजले ध्यानह्रदे रागद्वेषमलापहे ।
यः स्नाति मानसे तीर्थे, स गच्छति परां गतिम् ॥

જેમાં જ્ઞાનનું જળ ભરેલું છે, જે ધ્યાનનું દ્રહ છે અને જે રાગદ્વેષ રૂપ મળનો નાશ કરે છે તેવા મનરૂપી તીર્થમાં જે સ્નાન કરે છે તે ઉત્તમ ગતિને પ્રાપ્ત કરે છે.

હે રાજન ! વળી, તું કહે છે કે અનિયતવૃત્તિથી રહેનારા સાધુઓને નમસ્કાર ન કરવો, આ પણ બરાબર નથી.

કારણકે સર્વત્ર સમાન મનોવૃત્તિવાળા તથા ધન અને સ્વજનાદિમાં મમત્વ વિનાના સાધુભગવંતોને અનિયત વૃત્તિથી પરિભ્રમણ કરવાનું શાસ્ત્રોમાં બતાવવામાં આવ્યું છે.

પરમ મુનિઓએ શાસ્ત્રમાં વર્ણવેલું છે :

अनिएअवासो समुआण चारिआ, अन्नायउंछं पयरिक्क्या य ।
अप्पोवही कलहविवज्जणा य, विहारचरिआ इसिणं पसत्था ॥
(દશવૈકાલિક - ચૂલિકા - ૨ ગાથા નં. ૫)

અનિયતવાસ, (એક ઠેકાણે મર્યાદા ઉપરાંત વધુ ન રહેવું) અનેક ઠેકાણેથી યાચીને ભિક્ષા ગ્રહણ કરવી, (નિર્દોષ આહાર મેળવવાના ધ્યેયથી) અજાણ્યા ઘરોમાંથી થોડું થોડું લેવું, નિર્જન સ્થળમાં રહેવું, થોડી સામાન્ય ઉપધિથી નિર્વાહ કરવો, કલહ તજવો આ પ્રકારની સાધુ જીવનની મર્યાદા પ્રશંસનીય છે.

पंडिबंधो लहुअत्तं न जणुवयारो न देसविन्नाणं ।
नाणाईण अवुड्ढी दोसा अविहारपक्खंमि ॥

જો સાધુ અનિયતવૃત્તિથી વિહાર ન કરે તો સ્થાનાદિની આસક્તિ થાય, લોકોમાં લઘુતા થાય, લોકો ઉપર ઉપકાર ન થઈ શકે, નવા નવા દેશોની જાણકારી ન થાય, અને જ્ઞાનાદિની વૃદ્ધિ ન થાય.

मासं च चउम्मासं च परं पमाणं इहेगवासंमि ।
बीयं तइयं च तहिं मासं वासं च न वसिज्जा ॥

એક સ્થાને સાધુ ભગવંતોને રહેવું હોય તો એક માસ રહેવું અથવા ચોમાસામાં ચાર મહિના રહેવું તે પ્રમાણ છે, પરંતુ એક સ્થાને બીજું ત્રીજું માસ કલ્પ કે ચોમાસુ કરવું ન જોઈએ.

અન્ય શાસ્ત્રોમાં પણ કહ્યું છે -

ग्रीष्महेमंतकान् मासानष्टौ भिक्षुः सदा चरेत् ।
दयार्थं सर्वभूतानां वर्षास्वेकत्र संवसेत् ॥

ઉનાળા અને શિયાળાના આઠ મહિના સુધી ભિક્ષુ સદા ફરતો રહે છે, પરંતુ સર્વ પ્રાણીઓની દયા માટે ચોમાસામાં એક સ્થાને જ રહેવું જોઈએ.

માર્કંડઋષિ - सर्वसंगपरित्यागो, ब्रह्मचर्यमकोपिता ॥
जितेन्द्रियत्वमावासे, नैकस्मिन् वसतिश्चिरम् ॥

માર્કંડઋષિએ પણ કહ્યું છે કે સાધુઓએ સર્વ સંગનો ત્યાગ કરવો જોઈએ, બ્રહ્મચર્યને ધારણ કરવું, ક્ષમાશીલ રહેવું, ઈન્દ્રિયોને જીતી લેવી અને એક આવાસમાં લાંબા કાળ સુધી ન રહેવું.

ભીક્ષા દ્વારા ઉદરપૂર્તિ કરનાર સાધુ અવંદનીય નથી :

आरंभनियत्ताणं धम्मसरीरस्स रक्खणनिमित्तं ।
भिक्खोवजीवगत्तं पसंसिअं नणु महेसीणं ॥

સાધુ ભગવંતો આરંભ સમારંભથી નિવૃત્ત થયેલા છે, માટે આવા મહર્ષિઓએ ધર્મના સાધનભૂત શરીરની રક્ષા માટે ભિક્ષા દ્વારા ઉદરપૂર્તિ કરવી તે પ્રશંસનીય છે.

કહ્યું પણ છે- चरेन् माधुकरीं वृत्तिमपि प्रांतकुलादपि ।
एकान्नं नैव भुञ्जीत बृहस्पतिसमादपि ॥

જેમ ભ્રમર બધા પુષ્પોમાંથી થોડો થોડો રસ પીએ છે તેમ બધા ઘરોમાંથી થોડી થોડી ભિક્ષા લેવા સ્વરૂપ માધુકરી ભિક્ષા સામાન્ય કુળોમાંથી પણ ગ્રહણ કરે, પરંતુ બૃહસ્પતિ જેવા ઊંચા એક ઘરમાંથી પણ બધી ભિક્ષા ગ્રહણ ન કરવી.

अवधूतां च पूतां च मूर्खाद्यैः परिनिन्दिताम् ।
चरेन् माधुकरीं वृत्तिं, सर्वपापप्रणाशिनीम् ॥

માન સન્માનથી ન મળતી હોય, શુદ્ધ કરેલી તથા મૂર્ખ પુરુષો જેની નિંદા કરતા હોય તેવી ભિક્ષા જો બતાલીશ દોષ વિનાની હોય તો સર્વપાપોને નાશ કરનારી માધુકરી વૃત્તિને સાધુ મેળવે.

અહીંયા અનુમાન આ પ્રમાણે છે : આ માધુકરી ભિક્ષા ગુણકારી છે, કારણકે મુનિઓ મમત્વ વિનાના હોવાથી ભાવમળની શુદ્ધિ કરનાર આ ભિક્ષા બને છે. જેમ મુનિજનોને સુતીર્થયાત્રા પ્રશંસનીય બને છે, તેમ આ ભિક્ષા પ્રશંસનીય બને છે.

વ્યાપ્તિ : साधूनां दर्शनं श्रेष्ठं, तीर्थभूता हि साधव : ।
तीर्थं पुनाति कालेन, सद्यः साधुसमागमः ॥

સાધુઓનું દર્શન શ્રેષ્ઠ છે. સાધુ ભગવંતો તીર્થ સ્વરૂપ છે. (તીર્થ કરતા પણ સાધુ દર્શન શ્રેષ્ઠ છે) કારણકે તીર્થતો કાળે ફળે છે, પરંતુ સાધુસમાગમ તો તરત

ફળદાયી બને છે.

રાજાના ત્રીજા પ્રશ્નનો પ્રત્યુત્તર :

રાજાન્ ! તારો ત્રીજો પ્રશ્ન - અપ્રસન્ન મનવાળા જિનેશ્વર આદિને પ્રાર્થના કરવાથી શું ફળ મળે તે પણ બરાબર નથી. કારણકે ચિંતામણિ રત્ન અચેતન છે છતાં પણ તેઓ સજ્જનોને ફળદાયી બને જ છે.

જિનેશ્વર ભગવંતો પણ કોપ પ્રસાદ વિનાના હોવા છતાં પણ જ્ઞાનાદિના ધારક હોવાથી પૂજનીય છે, કારણકે આ જિનેશ્વરો પૂજકના મનની પ્રસન્નતાનું કારણ બને છે.

જેમ જ્ઞાનાદિ ગુણો મનની પ્રસન્નતાનું કારણ છે તેમ જિનેશ્વર પ્રભુ પણ પ્રસન્નતાનું કારણ બને છે.

આમ ગુરુભગવંતે યુક્તિ સભર જવાબ આપ્યો, તેનો પ્રત્યુત્તર આપવા માટે અસમર્થ હોવાથી રાજા રોષાયમાન થયો અને તર્જન કરવા લાગ્યો.

કહ્યું છે - अप्रशांतमतौ शास्त्रसद्भावप्रतिपादनम् ।
दोषायाभिनवोदीर्णे, शमनीयमिव ज्वरे ॥

જેમની બુદ્ધિ સ્વસ્થ નથી તેવા જીવોને શાસ્ત્રનું જ્ઞાન આપવાથી બુદ્ધિમાં ભેદ થાય છે. જેમ નવા આવેલા તાવમાં ઔષધ દોષનું કારણ થાય છે.

સુવ્રતાચાર્યે બોધ આપવા છતાં નરવાહન રાજા મહાત્માની તર્જના કરવા લાગ્યા. આની જાણ થતાં જ રાણી પ્રિયદર્શના અને પુત્ર અમોઘરથ ત્યાં આવી પહોંચ્યા. તેમણે રાજાને કહ્યું, 'સ્વામિનાથ ! આ કરવું ઉચિત નથી લાગતું.'

કહ્યું છે- इह हीलिया उ हाणिं दिंति रिसी रोइयव्वयं हसिआ ।
अक्कोसिया उ वहबंधणाइं पुण ताडिया मरणं ॥

સ્વામિનાથ, સાધુ ભગવંતોની હીલના કરવામાં આવે તો નુકસાન થાય છે, તેમની હસીમજાક કરવામાં આવે તો રડવાનો વારો આવે છે, તેમના પ્રતિ આક્રોશ કરવામાં આવે તો વધબંધન થાય છે અને તેમને મારવામાં આવે તો મારનારને મરણ પ્રાપ્ત થાય છે.

તથા, तपस्विनि क्षमाशीले, नातिकर्कशामाचरेत् ।
अतिसंघर्षणादग्निश्चंदनादपि जायते ॥

મહાત્મા તપસ્વી હોય તથા ક્ષમાવાન હોય તો તેમને કર્કશ વચનો ન કહેવાય. ચંદન ભલે શીતળ હોય તો પણ તેને ઘણું ઘસવાથી અગ્નિ ઉત્પન્ન થાય છે.

રાણી તથા રાજપુત્રે ઘણુ સમજાવ્યા બાદ રાજા થોડું સમજ્યો. રાજાએ કહ્યું કે તેઓને મારા દેશમાં રહેવું હો તો ભલે રહે, પણ તેઓએ ધર્મનો ઉપદેશ આપવાનો નહિ.

આ પ્રમાણે રાજા કહીને પોતાના પ્રાસાદમાં ગયો. એક દિવસ સભામાં એક વ્યાપારી આવ્યો. એક હાથીને લઈને આવ્યો. આ હાથી વિશેષ શિક્ષાને પામેલો ન હતો. રાજાએ ગજના લક્ષણના જાણકાર પુરુષોને પૂછયું.

હાથીના ચાર પ્રકાર છે :

ગજલક્ષણજ્ઞાતાઓએ ચાર પ્રકારના હાથી બતાવ્યા. ભદ્ર, મંદ્ર, મૃગ અને મિશ્ર.

(૧) ભદ્ર હાથી: ભદ્રહાથીના નખ સફેદ હોય છે. તેનું પૂંછડુ લાંબુ હોય છે. ગંડસ્થલ ઉન્નત હોય છે. તે સર્વાંગ સુંદર હોય છે, તેની આંખ મધ જેવી પીળી હોય છે. તે શરદઋતુમાં મદજળને વહાવે છે. તે દાંત વડે પ્રહાર કરે છે.

(૨) મંદ્ર હાથી: મંદ્ર હાથીના મસ્તક, દાંત, નખ, વાળ, મોટા હોય છે. કેશ વાળી મોટી પૂંછ હોય છે. તે સિંહ જેવો પીળો હોય છે. તેની ચામડી ચંચળ, કાળી અને ખરબચડી હોય છે. મદને ઝરાવતો તે સૂંઢ વડે પ્રહાર કરે છે.

(૩) મૃગ હાથી: આ હાથી હેમંતઋતુમાં મદને વહાવવા વાળો હોય છે. તેનો બીજાને ત્રાસ ઉપજાવવાનો સ્વભાવ હોય છે. તે શરીરના પાછળના ભાગથી પોતાના શત્રુ ઉપર પ્રહાર કરે છે. તેના શરીર, દાંત, ચામડી, કંઠ, નખ અને કેશ પાતળાં હોય છે.

(૪) મિશ્ર હાથી: ઉપરમાં બતાવેલ ત્રણ પ્રકારના હાથીઓના રૂપ અને સ્વભાવ જેમાં હોય તેને મિશ્રહાથી કહેવાય છે. આ હાથી પોતાના સર્વ અંગોનો ઉપયોગ કરી શત્રુ ઉપર પ્રહાર કરે છે. તે હંમેશ પાણીમાં જ સ્નાન કર્યા કરે છે.

'ભદ્ર હાથી સવાલાખનો, મંદ્ર હાથી ૬૨॥ હજારનો, મૃગ હાથી ૩૧। હજારનો અને મિશ્ર હાથી ૧૫॥ હજારનો હોય છે.'

રાજા વિદ્વાનો પાસેથી આ જાણીને પ્રસન્ન થઈ ગયો. તેણે ભદ્ર હાથી ગ્રહણ કર્યો. રાજા હાથી ઉપર બેસીને રાજસવારીમાં ફરવા નીકળ્યા. હાથીને તેનું વન યાદ આવી ગયું. અત્યંત વેગથી વિંધ્યાચળ પર્વત તરફ દોડી ગયો. અંકુશથી તેના મસ્તકને ભેદ્યું. હાથીને હણનારા યોદ્ધાઓએ તેને રોકવા ઘણો પ્રયત્ન કર્યો છતાં પણ નિકાચિત કર્મની જેમ તેને રોકી ન શકાયો. જંગલી પાડો, વરાહ, બિલાડી, કાગડાના રૂપોને ધારણ કરતો કરતો દૂર જઈને તે અદૃશ્ય થઈ ગયો.

હાથી અદૃશ્ય થઈને જંગલમાં પહોંચી ગયો. રાજાએ હાથી ઉપરથી વૃક્ષની ડાળી પકડી અને નીચે ઉતર્યો. ભિલ્લોએ રાજાને પકડી લીધો. રાજાને તેઓએ પૂછયું કે તમે કોણ છો? તમે ક્યાંથી આવ્યા છો? રાજાએ તેઓને પોતાનું નામ નહી કહેતાં નરવાહન રાજાને લાકડી અને મુક્કી દ્વારા માર માર્યો. રાજાને બાંધીને તેઓ લઈ ગયા. એક દિવસ રાજાએ મહામહેનતે રાત્રિમાં બંધનોને છેદી નાખ્યાં. અટવિનું ઉલ્લંઘન કર્યું. ભૂખ તરસથી થાકેલો રાજા રાજ્યપુરમાં પહોંચ્યો. ત્યાં જઈને ભીખ માંગીને પોતાની

ભૂખ ભાંગી. રાજ્યપુરમાં તેને રહેવા માટે જગ્યા ન મળતાં રાત્રે નગરની બહાર બગીચામાં પહોંચ્યો.

ઉદ્યાનમાં પહોંચેલા રાજાને સુધર્મનામના ગુરુ ભગવંતે કહ્યું, 'નરવાહન રાજા ! હાથી તારું અપહરણ કરીને તને અહીંયા લાવ્યો છે.'

'મહારાજ ! તમે મને ક્યાંથી ઓળખો છો ?' રાજાએ પૂછયું.

'રાજન્ ! તારા દેશમાં તું ધર્મકથાનો નિષેધ કરતો હોવાથી તું સર્વત્ર પ્રખ્યાત જ છે.' સુધર્મ ગુરુભગવંતની આ વાત સાંભળી લજ્જાથી નીચા મોંઢા વાળા રાજાને ફરી પણ ગુરુભગવંતે કહ્યું,

'નરવાહન ! પોતાનું રક્ષણ થવું આદિ ધર્મનું ફળ પ્રગટ હોવા છતાં પણ પરલોકમાં કલ્યાણની ઈચ્છા વિનાના મૂઢ જીવો ધર્મમાર્ગથી કેમે કરીને ભ્રષ્ટ થાય છે. જેઓ ગુરુભગવંતોની નિંદા અને લોકવિરુદ્ધ કાર્યોને કરે છે તથા પોતાનો ઉત્કર્ષ કરતા રહે છે તેઓ તારી માફક અનેક અનર્થોને પ્રાપ્ત કરે છે.'

'રાજન, હજુ પણ કાંઈ બગડ્યું નથી. તું વિશુદ્ધ માર્ગ સેવ. જે મનુષ્ય નીતિમાર્ગનું પાલન કરે છે તેની પાસે દૂર ગયેલી લક્ષ્મી પણ આવી જાય છે.'

ગુરુભગવંતની દેશના સાંભળ્યા બાદ રાજા લઘુકર્મી થયો હોવાથી પશ્ચાતાપ કરવા લાગ્યો. ગુરુભગવંતના ચરણમાં પડીને વિનંતી કરી, 'ભગવન્ ! આ પાપોથી હું કેવી રીતે મૂકાઈશ ?'

'નરવાહન ! જિનેશ્વર અને મુનિભગવંતોને વંદન કરવાથી પાપ નાશ થાય છે.'

अभिगमणवंदणनमंसणेण पडिपुच्छणेण साहूणं ।
चिरसंचिअंपि कम्मं खणेण विरलत्तणमुवेइ ॥

સાધુ ભગવંતોની સન્મુખ જવું, વંદન કરવું, નમસ્કાર કરવો અને સેવા કાર્યની પૃચ્છા કરવી આદિ દ્વારા દીર્ઘકાળથી ઉપાર્જન કરેલા કર્મો ક્ષણવારમાં ઓછા થઈ જાય છે.

જિનેશ્વર પ્રભુના પ્રણિધાનથી સઘળાય સુખોના કારણભૂત શુભગુરુનો યોગ, માર્ગાનુસારિતા, ભવનો વૈરાગ્ય, ગુરુ અને દેવ ઉપર બહુમાન, પરલોકમાં ઈષ્ટ ફળની સિદ્ધિ, લોક વિરુદ્ધનો ત્યાગ અને પરોપકારીપણુ આદિ પ્રાપ્ત થાય છે.'

દેશના સાંભળીને રાજાનું મિથ્યાત્વ ચાલ્યું ગયું. સુધર્મ ગુરુભગવંતને નમસ્કાર કરીને તેણે સમ્યકત્વનો સ્વીકાર કર્યો. સમ્યકત્વનો સ્વીકાર કર્યા પછી રાજા જિનેશ્વર અને મુનિભગવંતના પ્રણિધાનમાં તત્પર રહેવા લાગ્યો. પોતે કરેલા દુષ્કૃતોની નિંદા કરીને પોતાના દિવસો પસાર કરવા લાગ્યો.

એક દિવસ પોતાનું સૈન્ય આવી પહોંચ્યું. રાજાએ ગુરુભગવંતને નમસ્કાર કરીને કહ્યું, 'પ્રભુ ! ક્યારેક કૃપા કરીને અમારી નગરી વિદિશામાં આપ પધારજો.' વિનંતી

કરીને રાજા પોતાના નગરમાં ગયો. પ્રિયદર્શના દેવીએ તેમને આજ સુધીનું વૃત્તાંત પૂછયું. રાજાએ પણ હાથી દ્વારા કરાયેલા અપહરણથી લઈને જિનધર્મની પ્રાપ્તિ પર્યંતનું પોતાનું વૃત્તાંત તેમને જણાવ્યું. શુદ્ધ સમ્યકત્વી બનેલો રાજા મુનિભગવંતોની ઉપાસના, જિનપૂજામાં તત્પરતા, ધાર્મિક જીવો પ્રત્યે બહુમાન અને સુપ્રણિધાનને ધારણ કરી રાજ્યનું જતન કરવા લાગ્યો.

એક દિવસ આચાર્ય ભગવંત સુધર્મસૂરિ મહારાજા વિદિશા નગરીમાં આવી પહોંચ્યા. ઉદ્યાનપાલકે ગુરુભગવંતના આગમનના સમાચાર આપ્યા. રાજા સર્વઋદ્ધિ સાથે મુનિભગવંતને વંદન કરવા માટે નીકળ્યો. પ્રિયદર્શના અને પુત્ર અમોઘરથની સાથે રાજાએ સુધર્મસૂરિના ચરણોમાં નમસ્કાર કર્યા. રાજાએ વિનયપૂર્વક બે હાથ જોડીને સૂરિભગવંતને વિનંતી કરી, 'ભગવન્ ! આપે આપના ચરણારવિંદના વંદન નહિ કરાવીને ઘણા સમય સુધી અમારી ઉપર કૃપા કેમ નહિ કરી ?'

'રાજન, અમે હમણા ઘણા વ્યગ્ર હતાં. તેથી તારા નગરમાં આવી શક્યા નહિ.

'ગુરુભગવંત, આપે તો આરંભ સમારંભનો ત્યાગ કરેલો છે, સર્વ સંગથી મુક્ત બન્યા છો તો પછી આપને એવી કઈ વ્યાકુળતા છે ?'

'રાજન, અમે યુદ્ધમાં રોકાયેલા હોવાથી વ્યગ્ર હતા.'

'ભગવન, આપ તો શત્રુ અને મિત્રમાં સમાન બુદ્ધિવાળા છો, ક્ષેત્રાદિના વિરોધના કારણનું ઉન્મૂલન કરવાવાળા છો, પ્રશમભાવ આપની ધનસંપત્તિ છે અને આપની પાસે કોઈ શસ્ત્રો તો છે નહિ. તો પછી આપને યુદ્ધ ક્યાંથી કરવાનું હોય ? મને મોટું આશ્ચર્ય લાગે છે. આપ કૃપા કરીને કહો કે ક્યા કારણે આપને યુદ્ધ થયું છે ?'

'રાજન, મેં જે યુદ્ધ કર્યુ છે તેની મોટી કથા છે. સાંભળ, એક દિવસ હું પ્રમતસંયતવનમાં પહોંચી ગયો હતો. આ સમાચાર પ્રમાદ નામના જાસૂસ પાસેથી સાંભળીને તરત જ મોહરાજાએ ભવચક્રનો વ્યૂહ રચીને મારી ઉપર આક્રમણ કર્યું.'

મોહરાજાએ રચેલો ભવચક્રનો વ્યૂહ :

મોહરાજાએ મારી સામે આ પ્રમાણે ભવચક્રનો વ્યૂહ રચ્યો. ચક્રની આગળની ધારમાં (આરામાં) અનંતાનુબંધી યોદ્ધાઓને ઊભા રાખ્યા. ડાબી બાજુ દર્શનમોહને અને જમણી બાજુ ચારિત્ર મોહને ગોઠવી દીધા. બે પડખે આયુષ્ય કર્મને અને નામ કર્મને રાખ્યા. પાછળની ધારમાં વેદનીય કર્મ અને ગોત્રકર્મ નામના યોદ્ધાને સ્થાપ્યા. આ જગતમાં સૌથી બળવાન કામ યોદ્ધાને નોકષાય સહિત આગળના આરામાં મૂક્યા. પડખાના પાછળના આરામાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયકર્મ નામના સામંતોને ગોઠવી દીધાં. ભવચક્રના વ્યૂહની સુદૃઢનાભિ સમા મધ્ય કેન્દ્રમાં મોહરાજા ગોઠવાયા.

વચ્ચે રાજાએ પૂછી લીધું, 'ભગવન, આપ તો ત્રણે જગતનું હિત ઈચ્છનારા છો.

આપને મોહરાજાની સાથે વેર ક્યાંથી સંભવે ?'

'રાજન, મારે મોહરાજાની સાથે વેરનું કારણ છે. તારા મનને તું સાવધાન કરીને સાંભળ, થોડાક સમય પૂર્વે મેં અનેક દુઃખોને આપનાર દેવાયુ, નરકાયુ અને તિર્યંચાયુ નામના મોહરાજાઓના યોદ્ધાને ચરમ શરીર રૂપ મહાઅસ્ત્ર દ્વારા હણ્યા હતાં.'

'ભગવન, તે યોદ્ધાઓને હણ્યા પછી શું થયું ?'

'રાજન, આ યોદ્ધાઓ યુદ્ધમાં પડ્યા પછી મોહરાજાએ વિવિધ વિકથા રુપી વિજયઢક્કાઓ વગાડી. રણસંગ્રામ માટે તૈયાર થયેલા વિષય આદિ અનેક સૈનિકોનો તુમુલરવ સંભળાવા લાગ્યો.'

અવાજ સાંભળીને મારો ઉપયોગ નામનો જાસૂસ વિચારવા લાગ્યો કે શું અહીંયા કોઈ મહોત્સવ છે ? વિચારતા તેને બધો ખ્યાલ આવી ગયો. જાસૂસે માહિતી આપ્યા બાદ મેં તરત જ મોહરાજાના ચક્રવ્યૂહની સામે ક્ષપકશ્રેણિના વ્યૂહને રચ્યો.

भव्यचक्रव्यूहनी सामे क्षपकश्रेणिनो व्यूह :

મેં ક્ષપકશ્રેણિના વ્યૂહમાં મધ્યમાં ચારિત્ર નરેન્દ્રને સ્થાપ્યા. ચારિત્ર નરેન્દ્રની જમણી બાજુમાં તેમના જ શ્રેષ્ઠ પુત્રને મૂક્યો. તેનું નામ યતિધર્મ હતું. તે દશ સુભટોથી યુક્ત હતો અને મહાન રથિક હતો. ચારિત્રનરેન્દ્રની ડાબી બાજુ સત્તરભટોથી યુક્ત સંયમ નામનો અતિરથિક યોદ્ધો મૂકાયો. વ્યૂહની અંદર બીજા પણ બળવાન મહાવ્રતોનામના રથિકો મૂકવામાં આવ્યાં. સંતોષ નામનો મહાવીર યોદ્ધો, બાહ્યતપ, અભ્યંતર તપ, ચરણ આ યોદ્ધા પણ તૈયાર થઈ ગયા. એક બાજુ ૭૦ ચરણ સુભટ તથા એક બાજુ ૭૦ કરણ સુભટો ગોઠવાઈ ગયા હતા.

ત્યારબાદ અઢાર હજાર શીલાંગનું પાયદળ પણ ગોઠવાઈ ગયું. તેમની પાછળ શુભ ભાવ નામના મંત્રીની સલાહથી હું અશ્વ પર સવાર થયો. મોહરાજાની સામે યુદ્ધ કરવા માટે યુદ્ધનું મેદાન મારું ચિત્ત હતું. મારા ચિત્તના મેદાનને ધ્યાનરૂપી તીક્ષ્ણ પરશુથી યુદ્ધ કર્યું. મોહની સામે યુદ્ધ કરવા માટે ચિત્તના મેદાનમાં સ્વાધ્યાયની ભેરી વગાડવા પૂર્વક હું પ્રવેશ્યો.

યુદ્ધનો પ્રારંભ થતાં પાયદળના સૈનિકો શત્રુઓના પાયદળના સૈનિકો સાથે, મહાવત મહાવતની સાથે, ઘોડેસવાર ઘોડેસવારની સાથે ભાલા અને બાણથી એકબીજા ઉપર પ્રહાર કરી લાંબા કાળ સુધી યુદ્ધ કરવા લાગ્યા.

દુષ્ટ અભિપ્રાય રુપ ઘોડા ઉપર બેસીને સાંપરાયિક કષાય રૂપી મ્લેચ્છો જ્યારે મારી સામે આવ્યા ત્યારે મેં ત્રણ વિશુદ્ધ યોગરૂપ ભાલોડીયાનો પ્રહાર કરી તેઓને હણી નાખ્યા. પછી શ્રુતધર્મરુપી ધનુષને બોધરુપી દોરીથી સજ્જ કરી જ્ઞાનરૂપી બાણને મિથ્યાત્વરુપ ભિલ્લપતિના હૃદયમાં માર્યું અને મિથ્યાત્વનો વધ થયો. મિથ્યાત્વ ભિલ્લપતિનો વધ થયા પછી મિશ્રજાતિનો મિશ્રદૃષ્ટિ સામંત મારી પાછળ પડ્યો. તેના

પણ મેં તત્ત્વવિનિશ્ચય નામની તલવારથી ટુકડેટુકડા કરી નાખ્યા. પછી તો મેં તત્ત્વરુચિ નામની સુંદર લાકડી સમ્યગ્દર્શન રુપમોહ રાજાના મસ્તકમાં મારી. અને પોતાના માથે પ્રહાર થતાં સમ્યગ્દર્શને પુદ્ગલનો ત્યાગ કરી મારો નાથ તરીકે સ્વીકાર કર્યો.

આ પ્રમાણે વરમંડલના રાજા દર્શનમોહનો પરિવાર સાથે વિનાશ થતાં મોહરાજાનું સૈન્ય ભયભીત થઈ ગયું. અને પાછું પડ્યું. મારા તીવ્ર વિશુદ્ધ અધ્યવસાય નામના દંડપતિએ અપૂર્વકરણ નામના રથને મારી સામે લાવ્યો. પરશત્રુઓના સૈન્ય ઉપર પાદાઘાત કરવા માટે હું આ રથ ઉપર ચઢ્યો. અપૂર્વકરણ રથ ઉપર ચઢ્યા પછી અપૂર્વસ્થિતિ બંધ, સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ અને ગુણ સંક્રમની પ્રવૃત્તિ ચાલુ થઈ ગઈ. મારા વીર્ય દ્વારા પ્રાપ્ત થયેલ અતુલ અનિવૃત્તિ બાદર ગુણસ્થાનક રૂપી શ્વેતહાથી ઉપર ચઢ્યો ત્યારે સઘળું ય શત્રુબળ મારી સામે આવી ગયું. મેં તરત જ વિરતિરુપ તીક્ષ્ણ બાણો દ્વારા પ્રત્યાખ્યાન અને અપ્રત્યાખ્યાન નામના ચાર-ચાર મહાવીરોને વીંધી નાખ્યા ત્યાં તો માયા યુદ્ધમાં પ્રવીણ નિદ્રાનિદ્રા, પ્રચલા પ્રચલા અને સ્ત્યાનર્ધિ નામની વિદ્યાધરીઓ વચ્ચે પડી. બધા જ જીવોને આંધળા બનાવતી આ નિદ્રારુપ વિદ્યાધરીનું સામર્થ્ય સદ્બોધ ઉદ્યોત (જ્ઞાન પ્રકાશ) રુપ અસ્ત્રથી નિષ્ફળ થતાં નાશ થયો. ત્યારબાદ નામકર્મની તિર્યંચગતિ, તિર્યંચાનુપૂવી, એકેન્દ્રિયાદિ ચાર જાતિ, સાધારણ, ઉદ્યોત, આતપ, સ્થાવર, અને સૂક્ષ્મ નામકર્મ આ તેરનો નાશ કર્યો.

ત્યાંતો આગ્નેયાસ્ત્ર બાળતો નપુંસકવેદ મારી સામે આવ્યો. તેને દમરૂપી મેધાસ્ત્રની તીક્ષ્ણ ધારા સાથે ટકરાવીને હણી નાખ્યો. પછી આંખના કટાક્ષથી લીંપાયેલા બાણોને સ્ત્રીવેદ છોડવા લાગ્યો. વિરાગરૂપી અર્ધચંદ્રકારના બાણ મૂકી મેં સ્ત્રીવેદને વીંધી નાખ્યો.

તું શૂરવીર છે તો ભલે રહ્યો એમ કરીને શોક હાસ્ય રતિ અને અરતિએ મારી ઉપર પ્રહાર કર્યો. આ મને કેમ મારી જાય એવો વિચાર કરીને ભય સાથે જુગુપ્સાએ પણ મારો ચલાવ્યો. આ હાસ્ય આદિ છ સ્ત્રીને સાધુ સમાચારી રુપી ચક્રમાં બેસાડીને એટલી ભમાવી કે તે મોઢામાંથી લોહીને વમવા લાગી. તેના હાડકે હાડકા છૂટા પડી ગયા.

પોતાની પ્રિયાઓ હણાઈ જતાં પોતાને પણ નહી જાણતો એવો કામ આવીને બોલવા લાગ્યો, હે નિષ્ઠુર ! તું મારી પ્રિયાઓને હણીને ક્યાં જઈશ? વૃદ્ધાવસ્થાથી ભાગતો અને ભ્રમિત નેત્રવાળા આ કામને મેં ઉગ્રતપ શક્તિથી નિષ્ઠુર રીતે હણ્યો અને તે તરત જ પૃથ્વી ઉપર પડ્યો.

કામને વીંધાતો જોઈ પુરુષવેદ વિષય પરવશતાની કુહાડીને ઉપાડીને મારી સામે પડ્યો. મેં સુશીલરૂપ ઘણના ઘા મારી પુરુષવેદનો ચૂરેચૂરો કરી નાખતા તે અદૃશ્ય થયો. પછી અગ્નિની જેમ બળતો ક્રોધ પોતાના આયુધોને ઊંચા કરી યુદ્ધ માટે તૈયાર

થયો. મેં આ ક્રોધની ખોપડીને ક્ષમારુપી ગદા મારીને તોડી નાખી અને ક્રોધ તરત જ મૃત્યુ પામ્યો.

બુદ્ધિ વિનાના, સ્વચ્છંદ રીતે વિચરનાર અને પોતાની જાતને વીર માનનાર અભિમાનનો મેં માર્દવરૂપી ગદાથી ઘડો લાડવો કરી નાખ્યો. કોઈપણ જાતની મર્યાદા વિનાના, ઘણા જ માત્સર્યવાળા અને મારા બળને સંપૂર્ણપણે ખલાસ કરતા દ્વેષરુપ હાથીને મેં સામ્યતા નામની પરિઘથી પીસી નાખ્યો. મારો કોળીયો કરી જવા તૈયાર થયેલી તથા પોતાનું વિકરાળ અને ભયંકર મુખને ફાડીને ઉભેલી માયા વાઘણના તાળવાને ઋજુતા રૂપી શલ્યથી વીંધી નાખીને સરળતા રૂપી છરીથી મેં ફાડી નાખી. લોભનો ચૂરેચૂરો કર્યો છતા વારંવાર વૃદ્ધિ પામતો હોવાથી તેને જેમ મંત્રદ્વારા પ્રેત બંધાય છે તેમ સંતોષ રૂપી ખીલે બાંધી નાખ્યો.

જ્યારે ત્રિકરણશુદ્ધિ રૂપ ત્રિશૂળથી ચરિત્રમોહનો નાશ થયો ત્યારે મોહરાજા રાગરુપ કેશરી ઉપર બેસીને હાજર થઈ ગયા. ભયંકર ક્રોધથી લાય જેવા તપેલા તાંબાની જેમ લાલ આંખો મને બતાવવા લાગ્યા. કપાળ ઉપર વિકરાળ ભ્રુકુટી રચીને મને તર્જના કરવા લાગ્યો, 'અરે, તું અહીં આવ અને અહીંયા ઊભો રહે. શસ્ત્રોને અહીંયા મૂકી દે અને ચાલ્યો જા. ફોગટ તું મૃત્યુના પામ. યુદ્ધ જ કરવું હોય તો આવી જા લડાઈ કરવા.

ત્યાં તો ચારિત્રનરેન્દ્ર નામના રાજાએ સૂક્ષ્મ સંપરાય નામના બળવાન અષ્ટાપદને મોકલ્યો. આ અષ્ટાપદને પ્રાપ્ત કરીને મેં તરત જ મોહરાજાની સામે યુદ્ધ છેડી દીધું. સૂક્ષ્મસંપરાય નામના ચારિત્રરૂપ ચક્રનો સહારો લઈ મેં ઘણા જ રોષથી કમળના નાળની જેમ ક્ષણવારમાં જ મોહરાજાના મસ્તકને છેદી નાખ્યું.

મોહરાજાનો વિનાશ થયો. શત્રુઓનું સૈન્ય નાયક વિનાનું બની જતાં નાસવા લાગ્યું. હું પણ તેમનો ક્ષય કરવા માટે તરત જ કૂદકો લગાવીને ક્ષીણમોહની ભૂમિમાં આવી પહોંચ્યો. આ સૈન્ય નિદ્રા અને પ્રચલા નામની અંધારી કેડીનું ઓઠું લઈને અચાનક સંતાઈને ઊભુ રહ્યું. મને ખ્યાલ આવી જતાં મે ઉત્તમ પ્રણિધાન કરી સેંકડો ઉલ્કાઓને છોડતું તડતડ અવાજ કરતું તીક્ષ્ણ ધારવાળુ શુક્લધ્યાન રુપી વજ્ર છોડ્યું. આ વજ્રે મોહરાજાના સૈન્યને બાળી નાખ્યું. પછી દર્શનાવરણીયની ચાર પ્રકૃતિ, પાંચ અંતરાય અને પાંચ જ્ઞાનાવરણીયની કર્મપ્રકૃતિને પણ મેં એકસાથે બાળી નાખી.

ત્રણે જગતને જીતવા માટે સમર્થ એવા ઘણા વીરયોદ્ધાઓ પણ આ શુક્લધ્યાન રુપ વજ્રને જોવા સમર્થ ન થયા. તેથી કેટલાકે ખાડામાં કૂદકો લગાવ્યો. કેટલાક વનનિકુંજમાં છુપાઈ ગયા. કેટલાકે પાણીમાં ડૂબકી લગાવી, કેટલાક તો વળી ગિરિની ગુફાઓમાં પ્રવેશી ગયા. કેટલાકે તો અસ્ત્રોને છોડી દીધા. તો કેટલાકે તો વસ્ત્રપણ મૂકી દીધા. કેટલાક તો જાણે મરેલા હોય તેમ નિશ્ચેષ્ટ થઈને ભૂમિમાં પડી ગયા.

ત્યારપછી મેં ધ્યાનાંતરિકા નામનું વસ્ત્ર આકાશમાં ભમાવ્યું અને કેવળ લક્ષ્મી મને વરી. દેવોએ પુષ્પોની વૃષ્ટિ કરી.

નરવાહન રાજન, આ શત્રુઓના સમૂહને હણવા માટે હું વ્યગ્ર સયોગી હતો અને હવે જ્યારે સઘળા શત્રુઓ નાશ પામ્યા ત્યારે હું અયોગી બન્યો છું.'

સુધર્મગુરુના મુખેથી તેમની વ્યગ્રતાનું કારણ સાંભળી રાજાએ પ્રસન્ન થઈ તેમની સ્તુતિ કરી, 'હે ભગવન, જગતમાં સાપ જેવા ક્રૂર સ્વભાવવાળા આ શત્રુઓને જગતમાં અસાધારણ વીર એવા આપે હણ્યા એ ઉચિત છે.'

રાજાએ પોતાના ઘરે જઈ રાજ્ય ઉપર અમોઘરથને સ્થાપિત કર્યો. સમતાભાવમાં લીન થયેલા નરવાહન રાજાએ સુધર્મગુરુની પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરી. અંતે અણસણ કરી એકાગ્રતા સહિત અને નિયાણાનો ત્યાગ કરી ત્રીજા દેવલોકમાં ગયા. અંતે નરવાહનરાજાએ ત્રીજા ભવમાં મોક્ષને પ્રાપ્ત કર્યો.

હે ભવ્યજીવો! મનુષ્યોને હર્ષ કરાવનારુ નરવાહન રાજાનું સુંદર વૃત્તાંત સાંભળી જિનાલય, જિનેશ્વર અને મુનિભગવંતના ધ્યાનમાં યત્ન કરો.

ઈતિ નરવાહનરાજાનું દૃષ્ટાંત સમાપ્ત

પ્રણિધાન નામનું દશમુંત્રિક સમાપ્ત થયું. અહીંયા શિષ્ય શંકા કરે છે કે આપે દશત્રિકમાંથી છ ત્રિકની વ્યાખ્યા કરી. હવે બાકી રહેલા ૪ ત્રિકનો શું અર્થ છે ? શિષ્યની શંકાનો ઉત્તર ગાથાના ઉત્તરાર્ધ દ્વારા આપે છે.

ઉત્તરાર્ધ દ્વિતીય પાદ :- सेसतियत्थो उ पयडुत्ति ॥ १९ ॥

गाथार्थ :- છ ને છોડીને બાકીના ૪ ત્રિકનો અર્થ પ્રકટ છે.

પ્રદક્ષિણા ત્રિક, પ્રણામ ત્રિક, ત્રિદિશા નિરીક્ષણ ત્યાગત્રિક અને ભૂમિ પ્રમાર્જના ત્રિક આ ચારે ત્રિકનો અર્થ પ્રગટ હોવાથી ભાષ્યમાં કહ્યો નથી. ટીકામાં પ્રસંગને અનુસારે આ ચારે ત્રિકનો અર્થ કરવામાં આવ્યો છે.

लघुभाष्यमां दशत्रिकनुं फळ :

कम्माण मोहणीयं जं बलियं तीसठाणगनिबद्धं ।
तक्खवणट्ठा एवं तिगदसगं होइ नायव्वं ॥ १ ॥
इय दहतियसंजुत्तं वंदणयं जो जिणाणं तिक्कालं ।
कुणइ नरो उवउत्तो सो पावइ सासयं ठाणं ॥ २ ॥

*त्रीश प्रकारना स्थानथी बंधायेल मोहनीय कर्म बधां જ કર્મોમાં બળવાન છે. આ મોહનીય કર્મનો નાશ કરવા માટે દશત્રિક કરવાનો હોય છે.

જે જિનભક્ત જિનેશ્વર પ્રભુને દશત્રિક થી યુક્ત ચૈત્યવંદન ત્રણ કાળ ઉપયોગ પૂર્વક કરે છે તે શાશ્વત સ્થાન મોક્ષને પ્રાપ્ત કરે છે.

દશત્રિક નામનું પ્રથમ દ્વાર સમાપ્ત

અવતરણ : પૂર્વમાં કહેવામાં આવ્યું હતું કે સાધુ તથા શ્રાવકને ચૈત્યવંદનના વિષયમાં લગભગ બહુ સમાનતા છે, પણ શ્રાવકો માટે થોડી વિશેષતા છે. ચૈત્યવંદન કરવાની કામનાવાળો શ્રાવક જો મહાઋદ્ધિવાળો હોય તો તે શ્રીષેણ રાજાની જેમ ચૈત્યવંદન કરે અને સામાન્ય ઋદ્ધિવાળો હોય તો શ્રીપતિ શેઠની જેમ કરે.

જો રાજા હોય તો 'सव्वाए इड्ढीए सव्वाए दित्तीए सव्वबलेण सव्वपुरिसेणं' આવા વચનના અનુસારે બધાં પ્રકારની ઋદ્ધિ, બધા પ્રકારની કાંતિ, સર્વ પ્રકારનું બળ અને પોતાના બધા પુરુષો સાથે જિનાલયમાં જવું.

પોતાની પાસે સામાન્ય સંપત્તિ હોય તો ઉદ્ધતાઈનો પરિહાર કરવો. અર્થાત્ પોતાની સંપત્તિનો દેખાડો ન કરવો. પરંતુ લોકો ઉપહાસ ન કરે તે રીતે ચૈત્યને વાંદવા જાય.

ચૈત્યમાં પ્રવેશ કરતી વખતે પાંચ પ્રકારના અભિગમને કરવાનો હોય છે. માટે હવે પાંચ પ્રકારના અભિગમ નામનું બીજું દ્વાર બતાવે છે.

सचित्तदव्वमुज्झण १ मच्चित्तमणुज्झणं २ अणेगत्तं ३ ।
इगसाडिउत्तरासंग ४ अंजली सिरसिजिणदिट्ठे ॥ २० ॥

ગાથાર્થ : જિનાલયમાં પાંચ અભિગમ સાચવવાના હોય છે. (૧) સચિત્ત દ્રવ્યનો ત્યાગ (૨) અચિત્ત દ્રવ્યનો અત્યાગ (૩) મનની એકાગ્રતા (૪) એક શાટક ઉત્તરાસંગ (૫) જિનેશ્વર પ્રભુના દર્શન થતા એક શાટક ઉત્તરાસંગ કરવું.

ટીકાર્થ : જિનાલયમાં પાંચ અભિગમ સાચવવાના છે. (૧) સચિત્તદ્રવ્યનો પરિત્યાગ - પોતાના શરીર ઉપર રહેલ સચિત્ત દ્રવ્યો જેવા કે ફુલ, પાન આદિનો જિનાલયમાં પ્રવેશ પહેલા ત્યાગ કરવાનો છે. (૨) અચિત્ત દ્રવ્યનો અત્યાગ - મુગુટ કુંડલ બાજુબંધ આદિ અચિત્ત આભૂષણોનો ત્યાગ નથી કરવાનો. (૩) મનની એકાગ્રતા - રાગ દ્વેષનો ત્યાગ કરી મનઃ સમાધિ કેળવવાની છે. અર્થાત્ ચૈત્યમાં પ્રવેશ કરી મનમાંથી ચૈત્યના સંબંધ વિનાના અન્ય વિષયમાંથી મનને હટાવી લેવાનું અને મનને ચૈત્યગત વિષયમાં એકાગ્ર બનાવવું. (૪) એક શાટક ઉત્તરાસંગ - ઉત્તરાસંગ એટલે ઉપરનું વસ્ત્ર- ખેસ. સાંધેલું ન હોય અને બંને છેડે દશી વાળું હોય તેને શાટક કહેવાય છે. આવું એક શાટકવાળુ ઉત્તરાસંગ લેવાનું છે.

આચારાંગચૂર્ણિ : एगसाडो- ઉત્તરાસંગ એક શાટક વાળો લેવાનો છે. શાટકને પ્રાવરણ પણ કહેવાય છે. પ્રાવરણ દ્વારા ઉત્તરાસંગ કરાય છે તેને ઉત્તરીયકરણ પણ કહેવાય છે.

કલ્પચૂર્ણિમાં પણ કહ્યું છે : उत्तरिज्जं नाम पावरणं - ઉત્તરીયને પ્રાવરણ કહે છે. ક્યાંય ઉત્તરીયને પંગુરણ પણ કહેવાય છે. આ પ્રમાણે એક પંગુરણવસ્ત્ર દ્વારા ઉત્તરાસંગ કરાય છે. પંગુરણ દ્વારા ઉત્તરાસંગ કરાય છે તેનો અર્થ એ નીકળે છે કે

*तीसाण मोहणीयठाणेहिं - શ્રમણસૂત્રમાં મોહનીયનાત્રીશ સ્થાન બતાવવામાં આવ્યા છે.

નિવસન વસ્ત્ર (ધોતી આદિ)થી ઉત્તરાસંગ ન કરી શકાય. નિવસન વસ્ત્ર એટલે અંતરીય વસ્ત્ર (અધોવસ્ત્ર). આ અધોવસ્ત્રથી ઉત્તરાસંગ ન કરાય.

કલ્પ નિશીથ ચૂર્ણિ :- નિવાસનને અધોવસ્ત્ર કહેવામાં આવે છે.

એક શાટક ઉત્તરાસંગઃ-

અહીં એક શબ્દનો પ્રયોગ કર્યો હોવાથી ઉત્તરાસંગમાં અનેક વસ્ત્રનો નિષેધ થાય છે. પરંતુ ઉત્તરાસંગથી ઉપરના વસ્ત્રનો (ખેશ)નો નિષેધ થતો નથી. અર્થાત્ ખેશ અવશ્ય રાખવાનો છે.

તાત્પર્ય એ છે કે એક વસ્ત્રનું પરિધાન કરીને અર્થાત્ એક વસ્ત્ર ધોતીયું પહેરીને ઉપરના શરીરને ઢાંકવા માટે એક વસ્ત્રનું (ખેશનું) પરિધાન કરે.

પંચાશક વૃત્તિમાં કહ્યું છે : एकवस्त्रपरिधानः एकेन चोपरितनवस्त्रेण कृतोत्तरासङ्गः - એક વસ્ત્ર દ્વારા શરીરના નીચેના ભાગને આચ્છાદિત કરવાનું છે અને ઉપરના એક વસ્ત્ર દ્વારા ઉત્તરાસંગ કરવાનું છે.

માર્કંડેય પુરાણમાં પણ કહ્યું છે : नैकवस्त्रेण भुञ्जीत, न कुर्याद् देवतार्चनम्। એક જ વસ્ત્ર પહેરીને ભોજન ન કરવું તેમજ દેવપૂજા પણ ન કરવી.

પૂજામાં બે જ વસ્ત્રનો ઉપયોગ કરવો એવું વિધાન પુરુષને આશ્રયીને કરવામાં આવ્યું છે. પરંતુ સ્ત્રીએ તો પોતાના ગાત્રને વિશેષથી આચ્છાદિત કરવાનું છે. સ્ત્રી પોતાના શરીરને વિશેષ પણે ઢાંકી વિનયથી નમ્ર ગાત્ર ધારણ કરી પૂજા કરે.

આગમ : विणओणयाए गायलट्ठीए - વિનયથી નમ્ર બનેલી તનુલતાવાળી સ્ત્રી પૂજાદિ કરે.

સ્ત્રીના શરીર દ્વારા અવિનય આદિ ન થાય એ જ કારણે નમુત્થુણં આંદિના સ્તોત્ર પાઠની વેળાએ મસ્તક ઉપર અંજલિ સ્થાપિત કરાતી નથી. કેમકે તેમ કરવાથી છાતી આદિ દેખાવવાનો પ્રસંગ ઊભો થાય છે. જે અવિનય સ્વરૂપ છે.

દ્રૌપદીના પ્રસંગમાં 'करयल जाव कट्टु एवं वयासी' મસ્તક ઉપર બે હાથ જોડીને આ પ્રમાણે બોલે છે. અહીંયા જે મસ્તક ઉપર બે હાથ રાખીને એવું જે કહ્યું છે તે ન્યુંછણા વખતે બે હાથને જોડી મસ્તકની આગળ ફેરવવા પૂર્વક ભક્તિ કરવી, એવું સૂચવે છે. પરંતુ પુરુષની જેમ સર્વત્ર મસ્તક ઉપર બે હાથ જોડવા તેવું નથી જણાવવામાં આવ્યું. ન્યુંછણા વખતે બે હાથને મંડલાકારે ફેરવવાના છે, પણ મસ્તક ઉપર બે હાથ જોડીને સૂત્ર સ્ત્રીએ નથી બોલવાના.

જેમ રાજાઆદિને વિનંતી કરતી વેળાએ આદિમાં મસ્તક ઉપર હાથ જોડવાના છે પરંતુ વિનંતી કરતી વખતે હાથ લઈ લેવાય છે. આ વાત પૂર્વમાં પણ કરવામાં આવેલી છે.

આ વિષયમાં આગમ સાથે વિરોધ ઊભો ન થાય તે રીતે વિચાર કરવો. હાલમાં

વૃદ્ધ સંપ્રદાયને અનુસારે સ્ત્રીઓએ ત્રણ વસ્ત્ર વિના દેવપૂજા કરવી કલ્પતી નથી.

અન્ય શાસ્ત્રમાં પણ કહ્યું છે - न कञ्चुकं विना कार्या देवार्चा स्त्रीजनेन च- સ્ત્રીઓએ કંચુકનું પરિધાન કર્યા વિના દેવપૂજા ન કરવી.

પાંચમો અભિગમ : જિનેશ્વર પ્રભુના દર્શન થાય ત્યારે મસ્તક ઉપર અંજલિ સ્થાપન કરવી.

इय पंचविहाभिगमो अहवा मुच्चंति रायचिह्नाइं ।
खग्गं छत्तोवाणह मउडं चमरे अ पंचमए ॥ २१ ॥

ગાથાર્થ : ઉપરોક્ત ગાથામાં બતાવવામાં આવેલા પાંચ પ્રકારનો અભિગમ છે. અથવા બીજો પાંચ પ્રકારનો અભિગમ તલવાર, છત્ર, મોજડી, મુગટ અને પાંચમુ ચામર એ રાજ ચિહ્નો બહાર મૂકી દે છે.

ટીકાર્થ : सच्चित्त दव्वमुज्झाण... ગાથામાં બતાવવામાં આવેલ પાંચ પ્રકારનો અભિગમ થાય છે.

પાંચમા અંગમાં કહ્યું છે : જિનાલયમાં પાંચ અભિગમ પૂર્વક જવું. (૧) સચિત્ત દ્રવ્યનો ત્યાગ (૨) અચિત્ત દ્રવ્યનો અત્યાગ (૩) એક શાટક ઉત્તરાસંગ (૪) પ્રભુના દર્શન થતાં મસ્તક ઉપર અંજલિ જોડવી. (૫) મનને એકાગ્ર બનાવવું.

ક્યાંક અચિત્ત દ્રવ્યનો ત્યાગ કરવો એવો પાઠ પણ છે. અહીંયા અચિત્ત એટલે છત્ર આદિનો ત્યાગ કરવો.

અન્યત્ર પણ કહ્યું છે -

पुप्फतंबोलमाईणि, सचित्ताणि विवज्जए ।
छत्तवाहणमाईणि, अचित्ताणि तहेव य ॥

જીનાલયમાં જતા પહેલા પુષ્પ તંબોલ આદિ સચિત્તનો અને છત્ર આદિ અચિત્તનો ત્યાગ કરવો.

રાજા આદિ મહાઋદ્ધિવાળા જ્યારે જિનાલયમાં પ્રવેશ કરે ત્યારે તેમને પાંચ અભિગમનું પાલન કરવા માટે રાજ ચિહ્નોનો ત્યાગ કરવાનો હોય છે.

ગાથામાં આપેલ **અહવા** શબ્દ બે વાત સૂચવે છે. (૧) મહાઋદ્ધિવાળા રાજા આદિ હોય તો તેઓ ચૈત્યમાં પ્રવેશતા પહેલા તલવાર આદિનો ત્યાગ કરવા રૂપ પાંચ અભિગમ કરે. અથવા (૨) માત્ર સચિત્ત દ્રવ્યોનો ત્યાગ કરાય એવું નહિ પણ ખડ્ગ આદિ અચિત્ત દ્રવ્યો- રાજચિહ્નોનો પણ ત્યાગ કરીને જિનાલયમાં પ્રવેશ કરવો.

સિદ્ધાંતમાં પણ કહ્યું છે : अवहट्टु रायकुहाइं पंच वररायककुहभूयाइं खग्गं छत्तोवाणह मउडं तह चामराओ य ।

શ્રેષ્ઠ રાજાના ચિહ્નભૂત એવા પાંચ રાજચિહ્ન ખડ્ગ છત્ર જોડા મુગટ તથા ચામરનો જિનાલયમાં ત્યાગ કરવો.

પાંચ અભિગમ ઉપર શ્રીષેણ નૃપતિ અને શ્રીપતિશેઠની કથા : ઉત્તમ કાવ્યગ્રંથની જેમ સમગ્ર પૃથ્વીમાં શણગાર સ્વરૂપ (કાવ્ય પક્ષે સકળ રસ અને અલંકારથી યુક્ત) **ભરતક્ષેત્ર**માં ઉત્તમવૃત, સુંદર યતિગણ અને ઘણા બધા અર્થથી સંયુક્ત **વસંતપુર** નામનું નગર છે. વસંતપુરમાં **શ્રીષેણ** નામના રાજા છે. તેમનો પ્રતાપ સૂર્યની જેમ ચમકતો હતો. રાજા જિનેશ્વર પ્રભુના વંદન તથા અભિગમનું પાલન આદિમાં કુશળ છે. રાજાને **શ્રીપતિ** શ્રેષ્ઠી નામે પરમ મિત્ર હતો. તે જિનશાસ્ત્રમાં નિપુણ હતો. કુબેરની જેમ તેમની પાસે ધન સંપત્તિ પણ ઘણી હતી.

એક દિવસ શ્રીષેણ રાજા પ્રાતઃ કાળના કાર્યોને પતાવીને સભામંડપમાં જેમની શૂરવીરતાની વાતો ચારે બાજુ ગવાઈ રહી છે તેવા ઉત્તમ સુભટોની મધ્યમાં બેઠા હતા. ત્યાં એક ચરપુરુષ આવ્યો. તેના પગ ધૂળથી ખરડાયેલા હતા. તેનું શરીર પરસેવાથી નિતરતું હતું. આ ચરપુરુષે આવીને તરત જ રાજાને જણાવ્યું.

'મહારાજા, ત્રિવિક્રમ રાજાના જેવા પ્રબળ પરાક્રમી **વિક્રમધ્વજ** નામના રાજા છે. રણમાં રસિક મનવાળો વિક્રમધ્વજ આપની સાથે યુદ્ધ કરવા માટે અત્યંત વેગથી આવી રહ્યો છે.'

ગુપ્તચરના મુખેથી આ વચન સાંભળીને રાજાના લલાટમાં ભ્રૂકુટી ચઢી ગઈ. રાજાએ ચાકરો પાસે એકાએક રણભેરી વગડાવી. ભેરીનો શબ્દ સંભળાતા ચતુરંગ સૈન્ય એકઠું થઈ ગયું. શ્રીપતિ શેઠ પણ તેમાં જોડાયા. શ્રીષેણ રાજા તરત જ વિક્રમધ્વજ સાથે યુદ્ધ કરવા તૈયાર થઈ ગયા. સતત પ્રયાણ કરીને કેટલાક દિવસમાં જે દિશામાંથી વિક્રમધ્વજ આવી રહ્યો હતો ત્યાં અટવીમાં જઈ પહોંચ્યા. અટવીમાં પહોંચતાની સાથે વરસાદ અખંડધારાથી વરસવા લાગ્યો. મેઘરાજાના વેગીલા ઘોડા જેવા નદીના પ્રવાહો વહેવા લાગ્યા. જેમ ટીકા (વિવેચન) વિનાના ગ્રંથો કઠીન હોય છે તેમ માર્ગો વરસાદને કારણે દુર્ગમ થઈ ગયા. શ્રીષેણ રાજાએ પોતાની શિબિરને છોડી ઉપદ્રવ વિનાના સ્થાનમાં આશ્રય લીધો. વિક્રમરાજાએ પણ વનના પર્વત ઉપર આશ્રય સ્વીકાર્યો.

વરસાદના તોફાની વાતાવરણને કારણે અને શ્રીષેણરાજાનું નસીબ અવળું હોવાથી તેમના સમગ્ર સૈન્યમાં મારી-મરકીનો ઉપદ્રવ ફાટી નીકળ્યો. ઘોડા હાથી બળદ આદિ પશુઓ મરવા લાગ્યા. નબળા માણસો રડવા લાગ્યા. વણિક્‌વર્ગો વિલાપ કરવા લાગ્યા. મંત્રિમંડળ કંટાળી ગયું. રાજા પણ દુઃખી દુઃખી થઈ ગયો. રાજાના પ્રાસાદમાં હાહારવના કરુણ શબ્દો થવા લાગ્યા. આ સાંભળીને લઘુમંત્રી, શ્રીપતિ શેઠ અને સામંત આદિ જલ્દી ત્યાં પહોંચી ગયા. રાજા પણ બેભાન થઈ ગયો. મૂર્છાને કારણે તેના નેત્રો બીડાઈ ગયા. આવી દશાએ પામેલ રાજાને જોઈને શ્રીપતિશેઠે પોતાના આવાસ સ્થાનેથી રત્નના બાજુબંધ લાવીને રાજાના હાથ ઉપર બાંધ્યું. આ બાજુબંધના માહાત્મ્યથી રાજાના નેત્રયુગલ ઉઘડી ગયા. ચેતના પાછી આવી.

શ્રીપતિ શેઠે ભાનમાં આવેલા રાજાને પૂછયું કે મહારાજા આપને શું થયું હતું ?

રાજાએ પોતાની વેદનાને વ્યક્ત કરી, 'શ્રીપતિ, થોડી વાર પહેલા કોઈક માણસ અહીં આવ્યો હતો દ્વારપાળ અને સૈનિકો એને અટકાવી ન શક્યા. તેણે આવીને મને લાફો માર્યો. મેં તલવાર ને હાથમાં લીધી છતાં પણ હું બેભાન બની ગયો. બસ મને આટલું જ યાદ છે. મારા બેભાન થયા પછી શું થયું તે તો તમે જાણો જ છો. હે કરુણાલુ શેઠ તમે જેમ મારી ઉપર ઉપકાર કર્યો તેમ મારા આ સૈન્ય ઉપર પણ ઉપકાર કરો.'

રાજાએ આ પ્રમાણે શેઠને કહેતા શ્રીપતીશેઠે પૂર્વના મિત્રદેવનું સ્મરણ કર્યું. તે મિત્રદેવ પણ તરત જ આવ્યો. તેણે આવીને રાજાના સૈનિકોના સઘળા ઉપદ્રવો હરી લીધા. તેણે પોતાના રુપને પ્રગટ કરીને શેઠને પ્રણામ કર્યા. સઘળા સૈન્યના ઉપદ્રવો દૂર થયેલા જાણીને મંત્રીઓનો સમુદાય હરખઘેલો બન્યો. સામંતરાજાઓ પણ પ્રસન્ન બન્યા. લોકો પણ હર્ષ પામ્યા. સૈન્યનો પ્રત્યેક માણસ શ્રીપતિશેઠની પ્રસંશા કરવા લાગ્યો.

આશ્ચર્યચકિત રાજાએ તે દેવને પૂછયું, 'હે દેવ ! તારે આ શ્રીપતિ શેઠની સાથે શું સંબંધ છે ?

'રાજન, પહેલાના સમયમાં **હેમપુર** નામનું નગર હતું. **વિજય** નામનો ત્યાં ચોર વસતો હતો. તે બધાને પ્રતિકૂળ હતો. એક દિવસ તેને હેમપુરમાંથી આવીને તમારા વસંતપુરનગરમાં **ધન** નામના ધનવાનને ત્યાંથી ઘણું ધન ઊઠાવ્યું. ધનને ચોરીને જ્યાં તે નાસવા લાગ્યો ત્યાં અચાનક આવી પહોંચેલા આરક્ષકોએ આ ચોરને જોઈ લીધો. તેને તમારી પાસે લાવ્યો. તમે એને શૂળીએ ચઢાવાની આજ્ઞા આપી. વધ્યભૂમિમાં અત્યંત વિલાપ કરતા વિજયને યમરાજાની જીભ સમાન શૂળીમાં અનેક વિડંબના કરીને લટકાવી દીધો.'

એ સમયે ઉજ્જવલ વેષથી શોભાયમાન શરીરવાળા, અલ્પ પણ અમૂલ્ય આભૂષણવાળા અને પૂજાની સામગ્રી ધારણ કરી ભક્તિભાવથી પૂર્ણ તથા પુત્ર મિત્ર ભાર્યા આદિ પરિવાર સહિત સ્મશાનની સમીપમાં વાવડી કૂવો ફુલ અને ફળથી મનોહર પોતાના ઉદ્યાનમાં રહેલ જિનાલયમાં શ્રીપતિ શેઠ આવ્યા.

સચિત્ત વસ્તુઓનો ત્યાગ, અચિત્ત દ્રવ્ય આદિનું ગ્રહણ, એક શાટક ઉત્તરાસંગ, મસ્તકમાં અંજલિ સ્થાપવી અને મનનો એકાગ્ર કરવું આ પાંચે પ્રકારના અભિગમને સારી રીતે કરીને અને જિનેશ્વરોને 'નમો જિણાણં' કહીને શ્રીપતિએ સપરિવાર જિનાલયમાં પ્રવેશ કર્યો. પ્રભુના દેહ ઉપરથી નિર્માલ્યને ઉતાર્યું. ઉત્તમજાતિના ફુલો દ્વારા પૂજા કરી. અંતે ચૈત્યવંદનની પરિપૂર્ણ વિધિથી દેવવંદન કરીને તેઓ જિનાલયની બહાર નીકળ્યા. જ્યાં જિનાલયની બહાર આવ્યા ત્યાંતો વિજયચોરનો જીવ કંઠે આવીને અટક્યો હતો. અત્યંત તૃષાતુર થયેલા વિજયે શેઠની પાસે પાણી માંગ્યું. વિજયચોર ક્રૂર હતો છતાં પણ અગણ્ય કારુણ્યના સાગર શ્રીપતિ

શેઠે મોટું મન રાખીને તેને જલ્દી પાણી પાયું અને કહ્યું, 'હે ભદ્ર ! સુખ આપનારા પરભવના ભાથાને ગ્રહણ કર. મધુ માંસ રાત્રિભોજન તથા મદિરા પાન આદિના પાપોની નિંદા કર. જીવહિંસા કરવી, અસત્ય ભાષણ, પરધનને હરવું તથા અન્ય સ્ત્રી સાથે મૈથુન સેવવા રુપ વચન મન અને કાયાથી કરેલા દુષ્કૃતોની નિંદા કર. વિજય ! પૂર્વભવમાં આપણે જ કરેલા કર્મોનું જ ફળ આપણને મળે છે. બીજો તેમાં નિમિત્ત માત્ર જ હોય છે. તું ખિન્ન ન બન, દીન ન બન, ગુસ્સો પણ ન કરીશ. ત્રણે ભુવનને માટે જેઓ શરણ્ય છે તેવા અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મતત્ત્વનો સ્વીકાર કર. બધી જ જાતના અપસ્માર રોગને દૂર કરનાર નમસ્કાર મહામંત્રનું સ્મરણ કર. આ સ્મરણ ક્ષુદ્ર ઉપદ્રવનો નાશ કરે છે અને સમસ્ત સિદ્ધિનું દાન કરે છે.'

શ્રીપતિ શેઠે આ પ્રમાણે વિજયચોરને સમાધિ આપી. વિજય પણ સમાધિને પ્રાપ્ત કરીને નમસ્કાર મહામંત્રના ધ્યાનમાં લીન બન્યો અને મરણ પામીને પ્રથમ દેવલોકમાં દેવ થયો.

કહ્યું છે : हिंसावाननृतप्रिय : परधनाहर्ता परस्त्रीरतः
किंचान्येष्वपि लोकगर्हितमहापापेषु गाढोद्यतः ।
मंत्रेशं स यदि स्मरेदविरतं प्राणात्यये सर्वथा
दुष्कर्मार्जितदुर्गदुगतिरपि स्वर्गीभवेन् मानवः ॥

હિંસા કરનાર, અસત્યપ્રિય, પરધનની ઉઠાંતરી કરનાર, પરસ્ત્રીમાં આસક્ત અને બીજા પણ લોકગર્હિત મહાપાપોમાં અત્યંત આસક્ત એવો પણ માનવ કે જેને દુષ્કર્મો કરીને દુર્ગતિ પ્રાપ્ત કરી હોવા છતાં પ્રાણના વિનાશ સમયે સતત મહામંત્રનું સ્મરણ કરતો હોય તો તે દેવલોકને પ્રાપ્ત કરે છે.

વિજયચોર દેવલોકમાં ઉત્પન્ન થયો. અવધિજ્ઞાનથી તેણે પોતાના પૂર્વભવનું વૃત્તાંત જાણી લીધું. પોતાના પરિવાર સાથે દેવલોકમાંથી વિજયદેવે ભૂલોકમાં અવતરણ કર્યું. તેણે શ્રીપતિશેઠને પોતાનો પૂર્વભવ જણાવ્યો. શ્રીપતિશેઠના ચરણમાં પડીને નમસ્કાર કર્યા અને વિજયદેવે આ બાજુબંધ શેઠને આપ્યા. મહારાજા એ બાજુબંધને આપનાર દેવ હું પોતે જ છું.

આ શ્રીપતિશેઠે અભિગમ આદિ વિધિપૂર્વક ચૈત્યવંદન આદિ સુકૃતો કરેલા છે તેથી તેઓ હવે પછીના ભવમાં મારી ઉપર અત્યંત પ્રેમવાળા મારા સ્વામી થવાના છે. માટે પાપનો નાશ કરનારા તથા મારા ઉપર ઉપકાર કરનાર મારા આ સ્વામીની પાસે મને મળેલા સંકેતને અનુસારે ઘણી વખત હું અહીંયા આવું છું અને તેમને વાંદુ છું, સ્તુતિ કરું છું અને સેવા કરું છું.

હમણા પૂર્વભવનું વૈર યાદ આવતા તમારા સૈન્યમાં મેં ઉપદ્રવ કર્યો. તમને પણ ગાલ ઉપર થાપટ લગાવી અને બેભાન કર્યા. પરંતુ શ્રીપતિશેઠે મારું સ્મરણ કર્યું

આથી મેં તમને તથા તમારા સૈન્યને સ્વસ્થ કર્યું.'

આટલું કહીને વિજયદેવ એકાએક અંતર્ધાન થયા. ત્યાંતો ગુપ્તચરોએ આવીને રાજાને જણાવ્યું, 'સ્વામિનાથ, આપ આજે જ શત્રુના સૈન્ય પર આક્રમણ કરો તો શત્રુરાજાની અખિલ સંપત્તિ આપની બની જશે. આમ તો વિક્રમધ્વજ રાજાના સૈન્યની તોલે કોઈ આવી શકે એમ નથી તો પણ ત્યાં આજે આકાશવાણી થઈ છે, 'હે નિર્દય ! હે નરાધમ ! તું આજે જ તારા નગરમાં ચાલ્યો જા. તું તારા કાન બંધ કર. (બીજાનું કાંઈ સાંભળતો નહિ) હવે તારું પુણ્ય ખલાસ થઈ ગયું છે. હવે તું નહિ જાય તો તારું અસ્તિત્વ જ નહિ રહે. જો બે દિવસની અંદર શ્રીષેણ રાજા અહીંયા આવી ગયા તો તારું સમાંગ રાજ્ય ગ્રહણ કરી લેશે. કોપે ભરાઈને તારી ઘણી જ કદર્થના કરશે. પછી તું પાતાળમાં જઈશ તો પણ તને છોડશે નહિ.'

અત્યંત મોટા અવાજે થયેલી આ આકાશવાણીને રાજા વિક્રમધ્વજે સાંભળી. તેણે પોતાના નગરમાં પાછા ફરવાની ઈચ્છા ન હતી, છતાં પણ મંત્રી સામંતોના દબાણથી તેને પોતાના નગર તરફ જવા માટે તૈયાર થવું પડ્યું છે.'

ગુપ્તચરના મુખેથી આ વાત સાંભળી મનમાં અત્યંત હર્ષિત થઈને શ્રીષેણ રાજા વિચારવા લાગ્યો, 'શ્રીપતિશેઠના ઉત્તમ ચરિત્રથી પ્રસન્ન થયેલા આ વિજયદેવનો જ વિલાસ લાગે છે.' આ વિચાર કરીને તરત જ શ્રીષેણ રાજાએ જયભેરી વગાડાવી. ભેરીનો નાદ સાંભળીને સમગ્ર સૈન્ય એકઠું થઈ ગયું. વિક્રમધ્વજ રાજાનું સૈન્ય નજીક આવી પહોંચતા શ્રીષેણરાજાએ પોતાના સૈનિકો દ્વારા કહેવડાવ્યું, હે રાજન, પહેલા તો યુદ્ધ કરવા માટે મદોન્મત્ત બની ગર્જના કરતો હતો અને હવે ઊભી પૂંછડીએ જ્યારે ભાગી રહ્યો છે ત્યારે તારુ પૌરુષ પણ ક્યાં જતું રહ્યું છે ? તું રડતો હોય કે હસતો હોય તો પણ તારો આ મહેમાન આવ્યો જ સમજ. તેથી હવે તમે તેમની ઉચિત આગતા સ્વાગતા કરો.

અરે ! રાજા કૂતરો ભાગતો હોય તો પણ ભસતો હોય છે જ્યારે તું તો (કાંઈપણ પ્રતિકાર કર્યા વિના) નાસવા લાગ્યો છે. તેથી તું તો કૂતરાથી પણ ગયો છે.'

દૂતના મુખથી આ સાંભળીને કોપાયમાન બનેલા વિક્રમે જ્યોતિષીઓની પણ અવગણના કરી. પોતાના સૈન્યથી યુક્ત થઈને શ્રીષેણની સામે યુદ્ધની તૈયારી કરી. બંને રાજાના સૈન્યમાં આગળી હરોળમાં યુદ્ધનો આરંભ થઈ રહ્યો હતો ત્યારે શ્રીષેણ રાજાના હૃદયમાં ઘણી કરુણા ઉભરાવા લાગી. શ્રીષેણરાજાએ પોતાના શત્રુને કહ્યું, 'ભાઈ, આ યુદ્ધમાં આ બિચારા પ્રાણીઓનો વધ કરીને શું કરવાનું ? તું જ મારી સામે તલવાર લઈને આવી જા. હું તરત તારા હાથમાં ઉપડેલી ચળને શાંત કરું.'

શ્રીષેણરાજાની આ વીરહાંકને સાંભળીને વિક્રમરાજાની આંખો ક્રોધથી લાલઘૂમ થઈ ગઈ. યુદ્ધમાં જીતી લેવાની આસ્થાવાળો વિક્રમ તલવારને હાથથી ગ્રહણ કરીને

યુદ્ધભૂમિમાં રથ ઉપરથી નીચે ઉતર્યો. પૃથ્વીનાથ શ્રીષેણે પણ પોતાના હાથને તલવારથી સુશોભિત કરીને તરત જ વાહન ઉપરથી નીચે આવીને રણભૂમિને શોભાવી. શ્રેષ્ઠ કૂકડાની જેમ બંને શ્રેષ્ઠ રાજાઓએ મલ્લયુદ્ધ દ્વારા વિસ્મયને ઉપજાવતા એકબીજાની સાથે ઘણાકાળ સુધી યુદ્ધ કર્યું. છેલ્લે શ્રીષેણે કુશળતાથી વિક્રમધ્વજને પોતાના ખેશ દ્વારા દૃઢરીતે જોતજોતામાં બાંધી દીધા. પોતાની આજ્ઞા મનાવી અને મુક્ત કર્યા. વિક્રમ ઉપર વિજય મેળવીને મોટી સમૃદ્ધિ સાથે પોતાના નગરમાં ગયા.

એકદિવસ પ્રાતઃકાળમાં શ્રીષેણરાજાએ સ્નાન કરી ઉત્તમ આભૂષણો પહેર્યા. મહાપુણ્યશાળી આ રાજા વિશાળ ગંડસ્થળવાળા હાથી ઉપર બેઠા. મસ્તક ઉપર ઉન્નત છત્ર હોવાથી લોકોને ઘણા દૂરથી પણ રાજાના આગમનનો ખ્યાલ આવવા લાગ્યો. રાજાની કાયાને ગંગાના વારિ જેવા નિર્મળ ચામરથી વીંજવા લાગ્યા. ભાટચારણ જમણો હાથ ઊંચો કરીને રાજાએ મેળવેલા વિજયને વખાણવા લાગ્યા. રાજમાર્ગ ચારેબાજુ વ્યાપી ગયેલા હાથી અશ્વ રથ અને સૈનિકોથી સાંકડો બની ગયો.

મધ જેવા મધુર સ્વરે ગીત ગાતા ગાયકવૃંદ રાજાની કીર્તિનું ગાન કરી રહ્યા હતા. આ પ્રમાણે શ્રીષેણ રાજા યુગાદિનાથ પ્રભુના જિનાલયમાં ગયા.

જિનબિંબના દર્શન થતાં જ રાજાએ **ચામર છત્ર તલવાર મુગટ તથા હાથીનો** ત્યાગ કર્યો. પોતાના શ્રદ્ધાળુ પરિવાર સાથે તેને એક શાટક ઉત્તરાસંગ કર્યું. વિધિપૂર્વક જિનાલયમાં પ્રવેશ કરીને પ્રભુજીની પ્રતિમાની પૂજા કરી.

ત્યારપછી મનની એકાગ્રતા પૂર્વક દેવવંદન કરવા લાગ્યા. એ સમયે શ્રાવકવેષને ધારણ કરી કેટલાક પુરુષો ગમે તે રીતે જિનાલયમાં પ્રવેશ્યા. આ નિર્દય પુરુષોએ રાજા ઉપર છરીનો ઘા કર્યો. રાજા તો વિધિશુદ્ધ ચૈત્યવંદનમાં લીન હતા. રાજાની આ ભક્તિથી શાસનદેવીનું મન રંજિત બન્યું. શાસનદેવીએ પેલા નિર્દય પુરુષોને સ્થંભિત કરી દીધા.

આ પુરુષો ત્યાં સ્તંભિત થઈ જવાથી અરે ! આ શું થયું એવું કહેતા બધા લોકો ત્યાં આવવા લાગ્યા. રાજાએ પોતાની ડોકને વાળીને પાછળ જોયું તો પેલા પુરુષોને સ્તંભિત થયેલા દેખ્યા. રાજાએ તેમને અભયદાન આપીને પૂછયું, ત્યારે તેઓએ કહ્યું કે રાજન, વિક્રમરાજાએ આપનો ઘાત કરવા માટે અમને મોકલ્યા છે.

ધિક્કાર થાવ, આવા મહાન દયાળુ રાજાને હણવા માટે આ પાપીઓ તૈયાર થયા છે ? આ પ્રમાણેનો વિચાર કરીને શાસનદેવીએ આ પાપીઓને સ્તંભિત કરી દીધા.

આ હત્યારાઓ શ્રીષેણરાજાની હત્યા કરવા આવ્યા છતાં પણ રાજાના મુખમાં કોઈ પણ જાતનો વિકાર દેખાયો નહિ. રાજા શ્રીષેણે પોતાના આવાસ સ્થાને આવીને તેઓને બોલાવીને ઉલટાનો યથોચિત સત્કાર કર્યો અને તેમને રજા આપી.

'હત્યા, લુંટારા, સર્પ, પાણી કે મળરોધ આદિ આતંકો દ્વારા આપણા જીવનનો અંત ન આવે એ પહેલા જ સંગ વિનાના બની જવું, ચારિત્ર ધર્મના ગુણ સમુદાયનો

સ્વીકાર કરવો અને સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિમાં લાગી જઈને ભવ્યજીવોએ ચતુર્થ પુરુષાર્થ મોક્ષ માટે પ્રયત્નશીલ બની જવું જોઈએ.' આવી વિચારધારામાં આરુઢ થયેલા રાજાની પાસે એ સમયે જ ઉદ્યાનપાલકો આવ્યા. તેઓએ જણાવ્યું કે આપણા નગરમાં શ્રી ભુવનભાનુ નામના ગુરુભગવંત પધાર્યા છે.

ઉદ્યાનપાલકના મુખથી આ સમાચાર સાંભળીને રાજાએ તેને દાન આપ્યું. પોતાના પુત્રોની સાથે તે ગુરુભગવંતની પાસે ગયો. ગુરુદેવને પ્રણામ કરીને તેમના મુખકમળથી દેશનાનું પાન કર્યું.

'રાજન, જ્યાં સુધી વૃદ્ધાવસ્થાનું આગમન નથી, રોગ દેખા નથી દેતો તથા ઈન્દ્રિયો નબળી નથી પડતી ત્યાં સુધી બુદ્ધિને નિર્મળ બનાવીને આત્મહિતના કાર્યમાં અત્યંત ઉદ્યમ કરવો જોઈએ.'

દેશના સાંભળી જાગી ઉઠેલા રાજાએ રાજગાદી ઉપર પુત્ર સુલોચનને બેસાડ્યો. ભુવનભાનુ ગુરુની પાસે તેમણે સંયમનો સ્વીકાર કર્યો. સંયમ સ્વીકારીને શ્રીષેણરાજર્ષિએ નિરતિચારપણે ચારિત્રનું પાલન કર્યું. સુંદર ચારિત્ર પાલન દ્વારા તેમને પોતાના આઠે કર્મોને ખપાવી દીધા અને સિદ્ધિગતિને પ્રાપ્ત કરી.

શ્રીપતિશેઠે પણ શ્રાવકધર્મનું સુંદર રીતે પાલન કર્યું. ત્યાંથી પ્રથમ દેવલોકમાં દેવ થયા અને અનુક્રમે મોક્ષપદને પ્રાપ્ત કરશે.

શ્રીષેણરાજા તથા જિનેશ્વર પ્રભુને નમસ્કાર કરતા શ્રીપતિશેઠના ક્ષુદ્રઉપદ્રવનો નાશ તથા ઐહિક ફલોને સાંભળીને હે ભવ્યજીવો ! સર્વસ્થાને અભ્યુદય કરનારા પાંચ અભિગમાદિથી શુદ્ધવિધિથી કરાતા શ્રી જિનેશ્વરપ્રભુના વંદનમાં પ્રયત્નને આદરો.

અભિગમ પંચકમાં શ્રીષેણરાજા તથા શ્રીપતિશેઠની કથા સમાપ્ત

સિદ્ધાંતરુપ સાગરથી જાણીને, સદ્ગુરુઓ પાસેથી સાંભળીને અને શુદ્ધ પરંપરાથી અવિચ્છિન્ન પણે આવેલી શુદ્ધક્રિયાની પરિપાટીને સારી રીતે પ્રાપ્ત કરીને સંઘાચારવિધિ નામની ટીકામાં ચૈત્યવંદન નામના પ્રથમ અધિકારમાં ચૈત્યમાં કેવી રીતે પ્રવેશ કરવો તેનું વર્ણન કરનાર પ્રથમ પ્રસ્તાવની અહીંયા પૂર્ણાહૂતિ થઈ.

દેવેન્દ્રસૂરિજી મહારાજાના શિષ્ય મહોપાધ્યાય શ્રી ધર્મકીર્તિમુનિએ રચેલા સંઘાચાર નામની ચૈત્યવંદન ભાષ્યની ટીકામાં ચૈત્યવંદન નામના પ્રથમ અધિકારમાં ચૈત્યપ્રવેશ વિધિ વર્ણનનો પ્રથમ પ્રસ્તાવ સમાપ્ત થયો.

ચૈત્ય પ્રવેશ વિધિનામક

પ્રથમ પ્રસ્તાવ સમાપ્ત

દ્વિતીય પ્રસ્તાવનો પ્રારંભ

ॐ नमः प्रावचनिकेभ्यः

પાંચ અભિગમ નામનું બીજું દ્વાર વર્ણવ્યું. પાંચ અભિગમનું વર્ણન કરી જિનાલયમાં પ્રવેશ કેવી રીતે કરવો તેનો વિધિ બતાવ્યો. હવે ચૈત્યવંદન કેવી રીતે કરવું તેનો વિધિ બતાવાય છે. કઈ દિશામાં રહીને ચૈત્યવંદના કરવી તેની પ્રરૂપણા માટે 'દુદિસી' નામનું તૃતીય દ્વાર ગાથાના પૂર્વાર્ધ દ્વારા વર્ણવામાં આવે છે.

ગાથા - વંદંતિ જિણે દાહિણ દિસિટ્ઠિયા પુરિસ વામ દિસિ નારી।

ગાથાર્થ : પુરુષોએ જિનાલયમાં જમણી બાજુ ઊભા રહીને અને સ્ત્રીઓએ ડાબી બાજુ ઊભા રહીને ચૈત્યવંદન કરે.

ટીકાર્થ : જિનાલયમાં પુરુષોએ મૂળનાયક ભગવાનની દક્ષિણ બાજુમાં ઉભા રહીને પ્રભુજીની પ્રતિમાની સ્તુતિ કે પ્રણામ કરવાનો હોય છે. પુરુષોએ પ્રભુજીની જમણી બાજુ ઊભા રહેવાનું કારણ - ધર્મમાં પુરુષની પ્રધાનતા છે.

સ્ત્રીઓ મૂળનાયક પ્રભુજીની ડાબી બાજુ ઊભા રહીને ચૈત્યવંદનાદિ કરે છે. આવો નૈસર્ગિક વિધિ છે.

બધાં જ ચૈત્યવંદનાદિ ધર્માનુષ્ઠાનોમાં જો વિધિની પ્રધાનતા હોય તો જ તે મહાફલદાયી બને છે, પણ જો એમાં અતિચાર સેવવામાં આવે તો ક્યારેક આ અનુષ્ઠાન શ્રી દત્તાની જેમ અનર્થકારી પણ બને છે.

કહ્યું છે કે - धर्मानुष्ठान वैतथ्यात् , प्रत्यपायो महान् भवेत् ।
रौद्रदुःखौधजनको, दुष्प्रयुक्तादिवौषधाद् ॥

ધર્માનુષ્ઠાનોમાં અતિચારોનું સેવન કરવાથી મહાન વિઘ્નો ઊભા થાય છે. અવિધિથી કરાયેલા ઔષધની જેમ આવું ધર્માનુષ્ઠાન ભયંકર દુઃખની પરંપરા ઊભી કરે છે.

ચૈત્યવંદનાદિ જો અવિધિથી કરવામાં આવે તો તે અતિચારથી યુક્ત હોવાથી આગમમાં પણ પ્રાયશ્ચિત બતાવવામાં આવ્યું છે.

મહાનિશીથના સાતમા અધ્યયનમાં કહ્યું છે : अविहीए चेइयाइं वंदिज्जा तस्स णं पायच्छित्तं उवइसिज्ज, जओ अविहीए चेइयाइं वंदमाणो अन्नेसिं असद्धं जणेइ इइ काउणं - અવિધિપૂર્વક ચૈત્યવંદન કરે તેને પ્રાયશ્ચિત આવે છે. કારણકે ચૈત્યવંદન અવિધિથી કરવામાં આવે તો બીજા જીવોને અશ્રદ્ધા ઉત્પન્ન થાય છે.

આથી શ્રદ્ધાલુ અશ્રદ્ધા ઊભી થાય તેવી રીતે ધર્માનુષ્ઠાન ન કરે, કારણકે શ્રદ્ધાલુનું લક્ષણ જ એ છે કે સમ્યગ્ વિધિપૂર્વક ધર્માનુષ્ઠાન કરે તે શ્રદ્ધાળુ શક્તિમાન હોય તો વિધિપૂર્વક જ અનુષ્ઠાન આરાધે છે. દ્રવ્ય ક્ષેત્ર કાળ કે ભાવ ના દોષના કારણે કદાચ વિધિપૂર્વક અનુષ્ઠાન ન કરી શકાય એમ હોય તો એ અનુષ્ઠાન પ્રત્યેનો પક્ષપાત અર્થાત્ કરવાની રુચિ કે આદરભાવ રાખવાનો છે.

ललितविस्तरा ग्रंथ : અનુષ્ઠાન વિધિપૂર્વક કરવામાં આવે તો શાસ્ત્રની આરાધના થાય છે. પરમાત્મા પ્રત્યેનો બહુમાન ભાવ વૃદ્ધિ પામે છે. લોકાનુસરણનો ત્યાગ થાય છે. લોકોત્તર પ્રવૃત્તિનો સ્વીકાર થાય છે. ધર્માચરણ પ્રાપ્ત થાય છે. ધર્માનુષ્ઠાન વિધિપૂર્વક ન થાય તો શાસ્ત્રની અનારાધના, પ્રભુ પ્રત્યેનું અબહુમાન આદિ થાય છે. આ વિષય ઉપર સૂક્ષ્મબુદ્ધિથી વિચાર કરવો જોઈએ, કારણકે શાસ્ત્ર કથિત ઉપદેશનું ઉલ્લંઘન કરીને સામાન્ય પુરુષોએ ચાલુ કરેલો માર્ગ હિતપ્રાપ્તિનો ઉપાય ન હોઈ શકે.

शंका : ચૈત્યવંદનાદિ અનુષ્ઠાનોના ઉત્સર્ગ માર્ગ શાસ્ત્રમાં બતાવેલો છે અને તે જ હિતપ્રાપ્તિનો ઉપાય છે તો પછી અપવાદો ગતાનુગતિક રૂપ થઈ જશે. (કેમકે તે કોઈક પુરુષ સેવતા હોય છે.)

समाधान : અપવાદ ક્યારેય ગતાનુગતિક નથી બનતો. પરંતુ આ અપવાદ પણ સૂત્રથી બાધિત નથી, મહાન લાભ અને અલ્પ નુકશાનવાળો છે, ઘણા દોષોની નિવૃત્તિ થતી હોવાથી શુભ છે, શુભનો અનુબંધ કરાવનારો છે અને મહાસત્ત્વશાળી જીવોએ પણ આ અપવાદને આદરેલો છે તેથી તે ઉત્સર્ગનો ભેદ છે.

अपवाद એ उत्सर्गनो भेद छे.

અપવાદ ઉત્સર્ગનો એક પ્રકાર છે, કારણકે અપવાદ ઉત્સર્ગના સ્થાને છે અને ઉત્સર્ગના સ્થાને હોવાથી ઉત્સર્ગની આરાધના દ્વારા જે ફળની પ્રાપ્તિ થાય છે, તે ફળની પ્રાપ્તિ અપવાદની આરાધનાથી પણ થાય છે.

आगम -

उन्नयमविक्ख निन्नस्स पसिद्धी उन्नयस्स निन्नं व ।
इय अन्नुन्नाविक्खा उस्सग्गववाय दो तुल्ला ॥

જેમ આ ઉંચું છે એવી અપેક્ષાથી નીચાની પ્રસિદ્ધિ થાય છે અને આ નીચું છે એવી અપેક્ષાથી ઉંચાની પ્રસિદ્ધિ થાય છે. આ જ રીતે ઉત્સર્ગ અને અપવાદ પણ એકબીજાની સાપેક્ષ છે, અર્થાત્ ઉત્સર્ગ છે તો અપવાદ છે અને અપવાદ છે તો ઉત્સર્ગ છે. આમ, ઉત્સર્ગ અને અપવાદ બને તુલ્ય છે.

અપવાદનો ત્યાગ કરી અનુષ્ઠાનના ત્યાગમાં મોટુ પ્રાયશ્ચિત :

अविहिकया वरमकयं असूयवयणं भणंति समयन्नू ।
पायच्छित्तं अकए गुरुयं वितहे कए लहुयं ॥

અનુષ્ઠાન અવિધિવાળુ હોવાથી નહિ કરવું સારુ- એવા વચનને શાસ્ત્રજ્ઞ પુરુષો આગમ બાહ્ય કહે છે. અનુષ્ઠાન અવિધિવાળું હોવાથી ન કરવામાં ગુરુ પ્રાયશ્ચિત આવે છે, જ્યારે વિધિવાળુ અનુષ્ઠાન ન થાય અને અવિધિવાળુ અનુષ્ઠાન કરે તો લઘુ પ્રાયશ્ચિત આવે છે.

જે ધર્માનુષ્ઠાન કરવાથી સૂત્રમાં બાધ આવતો હોય તથા લાભ અલ્પ અને નુકશાન

વધુ હોય તેવો અપવાદ આચરવાનો નથી. આવા અપવાદનું સેવન કરનાર પરમાત્માના શાસનની લઘુતા કરનાર છે. આ સેવન અલ્પ સત્ત્વવાળા જીવોનો વિલાસ છે, સંસારને તરવા માટે તણખલાના આલંબન લેવા જેવો છે. આ પ્રમાણે તે સર્વથા અહિતકારક છે એવો વિચાર કરવો. આ વિષયમાં પ્રવચનની ગંભીરતા જોવી. ઉત્તમ દૃષ્ટાંતોમાં પ્રયત્ન કરવો આ જ કલ્યાણકારી માર્ગ છે.

શ્રી દત્તાની જેમ અતિચારવાળુ અનુષ્ઠાન અનર્થકારી બને છે તેવું આગળ કહ્યું હતું. તેમાં શ્રી દત્તાનું દૃષ્ટાંત આ પ્રમાણે છે.

શ્રી દત્તાનું દૃષ્ટાંત :

પૂર્વ મહાવિદેહમાં **રમણીય વિજય** છે. ત્યાં **વૈતાઢ્ય** નામનો પર્વત છે. વૈતાઢ્ય પર્વતમાં **શિવમંદિર** નામનું સુંદર નગર છે. **કીર્તિધર** નામનો વિદ્યાધર રાજા છે. તેની પત્નીનું નામ **અનિલવેગા** છે. અનિલવેગાની કુક્ષિએ ગજ, વૃષભ અને કળશ આ ત્રણ સ્વપ્નો સૂચિત પ્રતિવાસુદેવ જન્મ્યો. તેનું નામ **દમિતારિ** પાડ્યું.

કેટલાક કાળ બાદ કીર્તિધર રાજાએ પુત્ર દમિતારિને પોતાનું રાજ્ય આપીને શ્રી શાંતિનાથ પ્રભુની પાસે સંયમનો અંગીકાર કર્યો. દમિતારિ પ્રતિવાસુદેવે વિદ્યાધરો અને રાજાઓને જીતી લઈને ચક્રને અનુસરીને વિજયાર્ધને સાધ્યો.

આ બાજુ દમિતારિ રાજાની રાણી મકરાદેવીને પોતાની કાંતિથી સુવર્ણની શોભાને જીતનારી કનકશ્રી નામે પુત્રી થઈ. એક દિવસ દમિતારિની પાસે અચાનક આકાશમાંથી નારદઋષિ આવીને ઊભા રહ્યા. દમિતારિએ ઊભા થઈને નારદઋષિનું આસનાદિ દ્વારા સત્કાર કરીને પૂછયું, 'હે મુનિ ! તમે કોઈ આશ્ચર્યને દેખ્યું છે ?'

'રાજા ! સ્વર્ગમાં પણ અસંભવે એવું આશ્ચર્ય આજે જ દેખ્યું. શુભાપુરી નગરીમાં મહાવીર્યવાળા અપરાજિત અને અનંતવીર્ય નામના રાજા છે. તેમની આગળ બર્બર અને કિરાતકુળની દાસીઓ દ્વારા કરાતું મન અને નયનને આનંદ કરનારુ નાટક જોયું. આ નાટક મારા પૃથ્વી તથા આકાશના પરિભ્રમણનું ફળ હતું. ' 'રાજન ! જેમ સૌધર્મ દેવલોક ના શકેન્દ્ર આશ્ચર્ય કારી વસ્તુઓનું સ્થાન છે તેમ વિજયાર્ધમાં પૃથ્વીના ઈન્દ્ર સમાન તમે છે. અહીંયા આશ્ચર્યકારી બધી જ વસ્તુના સ્થાન તમે છો, પરંતુ બીજું કોઈ જ નથી. પણ, રાજા રાજ્યાદિ શ્રેષ્ઠ વસ્તુઓ ભલે તારી પાસે હોય તો પણ પેલું નાટક ન હોય ત્યાં સુધી કાંઈ નથી.'

આટલુ બોલી નારદઋષિ આકાશમાર્ગે ઊડીને ચાલ્યા ગયા. દમિતારિએ પોતાના દૂતને આદેશ આપ્યો. દૂતે શુભપુરી નગરીમાં જઈને બળદેવ અપરાજિતને અને વાસુદેવ અનંતવીર્યને કહ્યું, 'તમારા નગરમાં જે સુંદર વસ્તુઓ છે તે દમિતારિ રાજાની છે. તેથી જ રાજરાજેશ્વર દમિતારિને તારા આ દાસીરત્નોને સોંપી દે.'

सहसा विदधीत न क्रियामविवेकः परमापदां पदम् ।
वृणते हि विमृश्यकारिणं गुणलुब्धाः स्वयमेव संपदः ॥

કોઈપણ કામ ઉતાવળા થઈને નહિ કરવું જોઈએ, કારણકે અવિવેક મોટી આપત્તિઓનું કારણ બને છે. જે વ્યક્તિ કોઈ પણ કામ વિચાર કરીને કરે છે. તેને ગુણમાં લોલુપ બનેલી સંપત્તિઓ સામેથી જ આવીને તેના કંઠમાં વરમાળા નાખે છે.

વાસુદેવે આવો વિચાર કરીને ના ન પાડી, પણ કહ્યું કે અમે તરત દાસીઓને મોકલીએ છીએ. દૂતે પણ દમિતારિ રાજા પાસે જઈને રાજાને એવી રીતે કહ્યું કે જાણે તમારું કાર્ય સિદ્ધ થઈ ગયું છે.

આ બાજુ રાત્રે પ્રજ્ઞપ્તિ પ્રમુખ વિદ્યાઓએ આવીને બળદેવ-વાસુદેવને કહ્યું, તમે પૂર્વભવમાં અમારી સાધના કરેલી છે, હવે અમે સિદ્ધ જ છીએ. અમારી હવેની સાધના કરવાની જરૂર નથી. હર્ષિત બનેલા બંને જણ પ્રાતઃકાળે જઈને વિદ્યાઓની પૂજા કરવા લાગ્યા, બરાબર તે જ સમયે દમિતારિનો દૂત ફરીને પાછો આવી પહોંચ્યો. તેને આવીને બંનેને કહ્યું, 'અરે નિર્લજ્જ તમે હજી મારા સ્વામીને કેમ દાસીઓ મોકલતા નથી. બળવાનની સાથે વિરોધ કરીને વિનાશ ન પામો.'

કહ્યું છે- अनुचितकर्मारंभः प्रकृतिविरोधो बलीयसा स्पर्धा ।
प्रभुवचनेऽपि विमर्शो मृत्योर्द्वाराणि चत्वारि ॥

આ ચાર મૃત્યુના દ્વાર છે. (૧) અયોગ્ય કર્મનો આરંભ કરવો (૨) પ્રજાની સાથે વિરોધ કરવો (૩) બળવાન પુરુષોની સ્પર્ધા કરવી (૪) સ્વામિના વચનમાં વિચાર કરવો.

દૂતના વચનો ઉદ્ધતાઈથી ભરેલા હતા છતાં પણ શાંતિ રાખી બંને ભાઈઓએ પ્રત્યુત્તર આપ્યો કે અરે ભાઈ, દમિતારિને બધું જ આપી દેવાનું છે, જો દાસીઓ શણગાર સજી લે તો તું આજે જ તેને તારી સાથે લઈ જા. આ પ્રમાણે દૂતને જવાબ આપીને તેને ઉતરવા માટે આવાસ સ્થાન આપ્યું. બંને ભાઈઓએ કોપાયમાન થઈને વિચાર્યું કે દમિતારિને બતાવીને આપવું પડશે કે દાસી કેવી રીતે મળે છે.

કુળવાન મંત્રીઓની ઉપર રાજ્ય ભાર નાખી દાસીના રૂપને ધારણ કર્યું. બંને ભાઈઓ દાસી રૂપે દૂતની સાથે દમિતારિ રાજાની પાસે ગયા. દમિતારિએ તે બંનેની સાથે ઉચિત રીતે વાર્તાલાપ કરી તેઓને કહ્યું - મારી પુત્રી કનકશ્રીને નૃત્ય દ્વારા આનંદ પ્રમોદ કરાવો. બંનેએ દમિતારિ રાજાની આજ્ઞાનો સ્વીકાર કર્યો. તેઓ કનકશ્રીની આગળ જઈને સુંદર નૃત્યનો અભિનય કરવા લાગ્યા. અનંતવીર્યના ગીતો પણ ગાવા લાગ્યા. કનકશ્રીએ તેઓને પૂછ્યું કે સખી ! તમે કયા પુરુષોત્તમના ગુણગાન ગાવ છો ?

આ અવસર પ્રાપ્ત કરીને બીજી દાસીએ કહ્યું, હે મૃગાક્ષી ! શુભ નગરી નામની એક નગરી છે. ત્યાંના સ્તિમિતસાગર રાજાને અપરાજિત નામનો મોટો પુત્ર છે. તેની

માતાને બળદેવને સૂચવનારા હાથી, બળદ, ચંદ્ર અને સાગર આ ચાર સ્વપ્ન આવેલા. બીજો પુત્ર અનંતવીર્ય છે, તેની માતાને પણ લક્ષ્મી, સિંહ, સૂર્ય, ઘડો, રત્ન, સમુદ્ર અને અગ્નિ આ સાત વાસુદેવપણાને સૂચવનારા સાત સ્વપ્નો આવેલા. અનંતવીર્ય ગુણોથી પણ અદ્વિતીય અનંતવીર્ય છે. કામદેવ કરતા પણ તેનું રૂપ અતિસુંદર છે. તેના બધાં શત્રુઓ મરી પરવાર્યા છે. તે સ્થિરતામાં ગિરિસમાન છે. તેની પાસે અપાર સંપત્તિ છે. ખરેખર આ પૃથ્વીમાં તેના સમાન કોઈ નથી.'

કનકશ્રી દાસીના મુખથી અનંતવીર્યના ગુણો સાંભળી રોમાંચિત થઈ ગઈ અને તેને કહ્યું, 'એ નગરીમાં તે સ્ત્રી ધન્ય છે જેના અનંતવીર્ય સ્વામી છે. મને એ અનંતવીર્યના ક્યારે દર્શન થશે ?

બળદેવે કહ્યું, 'જો તારી ઈચ્છા હોય તો અનંતવીર્યને અહીંયા લાવી દઉ.' કનકશ્રીએ પણ કહ્યું કે તમે મારી ઉપર કૃપા કરીને અનંતવીર્યને અહીં લાવો. અપરાજિત અને અનંતવીર્યે પોતાના રુપને પ્રગટ કર્યું. કનકશ્રીએ અનંતવીર્યને કહ્યું, 'હું તમારી સેવિકા છું, તમે મને આદેશ આપો.'

'સુંદરી, ચાલ તૈયાર થઈ જા. આપણે શુભ નગરી જઈએ.' વાસુદેવે કનકશ્રીને કહ્યું.

'સ્વામિનાથ, મારા પ્રાણોનું ભલે ગમે તે થાય એની મને ચિંતા નથી. પણ વિદ્યાઓથી બળવાન મારા પિતા તમારા અનર્થને કરશે. મને તો આપત્તિ દેખાય છે.'

'અરે ભીરુ ! તું ભયભીત ન થા. તારા પિતા અમારી આગળ કાંઈ નથી.' વાસુદેવે આ પ્રમાણે કહેતા કનકશ્રીએ વાસુદેવ દ્વારા બનાવવામાં આવેલ વિમાનમાં બેસી ગઈ.

કનકશ્રી વિમાનમાં બેસી ગયા પછી વાસુદેવે આકાશમાં રહીને ઘોષણા કરી, 'હે દમિતારિ આદિ રાજાઓ ! તમે સાંભળી લો. પોતાના ભાઈ અપરાજિત સાથે આવીને અનંતવીર્ય કનકશ્રીને લઈ જાય છે. તમે એમ નહિ કહેતા કે અનંતવીર્ય કનકશ્રીને ચોરીને લઈ જાય છે.' તમે શસ્ત્રને ધારણ કરો શીઘ્ર આવીને આ તમારી કન્યાને મૂકાવો. તમે તમારી શક્તિની ઉપેક્ષા ન કરો.' આ પ્રમાણે ઘોષણા કરીને તેઓ પોતાના નગર તરફ ચાલ્યા ગયા.

વાસુદેવની ઘોષણાને સાંભળીને જાણે ઘોંચ પરોણો કર્યો હોય તેમ પ્રતિવાસુદેવ દમિતારિ ક્રોધે ભરાણો. પોતાનું સઘળું સૈન્ય લઈને મારી સામે આ પૃથ્વીમાં કોણ પાક્યો છે એ પ્રમાણે બબડતો દમિતારિ વાસુદેવની પાછળ ચાલ્યો.

આ બાજુ બળદેવ વાસુદેવને હળ- ધનુષ્ય આદિ રત્નો ઉત્પન્ન થયા. વિદ્યાથી તેમણે દમિતારિ કરતા પણ બમણા સૈન્યની રચના કરી. તેઓ પણ દમિતારિ સામે યુદ્ધ કરવા ચાલ્યા. યુદ્ધમાં દમિતારિના સૈન્યનો નાશ કર્યો. પોતાના સૈન્યનો નાશ થતા દમિતારિ સ્વયં યુદ્ધ કરવા આવી ગયો. યાદ કરતા ચક્ર આવી પહોંચ્યું.

દમિતારિએ કહ્યુ, 'વાસુદેવ, મારી સામે તું યુદ્ધમાં મૃત્યુ પામી જઈશ. જો તારે ન મરવું હોય તો મારી પુત્રીને છોડીને તું ચાલ્યો જા. હે બુદ્ધિ વિનાના ! તું આમ કર તો હું તને છોડી દઈશ.'

'અરે, દમિતારિ ! તારી પુત્રીને તો ગ્રહણ કરીને જઈશ, પણ તેની જેમ તમારા પ્રાણોને પણ ગ્રહણ કરીને જઈશ.' વાસુદેવનો આ પ્રત્યુત્તર સાંભળી પ્રતિવાસુદેવે તેની ઉપર ચક્ર છોડ્યું. વાસુદેવ ચક્રના મધ્યભાગથી હણાયા અને મૂર્છિત થયા. ભાનમાં આવ્યા બાદ બળવાન વાસુદેવ ફરીને ઊભો થયો અને પોતાની પાસે રહેલા ચક્રને ગ્રહણ કરીને ફરીને દમિતારિને કહ્યું,

રાજન્, તમે કનકશ્રીના પિતા છે, આથી તમને છોડી દઉં છું.'

'અરે અનંતવીર્ય, પોતાનું કે પારકા ધનને ઓળખી નહિ શકનારા મૂર્ખ માણસો બીજાના ધનથી પોતાને ધનવાન માને છે. તું તારા હાથમાં આવેલા મારા ચક્રને મૂકી દે અથવા યુદ્ધનો પુરુષાર્થ છોડી તું ફોગટ તારું જીવન સમાપ્ત ન કર.'

દમિતારિના આ વચનો સાંભળીને અનંતવીર્ય ક્રોધે ભરાયો અને પોતાના હાથમાં આવેલું ચક્રરત્ન પ્રતિવાસુદેવ ઉપર નાખ્યું. દમિતારિનું મસ્તક ચક્રથી છેદાઈ ગયું. 'વાસુદેવ ઉત્પન્ન થયા છે' આવી આકાશવાણીની સાથે દેવોએ પુષ્પવૃષ્ટિ કરી. અનેક રાજાઓ બળદેવ-વાસુદેવને નમસ્કાર કરવા લાગ્યાં. યુદ્ધમાં વિજય મેળવ્યા બાદ બંને પોતાના નગર તરફ જવાની તૈયારી કરી કનકશ્રીની પાસે ગયા. ત્યાં તો વિદ્યાધરોએ આવીને કહ્યું, ' સ્વામિનાથ, અહીંયા જિનાલય છે. આપ વિધિપૂર્વક જિનેશ્વર પ્રભુને વાંદીને વિદાય લો. જેથી પ્રભુજીની આશાતના ન થાય.' વિદ્યાધરોની આ વાત સાંભળી તેઓ તથા તેમના પરિવારના મુખ ઉપર આનંદ છવાઈ ગયો. આકાશમાંથી નીચે ઉતર્યા. ભાવવિભોર થઈને પ્રભુજીનો પ્રક્ષાલ કર્યો. પૂજા કરી અને વંદન કર્યું. ત્યાં તેમને વર્ષોપવાસ પ્રતિમાના ધારક **કીર્તિધરમુનિના** દર્શન થયા. આ મુનિભગવંતને તે જ સમયે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું હતું, આથી દેવો તેમના કેવળજ્ઞાનનો મહોત્સવ કરી રહ્યા હતા. મહાત્માના દર્શન કરી અત્યંત હર્ષિત થયેલા તેઓએ ત્રણ પ્રદક્ષિણા કરીને જ્ઞાની ભગવંતને વાંદ્યા. ઉચિત સ્થાને આસન ગ્રહણ કર્યું અને ભગવાન ધર્મદેશનાનું દાન કરવા લાગ્યા.

'इह निव्वुइपरमंगाणि जंतुणो दुल्लहाणि चत्तारि ।
मणुयत्तं धम्मसुई सद्धाणं संजमे विरियं ॥'

આ સંસારમાં જીવોને મુક્તિના ચાર અંગો દુર્લભ છે. (૧) મનુષ્યભવ (૨) ધર્મશ્રવણ (૩) શ્રદ્ધા (૪) સંયમમાં પુરુષાર્થ.

આ સંસારી જીવે ૮૪ લાખ યોનિમાં અને ઘણી કુલકોટિમાં ભટકીને કોઈક મહાપુણ્યના ઉદયે મનુષ્ય ભવ પ્રાપ્ત થયો. તે પણ ઉત્તમ દેશ અને ઉત્તમકુળાદિથી પવિત્ર

હતો. મનુષ્યભવમાં પણ લોકમાં કુતીર્થની બહુલતા છે આથી વિશુદ્ધ ધર્મ શ્રવણ દુર્લભ છે. આ ધર્મશ્રવણ પૂર્વક અહિંસક ધર્મનો સ્વીકાર કરીને ભવસાગર પણ તરી શકાય છે. ધર્મશ્રવણ મળી જાય પણ ધર્મમાં તત્ત્વ રુચિ દુર્લભ છે. કારણકે મિથ્યાત્વના ઉપાસક આ લોકમાં ઘણા મૂઢમતિવાળા જીવો ન્યાયમાર્ગથી ભ્રષ્ટ થાય છે. કદાચિત્ ધર્મશ્રદ્ધા પ્રાપ્ત થઈ જાય, પણ કાયા દ્વારા ધર્મનું પાલન કરવું અત્યંત દુર્લભ છે. કારણકે કામગુણથી શબ્દાદિમાં મૂર્છિત થયેલા જીવો પાપકર્મથી અટકતા નથી.

જે જીવને મનુષ્યભવ પ્રાપ્ત થઈ જાય, ધર્મનું શ્રવણ કરે, ધર્મમાં શ્રદ્ધા રાખે અને વિધિ અનુસારે ધર્મનું પાલન કરે એવો જીવ તરત જ પોતાના કર્મોનો નાશ કરે છે. આથી વિધિની પ્રધાનતા રાખી ધર્માનુષ્ઠાનમાં પ્રયત્ન કરવો. હે ભવ્યજીવો! તમારે શુદ્ધભાવને ધારણ કરવો જોઈએ, કારણ કે અશુદ્ધભાવ સમ્યકત્વને મલીન બનાવે છે. સમ્યકત્વ જ જ્યારે મલીન થઈ જાય છે ત્યારે તપ નિયમ કે વ્રત આદિ ગુણો ઘણુ ફળ આપનારા થતાં નથી. જેમ થોડું પણ ઝેર જીવિતનો નાશ કરે છે તેમ ધર્મમાં સેવેલો થોડો પણ દોષ સુખસમૂહનો નાશ કરે છે, દોષ સમૂહમાં વધારો કરે છે અને અનેક અનર્થોને ઊભા કરે છે.

કહ્યું છે - धर्मानुष्ठान वैतथ्यात्, प्रत्यपायो महान् भवेत् ।
भवेत् रौद्रदुःखौधजननो, दुष्प्रयुक्तादिवौषधात् ॥

ધર્માનુષ્ઠાનમાં દોષ સેવવાથી મહાન અનર્થ થાય છે. જેમ અવિધિએ સેવેલું ઔષધ મહા અનર્થ ઊભો કરે છે, તેમ સદોષ ધર્માનુષ્ઠાનના સેવનથી થયેલ મહાઅનર્થ અનેક ભયંકર દુઃખોના સમુદાયને ઊભા કરી દે છે.

કીર્તિધરમુનિની દેશના સાંભળીને કનકશ્રીએ આ કેવળજ્ઞાનીને પૂછયું, 'પ્રભુ ! મેં પૂર્વના ભવમાં એવા કયા કર્મ કર્યા હશે જેનાથી હું અનર્થકારી પિતાનો વધ તથા ભાઈઓના વિરહને પામી.'

કીર્તિધર કેવળજ્ઞાની બોલ્યા, 'હે ભદ્રે ! ધાતકી ખંડના પૂર્વભરતમાં **શંખપુર** નામનું ગામ છે. ત્યાં **શ્રીદત્તા** નામની સ્ત્રી છે. તે જન્મજાત દરિદ્ર હતી. તે પારકા ઘરના કામકાજ કરીને તેનું જીવન ચલાવતી હતી. રાંધવું, ખાંડવું, પીસવું, ઘર લીંપવું અને પાણી લાવવું વગેરે તેના કામ હતા. એક દિવસ લોકોના ઘરે કામ ન મળવાથી **શ્રી પર્વતગિરિમાં** લાકડા લેવા માટે ગઈ. ગિરિ ઉપર તેને **સત્યયશ** નામના મુનિના દર્શન થયા. મુનિના દર્શન થતાં તે ચિંતનમાં ગરક થઈ, 'અરે હું મારા ત્રણ જન્મને જાણું છું. પૂર્વેના આ ભવોમાં મારુ સ્વચરિત જ એવું હતું જેથી કરીને મેં કાંઈ પણ સારું કામ કર્યું નથી અને તેથી જ હું આ ભવોમાં દુઃખી થઈ છું. મારા જ દુષ્કર્મોથી બળેલી મેં આ ભવમાં એકવાર પણ થોડું પણ સુકૃત નથી કર્યું તેથી પરભવમાં મારે માત્ર દુઃખ જ સહન કરવું પડશે. જન્મથી માંડીને એક પેટ ભરવાની ચિંતાથી મેં અભાગણીએ

કરોડો ભવોએ પણ દુર્લભ મનુષ્ય ભવ ખોઈ નાખ્યો છે. તેથી આજે તો હું આ મુનિભગવંતને નમીને એમના મુખેથી ઉપદેશ સાંભળું. એમના મુખકમળને જોઈને હું મારા જન્મને સફળ કરું.'

શ્રીદત્તાએ આવો વિચાર કરીને મુનિ સત્યયશ પાસે ગઈ. ત્યાં જઈને નમસ્કાર કર્યો. મહાત્માએ શ્રીદત્તાને ધર્મલાભ આપતા તેનું હૃદય હર્ષિત થઈ ગયું. તેણીનીએ મુનિભગવંતને કહ્યું, 'ભગવાન હું અયોગ્ય છું, હું અભાગણી છું તો પણ મને કાંઈક ઉપદેશ આપો. આપનો ઉપદેશ સાંભળીને હું હવે આવતા ભવોમાં આવી દુઃખી ન થાઉં. સત્યયશમુનિએ તેની યોગ્યતાનો વિચાર કરીને ધર્મચક્રવાલ નામના તપનો ઉપદેશ આપ્યો. સકલ સુખને આપનાર તેના વિધાનને ચૈત્યવંદન પૂર્વક કરવાનું બતાવ્યું અને તેને કહ્યું, 'હે ભદ્રે ! આ સ્વાધીન ધર્મને જો તું વિધિપૂર્વક કરીશ તો તારે આવું દુઃખ ફરીને નહિ આવે.

શ્રીદત્તાએ તહત્તિ કરીને મુનિની આજ્ઞાનો સ્વીકાર કર્યો. મુનિભગવંતને નમસ્કાર કરીને તે પોતાના ઘરે ગઈ. વિધિપૂર્વક દેવને વાંદીને તેને ધર્મચક્રવાલ તપનો પ્રારંભ કર્યો. આ તપમાં તેને પ્રથમ બે ઉપવાસ કર્યા અને પછી ૩૭ ઉપવાસ કર્યા. ધર્મચક્રવાલ તપના પ્રભાવથી પારણે તેને સુંદર ભોજન મળવા લાગ્યું. શ્રીદત્તા તપ અને ચૈત્યવંદનમાં રત રહેતી હોવાથી ધનવાન શ્રાવકો તેને શ્રેષ્ઠ વસ્ત્રો આપવા લાગ્યા. જ્યાં કામ કરતી ત્યાં તેને બમણું ત્રમણું વેતન પણ મળવા લાગ્યું. એક દિવસ તેના ઘરની દીવાલ પડી ગઈ. ભીંતના એક ખૂણેથી તેને ઘણું ધન મળ્યું. આ ધનથી તેને પોતાના તપનું ઉજમણું કર્યું. ધર્મચક્રવાલ તપના પારણે તે દિશાવલોકન કરતી હતી, ત્યાં તેને માસક્ષમણના તપથી કૃશ શરીરવાળા સુવ્રત નામના સાધુભગવંતને આવતા જોયા. તેની આંખો હર્ષાશ્રુથી પૂર્ણ થઈ ગઈ. તપસ્વીને ગોચરી વહોરાવી. મહાત્મા ગોચરી વહોરીને ચાલ્યા ગયા બાદ પોતાની જાતને ધન્ય માનતી તેને મુનિભગવંતને વહોરાવ્યા બાદ વધેલા ભોજનમાંથી પારણું કર્યું. પારણું કરીને તે સુવ્રત સાધુ ભગવંત પાસે ગઈ. મહાત્માને વંદન કરીને તેમની પાસેથી શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો. સમ્યકત્વમૂલ બારે વ્રતોને શ્રીદત્તાએ કેટલાક કાળ સુધી નિરતિચાર પણે પાળ્યા. એક દિવસ કર્મનો ઉદય થતાં તેને વિચાર આવ્યો, 'જૈન ધર્મની આરાધનાનું ઉત્તમ ફળ આ લોકમાં મળે છે એવું કહેવાય છે, તો એ મારા માટે પણ સાચું થશે ? ત્રણ પ્રદક્ષિણા આપવી, બે દિશામાં નિરીક્ષણનો ત્યાગ કરવો તથા ત્રણ પ્રકારનો અવગ્રહ પાળવો આદિનું ફળ કાંઈ મને તો અહીં જણાતું નથી અને એવું સંભળાય છે કે સામાન્ય વંદનાનું પણ ઉત્તમફળ મળે છે.'

શ્રીદત્તાને ધર્મનું ફળ સાક્ષાત મળવા છતાં પણ ધર્મમાં સંશય ઉત્પન્ન થયો. ખરેખર ભવિતવ્યતા બળવાન છે. ત્યારપછી તો તે ધર્મમાં શિથિલ થઈ ગઈ. વિધિ કરવામાં આદર પણ ચાલ્યો ગયો. એક દિવસ સત્યયશમુનિ આવેલા છે એવું સાંભળીને તેમને

વંદન કરવા માટે ચાલી. માર્ગમાં તેને વિમાનમાં બેઠેલા બે વિદ્યાધરોને જોયા. તેમના સુંદર રુપથી મોહ પામી વિદ્યાધરો ઉપર શ્રીદત્તાને અનુરાગ થયો. રસ્તામાંથી પાછી વળી શ્રી દત્તા પોતાના ઘરે આવી. તેને પોતાના પાપની આલોચના અને પ્રતિક્રમણ પણ ન કર્યું. શ્રી દત્તા ત્યાંથી મૃત્યું પામી અને અહીંયા તું કનકશ્રી તરીકે બની. શ્રીદત્તાના ભવમાં સેવેલા દોષને કારણે તારા આ ભવમાં પિતાનું મરણ અને ભાઈનો વિરહ આદિ પ્રાપ્ત થયો.

आगममां पण कहुं छे :

जह चेव उ मुक्खफला आणा आराहिया जिणिंदाणं ।
संसारदुक्खफलया तह चेव विराहिया होइ ॥

જેમ જિનેશ્વર ભગવાનની આજ્ઞાની આરાધના મોક્ષનું ફળ આપનારી છે તેમ તે જ આજ્ઞાની વિરાધના સંસારના દુઃખરુપ ફળને આપનારી છે.

કીર્તિધરમુનિના મુખેથી પોતાનો ભવ સાંભળીને કનકશ્રીએ વાસુદેવને કહ્યું, 'નાનું કાણું પડતા નાવ જેમ પાણીમાં ડૂબી જાય છે તેમ નાના પણ કરેલા પાપથી જીવ પણ આ સંસારમાં ડૂબી જાય છે. નાના પણ પાપથી જો આવું દુઃસહ દુઃખ પ્રાપ્ત થાય છે તો સઘળા દુઃખોની ખાણ સ્વરૂપ એવા આ કામભોગો વડે શું ? સ્વામિનાથ ! મારી ઉપર કૃપા કરો બધાં જ દોષોનો ક્ષય કરનારી એવી દીક્ષા મને આપો. હું આવી છળકપટવાળી સંસારરુપ રાક્ષસીથી ભયભીત થઈ છું.'

'હે સુતનુ ! તું ભલે સંયમ સ્વીકાર કર. પરંતુ હમણા તો આપણે શુભપુરીમાં જઈએ. ત્યાં જઈને તું સ્વયંપ્રભ તીર્થંકર પ્રભુ પાસે દીક્ષા ગ્રહણ કરજે.' વાસુદેવની વાતનો કનકશ્રીએ સ્વીકાર કર્યો. ત્યારબાદ કીર્તિધરમુનિને નમસ્કાર કરીને તેઓ શુભપુરીમાં ગયા. વિજયાર્ધના રાજાઓએ શુભપુરીમાં અનંતવીર્યનો અર્ધચક્રવર્તી તરીકે અભિષેક કર્યો.

એક દિવસ શુભપુરીનગરીમાં સ્વયંપ્રભ જિનેશ્વર પધાર્યા. કનકશ્રીએ તીર્થંકર પ્રભુ પાસે સંયમનો સ્વીકાર કર્યો. બળદેવ તથા વાસુદેવે અપૂર્વ દીક્ષા મહોત્સવ કર્યો. સંયમ સ્વીકારીને કનકશ્રીએ કનકાવલિ, મુક્તાવલિ, રત્નાવલિ તથા ભદ્ર આદિ વિવિધ પ્રકારના તપોને વિધિ પૂર્વક કર્યા અને ધર્માનુષ્ઠાનના વિધિમાં નિરત બન્યા. કનકશ્રી સાધ્વીજીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતાં કેવળદર્શનથી સકળ પદાર્થો દેખાવા લાગ્યા. અંતે કનકશ્રી કેવળજ્ઞાનીએ સિદ્ધિગતિને પ્રાપ્ત કરી અને અનંત સુખ તથા વીર્યથી સમૃદ્ધ બન્યા.

ઉત્તમ ભાવોને ધારણ કરનારા હે ભવ્ય જીવો ! શ્રી દત્તાના આ વૃત્તાંતને સાંભળીને શ્રી જિનેશ્વર પ્રભુને કરાતા ચૈત્યવંદન આદિ અનુષ્ઠાનોમાં થોડો પણ દોષ ન સેવો.

इति श्रीदत्ता कथा समाप्त

શ્રીદત્તાની કથા સાથે બે દિશિ- નામનું ત્રીજુ દ્વાર કહ્યું હવે બે પ્રકારની દિશામાં રહીને મૂળનાયક પ્રભુથી કેટલા અવગ્રહમાં રહીને ચૈત્યવંદન કરવું જોઈએ આવી શંકાનું સમાધાન આપવા માટે અવગ્રહ નામનું ચોથું દ્વાર ગાથાના ઉત્તરાર્ધ દ્વારા બતાવવામાં આવે છે.

चतुर्थ अवग्रह द्वार :

गाथा : नवकर जहन्नु सट्ठिकर जिट्ठु मज्झुग्गहो सेसो ॥ २२ ॥

गाथार्थ : ચૈત્યવંદનાદિ કરતા જિનાલયમાં જઘન્ય- નવહાથ : ઉત્કૃષ્ટ સાઠ હાથ : બાકીનો મધ્યમ અવગ્રહ છે.

टीकार्थ : જિનાલયમાં મૂળનાયક પ્રભુના બિંબથી ઓછામાં ઓછો નવ હાથનો અવગ્રહ રાખવો જોઈએ. અર્થાત્ પ્રભુજીથી નવહાથ દૂર રહેવું જોઈએ. જેથી કરીને પ્રભુજીને આપણો ઉચ્છ્વાસ-નિઃશ્વાસ આદિ લાગીને પ્રભુજીની આશાતના ન થાય.

ઉત્કૃષ્ટ અવગ્રહ ૬૦ હાથનો છે. ૬૦ હાથથી દૂર બેસવાનું નથી, કારણકે તેનાથી વધુ દૂર બેસવામાં ચૈત્યવંદન વિષયક ઉપયોગ સંભવતો નથી.

જઘન્ય અવગ્રહ ૯ હાથ પછીનો અને ઉત્કૃષ્ટ ૬૦ હાથ પહેલાનો અવગ્રહ મધ્યમ અવગ્રહ છે.

અવગ્રહ એટલે મૂળનાયક પ્રભુજીની પ્રતિમા અને ચૈત્યવંદનાના સ્થાનની વચ્ચેની જગ્યા.

अवग्रहनो अन्य प्रकार

કેટલાક આચાર્ય ભગવંતોએ આ અવગ્રહ બાર પ્રકારનો પણ બતાવ્યો છે.

पंचस्थानक प्रकरणः उक्कोस सटिठ १ पंना २ चत्ता ३ तीसा ४ दसट्ठ ५ पणदसगं ६ दस ७ नव ८ ति ९ दु १० एग ११ द्धं १२ जिणुग्गहं बारसविभेयं ॥

૬૦,૫૦,૪૦,૩૦,૧૮,૧૫,૧૦,૯,૩,૨,૧ અને અર્ધો હાથ એમ બાર પ્રકારનો અવગ્રહ બતાવવામાં આવ્યો છે.

અર્ધા હાથથી આરંભીને ૬૦ હાથની અંદર ગૃહચૈત્ય કે ચૈત્યગૃહમાં રહીને જે રીતે જિનેશ્વર પ્રભુની પ્રતિમાજીની આશાતના ન થાય તે પ્રમાણે શાસ્ત્રાનુસારે અવગ્રહની બહાર રહીને **अमिततेज विद्याधरनी** જેમ ચૈત્યવંદના કરવી.

अमिततेज विद्याधरनुं दृष्टांत :

જેમ શ્રેષ્ઠનગર ઉત્તમરાજાવાળું હોય છે, સુખને કરનારુ હોય છે, બજારની શ્રેણિથી શોભતું હોય છે તથા મંદિરોથી યુક્ત છે તેમ વૈતાઢ્ય નામનો પર્વત ઉત્તમરજતનો છે, તેમાં વિદ્યાધરોનો આવાસ છે, પર્વત ઉપર બે શ્રેણિઓ છે તથા દેવતાના સમૂહથી શોભિત છે. આ વૈતાઢ્ય પર્વતની દક્ષિણ શ્રેણિમાં રથનૂપુર ચક્રવાલ

નામનું નગર છે. આ નગર બે પ્રકાર સુશરણ (મહેલો અને શરણ)વાળું છે, સુંદર સાલ (કિલ્લો અને શાલવૃક્ષો) વાળું છે, સુંદર પરિઘ (નગરને ચારે તરફ સુંદર **ખાઈ** અને દ્વાર ઉપર વિશાળ **અર્ગલા**) વાળુ છે. તેમજ સુરમણી (સુંદર રમણીઓ અને અત્યંત રમણીયતા) વાળુ છે.

આ નગરમાં અમિતતેજ નામનો રાજા છે. પોતાના અમાપ તેજથી તેમણે સૂર્યના તેજને પણ ઝાંખુ પાડ્યું હતું. આ વિદ્યાધરોના રાજાને વિદ્યાધરોનો સમુદાય નતમસ્તકે નમસ્કાર કરતો હતો. અમિતતેજ **રાજધર્મ - આત્મધર્મ** નું સુંદર પાલન કરતો હતો. તેનો **કર**(હાથ) ઉદારતા ગુણથી યુક્ત હતો અને તેમને નગરમાં લોકો ઉપર બહુ ઓછા કર નાખેલા હતા. અનેક ઉત્તમ **હાથીઓ** તેમની પાસે હતા તથા તેમની **ગતિ** સુંદર હતી. ઉત્તમ **અશ્વો** તેમની પાસે હતા તથા તેઓ દરેક લોકોના **આશ્રય** હતા. તેમનું **બળ** પણ અજોડ હતું અને તેમનું **સૈન્ય** પણ સશક્ત હતું. તેમનું **પરાક્રમ** અને **તેજ** બંને અપૂર્વ હતા. તેમના **વસ્ત્રો** અવર્ણનીય હતા તથા તેમનું આવાસસ્થાન મનોહર હતું. રાજ્યમાં ઉત્તમ **નર** પુરુષો એમની આંખો હતી તથા તેમની આંખો સુંદર અને ચંચળ હતી. તેમનું ચરિત્ર અને પગ બંને પણ સુંદર હતા.

અમિતતેજે પોતનપુરના રાજા શ્રી વિજયરાજાની જ્યોતિપ્રભા નામની બહેન સાથે લગ્ન કર્યા. જ્યોતિપ્રભાનું મુખ ચંદ્ર જેવું ઉજ્જવળ હતું. શ્રી વિજયરાજાના લગ્ન અમિતતેજ રાજાની બહેન સુંદર કીકીવાળી અને વિશાળ નયનવાળી સુતારા સાથે થયા. આથી અમિતતેજ અને વિજયરાજા વચ્ચે એકબીજા પર સ્નેહ હતો.

એક દિવસ શ્રી વિજયરાજા સુતારાની સાથે જ્યોતિવન નામના વનમાં ગયો. જેમ જિનાલય શ્રાવકોથી ભરેલું હોય તેમ આ વન પશુઓથી પૂર્ણ હતું. અહીંયા કાજળ જેવા કાળા ખુરના અગ્રભાગવાળો, મરકતમણિ જેવા શીંગડાવાળો, સુવર્ણ સદેશ અંગવાળો અને મનોહર એક શ્રેષ્ઠ હરણ તેઓએ દેખ્યો. નીલ ઉત્પલની પાંખડી જેવા અને ચંચળ નેત્રવાળા આ હરણને દેખીને સુતારાએ વિજયરાજાને કહ્યું, 'સ્વામિનાથ ! ક્રીડા કરવા માટે આ હરણને ગ્રહણ કરો.'

રાજા પણ સુતારાના મોહમાં મુગ્ધ હતો. તેથી તે મૃગના ગ્રહણ માટે ચાલ્યો, ત્યારે આ હરણીયુ નટની જેમ અનેક રુપોને ધારણ કરવા લાગ્યું. દોડી રહેલું હરણ ક્યારેક નજીક આવે છે, ક્યારેક વૃક્ષની ઓથે છૂપાઈ જાય છે અને ક્યારેક આકાશમાં પહોંચી જાય છે. હરણની પાછળ દોડતો રાજા દૂર પહોંચી ગયો.

આ બાજુ સુતારા રાણીના રુદન ભર્યા શબ્દો સંભળાવા લાગ્યા, 'હે નાથ, જલ્દી આવો જલ્દી આવો , મને સાપ કરડ્યો છે.' આ શબ્દો સાંભળી વિજયરાજા રાણીમાટે હરણિયાને મૂકીને રાણી તરફ વળ્યો.

ખરેખર जं संतेच्चिय कुसले कुसला लाहं अहिलसंति- પોતાનો સ્વજન કુશળ

હોય તો ડાહ્યા માણસ લાભની અભિલાષા રાખે છે.

રાણી પાસે આવીને વિજયરાજાએ જેની ઉપર વિશ્વાસ છે એવા મંત્ર તંત્ર મણિ આદિનો પ્રયોગ કર્યો, પણ જેમ ઉત્તમ દાન અપાત્રને આપવાથી નિષ્ફળ થાય છે તેમ મંત્રાદિ પણ સુતારાને વિશે નિષ્ફળ થયા. રાણીનું મુખ અને નેત્રો મ્લાન થઈ ગયા. હાડકાના સાંધાઓ અત્યંત શિથિલ થઈ ગયા. શરીર પણ થરથર ધ્રૂજવા લાગ્યું. અંતે સુતારા રાણી મૃત્યુ પામી. સુતારાને મૃત્યુ પામેલી દેખીને વિજયરાજા મુગ્ધની જેમ રડવા લાગ્યો. પ્રાણ કરતા પણ પ્યારી સુતારા વિનાનું જીવન નકામું છે - આવો વિચાર કરી લાકડાની ચિતા રચાવી. સુતારાની સાથે રાજા વિજય ચિત્તામાં આરૂઢ થયો. વિરહની આગથી બળતા રાજાએ જાતે જ ચિત્તામાં ચિનગારી ચાંપી.

બરાબર એ જ સમયે તરત બે વિદ્યાધરોએ ગગનમાંથી ભૂમિમાં ઉતર્યા. તેમને દિવ્યવસ્ત્રયુગલનું પરિધાન કર્યુ હતુ, તેમના કુંડળ હાલી રહ્યા હતા અને તેમના આભૂષણો શરીરની સાથે ઘર્ષણ કરી રહ્યા હતા. એક વિદ્યાધરે સુતારાના નિશ્ચેષ્ટ દેહ ઉપર વિદ્યાથી અભિમંત્રિત જલનો છંટકાવ કર્યો ત્યાંતો અટ્ટહાસ્યને કરતી સુતારાદેવી ઊડીને આકાશમાં ચાલી ગઈ.

મૃત્યુ પામેલી સુતારા આકાશમાં ઊડી જતા રાજાના હૃદયમાં આશ્ચર્યનો ઉદ્ભવ થયો અને બોલ્યા, 'અરે ! આ શું થયું ? આ શું થયું ? બે વિદ્યાધરોએ હાથ જોડીને રાજાને કહ્યું, 'હે સ્વામિનાથ ! સાંભળો, અમે બંને શ્રી અમિતતેજ વિદ્યાધરેશ્વરના નૈમિત્તિક છીએ. અમે બંને પિતાંપુત્ર છીએ અમારુ નામ સંભિન્નશ્રોત અને દીપશિખ છે. આજે અમે બંને અહી ક્રીડા કરવા માટે આવ્યા હતા. ત્યાં તો અમે આકાશમાં એક સ્ત્રીનો કરુણ શબ્દ સાંભળ્યો.'

'હે નાથ ! હે નાથ ! હે શ્રી વિજયરાજા ! હે સ્વયંપ્રભા માતા ! હે મારા વીરા મહાવીર ખેચરેન્દ્ર અમિતતેજ ! અરે કોઈક અધમ વિદ્યાધર અનાથની જેમ મારુ અપહરણ કરી જાય છે. તમે જલ્દી આવો અને મને પાપીથી જલ્દી મુક્ત કરો.'

સ્ત્રીના આ શબ્દો સાંભળીને અમને ખ્યાલ આવી ગયો કે આ તો અમારા સ્વામી અમિતતેજની બહેન સુતારા છે. તેથી અમે અમારી વિકરાળ તલવારને મ્યાન મુક્ત બનાવી અને અરે ! ઊભો રહે ઊભો રહે એમ બોલતા બોલતા એ અધમ વિદ્યાધરની પાછળ દોડ્યા. અમે અશનિઘોષ વિદ્યાધરને દેખ્યો અને તેને કહ્યું, 'હે અનાર્ય ખેચરાધમ ! તું પુરુષ બન અને શસ્ત્રને હાથમાં ગ્રહણ કર. તું બસ મર્યો સમજજે.'

અમે અશનિઘોષની પાસે પહોંચી ગયા ત્યારે સુતારા મહાદેવીએ અમને કહ્યું, 'તમે યુદ્ધ રહેવા દો. તમે જલ્દી જ્યોતિવનમાં જાવ. જેથી વૈતાલિની વિદ્યાથી મોહ પામેલા રાજા પ્રાણોનો ત્યાગ ન કરે.'

સુતારા રાણીની વાત સાંભળી અમે તરત જ અહીં આવ્યા. અમે અહીં આવીને

મૃત સુતારા દેવીના રુપને ધારણ કરનારી વૈતાલિની વિદ્યા સાથે બળતી ચિતામાં પ્રવેશેલા આપને દેખ્યા. પછી તો શું બન્યું તે બધું આપ જાણો છો.'

સંભિન્નશ્રોત અને દીપશીખ નામના આ બે નૈમિત્તકોના મુખથી સાંભળી રાજા અધિક દુઃખી થયો. તેથી નૈમિત્તિકે વિજયરાજાને કહ્યું, 'પ્રભુ આપ ખેદ ધારણ ન કરો. તમારી સામે અશનિઘોષનું શું ગજું છે ? અમને હમણા એવું નિમિત્ત સ્ફુરે છે કે આપણે વૈતાઢ્યમાં જઈએ.'

બંને નૈમિત્તિક વિજયરાજાને વૈતાઢ્યમાં લઈ ગયા. અમિતતેજને બધી વાત જણાવી. અમિતતેજ રાજાએ પણ તેમને આદર પૂર્વક બોલાવ્યા અને સન્માન આપ્યું. અશનિઘોષ પાસેથી પોતાની બહેન સુતારાને મુક્ત કરવા માટે શ્રી અમિતતેજ વિદ્યાધરે રશ્મિવેગ આદિ પોતાના ૫૦૦ બળવાન પુત્રો અને બીજા પણ શ્રેષ્ઠ વિદ્યાના ધારક વિદ્યાધરોને મોકલીને અને શસ્ત્રાવરણી, બંધની તથા મોચની મહાવિદ્યાઓ આપી શ્રી વિજયરાજાને અશનિઘોષ વિદ્યાધર સામે મૂક્યો. અમિતતેજ સ્વયં બીજાની વિદ્યાને છેદનારી મહાજ્વાલા નામની વિદ્યાને સિદ્ધ કરવા માટે સહસ્રરશ્મિ પુત્ર સાથે હિમવાન પર્વત ઉપર ગયો.

અમિતતેજ વિદ્યાધર માસખમણ કરી ધરણેન્દ્ર અને જયંતકેવળીની પ્રતિમાની આગળ સાતરાત્રિની પ્રતિમાને ધારણ કરી ચારે દિશામાં રહી વિદ્યા સાધવા લાગ્યા. સહસ્રરશ્મિ વિદ્યાની સાધના કરતા પિતાની રક્ષા કરવા લાગ્યો.

આ બાજુ શ્રી વિજયરાજા તરત જ ચમરચંચામાં પહોંચ્યા. નગરની બહાર સૈન્યનો પડાવ નાખ્યો અને નગરની અંદર મારીચિ નામના દૂતને મોકલ્યો. મારીચિએ આવીને અશનિઘોષની પાસે આવીને કહ્યું, 'મહારાજા ! ભલે તમે અજ્ઞાન પરવશ થઈ સિંહ સમા વિજયરાજાને છેતરીને સુતારાદેવીનું અપહરણ કર્યું, પણ હવે દેવી અમારા સ્વજન છે, આથી દેવી અમને આપીદો. કારણકે અમારે અમારા સ્વજનની ઉપેક્ષા ન કરવી જોઈએ.'

દૂતની આ વાત સાંભળી અશનિઘોષ અત્યંત રોષાયમાન બનીને બોલ્યો, 'અરે દૂત ! તારો પ્રભુ યમરાજાના ઘરે જવાની ઈચ્છાવાળો હોવાથી આવું વાંકુ બોલે છે. અરે તુચ્છ ! તમારી દેવી તમને નહિ મળે. તારા વિજયરાજાને યુદ્ધ માટે તૈયાર કર. હું તરત જ આવું છું.' આટલું બોલીને અશનિઘોષે દૂત મારીચિને સભાની બહાર કઢાવ્યો.

દૂત મારીચિએ આવીને બનેલી સર્વબીના રાજા વિજયને કહી. આ સાંભળતા જ મોટા મોટા હુંકાર કરતા યુદ્ધ માટે તૈયાર થયા. યુદ્ધ માટે તૈયાર થયેલા આ સૈનિકોમાંથી કોઈક પોતાના બાણને જોવા લાગ્યા, કોઈક તલવારને, કોઈક બાહુ દંડને, કોઈક બર્છીને, કોઈક બર્છાને, કોઈક ભાલાને અને કોઈક બાવલ્લ (શસ્ત્ર વિશેષ)ને જોવા લાગ્યા. એ સમયે રણભેરી વાગી અને શ્રી વિજયરાજાનું સૈન્ય યુદ્ધ માટે તૈયાર થયું.

અશનિઘોષે ય પણ ઘણા સૈન્યથી યુક્ત પોતાના પુત્રોને મોકલ્યા. જયલક્ષ્મીની વાંછા કરતા બંને સૈન્યો ભેગા થયા. બંને સૈન્યના સૈનિકો પોતપોતાના આયુધોને ઊંચા કરી એકબીજાને પડકારવા લાગ્યા. સ્વાભાવિક અને વિદ્યાકૃત યુદ્ધ દ્વારા બંને સૈન્યનો કાંઈક ન્યૂન એક માસ પસાર પણ થઈ ગયો. યુદ્ધમાં અશનિઘોષના પુત્રો નાશ પામ્યાં. પોતાના પુત્રોનો નાશ થતાં અશનિઘોષ વિદ્યાધરે વિજયરાજાને કહ્યું, 'જો તારા આ અભિમાનનો ક્ષણમાત્રમાં ચૂરો કરી નાખું છું.'

આટલું બોલીને અશનિઘોષે પોતાના વિદ્યાબળથી અમિતતેજના પુત્રોનો નાશ કર્યો. આ દેખીને રાજા વિજય અભિમાની થઈને બોલી ઊઠ્યો, 'અરે એ દુષ્ટ ! પાપી! નિર્લજ્જ ! તું હજૂ પણ ચાલ્યો જા. જો તું નહિ ચાલ્યો જાય તો તે મારી સાથે ઠગાઈ કરીને મારી પત્નીનું અપહરણ કર્યુ છે તે દુર્વિનયનું ફળ હું તને બતાવીશ. બસ તું હવે મરદ બન.'

'વિજય ! પહેલા તો તું જ તારું કીધેલું કર અને તો જ તું બચી શકીશ. એમ ન કરવું હોય તો મરદ બનીને આવીજા.' અશનિઘોષે વિજયરાજા ઉપર આવા વાગ્બાણ છોડીને તેમની સામે ચાલ્યો.

બંને એકબીજાની નજીક આવી પહોંચતા ખોંખારા કરવા લાગ્યા, વિનાશ કરવા લાગ્યા, પડકારો કરવા લાગ્યા અને એકબીજાના શસ્ત્રોને ચૂકવવા લાગ્યા.

અશનિઘોષ મચક ન આપતો હોવાથી વિજયરાજાએ રોષે ભરાઈને તલવારથી અશનિઘોષના બે ટુકડા કર્યા, પણ ત્યાં તો બે ટુકડાના બે અશનિઘોષ બની ગયા. ફરીને વિજયે બે ના ચાર ટુકડા કર્યા તો તેમાંથી ચાર અશનિઘોષ બની ગયા. આ રીતે બે બે ટુકડા કરતા કરતાં હજારો અશનિઘોષ બની ગયા. રાજા વિજય પણ થાકી ગયો, બસ એ જ સમયે મહાજ્વાલા વિદ્યા સિદ્ધ થતા અમિતતેજ વિદ્યાધર આવી પહોંચ્યા.

સિંહને દેખીને હસ્તિવૃંદ જેમ નાસવા લાગે છે તેમ અમિતતેજને જોઈને અશનિઘોષનું સૈન્ય નાસવા લાગ્યું. આ જોઈને અમિતતેજે મહાજ્વાળા વિદ્યાને કહ્યું કે આ શત્રુ સૈન્યને નાસવા ન દેતા. મહાજ્વાળાથી મોહિત થયેલું સૈન્ય અમિતતેજના શરણમાં આવ્યું. અમિતતેજને આવેલા જાણીને અશનિઘોષ તરત ભાગવા લાગ્યો.

અશનિઘોષ પલાયન થતા તરત અમિતતેજે વિદ્યાને આદેશ કર્યો કે આ મહાપાપી દૂર ભાગી જાય તો પણ તેને પકડીને અહીં લાવવાનો છે. અમિતતેજની આજ્ઞા મળતા મહાજ્વાળા વિદ્યા અશનિઘોષની પાછળ ગઈ. વિદ્યાથી પીડા પામેલો અશનિઘોષ શરણું શોધતો આકાશમાંથી દક્ષિણાર્ધ ભરતમાં ઉતર્યો. ત્યાં તેને સીમનગ નામનો શૈલ દેખ્યો. પર્વત ઉપર આદિનાથ પ્રભુનું સુંદર મંદિર હતું. જિનાલયની આગળ સમવસરણના પ્રદેશમાં એક હજાર ધ્વજાઓથી યુક્ત એક મહાધ્વજ હતો. આ મહાધ્વજની સમીપમાં ચઉદપૂર્વના ધારક અચળ નામના બળદેવમુનિને એક રાત્રિની

પ્રતિમામાં કેવળજ્ઞાન ઉત્પન્ન થયું હતું. કેવળી પ્રભુના મહિમાને કરવા માટે દેવ તથા દાનવો ત્યાં આવેલા હતા. આ દેખીને કેવળજ્ઞાની અચળપ્રભુના ચરણકમળનું શરણું લેવા માટે ભમરાની જેમ ત્યાં આવ્યો.

અશનિઘોષે કેવળજ્ઞાનીનો આશ્રય લીધો હોવાથી વિદ્યા પોતાનું કામ કરવા અસમર્થ બની ગઈ. તેનું મોં પડી ગયું અને તે પાછી વળી.

આ તો કાંઈ નહિ. કેવળજ્ઞાનીની પર્ષદામાં ઈન્દ્ર મહારાજાનું વજ પણ પ્રવેશી શકતું નથી.

વિદ્યાએ આ વાત ત્યાં કરી. અશનિઘોષે કેવળજ્ઞાની અચળ બળભદ્રનો આશ્રય લીધો છે આવું કહેતા શ્રી અમિતતેજ હર્ષિત થઈ ગયા. તેમનું મુખ અને નેત્રો પ્રફુલ્લિત થઈ ગયા. તરત જ વિજય આદિ રાજાઓની સાથે અમિતતેજ સિમનગ પર્વત ઉપર પહોંચ્યા. એ પહેલા મરીચિને આદેશ આપી દીધો હતો કે તું સુતારાને ગ્રહણ કરીને જલ્દી સીમનગ પર્વત ઉપર આવ. અમિતતેજે સીમનગ પર્વત ઉપર પહોંચ્યા. ત્યાં જઈને ઉચિત અવગ્રહમાં રહીને આદિનાથ પ્રભુની પ્રતિમાને વંદન કર્યા. ત્યાંથી અચળ કેવળીને વંદન કરીને એમની સ્તુતિ કરી.

'હે પ્રભુ અચલબળ ! આપ ખરેખર જ અચળ બળવાળા છે, કારણકે આપે આ મહાજ્વાલા વિદ્યાના મુખમાંથી આ અશનિઘોષની રક્ષા કરી છે.'

સ્તુતિ કર્યા પછી અમિતતેજે અચલકેવળી ભગવંતને નમવા માટે આવેલા અભિનંદનાદિ ચારણ મુનિઓને વંદન કર્યા. વંદન કરીને ત્યાં આસન ગ્રહણ કર્યું.

આ બાજુ મરીચિએ અમિતતેજની આજ્ઞા અશનિઘોષની માતાને સંભળાવી. આ આજ્ઞા સાંભળીને તે પણ સુતારાને ગ્રહણ કરી ત્યાં આવી. ત્યાં આવીને સુતારાને વિજયરાજાને સોંપી અને કહ્યું, 'રાજન ! આ તમારી રાણીએ તપસ્યામાં રત રહીને નિર્મળશીલનું પાલન કર્યું છે.'

બધા આવી ગયા પછી કેવળી અચળબળભદ્રે સહુને ધર્મોપદેશ આપ્યો, 'આ સંસાર દુઃખનો હેતુ છે, દુઃખના ફળ રૂપ છે અને દુઃસહ દુઃખ સ્વરૂપ છે તો પણ આવા સંસારને સ્નેહની બેડીથી બંધાયેલા જીવો છોડી શકતા નથી.'

જેમ કાદવમાં ખૂંપી ગયેલો હાથી ભૂમિને પ્રાપ્ત કરી શકવા શક્તિમાન થતો નથી તેમ જે જીવો સ્નેહના કાદવમાં ખૂંપી ગયા છે તે જીવો પણ ધર્મની ભૂમિમાં આવવા માટે શક્તિમાન બનતા નથી. જેમ સ્નેહ એટલે તેલ, આ તેલથી યુક્ત તલને છેદવામાં આવે છે, સૂકવવામાં આવે છે, મસળવામાં આવે છે, બાંધવામાં આવે છે અને પીસવામાં આવે છે તેમ સ્નેહમાં બંધાયેલા જીવો છેદ, શોષ, મર્દન, બંધન અને પીડાને પામે છે.

જ્યાં સુધી જીવમાં થોડો પણ સ્નેહ છે ત્યાં સુધી ક્યાંથી મોક્ષ થવાનો છે ? જુઓને સ્નેહ (તેલ) ખૂંટી જાય છે પછી જ દીવો ઓલવાઈ જાય છે.

મર્યાદાને નેવે મૂકીને સ્નેહ રુપી ગ્રહથી પકડાયેલા લોક વિરુદ્ધ અને ધર્મવિરુદ્ધ

शुं अकार्य करता नथी ?'

ભગવાન અચળબળભદ્રની દેશના સાંભળીને અશનિઘોષે પ્રભુને કહ્યું, 'પ્રભુ ! મેં સાત રાત્રિદિવસના ઉપવાસ કરીને ભ્રામરિ નામની વિદ્યાને સિદ્ધ કરી. પછી હું ચમરચંચા નગરી તરફ જતો હતો. જ્યોતિવનમાં મેં સુતારાને જોઈ. સુતારાને જોતા મને એવો સ્નેહ થયો જેથી હું સુતારાને મૂકીને જવા માટે અશક્ત બની ગયો. તેથી મેં વૈતાલિની વિદ્યાથી શ્રી વિજયરાજાને મોહમાં પાડ્યા અને સુતારાને ગ્રહણ કરીને મારી માતાની પાસે મૂકી, પણ મેં સુતારાની આગળ કાંઈ પણ અશોભન શબ્દો ઉચ્ચાર્યા નથી. પ્રભુ ! મને એ કહો કે મને શા માટે સુતારા ઉપર આટલો બધો સ્નેહ છે ?'

અશનિઘોષની શંકાનું સમાધાન કરવા માટે કહ્યું, 'અશનિઘોષ ! આ સુતારા રત્નપુર નગરમાં તારી પ્રિયા હતી. પૂર્વભવના સ્નેહના સંસ્કારથી સુતારા ઉપર તને ઘણો સ્નેહ છે.'

મુનિભગવંતના આ વચન સાંભળીને અશનિઘોષ વૈરાગ્યવાસિત બન્યો. શ્રી વિજયરાજા અને શ્રી અમિતતેજ રાજા પાસે પોતાના અપરાધની ક્ષમા યાચી. પછી અનેક રાજાઓની સાથે કેવળી શ્રી અચળબળભદ્ર પ્રભુ પાસે દીક્ષાનો અંગીકાર કર્યો.

અશનિઘોષે કેવળી ભગવંત અચળ બળભદ્ર પાસે સંયમનો સ્વીકાર કર્યો. આ જોઈને અમિતતેજે કેવળી ભગવંતને પૂછ્યુ, 'હે પ્રભુ ! હું ભવ્ય છું કે અભવ્ય છું ? હું સમ્યકત્વી છું કે મિથ્યાત્વી છું ? હું આરાધક છું કે વિરાધક છું ? હું ચરમદેહી છું કે અચરમદેહી છું ?'

અમિતતેજની આ શંકાનું સમાધાન આપવા માટે કેવળી ભગવંતે ફરમાવ્યું,

'सिरिविस्सेणअइरासुयं मयंकं पुणामि संतिजिणं ।
बारसभवकित्तणओ सगणहरं चत्तधणुमाणं ॥

શ્રી વિશ્વસેન રાજા અને અચિરા માતાના પુત્ર, હરણના લાંછન વાળા અને ૪૦ ધનુષ્યના માનવાળા એવા શ્રી શાંતિનાથ પ્રભુની ગણધર ભગવંત સહિત બાર ભવો વર્ણવીને હું સ્તવના કરું છું. અમિતતેજ ! તું પ્રથમભવમાં શ્રીષેણ નામનો રાજા હતો. અભિનંદિતા નામની તારી પત્ની હતી. બીજા ભવમાં તમે બંને ઉત્તરકુરુમાં યુગલિક થયા. ત્રીજા ભવમાં સૌધર્મ દેવલોકમાં દેવ થયા. ચોથા ભવમાં તમે અહીં શ્રી અમિતતેજ અને શ્રી વિજયરાજા થયા. પાંચમા ભવમાં પ્રાણત નામના પાંચમા દેવલોકમાં દેવ થશો. છઠ્ઠા ભવમાં શુભાપુરી નગરીમાં અપરાજિત અને અનંતવીર્ય નામના બલદેવ અને વાસુદેવ બનશો. સાતમા ભવમાં તુ અચ્યુત નામનો ઈંદ્ર અને શ્રી વિજયરાજા નરકમાં નારકી બનશે. ત્યાંથી કાળ કરીને તું વિદ્યાધરોના રાજા મેઘનાદ બનીશ. વિજયરાજા અચ્યુત કલ્પમાં સામાનિક દેવ બનશે.

અમિતતેજ ! તું આઠમાં ભવમાં રત્નસંચયા નામની નગરીમાં વજયુધ ચક્રવર્તી અને વિજયરાજા તમારા પુત્ર સહસ્રાયુધ બનશે. નવમા ભવમાં તમે બંને ત્રીજા

ગ્રૈવેયકમાં દેવ બનશો. દશમા ભવમાં પુંડરિગિણી નગરીમાં મેઘરથ અને દૃઢરથ નામના સાવકા ભાઈ થશો. અગિયારમાં ભવમાં બંને પણ સર્વાર્થસિદ્ધમાં દેવ થશો. બારમા અને છેલ્લા ભવમાં તું પાંચમો ચક્રવર્તી તથા સોળમા શાંતિનાથ ભગવાન તરીકે ગજપુરમાં પ્રસિદ્ધ થઈશ. વિજયરાજા ચક્રયુદ્ધ નામનો તારો પુત્ર થશે અને તારો પુત્ર જ પ્રથમ ગણધર બનશે.

ભાદરવા વદ સાતમના દિવસે (ગુજરાતી શ્રાવણ વદ-૭) તમારુ ચ્યવન કલ્યાણક, જેઠ વદ તેરસના દિવસે જન્મ કલ્યાણક તથા નિર્વાણ કલ્યાણ તથા જેઠવદ ચૌદશના દિવસે (ગુજરાતી વૈશાખ વદ ૧૩ના દિવસે જન્મ તથા નિર્વાણ કલ્યાણક અને વૈશાખ વદ ૧૪ના દિવસે દીક્ષા કલ્યાણક) તેમ સંયમનો સ્વીકાર કરશો અને પોષ સુદ ૯ના દિવસે તમને કેવળજ્ઞાન પ્રાપ્ત થશે અને તમે દેવેન્દ્ર અને મુનીન્દ્રોથી વંદાયેલા, ચંદ્ર સમાન કીર્તિવાળા અને ભવ્ય જીવોને શાંતિકરવા વાળા તમે શાંતિનાથ ભગવાન બનશો.'

અચળ બળભદ્ર કેવળીના મુખેથી સાંભળીને શ્રી અમિતતેજ તથા શ્રી વિજયરાજા બંને પ્રસન્ન થઈ ગયા. સીમનગ પર્વત ઉપર બંનેએ એક એક જિનાલયનું નિર્માણ કર્યુ. પછી અચળ કેવળી ભગવંતને નમસ્કાર કરીને શ્રાવક ધર્મનો સ્વીકાર કર્યો અને પોતાના સ્થાને પહોંચ્યા.

એક દિવસ જિનાલયની પાસે રહેલી પૌષધ શાળામાં પોષહને કરીને અમિતતેજ વિદ્યાધરોને ધર્મકથા કહેતા હતા.

श्रावक धर्मोपदेश करी शके :-

वंदइ पडिपुच्छइ पज्जुवासइ साहुणो सययमेव ।
पढइ गुणइ सुणेइ अ जणस्स धम्मं परिकहेइ ॥

શ્રાવક સાધુ ભગવંતને વાંદે, તેમની પાસે પોતાની શંકાનું સમાધાન મેળવે, સાધુ ભગવંતોની સતત ઉપાસના કર્યા કરે, તેમની પાસે ભણે, ભણેલાનું પુનરાવર્તન કરે અને તેમની પાસે ધર્મદેશના સાંભળે. આ બધુ કર્યા પછી સ્વયં પોતે લોકોને ધર્મનો ઉપદેશ આપે.

અમિતતેજ લોકોને ધર્મ સંભળાવી રહ્યા હતા એ સમયે શમ, દમ, તપ, નિયમ અને સંયમમાં ઉદ્યમી બે ચારણ મુનિઓ શાશ્વત પ્રતિમાઓને વંદન કરવા માટે આકાશ માર્ગે જઈ રહ્યા હતા. રજતગિરિના શિખર સમા અમિતતેજના રાજભવનમાં તેમને ઉત્તુંગ જિનાલયને જોયું. આ જિનાલય શરદ ઋતુના મોટા વાદળ સમાન શોભી રહ્યું હતું અને સુંદર હતું.

ચારણમુનિ ભગવંતો આ જિનાલયને જોઈને પ્રસન્ન મનવાળા થયાં. તરત જ તેઓ જિનેશ્વર પ્રભુને વાંદવા નીચે આવ્યા. મહાત્માને પધારેલા જોઈને ઘણા જ હર્ષિત થયેલા અમિતતેજ રાજા ઉભા થયા અને નમસ્કાર કર્યા. ચારણ શ્રમણોએ પણ

જિનાલયની ત્રણ વાર પ્રદક્ષિણા કરી અને જિનેશ્વર પ્રભુને વિધિપૂર્વક વાંદ્યા. દર્શન કર્યા પછી અમિતતેજને કહ્યું,

વસુદેવહિંડી : ૨૧મો લંભક : ચારણમુનિ ભગવંતોએ જિનેશ્વર પ્રભુને વાંદ્યા, ત્રણ પ્રદક્ષિણા આપી અને રાજાઓને ફરમાવ્યું.

ચારણ શ્રમણની દેશના :

'હે દેવાનુપ્રિય ! તમને દુર્લભ મનુષ્ય ભવ મળ્યો છે, તો હવે જન્મ ઘડપણ અને મૃત્યુના ભયને હરી લેનારા એવા જિનેશ્વર પ્રભુના ધર્મને વિશે પ્રમાદ ન કરો.

પ્રતિદિન જિનેશ્વર પ્રભુની પૂજા અને રથયાત્રામાં, સાધુ ભગવંતોની પર્યુપાસનામાં, આવશ્યક ક્રિયામાં અને સ્વાધ્યાયમાં ઉદ્યમ કરવો જોઈએ.

જિનેશ્વર પ્રભુના પૂજકને જાણે કોપાયમાન થયેલી આપત્તિઓ સામે પણ જોતી નથી. ભયભીત થયેલું દરિદ્ર દૂર નાશી જાય છે. રાગ વિનાની સ્ત્રીની જેમ કુગતિ સંગનો ત્યાગ કરે છે. અભ્યુદય મિત્ર જેવો થઈને તેનું સાંનિધ્ય છોડતો નથી.

તીર્થયાત્રા, સાધુસેવા, આવશ્ય ક્રિયા અને સ્વાધ્યાયનું માહાત્મ્ય :

તીર્થયાત્રાના અનેક ફળો છે. તીર્થયાત્રા કરવાથી પાપારંભની નિવૃત્તિ થાય છે, પોતાનું ધન સફળ બને છે, સંઘવાત્સલ્યનો લાભ મળે છે, સમ્યગ્ દર્શનની નિર્મળતા થાય છે, પોતાના પ્રિયજનોનું હિત થાય છે, જિર્ણશીર્ણ થયેલા જિનાલયોના જીર્ણોદ્ધાર થાય છે, તીર્થની ઉન્નતિ થાય છે, જિનાજ્ઞાનું પાલન થાય છે, તીર્થંકર નામકર્મનો બંધ થાય છે, સિદ્ધિ સમીપમાં આવે છે અને દેવ તથા મનુષ્યની પદવી પણ પ્રાપ્ત થાય છે.

સાધુભગવંતોની સેવા સૂર્યની જેમ તત્ત્વજ્ઞાન રૂપી કમળને વિકસીત કરે છે, જાજ્વલ્યમાન ચક્રરત્નની જેમ પાપના ફળ સ્વરૂપ લાખો દુઃખોનો નાશ કરે છે, પ્રકાશ પાથરતા દીવાની જેમ મોક્ષમાર્ગ ઉપર પ્રકાશ પાથરે છે, ભક્તિવંત ભવ્યજીવોના પાપનો નાશ કરવા માટે મેઘની જેમ શાંતિને કરે છે અને ચંદ્રની જ્યોત્સનાની જેમ અજ્ઞાનરૂપી અંધકારના સમૂહનો નાશ કરે છે. આવશ્ય ક્રિયાઓ ઘણા પાપોનો નાશ કરે છે, શ્રેષ્ઠ સમ્યકત્વની સિદ્ધિને કરે છે. નીચગોત્રનો નાશ કરે છે, સંયમના દોષોને ઢાંકી દે છે, શુભધ્યાનનો સંચય કરે છે, વિસ્તાર પામેલા તૃષ્ણારૂપી વેલડીના મંડપને છેદી નાખે છે અને સિદ્ધિસુખના સ્વામી બનાવી દે છે. જે જીવ સતત સ્વાધ્યાયમાં રત રહે છે તેમના મનમાં અંશમાત્ર પણ કલુષિતતાનો પ્રવેશ થતો નથી. મન પ્રશાંત બને છે, હાથમાં રહેલા આમળાની જેમ સમગ્ર વિશ્વ પ્રત્યક્ષ થાય છે, કુવાસના નજીક પણ ફરકતી નથી અને દુર્બુદ્ધિ, દુર્ગતિ તથા દુષ્ટ સ્થાનો દબાઈ જાય છે.'

ચારણ શ્રમણની દેશના સાંભળીને અમિતતેજ આદિએ સાધુ ભગવંતોને વંદન કર્યા. પોતાના તપપ્રભાવને પ્રકાશિત કરતા ચારણશ્રમણ ભગવંતો આકાશમાં ઊડ્યા. ચારણશ્રમણોની દેશના સાંભળ્યા બાદ શ્રી વિજય રાજા તથા શ્રી અમિતતેજ વિદ્યાધર વરસે ત્રણવાર સુંદર મહોત્સવને કરવા લાગ્યા.

વસુદેવહિંડી : ત્રણ મહોત્સવને કરતા તેઓ હર્ષથી પોતાનો કાળ પસાર કરવા લાગ્યા.

ઉત્તરાધ્યયનની ટીકામાં પણ કહ્યું છે : બે શાશ્વત યાત્રા છે. એક અષ્ટાહ્નિકા યાત્રા ચૈત્ર માસમાં કરાય છે અને બીજી આસો માસમાં કરાય છે. આ બંને શાશ્વત યાત્રા સર્વદેવો પણ કરે છે. આ યાત્રા સર્વદેવો નંદીશ્વરમાં કરે છે. મનુષ્યો આ યાત્રા પોતપોતાના સ્થાનમાં કરે છે. ત્રીજી અશાશ્વતયાત્રા સીમનગ પર્વત ઉપર આદિનાથ પ્રભુના જિનાલયમાં અને જયંત કેવલીની ઉત્પત્તિના સ્થળમાં દેવો અને મનુષ્યો કરે છે.

એક દિવસ અમિતતેજ સિંહાસન ઉપર બેઠા હતા. પોતાના પ્રાસાદમાં એક સાધુ ભગવંતને આવતા જોયા. મહાત્માનું શરીર માસખમણના તપના કારણએ સૂકાઈ ગયું હતું. મહાત્મા પ્રાસાદમાં પધારતા પોતાના પરિવાર સાથે અમિતતેજ ઉભા થઈ ગયા. મહાત્માને વંદન કર્યા. અમિતતેજ રાજાએ પોતાની જાતે એષણીય ભક્તપાનને ભક્તિભાવથી મહાત્માને વહોરાવ્યું. માસખમણના તપસ્વીને વહોરાવતા રત્નની વૃષ્ટિ આદિ પાંચ દિવ્યો થયા. મહાત્મા ગોચરી વહોરીને અન્યત્ર વિહાર કરીને ચાલ્યા ગયા, કારણ કે સાધુભગવંતો એક સ્થાને રહેતા નથી.

એક દિવસ શ્રી વિજય તથા અમિતતેજ રાજા શાશ્વતા સુખને પ્રાપ્તિની ઈચ્છાથી શાશ્વત પ્રતિમાઓને પૂજવા માટે નંદનવનમાં પહોંચ્યા. જિનાલયમાં અવગ્રહની બહાર રહી ઘણા જ હર્ષથી રોમાંચિત શરીરવાળા તેઓએ સંપૂર્ણ ચૈત્યવંદનવિધિથી દેવવંદન કર્યું. દેવવંદન કર્યા પછી વિપુલમતિ મનઃપર્યવજ્ઞાનના ધારક ચારણશ્રમણ ભગવંતોને વંદન કર્યા. ભવનિર્વેદને કરનારી ધર્મકથાને તેઓ મુનિના મુખેથી સાંભળવા લાગ્યા.

ધર્મદેશના : 'શરીર નિશ્ચયથી નાશવંત છે. આ નાશવંત દેહનું ફળ, તપ અને સંયમની સાધના છે. આ જીવન તો ક્યારે સમાપ્ત થઈ જશે. માટે ધર્મમાં પ્રમાદ ન કરવો જોઈએ. જેમ મહાવિદ્યાને સાધી લીધી છે, છતાં એ વિદ્યા જ્યારે ભૂલાઈ જાય છે ત્યારે તે નિષ્ફળ બને છે, તેમ ધર્મમાં પ્રમાદ કરવામાં આવે છે તો આ પ્રાપ્ત માનવભવ પણ હારી જવાય છે.

જેમ મૂર્ખ મનુષ્યને કલ્પવૃક્ષ મળવા છતાં પણ તે કોડીની ભીખ માંગે છે તેમ આ મનુષ્યભવનું ફળ મોક્ષ હોવા છતાં પણ મૂઢજીવ વિષય સુખોને માંગે છે.'

મુનિભગવંત પાસે ધર્મદેશના સાંભળીને શ્રી વિજય રાજા તથા અમિતતેજ રાજાએ મુનિભગવંતને પોતાનું આયુષ્ય કેટલું બાકી છે એવો પ્રશ્ન કર્યો.

મુનિભગવંતના મુખેથી ૨૬ દિવસ આયુષ્ય બાકી રહેલું સાંભળીને બંને જણા બહુ ઝૂરવા લાગ્યા, 'અરે રે ! અમે વિષયસુખમાં મોહાંધ બન્યા અને સર્વવિરતિ ચારિત્ર ધર્મનો સ્વીકાર ન કરી શક્યા. હવે તો અમારુ આયુષ્ય થોડુંક જ બાકી રહ્યું છે. હે પ્રભુજી ! હવે અમે કેવી રીતે સર્વવિરતિને ગ્રહણ કરી શકીશું ? પ્રમાદી બનીને

અમે અમારુ સઘળું જીવન ગુમાવી દીધું. લાખો દુઃખોનો તરત જ નાશ કરનાર એવી દીક્ષાનો અમે સ્વીકાર પણ ન કર્યો.'

આ પ્રમાણે અત્યંત ખેદ કરતા બંનેને ચારણમુનિએ કહ્યું, 'અરે ભાઈ, તમે આટલો બધો ખેદ ન કરો. હજુ પણ સઘળા સુખોની માતા સમી સર્વવિરતિનો સ્વીકાર કરી લો.

કહ્યું છે : अप्पेणवि कालेणं केइ जहा गहियशीलसामन्ना ।
साहिंति निययकज्जं पुंडरियमहारिसिव्व जहा ॥

કેટલાક જીવો અલ્પ કાળ બાકી હોવા છતાં પણ શીલધર્મ અને સંયમજીવનનો સ્વીકાર કરીને પુંડરિક મહાઋષિની જેમ પોતાના કાર્યની સિદ્ધિ કરી લે છે.

આ જ વાત દશવૈકાલિકમાં બતાવવામાં આવે છે

पच्छावि ते पयाया खिप्पं गच्छंति अमरभवणाइं ।
जेसिं पिओ तवो संजमो य खंति अ बंभचेरं च ॥

જેઓ પછી (એટલે કે વૃદ્ધાવસ્થામાં અથવા તો ચારિત્રની વિરાધના કરીને પ્રાયશ્ચિત અંગીકાર કર્યા બાદ અથવા તો ફરીથી) સંયમ ગ્રહણ કર્યુ હોય અને જેઓને (તથાવિધ નિરતિચાર પાલન નહિ કરી શકવા છતા) તપ, સંયમ, ક્ષમા અને બ્રહ્મચર્ય પ્રિય હોય તેઓ શીઘ્ર દેવલોકને પામે છે.

તથા - एगदिवसंपि जीवो पव्वज्जमुवागओ अणन्नमणो ।
जइवि न पावइ मुक्खं अवस्स वेमाणिओ होइ ॥

એક દિવસનું પણ ચારિત્ર જીવન સ્વીકારીને ચારિત્રમાં જ જો મન લાગી જાય તો તેવા જીવને કદાચ મોક્ષ ન મળે તો પણ વૈમાનિકપણુ અવશ્ય પ્રાપ્ત થાય છે.'

બંને રાજાએ આ વાત સાંભળીને મુનિ ભગવંતને વંદન કર્યુ અને પોતાના નગરમાં આવ્યા. પુત્રોને રાજ્યગાદી ઉપર સ્થાપ્યાં. જિનાલયમાં અષ્ટાહ્નિકા મહોત્સવ કર્યો. પછી અભિનંદન અને જગનંદન નામના સાધુભગવંત પાસે ચારિત્ર ગ્રહણ કર્યું. અંતે પાદપોપગમન અણસણનો સ્વીકાર કરીને કાળધર્મ પામ્યા અને અમિતતેજ મુનિ તથા વિજય મુનિ બંને પ્રાણત નામના દેવલોકમાં નંદાવર્ત અને સુસ્થિત નામના વિમાનમાં વીસ સાગરોપગના આયુષ્યવાળા દિવ્યચૂલ અને મણિચૂલ નામના દેવ થયા.

વિદ્યાધરેન્દ્ર અમિતતેજનું આ સુંદર વૃત્તાંત સાંભળીને જિનાલયમાં અવગ્રહની બહાર રહીને કલહ અને કદાગ્રહથી મુક્ત અને મોક્ષના કારણભૂત એવા જિનેશ્વર પ્રભુના ચરણોમાં વંદન કરો.

અવગ્રહત્રિકમાં વિદ્યાધરેશ્વર અમિતતેજનું દૃષ્ટાંત સમાપ્ત.

॥ પ્રથમ ભાગ સમાપ્ત ॥

ઘર ઘરનાં ઘરેણા જેવું

'શાન્તિ સૌરભ'

માસિક

જૈન સંઘ અને શાસનની શોભામાં ચાર ચાંદ લગાડનાર ૨૦૩૦ની સાલથી એકધારું પ્રગટ થતું સાત હજાર ઉપર ગ્રાહક સંખ્યા ધરાવનાર જૈન સંઘનું માનીતું અને જાણીતું માસિક, કોમ્પ્યુટર કંપોઝ સાથે ઓફસેટ પ્રિન્ટ ધરાવતું આ માસિક સાહિત્ય જગતના અનોખા શણગાર જેવું છે.

જુદા જુદા વિશેષાંકો બહાર પાડી વિક્રમ સર્જનાર માસિક સહુના અંતરમાં શાન્તિ અને સુવાસ પાથરી રહ્યું છે. વિદ્વાન લેખકોના વિચાર સામગ્રીથી ભરપુર સાહિત્યનો અજબ વારસો આપનાર 'શાન્તિ સૌરભ' ખરેખર અજોડ છે.

ચિંતનાત્મક અગ્રલેખ... શાસ્ત્રીય વિચારધારા દ્વારા ગહન પદાર્થોને સુંદર અને સચોટ રીતે સમજાવતા અનેક લેખો, હૃદયના તાર રણઝણાવતા ભક્તની ભાવનાને સાકાર કરતા ભક્તિ લેખો, વર્તમાનની વિષમતાને સમજાવી તેના સચોટ ઉપાય અજમાવવા ઉપદેશ આપતા લેખો, કથા, મહાકથા, પ્રસંગ પરિમલ, શિશુસૌરભ, સમાચાર સૌરભથી ઓપતું દીપતું માસિક.... જોવું ગમે, વાંચવું ગમે, અંતરમાં સદાકાળ રમે એવું સાહિત્ય એટલે જ 'શાન્તિ સૌરભ'.

આજે જ તેના સભ્ય બની જાઓ

આમ્રજન	રૂા. ૧૦૦૦/-	આજીવન સભ્ય	રૂા. ૫૦૦/-
વિશિષ્ટ સહાયક	રૂા. ૭૫૦/-	દશ વર્ષના સભ્ય	રૂા. ૨૦૦/-
		પાંચ વર્ષના સભ્ય	રૂા. ૧૦૦/-

એક વખત આજીવન સભ્ય બન્યા પછી લવાજમ ભરવાની ચિંતા રહેતી નથી આપને દર મહિને નિયમિત 'શાન્તિ સૌરભ' મળ્યા જ કરશે.

-: સંપર્ક સ્થળ :-

- શ્રી બુદ્ધિ તિલક શાન્તિચંદ્ર સેવા સમિતિ ટ્રસ્ટ, 'શાન્તિ સૌરભ ભવન', હાઈવે ઉપર, મુ.પો. ભાભર-૩૮૫૩૨૦, વાયા : પાલનપુર (બનાસકાંઠા)
- શ્રી તેજપાલ વસ્તુપાલ જૈન ચેરીટી ટ્રસ્ટ કલિકુંડતીર્થ, ધોળકા (જિ. અમદાવાદ) ફોન : ૦૭૯-૩૪૨૫૭૩૮
- જય ત્રિભુવનતીર્થ - નંદાસણ, શંખેશ્વરતીર્થ અણસ્તુ-કરજણ. ફોન : ૦૨૭૬૪-૭૩૨૬૫
- શ્રુતજ્ઞાન સંસ્કાર પીઠ C/o. ચંપકલાલ કે. શેઠ રાજેન્દ્ર ટ્રેડીંગ કું., ૧૦૫ આનંદ શોપીંગ સેન્ટર, રતનપોળ, અમદાવાદ-૩૮૦૦૦૧ ફોન : ૫૩૫૨૩૪૧, ૬૪૬૦૬૯૧

અધિકૃત એજન્ટોને ત્યાં પણ પાકી રસીદ લઈ લવાજમ ભરી શકાશે.

મુદ્રક : 'એમ.બાબુલાલ પ્રિન્ટરી', રતનપોળ અમદાવાદ. ફોન : ૫૩૫૭૫૭૭, ૬૫૭૬૦૫૬